
Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# જાણનારો જણાય છે




**જાણનારો જણાય છે તે પર્યાયથી રહિત પણ છે;**
**જાણનારો જણાય છે તે પર્યાયથી સહિત પણ છે;**
**આમ ધ્યેયપૂર્વક જ્ઞેયનો સમય એક છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

श्री सद्‌गुरुदेवाय नमः

"પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે જાણનારો તે જ હું;
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર - જાણવું." ૨૯૯

# જાણનારો જણાય છે

"શ્રમણો, જિનો, તીર્થંકરો આ રીત સેવી માર્ગને;
સિદ્ધિ વર્યા, નમું તેમને, નિર્વાણના તે માર્ગને. ૧૯૯

"હું જાણનાર છું; કરનાર નથી,
જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી."

અનંત ઉપકારી, પૂ. કહાનગુરુદેવના અનન્ય ભક્ત રત્ન,
શુદ્ધાત્મ રસના રસિક, "જાણનાર જણાય છે"ના ઉદ્‌ઘોષક
પૂ. શ્રી લાલચંદભાઈના મંગલમયી (અસ્તિ નાસ્તિ) અનેકાન્તામૃત વચનામૃતો.

પ્રકાશન તથા પ્રાપ્તિસ્થાન
શ્રી દિગમ્બર જૈન કુંદામૃત કહાન મુમુક્ષુ મંડળ
"સ્વીટહોમ" જીમખાના રોડ,
જાગનાથ શેરી નં-૬, રાજકોટ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| કહાન સંવત | વીર નિર્વાણ | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૨૧ | ૨૫૨૭ | ૨૦૫૭ | ૨૦૦૧ |

પ્રકાશન
પૂ. ગુરુદેવશ્રીની ૧૧૨મી જન્મજયંતિના સુઅવસરે,
તેમજ
પૂ. લાલચંદભાઈની ૯૨મી જન્મજયંતિના સુઅવસરે.
જેઠ સુદ નોમ તા. ૨૨/૬/૯૯

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૧૦૦
દ્વિતીય આવૃત્તિ પ્રત : ૫૦૦
પડતર કિંમત રૂ. ૧૦૦
મૂલ્ય - નિત્ય સ્વાધ્યાય

પ્રાપ્તિસ્થાન

**શ્રી દિગમ્બર જૈન કુંદામૃત**
કહાન સ્વાધ્યાય હૉલ,
"સ્વીટ હોમ"
જાગનાથ શેરી નં-૬
રાજકોટ.

**શાંતિભાઈ સી. ઝવેરી**
૮૧, નિલામ્બર
૩૭, પેડર રોડ,
મુંબઈ નં. ૪૦૦૦૨૬
ટે.નં. ૪૯૪૯૬૩૬, ૪૯૪૭૦૭૫

મુદ્રક
**ચંદ્રકાન્ત આર. મહેતા**
૮૧૬, સ્ટાર ચેમ્બર્સ
હરિહર ચોક, રાજકોટ
ફોન ૨૨૮૧૭૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by Dakshaben Sanghvi, Geneva, Switzerland who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Jarnaro Janai Che (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 9 December 2009 | First electronic version |

# પ્રકાશકીય... કલમે

**પ્રારંભિક મંગલાચરણ :**

**"અહો ! ઉપકાર જિનવરનો; કુંદનો ધ્વનિ દિવ્યનો**
**જિનકુંદ ધ્વનિ આપ્યાં; અહો ! તે ગુરુ કહાનનો."**

વર્તમાન યુગના વીતરાગ નિર્ગ્રંથ દિગમ્બર પરંપરામાં દ્વિતીય શ્રુતસ્કંધના આદ્ય પ્રણેતા કુંદપુષ્પની પ્રભા ધરનાર આચાર્યવર શ્રીમદ્ કુંદકુંદદેવ અધ્યાત્મ જગતનાં સર્વોપરી આચાર્ય થયા. ત્યારબાદ એક હજાર વર્ષ પછી પરમાગમમાં નિષ્ણાત; જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ; ચૈતન્યની અતુલ સંપદામાં નિ:શેષપણે અંતર્મુખાકાર આચાર્ય અમૃતચંદ્રદેવ થયા. તેમણે તત્ત્વજ્ઞાનથી સમૃદ્ધ ટીકાઓ રચી. તેઓશ્રી આત્મખ્યાતિમાં ફરમાવે છે કે "આવો અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા સ્વયમેવ, સદાકાળ અનુભવમાં આવી રહ્યો છે." હે ! ભવ્યો ! આ અનુભવની કિંમત કરજો.

જેમ કોઈ દ્રવ્યદૃષ્ટિ કરે કે ન કરે; આત્મા તો સ્વભાવથી જ અકર્તા છે. તેમ આત્માને કોઈ જાણે કે ન જાણે... પણ "ભગવાન આત્મા સૌને જણાઈ જ રહ્યો છે."

આવા પરમાગમમાં અતુલ નિધિઓ સંચિત હતી. તે નિધિઓનાં વૈભવને ખોલનાર; વિશ્વ વંદનીય વિરલ વિભૂતિ શ્રી કહાનગુરુદેવનો સામ્પ્રતકાળની પ્રાચી દિશામાં અરુણોદય થયો. અને તે સાથે જ સમયસાર આદિ નિધિઓની વિશાળ પ્રભાવના થઈ. પૂ. ગુરુદેવશ્રીની વિશુદ્ધ આધ્યાત્મિક નિર્મળ દૃષ્ટિ; ભેદજ્ઞાનની પરાયણતા; અને સાથે સાથે કરુણાર્દ્ર હૃદયની કલ્યાણાર્થી કોમળવાણી; આ ત્રિવેણીનો સ્પર્શ થતાં જ અનાદિની આપણી સુષુપ્ત ચેતના સંચેત થઈ. અતિ સંવેગથી નિજ શ્રેયાર્થે બોધિસુધા ભાગરથીમાં સ્નાન કરતાં જ જાણે ! પ્રશમ આહ્‌લાદકારી અનુભવ થયો.

**જ્ઞાન પ્રકાશમયી સૂર્ય શ્રી કહાનગુરુદેવ :**

જ્ઞાનકળામાં સૌને અખંડનો પ્રતિભાસ થયા જ કરે છે. જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું જ છે. આબાળગોપાળ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે. પણ... તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્વ કરતો થકો; **"જાણનાર જ જણાય છે"** તેમ નહીં માનતાં, રાગાદિ પર જણાય છે એમ અજ્ઞાની પર સાથે એકત્વ પૂર્વક જાણતો - માનતો હોવાથી તેની વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી, અને જ્ઞાની તો **"આ જાણનાર જણાય છે તે જ હું છું."** એમ જાણનાર જ્ઞાયકને એકત્વ પૂર્વક જાણતો - માનતો હોવાથી તેની વર્તમાન અવસ્થામાં (જ્ઞાનકળામાં) અખંડનો સમ્યક્ પ્રતિભાસ થાય છે.

**જ્ઞાનસૂર્યનું પ્રચંડ કિરણ પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈ :**

મારી જ્ઞાન પર્યાયનું સામર્થ્ય એવું છે કે : જ્ઞાયક જણાય છે. **'જાણનાર જણાય છે'** તેવું સામર્થ્ય જ્ઞાન પર્યાયમાં પ્રગટ છે. આવું સામર્થ્ય પ્રત્યેક જીવમાં છે. આવા આશ્ચર્યકારી સામર્થ્યનો શ્રદ્ધામાં વિશ્વાસ આવતો નથી. શ્રદ્ધામાં તો પ્રતિક્ષણ એમ આવે છે કે : મને શરીર જણાય છે... રાગ જણાય છે, આમ દૃષ્ટિ બહિર્મુખ રહી ગઈ. તો પછી ઉપયોગ આત્મ- અભિમુખ કેવી રીતે થાય ?! અંદરથી સ્ફૂરણા થવી જોઈએ. મૂળમાંથી ઉપાડ થવો જોઈએ તે થતો નથી. કારણ કે પરને જાણવાની અભિલાષા પડી છે, તે તેને સમ્યક્ સન્મુખ થવા દેતી નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જેમ કેવળી ભગવાનના જ્ઞાનમાં પોતે જણાઈ રહ્યો છે પણ પોતાને ખબર નથી કે ભગવાનના કેવળજ્ઞાનમાં પોતે જણાઈ રહ્યો છે ! તેથી તે (પોતે) નથી જણાતો તેમ થોડું છે ?! તેમ "જાણનાર જણાઈ રહ્યો છે" તે જીવોને ભલે ખબર ન હોય, કે 'પોતે જ જણાય રહ્યો છે', તેથી કાંઈ નથી જણાતો તેમ થોડું જ છે ?!

બધાના જ્ઞાનમાં જાણનારો જણાય છે. જો ન જણાતો હોત તો શ્રી સમયસારજીશાસ્ત્રની ૧૭, ૧૮ ગાથા અયથાર્થ ઠરત. વળી છઠ્ઠી ગાથામાં "જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે" તે પાઠ ખોટો પડત. જો આત્મા ખરેખર ન જણાતો હોત તો તો આત્મ અનુભવનો અવકાશ જ ન રહેત. આમ બધાને જાણનાર જણાય છે તે વાત શાસ્ત્રથી... ન્યાયથી... અનુમાનથી... અને અનુભવથી સિદ્ધ થાય છે.

## પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈની જન્મજયંતીનાં ઉપલક્ષ્યમાં :

ભગવાન મહાવીરની દિવ્ય ધ્વનિમાં આવ્યું કે "સૌને જાણનાર જણાય છે." શ્રી સીમંધર પ્રભુની દેશનામાં આવ્યું કે "સૌને જાણનારો જણાય છે." જૈનશાસનના મંગલાચરણમાં જેમનું તૃતિય નામ છે તેવા કુંદકુંદપ્રભુ કહે છે "જાણનાર જણાય છે તેને તું જાણ !" જૈનદર્શનના ગૌરવવંતા આત્મખ્યાતિ પ્રાપ્ત અમૃતસૂરિ કહે છે; સૌને સદાકાળ સ્વયમેવ "જાણનાર જણાય છે." પંચમકાળના દિવ્ય દિવાકર પુરુષ શ્રી કહાનગુરુ કહે છે કે : સૌને જાણનાર જણાય છે."

"સૌને જાણનાર જણાય છે"ના જાપ જપાડનાર; જૈન જગતમાં જાણનાર જણાય છે ની આનંદ અમૃત-વર્ષા વરસાવનાર પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈની નેવુંમી જાજલ્યમાન જન્મજયંતીની જન્મક્ષણે "જાણનારો જણાય છે" તે જ્યોતિ (પુસ્તક) પ્રકાશિત કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

## પુસ્તકપ્રકાશનના હેતુઓ :

(૧) અનાદિથી જીવના વિશેષમાં બે ભ્રાંતિ ચાલી આવે છે. એક કર્તાની ભ્રાંતિ અને બીજી જ્ઞાતાની ભ્રાંતિ. આ બન્ને શલ્યોનો નાશ કેમ થાય !? અને જાણનાર જણાય છે તેવા સ્વાનુભૂતિના પંથે લઈ જવામાં આ ગ્રંથ ઉત્કૃષ્ટ નિમિત્ત છે.

(૨) મિથ્યાત્વ પ્રગટ થવાની મૂળ બે ભૂલ આ પુસ્તકમાં બતાવી છે. આ બન્ને ભૂલ ટળીને આત્માને આત્માનો અનુભવ કેમ થાય તે માટેનો અનુપમ અમૃતબોધ આ પ્રકાશનમાં આપ્યો છે. આમ આ કૃતિ આત્માના સહજ સ્વાભાવિક ગુણોનો નિર્મળ પ્રકાશ કરે છે.

(૩) જૈનદર્શનમાં કર્તાની તો વાત જ નથી. કારણ કે આત્મા અકર્તા છે. હવે જાણવાની વાત છે. તેમાં બે ભાગલા પાડ ! કોને જાણતાં આનંદ ઉત્પન્ન થાય ! અને કોને જાણતાં સંસાર ઉત્પન્ન થાય ?! આમ આત્મશ્રેયો માર્ગનાં પથિક બનાવવામાં આ પુસ્તક સક્ષમ છે.

(૪) આ પુસ્તક આધ્યાત્મિક દૃષ્ટિએ સર્વાંગી શાસ્ત્ર છે. કારણ કે "હું જાણનાર છું" તેમાં ધ્યેયનું સ્વરૂપ. 'જાણનાર જણાય છે' તેમાં ધ્યેયનું તેમજ અનાદિ અનંત જ્ઞેયનું સ્વરૂપ અને પરિણામ માત્રથી રહિત જ્ઞાયક શ્રદ્ધા જ્ઞાનમાં આવતાં જ ધ્યેયપૂર્વક જ્ઞેયનું સ્વરૂપ; તેમજ ખરેખર પરને જાણતો નથી તેમાં ધ્યાનનું સ્વરૂપ, જ્ઞાન સ્વભાવનું સ્વરૂપ, પ્રતિભાસનું સ્વરૂપ વગેરેનું સ્પષ્ટ વિવેચન કરેલ છે. આમ વ્યવહારનો પ્રબળ નિષેધ કરવા તરફ સ્વભાવનું વીર્ય સહેજે ઊછળી જાય છે. આમ બોધિ પ્રતિભા યુક્ત સૂક્ષ્મ મૂળ વિષયને સંપૂર્ણ આલેખવામાં આવ્યો છે.

(૫) આ એક શાસ્ત્રમાં લાખો શાસ્ત્રોનો સાર ગર્ભિત છે. દ્રવ્યાનુયોગનો તો નિચોડ છે. તેથી બાર અંગના સારભૂત આ કૃતિ છે. વ્યવહારના પક્ષથી વિમોહિત જીવોને અપૂર્વ તત્ત્વનાં વિધાનો જ્ઞાયકનાં સાનિધ્યમાં લઈ

જાય છે.

**(૬)** જેમ ભોગભૂમિના જુગલિયા એક સાથે જન્મે છે અને સાથે જ મૃત્યુ પામે છે. તેમ કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિના બન્ને દોષ સાથે જ પ્રગટ થાય છે અને સાથે જ અભાવ થાય છે. "હું જાણનાર છું" પરને જાણતો નથી તેમાં જ્ઞેય જ્ઞાયક સંકરદોષ જીતાય છે. સાધકને રાગાદિનો પ્રતિભાસ ભલે હો ! પરંતુ રાગ જણાતો નથી; તેમાં ભાવ્ય-ભાવક સંકરદોષને જીતવાની અપૂર્વ કળા આ શાસ્ત્રમાં અદ્‌ભુત રીતે વણેલી છે. આમ દર્શનમોહ અને ચારિત્રમોહ અધ્યવસાનને નાથવાની સરલતમ વિધિ આ પુસ્તકમાં ઘોષિત થયેલ છે.

**(૭)** "જાણનાર જણાય છે; ખરેખર પર જણાતું નથી"; તેમાં જ ભેદજ્ઞાનની શરૂઆત, પરોક્ષ અનુમાન, પ્રત્યક્ષ અનુભવ, શ્રેણી અને ઝળહળ કેવળજ્ઞાન જ્યોતિ પ્રગટ થવાનો સંપૂર્ણ પંથ આ રચનામાં પ્રદર્શિત કરેલ છે. આશા છે કે સાધર્મીજનો આ પુસ્તકનો સુંદર લાભ લેશે.

**(૮)** જેમના કરકમળમાં આ ગ્રંથ આવશે તેમનું નિશ્ચિતરૂપથી જીવન જ બદલી જશે. અર્થાત્ જ્ઞેય બદલી જશે. જ્ઞેય બદલતાં દિશા બદલશે. અને દિશા બદલતાં દશા બદલશે. આમ આમાં પ્રયોગની ભૂમિકા રહેલી છે. અને તેમ થતાં ચૈતન્યની અનુભવરૂપ ચાંદની ખીલે છે.

**(૯)** "હું પરને જાણું છું અને પર જણાય છે" તે ભૂલોનો સરદાર છે. આ સર્વ પ્રકારના દોષોની ઉત્પત્તિની ખાણ છે. અને આ સાથે જ દોષોનાં પરિહારની ઉત્કૃષ્ટ વિધિ બતાવેલ છે. "ખરેખર પરને જાણતો એ નથી, પર જણાતું એ નથી, પરંતુ જાણનાર જણાય છે." આમ સમસ્ત કોયડાનો ઉકેલ આ પુસ્તકમાં સર્વત્ર નિર્દિષ્ટ કરેલ છે.

**(૧૦)** "જાણનાર જ જણાય છે; ખરેખર પર નહીં;" તેમાં જ વીતરાગતા પ્રગટ થાય છે. અને વીતરાગતા જ ચારે અનુયોગનું તાત્પર્ય છે. આમ વીતરાગતા પ્રગટ થાય તે જ આ પુસ્તક(પ્રકાશન)નું પ્રયોજન છે.

**(૧૧)** જે જીવો વિષય કષાયમાં રત્ છે તેવા જીવો પણ; જો અલ્પ સમય કાઢી અને **"સ્વભાવ લક્ષે"** સ્વાધ્યાય કરશે તો સારભૂત તત્ત્વ તેના લક્ષમાં આવી જતાં તત્ક્ષણ જ્ઞાયકરૂપ પરિણમી જાય તેવો આ અનુપમ ગ્રંથ છે.

**(૧૨)** મહાપુરુષોનું પ્રત્યક્ષ સાનિધ્ય નિરંતર રહેતું નથી. તેવા સમયે; તેમના વિયોગકાળે... તેમનો અક્ષરદેહ પુસ્તકરૂપે પ્રકાશિત થતાં કલ્યાણાર્થી જીવોને કલ્યાણકારી સમ્યક્‌દર્શન થવામાં આ પરમ આધારરૂપ થાય છે.

**મુમુક્ષુ ભક્તોની ભાવના સાકાર :**

પૂ. ભાઈશ્રીના સ્વાનુભવરસ ગર્ભિત હૃદયોદ્‌ગારરૂપ વચનામૃતોને પ્રકાશિત કરતાં અમને અત્યંત આનંદ થાય છે. આ પુસ્તક મુમુક્ષુઓની પરિસ્પંદિત લાગણીઓને કારણે તેમજ પંચમકાળે તત્ત્વજ્ઞાનની જાહોજલાલી થાય તેવી સંવેદનમયી ભાવનાથી પ્રકાશિત પામ્યું છે.

આ પુસ્તકમાં "પૂ. ભાઈશ્રી"ની "જાણનાર જણાય છે"ની પ્રખરતા, મૌલિકતા, જ્ઞાનની વિચિક્ષણતા, સિદ્ધાંતોની સરવાણી, સ્વભાવની સહજતા, નાસ્તિપૂર્વક અસ્તિના સ્વીકારની વજ્રતા, સમક્તિની સૌખ્યતા, મહદ્‌ભાવ, એક સૂત્ર ઉપર આટલું ગંભીર સ્પષ્ટીકરણ, આમ વીતરાગી રસાસ્વાદ પીરસનાર આ કૃતિ છે. આ વચનામૃતોનો સ્વલક્ષી અમૂલ્ય સ્વાધ્યાય તે જ ખરું મૂલ્ય છે.

**મંગલ વચનામૃતોના સંકલનકર્તા અને સંપાદકનો તેમજ સહાયક કર્તાનો આભાર :**

ઘણાં ઘણાં વર્ષો સુધી જેમણે પૂ. "ભાઈશ્રીનું" સાનિધ્ય અતી નિકટતાથી ગ્રહણ કર્યું છે; તેમજ પૂ. 'ભાઈશ્રી'ની જેમના પર સદા અમી દૃષ્ટિ હતી તેવા **આત્માર્થી બા. બ્ર. શોભનાબેન જે. શાહ** દ્વારા આ વચનામૃતોનું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સંકલન થયેલ છે. તેમજ આ સમગ્ર પુસ્તકનું સંપાદન પણ **શોભનાબેને કરેલ છે.**

પૂ. 'ભાઈશ્રી'ની પ્રવચનધારામાં વહેતી 'જાણનાર જણાય છે'ની સરવાણીને હૃદયભાજનમાં ઝીલી અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનને પોતાની પ્રજ્ઞાની પ્રવીણતા દ્વારા વચનામૃતોમાં આકારી અને છૂટાછવાયા મોતીઓને એકત્રિત કરી અને જ્ઞાન કૌશલ્યની કુશાગ્રતાપૂર્વક ગ્રંથારૂઢ કરવા બદલ આ સંસ્થા તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

વળી આ પુસ્તકપ્રકાશનનું કાર્ય ઘણું ઘણું કઠિન છે. આવી કાર્યવાહીના ચેતનવંતા કાર્યવાહક **આત્માર્થી ચેતનભાઈ મહેતા**નો સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે. આ પુસ્તકનાં પ્રૂફ ચેકિંગમાં મદદ કરનાર **આત્માર્થી ચંદનબેન પુનાતર**નો પણ સંસ્થા આભાર માને છે.

તદ્‌ઉપરાંત દેવ-ગુરુ-ધર્મની અર્પણતાપૂર્વક આ નિસ્પૃહ સહકાર મળ્યો છે તે બદલ સંસ્થા તેમની ઋણી છે.

**મુદ્રક :**

'જાણનારો જણાય છે' આ પુસ્તકની બીજી આવૃત્તિના પ્રકાશનનું સુંદર કાર્ય કરવા બદલ આત્માર્થી શ્રી ચંદ્રકાન્તભાઈ મહેતાનો સંસ્થા ખૂબખૂબ આભાર માને છે.

## સહાયક ફંડમાંથી તેમ જ દાતા તરફથી દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન :


'જાણનારો જણાય છે' તે પુસ્તકની દ્વિતીય આવૃત્તિ પ્રકાશન અર્થે આત્માર્થી ગમનભાઈ (જશગમન પ્રા. ચેરિટેબલ ટ્રસ્ટ)તરફથી સ્વ. જશવંતીબહેન ગમનભાઈના સ્મરણાર્થે રૂ. ૨૫૦૦૦ (પચીસહજારની) દાનરાશિ પ્રાપ્ત થયેલ છે. આ બદલ સંસ્થા તેમનો ખૂબખૂબ આભાર માને છે.

## દ્વિતીય આવૃત્તિ પ્રસંગે બે શબ્દો :

'જાણનારો જણાય છે' ની પ્રથમ આવૃત્તિનો મુમુક્ષુસમાજમાં ઊંડાણપૂર્વકનો અભ્યાસ થતાં અનેક પાઠકગણ તરફથી ઉલ્લાસમય અને પ્રમોદપૂર્ણ હૃદયોદ્‌ગાર મળ્યા છે. 'જાણનારો જણાય છે અને ખરેખર પર જણાતું નથી' તે વિષયમાં ઘણા જીવોને ગડમથલ રહેતી હતી. આ ગૂંચ 'જાણનારો જણાય છે' તે પુસ્તકનો સ્વાધ્યાય થતાં નીકળી ગઈ છે. 'જાણનારો જ જણાય છે ખરેખર પર જણાતું નથી' તેમાં સંપૂર્ણ ભેદજ્ઞાનની કળા અને સ્વાનુભવની અપૂર્વ વિધિ પ્રાપ્ત થતાં લાયક જીવોને અંદરમાંથી કોઈ અપૂર્વ બળ જાગૃત થયું છે. પંચમકાળે ધોધમાર અમૃત વરસતાં જૈનદર્શનનાં સર્વ રહસ્યો ખૂલી ગયાં છે.

પ્રથમ આવૃત્તિમાં ૧૦૦૮ વચનામૃત લીધેલાં હતાં. તે ઉપરાંત ભેદજ્ઞાન-વિધિ પ્રેરક ૫૮ વચનામૃતનો ઉમેરો કર્યો છે. પ્રથમ – આવૃત્તિ ૧૧૦૦ – પ્રતની પ્રભાવના થઈ જતાં આ દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરતાં શ્રી કુંદકુંદ કહાનામૃત સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ અત્યંત ગૌરવ અને હર્ષની લાગણી અનુભવે છે.

**શ્રી દિગમ્બર જૈન કુંદામૃત કહાન સ્વાધ્યાય હૉલ.**
"સ્વીટહોમ" જાગનાથ શેરી નં. - ૬,
જીમખાના રોડ, રાજકોટ.


પ્રથમ તું આત્માને જાણ.
ભગવત્ શ્રી કુંદકુંદાચાર્ય દેવ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શ્રી સમયસારજી-સ્તુતિ

## (હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

## (અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

## (શિખરિણી)

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

## (શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

## (વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે

## (અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અર્પણ

અધ્યાત્મ યુગસર્જક; અધ્યાત્મયુગપુરુષ; અધ્યાત્મ શિરોમણી સદ્‌ગુરુદેવશ્રી... કહાન ગુરુદેવ આપશ્રીએ તો વર્તમાનકાળે કેવળીનાં વિરહ ભુલાવ્યા છે. 'સૌને જ્ઞાન જણાય છે', 'સૌને જ્ઞાયક જણાય છે'; અને પરને જાણવું તે જ અપરાધ છે. આવો પરમાર્થ સંદેશો આપનાર આપશ્રી અધ્યાત્મ સરોવરનાં ચૈતન્ય હંસ છો. યુગો યુગોથી કર્તાકર્મની ભ્રાંતિથી અને જ્ઞેય જ્ઞાયકનાં સંકર દોષથી વ્યથિત, દુ:ખિત ભવ્ય જીવોને મુક્તિનો રાહ પ્રદર્શિત કરી અને જૈનદર્શનનાં અનેક રહસ્યોને, જૈનધર્મના ગુપ્ત ખજાનાને આપશ્રીએ ખોલી નાખ્યા છે. આપશ્રીએ પ્રરૂપેલા માર્ગને સ્વાનુભવથી પ્રમાણિત કરી અને જ્ઞાતા જ્ઞેયના વ્યવહારનો પ્રબળપણે નિષેધ કરાવનાર તેમજ જાણનાર જણાય છે નો જાગૃતબોધ આપનાર આપના ધર્મ સુપુત્ર લાલનાં વચનામૃતોને પુસ્તકરૂપે પ્રકાશિત કરી આપશ્રીનાં કરકમળોમાં સવિનય સમર્પિત કરીએ છીએ.




“કહાનગુરુની દિવ્ય દેશના, સ્વભાવમાં ભવ્ય સિધાવો;
જાણનહાર જણાયે સંદેશા, “જાણનાર છું” જંગ જમાવો.”
બધા ભગવાન છો
ૐ
ૐ
બધા ભગવાન થાઓ
(૧) જ્ઞાનાનંદમયી જાનનહારની બંસરી બજાવનાર,
(૨) અધ્યાત્મ યુગપુરુષ; અધ્યાત્મમૂર્તિ, પરમોપકારી
પૂ. સદ્‌ગુરુદેવશ્રી કાનજી સ્વામી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

## (હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

## (અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

## (શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે;
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

## (શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેન્દ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

## (વસંત તિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

## (સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# અર્પણ

હે ! કહાનલાલ ! આપશ્રી ઘણાં વર્ષોથી પ્રવચન, ચર્ચા આદિમાં મુખ્યપણે બે વાત જ કર્યા કરો છો. પરિણામની કર્તા બુદ્ધિ અને પરિણામની જ્ઞાતાબુદ્ધિ તે અનંત સંસારનું કારણ છે. વળી પૂ. ગુરુદેવશ્રીના પ્રતાપે દ્રવ્યનો નિશ્ચય તો મળ્યો હતો. તેમજ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય પણ બતાવ્યો જ હતો. પરંતુ તેનાં ઉપર જે ધ્યાન ખેંચાવું જોઈએ તે ખેંચાયું નહીં. પરંતુ આપશ્રીએ જ્ઞાનની પર્યાયના નિશ્ચય ઉપર ધ્યાન ખેંચાવી; આત્મ અનુભવની પૂર્ણ વિધિ દર્શાવી છે. કારણ કે જ્ઞાનની પર્યાયનો નિશ્ચય ન મળે ત્યાં સુધી અનુભવ થતો નથી. "જાણનારો જણાય છે અને ખરેખર પર જણાતું નથી." તેમાં અંત્તર્મુખ થવાની વિધિ તો બતાવી જ છે; પરંતુ શ્રેણી સુધીની વાત આવી ગઈ છે. આપશ્રીનાં મુખચંદ્રમાંથી નીકળેલ પરમ અમૃતમય ૧૦૦૮ ફૂલડાંઓને ગ્રંથમાં ગૂંથી આપશ્રીની ૯૦મી મંગલમયી જન્મજયંતીએ આપશ્રીના ચરણ યુગલોમાં સવિનય સાદર અર્પણ કરીએ છીએ.





Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

"કહાન લાલ ધ્વનિ વરસી, જાણનાર જ્યોતિ જગાવી,
જ્ઞાનાનંદ દૃષ્ટિ તારી, આતમ અનુભવથી પ્રમાણી."

ૐ હું જાણનાર છું, હું કરનાર નથી ૐ



જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી

જીવમાત્રને જાણનાર જણાય છે તેવી જ્યોતિ જગાડનાર;
"જાણનાર છું" ને "જાણનાર જણાય છે", તેવું જાગ્રત જીવન જીવનાર
પૂ. "ભાઈશ્રી" લાલચંદભાઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સંકલિત.... કલમે

શ્રી જિનેન્દ્ર ભગવંતો દ્વારા; તેમજ જેમની પરિણતી વારંવાર "જાણનાર જણાય છે" તેવા પ્રચુરભાવે સ્વભાવારૂઢ થઈ અને સ્વભાવને અભિનંદે છે; તેવા કુંદામૃત આચાર્યો દ્વારા; પ્રાપ્ત સુધારસને પોતાના જ્ઞાનસાગરમાં અપ્રતિહત ભાવે ઝીલી અને જીવમાત્રને 'જાણનાર જણાય છે'નો મંત્ર આપનાર ગુણમૂર્તિ શ્રી કહાનગુરુ દેવનાં ગુણગાનની ગૌરવ ગાથા શબ્દોમાં અનિર્વચનીય છે.

જેમ લૌકિકમાં ત્રણ વસ્તુઓ ઉત્તમ ગણાય છે. (૧) કલ્પવૃક્ષ (૨) કામધેનુ (૩) ચિંતામણી, કારણ કે આ ત્રણે વસ્તુની ગણના ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ કરાવવામાં થાય છે. તેમ જાણનાર જણાય છે તે કલ્પવૃક્ષ છે, કામધેનુ છે, તેમજ ચિંતામણી છે. આ ગ્રંથમાં સાક્ષાત મોક્ષસુખ પ્રાપ્ત થવાનું ઉત્કૃષ્ટ નિમિત્તપણું રહેલું છે. જગતમાં ઉપદેશ દાતા તો ઘણા જોવા મળે છે પરંતુ સિધ્ધાંત દાતા તો કોઈક ...જૂજ... વિરલ વિભૂતિ જ હોય છે.

હે ! કહાનલાલ ! દિનરાત અમે ફાલીએ ફૂલીએ તેવો મંત્ર આપશ્રીએ ઘણી ઘણી કરુણા કરીને આપ ધર્મપિતાએ આપ્યો છે. "હું જાણનાર છું" એમ જેને આવ્યું તેને જ **"જાણનારો જણાય છે."**

આ ભેદજ્ઞાનની તીક્ષ્ણ 'ચાવી' હાથમાં આવતાં એમ લાગવું જોઈએ કે : આ તો રત્ન ચિંતામણી નિધાન મળી ગયું. અરે ! ભવ સમુદ્ર તરવાની નાવ મળી ગઈ. આવું કહેનાર અમને કોણ મળત !! આનાથી વધારે હવે શું જોઈએ !! અમારું સર્વસ્વ આપે અમને આપ્યું છે.

✳ **વસ્તુ સ્થિતિ → જાણનાર જણાય છે.**

✳ **મારી સ્થિતિ → જાણનાર જણાય છે.**

✳ **પરિસ્થિતિ → પરની સ્થિતિ. એટલે પર તરફ વળેલી જ્ઞાનની પર્યાયમાં પણ જાણનાર જણાય છે.**

આ સ્વભાવની વાત એવી આવી છે કે : પરને જાણતો નથી, પર જણાતું નથી; "જાણનારો જણાય છે" તેમજ જ્ઞાન જાણનારને જ જાણે છે આ વાતની જેટલી કિંમત કરશે તે નિયમથી મોક્ષગામી જ હશે. આના ફળમાં કેવળજ્ઞાન થવાનું, આ એટલી સાચી અને પાકી વાત છે. દરેકે હૃદયમાં ટંકોત્કીર્ણિત કરી લેવા જેવી છે.

આમ શ્રુતજ્ઞાન સાગર અમૃતના હિલોળા લેતું અદ્દભૂતાતીત પ્રકૃષ્ટ પ્રરૂપણા કરી. વચન અગોચર તત્ત્વ છે તેનો અપ્રતિહત ભાવે સંદેશો આપ્યો છે. જ્યાં વજ્રવાણી છૂટી કે : "જ્ઞાન પરને જાણતું નથી"; ત્યાં તો મુમુક્ષુ જગતમાં ખળભળાટ મચી ગયો. અનેક ઉપસર્ગો મધ્યે આપશ્રી સુમેરૂની જેમ અચલ અને અડિગ્ રહ્યા. ત્રિકાળ સનાતન સિધ્ધાંતિક વસ્તુ સ્વરૂપની નિઃશંક બુલંદ ગર્જના કરતા અને સ્વરૂપની સાધના કરતા આગળ વધી રહ્યા. મંગલ સિધ્ધાંતની મંગલ ઉદ્દઘોષણા કરી અને સંસારી જીવોની કર્તાબુધ્ધિ અને જ્ઞાતાબુધ્ધિના નાશની ઔષધિ આપી. આમ ધ્યેયપૂર્વક જ્ઞેય ભાવમાં આમંત્રિત કર્યાં.

જેમ પ્રવચનસારજી શાસ્ત્રની ૧૧૪ ગાથાની ટીકામાં **'અનુક્રમ'** શબ્દ લીધો છે; તેમ 'જાણનાર જણાય છે' તે પુસ્તકમાં બે પાઠ છે અને બન્ને પાઠ અનુક્રમથી લીધા છે. સૌ પ્રથમ કર્તાબુધ્ધિના શલ્ય ઉપર એટમબોંબ ફેંક્યો છે અને પછી જ્ઞાતાબુધ્ધિના શલ્ય ઉપર એટમબોંબ ફેંક્યો છે. પ્રથમ પાઠ છે કરનાર નથી પણ જાણનાર છે. બીજો પાઠ "જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી." જ્યાં કર્તાબુધ્ધિ અને જ્ઞાતાબુધ્ધિનો નિષેધ કર્યો તો સ્વભાવનો સ્વીકાર થયો ત્યાં સાક્ષાત જ્ઞાતાભાવમાં પદાર્પણ થયો. આમ આ ગ્રંથ મિથ્યાત્વનું ઝેર

ઉતારનાર છે.

વળી **"જાણનાર જણાય છે, ખરેખર પર નહીં"**, આ સૂત્રનાં પરિજ્ઞાનપૂર્વક દરેક વચનામૃતોને વિધવિધ ન્યાયથી... વિધ વિધ તર્કથી... વિધવિધ દૃષ્ટિકોણથી... આ એક જ સૂત્રનું પ્રતિપાદન હોવાથી; આ પુસ્તકનું નામ અસ્તિપરક **"જાણનારો જણાય છે"** રાખેલ છે. પહેલી કહેવત છે કે "યથાનામ તથા ગુણ." જૈનદર્શનની આ ભવ્યકૃતિને મુમુક્ષુગણ સમક્ષ મૂકતાં અત્યંત હર્ષ થાય છે.

શ્રી સમયસારજીમાં કર્તાબુદ્ધિના નાશ માટે ઉત્કૃષ્ટ ન્યાય આપ્યો કે : **'તદ્રૂપો ન ભવતિ'**. તે રૂપે થતો નથી માટે કર્તા નથી. તે જ સિધ્ધાંત શ્રી સેટિકાની ગાથામાં ઉતારવો. પરને કેમ જાણતો નથી ? તન્મય થતો નથી માટે જાણતો નથી. પરમાં તન્મય થાઉં તો પરને જાણું ને ?! આમ કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિના નાશનો ન્યાય સરખો આપ્યો. **જે જેનું હોય તે તેને જ પ્રસિદ્ધ કરે.**

ચારે બાજુથી આ મહાપુરુષે સંશોધન કરીને કેવો માલ આપ્યો છે. કોઈ જીવ પ્રતિભાસનાં સ્વરૂપને વિચારે તો પણ ભેદજ્ઞાન. લક્ષના સ્વરૂપને વિચારે તો પણ ભેદજ્ઞાન. અને જ્ઞાનના મૂળ સ્વભાવને વિચારે તો પણ ભેદજ્ઞાન.

એક વખત દેવલાલીમાં પૂ. ભાઈશ્રીને કોઈ મુમુક્ષુભાઈએ પ્રશ્ન પૂછેલો કે : સમયસારને ભાવથી ભણવું એટલે શું ?! પૂ. ભાઈશ્રીએ કહ્યું ! "હું તો જ્ઞાનાનંદ એક આત્મા જાણનાર... જાણનાર... જાણનાર છું. આહા ! મને તો "જાણનાર જણાય છે." પ્રત્યક્ષ થવા પહેલાં મને પરોક્ષમાં "જાણનાર જણાય છે" તેને ભાવથી ભણ્યું કહેવામાં આવે છે.

આમ આ ગ્રંથમાં સ્વાનુભવ પ્રગટ કરવાનો અત્યંત સુગમ અને સરલ પંથ બતાવ્યો છે. તે ભિન્ન ભિન્ન કોટીના આત્માર્થી જીવોને અત્યંત ઉપકારી છે. જે કોઈ આત્માર્થીજન અતિશય ઉલ્લસિત વીર્યપૂર્વક આ વચનામૃતબિંદુઓનો ઊંડો 'નિજી' સ્વાધ્યાય કરશે અને તેમાં રહેલા ભાવોને ભાવભાસનમાં લેશે તો અવશ્ય પરમાનંદને પામશે જ.

જેમ સિદ્ધ ભગવાનની પૂજાના અર્ઘ્ય ૧૦૦૮ છે. વળી શ્રી અરિહંત ભગવાનના શરીરના ચિહ્ન ૧૦૦૮ હોય છે. તેમજ અરિહંત ભગવાનના નામો પણ ૧૦૦૮ જોવા મળે છે તેમ 'જાણનારો જણાય છે' તે ભેદજ્ઞાનની મૌક્તિક માળાના ૧૦૦૮ મણકા **'શ્રીકારના'** રૂપમાં છે. જેમ બાલ તીર્થંકરનો જન્માભિષેક પણ સૌધર્મ આદિ દેવો દ્વારા ૧૦૦૮ કલશ વડે થાય છે. તેમ "જાણનાર જણાય છે"નાં ૧૦૦૮ બોલ **'મંગળ કલશ'** છે.

અમારું પ્રથમ પુષ્પ જ્ઞાનથી... જ્ઞાનનું... ભેદજ્ઞાન... તેમજ દ્વિતીય પુષ્પ દ્રવ્યસ્વભાવ... પર્યાય સ્વભાવ તે બન્ને પુસ્તકોમાં જે "જાણનાર જણાય છે" તે વચનામૃતોને આ પુસ્તકમાં લીધેલા નથી. તેથી સ્વાધ્યાય પ્રેમીઓ આ વચનામૃતનાં સ્વાધ્યાયની સાથે સાથે આગળના બન્ને પુસ્તકોમાંથી પણ "જાણનાર જણાય છે" વચનામૃતોનો સ્વાધ્યાય કરે તેવી વિનંતી છે.

આજથી લગભગ દશ વર્ષ પહેલાં "જાણનારો જણાય છે"નાં વચનામૃતોને મારા નિજ સ્વાધ્યાય માટે એકત્રિત કરવાનો મેં નિર્ણય કરેલો. પૂ. ભાઈશ્રીનાં પ્રવચનોમાંથી; જાહેરચર્ચામાંથી; ખાનગી ચર્ચાઓમાંથી..... ઓડિયો કેસેટોમાંથી..... વિડિયો કેસેટોમાંથી વચનામૃતો એકઠાં થતાં ગયાં; અને આ સાથે **"ટીપે ટીપે સરોવર ભરાય."** તે કહેવતની આ ધન્ય પળે... ધન્ય ઘડીએ... પુસ્તકાકાર સુઅવસરે સાર્થકતા ભાસી છે. વિખેરાયેલા મોતીઓને પુસ્તકરૂપી માળામાં ગૂંથાયેલા જોઈ મને સુખદ આશ્ચર્ય થાય છે. મારી મનોર્મિઓ સાનંદથી ખીલી ઊઠી છે. **"જાણનારો જણાય છે"** આ કૃતિમાં બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર ભર્યો છે. "સાગરને ગાગરમાં"

નહીં પણ એક પ્યાલામાં સંક્ષેપી (સમાવી) દીધો છે. આ ગાઢ અમૃતનો પ્યાલો ભવ્યાત્માઓ આસાનીથી 'પી' શકે તેવો છે.

આ રચનામાં કેવળ પ્રેક્ટિકલ તેમજ અનુભવની પ્રધાનતા રહેલી છે. આ ગ્રંથમાં ઉપદેશની મુખ્યતા નથી. સાધ્યની સિધ્ધિ; પ્રયોજનની સિધ્ધિ તત્ક્ષણ કેમ થાય ! તેની ઉપાદેયતાપૂર્વક આ કૃતિનું સર્જન થયું છે. આ મંગલમયી પરમ પવિત્ર વચનામૃતો રૂપ મણકાઓને માળામાં પરોવી અને ગ્રંથરૂપે પ્રકાશિત કરવાનો અમારી સંસ્થાએ જે નિર્ણય કર્યો છે તે ખરેખર ખૂબ જ પ્રશંસનીય અને પ્રમોદનીય છે.

આ પુસ્તક પ્રકાશનમાં મને પ્રત્યક્ષ રૂપથી કે પરોક્ષ રૂપથી જે સહયોગ પ્રાપ્ત થયો છે તે બધાની હું આભારી છું. આ પુસ્તકના સંકલન અને સંપાદકીય કાર્યમાં મને પ્રોત્સાહિત કરવામાં આત્માર્થી વડીલ શ્રી શાંતિભાઈ ઝવેરીનો આત્માર્થી નવીનભાઈ બોઘાણીનો તેમજ આત્માર્થી ચેતનભાઈનો હું અંતઃકરણથી આભાર માનું છું. આ અગાઉનાં બન્ને પુસ્તકોમાં તેમજ આ પુસ્તકમાં જેમનાં દ્વારા સુંદર માર્ગદર્શન પ્રાપ્ત થયાં છે તેવા આત્માર્થી બહેનશ્રી શૈલાબેન બોઘાણીની અનિચ્છા હોવા છતાં... હું અંતઃકરણપૂર્વક આભાર પ્રદર્શિત કર્યાં વિના રહી શકતી નથી. વળી જેમણે મને એક માતુશ્રી તરીકે સદાય વાત્સલ્ય આપ્યું છે તેમજ મારા દરેક કાર્યમાં મારી સાથે જ ઊભા છે તેમજ મારી અલગ અલગ ડાયરીમાં પડેલા બોલ ને એક ડાયરીમાં લખી આપવા બદલ આત્માર્થી ચંદનબેન પુનાતરનો હૃદયથી આભાર માનું છું.

આ ગ્રંથનું સંકલન અને સંપાદન કરવાથી મને જે અંતરંગ લાભ પ્રાપ્ત થયો છે તે અવર્ણનીય છે. આ કાર્ય મેં મારા નિજ સ્વભાવની પુષ્ટિ તેમજ દેવ-ગુરુ-ધર્મની યથાર્થ પ્રભાવનાના હેતુથી કરેલ છે. આ મહાનકાર્ય પૂ. ગુરુદેવશ્રી તેમજ પૂ. ભાઈશ્રીના પુણ્યોદયથી તેમજ મુમુક્ષુ ભાઈ-બહેનોના સહયોગથી પૂર્ણ થયેલ છે.

આ ગ્રંથની આદિથી પૂર્ણતા સુધીના મારા પ્રેરણાસ્રોત પૂ. ગુરુદેવશ્રી તેમજ પૂ. ભાઈશ્રી છે. તેઓશ્રીના મંગલ આશિષથી આ કાર્ય પરિસંપન્ન થયું છે. અંતમાં 'જાણનારો જણાય છે' પુસ્તકરૂપી પુષ્પમાળા પૂ. ગુરુદેવશ્રીનાં તેમજ પૂ. ભાઈશ્રીનાં ચરણયુગલમાં સવિનય સાદર ભાવથી સમર્પિત કરું છું. સર્વે સત્પુરુષોનાં... ચરણની અનુરાગી.....!

**બા. બ્ર. શોભનાબેન જે. શાહ**
(રાજકોટ)

**દરેક જીવ જો કે પોતાની પર્યાયના સામર્થ્યને જ જાણે છે, પરંતુ તેને પોતાના જ્ઞાનનો ભરોસો આવતો નથી તેથી તે પરનું બહુમાન કરવામાં રોકાય છે અને સ્વને ભૂલી જાય છે; પરંતુ "હું મારા જ્ઞાનસામર્થ્યને જાણું છું, પરને હું ખરેખર જાણતો નથી, અને મારું જ્ઞાનસામર્થ્ય તો પરિપૂર્ણ છે"; એમ સ્વનો મહિમા આવે તો કોઈ પરનો મહિમા આવે નહીં.**

(આત્મધર્મ અંક નં. ૨૯ પેજ નં. ૫૭)

# સંપાદકીય કલમે

## મંગલાચરણ

"જાનૂં મૈં જાનનહારા.. દેખૂં મૈં દેખનહારા..
શાશ્વત ચેતન ભગવાના.. બસ યહી સમયકા સારા.."

જૈનદર્શનની પ્રાચીનતા એ છે કે "જાણનારો જણાય છે."

જૈનદર્શનની અર્વાચીનતા એ છે કે "જાણનારો જણાય છે."

જૈનદર્શનની સમીચીનતા એ જ છે કે "જાણનારો જણાય છે."

અને "જાણનારો જણાય છે" તે જ તો જૈનદર્શનની અનુપમતા છે ને !? આમ સકલ સાધ્યની સિધ્ધિનો એકમાત્ર ઉપાય "જાણનારો જણાય છે" તે જ છે.

જેમ 'જાણનારો જણાય છે' તે ધ્રુવ સ્વભાવની ધ્રુવ ભૂમિમાં ધ્રુવતાથી પ્રતિષ્ઠિત છે; તેમ 'જાણનારો જણાય છે' તેવી મંગલમયી ભૂમિમાં જ મંગલમયી સમ્યક્દર્શનનું અવતરણ થાય છે. આમ "જાણનાર જણાય છે" તે નિજાનંદ મધુવનની માધુર્યતા છે.

"જાણનારો જણાય છે" તે એવો સુરંગનો ભૂગર્ભ માર્ગ છે કે જેનો બીજો દરવાજો સીધો મોક્ષમાં ખૂલે છે. "જાણનાર જણાય છે" તે એવા ગંભીર સાગરનું ગંભીર સૂત્ર છે કે જેમાંથી સેંકડો સિદ્ધાંત નીકળે છે. હે ! પૂ. ભાઈશ્રી આપે તો સિધ્ધાંતોની ગંગોત્રી વહાવી છે. જે માત્ર સ્વસંવેદન પ્રત્યક્ષ સ્વભાવ છે; તેવા અકથ્ય સ્વભાવનાં વિધાનોને વિદિત કરી "જાણનાર જણાય છે"ના જ્ઞાનદીપક પ્રગટાવ્યા છે.

સંતો કહે છે કે : કદાચ તું સ્વભાવ સુધી ન પહોંચી શકતો હો તો અમે તને સ્મરણ કરવાની ક્યાં ના પાડીએ છીએ !

**સ્મરણ → "જાણનારો જણાય છે."**

**સ્વભાવ → "હું જાણનાર છું."**

"જાણનાર જણાય છે" તેમાં દૂર રહીને આત્માને જાણતો હતો; પરંતુ "હું જાણનાર છું" તેમાં જાણનાર થઈને જાણનારને જાણ્યો. "જાણનાર છું ને જાણનાર જણાય છે" તે વાતની કેટલી કિંમત ભાસી હશે ! તેમાં કેટલો ભગવાન આત્મા ઊર્ધ્વ થતો દેખાતો હશે !! તેમાં કેટલી ચોટ લાગતી હશે !! કે : આ મહાપુરુષે જીવનના અંત સમય સુધી બે વાત જ કર્યા કરી.

**"હું જાણનાર છું; કરનાર નથી."**

**જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી."**

આ સ્વાનુભવમાંથી આવેલા ભાવો આગમમાંથી તેમજ પૂ. શ્રી સદ્દ્ગુરુદેવની પરમાગમ પ્રવચન ધારામાંથી સહજ મળી જાય છે. કારણ કે : **"અનંત જ્ઞાનીઓનો અભિપ્રાય એક જ હોય છે."** તે દિવ્ય પુરુષની દિવ્ય વાણીની એક ઝલક.

જાણનાર જાણનારની પર્યાયને જ પ્રકાશે છે રાગાદિને નહીં. પાછો વળતો નથી... ત્યાં બહારને બહારની નજરું.

✳ આહાહા ! હજી તો બહાર કરવાની નજરું એક વાત.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* પછી બહાર જાણવાની નજરું; બે વાત.

* પછી મારામાં જણાય છે તે ઈ... જણાય છે !! ત્રીજી વાત.

* અહીં કહે છે મારામાં જણાય છે તે હું જણાઉં છું તે ચોથી વાત.

ભાષા તો સાવ સાદી છે અને ભાવ સમજાય એવા છે.

**(શ્રી સમયસાર ગાથા ૨૯૪ના પ્રવચનમાંથી, તા. ૬/૧૨/૭૯ નં. ૩૬૧)**

શ્રી કુંદકુંદપ્રભુએ ૧૭, ૧૮ ગાથામાં કહ્યું કે : જાણનારને જાણ ! તેમણે વિશેષ પર્યાયભાવથી વાત કહી. જ્યારે તે જ ગાથામાં અમૃતપ્રભુએ કહ્યું કે : "તને જાણનારો જણાય જ રહ્યો છે." તેમણે સામાન્ય જ્ઞાન સ્વભાવની વસ્તુસ્થિતિથી વાત કરી. જ્ઞાનમાં નિરંતર જાણનાર જણાય છે તે સ્વભાવ બતાવ્યો. તેમ હે ! કહાનલાલ ! આપશ્રીએ **"જાણનાર જણાય છે"**ની મોસમ ખીલવી છે. સીમંધર ભગવાનની દિવ્ય ધ્વનિનો સૂર અમોને પ્રાપ્ત થયો છે.

વળી શ્રી કુંદકુંદપ્રભુએ સમયસારશાસ્ત્રમાં કર્તાકર્મ અધિકાર વિશિષ્ટ; સૌથી મોટો અને સ્પેશ્યલ લખ્યો છે. તેના જેવો કર્તાકર્મનો અધિકાર જિનાગમમાં અન્યત્ર બીજે જોવા મળવો મુશ્કેલ છે. તેમ હે ! કહાનલાલ ! આપશ્રીએ પંચમકાળે **"જાણનાર જણાય છે"**નો યુગ સર્જ્યો છે. આપશ્રી એ જે ગાઢ પરમામૃત વહાવ્યું છે તે અદ્વિતીય અને અજોડ છે. આ કાળે ગુપ્તમાં ગુપ્ત રહસ્યનું ઉદ્‌ઘાટન થયું છે.

મને નિરંતર "જાણનારો જ જણાય છે અને ખરેખર પર જણાતું નથી" તે કોઈ સાધારણ વાત નથી. આ અસાધારણ વાત છે. આ અનુપમ વિધિ આપશ્રીએ ભવ્ય જીવોને નિઃશંકપણે... નિર્ભયપણે પ્રદાન કરી છે.

ખરેખર પર જણાતું નથી તેમાં પરનો પ્રતિભાસ તિરોભૂત થાય છે અને દૃષ્ટિમાંથી અભાવ થઈ જાય છે. જ્ઞાનમાં સામાન્યનો આર્વિભાવ થતાં વિશેષ જ્ઞેયાકાર જ્ઞાન અભાવવત્ થઈ જાય છે. આ ઉપરથી ચાર સિદ્ધાંત ફલિત થાય છે.

**(૧) ખરેખર પર નથી જણાતું તેમાં પરનાં પ્રતિભાસનો સ્વીકાર થાય છે.**

**(૨) પરનો તો માત્ર પ્રતિભાસ જ થાય છે એવો વિશ્વાસ આવતાં પરનું લક્ષ છૂટી જાય છે.**

**(૩) "મને જાણનારો જણાય છે" તેવો વિશ્વાસ આવતાં પ્રતિભાસરૂપ પર્યાયનું પણ લક્ષ છૂટી જાય છે.**

**(૪) "હું જાણનાર છું" તેમાં "જાણનાર જણાય છે" તેવા ભેદનું લક્ષ પણ છૂટી જાય છે.**

આવાં બ્રહ્મસૂત્રની રચના સહેજે થઈ ગઈ છે. આ વચનામૃતમાં નિજાનંદના ઝરણાં વહાવ્યાં છે.

**જિજ્ઞાસા :** જ્ઞાન ક્યારે પરને જાણી શકે ?

**સમાધાન :** જ્ઞાન પરથી તન્મય હોય તો જ્ઞાન પરને જાણી શકે. જો જ્ઞાન પરની સન્મુખ હોય તો પરને જાણી શકે. જ્ઞાન પરને જાણવા જાય તો તો આત્માનો નાશ થાય અને જ્ઞાનમાં પર જણાય તો જ્ઞાનનો નાશ થાય. **માટે વાસ્તવિકતા એ છે કે જ્ઞાન પરથી તન્મયે થતું નથી અને પરની સન્મુખે થતું નથી. જ્ઞાન જ્ઞાયકની તાદાત્મ્યતા કદી પણ છોડતું નથી તેથી ખરેખર જ્ઞાન પરને જાણતું નથી.**

જ્ઞાનનો સ્વભાવ એક સમય પણ જો સ્વને જાણવાનું છોડે; તો તો પરને જાણે !! પણ એક સમય માત્ર પણ સ્વને જાણવાનું છોડતો નથી માટે જ્ઞાન **ખરેખર** પરને જાણતું જ નથી. તેમજ લક્ષરૂપતા તે જ્ઞાનનો મૂળ સ્વભાવ હોવાથી જ્ઞાન **ખરેખર** પરને જાણતું નથી. જ્ઞાનની સ્વચ્છતામાં કોઈ પણ પદાર્થ પ્રતિબિંબિત થયા વિનાનું રહેતું નથી. માટે **ખરેખર** પરને જાણતું નથી. પુરુષાર્થ સિદ્ધિમાં મંગલાચરણમાં કહ્યું કે : "दर्पणतल इव सकला

प्रतिफलति पदार्थमालिका यत्र ॥''

તેથી સિદ્ધ થાય છે કે બહિર્મુખ જ્ઞાનમાં ય **ખરેખર** પર જાણવામાં આવતું નથી; તેમજ અંતર્મુખ જ્ઞાનમાંય **ખરેખર** પર જાણવામાં આવતું નથી. શ્રી સમયસારજીશાસ્ત્રમાં કહ્યું છે કે : આત્મઘાતી ! આત્માને તો જાણતો નથી; પરંતુ આત્માના અસાધારણ લક્ષણને પણ જાણતો નથી. જ્ઞાનનાં અસાધારણ લક્ષણને જાણેને તો પણ આત્મજ્ઞાન ઉદિત થઈ જાય તેવો આ સર્વસ્વ જ્ઞાન સ્વભાવ છે.

આપશ્રીએ અનંત કરુણા કરીને **ખરેખરનું** રહસ્ય પ્રકાશ્યું છે. આ વાત દાંડી પીટીને કહી છે. **ખરેખર પર જણાતું નથી પરંતુ પરનો પ્રતિભાસ થાય છે; તેમાં જ્ઞાતા-જ્ઞેયની ભ્રાંતિનો નિષેધ થાય છે. "હું જાણનાર છું અને જાણનારો જણાય છે" તેમાં જ્ઞાતાજ્ઞેયનો ભેદ વિલય પામીને અભેદનો અભેદભાવે અનુભવ થાય છે.**

આમ જ્ઞાન સ્વભાવનું ઊંડાણમય રહસ્ય ન સમજાવ્યું હોત તો પ્રતિભાસનું સ્વરૂપ ન સમજાત અને લક્ષનું સ્વરૂપ પણ ન સમજાત. લક્ષનાં સ્વરૂપને સમજ્યા વિના પરને જાણતો નથી તેવો નિષેધ ન આવત. વળી પ્રતિભાસના સ્વરૂપને સમજ્યા વિના ભેદજ્ઞાનની વિધિમાં કેવી રીતે આવત !! અને ભેદજ્ઞાનની વિધિમાં આવ્યા વિના સ્વાનુભવમયી જ્ઞાનત્વ કેવી રીતે પ્રગટત ?!

(૧) "Short and Sweet" એવું આ નાનકડું સૂત્ર એટલે પૂ. ભાઈશ્રીનું હૃદય આ સૂત્રની અંદરની ઊંડાણતા, માધુર્યતા અને ગહનતારૂપ સિધ્ધાંતોનો સાગર કેવો લહેરાય રહ્યો છે !!

✳ **"હું જાણનાર છું" તે ધ્રુવ દળની ઊંડાણતા છે.**

✳ **"જાણનાર જણાય છે" તે આત્માની (જ્ઞાનની) માધુર્યતા છે.**

✳ **"ખરેખર પર જણાતું નથી" તે પરાકાષ્ટારૂપ અધ્યાત્મની ગહનતા છે.** આ નાનકડા સૂત્રમાં બાર અંગ કેવી રીતે સમાયેલા છે; તેની એક ઝલક... **"અમૃતવર્ષા"માં આલેખિત** કરેલ છે.

(૨) જીવ પ્રમાણની બહાર જાય તો પરથી એકત્વબુદ્ધિ. જીવ પ્રમાણમાં અટકે તો પર્યાયથી એકત્વબુદ્ધિ. તો શું કરવું ? દ્રવ્યના પ્રમાણમાંથી દ્રવ્યના નિશ્ચયમાં આવવું. પર્યાયના પ્રમાણમાંથી પર્યાયનાં નિશ્ચયમાં આવવું. તે કેવી રીતે આવવું ! તેનું વિસ્તૃત વર્ણન **"અસ્તિનાસ્તિ ભેદજ્ઞાન દ્વારમાં"** લીધેલ છે. અનાદિકાળથી અજ્ઞાની પ્રાણીને પ્રમાણનો પક્ષ હોવાથી... પ્રમાણનું જ લક્ષ રહ્યા કરે છે. હવે પ્રમાણમાંથી નયમાં કેવી રીતે આવવું; અને નયપૂર્વક પ્રમાણજ્ઞાન કેવી રીતે થાય !! તેનું આગમ અધ્યાત્મનું સુંદર વિવેચન આ ભેદજ્ઞાનદ્વારમાં લીધેલ છે.

મારી પ્રજ્ઞાની અલ્પ યોગ્યતા હોવા છતાં એક નમ્રપણે સાહસયુક્ત પ્રયાસ કરેલ છે. ભવ્યાત્માઓને સંસાર પરિણામથી પાછાવાળી ક્ષણવારમાં મોક્ષમાર્ગ સન્મુખ સહેજે દોરી જાય તેવી સચોટ વાત ધર્મ-ધુરંધર આચાર્યો, જ્ઞાનીઓનાં; આગમનાં આધારથી રજૂ કરેલ છે. આશા છે કે આ પ્રકરણથી ભવ્યોને ભેદજ્ઞાન જ્યોતિમાં તીક્ષ્ણતા અને બળવંતતા થશે.

હે ! પૂ. ભાઈશ્રી ! આપની દિવ્ય વાણીમાં આવતો એક એક ન્યાય સ્વાનુભવમયી અતીન્દ્રિયધારાનો અભિષેક પામીને જ મુખરિત થતો હતો. આપનું જીવન જ **"જાણનાર જણાય છે"**નું સાક્ષાત જ્વલંત ઉદાહરણ છે. એક એક વચનામૃત જૈનદર્શનના મૂળ સિધ્ધાંતને મૂળમાંથી નિખિલિત કરે છે. "જાણનારો જણાય છે" તે આનંદનું મૂળ સ્રોત છે; તેથી "જાણનાર જણાય છે"નાં એક એક વચનામૃતમાંથી આનંદનાં ઝરણાં ઝરે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

લૌકિકમાં તો રત્નાકરને અંજુલિવડે, ભાસ્કરને દીપક વડે, દિવ્ય ધ્વનિરૂપ સરસ્વતીને મંગલાચરણ વડે અર્ધ્યાવલી અર્પાય છે. પરંતુ જ્ઞાનમાર્તંડ કહાનલાલ આપને હું અલ્પ પ્રજ્ઞા વડે કેવી રીતે અર્ધ્યાવલી અર્પું ?!

"જાણનાર જણાય છે"નાં ધર્મધોધ વહેવડાવનાર કહાનલાલ ! આપશ્રી તો દ્રવ્યે અને ભાવે 'જાણનાર જણાય છે'માં પ્રતિષ્ઠિત છો. તેથી "જાણનાર જણાય છે" તેવા અભેદભાવે પરિણમવું તે જ વાસ્તવિક અર્ધ્યાવલી અર્પી ગણાય. અંતમાં સૌને જાણનારો જણાય છે તેજ જય જિનેન્દ્ર.

**બા. બ્ર. શોભનાબહેન જે. શાહ**
(રાજકોટ)

**અહીં તો કહે છે : ભગવાન !! તું પરને જાણતો જ નથી. ભગવાન લોકાલોકને જાણે છે એમ કહેવું એ તો અસદ્ભુત વ્યવહાર છે. ભગવાન ! તું પરને જાણતો જ નથી.**

(પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન. પ્રવચનસાર ગાથા ૧૧૪માંથી)

**આ...હા...હા...! એ પરદ્રવ્યનાં કર્તા ન માને તો દિગંબર નહીં; અહીંઆ તો કહે છે કે... પરને જાણવાવાળો છું એમ માને ઈ દિગમ્બર નહીં.**

(પૂ. ગુરુદેવશ્રીના તા. ૨૯-૯-૭૭ના પ્રવચનમાંથી)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"મંગલમ્ ભગવાન વીરો, મંગલમ્ ગૌતમોગણી !
મંગલમ્ કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલમ્ !!"



# અમૃતવર્ષા

**જાણનહાર આશ્રયે જાણનારને જાણનારા;**
**જાણનાર જણાય છે નાં જ્યોતિર્ધ:**
**જાણનાર જણાય છે નાં જોષીલા;**
**જાણનાર જણાય છે નાં પારગામી; પૂ. "ભાઈશ્રી"**
**લાલચંદભાઈ જયવંત વર્તો... જયવંત વર્તો.**

"જાણનાર જણાય છે"નાં પુરસ્કર્તા; હે ! પૂજ્યવર શ્રી ! આપે કુંદામૃત કહાનની શ્રુતામૃત સરિતામાંથી, પ્રાભૃતભાજનને જ્ઞાન મંજુષામાં અભિસિંચિત કરી; પરમાગમની પવિત્ર ધારાનું બ્રહ્મ મૃદુ પ્રાસુક અર્થાત્ **"જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી."** આ સદ્‌બોધાત્મક અર્ચન; જે ભવ્યજનોના કર્ણરૂપી અંજલિનું પરમામૃત છે. આવા નિકૃષ્ટકાળમાં મધુરમ્‌થી મધુરમ્ દક્ષ તત્વજ્ઞાનની ધોધમાર અમૃતવર્ષા વરસી. આ પરમોત્કૃષ્ટ જ્ઞાનામૃતને જે અવધારશે તે નિયમથી અલ્પસમયમાં પરમાનંદમયી સુધારસના ભાજન થશે. તેમજ અલ્પકાળમાં કૈવલ્ય શુચિતામાં નિઃશેષપણે નિમગ્ન થશે.

હે કહાનલાલ ! પરમાગમ રત્નાકરનું મંથન કરી અને આપશ્રીએ દિગમ્બર પ્રાંગણમાં જૈનદર્શનની અનેક નિધિઓની રત્નાવલી વરસાવી છે. પ્રતિ સમય ઉદ્યોત થતાં જ્ઞાનમાર્તંડમાંથી નવાં નવાં ઉન્મેષોની અમી સહજ તીર્થપણાને આવિષ્કૃત પામી છે. તેમજ ધર્મનું અધિષ્ઠાન સ્થાપતી અને ચિત્તભૂમિને મનોહર કરતી આપની દિવ્ય વાણી જયવંત વર્તે છે. આ સરસ્વતીની સર્વજ્ઞ સાથેની સીધી સંધિ વણાયેલી છે. આનો પાયો ઘણો ઘણો ઊંડો છે. ભાવલિંગી સંતોની પાછળ વન જંગલમાં ભમતાં જે વાત મળવી દુર્લભ છે; તે વાત અમોને ઘરબેઠાં પ્રાપ્ત થઈ છે.

"જાણનાર જણાય છે" તે પૂર્ણતાને લક્ષે જ પ્રસ્થાન છે. વળી "જાણનાર જણાય છે" તે પૂર્ણતાને લક્ષે જ અંતઃસ્થાન છે. તેથી સર્વ જિનેન્દ્ર ભગવાનની દિવ્ય ધ્વનિનો સંક્ષિપ્તસાર અને અમારા નિજ સ્વસંવેદનનો સાર આટલો જ છે કે : **"હું જાણનાર છું, કરનાર નથી, જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી."** આમાં બાર અંગ અને ચૌદપૂર્વના સારને સંક્ષેપવાની પરાકાષ્ટા રહેલી છે. અને આ સાથે શ્રીમદ્‌જીનું સૂત્ર યાદ આવે છે કે : **"આગમનો મર્મ જ્ઞાનીઓનાં હૃદયમાં સમાયેલો છે."** આ સૂત્રને આપશ્રીએ પરિપૂર્ણપણે સત્યાર્થપણે... અને વિશદપણે... સ્પષ્ટ કરેલ છે.

**(૧) "જાણનારો જણાય છે" તે સૂત્રમાં કેટલા ભાવો સમાયેલા છે તે બતાવનાર પૂ. ભાઈશ્રી :**

જેમ સમયસારની છઠ્ઠી ગાથાના પહેલા પારામાં 'જ્ઞાયક' શબ્દ છે; અને બીજા પારામાં 'જ્ઞાયક'



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શબ્દ આવ્યો. આ પહેલા પારાનો 'જ્ઞાયક' અને બીજા પારાનો 'જ્ઞાયક' તે બન્ને જ્ઞાયકના વાચ્યમાં તફાવત છે. નિર્વિકલ્પ ધ્યાનના કાળે તફાવત તફાવતપણે રહી ગયો અને તફાવત દેખાવો બંધ થઈ ગયો આ જ જૈન દર્શનની બ્યુટી છે.

તદ્ઉપરાંત આખા સમયસારમાં ભગવાન આત્માને 'જ્ઞાનમાત્ર' કહેતા આવ્યા છે. "જ્ઞાનમાત્ર આત્મા" કહેતાં દૃષ્ટિનો વિષય પણ થાય છે અને "જ્ઞાનમાત્ર આત્મા" કહેતાં (અભેદ જ્ઞેય) જ્ઞાનનો વિષય પણ થાય છે. અનંતગુણમયી અભેદ આત્માનું એકત્વ અને પર્યાયથી વિભક્ત, તેવો 'જ્ઞાનમાત્ર આત્મા' દૃષ્ટિનો વિષય છે. આવા ધ્રુવ દ્રવ્યની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય કથંચિત અભિન્ન થયો તેવો જ્ઞાન પરિણામ સહિતનો આત્મા તે પણ "જ્ઞાનમાત્ર" છે. આમ અનુભવનો વિષય "જ્ઞાનમાત્ર" અને અનુભવ થયો તે પણ "જ્ઞાનમાત્ર" "જ્ઞાનમાત્ર"માં ધ્યેય જ્ઞેયનાં ભેદો સમાઈ જાય છે. તેવી જ રીતે....

"જાણનારો જણાય છે" તે એક જ સૂત્રમાં એક જ સમયે ધ્યેયરૂપતા અને જ્ઞેયરૂપતા જોવા મળે છે. તે કેવી રીતે તે જોઈએ.

✳ **પહેલો અર્થ :** "જાણનારો" એટલે અનંતગુણોનું અભેદ એકત્વ તેવો સામાન્ય જ્ઞાયક. "જણાય છે" એટલે કે જે ધ્યેય છે તે જ ઉપાદેયભૂત જ્ઞેય છે. આમ જાણનાર અને જણાય છે તેમાં માત્ર દૃષ્ટિનો વિષય ધ્રુવ જ્ઞાયક જ આવે છે.

✳ **બીજો અર્થ :** "જાણનારો" એટલે નિષ્ક્રિય પરમાત્મા; અને તે શેમાં જણાય છે ? તે વર્તમાન વર્તતા સામાન્ય ઉપયોગ લક્ષણમાં તાદાત્મ્યપણે સૌને જણાય છે. આમ આ કર્મોપાધિ રહિત અનાદિ અનંત નિરપેક્ષ પ્રમાણ જ્ઞાનનો વિષય તેવો જ્ઞાયક થયો.

✳ **ત્રીજો અર્થ :** "જાણનારો જણાય છે" તે અનાદિ અનંત વસ્તુસ્થિતિ છે. જાણનારો એટલે સામાન્ય જ્ઞાયક અને જણાયો એટલે કે વિશેષ શુદ્ધોપયોગરૂપ પરિણામ. વિશેષ જ્ઞાન પરિણામમાં વસ્તુનો સ્વીકાર થતાં 'ધ્યેયપૂર્વક જ્ઞેય થયું'. "હું જાણનાર છું" તેવું વિશેષમાં પરિણમન થયું. જાણનારો પણ પોતે અને જણાયો પણ પોતે તેવો અનુભવ થયો. આ અધ્યાત્મ પ્રમાણ જ્ઞાનનો વિષય થયો. અહીંઆ પ્રયોજન સિદ્ધ થયું.

**આમ "જાણનાર જણાય છે" તેમાં એક જ સમયમાં એક સાથે કેટલા ભાવો સમાયેલા છે તે જોઈએ.**

**"જાણનારો જણાય તે શ્રધ્ધા**નું એકમ છે. (અનંતગુણોથી અભેદ માત્ર સામાન્ય.) **"જાણનારો જણાય છે"** તે જ જ્ઞાનનું એકમ છે. (દ્રવ્યગુણ અને નિર્મળ પર્યાયથી અભેદ.) તેથી **"જાણનારો જણાય છે"** તેવા શુદ્ધનય વિના ધ્યેયની સિધ્ધિ થતી નથી. તેમજ **"જાણનારો જણાય છે"** તેવા અભેદનય વિના જ્ઞેયની સિધ્ધિ થતી નથી. આમ **જાણનાર જણાય છે** તેમાં એક જ સમયમાં શુધ્ધનય અને અભેદનય બન્ને સમાઈ જાય છે.

**"જાણનારો જણાય છે"** તેમાં એક જ સમયમાં દ્રવ્યનો નિશ્ચય તેમજ જ્ઞાન પર્યાયનો નિશ્ચય સમાઈ ગયા. **"જાણનારો જણાય છે"** તેમાં રહિત પૂર્વક સહિત એક સમયમાં થયું. **"જાણનારો જણાય છે"** તેમાં સમ્યક્ એકાંતપૂર્વક સમ્યક્ અનેકાંત સમાઈ ગયું. **જાણનારો જણાય છે** તેમાં નિશ્ચય સ્વપ્રકાશકપૂર્વક નિશ્ચય સ્વપર પ્રકાશક આવી ગયું. **જાણનારો જણાય છે** તેમાં નિર્વિકલ્પ નિશ્ચયનય, નિર્વિકલ્પ વ્યવહારનય તેમજ નિર્વિકલ્પ પ્રમાણ બધું જ સમાઈ ગયું. **"જાણનારો જણાય છે"** તેમાં સમયસાર તેમજ પ્રવચનસાર

સમય એકમાં જણાય ગયા. આમ 'ધ્યેયપૂર્વક જ્ઞેયમાં' જૈનદર્શનનો સંપૂર્ણ સાર સમાવિષ્ટ થઈ ગયો.

તેથી જાણનાર જણાય છે તે જીવમાત્રનું જાગ્રત જિનાલય છે અને જાણનારો જણાય છે તે જ તો જૈનશાસનનો ચૈતન્ય દેવતા છે અને જાણનારો જણાય છે તે પવિત્ર મોક્ષમાર્ગ છે તેમજ આદ્યોપાન્ત પથ પ્રદર્શક રૂપ સર્વોત્કૃષ્ટ મહામંત્ર છે.

**(૨) હું જાણનાર છું અને જાણનાર જણાય છે ની અણમોલ નિધિ પ્રકાશક પૂ. ભાઈશ્રી :**

જીવમાત્રને જાણનારો જ જણાય રહ્યો છે તેવો તેનો સ્વભાવ છે. આ સ્વભાવ કોઈનો કર્યો કરાતો નથી તેમજ કોઈનો રોક્યો રોકાતો નથી. કેમકે સ્વભાવ છે ને ? તો તે અનાદિ અનંત હોય ને ?! આ પ્રક્રિયા પારિણામીક ભાવે છે. જાણનારો જણાય છે તે ત્રિકાળ પણ છે અને વર્તમાન પણ છે તેથી તે પ્રતિચ્છંદના સ્થાને છે.

**પ્રતિચ્છંદ** → "હું જાણનાર છું" તો પર્યાયમાં આવ્યું કે : "હું જાણનાર છું."

**પ્રતિચ્છંદ** → "જાણનારો જણાય છે" તો આવ્યું કે : "મને જાણનારો જણાય છે." માટે જે વસ્તુને જાણ્યું તે તો જાણનાર છે જ; પણ જેણે જાણ્યું તે પણ જાણનાર છે. જ્ઞાન પર્યાયમાં નિશ્ચય, વ્યવહાર, પ્રમાણ આદિના વિશેષો... ભેદો... હો તો હો !! પરંતુ "હું તો જાણનાર છું."

મારો કોઈ વિષય જ નથી, કારણ કે હું જ્ઞાનતત્ત્વ નથી; "હું તો (જ્ઞાયક) જાણનાર છું"; એટલે કે હું સ્વયં વિષયરૂપ જાણનાર છું. "પછી જાણનક્રિયામાં વિષય વિષયીનો ભેદ પણ દેખાતો નથી તેવો જાણનાર છું." એકાકાર એકરસ... જાણનાર છું; સમરસ... જાણનાર છું; અભેદ જાણનાર છું.

હવે નિશ્ચયથી જુઓ તો જાણનાર, અને વ્યવહારથી જુઓ તો પણ જાણનાર; અને પ્રમાણથી જુઓ તો પણ જાણનાર. બધી અપેક્ષાઓથી જાણનાર; અને બધી અપેક્ષાઓથી રહિત પણ જાણનાર. "હું સ્વભાવથી જ નિરપેક્ષ જાણનાર છું." આમ જાણનાર તો જાણનાર છે.

પરોક્ષ અનુમાનમાં જાણનાર, પ્રત્યક્ષ અનુભવમાં જાણનાર, જ્ઞેયાકાર અવસ્થામાં જાણનાર, સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં જાણનાર. દ્રવ્યથી જાણનાર, ગુણથી જાણનાર, પર્યાયથી પણ જાણનાર. વસ્તુસ્થિતિએ જાણનાર, પરિસ્થિતિમાં પણ જાણનાર. અભેદથી જાણનાર, ભેદથી જાણનાર, ભેદાભેદથી જાણનાર. આમ જાણનાર જાણનારપણે રહેતો થકો "જાણનાર જણાય છે."

**જિજ્ઞાસા :** "જાણનાર જણાય છે" તે વિકલ્પ છે ને ?

**સમાધાન :** 'ના.' "જાણનાર જણાય છે" તે વિકલ્પ નથી. પરંતુ એ તો સ્વભાવ છે. આ તો વિકલ્પ છે ! આ તો ભેદ છે !! તેમ કેમ દેખાય છે ! તારી નિયત ખરાબ છે. આ મારું સ્વરૂપ છે તેમ કેમ દેખાતું નથી !! આ સ્વભાવ છે તેમ ભાવભાસનમાં લઈને સ્વભાવમાં નિ:શંક થઈ જા ! **આ સાધારણ વાક્ય નથી. મહામુનિ ધર્મકીર્તિસ્થંભ શ્રુતકેવળીનું આ વચન છે બધા આની કિંમત કરજો.**

**જિજ્ઞાસા :** "જાણનારો જણાય છે" તે સવિકલ્પ છે કે નિર્વિકલ્પ ?

**સમાધાન :** જાણનારમાં ન સવિકલ્પ દશા છે ન નિર્વિકલ્પ દશા છે. જ્ઞાન પર્યાયનો સ્વભાવ નિર્વિકલ્પ છે અને સાકાર સવિકલ્પ સ્વભાવ પણ છે. હું તો અનાદિ અનંત ત્રિકાળ મુક્ત જાણનાર છું. વળી સૌને જાણનારો જણાય છે તે નિર્વિકલ્પ પણે જણાય છે; સહજપણે જણાય છે; એના માટે વિકલ્પની ક્યાં જરૂરત છે ?! આવા નિર્વિકલ્પ સ્વભાવને જાણતાં નિર્વિકલ્પ થાય છે. **નિર્વિકલ્પ સ્વરૂપની વાત...! વચનાતીત સ્વભાવની વાત...! વચનમાં આવી ગઈ છે.** "જાણનાર જણાય છે અને જાણનાર છું" તે

પ્રયોગની પરાકાષ્ટા છે. "જાણનાર જણાય છે" તે વચન ઉપર; તે ભેદ ઉપર જવાની સખત મનાઈ છે. "જાણનાર જણાય છે" તે વાચ્ય ઉપર જવું.

**હું જાણનાર છું; જાણનારને જ જાણું છું; જાણનાર જ મને જણાય છે; જાણનાર જણાય છે તેમ પણ મને જણાય છે; આ ચારે ભાવો કોઈ પણ ક્રમ વિના, વિકલ્પ વિના, ભેદ વિના એક સમયમાં સ્વાનુભવમાં અનુભવાય છે. જો જાણનાર જણાય છે તેમ ન જણાય તો જ્ઞાનનાં સવિકલ્પ સ્વભાવની સિધ્ધિ થતી નથી.**

"જાણનાર જણાય છે" તેને જાણ્યા કરવું તે જ અભેદની અનુભૂતિ છે અને અભેદ છે તે જ પરમાર્થ છે. કારણ કે અભેદ છે તે પરિણમનરૂપ પણ છે. પરંતુ આવા અભેદને – પરમાર્થને કોઈ પણ વચન દ્વારા કથનમાં કહેવું તો તે વ્યવહાર થઈ ગયો. કથન ભેદનું જ હોય; અભેદનું કથન ન હોય. આમ જ્ઞાનીઓના અભિપ્રાયને સમજવું જોઈએ. સંતો ભેદનો આશ્રય ક્યાં કરાવે છે ? જાણનારને જ જાણે છે તેવું પરિણમન હોવા છતાં ભેદ નથી. "જાણનાર જણાય છે" એમાં જાણનાર... જાણનારને જાણવા રૂપે પરિણમી જાય છે. આમ નિષ્કર્ષ એ છે કે "જાણનાર જણાય છે" અને "હું જાણનાર છું" તે જ પ્રયોગ છે; અને તે જ અનુભવન છે.

**(૩) "જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી." આ ખરેખરની ખરેખરતાનું અપૂર્વ હાર્દ પ્રકાશનાર પૂ. ભાઈશ્રી :**

શ્રી સમયસારની અગિયાર ગાથા જેમ જૈનદર્શનનો પ્રાણ છે તેમ **'ખરેખર'** પરને જાણતો નથી તેમાં **'ખરેખર'** શબ્દ આગમ અને અધ્યાત્મના (મિલન) અભિસારનું અંગ છે અને સાથે સાથે જૈનદર્શનનો પ્રાણ છે. આમાં પ્રવચનસાર તેમજ સમયસારના સમન્વયની સમતુલા જળવાય છે. સાધક હો કે પછી સિદ્ધ પરમાત્મા કેમ ન હો ! તેમનાં જ્ઞાન પર્યાયમાં જે નિશ્ચય - વ્યવહાર છે તેની સિદ્ધિ આ **'ખરેખર'** શબ્દથી જ થાય છેને ?! આમ **'ખરેખર'** શબ્દ જિનાગમનો ઊંડો અને રહસ્યમયી પાયો છે, જેનાં ઉપર "જાણનાર જણાય છે"નું જિનાલય ખડું છે.

હવે પર જણાતું નથી તેમ ન કહેતાં **'ખરેખર** પર જણાતું નથી", આમાં **'ખરેખર'** શબ્દ શા માટે લગાડ્યો ? આ સૂત્રમાં **'ખરેખર'** શબ્દની ઉપયોગિતા શી છે ?!

"હું જાણનાર છું; કરનાર નથી.

જાણનારો જણાય છે; **ખરેખર** પર જણાતું નથી."

ઉપરોક્ત સૂત્રને સુવર્ણ અક્ષરે મઢવાનો ભાવ આત્માર્થી શ્રીયુત શાંતિભાઈ ઝવેરીને આવ્યો ત્યારે તેમણે તે સૂત્ર પૂ. ભાઈશ્રીનાં ફોટામાં ગોઠવી આપવા પેઈન્ટરને જણાવ્યું. ત્યાર પછી પેઈન્ટરે શાંતિભાઈને કહ્યું કે ફોટામાં આખું સૂત્ર બેસી જાય જો **'ખરેખર'** શબ્દને બાદ કરી નાખો તો ! આ રીતે (૧) હું જાણનાર છું (૨) હું કરનાર નથી. (૩) જાણનારો જણાય છે. (૪) પર જણાતું નથી. આ રીતે બંધ બેસી શકે છે.

ત્યાર બાદ શ્રીયુત શાંતિભાઈએ પૂ. "ભાઈશ્રી"ને ફોનમાં પૂછ્યું કે : ભાઈ ! **'ખરેખર'** શબ્દ ફોટામાં યથાર્થપણે ગોઠવાતો નથી તો તેને કાઢી નાખીએ ? ત્યારે પૂ. "ભાઈશ્રી" એ ઉત્તર આપ્યો કે : **'ખરેખર'** શબ્દ કોઈ પણ સંજોગોમાં નહીં નીકળે. તેમાં ઘણી જ ગૂઢતા અને મર્મજ્ઞતા રહેલી છે. જો તમો **'ખરેખર'** **શબ્દ કાઢી નાખશો તો પ્રતિભાસ વયો જશે તો પછી ભેદજ્ઞાનની કળા હાથ નહીં આવે. 'ખરેખર'** પર

જણાતું નથી તેમાં સકલ દોષનો પરિહાર થઈ આત્માનુભવ થાય છે. પરનો પ્રતિભાસ અનુભવમાં બાધક નથી, પરંતુ પરનાં પ્રતિભાસનું લક્ષ બાધક છે. આ રીતે ખરેખરનો ખરેખર અર્થ છે.

**જ્ઞાન 'ખરેખર' પરને નથી જાણતું તેમાં જ જૈનદર્શનનો અંદરનો નિશ્ચય - વ્યવહાર સિદ્ધ થઈ ગયો.** હવે જો જ્ઞાન પ્રતિભાસરૂપ જ્ઞેયાકાર ધર્મને પણ જાણતું ન હોય તો જ્ઞાનીનો વ્યવહાર ખોટો પડી જાય છે. જેમકે શ્રેણિક મહારાજા ૮૪ હજાર વર્ષ પછી તીર્થંકર થવાના છે તે કેવળજ્ઞાનમાં આવ્યું ને ? છે... તો આ વ્યવહાર !! પણ... આ વ્યવહાર પણ વ્યવહારપણે સાચો છે ખોટો નથી. **જો કોઈ આ વ્યવહારને ઉડાડશે તો પછી કેવળીનાં જ્ઞાનમાં જે આવ્યું તે ખોટું ઠરશે.**

શ્રી સમયસારજી ગાથા ૧૨માં પ્રતિભાસની સિદ્ધિ કરવા જણાયેલો પ્રયોજનવાન કહ્યું છે. આમ સિદ્ધ થાય છે કે **ખરેખર** શબ્દ પ્રતિભાસનાં સ્વરૂપને સિદ્ધ કરવા માટે છે. **વળી પ્રતિભાસમાં માત્ર પ્રતિભાસ જ સમજાવવો છે.** કારણ કે જે સાધક થયો તેને તે કાળે જણાયેલો પ્રયોજનવાન છે, જે સંસ્કૃતમાં "परिज्ञायमान; तदात्वे प्रयोजनवान" લખ્યું છે. આમ **'ખરેખર'** પર નથી જણાતું તેમાં જ પ્રતિભાસની અપૂર્વ સિદ્ધિ થઈ ગઈ.

આત્માર્થી જીવોને આવો પ્રશ્ન થઈ શકે છે કે તમે **'ખરેખર'** પર જણાતું નથી તે તમે કયા ન્યાયથી કહો છો ? તેનું લોજીક શું છે ?

(૧) **ન્યાય :** જ્ઞાન પરમાં તન્મય થતું નથી તે ન્યાયથી સિદ્ધ થાય છે કે જ્ઞાન **ખરેખર** પરને જાણતું નથી. જ્ઞાન જ્ઞાયકથી તાદાત્મ્યતા છોડતું જ નથી માટે જ્ઞાન જ્ઞાયકને જ જાણે છે. જ્ઞાન પર જ્ઞેયોમાં તદ્રુપ થતું નથી માટે **'ખરેખર'** પરને જાણતું નથી. આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન આત્માને જ જાણે છે અર્થાત જ્ઞાન તે આત્મા જ છે.

(૨) **ન્યાય :** વાસ્તવિકપણે તો બધાને જ્ઞાન જણાય છે. હવે પરની સન્મુખ થઈને જાણવાનો નિષેધ છે, પરંતુ જ્ઞાન સ્વચ્છતાનો નિષેધ નથી. આ વાત અપ્રચલિત છે. પરનું લક્ષ કરીને જાણે છે તેમાં બહિર્મુખતા છે, અને પર જ્ઞેયો માત્ર પ્રતિભાસે છે તેમાં તો જ્ઞાન જ્ઞેયોથી વ્યાવૃત થતાં જ જ્ઞાન અંતર્મુખાકાર પરિણમી જાય છે. તેથી પ્રતિભાસને મુખ્ય રાખીને પછી પરને જાણે છે... પર જણાય છે... તેવા જિનવાણીનાં કથનનો આશય સમ્યક્ પ્રકારે સમજાય છે. આ રહસ્ય ન સમજે તો જ્ઞાન બહિર્મુખ જ રહે છે.

(૩) **ન્યાય : 'ખરેખર'**માં પરનો પ્રતિભાસ રહી જાય છે અને સામાન્ય જ્ઞાયકભાવનું લક્ષ થઈ જાય છે. પરનો - લોકાલોકનો પ્રતિભાસતો સ્વચ્છતામાં રહી જાય છે પરંતુ પરનું લક્ષ છૂટી જાય છે. લક્ષ લોકાલોક ઉપર હોય તો અજ્ઞાન !! લક્ષ આત્માનું અને પ્રતિભાસ બેનો થાય છે. કેવળીની જેમ સાધકને પણ પ્રતિભાસ બેનો થાય છે અને લક્ષ એક જ્ઞાયકનું હોય છે. અજ્ઞાનીને પ્રગટ થતા ઉપયોગમાં પ્રતિભાસ બેનો છે પણ લક્ષ એકાંતે પરનું છે. આમ જીવમાત્રને પ્રતિભાસ બેનો હોવા છતાં તેનું લક્ષ ક્યાં છે ? પર ઉપર છે ? કે સ્વ ઉપર છે ? તેનાં ઉપર બંધમાર્ગ મોક્ષમાર્ગ નિર્ભર છે.

આમ **'ખરેખર'** પર નથી જણાતું તેમાં જિનાગમના જ્ઞાનસ્વભાવનું તેમજ જ્ઞાનસામર્થ્યનું સમસ્ત રહસ્ય પ્રકાશિત થયું. આગમની વાતનો સ્વીકાર અને આગળ વધતા તે પ્રતિભાસરૂપ, સ્વપર પ્રકાશક વ્યવહાર રૂપ પર્યાયને પણ જાણવાનો નિષેધ થતાં જ સ્વસન્મુખતાનો ઉત્પાદ થાય છે.

✳ 'જાણનાર જણાય છે' અને **ખરેખર** પર જણાતું નથી તેમ કહીને તો પરનો પ્રતિભાસ રાખ્યો છે અને પરનું લક્ષ છોડાવ્યું છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

✻ **'ખરેખર'** પર જણાતું નથી તેમાં કોઈ પર પદાર્થ હેયપણે કે સ્વજ્ઞેયપણે જણાતાં જ નથી.

✻ **'ખરેખર'** પર નથી જણાતું તેમાં પરના પ્રતિભાસનું પણ લક્ષ છૂટી જાય છે.

✻ પર પદાર્થ જ્ઞાનનું જ્ઞેય નથી માટે **'ખરેખર'** પરને જાણતો નથી.

✻ પર પદાર્થને જાણનારું જ્ઞાન નથી માટે **'ખરેખર'** પરને જાણતો નથી.

✻ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે માટે **'ખરેખર'** પરને જાણતો નથી.

✻ "જાણનાર જણાય છે" અને **'ખરેખર'** પર જણાતું નથી તેમાં તો સમયસાર અને તત્ત્વાર્થસૂત્ર બન્ને સમાય ગયા.

✻ **'ખરેખર'** પર જણાતું નથી તેમાં પરનો પ્રતિભાસ તિરોભૂત થઈ જાય છે અને "જાણનારો જણાય છે" તેમાં પર પ્રતિભાસરૂપ લક્ષનો પણ નિષેધ થઈ જાય છે અને જે પ્રતિભાસરૂપ જ્ઞાયક હતો તે આવિર્ભૂત થઈ જાય છે.

✻ **'ખરેખર'** પરને જાણતો નથી તેમાં પરનું લક્ષ નથી તો પરનો પ્રતિભાસ 'પ્રતિભાસ" કહેવાય છે. જો પરનું લક્ષ હોય તો તે પ્રતિભાસ 'પ્રતિભાસપણે' ક્યાં રહ્યો ? તે તો અજ્ઞાન થઈ ગયું.

✻ **'ખરેખર'** પર જણાતું નથી આમાં પરને જાણવાના પુરુષાર્થ વિના પર જણાઈ ગયું. કારણ કે સ્વચ્છતા એનો સ્વભાવ છે.

✻ પર પદાર્થ ભાવેન્દ્રિયનો વિષય હોવાથી **'ખરેખર'** પરને જાણતો નથી.

✻ **'ખરેખર'** એટલે કે સત્યાર્થપણે, સાચી રીતે વાત તો આટલી જ છે કે : **'ખરેખર'** પરને જાણતો નથી તો ઇન્દ્રિયજ્ઞાન બિડાઈ જાય છે અને અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે. ઇન્દ્રિયજ્ઞાનને જીતવાનો આ મંત્ર છે.

✻ જ્યાં **'ખરેખર'** પરને જાણતો નથી, નિષેધ કર્યો ત્યાં તો જ્ઞાનની પર્યાયનો નિશ્ચય પ્રગટ થતાં નિશ્ચય પૂર્વકનો વ્યવહાર પ્રગટ થયો.

✻ **'ખરેખર'** જ્ઞાની અજ્ઞાની કોઈને બાહ્ય પદાર્થો (ડાયરેક્ટ) સીધા જણાતાં જ નથી. કોઈ કાળે જણાતાં નથી. બધાને જણાય છે જ્ઞાન અને જ્ઞાયક.

✻ **'ખરેખર'** પર નથી જણાતું તેમાં પરનો પ્રતિભાસ રહી ગયો અને પર પ્રતિભાસનું પણ લક્ષ છૂટી ગયું અને સ્વનું લક્ષ થઈ ગયું આ કેવળ લક્ષરૂપ જ્ઞાનનું સ્વરૂપ છે.

✻ **'ખરેખર'** પર જણાતું નથી એટલે પ્રતિભાસ થાય છે તેને ઊડાડી ન શકાય. પ્રતિભાસ હોવા છતાં તેનું લક્ષ ફરી ગયું તો અનુભવ થઈ ગયો.

✻ જ્ઞાન સ્વભાવથી જ **'ખરેખર'** પરને જાણતું નથી તેમજ જ્ઞાનનો સ્વભાવ **'ખરેખર'** પરને જાણવાનો નથી આ વાત સ્વીકાર્યા વિના સમ્યક્‌દર્શન પ્રગટ થવાનું નથી.

✻ છ દ્રવ્ય જણાય છે તેમાં પૂ. ગુરુદેવશ્રીએ પણ પ્રતિભાસ રાખ્યો છે. પછી... **'ખરેખર'** છ દ્રવ્ય જણાતાં નથી, તેમાં પરજ્ઞેયનું લક્ષ છોડાવ્યું છે. પછી... છ દ્રવ્ય જણાય છે તેવી પર્યાય પણ જણાતી નથી, આમાં પર્યાયનું લક્ષ છોડાવ્યું છે. પછી... **'ખરેખર'** તો "જાણનાર જણાય છે." આમ જાણનારનું લક્ષ કરાવ્યું છે.

✻ પૂ. ગુરુદેવશ્રીનું સોનેરી વાક્ય નીકળ્યું ત્યાર પછી બાવીસ દિવસ બાદ તો તેમનો સ્વર્ગવાસ થયો. આત્મા **'ખરેખર'** પરને જાણતો નથી તો પછી પરને જાણવા ઉપયોગ મૂકવો તે વાત જ ક્યાં

રહી !? એટલે કે જો **'ખરેખર'** આત્મા પરને જાણતો હોત તો પર તરફ ઉપયોગ મૂકવાનો રહે !

આમ **'ખરેખર'** એક શબ્દમાં જિનાગમનો બાર અંગનો સાર ભરી દીધો છે. **'ખરેખર'** શબ્દમાં ઉત્કૃષ્ટ ભેદજ્ઞાન છુપાયેલું છે.

**'ખરેખર'** શબ્દ એક; તેમાં વિશ્વની સિદ્ધિ થઈ ગઈ... પછી વિશ્વની સન્મુખતાનો નિષેધ કર્યો અને પ્રતિભાસરૂપ સ્વચ્છતાનો સ્વીકાર થયો. પ્રમાણમાં લાવીને ફરી વિધિ-નિષેધ કરતાં જ્ઞાનની સ્વચ્છતા પણ જણાતી નથી... **"જાણનાર જણાય છે"** તેવી જ્ઞાન પર્યાય પણ જણાતી નથી... માત્ર જાણનાર જણાય છે; આમ જાણનારનું લક્ષ કરાવ્યું.

**(૪) જ્ઞાન જાણે છે અને જ્ઞાનમાં જણાય છે તે બન્નેનો તફાવત દર્શાવનાર પૂ. ભાઈશ્રી :**

'જાણે છે' અને 'જણાય છે' તે બન્ને શબ્દો ઉપર ઉપરથી જોતાં સમાનાર્થી લાગે છે પરંતુ તે બન્ને વચ્ચે બંધમાર્ગ અને મોક્ષમાર્ગનો તફાવત રહેલો છે.

'જાણે છે' તેની પરિભાષા : કે જેમાં તન્મય થાય તેને જાણે અને જેને તન્મય થઈને જાણે તેમાં આત્મબુદ્ધિ થયા વિના ન રહે. હવે ધ્રુવને જાણે છે તો તન્મય થઈને જાણે છે. જ્યારે ઉત્પાદ્ વ્યય તન્મયતા અર્થાત્ અહંમ્ વિના જણાઈ જાય છે. ધ્રુવને જાણવામાં પુરુષાર્થ છે. વ્યતિરેકો તો વિના પુરુષાર્થે જણાઈ જાય છે.

પુરુષાર્થ સિદ્ધિ ઉપાયની ૧૪ નંબરની ગાથામાં કહ્યું કે : જ્ઞાની અજ્ઞાનીના પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે. વળી જયસેન આચાર્ય ભગવાને શ્રી સમયસાર નિર્જરા અધિકારમાં ફરમાવ્યું કે **"દર્પણમેં આયે હુએ પ્રતિબિંબ કે સમાન"** જાણે છે. એટલે કે **"કાર્યમાં કારણનો ઉપચાર"** કરીને કહ્યું કે જ્ઞાન પરને જાણે છે. જાણે તો છે નૈમિત્તિકભૂત જ્ઞેયાકારને અને કથન કર્યું પરને જાણે છે. આ વાત શ્રી પ્રવચનસારજીમાં છે.

હવે અજ્ઞાનીને પણ પરને જાણવાની પ્રક્રિયા તો ઈનડાયરેક્ટ જ ભજે છે; પણ તેને જ્ઞાન સ્વભાવનો વિશ્વાસ નહીં હોવાથી પર પદાર્થની સન્મુખ અર્થાત્ પરનાં પ્રતિભાસનું લક્ષ કરી લ્યે છે.

હવે "જાણે છે" અને "જણાય છે" તે શબ્દોમાં કેવો મર્મ રહેલો છે તે જોઈએ.

| **"જાણે છે."** | **"જણાય છે."** |
|---|---|
| જ્ઞેયની સન્મુખતા | જ્ઞાનની સન્મુખતા |
| બહિર્મુખતા | અંતર્મુખતા |
| પરાશ્રયતા | સ્વાશ્રયતા |
| મિથ્યાત્વ | સમ્યકત્વ |
| પરસન્મુખતા | સ્વસન્મુખતા |
| બંધ માર્ગ | મુક્તિમાર્ગ |
| સંસાર ઊભો થાય છે | સંસારનો નાશ થાય છે. |
| પર્યાયદૃષ્ટિ | દ્રવ્યદૃષ્ટિ |
| ખંડ ખંડ ઈન્દ્રિયજ્ઞાન | અખંડમાં અહમ્ |
| મુખ્યપણે પર્યાય વાચક | મુખ્યપણે દ્રવ્યવાચક |
| સક્રિયપણું | નિષ્ક્રિયપણું |



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| સવિકલ્પતા | નિર્વિકલ્પતા |
| --- | --- |
| (પરિણમેતે) કર્તાપણું | અકર્તાપણું |
| ઇન્દ્રિયજ્ઞાનની પર્યાયનો સ્વીકાર | સહજ વસ્તુ સ્થિતિનો સ્વીકાર |
| વિનશ્વરતા | અવિનશ્વરતા |
| જાણે છે તો જ્ઞાનની બહાર વયો ગયો. | જણાય છે તો ઉપાદાનમાં આવી ગયો. |
| ધ્યાનતત્ત્વ છે | ધ્યેય તત્ત્વ છે |
| સ્વપર પ્રકાશકની મુખ્યતા | ઉપાદેયની મુખ્યતા |

આમ બન્નેનાં વાચ્યમાં ઉત્તર ધ્રુવ દક્ષિણ ધ્રુવ જેટલો તફાવત છે. **જે જાણે છે તે હું નથી પરંતુ જે જણાય છે તે હું છું.** શ્રુતજ્ઞાન પલટે છે પણ તેનો વિષય પલટતો નથી. જ્ઞેયો તો મુકુરવત્ જ્ઞાનમાં પ્રતિભાસે છે, તો પછી પદાર્થો જણાય છે ? કે : સ્વચ્છતા જણાય છે ? સ્વચ્છતા જ્યાં દેખાણી ત્યાં તો જ્ઞાન પરજ્ઞેયોથી પરાઙ્મુખ થઈ જાય છે. અને જ્ઞાયકોન્મુખી પરિણમન થઈ જાય છે.

પૂ. ગુરુદેવશ્રીએ શ્રી સમયસારની ૬ ઠ્ઠી ગાથાનાં પ્રવચનમાં ફરમાવ્યું છે કે "જણાય છે તે ચીજ જણાતી નથી પણ જાણનારો જણાય છે."

**(૫) જૈનદર્શનનો સાર સ્પષ્ટ કરનાર પૂ. ભાઈશ્રી :**

**"હું જાણનાર છું કરનાર નથી જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી."**

"હું જાણનાર છું" એટલે અનાદિ અનંત નિષ્ક્રિય જાણનાર છે. પરિણામ માત્રથી રહિત છે તેવો જાણનાર છે. કરનાર નથી એટલે પરિણમનાર નથી. આત્મા આત્મજ્ઞાનનો પણ કરનાર નથી. અર્થાત્ આત્માથી પણ આત્મજ્ઞાન થતું નથી. આત્મા કેવળ જાણનાર હોવાથી કરનાર નથી. આત્મા અકર્તા હોવાથી કરનાર નથી. અર્થાત્ અકર્તાને કર્મ ન હોય.

**"નિષ્ક્રિય શુદ્ધ પારિણામિક :"** હોવાથી કર્તા નથી. **'તદ્રૂપો ન ભવતિ'** માટે કર્તા નથી. કદાચિત્ કોઈ જાણનારને કરનાર માને તો પણ કરનાર થતો નથી. એ તો જાણનાર જ રહે છે. જેને પરિણામથી સહિત જ્ઞાયક દેખાય છે તેને નિયમથી કરનાર દેખાય છે. અમારે તો "હું જાણનાર છું." તે જ વાત કરવી છે.

હવે બીજું વાક્ય : **"જાણનારો જણાય છે."** તેમાં જાણનારને જાણું છું તેમ નથી લખ્યું. લખ્યું છે ? જાણનારો જણાય છે તેમ જાણીને કીધું ને ?! આત્મા જાણનાર છે અને જાણનાર જણાય છે તે જ વાત કરવી છે. આત્મા જાણે છે તે વાત જ કરવી નથી. આત્મજ્ઞાનમાં જો આત્મજ્ઞાન પણ ન જણાતું હોય તો પછી પરની તો વાત જ ક્યાં કરવી !! આત્મજ્ઞાનમાં તો **'હું જાણનાર છું'** તેમ જણાય છે તે જ આત્મજ્ઞાન છે.

પછી... **ખરેખર પર જણાતું નથી"** તેમ લખ્યું છે, પરને જાણતો નથી તેમ સ્ટીકરમાં નથી લખ્યું. જ્યાં પર જણાતું નથી તો પછી પરને જાણતો નથી તે વાત તો ઘણી સ્થૂળ થઈ ગઈ. સાધકને પોતાને જાણતાં પર જણાઈ જાય છે ને ! તે ચારિત્રનો દોષ છે. પર જણાય છે તેમાં કોઈ દિવસ 'હા' નહીં પાડતા હોં !!

પર જણાતું નથી એ સ્વરૂપાચરણ ચારિત્રની વિધિ છે. **પરને જાણે છે તે શ્રદ્ધાનો દોષ છે. પર જણાય જાય છે તે ચારિત્રનો દોષ છે. પરને જાણતો એ નથી અને પર જણાતું એ નથી તે ચારિત્રનો**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**ગુણ જ ગુણ છે.**

પોતાને જાણે છે અને પોતે જ જણાય છે. તેમાં શુદ્ધોપયોગ આવી જાય છે. પછી આગળ વધતાં શ્રેણી માંડે છે... આગળ વધતાં શુક્લધ્યાન આવે છે અને પછી ઝળહળ કેવળજ્ઞાનની જ્યોત પ્રગટી જાય છે.

પરને જાણું છું તેમાં કર્તાકર્મ દોષ ઉત્પન્ન થાય છે. કારણ કે જ્ઞાયક કર્મ ન થયું. અને પર જણાય છે તેમાં જ્ઞેય જ્ઞાયક સંકર દોષ ઉત્પન્ન થાય છે. કારણ કે જ્ઞાયક જ્ઞેય ન થયો. **હવે પરને જાણતો નથી તેમાં પરની સાથે જે ધ્યેયરૂપનો સંબંધ હતો તે તૂટી જાય છે અને પર જણાતું નથી તેમાં પરની સાથે જ્ઞેયપણાનો સંબંધ તૂટી જાય છે. આમ થતાં અંદર ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે. લ્યો !** આ સ્ટીકરમાંથી નીકળ્યું. 'ધ્યેયપૂર્વક જ્ઞેય' એક સમયમાં થાય છે. જ્ઞાયક જ ધ્યેય છે, જ્ઞાયક જ જ્ઞેય છે, ઈ... અભેદ છે હોં !! અપરિણામીને લક્ષપૂર્વક જાણે છે ત્યારે પરિણામી લક્ષ વિના જણાય જાય છે. પર તો જણાતું જ નથી. આમ "જાણનારો જ જણાય છે." જાણનારમાં જાણનાર સિવાય અંદર બીજું કાંઈ નથી તેથી બીજું કાંઈ જણાતું નથી. જો પરિણામને જાણવાનો સ્વભાવ હોય તો... પરિણામને જાણતાં જાણતાં કેવળજ્ઞાન થઈ જવું જોઈએ. અરે ! સમ્યક્‌દર્શને થતું નથી તો કેવળજ્ઞાન તો ક્યાંથી થાય ?!

જ્ઞાનશક્તિમયી છે માટે જાણનાર છે કરનાર નથી. જ્ઞેયશક્તિમયી છે માટે સ્વજ્ઞેય જણાય છે, પરજ્ઞેય જણાતું નથી. તું આ બે શક્તિનો વિચાર કર. જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય ભેદ નથી અભેદ પરિણમન છે. આમ જાણવાનો અને જણાવાનો બન્ને સ્વભાવ આત્માના જ છે. સ્વભાવનો કોઈ દિ' અભાવ થાય નહીં.

**(૬) તત્કાલ આત્મદર્શનની 'ના' શબ્દમાં વિધિ બતાવનાર પૂ. ભાઈશ્રી :**

સમ્યક્‌દર્શન થવામાં બાધક શું છે ? અનુભવ કેમ થતો નથી ? તો કહે છે : જ્ઞાન પર્યાયનો વ્યવહાર જે સ્વપરને જાણે છે તે સમ્યક્‌દર્શન થવામાં બાધક છે. જ્ઞાનનો સ્વભાવ પર પ્રકાશક તો નથી પરંતુ સ્વપર પ્રકાશક પણ નથી. **સ્વપર પ્રકાશકતા તો જ્ઞાનનું સામર્થ્ય છે. જ્યારે જ્ઞાનનો ઉપાદેય સ્વભાવ સ્વપ્રકાશક જ છે.**

જ્ઞાનનો લક્ષરૂપ સ્વભાવ જ્યારે અંતરંગમાં ભાસિત થાય છે; ત્યારે સમ્યક્‌એકાંતપૂર્વક સમ્યક્‌અનેકાંત પ્રગટ થાય છે. જ્ઞાન જ્ઞાયકને જ જાણે છે તે સમ્યક્‌એકાંત છે. અને જ્ઞાન જ્ઞાયકને જાણે છે અને પરને નથી જાણતું તે સમ્યક્‌અનેકાન્ત છે.

**પરમ ઉપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીનાં શ્રી સમયસારની ૬ ઠ્ઠી ગાથાનાં ૧૯મી વખતનાં પ્રવચનમાં જે જ્ઞાયકભાવ પુસ્તક છે; તેમાં પેજ નં. ૧૦/૧૧માં પ્રશ્ન છે કે : જાણનાર છે માટે પરને જાણે છે ને ? ઉત્તર : 'ના.' બીજો પ્રશ્ન છે પરંતુ તે જાણનાર છે ને ! માટે તે જાણનાર છે તેથી તેમાં બીજો પણ જણાય છે ને !? સમાધાન : " 'ના.' કેમકે જણાય છે તે પોતે જ છે."**

પૂ. ગુરુદેવશ્રીએ તેમ ન કહ્યું કે : જ્ઞાન વ્યવહારથી પરને જાણે છે ને... પર જણાય છે ? **'ના'** આ **'ના'**માં તો ભગવાન આત્મા ઉપાદેય થયો છે. આ **'ના'** કોઈ સાધારણ નથી. અસ્તિથી લઈએ તો "જાણનાર જણાય છે" તેવો વિશ્વાસ આવ્યા વિના પરને જાણવાનો નિષેધ આવતો નથી. અને નાસ્તિથી લઈએ તો પરને જાણવાનાં નિષેધ વિના ઉપયોગ અંતર્મુખ થતો નથી. અને ઉપયોગ અંતર્મુખ થયા વિના જાણનાર જાણવામાં આવતો નથી. બન્ને સ્વભાવો અવિનાભાવપણે અવિરોધ પૂર્વક સાથે રહે છે.

જ્યારે જ્ઞાની ધર્માત્મા, વિધિ-નિષેધથી વાત કહે છે ત્યાં તો લાયક શિષ્ય એટલી પ્રગાઢતાથી

ભારપૂર્વક; પરને જાણતો નથી "જાણનાર જણાય છે"; તે વિશેષમાં જણાઈ જાય છે. આમ પરને જાણવાનો નિષેધ કરવો તે વીર્યવાનનું કામ છે. પરને જાણું છું તે અજ્ઞાન છે. પરને જાણતો નથી તો જ્ઞાન છે.

આત્માનું લક્ષણ તો જ્ઞાન છે. પરંતુ હવે જ્ઞાન લક્ષણનું લક્ષણ શું છે ? પરને ન જાણવું અને જાણનારને જાણવું તે જ લક્ષણ છે. ધર્મ કરવો હોય ! સુખી થવું હોય ! તો પરને જાણવાનું બંધ કર. હું પરને જાણું છું તેવી માન્યતા જ "જાણનાર જણાય છે" તેવા વિચારનો જન્મ જ થવા દેતી નથી.

બધાને જાણનારો જણાય છે તેવી જ અનાદિ અનંત વ્યવસ્થા છે. પરંતુ કોઈ ધન્ય પળે ! અપૂર્વ વિશ્વાસ આવી જાય છે કે : "મને જાણનાર જ જાણવામાં આવે છે." આવો વિશ્વાસ કોને આવે ?

જે જીવનો સંસારનો કિનારો નિકટ આવી ગયો છે : તેને જ પરને જાણવાનો નિષેધ આવે છે, ત્યારે જાણનાર જણાઈ જાય છે. અત્યારે જાણનારને જાણવાનો સુવર્ણ અવસર આવી ગયો છે. સર્વ સમાગમ સહજમાં પ્રાપ્ત થઈ ગયો છે.

જ્યારે શ્રીગુરુની દેશના છૂટે છે કે હે ! ભવ્ય ! તું પરને જાણતો જ નથી; ત્યાં તો ભવ્ય ખુશી ખુશી થાય છે. અત્યંત હર્ષોલ્લાસપૂર્વક આનંદિત થાય છે. તેની કોઈ અદ્‌ભુત પાત્રતા જાગી જાય છે; જે પૂર્વે કદી જાગી ન હતી. જે જીવની કાળલબ્ધિ પાકી ગઈ છે, જેનો મોક્ષ જવાનો કાળ અતિ નિકટ આવી ગયો છે, જેનાં અનંત દુઃખોનો અંત આવી ગયો છે, તેવા જીવને તો આ વચનો અમૃત લાગે છે.

હે ! પ્રભુ ! આપના આ દિવ્ય વચન પરમ ઉપકારી પરમ હિતકારી છે. અગર આપે પરને જાણવાનો નિષેધ ન કરાવ્યો હોત તો ઉપયોગ અંત્તર્મુખ કેવી રીતે થાત ! **પરને જાણતો નથી તે નિષેધ રૂપ નિષેધ નથી પરંતુ વિધિ રૂપ નિષેધ છે.** પરને જાણવાના નિષેધમાં જ્ઞાયક સિવાય બધું જ પર છે.

**જિજ્ઞાસા** : જાણનાર છે માટે પરને જાણે છે ?

**સમાધાન** : **'ના.'** ન નિશ્ચયથી પરને જાણે છે, ન વ્યવહારથી પરને જાણે છે. અનંત બળપૂર્વક; પૂરી શક્તિથી સર્વાંગ પ્રદેશેથી જ્યાં પરને જાણવાનો નિષેધ કર્યો ત્યાં તત્‌ક્ષણ ચિદાનંદ જાણનાર આત્મા આનંદપૂર્વક જાણવામાં આવી જાય છે. તું અંજન ચોરની જેમ નિઃશંક થઈ જા ! તને અકૃત્રિમ નિજ ચૈતન્ય પ્રભુના દર્શન થશે !! તત્‌ક્ષણ પ્રભુના દર્શન થશે જ.

આ એક **'ના'**માં તો જ્ઞાનાનંદ અનુભૂતિની છોળો ઉછળે છે. સ્વરૂપાનંદની ઊર્મિઓ નાચે છે. આ **'ના'** છે તે તો મોક્ષમાર્ગ છે. **'ના'** કહીને તો આનંદ પ્રગટ કરવાની, આત્માનો અનુભવ પ્રગટ કરવાની અપૂર્વ વિધિ બતાવી છે. તારે ચૈતન્ય તત્ત્વનો અનુભવ કરવો હોય તો એક કામ કર. બીજું કોઈ કામ ન કર. તું ચોવીસે કલાક પરને જાણવાનો નિષેધ કર ! પરને જાણતો જ નથી તો તારા જ્ઞાનમાં તત્‌કાલ જાણનાર જાણવામાં આવી જશે. જ્યાં પરને જાણવાનું બંધ કર્યું ત્યાં સહજ સમ્યક્‌દર્શન થઈ જશે. **'ના'**માં તો કેટલી ખુમારી ભરી છે. આ **'ના'**માં તો કેટલી સ્વરૂપની મસ્તી ભરી છે. આ **'ના'** છે તે આનંદકારી છે. નિશ્ચય હોય તે આનંદકારી જ હોય છે ? આ **'ના'**માં તો કેટલું કેટલું ભર્યું છે. ઉત્તમથી ઉત્તમ વાત બહાર આવી ગઈ છે. **આ 'ના' છે તે વિવાદ કરનાર નથી. સમાધાનકારી છે.** તું પરને જાણવાનું બંધ કરીશ તો સર્વ સમાધાન થઈ જશે. કારણ કે તેનાં ફળમાં જ્ઞાન પ્રગટી જશે. અને જ્ઞાન સ્વભાવ તો સર્વ સમાધાનકારી જ હોય ને ?! આ **'ના'** કોઈ સાધારણ નથી. આ **'ના'**માં તો કેટલો મર્મ ભર્યો છે. આનંદનું રહસ્ય છુપાયેલું છે. આ **'ના'**માં તો દુઃખ દૂર થવાનો ઉપાય રહેલો છે. જેમને જેમને "જાણનાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

જણાય છે'' તેમણે તેમણે પરને જાણવાનો નિષેધ કર્યો જ છે.

જ્ઞાનીઓ આટલું બધું નાસ્તિ ઉપર વજન આપે છે તેનાં ઉપર શાંતિથી વિચારતો ખરો ! નાસ્તિમાં અજ્ઞાની પ્રાણીનું વલણ અહમ્ વર્તે છે માટે નાસ્તિથી સમજાવે છે. પરને નથી જાણતો તેવા સ્વભાવ તરફથી જ્ઞાનનો - જ્ઞાયકનો પરિચય કરાવે છે. પૂ. ગુરુદેવશ્રીની **'ના'** વિચારવા યોગ્ય છે. તેમાં અખૂટ. અતૂટ નિધિ સમાયેલી છે. જેને **'ના'** સમજમાં આવે છે તેને જ ત્યાર પછીની આગળની લાઇન સમજમાં આવે છે. પરને જાણતો નથી તે વિકલ્પ નથી પરંતુ હકીકત છે. એટલે પરને જાણવાનો નિષેધ અને સ્વને જાણવાની વિધિ વચ્ચે કોઈ જ સમય ભેદ નથી. આ **'ના'**માં તો સ્વરૂપની પ્રસિદ્ધિ છે. **'ના'** કહીને તો પરમાર્થ જીવના જીવત્વને દર્શાવ્યું છે.

પહેલાં પરને જાણતો હતો અને હવે પરને જાણવાનું છોડું છું તેમ નથી. ધ્યાન રાખજો ! આમાં માર્મિક વાત છે. જેમ અકારકને અવેદક ત્રિકાળ સ્વભાવ છે. જેમ જાણનાર છું ને કરનાર નથી તે ત્રિકાળ સ્વભાવ છે. ''તેમ જાણનાર જણાય છે ને ખરેખર પર જણાતું નથી'' તે પણ ત્રિકાળ સ્વભાવ છે. એક દ્રવ્યનો ત્રિકાળ સ્વભાવ છે. બીજો પર્યાયનો ત્રિકાળ સ્વભાવ છે. જેમ તત્વાર્થ સૂત્રની મહિમા આવે છે તેમ આ સ્વરૂપ સમજશે તેને આ સૂત્રની મહિમા આવશે. કારણ કે આ દ્રવ્યાનુયોગનો નિચોડ છે.

હું જાણનાર છું અને ''જાણનારો જણાય છે.'' હે ! જગતનાં જીવો ! આ સ્વાભાવિક વસ્તુ સ્થિતિને સ્વભાવથી સ્વીકારો અને આનંદિત થાઓ.

**''જાણનાર જણાય છે ને ખરેખર પર નથી જણાતું...''**
**તે મંત્રોનો મહામંત્ર આપનાર;**
**સર્વોપરી મંત્રનો સાર બતાવનાર;**
**અમોઘ મંત્રની અમૂલ્યતા દર્શાવનાર;**

**અમૃતબિંદુઓની અમૃત વર્ષા વરસાવનાર,**
**અમૃતબોધિપ્રાપ્ત પૂ. 'ભાઈશ્રી'**
**લાલચંદભાઈ જયવંત વર્તો... જયવંત વર્તો.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# અસ્તિનાસ્તિ ભેદજ્ઞાન દ્વાર

જિનાગમમાં અનેક પ્રસંગોમાં તેમજ યથા સ્થાને નયોની સુંદર ચર્ચા વિશદ્ જોવા મળે છે[1] ૪૭ નયોમાં પણ અસ્તિત્વ નાસ્તિત્વ સંબંધી ચર્ચા આવી ગઈ છે[2] તેમજ પરિશિષ્ટમાં અસ્તિનાસ્તિ આદિ ૧૪ ભંગનું વર્ણન છે. હવે તે જ અસ્તિત્વ નાસ્તિત્વ નય સંબંધી વિશેષ જાણકારી દેવી અતિ આવશ્યક હોવાથી આ અનેકાંતને જ્ઞાનીઓ વિશિષ્ટતાથી વિશેષ ચર્ચે છે.

જિનાગમમાં સપ્તભંગી બે પ્રકારે જોવા મળે છે. (૧) પ્રમાણરૂપ સપ્તભંગી, (૨) નયરૂપ સપ્તભંગી. હવે અહીંઆ પ્રમાણરૂપ સપ્તભંગી પણ બે પ્રકારે કહેશે. (૧) દ્રવ્યનાં પ્રમાણરૂપ સપ્તભંગી અને (૨) પર્યાયનાં પ્રમાણરૂપ સપ્તભંગી. આ બન્ને પ્રમાણમાંથી નય સપ્તભંગી વડે અંદરમાં ને અંદરમાં કેવી રીતે ભેદજ્ઞાન કરાવે છે તે આગળ જોઈશું.

પ્રમાણરૂપ સપ્તભંગી વસ્તુમાંના વસ્તુના વ્યાપકપણાને દર્શાવે છે. અર્થાત્ સામાન્ય વિશેષપણાને બતાવે છે. આમ પ્રમાણ સપ્તભંગી સંગ્રહ કરે છે. પદાર્થની સિદ્ધિ કરે છે. તેમજ વસ્તુ-વ્યવસ્થાની સિદ્ધિ કરે છે. અને નય સપ્તભંગી વસ્તુના એક પક્ષને જ બતાવે છે. તે પ્રયોજનની સિધ્ધિ કરાવે છે.

અસ્તિનાસ્તિ ભંગ સાત જ શા માટે ? જિજ્ઞાસા કયા સાત પ્રકારે છે ? તેનું નિરાકરણ કયા સાત પ્રકારે છે ? વગેરે વિષયવસ્તુ સંબંધી વિસ્તૃત જાણકારી... પરમ ભાવ પ્રકાશક નયચક્ર; જૈન સિદ્ધાંત કોષ; આપ્ત મીમાંસા; સ્યાદ્‌વાદ મંજરી, તત્વાર્થ રાજવાર્તિક; સપ્તભંગી તરંગિણી; સિદ્ધાંત પ્રવેશિકા આદિ ગ્રંથોમાંથી મેળવવી. અહીંઆ તો પ્રમાણરૂપ અસ્તિનાસ્તિ અનેકાંત અને નયરૂપ અસ્તિનાસ્તિ અનેકાંતની ભેદજ્ઞાનમાં કેવી રીતે ઉપયોગિતા છે તે વિષય ઉપર ભેદજ્ઞાનને મૂળમાંથી સમ્યક્ પ્રકારે અવલોકવામાં આવે છે.

જેટલા આત્માઓ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી જ થયા છે, અને ભેદજ્ઞાનનું કારણ અસ્તિનાસ્તિ અનેકાંત છે. અસ્તિનાસ્તિના આધાર વિના ભેદજ્ઞાન થઈ શકતું નથી. આમ અસ્તિનાસ્તિ અનેકાંત ભેદજ્ઞાનનું મૂળ છે. તેમજ ભેદજ્ઞાનને જ સિદ્ધદશાનું કારણ કહ્યું છે. તદ્‌ઉપરાંત દર્શનસંશુદ્ધિ અને જ્ઞાનની નિર્મળ શુદ્ધિ માટે ભેદજ્ઞાનપરક અસ્તિનાસ્તિ અનેકાંત અમૃત છે.

આ વાતની ઉત્કૃષ્ટ સિદ્ધિ શ્રી કુંદકુંદાચાર્ય દેવ કરે છે. "[3]**છે અસ્તિ, નાસ્તિ, ઉભય તેમજ અવાચ્ય આદિક ભંગ જે**"; આ ગાથાની ટીકા કરતાં અમૃતચંદ્રસૂરિ કહે છે કે : "[4]**अत्र सर्वथात्वनिषेधकोऽनेकान्त-द्योतक: कथंचिदर्थे स्याच्छब्दोनिपात: ॥**" સ્યાત્ શબ્દ સર્વથાપણાનો અર્થાત્ મિથ્યા એકાંતપણાનો નિષેધક છે, તેમજ સમ્યક્ અનેકાંતનો દ્યોતક છે. આમ અસ્તિનાસ્તિ અનેકાંત તો જૈન ધર્મનું કૌશલ્ય છે. તેનાથી જગતની કોઈપણ વસ્તુનું સ્વરૂપ નક્કી થઈ જાય છે. શ્રી ગણધરદેવ બાર અંગ અને ચૌદ પૂર્વની રચના

૧. પ્રવચનસાર ગાથા - ૧૭૨

૨. શ્રી સ. સાર પરિશિષ્ટનાં કળશ નં. ૨૪૮/૨૬૨

૩. શ્રી પંચાસ્તિકાયની ગાથા ૧૪ ગાથા

૪. શ્રી પંચાસ્તિકાય ગાથા-૧૪ની ટીકામાંથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

કરે છે; તેમાં અસ્તિનાસ્તિ પ્રવાદની રચના પણ રચે છે.

**આ અસ્તિનાસ્તિ સ્યાદ્‌વાદ વસ્તુના પૂર્ણ સ્વરૂપને પૂર્ણપણે પ્રસિદ્ધ કરે છે. "[1]स्याद्वादो हि समस्तवस्तुतत्व साधकमेकमस्खलितं शासनमर्हत्सर्वज्ञस्य । स तु सर्वमनेकान्तात्मकमित्यनुशास्ति, सर्वस्यापि वस्तुनोऽनेकान्त स्वभावत्वात् ।"**

"સ્યાદ્‌વાદ સમસ્ત વસ્તુઓમાં સ્વરૂપને સાધનારું, અરહંત સર્વજ્ઞનું એક અસ્ખલિત શાસન છે. નિર્બાધ શાસન છે. તે (સ્યાદ્‌વાદ) 'બધું અનેકાંતાત્મક છે' એમ ઉપદેશ છે. કારણ કે સમસ્ત વસ્તુઓ અનેકાંત સ્વભાવવાળી છે.

**(૧) "[2]સ્વરૂપે સત્તા પરરૂપે અસત્તા તેવા બે ધર્મો વડે એક પદાર્થનો નિર્ણય થાય છે."**

જે વસ્તુ તત્ છે તે જ અતત્ છે. જે એક છે તે જ વસ્તુ અનેક છે. આ પ્રકારે વસ્તુમાં વસ્તુત્વની ઉત્પાદ્‌ક પરસ્પર બે વિરુદ્ધ શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. આમ પરસ્પર બે વિરોધી ધર્મ એક વસ્તુને સિદ્ધ કરે છે. જો એક ધર્મ બીજા ધર્મનો નિષેધ કરે તો વસ્તુ જ અનંત ધર્માત્મક સિદ્ધ ન થાય. અસ્તિનાસ્તિ ધર્મ એ બન્ને પરસ્પર વિરુદ્ધ હોવા છતાં વસ્તુમાં બન્ને યુગપદ એકસાથે અવિરુદ્ધ રહેલા છે. માટે વસ્તુ પોતે જ અનેકાન્ત સ્વભાવવાળી છે.

તર્ક શિરોમણી શ્રી સમંતભદ્ર આચાર્યે કહ્યું છે કે : "[3]**अनेकान्तोऽप्नेकान्तः प्रमाण नय साधनः** " અનેકાંતની સિદ્ધિ માત્ર પ્રમાણથી થાય છે તેમ નથી, પરંતુ અનેકાંતની સિદ્ધિ પણ બે પ્રકારે થાય છે. (૧) પ્રમાણ અને (૨) નયથી થાય છે. જૈનદર્શનમાં કુલ ત્રણ પ્રકારનાં અનેકાંત જોવા મળે છે.

- **પ્રમાણરૂપ અસ્તિ નાસ્તિ અનેકાંત.**
- **નયરૂપ અસ્તિ નાસ્તિ અનેકાંત.**
- **(અધ્યાત્મ) પ્રમાણરૂપ અસ્તિ નાસ્તિ અનેકાંત તે ફળરૂપ છે.**

પ્રમાણરૂપ અનેકાન્ત દ્રવ્ય પર્યાયરૂપ સત્તામાં લાવે છે, અને નયરૂપ અનેકાન્ત પ્રયોજનની સિદ્ધિ કરાવે છે. ખરેખર પ્રયોજનભૂત સાચું અસ્તિનાસ્તિ અનેકાંત દ્રવ્ય અને પર્યાય વચ્ચે હોય છે.

**(૨) દષ્ટાંતમાં પ્રમાણરૂપ અસ્તિનાસ્તિ અનેકાંતનું સ્વરૂપ :**

એક વ્યક્તિને મોસંબી જોઈએ છીએ. તે ફળવાળાની દુકાને ગયો. ત્યાં વિધ વિધ પ્રકારનાં છ ફ્રુટ છે. અનાનસ છે, કેરી છે, સીતાફળ છે, દાડમ છે, ચીકુ છે અને મોસંબી છે. પેલા માણસે ફ્રુટવાળાને કહ્યું ! મને મોસંબી જોઈએ છે. તેથી મને એક મોસંબી આપો. આમ મોસંબીમાં બીજા પાંચ ફ્રુટની નાસ્તિ થઈ ગઈ. પરંતુ એક મોસંબી લેતાં બીજી મોસંબીની પણ નાસ્તિ થઈ ગઈ.

**(૩) સિદ્ધાંતમાં પ્રમાણરૂપ અસ્તિ - નાસ્તિ અનેકાંત :**

તેમ આ જગતમાં અનંતા દ્રવ્યો છે. તેમાં એક એક દ્રવ્યની પોતાપણે અસ્તિ છે, તેમજ બીજા અનંતા દ્રવ્યોપણે નાસ્તિ છે. આમ થતાં પોતાનું જીવ દ્રવ્ય જુદું પડી ગયું. આમ દ્રવ્યોમાં અનંત સપ્તભંગી

---

૧. શ્રી સમયસાર પરિશિષ્ટ

૨. શ્રી સિદ્ધાંત પ્રવેશિકા

૩. સ્વયંભૂસ્તોત્ર શ્લોક નં. ૧૦૩



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સમજવી. "પ્રમાણની બહાર જવું નહીં...!" અર્થાત્ 'ગુણ પર્યાયવત્ દ્રવ્યમ્'માં આવી ગયો. વસ્તુ સ્વપણે છે ને પરપણે નથી. પ્રમાણરૂપ અસ્તિનાસ્તિ અનેકાન્તની ચાવી હાથ લાગતાં સામાન્ય સ્વ ચતુષ્ઠયમાં એટલે પ્રમાણની સત્તામાં આવ્યો ત્યારે તો હજુ પ્રમાણની સિદ્ધિ થાય છે. **"[1]न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि:"** આમ દરેક દ્રવ્ય પોતાથી અસ્તિરૂપ છે પરથી નાસ્તિ રૂપ છે. આ અસ્તિનાસ્તિ અનેકાંત પરથી પૃથક બતાવી વસ્તુ વ્યવસ્થામાં લાવે છે. આમ પ્રમાણ પરથી ભિન્ન પાડવા માટે છે. પ્રમાણ પણ પ્રમાણમાં અટકવા માટે નથી.

**(૪) દૃષ્ટાંત દ્વારા નયરૂપ અસ્તિનાસ્તિ અનેકાંત :**

હવે **"પ્રમાણમાં અટકવું નહીં તે ન્યાયે..."** તે મોસંબીમાં જ ભેદજ્ઞાન કરવાનું છે. જેમ આખી શેરડી પશુ ખાય, મનુષ્ય નહીં. મનુષ્ય તો માત્ર રસ ચૂસે છે. તેમ કોઈ આખી મોસંબી ખાય તો તે વિવેકી નથી પરંતુ પશુ છે, અને તેને આખે આખી રાખી મૂકે તો રસ પણ સુકાઈ જાય છે.

આખી મોસંબી ન હેય છે તેમ ન ઉપાદેય છે. માત્ર તે જ્ઞેય છે. તેથી આ મોસંબીમાં હવે ભેદજ્ઞાનનો પ્રયોગ કરે છે. મોસંબીમાંથી રસ કાઢે છે અને છાલ છોતરાં ફેંકી દે છે. કારણ કે બે રૂપિયા રસના આપ્યા છે. અને આ રસ ગ્રહણ કરવા યોગ્ય 'પેય' છે.

**(૫) સિદ્ધાંતમાં નયરૂપ અસ્તિનાસ્તિ અનેકાંત :**

આ અસ્તિનાસ્તિ અનેકાંત ભેદજ્ઞાન પરક હોવાથી અમૃત છે. જો આમાંથી ભેદજ્ઞાનને છોડે તો તે ઝેર થઈ જાય છે. અર્થાત્ પ્રમાણનો પક્ષ થાય છે. જેમ આખી શેરડી પશુ ખાય છે મનુષ્ય નહીં, તેમ પ્રમાણરૂપ દ્રવ્યને ઉપાદેય માને તે પશુ છે. નયરૂપ અનેકાંતથી પ્રયોજનની સિદ્ધિ થતી હોવાથી તે પરમામૃત છે. "ઉત્પાદ્ વ્યય ધ્રૌવ્ય યુક્તમ્ સત્" તેવો આત્મા છે તે હેય પણ નથી તેમ ઉપાદેય પણ નથી માત્ર જ્ઞેય છે. બહારનાં પદાર્થોમાં હેય ઉપાદેય ન હોય. પ્રમાણની અંદર જ હેય ઉપાદેય હોય.

જો પરિણામી દ્રવ્યને ઉપાદેય કરે તો મિથ્યાત્વ સહિતનું જીવ દ્રવ્ય ઉપાદેય થઈ જાય છે. અર્થાત્ હેય તત્ત્વ પણ ઉપાદેય થઈ ગયું. અને આ પ્રમાણરૂપ આખા દ્રવ્યને હેય કરે તો તેમાં એક ઉપાદેય તત્ત્વ છે તે જીવતત્ત્વ પણ હેય થઈ જાય છે. માટે ખાસ ધ્યાન ખેંચવા લાયક વાત આ છે કે : **"નય વિભાગની યુક્તિથી વસ્તુમાં ટુકડા થાય છે."** દ્રવ્ય પર્યાય સ્વરૂપ વસ્તુમાં ભેદજ્ઞાનની કાતર લગાવે છે. કપડાંને ઝભ્ભા માટે કાપવું પડે છે તે વાત છે. તેમ સામાન્ય વિશેષાત્મક પદાર્થમાંથી જ ઉપાદેય તત્ત્વને કાઢે તે કુશળ છે. જેમકે [2]સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવની અસ્તિ છે, અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવની નાસ્તિ છે. આમાં દૃષ્ટિનો વિષય આપ્યો. હવે નય વિભાગથી કેવી રીતે એક વસ્તુમાં કટકા થાય છે તે જોઈએ.

હું ધ્રુવરૂપ છું ને ઉત્પાદ્ વ્યયરૂપ નથી.

હું અકર્તા છું ને કર્તા નથી. હું નિષ્ક્રિય છું ને સક્રિય નથી.

હું જ્ઞાનમય છું ને રાગમય નથી. હું અપરિણામી છું ને પરિણામી નથી.

---

૧. શ્રી સ. સાર આત્મખ્યાતિ ટીકામાંથી ૨૭૧ કળશ પહેલાં

૨. શ્રી કલશ ટીકા ૨૫૨ કલશ

હું સામાન્ય છું ને વિશેષરૂપ નથી. હું અભેદ છું ને ભેદરૂપ નથી.

હું જાણનાર છું ને કરનાર નથી. હું જ્ઞાયકભાવ છું ને અપ્રમત્ત પ્રમત્ત નથી. આમ વસ્તુ વ્યવસ્થામાંથી જ હેય - ઉપાદેય થતાં ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય દૃષ્ટિમાં ઉપાદેય થાય છે. તેથી નાસ્તિ અસ્તિનું વાચ્ય છે.

જેમ કે અમારે જ્ઞાનની વાત કરવી છે તો તેમાં આવી જ ગયું કે અમારે અજ્ઞાનની વાત કરવી જ નથી. ભગવાન આત્માનું શ્રદ્ધાન કરવાનું છે, ત્યાં આત્માની શ્રદ્ધા સિવાય અન્યની શ્રદ્ધા નથી કરવી તેમ અસ્તિ નાસ્તિ સાથે જ આવે છે. કેમકે જ્યાં અસ્તિ હોય છે ત્યાં નાસ્તિ પણ હોય જ છે. નાસ્તિ નાસ્તિરૂપથી નથી હોતી. અસ્તિ તો અસ્તિ રૂપથી હોય છે. પરંતુ નાસ્તિ પણ અસ્તિ રૂપે હોય છે. આવા અસ્તિનાસ્તિ અનેકાન્તનું ફળ સ્વાનુભવ છે. આમાં જીવથી જીવનું ભેદજ્ઞાન થયું.

**(૬) અધ્યાત્મ પ્રમાણરૂપ અસ્તિનાસ્તિ અનેકાંતનું સ્વરૂપ :**

કપડું કાપ્યું અને પછી દરજીએ એવું સાંધ્યું કે સાંધ દેખાય નહીં. તેમ 'ગુણપર્યાયવત્ દ્રવ્યમ્'માં ભેદજ્ઞાનની કાતર લગાવતાં.... મિથ્યાત્વનાં પરિણામ, રાગા'દિ પરિણામની ઉત્પત્તિ જ ન થઈ. ઉપાદેય સામાન્ય જ્ઞાયક જ્યાં શ્રદ્ધામાં આવ્યો ત્યાં તો દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થતાં જ જેવું સામાન્ય તેવું વિશેષ... એ જ જાતિનાં પરિણામ પ્રગટ થયા. અભેદ જ્ઞેય પ્રગટ થયું.

આત્મા અનંત ધર્માત્મક છે. અનંતધર્મોનું જ્ઞાન જ્યાં સુધી ક્રમ ક્રમથી થતું હતું ત્યાં સુધી નય પક્ષ છે. પરંતુ જે સમયે દ્રવ્યની દૃષ્ટિ થઈ તે જ સમયે અનંત ધર્માત્મક વસ્તુ... પદાર્થ; એક સમયમાં સમ્યક્જ્ઞાનમાં લક્ષ વિના જણાય જાય છે. ત્યારે અભેદનય કહો કે તેને જ્ઞાનપ્રધાન નિશ્ચયનય કહો તે દૃષ્ટિપ્રધાન નિશ્ચયનયના સમયે જ પ્રગટ થાય છે. એકાંતમાં તો આવ્યો પરંતુ એકાંત થયું નહીં. પરંતુ સમ્યક્એકાંત પૂર્વક સમ્યક્અનેકાંત થઈ ગયું. સામાન્ય વિશેષાત્મક આખો આત્મા જ્ઞાનમાં જ્ઞેય થયો. એકલું સામાન્ય દ્રવ્ય ધ્યેય થાય પણ તેટલું જ્ઞેય ન થાય. તેમ એકલી પર્યાય પણ જ્ઞેય ન થાય. આખો અંશી જ્ઞેય થયો. તેથી જ્ઞેય સંધાયેલું જ હોય. જ્ઞેય નિર્મળ પર્યાયથી સહિત જ હોય. 'યુક્તમ' શબ્દમાં મર્મ છે. "ઉત્પાદ્ વ્યય ધ્રૌવ્ય યુક્તમ્ સત્" આમ 'ધ્યેયપૂર્વક જ્ઞેય' થાય જ છે. આ સમ્યક્અનેકાંત તે સમ્યક્એકાંતનું ફળ છે. આ ત્રીજા પ્રકારનું અસ્તિનાસ્તિ અનેકાંત થયું. **આ નયપૂર્વક પ્રમાણરૂપ અસ્તિનાસ્તિ અનેકાંત થયું.**

**(૭) શ્રી અસ્તિ નાસ્તિથી અનંતતાની સિદ્ધિ :**

દરેક દ્રવ્યની અંદર અસ્તિનાસ્તિ અનેકાંતનું સ્વરૂપ વિદ્યમાન છે.

✳ ગુણ ગુણપણે છે પણ તે ગુણીપણે નથી તેવું અસ્તિનાસ્તિ અનેકાંત છે.

✳ દ્રવ્યમાં અનંતા ગુણો છે; જેવા કે... જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે અનંતગુણો છે. તેમાં એક એક ગુણ પોતાપણે છે અને બીજા અનંત ગુણોપણે નથી. આમ અનંતે અનંત ગુણોમાં અસ્તિ નાસ્તિ અનેકાન્ત રહેલું છે.

✳ એક એક ગુણમાં અનંતી પર્યાયો છે. તેમાં એક એક પર્યાય પોતાપણે છે અને આગળ-પાછળની બીજી પર્યાયોપણે નથી. આમ અનંતી પર્યાયોમાં પણ અસ્તિનાસ્તિ અનેકાંત સમજવું.

✳ હવે તેનાથી આગળ એક એક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ રહેલા છે; તેમાંનો દરેક



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અંશ પોતાપણે છે અને બીજા અંશોપણે નથી. આમ છેક અંદરમાં ને અંદરમાં... મૂળ સુધી અસ્તિનાસ્તિ અનેકાન્તનું સ્વરૂપ વિદ્યમાન છે.

**(૮) શ્રી પરમાગમમાંથી અસ્તિનાસ્તિનાં મુખ્ય અવતરણો :**

✳ સમગ્ર જિનવાણીમાં અસ્તિનાસ્તિ અનેકાંતની મુખ્યતાથી કથનો જોવા મળે છે. વળી જિનેશ્વર દેવના માર્ગનો ક્રમ પણ તેવો છે કે નાસ્તિપૂર્વક જ અસ્તિ હોય છે. **નિષેધમાં પાત્રતા વિધિમાં અનુભવ થાય છે.** એક જ વાક્ય યા તો ગાથામાં હજુ નાસ્તિનાં લખાણની શાહી સુકાણી નથી ત્યાં જ આચાર્યદેવ અસ્તિથી સ્વરૂપ બતાવે છે. આમ પરસ્પર બન્ને વિરોધી લાગતા ધર્મો દ્વારા કેવળ એક શુદ્ધાત્મા પ્રસિદ્ધ થાય છે.

✳ શ્રી સમયસારશાસ્ત્રજીની શરૂઆત ૬ ઠ્ઠી ગાથાથી થઈ અને છઠ્ઠી ગાથાની શરૂઆત નાસ્તિથી થઈ. "[૧]નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી. જે એક જ્ઞાયકભાવ છે", અપ્રમતદશાનો જ્યાં નિષેધ કર્યો ત્યાં તો શુદ્ધોપયોગમાં જામી ગયા. આમ ફરી નાસ્તિપૂર્વક અસ્તિ થઈ.

✳ "[૨]ચારિત્ર નહીં, દર્શન નહીં, નહીં જ્ઞાન જ્ઞાયક શુદ્ધ છે." જ્યાં ભેદનો નિષેધ કર્યો ત્યાં નિર્ભેદ અભેદમાં આવી ગયા. આમ નાસ્તિપૂર્વક અસ્તિ.

✳ શ્રી સમયસારનાં જીવ અધિકાર કરતાં અજીવ અધિકાર ઊંચો કીધો. કારણ કે નાસ્તિમાં અહમ્ કર્યું છે તેથી ભેદજ્ઞાન માટે ઊંચો કહ્યો છે. "[૩]વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો તે સઘળાય પુદ્દગલ દ્રવ્યના ભાવો હોવાથી આત્માની અનુભૂતિથી ભિન્ન છે.

✳ શ્રી નિયમસારજીનો શુદ્ધભાવ અધિકાર. અધિકારનું નામ છે અસ્તિ પરક અને તેનું વર્ણન નાસ્તિથી કર્યું. શ્રી સમયસારનો અજીવ અધિકાર નિયમસારના શુદ્ધભાવ અધિકાર જેવો છે. શુદ્ધભાવ અધિકારની શરૂઆત નાસ્તિથી થઈ. "[૪]છે બાહ્ય તત્ત્વ જીવાદિ સર્વે હેય આત્મા ગ્રાહ્ય છે"; **આ હેય અને ઉપાદેય તત્ત્વનાં સ્વરૂપનું કથન છે.** આમાં પણ પહેલાં 'હેય' શબ્દ છે પછી ઉપાદેય શબ્દ છે. આ ક્રમમાં પણ નયપૂર્વક પ્રમાણજ્ઞાન થાય છે તે રહસ્ય સમાયેલું છે.

✳ વળી શ્રી નિયમસારમાં કહ્યું કે [૫]સમસ્ત જીવરાશિ (દ્રવ્યાર્થિક નયે) પર્યાયથી સર્વથા વ્યતિરિક્ત છે. આમ નાસ્તિ ધર્મના કારણે જ આત્મા પર્યાયોના અભાવ સ્વભાવે રહેલો છે.

✳ શ્રી પરમાર્થ પ્રતિક્રમણ કેમ થાય ?! તો કહે છે... "[૬]હું માર્ગણાસ્થાન, ગુણસ્થાન, કે જીવસ્થાનો નથી. તેમનો હું કર્તા નથી, કારયિતા નથી, અનુમોદક નથી, તેમજ કર્તાનું કારણ નથી."

ભાવિ તિર્થાધિનાથ આ લખે છે. હવે તેમને ચોથા ગુણસ્થાને કર્તા બુદ્ધિ તો ગઈ છે છતાં કર્તા નથી. કારણ નથી કેમ લખે છે !? સાતમામાંથી જ્યારે છઠ્ઠે આવે છે ત્યારે સવિકલ્પ દશામાં નિર્મળ

---

૧. શ્રી સ. સાર ગાથા-૬
૨. શ્રી સ. સાર ગાથા-૭
૩. શ્રી સ. સાર ગાથા ૫૦ થી ૫૫ તેમજ ૩૭ કળશ.
૪. શ્રી નિ. સાર ગાથા ૩૮
૫. શ્રી નિ. સાર ગાથા ૧૯
૬. શ્રી નિ. સાર ગાથા ૭૭ થી ૮૧



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પર્યાયના કર્તાપણાનો જે ઉપચાર આવે છે તે તેમને ખટકે છે. તેથી તેનો નિષેધ કરે છે તો ચૈતન્યના વિલાસમાં એકાગ્ર થઈ જાય છે. પહેલેથી જ નિષેધથી ઊપડ્યો હતો, અને નિષેધમાં લાભ થયો ને !? આ નિષેધનો નિષેધ નથી પરંતુ જેની અસ્તિ છે તેનો નિષેધ છે. (અસ્થિરતાનાં વ્યવહાર રત્નત્રયનાં પરિણામનો નિષેધ છે.)

✳ શ્રી નિયમસારમાં કુંદકુંદ દેવ કહે છે. મૂળ ગાથામાં કહે છે "[1]પૂર્વોક્ત સર્વભાવો પરસ્વભાવો છે, પર દ્રવ્ય છે, તેથી હેય છે અને અંતઃ તત્ત્વ એવું સ્વદ્રવ્ય આત્મા ઉપાદેય છે." ટીકા : **આ હેય ઉપાદેયનાં સ્વરૂપનું કથન છે.** નાસ્તિપૂર્વક અસ્તિ.

✳ શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તદેવ એક ઘણી ગંભીર વાત કહે છે. "[2]હવે પછી, જો કે શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ જેનો છે તેવું પરમાત્મ દ્રવ્ય ઉપાદેય છે. તો પણ હેયરૂપ અજીવદ્રવ્યનું આઠ ગાથા વડે વ્યાખ્યાન કરે છે. શા માટે ? **પહેલાં હેય તત્ત્વનું પરિજ્ઞાન થતાં પછી ઉપાદેય તત્ત્વનો સ્વીકાર થાય છે."**

અહીં જે 'હેય' શબ્દ છે તે કોઈ દ્વેષ વાચક નથી. તેમજ વિકલ્પાત્મક પણ નથી. 'હેય' શબ્દ છે તેને ઉપેક્ષાવાચક સમજવો. તેમજ 'ઉપાદેય' શબ્દને અપેક્ષા વાચક સમજવો. અહીં નાસ્તિનું વાચ્ય માત્ર અસ્તિરૂપ જ સમજવું. નિષેધ એટલે વિકલ્પ ખડો થાય છે તેમ અહીંઆ વાત નથી.

[3]શ્રી જયસેન આચાર્ય ભગવાન ટીકામાં કહે છે કે : રાગને હેય કરવો પડતો નથી. રાગ સ્વયં 'હેય' થઈ જાય છે. જ્યાં જ્ઞાન આત્માની સન્મુખ થઈને પરિણમી ગયું ત્યાં રાગ ઉત્પન્ન જ ન થયો તેનું નામ 'હેય' છે. આ 'હેય' વિકલ્પાત્મક નથી. શ્રી સમયસારની ૩૪ ગાથામાં 'જ્ઞાન પ્રત્યાખ્યાન છે' તેનો આ જ અર્થ છે.

**(૯) આત્માને દેખતાં જ્ઞાનીઓને શાની નાસ્તિ દેખાય છે ?**

વિશેષ ભાવોની નાસ્તિ સ્વરૂપે સદા શુદ્ધાત્મા બિરાજમાન હોવાથી સદા શુદ્ધ છે. નાસ્તિપ્રધાન આત્માને દેખતાં શું જણાયું ? શુદ્ધાત્મામાં પરિણામમાત્રનો અભાવ છે. અર્થાત્ શુદ્ધાત્મામાં મોક્ષ નથી તેમ જણાયું. શ્રીમદ્જી કહે છે કે : **દિગમ્બર આચાર્યો કહે છે કે : "જીવનો મોક્ષ થતો નથી મોક્ષ સમજાય છે."** જ્ઞાનીઓ આવા શુદ્ધાત્માને જાણતાં જાણતાં શુદ્ધાત્માનું સ્વરૂપ દર્શાવે છે. શુદ્ધાત્મામાં મોક્ષ નથી તો પછી મોક્ષની પર્યાયને શુદ્ધાત્મા કેવી રીતે કરે ? મોક્ષ આત્મામાં નથી તો પછી મોક્ષની પર્યાયને જાણે કેવી રીતે ? તો પછી એ સિદ્ધ થયું કે : આત્મા મોક્ષનો કરનારે નથી ને મોક્ષનો જાણનાર પણ નથી. "હું તો અકર્તા જ્ઞાયક છું" તો અકર્તા જ્ઞાયકમાં પૃષ્ટ-તૃષ્ટ થયો. આત્મામાં મોક્ષ નથી તેમ જ્ઞાનીઓ દ્વેષથી કહેતા હશે ? ના રે ! એ તો વસ્તુના સ્વરૂપથી કહે છે.

આ સાંભળીને લાયક શિષ્યને થાય છે કે "ઓહો આ વાતની તો મને ખબર જ ન હતી." કે : **હું નાસ્તિ સ્વભાવનાં લીધે વિશેષોથી સદા ન્યારો જ રહ્યો છું. આમ નાસ્તિધર્મનાં સ્વરૂપનો ખ્યાલ આવતાં જ સહજ જ વ્યવહારના પક્ષનો નિષેધ આવે છે.** હવે તેના પુરુષાર્થનો વેગ નિઃશંકપણે સ્વભાવ તરફ

---

૧. શ્રી નિયમસાર ગાથા-૫૦
૨. શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા ૧૪ની ટીકા પછી છેલ્લે.
૩. શ્રી કળશ ટીકા કળશ નં. ૧૪નાં પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આગળ વધે છે. જો એકલી વિધિથી કાર્ય થતું હોત તો જ્ઞાનીઓ વ્યવહારનો નિષેધ જ ન કરાવત. **પરંતુ વ્યવહારનાં નિષેધપૂર્વક જ વિધિમાં આવે છે અને વિધિમાં આવતાં સહજ કાર્ય સંપન્ન થાય છે.** આમ અસ્તિનાસ્તિ અનેકાંત વડે શુદ્ધાત્માની ઉપલબ્ધિ થતી હોવાથી તે અમૃત છે.

**(૧૦) શૂરવીરનું સાધન અસ્તિનાસ્તિ અનેકાંત :**

અસ્તિધર્મ શુદ્ધાત્માનું જેવું સ્વરૂપ છે તેવા સ્વભાવથી આત્માની ઓળખાણ કરાવે છે. નાસ્તિધર્મ જે શુદ્ધાત્મામાં નથી તેવા સ્વભાવથી ઓળખાણ તો આત્માની જ કરાવે છે. પરસ્પર બે વિરોધી ધર્મોનું કથન કરીને અવિરુદ્ધ સ્વરૂપને સિદ્ધ કરે છે.

નાસ્તિધર્મ પણ આત્મામાં અસ્તિપણે રહેલો હોવાથી તે ધર્મીને જ પ્રસિદ્ધ કરે છે. અસ્તિધર્મ જ્ઞાયકની પ્રસિદ્ધિ કરે અને નાસ્તિધર્મ પરની પ્રસિદ્ધિ કરે છે તેમ નથી. જેમકે અકર્તા જ્ઞાયક છું તે અસ્તિપ્રધાન શુદ્ધાત્માનું સ્વરૂપ છે, અને કર્તા નથી તેવું નાસ્તિથી આત્માનું જ સ્વરૂપ છે.

જેમ કોઈ લડવૈયો યુદ્ધના મેદાનમાં યુદ્ધ કરવા જાય ત્યારે તે પોતાની પાસે બે વસ્તુ રાખે છે. એક તલવાર ને બીજી ઢાલ. તલવારથી તો દુશ્મનોનાં મસ્તક ધડાધડ છેદી નાખે છે અને ઢાલથી ?! ઢાલથી તે દુશ્મોનોનાં તલવારનાં વાર (ઘા) ઝીલે છે અને સ્વયંનું રક્ષણ કરે છે. યુદ્ધનાં રણમેદાનમાં ન એકલી તલવાર હોય છે ! ન એકલી ઢાલ ! ન એકલી તલવાર કાર્યકારી હોય છે ન એકલી ઢાલ કાર્યકારી થાય છે. તેમ અસ્તિધર્મ તલવારનાં સ્થાને છે અને નાસ્તિ ધર્મ ઢાલનાં સ્થાને છે.

ચૈતન્ય પરમાત્માનો સ્વભાવ જ કોઈ આશ્ચર્યકારી છે. તે કદી શુભાશુભભાવે થતો નથી, માટે અનાદિ અનંત શુદ્ધ છે. આ નાસ્તિધર્મ એવી ઢાલ છે. એવો વજ્ર કિલ્લો છે કે તે મલિન પરિણામને કે નિર્મળ પરિણામને અંતઃતત્ત્વમાં પ્રવેશવા દેતો જ નથી. વાહ રે વાહ પ્રભુ ! નાસ્તિધર્મ તો ઉપકારી છે ! તેનાં કારણે ભગવાન આત્મા શુદ્ધ રહ્યો છે.

ઢાલનાં દૃષ્ટાંતથી એટલું સમજાય છે કે : જેમ અસ્તિધર્મ **અંત્તર્મુખતાનું** કારણ છે તેમ નાસ્તિધર્મ **બહિર્મુખતાનું** કારણ છે તેમ નથી. નાસ્તિધર્મ પણ **અંત્તર્મુખતાનું** રક્ષણ કરે છે. હા ! એટલી વાત ભૂતાર્થ છે કે નાસ્તિધર્મનાં સંબંધમાં જે અણસમજણતા છે તે બહિર્દષ્ટિનું કારણ છે, પરંતુ નહીં કે નાસ્તિધર્મની સમજણ બહિર્દષ્ટિનું કારણ છે.

હવે કદાચ કોઈ જીવ નાસ્તિને નાસ્તિપણે જ લક્ષમાં લીધા કરે અને નજર પર ઉપર... રાગ ઉપર... ભેદ ઉપર... રાખ્યા કરે તો અજ્ઞાન છે. પરંતુ જિનેન્દ્રદેવનાં માર્ગમાં તો નાસ્તિપૂર્વક સીધો અસ્તિમાં આવે છે તેની વાત છે.

**(૧૧) ઉપસંહાર :**

સર્વજ્ઞ આમ્નાયમાં... ન્યાયમાર્ગમાં, આત્માનો અનુભવ વ્યવહારના નિષેધપૂર્વક વિધિથી જ થાય છે. નાસ્તિનું જ્ઞાન કર્યા વિના શુદ્ધાત્માનો યથાર્થ નિર્ણય પણ થતો નથી. અને અસ્તિનાં જ્ઞાન વિના સમ્યક્દર્શન થતું નથી. વ્યવહારના નિષેધમાં જ ભેદજ્ઞાનની પરિણતી બળવાન થાય છે. અને વિધિમાં આત્મ સન્મુખ થાય છે. તેથી કોઈક વીર્યવાન જીવ જ વ્યવહારનો નિષેધ કરી શકે છે. અને જે વ્યવહારનો નિષેધ કરે છે તેને અપેક્ષાએ 'સમ્યક્ત્વનો અધિકારી પણ કહ્યો છે.'

આમ ફલિત થાય છે કે : અસ્તિ ગુણપ્રધાન દ્રવ્યને દેખો ચાહે નાસ્તિગુણ પ્રધાન દ્રવ્યને દેખો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

બન્નેનું વાચ્ય કેવળ શુદ્ધાત્મા છે. બન્ને ધર્મો કેવળ ધર્મીને જ પ્રસિદ્ધ કરે છે. સાથે સાથે એટલી વાત સત્યાર્થ છે કે : નાસ્તિધર્મનાં સ્વરૂપનો વિચાર કરતાં... કે તેનું કથન કરતાં કે તેનાં વિકલ્પમાં પર સાપેક્ષતા છે. પરંતુ નાસ્તિ ધર્મનું સ્વરૂપ પર સાપેક્ષ નથી, પરંતુ અસ્તિ સાપેક્ષ છે. બન્ને ધર્મો એક વસ્તુનો સ્વભાવ હોવાથી ભેદજ્ઞાન કરાવી આત્માનુભવ કરાવે છે. આમ અસ્તિનાસ્તિ અનેકાન્ત એવું છે કે સમ્યક્દર્શન ન હોય તો ત્વરાએ થઈ જાય અને હોય તો જાય નહીં... અને ચારિત્ર લાવે તેવું આ ભેદજ્ઞાનામૃત છે.

**શ્રી જિનમંદિરનાં ગગનચુંબી ધવલ શિખર પર સુવર્ણ કલશની શોભા તો કોઈ ન્યારી જ હોય છે. તેમ જૈનદર્શનના સાર રૂપ, ઉન્નત ટોંચ પર આ 'કલશ સૂત્ર' કેવું શોભાયમાન છે !! "હું જાણનાર છું, કરનાર નથી." આમાં અસ્તિનાસ્તિ અમૃત દ્વારા કર્તાબુદ્ધિનો નિષેધ કરાવ્યો. પર્યાયમાત્રથી રહિત સારભૂત ધ્રુવજ્ઞાયક એટલે દ્રવ્યનો નિશ્ચય આપ્યો.**

હવે **"જાણનાર જણાય છે ને ખરેખર પર જણાતું નથી."** તેમાં પણ અસ્તિનાસ્તિ અમૃત વડે જ્ઞાન પર્યાયનો નિશ્ચય જોઈશું.

## જ્ઞાનરૂપ અસ્તિનાસ્તિ ભેદજ્ઞાન દ્વાર :

**(૧) પ્રમાણરૂપ જ્ઞાન પર્યાયમાં અસ્તિનાસ્તિ અનેકાંતનું સ્વરૂપ :**

પ્રમાણજ્ઞાનમાં અસ્તિનાસ્તિનું સ્વરૂપ કેવી રીતે રહેલું છે તે જાણવું માત્ર આવશ્યક જ નથી પરંતુ અનિવાર્ય પણ છે. કારણ કે આ પણ જૈનદર્શનનો મહત્ત્વપૂર્ણ વિષય છે.

જેમ દ્રવ્ય પર્યાય સ્વરૂપ વસ્તુમાં અસ્તિનાસ્તિ અનેકાંત વડે ભેદજ્ઞાન થતાં નિષ્ક્રિય ધ્યેય દષ્ટિમાં આવે છે, તેમ જ્ઞાન પર્યાયમાં અસ્તિનાસ્તિ અનેકાન્તનો પ્રયોગ કરતાં ઉપાદેય રૂપ સ્વપ્રકાશક ભાવનું ગ્રહણ થાય છે.

આ જ્ઞાન પર્યાયમાં અસ્તિનાસ્તિ નામનો ધર્મ હોવાના કારણે જ્ઞાન પર્યાય કરવાની તો નાસ્તિરૂપે છે જ, પરંતુ તે જ જ્ઞાન પર્યાય પરને જાણવાના નાસ્તિ સ્વરૂપે છે. તે જ જ્ઞાન પર્યાય જ્ઞાયકને જાણવાના અસ્તિરૂપ છે એટલે કે સ્વભાવરૂપ છે. આમ અસ્તિનાસ્તિ બે ધર્મો વડે એક જ્ઞાન પર્યાયનો સ્વભાવ સિદ્ધ થાય છે. એક જ જ્ઞાન પર્યાય બેવડા ધર્મવાળી ધર્મી છે. આ અસ્તિનાસ્તિ ધર્મ યુગલિયા છે. "અસ્તિનાસ્તિ યુગલમ્". તેથી નાસ્તિધર્મમાં અસ્તિધર્મ છે અને અસ્તિધર્મમાં નાસ્તિધર્મ છે. કારણ કે તે બન્ને પરસ્પર સાપેક્ષ છે. આમ નાસ્તિમાં અસ્તિ છુપાયેલી છે.

માત્ર જો અસ્તિથી વાત કરે તો તેમાં છલ ગ્રહણ થવાનો અવકાશ પણ છે. 'જ્ઞાન સ્વને જાણે છે.' હવે આમાંથી કોઈ એમ પણ કાઢે કે "જ્ઞાન સ્વને પણ જાણે છે; અને પરને પણ જાણે છે." વ્યવહારના પક્ષવાળો આમ અર્થ ન કરે તેથી અને અનાદિ સંસારી જીવોને વ્યવહારનો તીવ્ર પક્ષ રહેલો છે તે કેવી રીતે છૂટે તે હેતુથી જ્ઞાનીઓ અસ્તિનાસ્તિથી વાત કરે છે. અસ્તિનાસ્તિ ધર્મ સમજવાથી દોષ ગ્રહણ થતો નથી. કારણ કે અસ્તિનાસ્તિનાં કિલ્લામાં જ્ઞાન સ્વભાવ સુરક્ષિત છે.

**(૨) અસ્તિનાસ્તિ ધર્મનું સ્વાભાવિક સ્વરૂપ :**

અસ્તિધર્મનું સ્વરૂપ સ્વભાવરૂપ છે પરંતુ રાગ રૂપ નથી.

નાસ્તિધર્મનું સ્વરૂપ સ્વભાવરૂપ છે પરંતુ દ્વેષ રૂપ નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

જો અસ્તિનાસ્તિ ધર્મમાં સમય ભેદ દેખાશે તો અસ્તિધર્મ છે તે રાગરૂપ દેખાશે; અને નાસ્તિધર્મ છે તે દ્વેષરૂપ દેખાશે.

એક સમયમાં અસ્તિનાસ્તિ એવું દ્વિરૂપ તેવું એકરૂપ સ્વરૂપ દેખાશે તો વિશેષમાં પણ અસ્તિનાસ્તિ અનેકાંતનો જન્મ થશે. માટે નાસ્તિધર્મ દ્વેષરૂપ, વિકલ્પરૂપ કે કૃત્રિમરૂપ ન સમજવો. આ નાસ્તિધર્મ સ્વાભાવિક ધર્મ હોવાથી પરને જાણવાની અનાદિ અનંત સદાકાળની નાસ્તિ સ્વરૂપે છે. પરને જાણવાના નિષેધમાં સ્વયં જાણનાર જણાય જાય છે. આ નિષેધ પરને જાણવાના નિષેધ માટેનો જ નિષેધ નથી, પરંતુ સ્વપ્રકાશક સ્વભાવના આહવાનન્ માટેનો નિષેધ છે. એવું નથી કે પ્રયોજનની સિદ્ધિ માટે પરને જાણવાનો નિષેધ કરવાનો છે. આ કામચલાઉ વાત નથી આ તો સદાકાળની સિદ્ધાંતિક વાત છે.

**(૩) શું આત્મ અનુભવ આટલો સુગમ અને સરળ છે !!**

જ્ઞાન ખરેખર પરને જાણતું જ નથી એવો ભાવ જ્યાં અંતરંગથી ઊઠ્યો ત્યાં તત્ક્ષણ જે જાણનાર જાણવામાં આવી રહ્યો હતો તે વિશેષમાં પણ સ્વભાવ પ્રગટ થઈ જાય છે. શું પરને જાણવાનો નિષેધ કર્યો તો જાણનાર જાણવામાં આવી ગયો ?! 'હા.' પરને જાણવાના નિષેધમાં જ જાણનારને જાણવાની અસ્તિ છુપાયેલી છે. પરને જાણવાની નાસ્તિમાં તો જાણનારને જાણવાની અસ્તિ વર્તે છે. કેમકે "[૧]જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણ ગોચર શબ્દને" જ્ઞાન સ્વભાવ પરને જાણવાના અભાવ રૂપ છે અને જાણનારને જાણવાના સદ્ભાવરૂપ છે.

સંતો કહે છે કે : તું પરને જાણવાનો નિર્દયપણે નિષેધ તો કર અને પછી જો મજા !! આત્મઅનુભવ ન થાય તો અમારી પાસેથી લઈ જજે.

'હું પરને જાણું છું' તે શ્રદ્ધાપૂર્વક જ્ઞાનનો દોષ છે. તે મિથ્યાત્વનો રાગ છે. શ્રદ્ધામાં એમ છે કે "હું પરને જાણું છું" તો નિયમથી ઉપયોગ પર સન્મુખ જ વળ્યા કરશે. હવે કોઈ જ્ઞાનમાં અસ્તિથી લીધા કરે કે : "હું જાણનાર છું, જાણનાર જણાય છે, અને શ્રદ્ધામાં પેલું શલ્ય પડ્યું છે કે "હું પરને જાણું છું" અથવા પર જણાય છે તેમ રહે અને ઉપયોગ આત્મ સન્મુખ થાય તેમ બનતું જ નથી. ખરેખર પર જણાતું નથી તેમાં જ શ્રદ્ધાપૂર્વક વીતરાગી જ્ઞાન, જ્ઞાયક અભિમુખ થાય છે.

**(૪) પ્રતિભાસિત જ્ઞાનકળા :**

સ્વપર પ્રકાશક તે જ્ઞાનની પર્યાયનો પ્રમાણ રૂપ વ્યવહાર છે તે આગમનું વચન છે. બીજું આગમનું એવું વચન પણ છે કે સ્વપરનો પ્રતિભાસ થાય છે. આ બન્ને વાત આગમથી પ્રસિદ્ધ છે. હવે આ સ્વપર પ્રકાશક અને સ્વપરનો પ્રતિભાસ એ બે વચ્ચેનો તફાવત શું છે તે જોઈએ. શ્રી પંચાધ્યાયીમાં મહત્ત્વની વાત બતાવે છે કે : જ્ઞાન સ્વસન્મુખ કેમ થઈ જાય અને પરથી વિમુખ કેવી રીતે થાય તે વાત છે. [૨]**"अर्थ विकल्पो ज्ञानं भवति तदेकं विकल्पमात्रत्वात ॥"** જ્ઞાન સ્વપર પદાર્થને વિષય કરે છે. એટલે કે બેનો પ્રતિભાસ થાય છે. બેયના પ્રતિભાસમાં આવતા જ્ઞાનમાં આવી જશો; અને સ્વપર બેયને જાણે છે તેમ લેતાં પરજ્ઞેય સન્મુખ થઈ જશો. આમ જ્ઞાનના વિષય ભેદે બે ભેદ થઈ જાય છે. આ

૧. શ્રી સમયસાર ૩૭૩થી ૩૮૨

૨. શ્રી પંચાધ્યાયી મખનલાલ પ્રાકૃત ગાથા ૫૫૮



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ વાત શ્રી કુંદકુંદદેવ ફરમાવે છે.

"[1]પ્રથમ તો અર્થ વિકલ્પ તે જ્ઞાન છે. ત્યાં અર્થ એટલે શું ? સ્વપરનાં વિભાગપૂર્વક રહેલું વિશ્વ તે અર્થ. તેના આકારોનું અવભાસન તે વિકલ્પ છે. જેમાં યુગપદ સ્વપરના આકારો અવભાસે છે." આમાં એક રહસ્યમય વાત દૃષ્ટિગોચર થયા વિના રહેતી નથી કે બેને જ્ઞાન જાણે છે કે બેનો પ્રતિભાસ થાય છે. આ તફાવત સાધારણ નથી પૂર્વ-પશ્ચિમ જેટલો તફાવત છે.

[2]પૃથ્વી આદિ કાયો, જીવના લક્ષણભૂત ચૈતન્ય સ્વભાવના અભાવને લીધે, જીવ નથી; તેમનામાં જ જે સ્વપરની જ્ઞપ્તિ રૂપે પ્રકાશતું જ્ઞાન છે, તે જ ગુણ-ગુણીના કથંચિત્ અભેદને લીધે, જીવપણે પ્રરૂપવામાં આવે છે.

કર્તૃત્વ તો છોડ્યું પણ જ્ઞાનનો સ્વભાવ સ્વપર પ્રકાશક છે તો સ્વને જાણું અને પરને જાણું ! એકાંતે પરને જાણું તો તો ભ્રાંતિ કહેવાય; પણ... આત્માને જાણતાં જાણતાં હું પરને જાણીશ ! તે પણ ભ્રાંતિ છે. અર્થ વિકલ્પપણું બધા જ્ઞાનમાં છે. હવે પ્રથમ તો રાગાદિ, દેહાદિનો પ્રતિભાસ થાય છે ત્યાં જ પ્રશ્ન વિરામ થઈ જાય છે કારણ કે 'હું પરને જાણું છું' તે પ્રશ્ન પ્રતિભાસ સ્વીકારતા ઊઠતો નથી.

હવે અહીંઆ કહે છે કે [3]જે પ્રમાણમાંથી નિશ્ચય કાઢે છે તે જિનાગમમાં કુશળ છે. કારણ કે પ્રમાણ છે તે ભેદજ્ઞાન માટે છે. આ પ્રતિભાસરૂપ સ્વપરપ્રકાશકમાં વિધિ-નિષેધ કરવો જોઈએ. સ્વપર પ્રકાશકમાંથી સ્વપ્રકાશક કાઢે ત્યારે જ સાધ્યની સિદ્ધિ થાય છે. સ્વપર બન્ને જણાય છે તે પ્રમાણજ્ઞાનનો પક્ષ હોવાથી તેમાં અનુભવ થતો નથી. કારણ કે સ્વપરપ્રકાશક સ્વયં પોતે જ વ્યવહાર છે. અને આ વ્યવહારને સત્યાર્થ માને તો મિથ્યાત્વનો દોષ લાગે છે.

પ્રમાણના પક્ષમાંથી પ્રથમ તો સવિકલ્પ નિશ્ચયનયના પક્ષમાં આવવું એ પણ મુશ્કેલ છે. પછી તે પક્ષ છૂટીને પક્ષાતિક્રાંત થવું તેમાં અનંતો પુરુષાર્થ છે. વ્યવહારે પરને જાણવાનો નિષેધ કરે ત્યારે તો હજુ સ્વભાવનો પક્ષ આવે છે. તેથી તો કહ્યું છે કે : "[4]વ્યવહારનો જ્યારે પ્રલય કરી દેવાય છે ત્યારે એક શુદ્ધનય પ્રકાશમાન થાય છે." આ સ્વપર પ્રકાશકજ્ઞાન પ્રમાણરૂપ પર્યાયનું લક્ષણ હોવાથી તે વ્યવહારનયનો વિષય છે. અને ભગવાન આત્મા વ્યવહારનયનો વિષય જ નથી. હવે શ્રીગુરુની દિવ્ય દેશના પ્રાપ્ત થતાં તે વ્યવહારનો નિષેધ કરે છે કે : જ્ઞેયો તો જણાતાં નથી, જ્ઞેયાકાર જ્ઞાને નહીં, અને જ્ઞાનાકાર જ્ઞાન પણ નહીં. કેમકે [5]"સામાન્યને અવલોકતો વિશેષને નહીં અવલોકતો." જુઓ ! આમાં પણ આચાર્યદેવે અસ્તિનાસ્તિ અનેકાન્તનો પ્રયોગ કર્યો. આવા અસ્તિનાસ્તિમાં આવતાં પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ થતાં શુદ્ધનય પ્રગટ થાય છે.

આમ પરનાં પ્રતિભાસને ગૌણ કરી, ગર્ભિત કરી, તેનું લક્ષ છૂટતાં જ નયપૂર્વક સમ્યક્ પ્રમાણ જ્ઞાનનો જન્મ થાય છે. આવા નિર્વિકલ્પ સ્વરૂપનું સાધક સવિકલ્પ દશામાં આવીને કથન કરે છે.

૧. શ્રી પ્ર. સાર ૧૨૪ ગાથા.

૨. શ્રી પંચાસ્તિકાય - ૧૨૧ ગાથા.

૩. શ્રી કાર્તિકેનુપ્રેક્ષા

૪. શ્રી દેવસેન આચાર્ય નયચક્રમાંથી પેજ ૩૧-૩૨

૫. શ્રી પ્રવચનસારજી ૧૧૪ ગાથા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

**(૫) સ્વપર પ્રકાશકનું સમ્યક્ સ્વરૂપ :**

સ્વપર પ્રતિભાસમાં આવતાં અપેક્ષિત ગુણ પ્રગટ થયો. હવે તેને બળ આવે છે અને જ્ઞાન પર્યાયના પ્રમાણમાં ભેદજ્ઞાન કરતાં સ્વપ્રકાશક પ્રગટે છે. આ સ્વપ્રકાશકમાં એકલો સામાન્ય જ્ઞાયક જ જણાય છે. આ સ્વપ્રકાશક ઉપાદેય સ્વભાવને જ અવલોકે છે. હવે નિર્વિકલ્પ ધ્યાનમાં તે જ સમયે નિશ્ચય સ્વપર પ્રકાશક પ્રગટે છે. આ જ્ઞાનનો સવિકલ્પ સાકાર સ્વભાવ હોવાથી જ્ઞાન જ્ઞાનને જાણે છે. અથવા જ્ઞાન જ્ઞાયકને જાણે છે અને આનંદ આદિ નિર્મળ પર્યાયો પ્રગટ થઈ છે તેને પણ જાણે છે. આમાં માત્ર જાણવું જ છે. આ જાણવું સ્વભાવ અંદરમાં સ્વ કે પર કોઈ તરફ ઝૂક્યા વિના જ્ઞાનત્વ સ્વભાવથી જાણી લ્યે છે.

જો જ્ઞાનમાં બિલકુલ સ્વપર પ્રકાશકપણું ન હોય તો સમ્યક્દર્શન થયું તેની ખબર કેવી રીતે પડત ? નિર્વિકલ્પનાં કાળે જો સવિકલ્પ નિશ્ચય સ્વપર પ્રકાશક ન પ્રગટે તો એક સમયમાં "ઉત્પાદ્ વ્યય ધ્રૌવ્ય યુક્તમ્ સત્નું" જ્ઞાન થતું નથી તો તેને જાણવા બે સમય લાગે તો તો પક્ષ છે પરંતુ પક્ષાતિક્રાંત થયો નથી. અંદરમાં લક્ષ વિના પણ ઘણું જણાય છે. જો જાણવામાં ન આવે તો જ્ઞેયની સિદ્ધિ થતી નથી. અને 'ધ્યેયપૂર્વક જ્ઞેયનો' તો સમય એક છે. વસ્તુમાં ક્રમ નથી, જ્ઞાનમાં ક્રમ નથી, પરંતુ કથનમાં ક્રમ પડે છે.

હવે સાધક સવિકલ્પ દશામાં આવે છે ત્યારે [1]જે જ્ઞાનમાં રાગ પ્રતિભાસે છે તેવું જ્ઞાન આત્માને જાણતું પરિણમે છે. શ્રી આચાર્ય દેવ કહે છે કે "[2]જણાયેલો પ્રયોજનવાન છે." તે ગુણ નથી પણ દોષ છે. કારણ કે તેમાં શ્રેણી અટકે છે. જે શ્રેણી પ્રગટ કરવા માટેનો ઉપદેશ છે તે જ સમ્યક્દર્શન પ્રગટ કરવા માટેનો ઉપદેશ છે. આમ "[3]સ્વપર પ્રકાશક પણ કથંચિત છે." આ નિર્વિષયી જ્ઞાનનું સ્વરૂપ દર્શાવતાં પંચાધ્યાયીએ તો "સ્વપર પ્રકાશક જ્ઞાનને[4] અસત્ લક્ષણ" બતાવ્યું છે.

લક્ષપૂર્વક આત્માને જાણે છે તે જ્ઞાનનો સ્વપ્રકાશક સ્વભાવ છે. આત્મજ્ઞાન એકાંતે સ્વપ્રકાશક જ છે. પર પ્રકાશકતો નથી પરંતુ સ્વપર પ્રકાશક પણ નથી. સ્વપ્રકાશક તેમજ નિશ્ચય સ્વપર પ્રકાશક જ્ઞાનમાં અસ્તિનાસ્તિ અનેકાન્ત વર્તતું હોવાથી તે કદી પરને જાણવા જાય કે તે જ્ઞાનમાં કદી પર પદાર્થો સ્વજ્ઞેય થાય તેમ બનવાનું નથી ખરેખર પરમાર્થ સત્ય તો એ છે કે જ્ઞાયકના અહમ્માં પરને જાણવાનાં નિષેધ રૂપ પરિણમન છે. તેને વિકલ્પરૂપ નિષેધની જરૂરત નથી. જે સમયે પર્યાયમાં અસ્તિધર્મ છે તે જ સમયે પર્યાયમાં નાસ્તિ ધર્મ પણ છે જ. તો પછી તે રૂપ તેનું પરિણમન પણ હોય ને ?! એક પર્યાય તેના સ્વભાવ બે છે તેનો સ્વીકાર તે ધર્મ છે. અર્થાત્ અજ્ઞાની માને છે તેવું સ્વપર પ્રકાશક તો કદી આવવાનું જ નથી. તેથી નિશ્ચયથી જ જ્ઞાન આત્માને જાણે છે અને નિશ્ચયથી જ જ્ઞાન પરને (લક્ષ રૂપ) નથી જાણતું આ બન્ને નિશ્ચય પરિણમનરૂપ છે. કોઈ જીવને પરનું જ્ઞાન થાય જ નહીં અશક્ય છે.

જ્ઞાન આત્માને જ જાણે છે. પરને જાણવું અશક્ય છે. આમાં કથંચિત લાગુ ન પડે. સ્વભાવમાં

૧. શ્રી સમયસાર ગાથા-૭૫

૨. શ્રી સમયસાર ગાથા-૧૨

૩. શ્રી નિયમસાર ગાથા ૧૫૯

૪. શ્રી પંચાધ્યાયી ગાથા ૫૪૨/૫૪૩



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

કથંચિત લાગુ ન પડે. અસ્તિનાસ્તિ ધર્મ ધ્યેય અપેક્ષાએ ભલે જુદો હોય પણ તે જ્ઞેય અપેક્ષાએ ભિન્ન નથી. બધું જ એક અભેદ સ્વજ્ઞેય છે.

**(૬) અસ્તિનાસ્તિ પ્રવાદ અર્ક :**

સ્વપર પ્રકાશક તે જ્ઞાન પર્યાયનું પ્રમાણભૂત લક્ષણ છે તે આગળ કહેવાઈ ગયું છે. તે નિગોદથી માંડીને સિદ્ધ સુધી બધા જીવોને છે. આ જ્ઞાન પર્યાયમાં સ્વનો પ્રતિભાસતો છે અને સાથે સાથે પરનો પણ પ્રતિભાસ છે. તેમાં તેને પરનાં પ્રતિભાસ તરફના લક્ષના નિષેધનું બળ આવવું જોઈએ તે આવતું નથી. તેથી વિધિનિષેધમાં આવતાં તેને ભેદજ્ઞાન થાય છે. સ્વપરનાં પ્રતિભાસમાં કોઈની (વિષયની) મુખ્યતા નથી. જ્યારે અસ્તિનાસ્તિ અનેકાંતમાં તો લક્ષની મુખ્યતા છે.

હવે સ્વપર બન્ને જણાય છે તેવા સ્વપર પ્રકાશકના પક્ષવાળો સ્વના પ્રતિભાસનો સ્વીકાર તો કરે છે પણ... તે પર પ્રતિભાસના લક્ષનો નિષેધ કરી શકતો નથી. શાસ્ત્રમાં [૧]"વ્યવહારને પરમાર્થનો પ્રતિપાદક કહ્યો છે પણ તે અનુસરણ કરવા યોગ્ય નથી." જો પરના પ્રતિભાસના લક્ષનો નિષેધ વર્તે તો જ પરનો પ્રતિભાસ પ્રતિભાસ કહેવાય, નહીંતર તો પરના પ્રતિભાસનું લક્ષ થતાં અજ્ઞાન થયું, જ્ઞાન ક્યાં રહ્યું !! જે અપ્રતિબુદ્ધને સમયે સમયે કરીને અનાદિથી વિશેષમાં ચાલી જ રહ્યું છે. અજ્ઞાની બોલે છે જ્ઞાન સ્વપર પ્રકાશક, પણ તેને તો એકાંતે પર પ્રકાશક જ છે. વ્યવહાર સ્વપર પ્રકાશક તે તેને નિશ્ચયરૂપ ગ્રહણ થઈ ગયો છે. વ્યવહારને પરમાર્થ માને છે તો પછી પરમાર્થનું ગ્રહણ કેવી રીતે થાય ?! તેથી સંતો ફરમાવે છે કે.....

હે ! ભવ્ય ! તું એક નાસ્તિ ધર્મને વ્યવસ્થિત સમજ તો તને આખો ધર્મી ભગવાન આત્મા જાણવામાં આવી જશે. પરને જાણું છું તે શલ્યને જીવતું રાખીને જાણનાર જણાય છે તેવા વિકલ્પના રથ પર સવાર થઈશ તો તને અનુભવતો દૂર રહો પણ યથાર્થ નિર્ણય પણ થશે નહીં. વિધિનિષેધ વિના યથાર્થ નિર્ણય પણ થતો નથી. અસ્તિનાં જોરે નાસ્તિનો વિકલ્પ ગળે છે અને સ્વભાવના બળે વિધિનો વિકલ્પ ટળે છે.

મિથ્યા એકાન્ત તેમજ મિથ્યા અનેકાન્ત તે બન્નેનો નિષેધક અસ્તિરૂપ સમ્યક્ એકાંત અને અસ્તિનાસ્તિરૂપ સમ્યક્ અનેકાન્ત છે !! આમ પરને જાણવાનો નિષેધ કર્યા સિવાય પરનું લક્ષ કોઈને ન છૂટ્યું હતું... ન છૂટી શકે છે... અને ન છૂટવાનું છે.

**(૭) જ્ઞાનપર્યાયનો નિશ્ચય સ્વભાવ :**

અજ્ઞાની પ્રાણીનું વલણ... ઢલણ... ખેંચાણ...લઢણ..શ્રદ્ધાન પરમાં હોવાથી તેને નિષેધના સ્વરમાં સમજાવ્યું. 'જ્ઞાયક જ્ઞાયકને જાણે છે' તેમ કહેતો અતત્વવિદ્ સમજી શકતો નથી. તેથી તેને કહ્યું કે : "[૨]જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા," નાસ્તિપૂર્વક અસ્તિ સમજાવી. સ્વયં સમજવું અને સમજાવવું તેમાં નજીકનો જો કોઈ વ્યવહાર હોય તો તે આ અસ્તિનાસ્તિ બળવાન કરણ (સાધન) છે.

---

૧. શ્રી સમયસાર ગાથા ૯-૧૦

૨. શ્રી સ.સાર ગાથા ૩૫૬થી ૩૬૫



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લક્ષણ લક્ષ્યને જ પ્રસિદ્ધ કરે છે અલક્ષ્યને નહીં. "[1]પર લક્ષ અભાવાત્' તે ન્યાયે વિશેષમાં પણ વિશેષને જાણવાનો અભાવ છે, તેવો જ જ્ઞાન પર્યાયનો નાસ્તિ સ્વભાવ છે. નાસ્તિધર્મને કારણે જો પર્યાય પર્યાયને પણ જાણતી ન હોય તો પછી પરને કેવી રીતે જાણે ?! જેનું અવલંબન છે તેનું જ માત્ર અવલોકન છે. જે વિભક્ત છે તે જણાતું જ નથી. "[2]ભિન્ના ભાવાનો દ્રષ્ટાઃ" પરના લક્ષના અભાવવાળી અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે. આમાં પણ અસ્તિનાસ્તિ અનેકાંત આવ્યું !!

જ્યાં એક અભેદ જ્ઞાન સમુદ્ર ભગવાન આત્માનું જાણવું થયું, પર લક્ષનાં અભાવરૂપ સ્વભાવનું ગ્રહણ થયું; ત્યાં પરને ગ્રહણ કરનારી ભાવઇન્દ્રિય લબ્ધ થઈ ગઈ. એટલે કે વ્યાપારરૂપ પ્રગટ ન થઈ. આજ અસ્તિનાસ્તિ અનેકાંતનું પરમાર્થ સ્વરૂપ છે. લૌકિકમાં પત્નીધર્મને અવલંબન તો માત્ર પતિધર્મનું જ હોય છે. હવે જ્યારે પુત્ર તરફથી માતા છે, ત્યારે પણ પતિના અવલંબનથી જ તો માતૃત્વ પ્રગટ થયું છે, તેમ જ્ઞાનમાત્ર કહેતાં અવલંબન તો માત્ર અસ્તિભાવનું છે અને જ્ઞાન વિના પુરુષાર્થે નાસ્તિનું થઈ જાય છે.

'હા' એટલું છે કે આત્માનું જ્ઞાન તો આત્માની સન્મુખ થાય ત્યારે જ થાય છે. જ્ઞાન; જ્ઞાન પર્યાયની સન્મુખ રહે અને અસ્તિનાસ્તિનું જ્ઞાન થાય તેમ બનતું નથી. એ તો અસ્તિમાં આવ્યો એટલે લોકાલોકની મારામાં નાસ્તિ છે તે સહજ આવી ગયું. એ અસ્તિમાં આવ્યો અને આત્મા આત્માને જાણવા રૂપે પરિણમે છે; તો અસ્તિના જ્ઞાનમાં નાસ્તિનું જ્ઞાન આવી જાય છે. જે આત્મામાં નથી તેને સિદ્ધ કરવા માટે જ્ઞાનનો ઉપયોગ ત્યાં મૂકવો પડતો નથી. આ રાગ મારાથી ભિન્ન છે તેમ જ્ઞાન રાગને પ્રસિદ્ધ કરતું નથી, અર્થાત્ નાસ્તિની સન્મુખ થવું પડતું નથી.

દૃષ્ટાંત : તમે તમારા ઘરમાં દાખલ થયા તો આજુબાજુનાં ઘર મારા ઘરમાં નથી તેમ સહજ આવી ગયું. આ ઘર મારું; આ ઘર તમારું તેમ કહેવા જવું પડતું નથી. જ્યાં આત્મામાં એકાકાર થયો ત્યાં પરમાંથી એકત્વબુદ્ધિ છૂટી જાય છે. તેના માટેનો નવો પુરુષાર્થ નથી.

આત્માની સન્મુખ રહેતાં રહેતાં નાસ્તિનું જ્ઞાન સહજ લક્ષ વિના (અંદરમાં) થઈ જાય છે. આમ નાસ્તિધર્મ પર સન્મુખતા છોડાવે છે. કારણ કે નાસ્તિધર્મને પણ અવલંબન તો જ્ઞાયક પરમાત્માનું જ છે ને ?! નાસ્તિધર્મનું સ્વરૂપ સમજતાં સહજ પરનું લક્ષ છૂટી જાય છે.

**(૮) નિષ્કર્ષ :**

ખરેખર પર જણાતું નથી ને 'જાણનાર જણાય છે' અને 'હું જાણનાર છું'; તેમાં આવ્યો; અનુભવ થયો ! હવે ફરી પરને જાણું છું; પર જણાય છે તે કેવી રીતે આવે ?! નીચેની ભૂમિકાવાળા જ્ઞાનીઓ પરના જાણપણાનો નિષેધ કરીને સ્વપ્રકાશકમાં આવે છે; તો પછી પરિપૂર્ણ કેવળજ્ઞાનમાં લોકાલોક ક્યાંથી જણાય !! તે લોકાલોકને ન જાણે...! ન જણાય...! માત્ર પ્રતિભાસે છે; ત્યાં પૂર્ણ વિરામ છે.

**✳ ખરેખર પર નથી જણાતું તે નાસ્તિરૂપ નિશ્ચયમાં પરના પ્રતિભાસનો નિષેધ નથી.**

**✳ 'જાણનાર જણાય છે' તે અસ્તિરૂપ નિશ્ચય છે. તેમાં સ્વનાં લક્ષનો નિર્દેશ છે.**

---

૧. શ્રી પરમ અધ્યાત્મ તરંગિણી કળશ-૪૨

૨. શ્રી સ.સાર ૩૭ કલશ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

**✳ "હું જાણનાર છું" તે પરમાર્થરૂપ નિશ્ચય છે. તેમાં જ્ઞાનત્વ સ્વભાવ જ્ઞાતવ્ય થાય છે.**

જાણનાર જ જાણવામાં આવી રહ્યો છે તેવો મારો અસ્તિ સ્વભાવ છે. ખરેખર પર જાણવામાં ન આવે તેવો મારો નાસ્તિ સ્વભાવ છે. આમ સ્વભાવથી જ જાણનાર જણાય છે અને સ્વભાવથી જ પર જાણવામાં આવતું નથી.

જ્ઞાનનો સ્વભાવ પરને જાણવાનો નથી અને જ્ઞાન સ્વભાવથી જ પરને જાણતું નથી આ સ્વીકાર્યા વિના સમ્યક્‌દર્શન કોના આશ્રયે થશે ?!

અસ્તિનાસ્તિ સાપેક્ષ હોવાથી નાસ્તિધર્મને જાણતાં આખો ધર્મી ભગવાન આત્મા જણાય જાય છે. જ્યાં પરને નથી જાણતો ત્યાં તે જ સમયે જ્ઞાયક ને જાણવારૂપ જ્ઞાયક પરિણમી જાય છે. નાસ્તિઅસ્તિનો સમય એક છે. જ્યાં નાસ્તિધર્મને જાણ્યો ત્યાં અસ્તિ થઈ ગઈ. સ્વભાવિક જ્ઞાનમાં સ્વભાવ જણાય છે. તે જ્ઞાન સમ્યક્ એકાંતરૂપ જ છે. આ જ્ઞાનમાં અસ્તિનાસ્તિ નિર્વિકલ્પતા છે. આત્માનો એક એક ધર્મ અને તેનું સ્વરૂપ સમજે તો નિયમથી પરનું લક્ષ છૂટીને આત્માનું લક્ષ થાય છે.

નાસ્તિનું જોર આવશે તો અસ્તિનું જોર આવશે અને તેમાં અનુભવ થઈ જશે. આ ગેરેંટી છે. અસ્તિનાસ્તિ અનેકાંત ડબલ એન્જીનના સ્થાને છે. નાસ્તિનું જોર નહીં આવે તો અસ્તિનું જોર નહીં આવે.

**પર્યાયમાં પરના પ્રતિભાસની અસ્તિ;**
**મારામાં તે જ્ઞાનપર્યાયની પણ નાસ્તિ;**
**તેવા જ્ઞાયક ભાવની સદાય અસ્તિ;**
**આ અસ્તિની મસ્તિ તેનું નામ સ્વાનુભવ.**

આત્મા આત્માને જાણે છે તેવા ભેદમાં પણ અનુભવનો નાશ થતો હોય તો પછી જ્ઞાન પરને જાણે છે તે વાત એજન્ડા ઉપર ઊભી રહેતી જ નથી. જીવમાત્રને જે અનાદિથી જ્ઞાયક પ્રતિભાસ રૂપ છે તે સૌને ઉપયોગાત્મક થાય તેવી..... આત્મ ભાવના સાથે વિરમું છું.

✳

**જિજ્ઞાસા :** અમને તો બધુંય જણાય છે.

**સમાધાન :** એનો અર્થ એ થયો કે આત્માનો સ્વભાવ જ છે. પોતે જાણવું-દેખવું પોતાને બસ ! એ સ્વભાવ છે; પરને જાણવું-દેખવું તો નહીં પણ પરનું કરવું તે તો બિલકુલ નહીં. (શ્રી પ્રવચન રત્નો ભાગ-૨ પેજ નં. ૯૭)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

# જિનજીની વાણી

(રાગ : આશાભર્યાં અમે આવિયા)

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર૦
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર૦
સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે.
જિનજીની વાણી ભલી રે...
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર૦
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર૦



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પૂ. ભાઈશ્રીની નિશ્રામાં થયેલાં પ્રકાશનો

૧. ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી
૨. દ્રવ્યસ્વભાવ – પર્યાય સ્વભાવ
૩. ભેદજ્ઞાન ભજનાવલિ

## કુંદામૃત કહાન સ્વાધ્યાય હૉલનાં પ્રકાશનો

૧. જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન
૨. દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા
૩. જાણનારો જણાય છે.
૪. ચૈતન્ય વિલાસ
૫. આત્મજ્યોતિ


## હવે પછીનું અમારું પ્રકાશન છે

પ્રશ્નોત્તરી



ॐ

શ્રી સદ્ગુરુ દેવાય નમઃ



# જાણનાર જણાય છે
# તે સ્વભાવિક ભાવાય નમઃ

૧

"જાણનારો જણાય છે" આ જિનસૂત્ર છે. અનુભવમાંથી આવેલી વાત છે.

૨

સમસ્ત જિનેન્દ્રોની દિવ્ય ધ્વનિનો સંક્ષેપસાર અને અમારા સ્વસ્વેંદનનો સાર ; "જાણનાર છું, ને જાણનારો જણાય છે."

૩

દિવ્ય ધ્વનિનો સાર "જાણનારો જણાય છે.'

૪

ઘણાં મુનિવરો આટલી જ વાત કરે છે, "જાણનારો જણાય છે."

૫

આટલી જ દેશનાની જરૂરત છે ; "જાણનારો જણાય છે" તેને તું જાણ !!

૬

આચાર્યદેવ કહે છે ! મારી બીજી કોઈ વાત તું માન કે ન માન તેનો મને આગ્રહ નથી, પરંતુ એક વાત જરૂર માનજે ! ચોવીસે કલાક હું પરને જાણતો નથી તેવો નિર્દયપણે નિષેધ કરજે તો તને અવશ્ય જાણનારો જણાઈ જશે.

૭

સીમંધર પ્રભુના શ્રીમુખેથી નીકળેલું વાક્ય "પરિણામ થવા યોગ્ય થયા કરે છે અને જાણનારો જણાયા કરે છે."

૮

બધાં શાસ્ત્રોનો સાર આટલો જ છે, જાણનારો જણાય છે. જણાશે નહીં. પ્રશ્ન વિરામ થઈ જાય તેવું સ્વરૂપ છે. આમાં બાર અંગનો સાર છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૯

ઊંચામાં ઊંચો, સહેલામાં સહેલો, ટૂંકામાં ટૂંકો, મોક્ષમાં જવાનો રોકેટનો રસ્તો; જાણનારો જણાય છે.

૧૦

“થવા યોગ્ય થાય છે, જાણનારો જણાય છે.”’ થવા યોગ્ય થાય છે તે જણાય છે એમ નથી કહ્યું. મંત્ર છે આ.

૧૧

સુખી થવાનો એક માત્ર ઉપાય “જાણનારો જણાય છે.”

૧૨

“જાણનારો જ જણાય છે” અને તું જાણનારને જ જાણવાવાળો છો. તું પરનો જાણનારો નથી, ભ્રમણા છોડી દે પ્રભુ !!

૧૩

એકલો “જાણનાર જ જણાય છે.” એકલો દેખનાર જ દેખાય છે. જાણનારને જાણવાવાળો દેખાતો નથી એ તો... એકલો જાણનાર, જાણનાર, જાણનાર એ તો એકલો જ્ઞાનમયી જ્ઞાનમૂર્તિ જ્ઞાયકને જ જાણે છે.

૧૪

આ બધા જીવો બેઠા છે, અત્યારે તેના જ્ઞાનમાં “જાણનાર જ જણાય છે.” પણ મને “જાણનાર જણાય છે” તે વાતનો તિરસ્કાર કરીને, અસ્વીકાર કરીને, મને પ્રવચન સંભળાય છે તેમ માનીને મિથ્યાત્વ પુષ્ટ કરી રહ્યા છે. આહાહા !!

૧૫

પર તો મને અનુમાનમાં એ જણાતું નથી; અનુમાનમાં પણ “જાણનાર જણાય છે.” પછી અનુભવથી પણ “જાણનાર જણાય છે.” જાણનારને જાણે તેવો જ્ઞાનનો સ્વભાવ છે. રસને જાણે તેવો તારો સ્વભાવ નથી.

૧૬

“જાણનાર જણાય છે” તેવા વિચારમાં પણ સાધ્યની સિદ્ધિ થતી નથી; તો પછી પર જણાય છે તેમાં શું થાય ?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૧૭

**જ્ઞાન છે તે સ્વભાવથી આત્માને જાણે છે, તેમાં નિશ્ચયાભાસી ન થાય. સ્વભાવ નિશ્ચયનયથી તથા વ્યવહારનયથી નિરપેક્ષ હોય છે. સ્વભાવમાં નયનો પ્રયોગ થતો નથી.** નિશ્ચયથી જાણનાર જણાય છે, વ્યવહારથી પર જણાય છે, તેવા નયોથી સ્વભાવ નિરપેક્ષ છે. જ્યારે નય સાપેક્ષ છે. જાણનાર નિશ્ચયથી જાણવામાં આવતો નથી. જાણનાર સ્વભાવથી જ જ્ઞાનમાં જણાય છે તેવો કોઈ જ્ઞાનનો અદ્ભુત સ્વભાવ છે.

૧૮

"જાણનારો જણાય છે" લાખો કરોડોમાં કોઈક આમાં આવે છે. આ નજીકનો વિકલ્પ છે.

૧૯

સકલ સાધ્યની સિદ્ધિનો એક માત્ર ઉપાય. "જાણનારો જણાય છે."

૨૦

"જાણનારો જણાય છે" આ મોહના નાશ માટેનો રામબાણ ઉપાય છે.

૨૧

કુંદપ્રભુએ કહ્યું : "જાણનારને જાણ !" અમૃતપ્રભુએ કહ્યું ; "જાણનારો જણાય છે."

૨૨

કેટલો સહેલો કરી દીધો અનુભવ ! અમૃતપ્રભુએ ઉત્તમથી ઉત્તમ સમાચાર આપ્યા. બધાને "જાણનારો જણાય છે."

૨૩

પરને જાણું છું તે દોષની ઉત્પત્તિની ખાણ.

"જાણનારો જણાય છે." તે દોષના નાશની ખાણ.

૨૪

ભગવાને કહેલું તત્ત્વ કોને બેસે ? પરને જાણતો નથી, "મને જાણનારો જણાય છે" એ સિદ્ધાંત બેસે તેને.

૨૫

દિવસમાં દસ વખત બોલવું ; "હું જાણનાર છું અને જાણનારો જણાય છે."



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૨૬

"જાણનારો જણાય છે" યેહી વચનસે સમઝલે જ્ઞાની કી પહિચાન.

૨૭

"મને જાણનાર જણાય છે," તેવા વિકલ્પરૂપે પરિણમે છે તેને જાણનાર જણાતો નથી, અને જાણનારપણે પરિણમેલા આત્માને "જાણનાર જણાય છે."

૨૮

હું પરને જાણું છું તેમ જાણતાં જાણતાં અનંતકાળ ગયો તેને આત્મદર્શન ન થયું. હવે એક અંતર્મુહૂર્ત પરને જાણતો નથી; "જાણનાર જણાય છે," તો અંતર્મુહૂર્તમાં અનુભવ થાય છે. તેને વધારે વાર લાગતી નથી.

૨૯

**જિજ્ઞાસા** : વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જો બાળગોપાળ સૌને ભગવાન આત્મા જણાતો હોત તો કોઈ અજ્ઞાની રહેત જ નહીં. માટે જણાતો જ નથી. જો જણાતો હોત તો કોઈ જીવ એકઇન્દ્રિય બેઇન્દ્રિય ન રહેત.

**સમાધાન** : બધા અજ્ઞાની પ્રાણીઓને વર્તમાન વર્તતા ઉપયોગમાં "જાણનાર જણાય" રહ્યો છે. કારણ કે જ્ઞાન અને જ્ઞાયકને તાદાત્મ્ય સંબંધ છે; એક ઇન્દ્રિયમાં એટલે વર્તમાન વર્તતી પર્યાય કે : જે ચૈતન્ય અનુવિધાયી પરિણામ છે તે અનાદિ અનંત ઉપયોગમાં જ્ઞાયક જણાઈ રહ્યો છે.


જ્ઞાનની પર્યાયમાં સ્વપર પ્રકાશક શક્તિ પ્રગટ છે. જ્ઞપ્તિ એટલે ક્રિયા. વર્તમાન વર્તતા જ્ઞાનમાં ક્ષયોપશમમાં જાણવાની વ્યક્તિમાં જ્ઞાયક પણ પ્રતિભાસે છે અને દેહાદિ પણ પ્રતિભાસે છે. બન્ને પ્રતિભાસે છે તેવી એક સમયની એક પર્યાયમાં સ્વચ્છતા છે. બન્નેનાં પ્રતિભાસ છે. પણ દેહાદિ અને રાગાદિના પ્રતિભાસને ઉપયોગાત્મક કરી; તેમાં 'હું' પણાની બુદ્ધિ કરે છે. અને જે દેહાદિ, રાગાદિનો પ્રતિભાસ હોવા છતાં તેને ઉપયોગઆત્મક ન કરતાં; અરે ! મને તો "જાણનાર જણાય છે" તેમ એ માને તો અનુભવ થાય. જ્યારે કોઈ આત્મા આ પ્રકારે ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર બંધ કરશે ત્યારે ઈ... જે જ્ઞાનમાં જ્ઞાયક જણાઈ રહ્યો છે તેને પ્રત્યક્ષ અનુભવમાં આવશે. સહેલામાં સહેલો આ ઉપાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





આ ૧૭, ૧૮ ગાથામાં કહ્યું છે. પછી જ્ઞાની ભેદથી એમ પણ કહે કે : તને આ (પર) નથી જણાતું, પણ તારી જ્ઞાનની પર્યાય જણાય છે. પર જણાય છે ત્યારે આત્મા જણાય છે તેમ કહે તો તે સમજી શકતો નથી.

૩૦

"જાણનારો જણાય છે" તેને જ જાણવું એ જ સ્વભાવ છે; જેમાં અનુભવ થાય એ જ એનો સ્વભાવ હોય ને ?

૩૧

કેવળ "જાણનારો જ જણાય છે" કેમકે જ્ઞાન જાણનારનું છે; પરનું નથી તેમજ સ્વપરનું પણ નથી.

૩૨

કરવાપણું છોડીને "જાણનાર જણાય છે" તેવો પ્રયોગ કર તો અનુભવ થઈ જશે.

૩૩

એક અંતર્મુહૂર્ત પ્રેક્ટિસ તો કર કે "જાણનાર જણાય છે" તેના ફળમાં તને આનંદ આવશે. આત્માને જાણવાથી અનુભવ થશે. સંસારનો અંત આવશે. વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ થશે.

૩૪

જ્ઞાનથી જાણનારો તાદાત્મ્ય હોવાથી ; "જાણનારો જ જણાય રહ્યો છે", માટે જ્ઞાનમાં જ્ઞાયકનો જ અનુભવ થાય છે.

૩૫

"જાણનારો જણાય છે", આ વાત સાચી લાગ્યા વિના ભૂત, વર્તમાન, ભાવિમાં અનુભવ થઈ શકતો નથી.

૩૬

આત્માને જાણવા માટે "જાણનારો જણાય છે" તેવો ક્ષયોપશમ ખીલવો જોઈએ.

૩૭

"જાણનારો જ જણાય છે", અને જાણનારને જ જાણું છું તે સમ્યક્ એકાંત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે કેમકે તેમ લેવાથી દૃષ્ટિ પ્રગટ થાય છે.

૩૮

"જાણનાર જણાય છે", તેવા અભિપ્રાયમાં અતીન્દ્રિય જ્ઞાનનો જન્મ થાય છે.

૩૯

સૌ પ્રથમ એણે જીવનું સ્વરૂપ ખ્યાલમાં લેવું જોઈએ. એ જો ન ખ્યાલમાં આવે તો "જાણનાર જણાય છે" તેમાં ઉપયોગ ક્યાંથી લાગે ? જાણનાર છે તેનું સ્વરૂપ શું છે ? અને શું નથી ? તે ખ્યાલમાં આવ્યા વિના માત્ર જાણનાર, જાણનાર કરે તો કંઈ ન વળે.

૪૦

"જાણનાર જ જણાય રહ્યો છે" અને "જાણનાર ને જ જાણે છે", એવા ઉત્કૃષ્ટ ભાવમાં સહજ અનુભવ થાય છે.

૪૧

જાણનારને જાણીશ ! આત્માને જાણીશ ! જાણીશ !! તો ક્યારેય નહીં જણાય. જાણનાર અત્યારે જાણવામાં આવી રહ્યો છે તો જાણવામાં આવી જશે.

૪૨

ફૂલ એમ નથી કહેતું કે તું મને સૂંઘ ! આત્મા પોતાને જાણવાનું છોડીને સુગંધ-દુર્ગંધને જાણવા જતો નથી. છતાં મૂઢ પ્રાણી "મને જાણનાર જણાય છે" એમ ન સ્વીકારતાં મને સુગંધ દુર્ગંધ જણાય છે એમ જાણી સ્વભાવથી ભ્રષ્ટ થઈ જાય છે.

૪૩

અરે ! તને 'જાણનારો જણાય રહ્યો છે" તારી વારે વાર છે સ્વરૂપ ચોખ્ખું બહાર આવી ગયું છે.

૪૪


જે જ્ઞાન જ્ઞાયકને જાણે; જે જ્ઞાન જાણનારને જાણે તે જ્ઞાન. હવે પરને જાણે તેવા જ્ઞાનથી જોવામાં આવે તો જ્ઞાયક જોવામાં આવતો નથી. પરિણામને જાણે તેવા જ્ઞાન દ્વારા પણ આત્મા જણાતો નથી. અરે ! હું રાગને જાણું છું તેવા અજ્ઞાન દ્વારા પણ આત્મા જણાતો નથી. દેહ મને જણાય છે તેવા જ્ઞાન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





દ્વારા પણ આત્મા જણાતો નથી.

ભગવાનની પ્રતિમા મને જણાય છે તેવા જ્ઞાન દ્વારા પણ "જાણનાર જણાતો નથી" સાક્ષાત તીર્થંકર ભગવાનને જાણનારું જ્ઞાન એટલે અજ્ઞાન તેના દ્વારા પણ આત્મા જણાતો નથી. ભગવાને નવ તત્ત્વો કહ્યાં છે, તે નવ તત્ત્વોને જાણનારું જ્ઞાન એટલે કે અજ્ઞાન તેનાં દ્વારા પણ આત્મા જણાતો નથી.

**જિજ્ઞાસા** : આત્મા કઈ નયથી જણાય ?

**સમાધાન** : શુદ્ધ નિશ્ચયનયથી. જે જ્ઞાન આત્માની સન્મુખ થાય, "હું જાણનાર છું અને કેવળ જાણનાર જ જણાય છે" એવું જ્ઞાન આત્માની સન્મુખ થાય તેમાં કેવળ આત્મા જ **જ્ઞેય** થાય અર્થાત્ જણાય.

જણાય એટલે કે જણાઈ રહ્યો છે તે જણાય તે જ્ઞાનને પરમાત્મા શુદ્ધનય કહે છે તેવા જ્ઞાન દ્વારા આત્મા જણાય છે.

**૪૫**

જાણનારો જણાય છે તેનું નામ → મોક્ષ.

પર જણાય છે તેનું નામ → સંસાર.

**૪૬**

ધ્યાન આપવા લાયક વાત આ એક જ છે, કે "નિરંતર જાણનારો જણાય છે."

**૪૭**

જાણનાર જાણવામાં આવી રહ્યો છે માટે તો જાણનાર જાણવામાં આવે છે. (એક સામાન્ય બીજું વિશેષ.)

**૪૮**

**જિજ્ઞાસા** : "જાણનારો જણાય છે" પણ જાણનારનું સ્વરૂપ શું છે ?

**સમાધાન** : "જાણનાર જણાય છે" એવો ભાવ આવે છે, છતાં... જાણનાર કેમ જણાતો નથી ? સૌ પ્રથમ તો તેને જીવતત્ત્વ સંબંધી ભૂલ છે, જેવું જીવનું સ્વરૂપ છે તેવું લક્ષમાં લીધું નથી. તેણે ચારેબાજુથી દ્રવ્યનો નિશ્ચય શોધવો પડે અને પછી પર જણાતું નથી તેવો નિષેધ નથી આવતો. માનો કે પર જણાતું નથી તે પણ આવી જાય તો પણ "જાણનાર જણાય છે" તે અંતરંગથી કેમ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવતું નથી ?



૪૯

આ "જાણનારો જણાય છે તે હું છું." જાણે છે તે 'હું' નથી.

૫૦

**જિજ્ઞાસા** : આત્મા પરને જાણતો નથી અને જાણનાર જણાય છે તો મારો પ્રશ્ન છે કે આ રૂપી પદાર્થને કોણ જાણે છે ?

**સમાધાન** : રૂપી પદાર્થોને ઇન્દ્રિયજ્ઞાન જાણે છે, અરૂપી પદાર્થોને મન જાણે છે; તારો આત્મા એને જાણતો નથી. આત્મા તો આત્માને જાણે છે. અજ્ઞાનીને પણ આવું ફંકશન ચાલુ છે. સ્વીકાર કરે તો અનુભવ થાય.

૫૧

નિષેધ કરે, ભેદજ્ઞાન કરે, કે : હું પરને જાણતો જ નથી; "જાણનાર જણાય છે" તો અવશ્ય અનુભૂતિ થાય છે. આ અનુભવની પ્રક્રિયાની વાત છે.

૫૨

"જાણનાર જણાય છે", અને ખરેખર પર જણાતું નથી. ખરેખર પર જણાતું નથી તેમાં પ્રતિભાસ રહી ગયો અને પ્રતિભાસનું લક્ષ છૂટી ગયું અને સ્વનું લક્ષ થઈ ગયું.

૫૩

નિક્ષેપો જણાતાં નથી એટલે પરજ્ઞેય જણાતું નથી. "જાણનારો જ જણાય છે." નિક્ષેપને જાણવાનું બંધ થઈ ગયું અને સ્વજ્ઞેય જણાયું. કોઈ આચાર્યે નિક્ષેપને માટે પરજ્ઞેય જાહેર કર્યું છે. નામ, સ્થાપના ભાવ તેમાં પરજ્ઞેયની પ્રધાનતા છે. જ્યારે પરજ્ઞેયને જાણવાનું બંધ થાય ત્યારે નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે કાંઈ જણાતું નથી. એકલા સ્વપ્રકાશકમાં જ અનુભવ થાય છે.

૫૪

"જાણનારો જણાય છે ; તે જ હું છું" તેમ કરીને અંદરમાં ઊતરી જાય છે.

૫૫

"જાણનારો જણાય છે" તે તો ખરેખર જાણનાર જ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૫૬

આ વાતની પાછળ પડી જવા જેવું છે કે : "જાણનારો જણાય છે" અને ખરેખર પર જણાતું નથી.

## ૫૭

આત્મા ખરેખર પરને જાણતો જ નથી અને જાણનારને જ જાણે છે એ વાત જો અંદરથી ઊગી જાય; અને અંતરથી શલ્ય નીકળી જાય, છૂટી જાય; તો આત્માનો અનુભવ થઈ જાય. હું પરને જાણતો નથી એટલામાં તો જાણનારો જણાય જાય છે.

**જિજ્ઞાસા** : બસ, એટલામાં જાણનાર જણાય જાય છે ?

**સમાધાન** : હા. પરને જાણું છું ઈ... શલ્ય ગયું ને ? તો ઇન્દ્રિયજ્ઞાન રોકાઈ ગયું, અને જાણનારો જણાય જાય છે. આત્માના અનુભવ સિવાય કોઈ ધાર્મિક ક્રિયા નથી.

## ૫૮

"હું જાણનાર છું અને જાણનારો જણાય છે" એવા વિચારમાં પણ મુક્તિનો અનુભવ થાય છે.

## ૫૯

શાસ્ત્ર લખીએ છીએ, કલમ ચાલે છે, ત્યારે "જાણનારો જણાય છે" ઉપાદાન જણાય છે. નિમિત્ત ઝળકે છે પણ જણાતું નથી. કેમકે અમારું લક્ષ નિમિત્ત ઉપર નથી.

## ૬૦

પૂજામાં બેઠાબેઠા મને તો "જાણનારો જ જણાય છે" એમ જ્યાં પરોક્ષમાં આવ્યો અને ભેદ છૂટતાં ત્યાં બેઠાબેઠા જ પ્રત્યક્ષ થાય. પૂજામાં બેઠાબેઠા ભવનો અંત કરી નાખ્યો.

## ૬૧

"જાણનાર જણાય છે" તે વાત એવી છે કે મડદાં જીવિત થઈ જાય. સર્વજ્ઞ ભગવાન કહે છે, સમયસાર કહે છે, તું 'હા' પાડ ને ? તને તેમાં લાભાલાભ જ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૬૨

“જાણનાર જણાય છે” તે સમયે જાણેલાનું શ્રદ્ધાન થાય છે અને મગ્નતા પણ થાય છે.

૬૩

એક જાણનાર ને પકડી લ્યે કે “હું જાણનાર છું, અને કરનાર નથી”, કોનો કરનાર નથી ? તેમાં ભાગલા નથી. મિથ્યાત્વનો કરનાર નથી અને વીતરાગભાવનો એ કરનાર નથી. “થવા યોગ્ય થાય છે, તેમાં જાણનારની પ્રસિદ્ધિ છે” કરનારની નથી.

૬૪

**અસ્તિ નાસ્તિ અનેકાંત “જાણનારો જણાય છે” અને ખરેખર પર જણાતું નથી.**

૬૫

આટલું આટલું તને કહીએ છીએ કે “જાણનાર જણાય છે” પર તને જણાતું નથી અને પરનો જાણનારો તને બતાવ્યો. જેમ પરનો કર્તા બતાવ્યો તો શલ્ય નીકળી ગયું; તેમ પરનો જ્ઞાતા-જાણનાર ઇન્દ્રિયજ્ઞાન છે; હવે તો જ્ઞાતાનું શલ્ય કાઢ.

૬૬

જાણનારને જાણ્યા વિના પરિણામને જાણવા જશે તો પર્યાયમાં અહમ્ બુદ્ધિ થશે. જેને જાણે તેનું શ્રદ્ધાન થાય. માટે આત્માને જાણતાં જાણતાં પર્યાયને જાણે તો અહમ્ બુદ્ધિ થતી નથી.

૬૭

**જિજ્ઞાસા :** જૈનનું સ્વરૂપ શું ?

**સમાધાન :** જાણનારને જ જાણે છે, પર નથી જણાતું તે જૈનનું સ્વરૂપ છે.

૬૮

જેટલી મહેનત કરવી હોય એટલી આમાં કર કે “મને જાણનારો જણાય છે; ખરેખર પર જણાતું નથી.”

૬૯

આજમાન, કાલમાન, ચાહે અનંતકાળ બાદ માન પરંતુ માનવું તો આજ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પડશે કે : “જાણનારો જણાય છે; ખરેખર પર જણાતું નથી.”



૭૦

**ભલેને તું ‘ના’ પાડ; કે : મને જાણનારો નથી જણાતો છતાં પ્રભુ ! તારી પર્યાયમાં તું અત્યારે જણાય રહ્યો છો હોં !!!**

૭૧

**“જાણનાર જણાય છે અને ખરેખર પર જણાતું નથી” તેવા ભાવે જ્ઞાની થઈ ગયા, જ્ઞાની છે અને જ્ઞાની થશે.**

૭૨

સંતોની વાણી કાને પડવી મુશ્કેલ અને તેનું ઊંડાણથી અધ્યયન ભાગ્યશાળી કરી શકે. હવે જો અજ્ઞાનમાં પણ સ્વપરનો પ્રતિભાસ ન થતો હોત, અને એકલો પરનો જ પ્રતિભાસ થતો હોત તો તેને જાણનારો જણાય જ નહીં. તો પછી બાળ-ગોપાલ સૌને સદાકાળ અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવે છે ઈ સૂત્ર ખોટું પડી જાય. અભવી હો કે ભવી હો બન્નેને તેના જ્ઞાનમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે. માટે ભેદજ્ઞાનનો અવસર રહી ગયો છે. ઓહો ! મારા જ્ઞાનમાં મારો જ્ઞાયક જ જણાય છે, તેમ પ્રભુ ફરમાવે છે. તેમ મારા શ્રીગુરુ ફરમાવે છે. મારો પરમાત્મા મને જણાય છે ? આહા...!! આ શું ? એમ જરા વિચાર કરીને પરનું લક્ષ જો છોડે તો સ્વનું લક્ષ થઈ જાય છે.

૭૩

પોતાની યોગ્યતા અને ગુરુગમ, કે : તને “જાણનાર જણાય છે” તને તારો પરમાત્મા જણાય છે તેવું જ્ઞાન સમયે સમયે પ્રગટ થાય છે. ભગવાને જોયું કે ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં પર જ્ઞેય નથી. માટે પરજ્ઞેયને જ્ઞાન જાણતું પણ નથી. અને જે અભેદ છે તેને જ જ્ઞાન જાણ્યા કરે છે.

૭૪

પહેલાં પર જણાતું નથી અને “જાણનાર જણાય છે.” પછી સાધક થયો તો પર જણાય છે તે તેને વ્યવહાર છે પરંતુ પહેલાં વ્યવહાર નથી અજ્ઞાન છે.

૭૫

વિધિ-નિષેધનો વિકલ્પ છૂટવા માટે આવે છે. પહેલાં દ્વેષનો વિકલ્પ પર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





નથી જણાતું તે છૂટી જાય છે. પછી "જાણનારો જ જણાય છે" તે વિધિરૂપ વિકલ્પ છૂટી અને "જાણનારો જણાય જાય છે."

૭૬

જ્યારે શરીરને જાણવામાંથી કાઢશો ત્યારે "જાણનારો જણાશે."

૭૭

કઈ રીતે વેલ વીંટળાઈ છે ? "હું જાણનાર છું, મને જાણનારો જ જણાય છે."

૭૮

(૧) ધ્યેયરૂપ સ્વપ્રકાશક → જાણનાર (જ્ઞાયક) જણાય છે.
(૨) જ્ઞેયરૂપ સ્વપ્રકાશક → પરિણામી જ્ઞાયક જણાય છે.
(૩) ભેદરૂપ સ્વપર પ્રકાશક → જ્ઞાનની પર્યાય જણાય છે.

૭૯

જણાય છે એ ચીજ જણાતી નથી, પરંતુ "જાણનારો જણાય છે." આ મંત્ર યાદ રાખવો. આમાં સમ્યક્જ્ઞાન પ્રગટ થવાની વિધિ ભરેલી છે.

૮૦

આની ધૂન લાગવી જોઈએ કે : "હું જાણનાર છું અને મને જાણનારો જણાય છે."

૮૧

ધર્મીના અંતરની ખુમારી તો જુઓ !! જગતમાં હું એક જ છું." જાણનાર જ મને જણાય છે." બીજા સાથે મારે જાણવાપણાનોય સંબંધ નથી.

૮૨

મને એટલી ખબર છે કે : હું જાણનારો છું અને "જાણનારો જ જણાય છે." અને જાણનારને જ જાણું છું. એટલે મારું નામ જ્ઞાતા છે. બીજી કાંઈ મને ખબર નથી. આટલી જાણકારી છે માટે હું જ્ઞાતા છું.

૮૩


પરનો જાણનાર તને જુદો બતાવ્યો, હવે "જાણનાર જણાય છે" તેમાં આવ ને ? કોણ જાણે છે શબ્દ ને ? એ કર્ણઇન્દ્રિય એટલે કાન'નો ઉઘાડ જુદો અને જ્ઞાનનો ઉઘાડ જુદો. કાનનો ઉઘાડ પરની પ્રસિદ્ધિ કરે છે. જ્ઞાનનો ઉઘાડ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





સ્વની પ્રસિદ્ધિ કરે છે.

૮૪

"પર જણાતું નથી જાણનારો જણાય છે" તેમાં તો અનંતો પુરુષાર્થ છે. તેમાં વિધિ-નિષેધ છે. પહેલાં નિષેધનો વિકલ્પ હોય છે, પછી નિષેધનો વિકલ્પ જાય છે, અને પછી વિધિનો વિકલ્પ પણ જાય છે.

પ્રથમ પક્ષમાં તો આવ કે : "જાણનાર જણાય છે, પર જણાતું નથી." પક્ષાતિક્રાંત તો બાદમાં. પક્ષમાં આવે તો ઘણું છે. નિર્ણય તો કર. બાળ-ગોપાળ સૌને જણાય છે, તેવો પાઠ છે એમ કબૂલ કર. ૧૭, ૧૮મી ગાથા સાચી છે તેમ તો કહે. તેમાં પર જણાય છે તેમ લખ્યું છે ? બાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા જ જણાય છે. એકલું સ્વપ્રકાશક લીધું છે. નકાર કરે છે મને જાણનાર જાણવામાં નથી આવતો તે અજ્ઞાન પોષક વાત છે.

૮૫

"જાણનાર જણાય છે"' તેમ જે જાણે છે તે જૈન છે.

પહેલું ધ્યેય ફરે છે, પછી જ્ઞેય ફરે છે. ધ્યેય પર્યાયથી સહિત માન્યું છે, પણ પર્યાયથી રહિત જ હોય. પ્રથમ નંબર ધ્યેયનો છે. ત્રણેકાળે ધ્યેય બંધ-મોક્ષથી રહિત જ છે. પર્યાયથી સહિત માને છે તે તેની કર્તાબુદ્ધિ છે. અને પર્યાયથી રહિતમાં આવ્યો તે અકર્તામાં જ આવી ગયો. અને હું પરને જાણતો નથી, "જાણનાર જ જણાય છે" તો જ્ઞેય ફરે છે. સવિકલ્પ દશામાં જ્ઞેય ફરે છે. પછી નિર્વિકલ્પ ધ્યાનમાં આત્મા જ્ઞેય બની જાય છે. આવી વસ્તુ સ્થિતિ છે.

૮૬

જેને સમ્યક્‌જ્ઞાન થવાનો કાળ પાકે છે તેને આ વાત આવે છે કે : "જાણનારો જણાય છે."

૮૭

"જાણનારો જણાય છે" તેવા જાણનારનો જાણકાર હોવાથી જ્ઞાતા છે.

૮૮

"જાણનાર છું અને તે જ જણાય છે", એટલું જાણો. તેમાં થવા યોગ્ય થઈ જશે અને જણાવા યોગ્ય જણાય જશે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



૮૯

"ભિન્ના ભાવા નો દ્રષ્ટા" તે નક્કી કરનાર કોણ છે ? અંતર્મુખ થયેલું જ્ઞાન "જાણનારો જણાય છે" તે કહે છે. રાગ મારામાં નથી તેમ હું જાણું છું. અનાદિથી ખરેખર તો રાગ જ તેનું ધ્યેય બની ગયું છે. તેને સમ્યક્દર્શન થશે કે કેમ ? તે તો કેવળી જાણે ? અમારી જીભ તો ઊપડતી નથી.

૯૦

જો સજાગ હોય તો મનનો વિષય તિરોભૂત થઈ જાય છે અને "જાણનારો જણાય છે." અને જો સજાગ ન હોય તો જાણનારો તિરોભૂત થઈ જાય.

૯૧

ધર્મ તો સહજ થાય. સહજ છે, સુગમ છે, પરમ સત્ય છે. બહુ લાંબું કરો તો લપસી જવાય અને ટૂંકું કરો તો ટકી જવાય. "જાણનાર છું અને જાણનારો જણાય છે" તેમ ટૂંકું કરો ને ?!

૯૨

૧૭, ૧૮ ગાથામાં આ જાણનારો અનુભવમાં આવે છે એટલે કે "જાણનારો જણાય છે." કેટલું સ્પષ્ટ છે.

૯૩

જાણનાર જાણનારને નથી જાણતો તેમાં જાણનાર જણાય જાય છે. 'નથી' શબ્દ લગાવ્યો તો ભેદનું લક્ષ છૂટી ગયું.

"જાણનારો જણાય છે" તે જે આ શબ્દ છે તે અનાદિ અનંતનો શબ્દ છે. આ સૂત્ર નવું નથી. કેમકે "જાણનારો જણાય છે." તે બધા જીવને જણાય રહ્યો છે. બધા જીવને "જાણનારો જણાય છે." શરીર - કુટુંબ - કબીલા જણાતાં નથી પર જણાતું નથી "જાણનારો જણાય છે" એવો મંત્ર છે.

૯૪

**જિજ્ઞાસા :** આત્મા પરને કેમ જાણતો નથી ?

**સમાધાન :** તેનો પરને જાણવાનો સ્વભાવ નથી માટે જાણતો નથી. જાણનારને જ જાણે છે. ઈ... આત્માનું જ્ઞાન જાણનાર ને જાણવાનું છોડીને રાગાદિ દેહાદિને જાણવા જતું જ નથી. આવો જ્યારે ભેદજ્ઞાનનો પ્રકાર ભજે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે. "જાણનાર જણાય છે", ને ખરેખર પર જણાતું નથી. ત્યારે એને આત્મદર્શન થાય છે. સમ્યક્‌દર્શન થઈ જાય છે. અને સાધના કરીને તે અલ્પકાળમાં પરમાત્મા થાય છે.

૯૫

"જાણનારો જણાય છે", તેનું નામ સમ્યક્‌જ્ઞાન. કેમકે જેવું હતું તેવું જાણ્યું માટે.

૯૬

પરજ્ઞેયોથી જ્ઞાન વિમુખ થતું થકું જ્ઞાન "જાણનારો જણાય છે" આમ લેતાં પર જ્ઞેયોથી વિમુખ થઈને જ્ઞાન સ્વજ્ઞેયમાં આવી જાય છે. "જાણનારો જણાય છે પર જણાતું નથી" આ જ્ઞેયોથી વિમુખ થયેલું જ્ઞાન છે.

૯૭

"જાણનારો જણાય છે" એમાં જ જણાઈ જશે. ગેરંટી છે. સર્વજ્ઞ ભગવાનની ગેરંટી છે. આબાળ-ગોપાળ સર્વને ભગવાન આત્મા જણાય જ રહ્યો છે. "જાણનારો જણાય છે" તેનાં દર્શન કર તો જણાય જશે.

૯૮

ધ્યેયનું સ્વરૂપ શું ? જ્ઞેયનું સ્વરૂપ શું ? ધ્યાનનો વિષય શું ? ધ્યાન કોનું કરવું ? ધ્યેયનું ધ્યાન કેમ થાય ? તો કહે - પરને જાણવાનું બંધ કર ! "જાણનારો જણાય છે" ત્યારે એ જ્ઞેય થાય તો અનુભવ થાય.

૯૯

ઉપયોગમાં રાગ આવ્યો નથી. ઉપયોગમાં તો સ્વચ્છતા છે. રાગ જાણવામાં એ આવતો નથી. "જાણનાર જણાય છે" આજ ભ્રાંતિ ટાળવાનો ઉપાય છે.

૧૦૦

આ દીકરાઓ ભિન્ન છે તેમ જાણું છું. પણ જાણો છો કોને ? કયું જ્ઞેય બન્યું તમારાં જ્ઞાનમાં વર્તમાનમાં ? હાય ! હાય ! જાણવામાંથી કાઢી નાખશો પુત્રને ? જાણવામાંથી કાઢી નાખશો ત્યારે "જાણનાર જણાય જશે." કઠિન વાત છે થોડી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૧૦૧

જાણવામાં જાણવું તેને જાણતો નથી. પણ "હું તો જાણનાર છું" તેમ જાણે છે. ધ્યાનને કરતો તો નથી પણ ધ્યાનને જાણતો પણ નથી. જાણનારને જ જાણે છે.

## ૧૦૨

ઈ... જ્ઞાનમાં એકલો સ્વ "જાણનાર જ જણાય છે", પર જણાતું નથી. તેથી અમે એને શુદ્ધ કહીએ છીએ.

## ૧૦૩

પરની સાથે જ્ઞેય જ્ઞાયકનો વ્યવહાર પણ નથી. "જાણનાર જ જણાય છે" એ વ્યવહાર છે. અભેદપણે જાણનાર જ જાણવામાં આવે છે એ નિશ્ચય છે.

## ૧૦૪

**જિજ્ઞાસા :** જ્ઞાનમાં એ તો સ્વીકાર આવે છે કે "જાણનારો જણાય છે." પણ શ્રદ્ધા અર્થાત્ સમ્યક્દર્શન કેમ પ્રગટ થતું નથી. જ્યારે સમયસાર ૧૭, ૧૮ ગાથામાં તો એમ લખ્યું છે કે જાણેલાનું શ્રદ્ધાન થાય છે.

**સમાધાન :** ૧૭, ૧૮ ગાથામાં જાણેલાનું શ્રદ્ધાન થાય છે તેમ લખ્યું છે તેનો અર્થ એમ છે કે જાણવામાં આવ્યો તેનો અનુભવ થાય છે. તેમ લખ્યું છે. ત્યાં એમ છે કે બાળ-ગોપાળ સૌને અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા જણાય છે. તે પ્રત્યક્ષ નથી પણ પરોક્ષપણે જણાય છે. એટલી વાત સાચી છે. શ્રદ્ધાના વિષયની એમાં વાત નથી. પરંતુ "જાણનાર જણાય છે" એનો સ્વીકાર કરે... તો અનુભવપૂર્વક શ્રદ્ધા પ્રગટ થાય છે.

## ૧૦૫

**જિજ્ઞાસા :** જ્યારે ઉપયોગ સૂક્ષ્મ થાય છે, ત્યારે શું થાય છે ?

**સમાધાન :** એકલો આત્મા "જાણનાર જ જણાય છે" ખરેખર બીજું કાંઈ જણાતું નથી.

## ૧૦૬

જાણનાર છું અને "જાણનાર જણાય છે" લ્યો આમાં બાર અંગ ભણી લીધા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૧૦૭

"જાણનાર જણાય છે" તેને જાણવું અને ફરી ફરીને જાણતાં જ રહેવું અને પરને ન જાણવું તે જ્ઞાનનો સ્વભાવ છે. પરને લક્ષ કરીને જાણવું તેવો જ્ઞાનનો સ્વભાવ જ નથી.

૧૦૮

સર્વસ્વ ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ છું તેમ જ્ઞાયકને જ્ઞેય બનાવવા જાય ત્યાં ઉપયોગ જ્ઞાયકમાં ઘૂસી જાય છે અને દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદ એકાકાર તેનું નામ પણ જ્ઞાયક; અને ધ્યેયનું નામે જ્ઞાયક, અને જ્ઞેય થાય તેનું નામ પણ જ્ઞાયક. ધ્યેયનું ધ્યાન કરે તો એ જ્ઞાયક, અને (નિર્મળ) પર્યાયથી સહિત અનુભવ કરે તો એ જ્ઞાયક. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. જ્ઞેયાકાર અવસ્થામાં જણાયો. તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં છે, પણ બીજો કોઈ આવતો નથી.

જે જાણવામાં આવ્યો તે જણાય છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય જણાતું નથી, જ્ઞેયાકાર અવસ્થાનો ભેદ જણાતો નથી, એ વખતે જ્ઞાયક જણાય છે. જે જ્ઞાયક જણાય છે, "જાણનાર જણાય છે" એમાં ઉપયોગ લાગ્યો ત્યાં તો અનુભવ થઈ ગયો.

૧૦૯

સવિકલ્પ દશામાં ક્રોધ નથી જણાતો "જાણનાર જણાય છે" ત્યાં તો નિર્વિકલ્પ થઈ ગયો.

૧૧૦

જાણનાર છું તો દૃષ્ટિનો વિષય દૃષ્ટિમાં આવી ગયો. અને "જાણનાર જ જણાય છે" તો અનુભવ થાય છે. રહિતની શ્રદ્ધા થાય તો (અનુભવ થાય) રહિતનાં શ્રદ્ધાન વિના ધ્યાન કરે તો અનુભવ ન થાય.

૧૧૧

"જાણનાર જણાય છે" તો અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થાય છે. તેમાં ઉપચારથી આત્મા આત્મજ્ઞાનનો કર્તા છે તેમ જાણવામાં આવે છે. કર્તાબુદ્ધિ નથી.

૧૧૨

(૧) અનાદિનો પ્રવાહ છે → જાણનારો જણાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૨) અનાદિનો મહામંત્ર છે → જાણનારો જણાય છે.



(૩) અનાદિનો મૂળમંત્ર છે → જાણનારો જણાય છે.

જેમ નમોકાર મંત્ર મૂળમંત્ર છે તેમ જાણનારો જણાય છે તે મૂળમંત્ર છે. આ ઋષભદેવભગવાનથી માંડીને મહાવીરભગવાન પર્યંત બધાનો મંત્ર છે. આ અનાદિ અનંત વાત છે નવી વાત નથી.

**૧૧૩**

"જાણનાર જણાય છે"...; "જાણનાર જણાય છે"...; "જાણનાર જણાય છે"...; "જાણનાર જણાય છે"... તો જણાશે. છે... છે... કરે તો અવકાશ છે. નથી જણાતો... નથી જણાતો... નથી જણાતો નથી જણાતો... તો પછી ક્યારે જણાશે ?

**૧૧૪**

"જાણનારો જણાય છે" તેમાં ધ્યેય અને જ્ઞેયના ભેદો સમાઈ જાય છે.

**૧૧૫**

પરને જાણે છે માટે તું જાણનાર છો ? કે જાણનાર જણાય છે માટે તું જાણનાર છો ? આવી વાત અનંતકાળથી સાંભળી નથી. અને સાંભળવા મળે તો વિચાર નથી કર્યો.

**૧૧૬**

થવા યોગ્ય થયા કરે છે; જાણનાર જણાયા કરે છે, જુઓ આ અનુભવની દશા.

**૧૧૭**


જ્ઞાન ! જ્ઞાન તો સ્વચ્છ છે; પણ પર લક્ષવાળી પર્યાય પરને જ્ઞેય બનાવતી, પરમાં અહમ્ કરતો ભાવ અજ્ઞાન ભાવ છે. જ્ઞાનમાં – જ્ઞેયાકાર અવસ્થામાં મને તો "જાણનાર જણાય છે." મને તો "જાણનાર જણાય છે." મને બીજું કાંઈ જણાતું નથી, ત્યારે એ ઉપયોગ અતીન્દ્રિય જ્ઞાનમાં કન્વર્ટ થઈ જાય છે. સામાન્ય જ્ઞાન તે અતીન્દ્રિયજ્ઞાન નહોતું. પણ જ્યારે વિશેષ અંતરમુખી જ્ઞાન થાય ત્યારે તેને અતીન્દ્રિય જ્ઞાન કહેવામાં આવે છે. તેમાં અતીન્દ્રિયજ્ઞાનમયી પરમાત્મા જાણવામાં આવે છે. કોઈ જીવ એમ માને કે મને પર જણાય છે તો તેનું જ્ઞાન અજ્ઞાનમાં કન્વર્ટ થઈ જાય છે. અને તેનું નામ અશુદ્ધ ઉપયોગ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે અને તેની પ્રવૃત્તિથી આખો સંસાર ઊભો થાય છે.

**૧૧૮**

સેંકડો ભવ ધારણ કરીને, સેંકડો શાસ્ત્રો વાંચીને, પણ આ વાત ન મળત એવી દુર્લભ વાત છે → "જાણનારો જણાય છે."

**૧૧૯**

સ્વીકાર કર કે : "જાણનાર જણાય છે." બાળ ગોપાળમાં હું આવી ગયો કે પછી કોઈ બાદબાકી હશે ? બાળ–ગોપાળ સૌને આત્મા જણાય છે કે નહીં ? સમ્યક્‌જ્ઞાનની અપેક્ષા આમાં નથી. એ તો સ્વભાવથી જ જણાયા કરે છે, એવું જ્ઞાન પ્રગટ થાય છે. જેમાં આત્મા જણાય અને પર જણાય નહીં. આ તો ગુણ અને ગુણીના અભેદ થવાની પ્રક્રિયા ચાલે છે. ગુણ એટલે જ્ઞાનની પર્યાય ગુણી એટલે દ્રવ્ય. ભેદ દેખાય તો પર જણાય. અહીંઆ આત્મામાં અભેદ થાય તો પર જણાતું નથી.

પાંચ માણસ પૂછવા આવે, દરિયો ડોળ્યો પણ જાણનારને જાણ્યો નહીં. આગમથી અનંતવાર જાણ્યો પણ અનુભવથી જાણ્યો નહીં. અનુભવથી જાણ્યો તો જ જાણ્યો છે.

**૧૨૦**

**જિજ્ઞાસા :** રાગને જાણવાના કાળે ?

**સમાધાન :** 'ના.' રાગને જાણવાનો કાળ જ ક્યાં છે ? રાગ ઝલકે પણ જણાતો નથી. ત્યારે જાણનાર જાણવામાં આવે છે. જણાય રહ્યો છે તે જણાય જાય છે.

**૧૨૧**

જ્ઞાન જણાય છે, "જાણનાર જણાય છે", તેવો વિકલ્પ આવશે પણ તે વિકલ્પ લંબાશે નહીં.

**૧૨૨**

વ્યવહારનો નિષેધ કરે તો સ્વભાવનો પક્ષ અવ્યક્તપણે આવી ગયો. "જાણનાર જણાય છે" તે વિકલ્પ છે કે નિર્વિકલ્પ ? શ્રદ્ધામાં તો નિષેધ છે કે પરને નથી જાણતો તો તે વિકલ્પ લંબાતો નથી. વિકલ્પ હોવા છતાં જાત જુદી છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૧૨૩

"જાણનાર જણાય છે" તે વિકલ્પ રહે છે. છે વિકલ્પ પણ "જાણનાર જણાય છે" તેમ ઘૂંટે તો વિકલ્પ તૂટી જાય છે. પર નથી જણાતું તેમાં વિકલ્પ લંબાતો નથી, વિકલ્પ તૂટી જાય છે. એક વિધિરૂપ વિકલ્પ અને એક નિષેધરૂપ વિકલ્પ છે.

## ૧૨૪

**"જાણનાર જણાય છે" આ ભાવમાં મોક્ષ જેવી સર્વોત્કૃષ્ટ વસ્તુ મળે છે; તો પર જણાય છે એના ફળમાં નિગોદ જેવી નિકૃષ્ટ વસ્તુ જ મળેને ?** એને નિગોદ મળે તે પણ ઓછું છે. એણે જડ થઈ જવું જોઈતું હતું, એટલું મોટું પાપ છે.

## ૧૨૫

સાધકને થવા યોગ્ય થાય છે → તે સમ્યક્ ઇન્દ્રિય જ્ઞાન છે.

"જાણનારો જણાય છે." → તે અતીન્દ્રિય જ્ઞાન છે.

## ૧૨૬

"જાણનારો જણાય છે" પર નહીં, એમ કરીને પણ જ્ઞાન આત્મ સન્મુખ થઈ જાય છે.

## ૧૨૭

"જાણનારો જણાય છે", તેમ જણાય છે તેનું નામ અનુભવ છે.

## ૧૨૮

**જિજ્ઞાસા :** કેવો જાણનારો જણાય છે ?

**સમાધાન : એ... એકલી જ્ઞાન અને આનંદની મૂર્તિ જ જણાય છે.**

## ૧૨૯

દીવાના ત્રણ ધર્મો !! પ્રકાશક, પ્રકાશ અને પ્રકાશ્ય છે. તેમ આત્મા જ્ઞાન છે, જ્ઞેય પણ છે અને જ્ઞાતા પણ છે. આત્મા જ્ઞાતા અને આ બહારના પદાર્થો મારું જ્ઞેય તે ભ્રાંતિ છે. તે વ્યવહાર નથી. તે ભ્રાંતિ છોડી દે હવે. હું એને જાણતો નથી. "જાણનાર જણાય છે" તેમાં આવી જાવ હવે. **છ મહિના વધારેમાં વધારે અભ્યાસ કરીશ તો તને અનુભવ થઈ જશે.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૧૩૦

દરેક વાતમાં આ સૂત્ર લગાડ કે : "થવા યોગ્ય થાય છે : જાણનારો જણાય છે." તો નિધિ મળી જાય.

૧૩૧

જેમાં બધું જ જણાય છે તેવો એક "જાણનારો જણાય છે."

૧૩૨

માનો ન માનો, લક્ષ કરો ન કરો, સમજો ન સમજો; તો પણ જાણનારનું જણાવું અનિવાર્ય છે. અર્થાત્ "જાણનારો જણાય છે" તે અનિવાર્ય છે.

૧૩૩

"જાણનારો જણાય છે" બાળગોપાળ સૌને લખ્યું કે ન લખ્યું ? ઊંઘમાં પણ જણાય સૌને. એક ઇન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, પાંચ ઇન્દ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી બધાને એવું જ એક જ્ઞાન પ્રગટ થાય છે કે : "જાણનારો જ જણાય" છે, પર ન જણાય અને જે પરને જાણનારું જે જ્ઞાન પ્રગટ થાય છે તે ઇન્દ્રિયજ્ઞાન પરને જાણી તેમાં મમતા, રાગ-દ્વેષ કરીને દુઃખી થાય છે.

હવે "જાણનારો જણાય છે" એમ જ્યાં સિંહ ગર્જના આવી, ત્યાં ભાવઇન્દ્રિય શિથિલ થઈ તેનો વ્યાપાર બંધ થઈ અનુભૂતિ થઈ જાય છે. પછી ભલે ઇન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થાય પણ તેમાં આત્મબુદ્ધિ ન થાય.

૧૩૪

ભગવાન મહાવીરે કહ્યું, સીમંધર ભગવાને કહ્યું, તેના સંતોએ કહ્યું અને એની પરંપરામાં આ આવ્યું, અને ભવિષ્યમાં પણ આ જ આવવાનું છે કે "જાણનારો જણાય છે."

૧૩૫

**"જાણનાર જણાય છે" તેમાં રાગ ઘટતો જાય છે. "જાણનાર જણાય છે" તેમાં વિકલ્પની સ્થિતિ અને અનુભાગ બન્ને ઘટે છે. હું પરને જાણું છું તેમાં સ્થિતિ અને અનુભાગ બન્ને વધે છે. પહેલામાં કષાય ગળે છે કારણ કે સ્વભાવનું સ્મરણ છે.**

૧૩૬

પરને જાણે તે કર્મ → કર્મ ચેતના.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



જાણનારને જાણે તે ધર્મ → જ્ઞાન ચેતના.

૧૩૭

**આ તો વિદેહક્ષેત્રથી સીમંધર ભગવાનની વાણીની વાત આવી છે. "જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી."**

૧૩૮

નિશ્ચયમાં પરની અપેક્ષા ન હોય. નિષેધ કર કે "પર જણાતું નથી, અને જાણનાર જણાય છે." તો અનુભવ થાય તો જ્ઞાન પણ જણાય અને આનંદ પણ જણાય. તો નિશ્ચિયથી સ્વપર પ્રકાશક છે. આનંદ પર હોવા છતાં નિશ્ચયમાં પ્રદેશભેદ નથી. (જ્ઞેયમાં) આત્મા અને જ્ઞાનનાં એક પ્રદેશ છે.

૧૩૯

દરિયો ડોળ્યા પછી આવવાનું તો અહીંઆ છે, "જાણનારો જણાય છે." જણાશે નહીં.

૧૪૦

"જાણનારો જણાય છે" તેની ઊંડી તપાસ (ચિકાશ) કરવા જશે ને તો અનુભવ નહીં થાય. "જાણનારો તે તો હું જ છું" તો પછી "જાણનારો જણાય છે" તેમાં પરના લક્ષનો નિષેધ થઈ જાય છે.

૧૪૧

જે જણાય રહ્યો છે જાણનારો તેને જ જાણવાનું છે અને તે જણાય જાય છે અને શુદ્ધોપયોગ પ્રગટ થઈ જાય છે.

૧૪૨

પરને જાણવાનું મારા સ્વભાવમાં અશક્ય છે. જાણે છે ને પાછો ફરે છે એમ નથી. પહેલાં પરને જાણે અને પછી પાછો ફરે તેમ નથી. ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે અને જ્યાં "જાણનાર જણાય છે" ત્યાં તો ઇન્દ્રિયજ્ઞાન પાછું ફરી જાય છે. ત્યાં તો આત્માના દર્શન થઈ જાય છે. ધર્મ સહેલો છે. અધર્મ તો આત્મા ઉપર બળાત્કાર કરે ત્યારે પ્રગટ થાય. શાસ્ત્રમાં એમ આવે છે કે : આત્મા પોતાના આત્મા ઉપર બળાત્કાર કરે ત્યારે વિકલ્પની ઉત્પત્તિ થાય છે. બાકી જાણનાર તો સહજ જણાયા જ કરે છે. એવી અપૂર્વ વાત આ શાસ્ત્રમાં છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૧૪૩

"જાણનારો જણાય છે" તેમ જાણવાનું ભૂલીને અથવા મને બધું જ જણાય રહ્યું છે તેમ જાણવાનું ભૂલીને જ્ઞાન ખંડ ખંડ થાય છે.

૧૪૪

હે ! ભવ્યો !! તમોને "જાણનાર જણાય" રહ્યો છે; તેમ સાંભળીને કોઈ અંતર્મુખ ન થાય તેમ બનતું જ નથી.

૧૪૫

જેટલા સિદ્ધ થયા છે તે જાણનારને જાણતાં થયા છે અને તેમણે પરને જાણવાનું બંધ કર્યું છે.

૧૪૬

પરને જાણવાનું બંધ થયું તો જ્ઞેયભાવ જીતાય જાય છે. અને ભાવકભાવ પણ જીતાય જાય છે. "જાણનારો જણાય છે" તે મહામંત્ર છે. લાયક જીવનું કામ થાય તેવી વાત છે. શોર્ટકટ છે એકદમ. શાસ્ત્ર ભણવાની, સંસ્કૃત શીખવાની કાંઈ જરૂર નથી. ઇન્દ્રિયજ્ઞાનને જીતતા રાગ વગર જીત્યે જીતાય જાય છે.

૧૪૭

શ્રદ્ધાનું જોર આવે તો જ્ઞાન પણ શ્રદ્ધાને આધીન થઈ જાય છે. શ્રદ્ધાનું જોર આવે તો વેક્યુમ બ્રેક વાગે છે. વેક્યુમ બ્રેક → "જાણનારો જણાય છે, પર જણાતું નથી."

૧૪૮

પરને જાણવાનો નિષેધ કરે તો "જાણનાર જણાય જાય છે." તેમાં તારું હિત છે ભાઈ ! પછી પરને જાણે તો વ્યવહાર છે.

૧૪૯

"જાણનાર જણાય છે" તો ધર્મ છે. જ્ઞેય જણાય છે તો કર્મ થાય. ધર્મીના આશ્રયે ધર્મ થાય છે; પરના આશ્રયે કર્મ થાય છે.

૧૫૦

"જાણનાર જણાય છે" તેને અમે એક હજાર નેત્રે નિહાળીએ છીએ. અરે ! "જાણનાર જણાય છે" તેને અમે અનંત નેત્રે જોઈએ છીએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૧૫૧

હું પરને જાણતો જ નથી, મને તો ''જાણનારો જ જણાય છે,'' સંતોનો આ ટંકોત્કીર્ણ મહામંત્ર છે. જાણનારો જાણનારને જાણે છે. 'ના' પાડે, જાણે નહીં તોય જણાય. એવી જ કોઈ એની ઉદારતા છે. એ બાળ-ગોપાળ સૌને જણાયા જ કરે છે. પણ એનો સ્વીકાર ન કરતાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન થાય છે. એ જ્ઞાનનો દોષ છે, ગુણ નથી. જ્યાં જ્ઞાનનો દોષ થાય ત્યાં શ્રદ્ધાનો દોષ અવિનાભાવરૂપે થાય જ.

## ૧૫૨

અત્ર ! તત્ર ! સર્વત્ર ! ''જાણનારો જ જણાય છે.''

## ૧૫૩

''જાણનારો જણાય છે'' તે અખંડ મંત્ર છે. અખંડ ધૂન છે.

## ૧૫૪

''જાણનારો જણાય છે'' તે રક્ષામંત્ર છે.

## ૧૫૫

''હું પરને જાણું છું'' તે મહાપાપનું પાપ છે. હિંસા, જૂઠ, ચોરી, ચારિત્રનું પાપ ક્ષમ્ય છે.'' **''હું પરને જાણું છું'' તે જગતના જીવોને ગુણ લાગે છે. જ્યાં સ્વને ભૂલીને પરને જાણે છે તે એકત્વ બુદ્ધિરૂપે પરિણમી જાય છે. આમ સ્વને જાણવું મહાપુણ્ય નહીં પરંતુ મહાધર્મ છે.** સ્વનો અનુભવ કરવો જાણનારને જાણવો તેમાં ભવનો અંત આવી જાય છે. બસ આટલું જ કરવાનું છે કે ''હું પરને જાણતો જ નથી, એવો જ્યાં ભાવ આવ્યો ત્યાં સ્વ જણાઈ જાય છે. એટલી જ વારમાં સ્વ જણાઈ જાય છે. વધારે વખત એમાં લાગતો નથી.

## ૧૫૬

**પહેલો જાણનાર અને બીજો જાણનાર તે બેનો વિચાર કરેને તો ખ્યાલમાં આવી જાય.** જાણનાર છું ને કરનાર નથી તો અકર્તામાં આવ્યો ને ? અને અકારક-અવેદક તે દૃષ્ટિનો વિષય છે **હવે બીજી લાઈનમાં એમ કહ્યું કે ''જાણનારો જ જણાય છે અને ખરેખર પર જણાતું નથી'' તો સ્વજ્ઞેય આવ્યું કે નહીં ?** જાણવાની વાત આવી કે નહીં ? જે આ દશ ગાથા ચાલે છે એમાં આ સાર છે. **આ સૂત્રમાં બાર અંગનો સાર છે. ખરેખરમાં લોકાલોકનો પ્રતિભાસ થાય**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**છે પણ ઈ જણાતું નથી. તો શું જણાય છે ? જાણનારો જણાય છે. એમ છે એમાં.**



**૧૫૭**

**કદાચિત્ એમ પણ લીધું કે : "જાણનારો જણાય છે." અભેદને લક્ષમાં લીધો તોપણ અનુભવ નથી થતો. કારણ કે અભેદ જ્ઞેય જ્ઞાનમાં નથી આવતું. અભેદ થયું તેમાં પુરુષાર્થ છે.**

**૧૫૮**

**"જાણનાર જણાય છે" તે જ્ઞાનીનું લક્ષણ છે, એંધાણ છે. જ્ઞાની સિવાય એ વાત કોઈ કરે જ નહીં. સર્વ હાલતને વિષે "જાણનાર જણાય છે."**

**૧૫૯**

"જાણનાર જણાય છે" તેમાં સાવધાન છે માટે તેને નવો બંધ થતો નથી. જ્ઞાનીને રાગ બંધનો હેતુ થતો નથી પરંતુ નિર્જરાનો હેતુ થાય છે.

**૧૬૦**

અમૃત જેવી વાત. પરને જાણતો જ નથી જાણનારને જ જ્ઞાન જાણે છે તો નિશ્ચય સ્વપર પ્રકાશક જ્ઞાન પ્રગટ થાય છે. **પરંતુ ક્યારે ? પ્રથમ વ્યવહાર સ્વપર પ્રકાશકનો નિષેધ કરે ત્યારે.**

**૧૬૧**

ટ્રેનમાંથી ઊતરીને સીધું કીધું કે : પંકજ ! "જાણનાર જણાય છે." બીજું જણાતું નથી. પરમ સત્ય વાત છે, ત્રિકાળ અબાધિત વાત છે, સમ્યક્ થાય તેની વાત છે. નિશંક થા...! નિશંક થા.

**૧૬૨**

મને "જાણનારો જ જણાય છે." હું પરને જાણતો જ નથી ત્યારે ઇન્દ્રિયજ્ઞાનને ખોરાક મળતો હતો તે બંધ થઈ ગયો.

**૧૬૩**

અમૂલ્ય મહામંત્ર → "જાણનારો જણાય છે."

**૧૬૪**

(૧) "જાણનારો જણાય છે." → એ જ મંગલ છે.

(૨) "જાણનારો જણાય છે." → એ જ ઉત્તમ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





(૩) "જાણનારો જણાય છે." → એ જ શરણ છે.

ત્રણ લોકમાં આનાથી સર્વોત્કૃષ્ટ કાંઈ જ નથી.

૧૬૫

"જાણનારો જણાય છે" ખરેખર પર જણાતું નથી. આ પ્રેક્ટિસથી જાણનારો સાક્ષાત થઈ જાય છે.

૧૬૬

જાણનાર છું ને કરનાર નથી. જાણનારો કહ્યોને? — ઈ... જ્ઞાયકભાવ છે. ને ઈ... નિષ્ક્રિય છે. તે કોઈની ક્રિયા કરે તેવો નથી. જાણનાર છું ને કરનાર નથી એટલે અકર્તામાં આવ્યો કે નહીં? કર્તાબુદ્ધિ ગઈ કે નહીં? પર્યાયથી રહિત આવ્યું કે નહીં? પહેલો પર્યાયથી રહિત ધ્રુવ આત્મા છે. બીજો પર્યાયથી સહિત થયો. પોતાને જાણવા રૂપે પરિણમે છે આત્મા. એકલો જાણનાર છે તેમાં અનુભવ નહીં થાય. "જાણનારો જણાય છે" ત્યારે અનુભવ થાય.

૧૬૭

**તીર્થંકરનું પેટ ખોલી નાખ્યું → "જાણનારો જણાય છે."**

૧૬૮

**જેટલું જણાય છે તેટલું ઉપાદેય નથી. લક્ષ વગર ઘણું જણાય છે. લક્ષપૂર્વક તો એક "જાણનાર જણાય છે."**

૧૬૯

ચિદ્‌વિવર્તનમાં "જાણનાર જણાય છે." પર્યાયનો વિચાર આવે ને ત્યારે મારા જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે તે પર્યાયનો નિશ્ચય. દ્રવ્યનો નિશ્ચય અકર્તા જ્ઞાયક છું. આમ વારંવાર વિચારવું.

૧૭૦

"જાણનારો જણાય છે" તે પરોક્ષ જણાય છે, તે પ્રત્યક્ષ કેમ થાય તે લાઇન છે. તે પ્રયત્ન ચાલવો જોઈએ. આ માર્ગ ભેદજ્ઞાનનો છે. ઉપયોગ ક્રિયાકાંડમાં જાય છે તે પાછો વાળી દે. રાગને જાણવાનો માર્ગ નથી તો પછી કરવાનો પ્રશ્ન જ નથી.

૧૭૧

મારો દીકરો નથી જણાતો, પણ જ્ઞાનમાં "જાણનારો જણાય છે" તેમ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લેતાં અનુભવ થઈ જાય છે.



**૧૭૨**

પંચ પરમેષ્ઠી અનાદિના છે, તેમ આ મંત્ર અનાદિનો છે. "જાણનાર જણાય છે, પર જણાતું નથી." જેમ પંચ પરમેષ્ઠીમાં કોઈ ફેરફાર થવાનો નથી, ચોથાકાળ, પંચમકાળ, ભૂત, ભવિષ્ય, વર્તમાન ગમે તે કાળ હોય, તેમાં "જાણનાર જણાય છે" તેમાં કોઈ ફેરફાર થવાનો નથી. ગમે તે કાળ હોય.

**૧૭૩**

અનાદિથી જ્ઞાનમાં "જાણનાર જ જાણવામાં" આવી રહ્યો છે. જ્ઞાન છે તો જ જ્ઞાયક જણાઈ રહ્યો છે, અને "જાણનાર જણાઈ" રહ્યો છે તો જ જ્ઞાન લક્ષણ છે.

**૧૭૪**

**અનાદિથી જાણનાર જ જણાય રહ્યો છે. જ્ઞાનમાં જ્ઞાયક જ જણાય છે. (કથંચિત) અભેદ હોવા છતાં એવો ભેદ દ્રવ્ય-પર્યાયની વચ્ચે દેખાય છે તો મિથ્યાત્વ થાય છે.**

**૧૭૫**

**"હું જાણનાર છું અને જાણનારો જણાય છે" તેવો વિચાર વ્યવહાર છે. હું જાણનાર છું અને મને જાણનારો જણાય છે તેવો અનુભવ નિશ્ચય છે.**

**૧૭૬**

આહાહા ! પરને જાણવું ઈ અજ્ઞાન છે. મૂકી દે ને હવે !! જાણનારો એક જ જણાય છે. એકને જ જાણો આ મહામંત્ર છે.

**૧૭૭**

પરનો કર્તા તો નથી, પરંતુ પર જણાતું પણ નથી; જાણનારો જ જણાય છે. તેમ વારંવાર વિચારવું તે વ્યવહારપાત્રતા છે.

**૧૭૮**

જાણનાર છું ને કરનાર નથી તો અકર્તા આવ્યો કે નહીં ? ધ્રુવ આવ્યો. કર્તાબુદ્ધિ ગઈ. કર્તાબુદ્ધિ જાય પછી અનુભવ કેમ થાય ? "જાણનારો જણાય છે" "જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે", ત્યારે અનુભવ થાય. શું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





સમજાણું કાંઈ ?

૧૭૯

"જાણનાર જણાય છે" તે મંગલ પધરામણી છે.

૧૮૦

**જિજ્ઞાસા :** સૂત્રમાં આવે છે કે "હું જાણનાર છું કરનાર નથી. એટલે કે હું પર્યાય વિનાનો ધ્રુવ આત્મા છું. નિર્ણય થઈ ગયો કે "હું જ્ઞાયકભાવ છું." પછી બીજા સૂત્રમાં આવે છે કે : "જાણનારો જણાય છે, ને ખરેખર પર નથી જણાતું." તો ઈ... જાણનારો જે પહેલી લાઇનમાં નક્કી કર્યો તે જ જાણનારો છે ?

**સમાધાન :** ના. ઈ બીજો છે.

**જિજ્ઞાસા :** તો ઈ જાણનાર કેવો છે ?

**સમાધાન :** ઓલો પહેલી લાઇનવાળો જે "જાણનારો જણાય છે તે તો ધ્રુવ જણાય છે. પર્યાયથી રહિત છે. પછી બીજી લાઇનમાં "જાણનારો જણાય છે ને ખરેખર પર જણાતું નથી" એમ આવ્યું. ને ? જાણનારો પોતે આત્મા અપરિણામી અને બીજો પરિણામી "જાણનારો જણાય છે" માટે કર્મ. આમ છઠ્ઠી ગાથાનો પહેલો પારો અને છઠ્ઠી ગાથાનો બીજો પારો બન્ને એમાં છે.

જાણનાર છું ને કરનાર નથી, અકર્તા આવ્યો એટલે દૃષ્ટિનો વિષય આવ્યો એટલે કર્તાબુદ્ધિ ગઈ. બીજી લાઇનમાં "જાણનાર જણાય છે ને ખરેખર પર જણાતું નથી." તો પરને જાણવાની બુદ્ધિ ગઈ, જ્ઞાતાબુદ્ધિ ગઈ. બાર અંગનો સાર છે આ.

૧૮૧

"જાણનાર જણાય છે ને ખરેખર પર જણાતું નથી" તેનો અર્થ સ્વપ્રકાશક થયો.

૧૮૨

"જાણનાર જણાય છે અને ખરેખર પર જણાતું નથી" એટલે કે જેનું લક્ષ છે તે જણાય છે. જેનું લક્ષ નથી તે જણાતું નથી આ મહાસિદ્ધાંત છે.

૧૮૩

સર્વ હાલતને વિષે "જાણનાર જણાય છે." રાગ નિમિત્ત છે ત્યારે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





"જાણનાર જણાય છે."

રાગના સદ્ભાવમાં પણ "જાણનાર જણાય છે" → સવિકલ્પતા. રાગના અસદ્ભાવમાં પણ "જાણનાર જણાય છે" → નિર્વિકલ્પતા.

પાંચ મહાવ્રત જણાતા હોય ત્યારે શું જણાય છે ? "જાણનાર જણાય છે." એક સમય બાદ ન હોય !! અચ્છિન્ન ધારાથી જણાય છે.

૧૮૪

"જાણનાર જણાય છે" તેનાં બીજડાં વવાઈ ગયાં, કોટો ફૂટ્યો અને તેમાં ને તેમાં ફળ પણ આવ્યું.

૧૮૫

"પર જણાતું નથી જાણનારો જ જણાય છે" તો એવી નિશ્ચયનય સ્વાશ્રિત પ્રગટ થાય છે ત્યારે આ સ્વપર પ્રકાશક વ્યવહાર લાગુ પડે. વ્યવહારે સ્વપર પ્રકાશક કહ્યું હોય તો વ્યવહારનો નિષેધ કરવો જોઈએ ને ?

૧૮૬

જાણનાર, જાણનાર, જાણનાર છે. ખારાપણું મીઠાને નિમકને પ્રસિદ્ધ કરે છે. ખારપ મીઠાના દ્રવ્યની પર્યાય છે તે શાકને પ્રસિદ્ધ ન કરે. પર્યાય પોતાના દ્રવ્યને જ પ્રસિદ્ધ કરે છે. તેમ જ્ઞાન જાણનારને જ પ્રસિદ્ધ કરે છે. સ્વીકાર કરે તો જ્ઞાની થઈ જાય છે.

૧૮૭

જાણનાર છે માટે કરવું અશક્ય છે. અને પરને જાણવું પણ અશક્ય છે. કેમ અશક્ય છે ? કે : "જાણનાર જણાય છે માટે."

૧૮૮

ઇન્દ્રિયજ્ઞાનને જીતવાની કળા ! હું પરને જાણતો જ નથી, કારણ કે : "જાણનાર જણાય છે." જાણતો નથી તો પછી કર્તાપણું તો જીતાય જાય ને ?

૧૮૯

**અનંત કેવળીએ કહ્યું છે; તેની સંધિ લાંબી છે. "જાણનારો જ જણાય છે ખરેખર પર જણાતું જ નથી."**

૧૯૦

માત્ર 'જાણવું' લક્ષણ લેવું, તેમાં માત્ર જાણનાર જ જણાય રહ્યો છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૧૯૧

પર્યાયો બધી યોગ્યતા પ્રમાણે પ્રગટ થાય છે. હવે જે પ્રગટ થાય છે પર્યાય તે પર્યાયનો પ્રતિભાસ ઉપયોગમાં આવે છે. હવે ઉપયોગમાં એમ આવે કે : ''જાણનાર જણાય છે'' તો કામ થઈ જાય, હવે જો પર્યાય જણાય તો પર્યાય દૃષ્ટિ થઈ જાય છે. તે પણ તારું જ્ઞેય નથી. પર્યાયથી અભેદ આખો દ્રવ્ય–ગુણ–પર્યાય તે અભેદ જ્ઞેય છે. હવે જાણેલો પ્રયોજનવાન તેમાં શું દોષ લાગે ? પર્યાયને મારી માનું તો દોષ ? 'હા.' દોષ લાગે. કારણ કે તેને તેં જ્ઞેય બનાવ્યું, તો જ્ઞાયક લક્ષમાંથી છૂટી ગયો.

## ૧૯૨

ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે : 'હું' ''જાણનારો જણાય છે'' તેને જાણું છું; આમ ''જાણનાર જણાય છે'' તેમાં આવી જા ને ?

## ૧૯૩

નિરંતર જ્ઞાન આત્માને જાણે છે. તેને નય લાગુ પડતી નથી. એક દ્રવ્ય સ્વભાવ અને એક પર્યાય સ્વભાવ. સ્વભાવને લક્ષમાં લે તો અનુભવ થાય. ''દ્રવ્યને'' દ્રવ્યના સ્વભાવથી જો ! અને 'પર્યાયને' પર્યાયના સ્વભાવથી જો ! તો એક અનુભવ થાય. નયાતીત થવાની આ વિધિ–નામ–પ્રકાર બતાવે છે.

''જાણનારો જણાય છે'' હવે નયોના વિકલ્પોના કોલાહલ બંધ કરો, જો આનંદનો સ્વાદ લેવો હોય તો !! ''જાણનારો જણાય છે''' અર્થાત્ જણાયા જ કરે છે. જ્ઞાન કોઈ કાળે જાણવાનું છોડતું જ નથી. તો પછી કેમ અનુભવ થતો નથી ? તને ક્યાં એ વિશ્વાસ છે કે ''જાણનારો જણાય છે'' હું તો આને જાણું છું ! આને (પરને) જાણું છું !! તારી મતિ વિપરીત છે. નિમિત્તાધીન દૃષ્ટિ છે. નિમિત્તના લક્ષે ''જાણનારો ન જણાય.'' ત્રિકાળી ઉપાદાનના લક્ષે ''જાણનાર જણાય, જણાય ને જણાય.''

લક્ષ ફેરવી નાખ ને ? આ જણાય છે; આ જણાય છે; રહેવા દેને !! ''જાણનારો જણાય છે'' અર્થાત્ જણાયા જ કરે છે. જાણે ને જણાય; જાણે ને જણાય; આ ફંકશન અનાદિનું ચાલે છે. આબાળ ગોપાળ સૌને ભગવાન આત્મા જણાયા જ કરે છે. બોલો ! આ શાસ્ત્રનો આધાર.

જાણે છે તે જ્ઞાનપ્રધાન કથન છે અને આત્મા જણાયા જ કરે છે તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જ્ઞેયપ્રધાન કથન છે. જાણે છે તે જ્ઞાન. અને જણાય છે તે જ્ઞેય. જાણે આત્માને અને જણાય પણ આત્મા. જાણે જ્ઞાન અને જણાય દુકાન એમ નથી.

જ્ઞાન પણ પોતે, જ્ઞેય પણ પોતે, જ્ઞાતા પણ પોતે, એવા ત્રણ ભેદ કરો તો ત્રણ ભેદ છે. ભેદ ન કરો તો અભેદ વસ્તુ છે. જાણે છે ને જણાય છે તેવા સ્વભાવનો સ્વીકાર કરવો તે પુરુષાર્થ છે.

### ૧૯૪

અજ્ઞાન ઉપર એટમબોંબ ફેંક્યો, → "જાણનારો જ જણાય છે ને પરને જાણતો જ નથી."

### ૧૯૫

મારા જ્ઞાનમાં "જાણનાર જ જણાય છે," બીજું કાંઈ જણાતું જ નથી, ત્યારે પરોક્ષ અનુભૂતિ થાય છે.

### ૧૯૬

મુનિરાજ છ મહિનામાં ક્યારેક જ બોલે છે, જે અત્યંત દુર્લભ છે. એવું વચન → "જાણનારો જણાય છે."

### ૧૯૭

**જિજ્ઞાસા :** લક્ષણ અને લક્ષ વચ્ચે અતદ્ભાવ કહ્યો ?

**સમાધાન :** એટલે કે : લક્ષણ તે લક્ષ નથી ને લક્ષ છે તે લક્ષણ નથી. તેનું નામ અતદ્ભાવ, દ્રવ્ય તે પર્યાય નથી, પર્યાય તે દ્રવ્ય નથી તેનું નામ અતદ્ભાવ છે.

**જિજ્ઞાસા :** એટલે સર્વથા ભિન્ન અતદ્ભાવમાં લેવું ?

**સમાધાન :** અહીંઆ અતદ્ભાવની વાત ન કરો પણ જે જીવ છે તે ઉપયોગ નથી, કારણ કે ઉપયોગ અનિત્ય છે. અનિત્ય ઉપયોગ તે નિત્ય જીવ નથી 'આ' છે તે 'આ' નથી. બસ એટલું જ અહીંઆ અતદ્ભાવમાં લેવું !! આ ઉપયોગ છે તે જીવ નથી, અને આ જીવ તે ઉપયોગ નથી. અભાવ ન લેવો. પૃથ્થકપણું ન લેવું. સર્વથા પૃથ્થક ન લેવું. નહીંતર "જાણનાર જણાય છે" તે વાક્ય ખોટું પડી જાય. અતદ્ભાવમાં જ્ઞાન ગુણ છે તે ચારિત્રગુણ નથી ને જ્ઞાનગુણ તે દર્શનગુણ નથી; દર્શનગુણ છે તે સુખગુણ નથી. અંદરમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જુદાઈ છે. અતદ્ભાવે છે. લક્ષણભેદે ભેદ છે. 'આ' છે તે 'આ' નથી. જ્ઞાનગુણ છે તે સુખગુણ ક્યાં છે ? દર્શનગુણ છે તે જ્ઞાનગુણ ક્યાં છે ? અતદ્ભાવ "આ તે નહીં" અંદરમાં જુદાઈ છે.

## ૧૯૮

ઉત્પાદ ધ્રુવને પ્રસિદ્ધ કરે છે એનો નિષેધ કરીને અજ્ઞાની થાય છે. પ્રતિ સમય ઉપયોગ ધ્રુવને પ્રસિદ્ધ કરે છે. "ચેતના ચેતનને પ્રસિદ્ધ કરે છે." વ્યય છે તે ધ્રુવને પ્રસિદ્ધ કરે છે. જ્ઞાનમાં "જાણનાર જણાય છે." ઊપજતો સૂર્યનો પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે. વ્યય થાય ત્યારે પણ સૂર્યને પ્રસિદ્ધ કરે છે.

## ૧૯૯

જાણનાર પ્રતિસમય જાણવામાં આવે છે, પણ જાણતો નથી. જ્ઞાનમાં જણાય છે, પ્રતિભાસ થાય છે, છતાં નિષેધ કરે છે, જણાતો નથી, હકાર કરે તો સમ્યકત્વ થઈ જાય. વિશ્વાસ આવવો જોઈએ. વ્યવહારનો નિષેધ કરે ત્યારે નિશ્ચય પ્રગટ થાય છે. નિશ્ચયના પક્ષમાં આવવું જોઈએ. અભિપ્રાય બદલાવો જોઈએ.

## ૨૦૦

જેને સામાન્ય અનુભવનો સ્વીકાર આવે છે તેને વિશેષમાં પણ અનુભવ થઈ જાય છે. સામાન્ય અનુભવ શું છે ? "જાણનારો જણાય છે" તે સામાન્ય અનુભવ છે.

## ૨૦૧

ઘટિયા ! બઢિયા ! ક્યા ? બાત હી ઈતની હૈ કે : "જાણનાર જણાય છે ને ખરેખર પર નથી જણાતું."

## ૨૦૨

જેનો ઉપયોગ અંતરમુખ થવાનો સમય આવી જાય છે; તેને કોઈ પર પદાર્થ જ્ઞેય તરીકે ભાસિત થતું જ નથી, ત્યારે એકલો જ્ઞાયક જ જ્ઞેય પણે ભાસિત થાય છે. અંદરથી એક જ જ્ઞેય છે. જ્ઞાયક જ જ્ઞેય છે, તેમ જેને ભાસિત થાય છે તેને પરમાંથી જ્ઞેયત્વ બુદ્ધિ નિર્મૂલ થઈ જાય છે. એક જ્ઞાયક જ જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભાસિત થાય છે. તેની દુનિયા બદલી જાય છે. તેનો લોક બદલી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જાય છે. "એક જાણનાર જ જણાય છે" તે ભાસિત થાય છે. આ વાત તેને પરમ સત્યાર્થપણે ભાસિત થાય છે.

## ૨૦૩

**"જાણનાર જણાય છે." – સમકિત, અથવા સમ્યક્ સન્મુખ.**
**પર જણાય છે. → સ્પષ્ટ મિથ્યાદષ્ટિ.**

## ૨૦૪

ચૈતન્યમાં નિત્ય ઉપયુક્ત શક્તિને કારણે "જાણનારો જ જણાય છે, અને જાણનારને જ જાણું છું."

## ૨૦૫

જે જ્ઞાન આત્માને જાણે છે તે જ્ઞાન જ જ્ઞાન છે. તે જ્ઞાન પર જ્ઞેયોથી અત્યંત વિમુખ અને સ્વભાવની સન્મુખ છે. તેમાં માત્ર "જાણનારો જ જણાય છે."

## ૨૦૬

ઉપદેશ તો ઘણા આપે બાકી ઉપાય બતાવવો મુશ્કેલ છે. ભાવ નિક્ષેપે જે તીર્થંકર છે તે તેને જાણતાં નથી. સાક્ષાત્ તીર્થંકર તમારા જ્ઞાનનું જ્ઞેય નથી. નિક્ષેપ બહારમાં ઉતારે છે. અહીંઆ કેમ ઉતારતા નથી ? **સ્થાપના નિક્ષેપે તીર્થંકર ભગવાન બિરાજમાન છે; તેને અમે જાણતાં નથી. કારણ કે નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહ્યો તે જણાતું નથી. ભાવ નિક્ષેપે તીર્થંકર ભગવાન જણાય છે કે નહીં ? કહે : 'ના' અમને તો "જાણનારો જણાય છે."**

## ૨૦૭

**પ્રમાણમાંથી દ્રવ્યનો નિશ્ચય કાઢવો તે પહેલા પ્રકારનું ભેદજ્ઞાન છે. હવે આ બીજા પ્રકારનું ભેદજ્ઞાન કે સ્વપર પ્રકાશક જ્ઞાન તે પણ પ્રમાણજ્ઞાન છે. તેમાંથી જ્ઞાનની પર્યાયનો નિશ્ચય કાઢવો જોઈએ. સ્વપર પ્રકાશક તે પ્રમાણજ્ઞાનનું વાક્ય છે. આખું જગત તેને જ જ્ઞાન માને છે. એટલે તેની ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ ગઈ છે. પ્રમાણમાંથી નિશ્ચય કાઢે તે જિનવચનમાં કુશળ છે. (કાર્તિક અનુપ્રેક્ષા) એટલે સ્વપર પ્રકાશકમાં ભેદજ્ઞાનનો પ્રયોગ કરવો જોઈએ. "જાણનાર જ જણાય છે, ખરેખર પર જણાતું નથી." આમ આમાં પણ ઉપર ઉપરથી સામાન્ય પક્ષ આવે છે. પછી વધારે વધારે ભેદજ્ઞાન થતાં**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





કોઈ અપૂર્વ પક્ષ આવે છે. અને પછી થોડીજ ક્ષણોમાં સેકંડોમાં અનુભવ થાય છે. ઈ... તો પોતાના ઘોલનમાં છે ને અનુભવ થઈ જાય છે. તેથી તમારે આ જાતની પ્રેક્ટિસ કરવી આ એક જ ઉપાય છે.

૨૦૮

ભગવાન ! તું પરને જાણતો જ નથી. પૂ. ગુરુદેવ ફરમાવે છે. એટલે કે તારા જ્ઞાનમાં “જાણનારો જણાય છે.” વાહ રે મારો દિવસ સુધરી ગયો.

૨૦૯

જે પરને જાણતો નથી તેવા જાણનારને જાણું છું. ‘હું જાણનાર છું’ એમ જેને આવ્યું તેને “જાણનારો જ જણાય છે.”

૨૧૦

આ સ્વભાવની વાત આવી છે. પરને જાણતો નથી અને પર જણાતું નથી. “જાણનારો જણાય છે” અને જ્ઞાન જાણનારને જ જાણે છે. આ વાતની જેટલી જે કિંમત કરશે તે નિયમથી મોક્ષગામી જ હશે. એને કેવળજ્ઞાન થઈ જવાનું. એટલી પાકી વાત છે, અને એટલી જ સાચી વાત છે. લખી લ્યો લખાવી લ્યો એવી વાત છે.

૨૧૧

જ્ઞાનીના એક વચન ઉપર વિશ્વાસ કરને !! જ્ઞાનીનું વચન માત્ર આટલું જ છે કે : તને “જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી.” આના ઉપર વિશ્વાસ રાખીને તું અંદરમાં જા, પ્રયોગ કર ! તને એવું જ સ્વરૂપ ભાસશે. અમારી ગેરંટી છે.

૨૧૨

જેને જ્ઞાન થતું ભાસે છે તેને ક્રોધાદિ થતા ભાસતા નથી. તેમ જેને “જાણનારો જણાય છે” તેમ ભાસે છે, તેને પર જણાય છે એમ ભાસતું નથી.

૨૧૩

જ્યાં સુધી શુદ્ધાત્માનું સ્વરૂપ ખ્યાલમાં નહીં આવે ત્યાં સુધી “જાણનાર જણાય છે” તે ખ્યાલમાં નહીં આવે. તેને એમ થાય છે કે જાણનારાને જાણ્યો નથી તો જણાશે ક્યાંથી ? જાણનારમાં પરિણામ માત્રનો અભાવ છે. જાણનારા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાયકભાવમાં પ્રમત્ત–અપ્રમત્ત ભાવનો અભાવ છે. બંધ - મોક્ષના પરિણામથી રહિત છે. કર્તા ભોક્તાના ભાવથી શૂન્ય છે.



## ૨૧૪

સર્વજ્ઞદેવની શ્રીગુરુની દેશના આટલી જ છે કે : "જાણનારો જ જણાય છે." ખરેખર આત્મા પરને જાણતો જ નથી. આટલું જ કહેવું છે. પરને જાણવાનું બંધ કરી, વ્યવહારનો નિષેધ કરી, "જાણનારો જે ખરેખર જણાય છે" એને જ જાણવાનું છે.

## ૨૧૫

"પરમાત્મ તત્ત્વમાં ધ્યાનાવલી નથી". આ ઊપજી ક્યાંથી ? આત્મામાં જઈને આત્માનો અનુભવ કરીએ છીએ તો આત્મામાં તો ધ્યાનાવલી નથી. 'નથી' અને પછી 'છે' એવું કોણે કહ્યું ?!

તેમ જણાય છે તો જાણનાર અને હું પરને જાણું છું તે ક્યાંથી આવ્યું ? હું પરને જાણું છું તે કોણે કહ્યું ? આ અજ્ઞાનના ઘરમાંથી આવ્યું છે. "જ્ઞાયક નથી ત્યમ પર તણો." સ્વરૂપમાં તો નથી પર ને જાણવું ! તો આવ્યું ક્યાંથી ? જ્ઞાનની પર્યાયનો નિશ્ચય તો આત્માને જાણવાનો છે. તો પછી આ ક્યાંથી ચાલ્યું ? કોણે ચલાવ્યું ?

## ૨૧૬

**જિજ્ઞાસા :** ખરેખર કરવાનું શું હતું ?

**સમાધાન :** કે જે પરની સાથે જ્ઞેય–જ્ઞાયકપણાનો વ્યવહાર હતો, તેને વ્યવહાર જાણી, એનો તો નિષેધ કરવાનો હતો. હું જ્ઞાયક અને પર જ્ઞેય એમ નથી. હું જ જ્ઞાયક છું ને હું જ જ્ઞેય છું તેમ નિશ્ચય જ્ઞેય – જ્ઞાયકનો અભેદ અનુભવ તે જ આત્માનું સ્વરૂપ છે. હું જાણનાર છું અને હું જ જ્ઞેય હોવાથી હું જ જણાઈ રહ્યો છું. એટલે કે "જાણનારો જ જણાય છે"; એમાં જ અનુભવ થાય છે.

## ૨૧૭

જો હવે મુદ્દાની વાત આવે છે. જ્ઞેયાકાર અવસ્થામાં એટલે કે જ્ઞેયોનો જ્યારે પ્રતિભાસ થાય છે જ્ઞાનમાં ત્યારે જ્ઞાન એને જાણતું નથી. પણ જ્ઞેયો જણાય છે તેવા કાળે ! (આત્માનો) આનો પ્રતિભાસ પણ જ્ઞાનમાં થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





તેવા કાળે ! જે પ્રતિભાસ થાય છે તે જણાય છે કે તે વખતે આત્મા જણાય છે ? જો એમ લાગે કે આ પર જ્ઞેયો જણાય છે તો અજ્ઞાની. આ પરજ્ઞેયોનો પ્રતિભાસ થાય છે ત્યારે પણ પ્રતિભાસ નથી જણાતો પણ "જાણનાર જણાય છે." તો અંદરમાં આવીને અનુભવ થઈ જાય છે. આ અનુભવની વિધિ છે.

૨૧૮

આત્મા આત્માને જાણે છે તેવો ભેદ છૂટી જાય છે. જ્ઞાયક જ્ઞાયક જ છે, તેમાં અનુભવ થાય છે તેમાં ભેદ છૂટીને નિર્વિકલ્પ આત્માની અનુભૂતિ થાય છે. તેથી જ્ઞાતા તે તો તે જ છે. "જાણનારો તે જ્ઞાયક અને જણાયો તે પણ જ્ઞાયક જ છે" પરિણમન થઈ જાય છે પછી જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયનાં ભેદ રહેતા નથી.

૨૧૯

કષાયથી અનુરંજિત પરિણામ તેને લેશ્યા કહેવામાં આવે છે. આખો દિવસ, ચોવીસ કલાક ઉપયોગને રાગમાં રગદોળે છે. આહા ! ઉપયોગ તેનાથી રાગથી ભિન્ન છે. "ઉપયોગમાં ઉપયોગ છે." ઉપયોગમાં રાગ નથી તેવો ઉપયોગ છે, જેમાં આત્મા જણાઈ રહ્યો છે; અને જેમાં પર જણાતું નથી. છતાં ઉપયોગમાં રાગનો પ્રતિભાસ થાય છે. પ્રતિભાસનો નિષેધ નથી, પણ મને ઈ... જણાય છે તેનો નિષેધ છે. એ જણાતું નથી "જાણનાર જણાય છે" એમ કહે છે.

સામાન્યનું વિશેષ સામાન્યને જ પ્રસિદ્ધ કરે તે ન્યાયે : ઉપયોગ રાગને પ્રસિદ્ધ કરતો નથી કારણ કે તે રાગનું વિશેષ નથી. ઉપયોગ શરીરનું વિશેષ નથી, માટે શરીરને પ્રસિદ્ધ કરતું નથી. શરીરનો પ્રતિભાસ થાય ત્યારે શરીરને જાણતું નથી. રાગનો પ્રતિભાસ થાય ત્યારે જ્ઞાન રાગને જાણતું નથી.

દુઃખનો પ્રતિભાસ થાય ત્યારે દુઃખને વેદતો તો નથી પણ દુઃખનો જ્ઞાયકે નથી. આ લંડનમાં લક્ષ્મીબહેન બીમાર હતાં ત્યારે કહ્યું હતું. ઈલાબહેન બીમાર હતાં ત્યારે પણ કહ્યું હતું. બન્નેને કેન્સર હતું. લંડનથી ફોન આવ્યો કે ડૉક્ટરે કહ્યું છે અને હવે છેલ્લો ટાઈમ છે તો સંલેખના વ્રત, પચ્ચખાણ, ત્યાગ કાંઈ કરાવીએ ? મેં તેમને કહ્યું !! ઈ... રવાડે બિલકુલ ચડશો નહીં.

પર્યાયમાં જે દુઃખ થાય, દુઃખનું પર્યાયમાં વેદન થાય, તેનો આત્મા વેદક



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





નથી. પછી ઈ... દુઃખને હું જાણતો એ નથી. "હું જાણનાર છું, અને જાણનાર જણાય છે." એવો પ્રયોગ કરશે તો અનુભવ થઈ જશે.

## ૨૨૦

આ પદાર્થ જ્ઞેય છે. જ્ઞેયના બે પ્રકાર છે. એક સ્વજ્ઞેય બીજું પરજ્ઞેય છે. જ્ઞેય તરીકે જગતમાં છ દ્રવ્યો છે. જ્ઞેયાકાર થવાથી એટલે જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિભાસે છે, જણાય રહ્યા છે ત્યારે જ્ઞાન એને જાણતું નથી.

જણાય છે ખરાં !! પણ જ્ઞાન એને જાણતું નથી. ને એ જણાયા કરે, જણાવવાનું (પ્રતિભાસવાનું) બંધ ન થાય, પણ એને જાણવાનું બંધ થઈ જાય. એને જ્યાં સુધી એમ લાગે છે ને કે આ જ્ઞેયો છે તે મને જણાય છે ત્યાં સુધી અજ્ઞાની છે પણ આ જ્ઞેયોનો તો માત્ર પ્રતિભાસ થાય છે; ત્યારે આ જ્ઞેયો મને નથી જણાતા મને તો જ્ઞાયક જણાય છે. તે જ સમયે જ્ઞેયથી વ્યાવૃત્ત થઈને એટલે જ્ઞેયથી પાછો ફરીને !! જ્ઞેયને જાણવા રોકાણો હતો, તેને જાણવાનું બંધ થઈ જાય છે.

"જાણનાર જણાય છે" ત્યાં આખો શુદ્ધોપયોગ થઈને અનુભવ થઈ જાય છે. એ વાત આમાં મૂકી છે. ધ્યાન રાખીને સાંભળવા જેવું છે. પ્રયોગ કરશે તો સફળ થશે. આ પ્રયોગ અફર છે.

કદાચિત્ અનુભવ થાય, કદાચિત્ અનુભવ ન થાય એમ આમાં કદાચિત્ કે કથંચિત્ નથી. સર્વથા છે. જે આ સંતો કહે છે તેમ કરે તો અનુભવ થયા વિના રહેતો નથી.

સંતો કહે છે તેમ કર, તારી માન્યતાને છોડી દે ! હું પરને જાણું છું, શું નથી જાણતો ? શું સ્વપર પ્રકાશક નથી ? નહીંતર એકાંત થઈ જશે. એ લાકડાં બધાં કાઢી નાખ. એકવાર અમે કહીએ છીએ તેમ પ્રયોગ કર.

## ૨૨૧

પરને નથી જાણતો "જાણનારો જ જણાય છે" અને જાણનારને જ જાણે છે તેવી જીવ વસ્તુ છે.

## ૨૨૨

તમારાથી કાંઈ ન બને તો આટલું કરજો ! હું પરને જાણતો નથી તો અવ્યક્તપણે પણ "જાણનાર જણાઈ" જશે અને તમે જાણનારમાં આવી જશો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





"જાણનાર જાણનારને જાણવાનું છોડીને રૂપને જાણવા જતો જ નથી."

## ૨૨૩

(૧) "જાણનારને જ જાણે" તેવા આત્માનું શ્રદ્ધાન → તે સમ્યક્દર્શન.

(૨) "જાણનાર જ જણાય છે" તેવા આત્માનું જ્ઞાન → તે સમ્યક્ જ્ઞાન.

(૩)"જાણનારો જ જણાય છે" તેવા આત્માની લીનતા → તે સમ્યક્ ચારિત્ર છે.

## ૨૨૪

"જણાય છે જાણનારો" અને માને પર જણાય છે તે અક્ષમ્ય ભૂલ છે.

## ૨૨૫

**જિજ્ઞાસા :** દરેક ઉત્પાદ્ ધ્રુવને પ્રસિદ્ધ કરીને જ વ્યય થાય છે ! તો તે જ્ઞાનીને જ લાગુ પડે ને ?

**સમાધાન :** કથંચિત, સર્વથા નથી. કથંચિત શું ? બધાની પાસે ઉપયોગ લક્ષણ છે. ચૈતન્ય અનુવિધાયી પરિણામ તે ઉપયોગ. તેમાં બાળ-ગોપાળ સૌને જ્ઞાયકનો પ્રતિભાસ થાય છે. પ્રતિભાસ વિના રહેતો નથી. આ ઉપયોગ ખરેખર તો લક્ષને જ પ્રસિદ્ધ કરે છે. હવે જેનાં ખ્યાલમાં આવે છે કે "જાણનાર જણાય છે" તો શુદ્ધોપયોગ થાય છે.

## ૨૨૬

**જિજ્ઞાસા :** આજ દિવસ સુધી શુદ્ધોપયોગ કેમ નથી થયો ?

**સમાધાન :** જીવે અનાદિ કાળથી અસાધારણ મોટી ભૂલ કરી છે. જે ઉપયોગ પ્રગટ થાય છે, તેમાં આ જણાય છે, આ જણાય છે. એટલે પર જ્ઞેય જણાય છે, તેમ જ્યાં આવ્યું તે તે સાથે જ ઇન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું એટલે તેના જ્ઞાનમાં જાણનાર જણાવા છતાં પણ નથી જણાતો. માટે શુદ્ધોપયોગ થતો નથી.

હવે તેણે એ વિચાર કરવો જોઈએ કે મારા જ્ઞાનમાં સ્વ જણાય છે કે પર જણાય છે ? જે ઉપયોગથી અનન્ય છે તે જણાય છે. જે ઉપયોગથી અન્ય છે તે જણાતું નથી. તો શુદ્ધોપયોગ થઈ જાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૨૨૭

"જાણનાર જણાય છે" તે સ્વભાવના પક્ષ અને લક્ષપૂર્વક ઇન્દ્રિયજ્ઞાન રોકાઈ જાય છે.

૨૨૮

હું પરને જાણતો નથી, તો પર્યાયમાંથી હું - પણું છૂટ્યું... તો "જાણનારો જણાય છે", તેમ આવ્યું. પછી "હું જાણનાર છું" તો જ્ઞાન પણ સમ્યક્ થઈ ગયું.

૨૨૯

મને લાગે છે આ હવા ચાલુ થઈ ગઈ છે. "આત્મા પરને જાણતો નથી, અને જાણનાર જણાય છે" તે હવા ચાલુ થઈ ગઈ છે. ઈ... ફેલાશે અને ઓલી દૂષિત હવા છે તે નીકળી જશે.

૨૩૦

સ્વપર પ્રકાશક ઉપર અર્થાત્ સ્વપર બન્નેને જાણે છે તેના ઉપર ચોકડી મારી દ્યો. પણ તેને બદલે તેમ લેવું કે સ્વપરનો પ્રતિભાસ થાય છે. સ્વપરના પ્રતિભાસમાં કર્તાબુદ્ધિ ખલાસ થાય છે. સ્વપરના પ્રતિભાસમાં આવ્યો તો જ્ઞાતાજ્ઞેયની ભ્રાંતિ પણ જાય છે અને "જાણનાર જણાય છે" તેમાં આવી ગયો.

૨૩૧

**જિજ્ઞાસા** : પ્રતિમાને જ્ઞાન જાણે છે કે ઇન્દ્રિયજ્ઞાન જાણે છે ?

**સમાધાન** : ઇન્દ્રિયજ્ઞાન જાણે છે. ઇન્દ્રિયજ્ઞાન જાણે તો જાણો. હું પ્રતિમાને જાણતો જ નથી. મૈં તો જાણનાર કો જાનતા હૂઁ. સમયે સમયે જાણનારો જણાતો હોવા છતાં તેને લક્ષમાં નથી આવતો. બાળ-ગોપાળ સૌને અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવતો હોવા છતાં તેનું લક્ષ ત્યાં નથી માટે અજ્ઞાની રહી જાય છે.

૨૩૨

લીંબુની ખટાશમાં દાળ પ્રસિદ્ધ થાય છે કે લીંબુ પ્રસિદ્ધ થાય છે ? જો દાળ ખાટી તો લીંબુ ગયું ને, લીંબુની અવસ્થા પણ ગઈ. જ્ઞાયક ગયો ને ઉપયોગ લક્ષણ પણ ગયું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જ્ઞાનમાં રાગ જણાય છે તો જ્ઞાયકે દૃષ્ટિમાંથી ગયો ને ઉપયોગ લક્ષણ પણ ગયું. રાગ નથી જણાતો "જાણનાર જણાય છે," તેમ લેને એક વાર ! થોડી વાર તો પ્રયોગકર તેમ શીખવાડે છે.

૨૩૩

**જિજ્ઞાસા** : પ્રતિસમય અજ્ઞાનીને પણ આત્મા જાણવામાં આવે છે ?

**સમાધાન** : પ્રતિસમય અજ્ઞાનીને પણ "જાણનાર જણાય છે," છતાં પણ એક સમય પણ જાણતો નથી. માટે જાણવાનું બાકી છે. જ્ઞાનમાં તેનો પ્રતિભાસ થાય છે. જ્ઞાનમાં જ્ઞાનત્વ છે અને જ્ઞાયકમાં જ્ઞેયત્વ છે, તેથી જણાય છે પણ જાણતો નથી. જાણે તો સમ્યક્જ્ઞાન થાય. એક જાણવાનું બાકી રહી ગયું. જણાવા છતાં (નિષેધ) નકાર કરે છે. હકાર કરે તો સમ્યક્દર્શન થઈ જાય. પ્રતિભાસ તો હર સમયે થાય છે.

૨૩૪

વર્તમાન ચેતનામાં આત્મા જણાય છે. કેવળજ્ઞાનમાં આત્મા જણાય છે, તેમ મારા ચિદ્વિવર્તનમાં "જાણનાર જણાય છે" તો પ્રત્યક્ષ થઈ જાય છે.

૨૩૫

પર્યાય તરફથી વિચાર કરવો હોય તો એમ વિચારવું કે મારા જ્ઞાનની પર્યાયમાં "જાણનાર જણાય છે," પર જણાતું નથી. ઉપયોગમાં ઉપયોગ છે. જે છે તે જણાય છે. રાગ નથી તો રાગ જ્ઞાનનું જ્ઞેય થતું નથી.

૨૩૬

**જિજ્ઞાસા** : રાગ જ્ઞાનનું જ્ઞેય છે ?

**સમાધાન** : જ્ઞાનનું જ્ઞેય ભગવાન આત્મા છે. ધ્યાનનું ધ્યેય ભગવાન આત્મા છે. રાગનું કરવું રાગનું જાણવું સંસાર છે.

૨૩૭

"જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો" એટલે કે જ્ઞેયો જે રાગાદિ, દુઃખાદિ, જણાય તો જણાય ! પણ હું તેને જાણતો નથી. હું તો જાણનાર જણાય છે તેને જાણું છું. વિશેષ સામાન્યને જાણે છે. જેનું વિશેષ છે તેને જ જાણે છે.


આ ટ્યુબલાઇટ છે ને ?! પ્રકાશ છે ને ?! આ પર પદાર્થને પ્રસિદ્ધ નથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





કરતું. એ પ્રકાશની પર્યાય ટ્યુબલાઇટને પ્રસિદ્ધ કરે છે. જો આ પદાર્થો જણાય છે તો એના જ્ઞાનમાં ટ્યુબલાઇટ સંબંધી અંધારું. એમ જ્ઞાનમાં ઝળહળ જ્યોતિ જણાય છે, તે નથી જણાતું અને આ (પર) જણાય છે તો અજ્ઞાન થઈ ગયું.

## ૨૩૮

"રાગાદિ અને દેહાદિ જ્ઞાનમાં જણાય છે ત્યારે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.'" તેનો ખુલાસો ચાલે છે. જો જાણનાર નથી જણાતો અને ઓલું જણાય છે તો જ્ઞેયકૃત અશુદ્ધતા થઈ ગઈ. ફરીને... આ લાકડું છે ને ? એ લાકડું જ્ઞાનમાં પ્રતિભાસે છે ત્યારે આચાર્ય ભગવાન કહે છે : તારા જ્ઞાનમાં આ લાકડું નથી જણાતું. તારા જ્ઞાનમાં "જાણનાર જણાય છે" તેમ લે ને !! અને જો એમ નહીં લઈશ અને લાકડું જણાય છે તો જ્ઞેયકૃત અશુદ્ધતા થઈ ગઈ. કેમકે જ્ઞાન જેનું છે તેને ન જાણે તેનું નામ અજ્ઞાન. શાસ્ત્રોને ન જાણે માટે અજ્ઞાન તેમ નથી. નય, નિક્ષેપ, પ્રમાણને ન જાણે માટે અજ્ઞાન તેમ નથી. સર્વજ્ઞના કાયદા જુદા હોય ને ?

## ૨૩૯

જ્યારે જ્ઞેયો જણાય છે ત્યારે આત્મા ન જણાય તો તો અજ્ઞાની બની ગયો. અર્થાત્ જ્ઞેયકૃત અશુદ્ધતા થઈ ગઈ. પરંતુ જ્યારે જ્ઞેયોનો પ્રતિભાસ જણાય તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા થઈ ગઈ ? અરે ! સાંભળ !! જ્ઞેયોનો પ્રતિભાસ થાય છે ત્યારે પણ "જાણનાર જણાય છે" એમ કહે છે. નિર્વિકલ્પ ધ્યાનમાં તો "જાણનાર જણાય છે" પણ સવિકલ્પ જ્ઞાનમાં "જાણનાર જણાય છે." આહા ! આ તો અનુભવ કેમ થાય તેની વિધિ બતાવે છે.

રાગ કર્તાનું કર્મ તો નહીં, પણ રાગ જ્ઞાનનું જ્ઞેય પણ નથી. જ્ઞાનનું જ્ઞેય નિજ પરમાત્મા છે તે જ જણાય છે, બીજું જણાતું નથી. એમ જ્યાં અંદરમાંથી શ્રદ્ધા ઊપડી તે જ સમયે અનુભવ થઈ જાય છે.

## ૨૪૦

લડાઈમાં શાંતિનાથ ભગવાન ચક્રવર્તી ઊભા છે તેમ દેખાય ત્યારે જાણનારને જાણે છે. પણ સાહેબ ! નિર્વિકલ્પ ધ્યાનમાં જાય ત્યારે તેને "જાણનાર જણાય છે." ઈ... તો બરોબર છે. પણ સવિકલ્પ દશામાં "જાણનાર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જણાય છે'' ? 'હા.' જ્ઞાન જ્ઞાયકનો સંબંધ છોડતું જ નથી. માટે સમયે સમયે જ્ઞાયક જણાય છે.

## ૨૪૧

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ આવતી નથી ? કારણ કે જ્યારે જ્ઞેયો જણાય છે ત્યારે એને જાણનાર જણાઈ રહ્યો છે. ''જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો'', જાણનાર છું તેમ જણાય છે.

જ્ઞાત : ''જ્ઞાયકપણે જે જણાયો'' તે સર્વ અવસ્થામાં જ્ઞાયક જણાય છે. સાદિ અનંત કાળ. ઊંઘમાં હોય તોપણ જાણનાર જણાયા કરે છે. પરિણતીમાં પણ આહા ! બે ભાગ પડી જાય છે. એક ઇન્દ્રિયજ્ઞાન અને એક અતીન્દ્રિયજ્ઞાન, જ્ઞાનના બે ભાગ પડી જાય છે. બાકી ઇન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયજ્ઞાન તેવા જ્ઞાનના બે ભાગ ન પડે તેની પહેલાં પણ ઇન્દ્રિયજ્ઞાનતો આત્માથી સર્વથા ભિન્ન છે. તેમ ઉપયોગ લક્ષણ આત્માથી સર્વથા ભિન્ન નથી માટે ઉપયોગલક્ષણમાં આત્મા જણાયા કરે છે.

તે બે ભાગ પ્રથમ પરોક્ષરૂપ છે. અનુભવ થતાં પ્રત્યક્ષ થઈ જાય છે.

## ૨૪૨

જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી ? જ્ઞેયો જણાય છે ત્યારે જ્ઞેયમાં આત્મબુદ્ધિ થઈને અજ્ઞાન કેમ થતું નથી ? જ્ઞેયો જ્ઞાનીને પ્રતિભાસે તોપણ જ્ઞાનીને અજ્ઞાન ન થાય.

જ્ઞાનીને જ્ઞેયોનો પ્રતિભાસ થાય, પણ અજ્ઞાન ન થાય અને અજ્ઞાનીને જ્ઞેયોનો પ્રતિભાસ થતાં અજ્ઞાન થઈ જાય છે. કેમ ? એક જ્ઞેયને જાણતાં આત્મબુદ્ધિ કરે છે. અને સાવધાન હોય તો ! જ્ઞેય જણાય ત્યારે તેને ''જાણનાર જણાય છે.'' માટે જ્ઞેયકૃત અશુદ્ધતા – અજ્ઞાન પ્રગટ થતું નથી.

## ૨૪૩

**શ્રદ્ધા સમ્યક્ કરવા માટે અનેકાંત લેવું કે... જાણનાર જ સર્વથા જણાય છે. સર્વથા પર જાણવામાં આવતું નથી.**

## ૨૪૪

**જિજ્ઞાસા : ''જાણનારો જણાય છે'', એમાં ધ્યેયને જ્ઞેય સમજાવો !**

**સમાધાન : જાણનારો અર્થાત્ ધ્રુવ જ્ઞાયક અને ઈ જણાય છે. જ્ઞાનમાં**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





**ધ્યેયપૂર્વક જ્ઞેય થઈ જાય છે.** "જાણનારો જણાય છે." જાણનારો એટલે સામાન્ય સ્વભાવ. જ્ઞાનમાં શું જણાયું ? આત્મા જણાયો. શેમાં જણાયો ?

**જિજ્ઞાસા :** પર્યાયમાં આત્મા જણાય છે ને ?

**સમાધાન :** અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર સુધી આવ્યો હોય તો તે ભેદ ઓળંગવો મુશ્કેલ થાય. **ભેદથી સમજાવ્યું પર્યાયમાં જાણનારો જણાય છે. પર્યાયમાં તારો આત્મા જણાય છે.** રાગ, શરીર કાંઈ જણાતું નથી. એ તો ભિન્ન છે તારાથી. ત્યાંથી તો ખસી ગયો. અંદરમાં આવ્યો તો "જાણનારો જણાય છે."

જાણનારો – ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય. તે શેમાં જણાય છે ? પર્યાયમાં જણાય છે તો પર્યાયમાં જ્ઞાયક આત્મા જણાય છે તે વાત તો સાચી છે. પર્યાયમાં રાગ જણાય છે તે વાત તો ૧૦૦% ખોટી છે. જ્ઞાનમાં આત્મા જણાય છે તે વાત ૧૦૦% સાચી છે. પણ ઈ... એટલો ભેદ રહી ગયો. દ્રવ્ય પર્યાયનો ભેદ છૂટે ત્યારે જ્ઞેય થયું કહેવાય. ધ્યેયપૂર્વક જ્ઞેય. **ધ્યેય તો હાથમાં આવ્યું; પણ પર્યાય અભેદ ન થાય ત્યાં સુધી જ્ઞેય ન થાય. નિર્મળ પર્યાય કથંચિત અભિન્ન થાય છે.**

**૨૪૫**

છ દ્રવ્યો જણાય છે તેમાં તેનો પ્રતિભાસ રાખ્યો. ખરેખર છ દ્રવ્યો જણાતાં નથી તેમાં જ્ઞેયનું લક્ષ છોડાવ્યું. પછી છ દ્રવ્યો જણાય છે તેવી પર્યાય જણાતી નથી, તેમાં પર્યાયનું લક્ષ છોડાવ્યું અને ખરેખર "જાણનાર જણાય છે" તેમાં જાણનારનું લક્ષ કરાવ્યું.

**૨૪૬**

(૧) એકલું પર જણાય છે. → મિથ્યા એકાંત.
(૨) સ્વપર બન્ને જણાય છે. → મિથ્યા અનેકાંત.
(૩) "જાણનારો જણાય છે." → સમ્યક્ એકાન્ત.
(૪) જાણનારો જણાય છે પર નહીં. → સમ્યક્ અનેકાન્ત.

**૨૪૭**

લીંબુની ખટાશ લીંબુનો સંબંધ છોડતી નથી અને દાળનો સંબંધ જોડતી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





નથી. દાળ ખાટી વાત ખોટી છે. લીંબુ ખાટું વાત સાચી છે. જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી ? હવે કારણ આપે છે.

કારણ કે : પર પદાર્થ જ્યારે જણાય છે ત્યારે એના જ્ઞાનમાં અજ્ઞાન કેમ થતું નથી ? કે ઈ... જણાય છે ત્યારે "જાણનારને જાણે છે" પર જ્ઞેયને જાણતો નથી.

૨૪૮

**જિજ્ઞાસા** : જ્ઞેયો જણાય છે ત્યારે જ્ઞેયોમાં આત્મબુદ્ધિ કેમ થતી નથી ? દેહ મારો તેવી મમતા કેમ થતી નથી ?

**સમાધાન** : જ્યારે દેહ જણાય છે ત્યારે "જાણનાર જણાય છે", માટે દેહમાં મમતા થતી નથી. મોહ થતો નથી. જો "જાણનાર ન જણાય" અને દેહ જણાય તો મમતા થયા વિના રહે નહીં. આ તો ભવના અંતની વાતો છે. દુઃખનો નાશ કરીને પરમાત્મા થવાની વાતો છે. એક સમય આવો અનુભવ કરે તો અલ્પકાળમાં મુક્તિ. "એક સમય કી કમાઈ અનંત કાલ તક ખાયેગા."

૨૪૯

અહીંઆ કહે છે લોભ કષાયથી ભિન્ન ભગવાન આત્મા છે. એ લોભને જાણવાનું બંધ કરી દે તો નિર્લોભ અવસ્થા પ્રગટ થશે. આ સમયસારની વાત કોઈ અપૂર્વ છે. કેમ જ્ઞેયકૃત અશુદ્ધતા આવતી નથી ? આ રાગ જણાય છે તો હું રાગી કેમ જ્ઞાનીને આવતું નથી. અથવા જેને જ્ઞાન થવાનું હોય તેને રાગ જણાય છે ? કે રાગ નથી જણાતો ?

"જાણનાર જણાય છે" તો એને અનુભવ થઈ જાય છે. અને અનુભવ થઈ ગયા પછી રાગ જણાય તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ થતી નથી ? કહે છે; રાગ જણાય છે ત્યારે "જાણનાર જણાય છે." ઊર્ધ્વપણે આત્મા જ જણાય છે. એવી કોઈ અપૂર્વ દશા છે. સાધક જ સાધકની દશાને જાણે.

૨૫૦

**જિજ્ઞાસા** : જાણનારને જાણવાનું ફળ ?


**સમાધાન** : "જાણનારને જ જાણ્યો." આનંદને જાણ્યો તો લક્ષ આનંદ ઉપર ચાલ્યું જાય છે, એ તો ભેદનું કથન છે. (જાણનારને જ્યાં જાણ્યો કે હું જાણનાર છું ત્યાં આનંદ લક્ષ વગર જણાય જાય છે).



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૨૫૧

ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનું ફળ આ છે કે અણઉપચારમાં વયો જાય તો જ્ઞેય-જ્ઞાયક સંકર દોષ નીકળી જાય. અણઉપચારમાં પણ અનુભવ થતો નથી. આ તો શાસ્ત્રથી વાત સમજાવીએ છીએ ને ? ઘરની વાત ક્યાં છે ? **અણઉપચારમાં જ્ઞાન તે આત્મા. અથવા "જાણનાર જણાય છે." જાણનારો ધ્રુવ જ્ઞાયક અને જણાય છે એ બેપણું આવ્યું એમાં ત્યાં સુધી આત્મા જણાતો નથી.**

## ૨૫૨

પરને જાણતો જ નથી, જાણનારને જાણે છે, જેનો કાળ પાકી ગયો હશે ને ! એને આ આવશે. તેને આવ્યા વિના રહેવાનું નથી.

## ૨૫૩

"થવા યોગ્ય થાય છે, જાણનારો જણાય છે." તેમાં જ્ઞાતા થઈ જાય છે. "થવા યોગ્ય થાય છે" માત્ર એટલું જ જાણવું તે જ ક્રોધ છે. કર્તાબુદ્ધિ તે જ ક્રોધ છે.

## ૨૫૪

**"જાણનાર જણાય છે" આ એક સૂત્ર છે. જેમાં બાર અંગ રહેલાં છે. બાર અંગનો સાર ભર્યો છે.**

## ૨૫૫

સામાન્ય જ્ઞાનમાં જાણનાર જણાય છે એટલો જો ભેદ રહેશે તો સંસાર છે. અભેદમાં ભેદ કરીને સમજાવે છે.

## ૨૫૬

"જાણનારો જણાય છે" એટલું જાણો બસ. એટલામાં "થવા યોગ્ય" થઈ જશે. જણાવા યોગ્ય જણાઈ જશે.

## ૨૫૭

**"જાણનારો જણાય છે." આ અભિન્નનો ભાવાર્થ છે.**

## ૨૫૮

એ પાઠ આવ્યો. અજ્ઞાન કેમ થતું નથી ? જ્ઞેયોના પ્રતિભાસ વખતે ? અને અજ્ઞાનીને  જ્ઞેયોના પ્રતિભાસ વખતે અજ્ઞાન કેમ થાય છે ? અને જ્ઞાનીને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પરપદાર્થ પ્રતિભાસવા છતાં અજ્ઞાન કેમ થતું નથી ? જ્ઞેય લુબ્ધ કેમ થતો નથી ? જ્ઞેયમાં એકાકાર કેમ થતો નથી ?

કારણ કે... જ્ઞેયાકાર અવસ્થામાં. આહા ! જ્ઞેય છે તેનો પ્રતિભાસ અહીંયા થાય છે. (અંદર) તો જ્ઞાનાકાર. પરંતુ જ્ઞેયોની અપેક્ષાથી એને જ્ઞેયાકાર જ્ઞાન કહેવામાં આવે છે.

આ જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિભાસિત થાય છે ત્યારે "જાણનાર જણાય છે." એટલે જ્ઞેયકૃત અશુદ્ધતા થતી નથી. જ્ઞેયોમાં આત્મબુદ્ધિ લાગુ પડતી નથી. રાગ જણાય તો હું રાગી તેમ એને થતું નથી. દુ:ખ જણાય ત્યારે હું દુ:ખી તેમ તેને થતું નથી.

ન થવાનું કારણ શું ? કે દુ:ખ પ્રતિભાસે છે ત્યારે સુખમય આત્મા સમયે સમયે જણાય છે. "જાણનાર જણાય છે." એટલે દુ:ખમાં આત્મબુદ્ધિ, દુ:ખમાં ભોકતાબુદ્ધિ અને દુ:ખમાં જ્ઞાતાબુદ્ધિ થતી નથી.

૨૫૯

જાણનાર જણાય છે, પર નહીં તેનું નામ મોક્ષ. પર જણાય છે તેનું નામ સંસાર.

૨૬૦

આખા વિશ્વમાં એક જાણનાર જ જાણનારપણે જણાય છે. તેને અંદરથી જ ભાસવા લાગે છે કે એક જ્ઞાયક જ જ્ઞેય છે. જેમાં જ્ઞાન તન્મય થાય એવું જ્ઞેય તો એક જ્ઞાયક જ છે. જેને અંદરથી શ્રદ્ધાથી ભાસિત થાય છે તેને પરને જાણવાનો નિષેધ કરવાવાળી એવી નિશ્ચયનયની વાણી પણ મળી જાય છે.

૨૬૧

પરને જાણતો નથી એમ કહ્યું ! તેમાં શું આવી ગયું સાથે ? કે : જાણનારને જ જાણે છે. જાણનારને કેવી રીતે જાણે છે ? કે : હું જાણનાર છું તેમ જાણે છે. તમે પરને જાણવાનો નિષેધ કરો જરા ! તમને સ્વયં પોતાથી ઓટોમેટિક જાણનાર જાણવામાં આવશે.

૨૬૨


"જાણનાર જણાય છે" ઈ બે અભેદ કરો તો હું તો જ્ઞાતા જ છું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૨૬૩

વસ્તુની સ્થિતિનો સ્વીકાર એટલે જાણનારો જણાય છે.” અને તેનો સ્વીકાર તેનું નામ જ અનુભવ છે.

## ૨૬૪

જ્ઞાનનું લક્ષણ પરને ન જાણવું, “જાણનારને જ જાણવું”, આ જ્ઞાનનું લક્ષણ ઇન્દ્રિય જ્ઞાનમાં નથી. માટે તે જ્ઞાન નથી.

## ૨૬૫

સ્વભાવથી જ “જાણનારો જણાઈ” રહ્યો છે; જાણવામાં આવી રહ્યો છે એમાં સ્વભાવ જ લક્ષમાં આવે છે.

## ૨૬૬

જ્ઞાનના લક્ષવાળો પાર્ટ બરાબર લીધો છે કે; “જાણનાર જ જણાય છે ને પર જણાતું જ નથી.”

## ૨૬૭

જીવના પરિણામ તેને કહીએ કે જેમાં “જાણનારો જણાય” અને બીજું કાંઈ ન જણાય.

## ૨૬૮

અનાદિ અનંત ઉપયોગલક્ષણ છે. ઉપયોગલક્ષણ આત્માનું છે. તેથી તેમાં આત્મા જ જણાયા કરે છે કે નહીં ? કેવળજ્ઞાન ન થાય તો જણાય કે ન જણાય ? પ્રત્યક્ષ અનુભવ થાય તો જણાય કે નહીં ? અરે ! જણાય, જણાય ને જણાય. આહાહા ! અરે ! મને મારા જ્ઞાનમાં “જાણનાર જણાય છે”, બીજું કાંઈ જણાતું નથી. ત્યાં તો અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થઈને આનંદ આવશે તને.

## ૨૬૯

વિધિ-નિષેધ નયમાં છે. સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણી રહ્યું છે, તેમાં વિધિ-નિષેધનો વિકલ્પ ન આવ્યો. બન્ને એકસાથે જાય છે. બાળ-ગોપાળમાં હું આવી ગયો કે ન આવ્યો ? બહાર ગયો ? આવી ગયો. મારા જ્ઞાનમાં મારો પરમાત્મા જાણનાર જણાય છે.

## ૨૭૦

પરને જાણવાનું ચાલુ રાખતાં પોતાના અસ્તિત્વનો નાશ થાય છે. પરને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જાણવાનું બંધ કરતાં "જાણનાર જણાય છે" તેમ લેતાં પોતાના અસ્તિત્વનો નિર્ણય થાય છે.

## ૨૭૧

પરને જાણવાનું બંધ તો કરો જરા; તો જાણનારો નિયમથી જાણવામાં આવશે. જેમને જેમને જાણવામાં આવ્યો હતો, તેમણે તેમણે પરને જાણવાનો નિષેધ કરતાં જ તરત જ જાણવામાં આવ્યો હતો. જેમને જાણવામાં આવી રહ્યો છે તેમને પણ પરને જાણવાનો નિષેધ કરતાં તરત જ જાણવામાં આવી જાય છે. અહા ! જે પરને જાણવાનો નિષેધ કરે તેને જ જાણનાર જાણવામાં આવે છે. આ ત્રૈકાલિક સત્ય છે.

## ૨૭૨

જાણનાર જણાય રહ્યો છે એવો તમારો સ્વભાવ છે. પર જાણવામાં ન આવે એવો પણ તમારો સ્વભાવ જ છે. જ્ઞાનમાં સ્વભાવથી જ "જાણનાર જણાય છે." આ નયની વાત નથી.

## ૨૭૩

"જાનનક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવી નથી." રાગાદિથી મોક્ષ સુધીના પરિણામ છે તે અજીવના છે તેથી નિષેધવામાં આવ્યા છે. ઉપયોગ કર્માધીન નથી, કર્મથી નિરપેક્ષ છે. ઉપયોગ તો સ્વભાવભૂત ક્રિયા હોવાથી તેમાં જાણનારો જ જાણવામાં આવે છે.

## ૨૭૪

"જાણનાર મને જણાય છે" તેમાં કોઈ પણ પ્રકારના વ્યવહારનયનો વિકલ્પ કે નિશ્ચયનયનાં વિકલ્પ હોતા નથી. સ્વભાવ સુધી પહોંચી જાય તો વિકલ્પની ઉત્પત્તિ થતી નથી. મનના સંગે વિકલ્પ ઉત્પન્ન થતા હતા, હવે આત્માનાં - સ્વભાવનાં સંગે જાય તો વિકલ્પ રહેતા નથી.

## ૨૭૫

**જિજ્ઞાસા :** કેવો "જાણનાર જણાય છે" ?


**સમાધાન :** ઈ... ન પૂછો તો સારું. કેમકે ધ્યેય જણાય છે કે અભેદ જ્ઞેય જણાય છે, એવા ભેદ પાડશો તો જાણનાર નહીં રહે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૨૭૬

**"જાણનાર જ જણાય છે." બીજું કાંઈ જણાતું જ નથી. લાખ વાતની એક વાત બીજી કોઈ વાત સાંભળોમાં !! નિર્દયપણે વ્યવહારનો નિષેધ કરજો.**

## ૨૭૭

મૂળમંત્રેભ્યો નમઃ → "જાણનાર જણાય છે."

જે સમયે ઉપયોગમાં જાણનાર જણાઈ રહ્યો છે તે સમયે શ્રદ્ધા પણ કરવાની છે, જ્ઞાન પણ કરવાનું છે. **જ્ઞાન સરદાર છે તેથી જાણેલાનું શ્રદ્ધાન થાય છે. "જાણનાર જણાય છે", તે જ્ઞાન નવું પ્રગટ થાય છે, તે સાથે શ્રદ્ધાન પણ પ્રગટ થાય છે. જાણેલાનું શ્રદ્ધાન થાય છે.**

નિગોદનાં જીવમાં પણ ઉપયોગ છે. ઉપયોગની સ્વચ્છતા એવી છે કે : તેમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે. એટલે નિજ પરમાત્મ દ્રવ્ય પણ જણાય. કારણ કે એનામાં જ્ઞેયત્વ છે; તેથી એનો પણ પ્રતિભાસ થાય છે. હવે આ સામાન્ય લક્ષણ બધા જીવોની પાસે છે. તેમાંથી કોઈ જીવ સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ કરે છે, અને જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ કરે છે, તો તે સમ્યક્‌દૃષ્ટિ થઈ જાય છે.

સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ કેમ થાય ? વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ કેમ થાય ? તેની વ્યાખ્યા કરી. જેનાં ફળમાં શુદ્ધોપયોગ પ્રગટ થાય ! તે કેમ થાય ? કહે છે કે : "જાણનાર જણાય છે"ને પર પદાર્થ જણાતા નથી. જ્ઞેયાકાર જ્ઞાન તિરોભાવ પામે છે પણ અભાવ થતો નથી ધ્યાન રાખજો.

## ૨૭૮

હવે સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ કેમ થયો ? કહે છે કે : સામાન્ય જ્ઞાનમાં જ્ઞાયક જણાતો હતો. ઉપયોગનો અભાવ થતો નથી. પરંતુ પરનું લક્ષ હતું. કારણ કે એ ઉપયોગમાં જ્ઞાનાનંદ પરમાત્મા જણાવા છતાં એનું દુર્લક્ષ કરીને, મને આ (પર) જણાય છે; આ જણાય છે; આ જણાય છે; એમ જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ એટલે અજ્ઞાન અને સામાન્યજ્ઞાનનો તિરોભાવ કરે છે. તેનો પ્રતિભાસ હતો પણ આવિર્ભાવ ન હતો. અજ્ઞાની, અભવ્યને પણ પ્રતિભાસ છૂટતો નથી. ખ્યાલમાં આવ્યું !!



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૨૭૯

"હું જાણનાર છું અને જાણનાર મને જણાય છે", એટલું જ મારું કાર્ય છે. રાગ જાણનારનું કાર્ય નથી. કેમકે રાગ જણાતો નથી. જણાય તો એ કર્મ થઈ જાય.

## ૨૮૦

"જ્ઞાયક નથી ત્યમ પર તણો." જ્ઞાયક પરનો નથી. અર્થાત્ પરને જાણતો નથી અને જ્ઞાયક તો જ્ઞાયક જ છે. આમાં જ્ઞાન જ્ઞાયકને જાણી લ્યે છે. તે સમયે જ્ઞાયક પરને નથી જાણતો તેનો નિષેધકનિશ્ચયનય છે. અને આ નિશ્ચયનય છે તે બે રૂપે છે. જ્યાં પરને જાણવાનો નિશ્ચયથી નિષેધ કર્યો ત્યાં "જાણનાર જણાય" ગયો. આ નિશ્ચયનય છે તે પરિણમનરૂપ છે, વિકલ્પરૂપ નથી.

## ૨૮૧

જેને તું દેખી રહ્યો છે તેને જોવાનું બંધ કર; તો તને દેખનારો દેખાશે. પરને નથી જાણતો ! તો જાણનાર તો છે ને ? તે કોને જાણે છે ? કે : જાણનાર જાણવાવાળાને જાણે છે. એ વાત તરત જ સમજમાં આવશે. કેમકે જાણવાવાળાનો કોઈને કોઈ વિષય અવશ્ય હોય જ છે. પર જ્ઞાનનો વિષય નથી, તો જ્ઞાનનો વિષય કોઈ ને કોઈ તો છે જ. **પરને જાણવાનું બંધ કર તો જાણનારો આપોઆપ જ્ઞાનનો વિષય થઈ જશે. વિષય બનાવવો પડતો નથી. આપો આપ વિષય બની જાય છે.**

## ૨૮૨

અત્યારે તો જાણનારો જણાય છે તેનો સ્વર્ણિમ્ અવસર આવી ગયો છે. જે જીવનો મોક્ષે જવાનો કાળ નિકટ આવી ગયો છે તેને સ્વયં અંદરથી જાણનારો જ જ્ઞેયપણે ભાસિત થાય છે.

## ૨૮૩

"અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા જણાય રહ્યો છે"; જાણવામાં આવે છે તેનો **અર્થ** : "ઉપયોગમાં ઉપયોગ છે." "ઉપયોગમાં ઉપયોગ છે" તેમાં પણ સ્વપ્રકાશકપણું નીકળ્યું. ઉપયોગમાં ઉપયોગ છે માટે "જાણનાર જ જણાય છે", તેથી સ્વપ્રકાશક જ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



૨૮૪

જે જ્ઞાયકનો પ્રતિભાસ હતો. હવે જેનો સમ્યક્‌દર્શન થવાનો કાળ પાકે છે, ત્યારે તેને અંદરથી આવે છે કે "જાણનારો જણાય છે, મને પર જણાતું નથી." એવો કાળ જ્યારે આવે છે ત્યારે વિશેષ જ્ઞેયાકારજ્ઞાનનો તિરોભાવ થાય છે.

એટલે કે પરનાં લક્ષવાળું ઇન્દ્રિયજ્ઞાન રોકાઈ જાય છે. પણ તેનો અભાવ થતો નથી.

મને "જાણનાર જણાય છે" તો લક્ષ પર ઉપરથી છૂટી જાય છે. અને ઉપયોગ અંદરમાં જઈ શુદ્ધઉપયોગરૂપ થઈ જાય છે. તે શુદ્ધઉપયોગનું લક્ષણ એકાંતે સ્વપ્રકાશક છે. તેમાં સ્વપર પ્રકાશક નથી.

**એકાન્તે સ્વપ્રકાશક તેનો ન્યાય શું ? કહે - ઉપયોગને એકાંતે સામાન્યનું જ અવલંબન છે, વિશેષનું અવલંબન નથી તો પછી પરનું તો અવલંબન ક્યાંથી હોય ? બન્નેનો પ્રતિભાસ છે તેનો નિષેધ નથી. પરંતુ સાધ્યની સિદ્ધિ સ્વપર પ્રકાશકમાં થતી નથી. ઊલટું સ્વપર પ્રકાશકના પક્ષમાં અજ્ઞાન થઈ જાય છે.**

૨૮૫

પરમાત્મા પરિણમતો જ નથી અને પરિણમે છે તો જ્ઞાનરૂપે જ પરિણમે છે. બધાના જ્ઞાનમાં જાણનાર તન્મય છે. માટે જ્ઞાનમાં "જાણનાર જ જણાય છે."

૨૮૬

**જે જ્ઞાનમાં પ્રવચન જણાય છે તે જ્ઞાનમાં આત્મા જણાતો નથી.** વિશેષ જ્ઞાનમાં આત્મા જણાતો નથી. સામાન્ય જ્ઞાનમાં જાણનારો રહે છે તેથી સામાન્યજ્ઞાનમાં "જાણનારો જણાય છે."

પ્રવચનને જાણનાર જ્ઞાન અલગ છે. આત્માને જાણનાર જ્ઞાન અલગ છે. પરમાત્મામાં પરમાત્માને જાણનારું જ્ઞાન પ્રગટ થાય છે. પરમાત્મામાં પરને જાણનારું જ્ઞાન પ્રગટ થતું નથી.

૨૮૭

બે જ્ઞેયોને જાણનાર એક જ્ઞાન નથી. સ્વપર બે જ્ઞેયને જાણનાર બે જ્ઞાન છે. જે જ્ઞાનમાં પર જણાય છે તેમાં સ્વ જણાતું નથી. સામાન્યજ્ઞાન એકલા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણનારને જ જાણે છે પરને જાણતું જ નથી.



૨૮૮

લક્ષણ અને લક્ષનો ભેદ રહે ત્યાં સુધી પણ આત્મા જણાય નહીં. **જ્ઞાનમાં આત્મા જણાય છે. તેમાં પણ આત્મા જણાતો નથી, તો પછી જ્ઞાનમાં સ્વપર જણાય છે તેમાં તો આત્મા ક્યાંથી જણાશે બાપલા તને !** રહેવા દે !! રહેવા દે !! આવી જા મોક્ષમાર્ગમાં. “જાણનારો જણાય છે તેમ લઈ લેને; પર જણાતું નથી. ખરેખર શબ્દ કેમ લગાવ્યો ? પ્રતિભાસ થાય છે લોકાલોકનો એને ઉડાડી ન શકાય પણ પ્રતિભાસ હોવા છતાં એનું લક્ષ ફરી ગયું. શરીરનો પ્રતિભાસ છે, લક્ષ ફરી ગયું બસ. જ્ઞાયક જણાય છે. પ્રતિભાસ રહી ગયો ને અનુભવ થઈ ગયો. પ્રતિભાસને ઉડાડાય નહીં.

૨૮૯

આ કોના ઘરમાંથી વાત આવી છે કે છ દ્રવ્યને જ્ઞાન જાણતું નથી. કોઈ તીર્થંકરે આવું કહ્યું છે ? અનંતા તીર્થંકરો થયા. વર્તમાનમાં થશે, ભગવાનની દિવ્ય ધ્વનિમાં આવ્યું છે. કોઈ તીર્થંકરે કહ્યું જ નથી કે : જ્ઞાન પરને જાણે છે. તે તો જાણનારને જાણે છે; પરને જાણતું નથી (પર) વ્યવહારે તો જ્ઞેય ખરું ને ? વ્યવહારે જ્ઞેય એટલે એમ છે નહીં. ઉપચારના કથન છે બધા. **ઘણાં જીવોનો કાળ પાક્યો હશે, એટલે આ ગુપ્ત ખજાનો બહાર આવી ગયો.**

૨૯૦

ખરેખર ચાર ગતિમાંથી કોઈ ગતિની ભાવના જ ન હોય. મારામાં કોઈ ગતિ જ નથી. તેમાં એમ કહ્યું કે... “આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન”. “હું જાણનાર છું, કરનાર નથી. તેમાં બાર અંગનો સાર છે. પછી “જાણનાર જણાય છે”ને બીજું કાંઈ જણાતું નથી. કેમકે જાણનારમાં બીજું કાંઈ છે જ નહીં. તો ક્યાંથી જણાય ? તેની તો આ ચર્ચા ચાલે છે. આ ક્ષાયિકભાવનાં સ્થાનો નથી. આ ક્ષયોપશમભાવનાં સ્થાનો નથી.

૨૯૧

પરનું, ભેદનું, લક્ષ કરવું તે જ્ઞાનનો સ્વભાવ નથી. “જાણનાર જણાય છે” તેને જાણવું તે જ્ઞાનનો સ્વભાવ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૨૯૨

શક્તિ → "જાણનારો જણાય છે."

શક્તિની વ્યક્તિ પ્રગટ થાય તેમાં → "જાણનારો જણાય છે."

## ૨૯૩

શ્રીમદ્‌જી જેવા શ્રીમદ્‌જી કહે છે : "ષટ્‌સ્થાનકથી ભિન્ન બતાવ્યો આપ". આપ એટલે આત્મા. મોક્ષમાર્ગ અને મોક્ષથી ભિન્ન દૃષ્ટિમાં આવશે. ન્યારો છે માટે જાણનાર છે. સતત એ જ આવે છે કે "જાણનારો જણાય છે." પર્યાયમાત્રથી ભિન્ન છે ભાઈ !

આહા ! પર્યાયથી રહિત તેમ શ્રદ્ધાન કરવું. **ધ્યેય દૃષ્ટિમાં આવશે તો અનુભૂતિની પર્યાયથી સહિત અને આનંદના પર્યાયથી સહિત જ્ઞાન જાણી લેશે. અપરિણામીનું શ્રદ્ધાન પરિણામીનું જ્ઞાન થશે.**

## ૨૯૪

"જાણનાર જણાય છે અને પર જણાતું નથી" એ વાત બહુ જરૂરી છે.

## ૨૯૫

**જિજ્ઞાસા :** કેવો જાણનાર છે ?

**સમાધાન :** નિરંતર જ્ઞાનમાં જણાઈ રહ્યો છે તેવો જાણનાર છે.

## ૨૯૬

નિરંતર "જાણનાર જણાય છે" તેવી અનાદિની સ્વાનુભૂતિરૂપી રમણી પાસે જાય છે.

## ૨૯૭

"જ્ઞાયક નથી ત્યમ પર તણો." ક્રોધ આદિ ઉપયોગમાં નથી માટે જાણવામાં આવતા નથી. **જ્ઞાનના ખૂણે ખૂણામાં સર્વાંગ જ્ઞાન જ વ્યાપક છે. તેથી જ્ઞાનમાં અન્યનો પ્રવેશ નથી. માટે જાણવામાં નથી આવતું. જાણવામાં નથી આવતું માટે જાણવામાં નથી આવતું. જાણવામાં એટલે ક્રોધાદિનો પ્રવેશ નથી માટે જાણવામાં નથી આવતું. જ્ઞાનમાં જાણનાર જ વ્યાપક છે એટલે "જાણનારો જ જણાય છે."**

## ૨૯૮

તમારા જ્ઞાનમાં અત્યારે "જાણનાર જણાઈ" રહ્યો છે. જાણવામાં સ્વયં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





આવી જ રહ્યો છે. આત્માને જાણવો નથી. ચાલુ ફંકશનનો સ્વીકાર કરવો તે મહાન પુરુષાર્થ છે.

૨૯૯

"જાણનાર જણાય છે." ઉપયોગમાં ઉપયોગ છે. આ ઉપયોગમાં લોકાલોક તો જણાતું નથી, પણ ઉપયોગેય જાણવામાં આવતો નથી. જ્ઞાનમાં તો જ્ઞાયક જ જણાય છે. જ્ઞાન જ્ઞાનને નથી જાણતું તો તે જ્ઞાનની પર્યાય પરને કેમ જાણે ? જ્ઞાનની પર્યાય પોતાનું અસ્તિત્વ ભૂલીને જ્ઞાયકને પ્રસિદ્ધ કરે છે. માટે તે આત્મા જ છે.

૩૦૦

ચોટ લાગે તો કામ થાય અને 'હું પરને જાણું છું' તે નીકળી જાય અને "જાણનારો જણાય જાય." ઇન્દ્રિયજ્ઞાન રહી જાય.

૩૦૧

જ્ઞાન પ્રગટ થઈ રહ્યું છે. અર્થાત્ જ્ઞાનમાં જાણનાર જ્ઞાયક જ જણાય રહ્યો છે, તેનું નામ સંવર, તેનું નામ વિશેષ જ્ઞાન, તેનું નામ ધર્મ, વિશેષમાં વિશેષનો સ્વીકાર નથી થતો, વિશેષમાં તો સામાન્યનો સ્વીકાર થઈ રહ્યો છે.

૩૦૨

આત્માને જાણો ! આત્માને જાણો ! હવે તો જાણનાર જાણવામાં આવી રહ્યો છે તો પુરુષાર્થ શું કરવો ? પહેલાં જાણનારને જાણવો છે તેમ હતું, હવે તો જાણનાર જણાય રહ્યો છે. તેથી કાંઈ કરવાનું નથી. વાસ્તવમાં તારે કાંઈ જ કરવાનું નથી. જેવો છે તેવો સ્વીકાર કરવાનો છે. બસ એટલું જ છે.

૩૦૩

**જિજ્ઞાસા :** જાણનાર જાણવામાં આવે તેવો કોઈ ઉપાય બતાવો ?

**સમાધાન :** હે ! ભવ્ય ! તને નિરંતર જાણનાર જ જાણવામાં આવી રહ્યો છે. પરને તું જાણતો જ નથી. પરને તેં કદી જાણ્યું પણ નથી.

૩૦૪

બધાને "જાણનારો જણાય છે" તેથી તો બધા જાણનાર છે.

૩૦૫

"જાણનાર જણાય છે" તે જ્ઞાન; અને પર નથી જણાતું તે વૈરાગ્ય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૩૦૬

જાણનાર અખંડ જ્ઞાયક ભગવાન તે જાણવાના સ્વભાવથી ભરેલો છે. અને તે કદી પરને જાણવા ગયો જ નથી, તેવા જાણનારને જાણું છું.

૩૦૭

જાણનારો પરને જાણતો જ નથી. જાણનારો જાણનારાને જ જાણે છે. આ જ્ઞાનના વિશ્વાસ વિના વિષયોની અભિલાષા (પરને જાણવાની) છૂટતી નથી.

૩૦૮

જાણનારને જ જાણે છે, અને જાણનાર જ જણાય છે તેવો આ જ્ઞાયક જ્ઞેય છે.

૩૦૯

જ્ઞાનનો સ્વભાવ એવો છે કે જાણનારને જાણતાં જાણનારો જ જણાય.

૩૧૦

"જાણનારો જણાય છે" ખરેખર પર જણાતું નથી તેમાં ત્યાગધર્મ આવી ગયો.

૩૧૧

પરને જાણતો નથી, અને જાણનારો જણાય છે એવું ઘૂંટણ અંદરથી ઊપડશે તો જ્ઞેય ફરી જશે.

૩૧૨

બીજું ખરેખર કાંઈ જણાતું નથી; જાણનાર જણાય છે "તેમાં બીજું ખરેખર કાંઈ જણાતું નથી" તેમાં ઘણો માલ છે.

૩૧૩

હું અનાદિકાળથી જ્ઞાનની બહાર ગયો જ નથી. આત્મા ચાર ગતિમાં ઘૂમ્યો છે તે આત્મકથા નથી, સંસારકથા છે. આત્મકથા તો એટલી જ છે; "જ્ઞાનમાં જાણનારો જણાય રહ્યો છે," તેનો સ્વીકાર તે પુરુષાર્થ છે અને તે ધર્મ છે.

૩૧૪

કુંદકુંદ આચાર્ય ભગવાને કહ્યું; "તું જાણનારને જાણ." અમૃતચંદ્ર આચાર્ય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ભગવાને કહ્યું; "જે જાણવામાં આવી રહ્યો છે તેને જાણ." બન્નેની સંધિ છે. એક આચાર્યે કહ્યું કે "જાણનારને જાણ ! તો કર્તા બુદ્ધિ પુષ્ટ થાય છે તેમ નથી. અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે : "જાણવામાં આવી રહ્યો છે તેને તું જાણ" માટે જ્ઞાતાબુદ્ધિ થાય છે તેમ નથી. વિવિક્ષા સમજવી જોઈએ.

**૩૧૫**

અતીન્દ્રિય જ્ઞાન તો છે નહીં, અને ઇન્દ્રિયજ્ઞાનમાં આત્મા જણાતો નથી ! તો આચાર્ય ભગવાને કેવી રીતે કહ્યું કે : "જાણનાર જણાય રહ્યો છે !? સામાન્ય જ્ઞાનમાં બધાને અનુભૂતિ સ્વરૂપ આત્મા જાણવામાં આવે છે. તેમ જે જાણે છે તેને સમ્યક્જ્ઞાન પ્રગટ થાય છે. તે નવું પ્રગટ થાય છે. વિશેષ નવું પ્રગટ થાય છે. સામાન્ય છે તે નવું પ્રગટ થતું નથી. ઘટના નવી ઘટિત થાય છે. કારણ કે તે ઘટના છે. સ્વભાવ નથી અને સ્વભાવ નવો ન થાય.

**૩૧૬**

ન સમજાય તો મૂંઝાવું નહીં. "હું જાણનાર છું, અને જાણનાર જણાય છે", તેણે આખું જિનશાસન જાણી લીધું. બાકી કાંઈ રહેતું નથી.

**૩૧૭**

અભવી નિગોદિયાને સ્વપરનો પ્રતિભાસ થાય છે; પ્રતિભાસ ટળતો નથી, પણ જ્યારે નિષેધ કરે કે : "મને જાણનારો જણાય છે", ત્યારે પરનો પ્રતિભાસ રહી જાય છે, અને ઉપયોગ કન્વર્ટ થઈને અતીન્દ્રિયજ્ઞાન થઈ જાય છે. પણ આ કોયડો ઉકેલવો કઠિન છે. નિકટ ભવીને કોયડાનો ઉકેલ જરૂર આવી જાય છે.

**૩૧૮**

તે વાક્ય એટલું **ઇમ્પોર્ટન્ટ છે કે... મારી પાસે આવીને ઘણાં પ્રશ્ન કરે છે કે : અસ્તિથી વાત કરો ને** ? પ્રશ્ન તો થાય ને ? ત્યારે મેં કહ્યું ? પર નથી જણાતું તેમ શા માટે કહ્યું ખબર છે ? **એને શલ્ય છે કે પર જણાય છે. ઈ... શલ્ય કાઢવા માટે પર જણાતું નથી કહ્યું. ત્યારે અસ્તિમાં આવશે. ત્યારે અંદરમાં આવશે. પર જણાય છે તે શ્રદ્ધાનમાં છે ને ? સ્વપર જણાય છે તે મિથ્યા શ્રદ્ધા છે.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





કહે છે કે : "જાણનાર જણાય છે" અસ્તિથી વાત કરો ને ? કે; તને નહીં જણાય. હું પરને જાણું છું ઈ શલ્ય છૂપું છે.

કોણ ભૂલ બતાવે ? અને આ ભૂલનું જ્ઞાન બધાને ન થાય ? પણ કાળ પાકે ત્યારે... "હું પરને જાણું છું" ઈ મારી ભૂલ છે તેમ લાગે.

## ૩૧૯

સમયસારની ૧૪૪ ગાથા છે. એમાં આખા કર્તાકર્મ અધિકારનો સાર છે. આમ કરવાથી જીવને સમ્યક્‌દર્શન થાય છે. કેમ કરવાથી ? આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું તે. તેટલા ભેદથી સમજાવે છે. પણ જ્યારે "જાણનારો જણાય છે" ત્યારે આ બધા વિકલ્પો શાંત થઈ જાય છે. વિરામ પામી જાય છે. નયોના વિકલ્પ વિરામ પામે છે. એમાં એ ટુ ઝેડ પ્રોસેસ છે. પ્રથમ શું ? અને પશ્ચાત શું ?

## ૩૨૦

"હું જાણનાર છું, જાણનાર જણાય છે." **હું જાણનાર છું અને જાણનાર જણાય છે" તે ભેદથી વાત સમજાવી. પણ ભેદ રહેતો નથી. ભાષાથી સમજાવ્યું માટે ભેદ છે અને ઓલું તો વચનાતીત છે. ભેદ રહેતો નથી. તેણે વાણીનું વાચ્ય ગ્રહણ કરવું જોઈએ. "જાણનારો જણાય છે" તેમાં અભેદને લેવું જોઈએ. કોઈ વાણીને પકડે કે આ તો તમે ભેદથી વાત કરો છો ? શબ્દ મ્લેચ્છ ન થવું જોઈએ. "જાણનારો જણાય છે" આ તો મહામુનિનું વાક્ય છે. ૬ ઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલનારા મુનિરાજ કહે છે.**

## ૩૨૧

**પરિણામ સર્વથા ભિન્ન છે માટે કર્તા નથી. પરિણામથી સર્વથા ભિન્ન છે માટે જાણતો નથી. જ્ઞાન અને જ્ઞેય તો અભિન્ન છે. જે જ્ઞાન છે તે જ જ્ઞેય છે, તે જ જ્ઞાતા છે.** જાણનારો સમયે સમયે બાળગોપાળ સૌને જણાય રહ્યો છે. તેના ઉપર વિશ્વાસ નથી આવતો.

## ૩૨૨

અરીસામાં સોમવારે મોઢું જણાણું. મંગળવારે ! આ મોઢું જણાય છે કે દર્પણ જણાય છે ? ગુરુની વાણીમાં આવ્યું કે દર્પણની સ્વચ્છતામાં દળ જણાય છે. બીજા દિવસે ગયો મંદિરમાં; મોઢાનો પ્રતિભાસ તો થાય છે તેને છેકી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



(ભૂંસી) ન નખાય.

કાલે તો મોઢું જણાતું હતું, આજે દળ જણાય છે. ત્યાં ત્રીજો કોઈક આવ્યો; એમ રહેવા દ્યો ! મોઢું પણ જણાય અને દળ પણ જણાય તેવું અનેકાન્ત રાખો તમે !

નિશ્ચયની વાત સાંભળનારા, કહેનારા, અનુભવનારા ઓછા જ હોય. **સ્વપર પ્રકાશકમાં પ્રતિભાસની મુખ્યતા છે. જાણવાની મુખ્યતા નથી.** સ્વપ્રકાશક કહ્યો ત્યાં નિશ્ચય કહ્યો છે. આપણે વ્યવહારના વચનમાંથી નિશ્ચય કાઢી લેવો જોઈએ.

## ૩૨૩

(૧) સમકિત થશે ત્યારે; → જાણનારો જણાય છે તેમાં થશે.
(૨) શ્રેણી થશે ત્યારે; → જાણનારો જણાય છે તેમાં થશે.
(૩) મોક્ષ થશે ત્યારે; → જાણનારો જણાય છે તેમાં થશે.

## ૩૨૪

સ્વપર પ્રકાશક છે છતાં પણ પરને જાણતો નથી; સ્વને જ જાણે છે. સ્વપર પ્રકાશક કોયડો છે. સ્વપર પ્રકાશકને (જૈન દર્શનમાંથી) ઉડાડીને ? કે : **'ના.' સ્વપર પ્રકાશકને રાખીને સ્વપ્રકાશક થઈ જાય છે. સ્વપર પ્રકાશક ઊડતું નથી. અનંત પદાર્થો, લોકાલોકનો પ્રતિભાસ થાય છે; પણ તે જણાતું નથી. હવે જ્યારે અનુભવનો કાળ આવે ત્યારે, એટલે કે પરનાં પ્રતિભાસના કાળે પર તો જણાતું નથી, પરનો પ્રતિભાસ થયો તે પણ જણાતું નથી પણ "જાણનારો જણાય છે." ત્યાં એને અનુભવ થઈ જાય છે.**

## ૩૨૫


"જાણનારો જણાય છે" તે જૈનનો જવાબ છે, અને પર જણાય છે તે ભ્રમણાનું ભૂત છે.

## ૩૨૬

આબાળ-ગોપાળ સૌને સદાકાળ અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા જ જાણવામાં આવી રહ્યો છે. અર્થાત્ **"જાણનારો જ જણાય છે." આવું વિચારશે, નિર્ણય કરશે, તો અનુભવ થઈ જશે. આ નાને મોઢે મોટી વાત નથી.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૩૨૭

**જાણનાર જ જાણવામાં આવી રહ્યો છે તે એક જ વાત નથી સાંભળી, આ એક જ વાત સાંભળવા જેવી છે.**

## ૩૨૮

જાણનારને જાણે છે, પરને નથી જાણતો તે જ જીવ છે.

## ૩૨૯

સ્વભાવ ચાલુ છે. સ્વભાવ શું ? "જાણનારો જણાય છે." આ સ્વભાવનો કદી અભાવ થયો જ નથી.

## ૩૩૦

પરિણામને જાણવા જાય તેવો જ્ઞાનનો સ્વભાવ નથી, પરિણામને ભગવાને પરદ્રવ્ય કહ્યું છે. આહારનાં પરિણામ, પુણ્યના પરિણામ, તેને જ્ઞેય બનાવે તો, ભગવાન આત્મા જ્ઞાનનું જ્ઞેય રહી જશે. તેને જાણનાર જણાતો હોવા છતાં નહીં જણાય. પરિણામ પરજ્ઞેય છે, સ્વજ્ઞેય નથી.

## ૩૩૧

"જાણનારો જણાય છે" તેમ (કુંદામૃત કહાન સ્વાધ્યાય મંદિરમાં) લખ્યું છે. જાણનારો જણાશે તેમ નથી લખ્યું. બાળ ગોપાળને જણાય છે. જે વાંચે તેને "જાણનારો જણાય છે" તેમ લખ્યું છે ?

**જિજ્ઞાસા :** તો પ્રત્યક્ષ કેમ થતો નથી ?

**સમાધાન :** પરને જાણું છું, કાં પર્યાયને જાણું છું, તે શલ્ય રહી ગયું. દ્રવ્યલિંગી મુનિની આ ભૂલ રહી ગઈ. તો પછી સામાન્ય માણસ તો ગોથું ખાય જ ને ?!

## ૩૩૨

પરને જાણે છે તેમાં ઇન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે. "પરને જાણતો નથી જાણનાર જણાય છે" તેમાં અનુભવ થાય છે. અનુભવ થયા પછી તે કોની વાત માને ?! સાકર પંચમકાળ છે માટે મોળી છે ? અરે ! મેં ચાખી છે પછી મોળીની વાત ક્યાં છે ?! ચોથાકાળમાં મીઠી પંચમકાળમાં મોળી તેમ ન હોય.

વેદય = જાણવું. વેદક = જાણનારો. વેદ ટુ નો. અહીં વેદ તે ભોક્તાના રૂપમાં નથી. "જાણનારો જણાય છે," "જાણનારો જણાય છે" તેમ બે ભેદ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પડ્યા કે નહીં ? ભેદ નથી પણ શિષ્યોને સમજાવવા કહ્યું છે. "જાણનારો હું અને કેવળી ભગવાન, પંચ પરમેષ્ઠી જ્ઞાનનું જ્ઞેય. હું તેને જાણું છું તો ભ્રાંતિ. જાણનારો પણ આત્મા જણાય પણ આત્મા. બે ભેદ નથી વસ્તુ તો એક જ છે.

### ૩૩૩

પુદ્‌ગલની અનંત શક્તિને અલ્પ શક્તિવાળો ન જાણે, પરંતુ અનંત શક્તિવાળો હોય તે જ જાણે. ખરેખર તો પુદ્‌ગલને જાણવાની શક્તિ જ નથી (આત્મામાં) એ તો પોતાનો જાણનારો છે. પુદ્‌ગલને અને એની અનંત શક્તિને જાણે તો આ જાણનારો રહી જાય. બાળ-ગોપાળ સૌને જણાઈ રહ્યો છે. "જાણનારો જણાય છે" (૩) ધ્રુવ જ્ઞાયક પરમાત્મા જણાય છે.

### ૩૩૪

જ્ઞાન પ્રગટ કરવાનો સીધોસાદો ઉપાય, → "જાણનારો જણાય છે."

### ૩૩૫

જોકે આત્મા અને જ્ઞાન છે તો તાદાત્મ્ય સ્વરૂપે પ્રકાશ અને પ્રકાશક એક સત્તા છે. તાદાત્મ્ય સ્વરૂપે હોવા છતાં ક્ષણ માત્ર પણ સેવતો નથી. મને જ્ઞાન જણાય છે, જ્ઞાયક જણાય છે, જાણનાર જણાય છે, તેમાં તે આવતો નથી. આ વાક્ય એને બેસતું નથી. આમ આ... (પર) જણાય છે, આ જણાય છે... શું પર નથી જણાતું ? તેને જાણનાર જણાય છે તે કેમ લાગે ? ઈ... બહુ સૂક્ષ્મ વાત છે. ઇન્દ્રિયજ્ઞાનથી પ્રત્યક્ષ દેખાય છે ને ? તેને ચોંટી ગયો છે.

### ૩૩૬

"હું કરનાર નથી, હું જાણનાર છું." "જાણનારો જ જણાય છે," બસ. આમાં ચાર બોલ લખ્યા છે. સૂરજનો સ્વભાવ પ્રકાશ અને પ્રકાશનો સ્વભાવ ? સૂરજને તન્મયપણે પ્રસિદ્ધ કરવાનો છે. છેતો પ્રથમથી જ જ્ઞાન અને જ્ઞાયક તન્મય પણ તેનો સ્વીકાર નથી આવતો.

### ૩૩૭


સ્વયં બુદ્ધત્વ અને બોધિતબુદ્ધત્વ એ કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય. પોતે પોતાની મેળે જાણવું એ સ્વયં બુદ્ધત્વ. કાં બીજાના જાણવાથી જાણવું એ કારણ પૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. કાં તો સ્વયં પોતે ચિંતવન કરીને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





નક્કી કરે કે ઓહો ! મને તો "જાણનાર જણાય છે." તો અનુભવ થઈ જાય છે.

કાં તો જ્ઞાનીનો યોગ થાય ત્યારે દેશના મળે કે તને દેહ જણાતો નથી હોં !! પર જ્ઞેય જણાતું નથી. તારા જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે. અમને જ્ઞાયક જણાય છે; તમને જ્ઞાયક જણાય છે એવો ઉપદેશ જ્યાં આવ્યો; ત્યાં ઈ પરનો નિષેધ કરી, વ્યવહારનો નિષેધ કરી; "જાણનાર જણાય છે" તેમાં આવી ગયો. તે બોધિ બુદ્ધત્વપણું થયું. આમ ઉપદેશથી પણ અનુભવ થાય.

૩૩૮

**જ્ઞાન આત્માને જ જાણી રહ્યું છે, અને "જાણનાર જ જાણવામાં" આવી રહ્યો છે. હે ! મોક્ષાર્થી જીવો ! આનું પરમ ઉલ્લાસથી શ્રદ્ધાન કરો.**

૩૩૯

પરદ્રવ્યોને હું જાણું છું તેવો આગ્રહ કરે છે જગતના જીવો તે તો સમ્યક્‌ની સન્મુખે નથી. બધાના આત્મા પરને ન જાણે એવા જ છે હો !! **સ્વને જાણવું છૂટે નહીં તેમ લેવું હોં !!** ભલે પ્રત્યક્ષ ન થાય, પણ પરોક્ષમાં તો આવી જાય. પરને જાણે તેવો જ્ઞાનનો સ્વભાવ નથી. સ્વને જાણે તેવો જ જ્ઞાનનો સ્વભાવ છે.

સ્વ કદાચ પ્રત્યક્ષ ન થાય તો પરોક્ષમાં રાખ કે : બાળ ગોપાળ સૌને "જાણનાર જણાય છે." એટલે પ્રતિભાસ તો થઈ રહ્યો છે. પરોક્ષ અનુભૂતિ તો થઈ રહી છે, પણ પર જણાય છે તેમ માને તો તેને પ્રત્યક્ષ અનુભૂતિ ક્યાંથી થાય ? બહાર વયો ગયો.

કળશટીકા કળશ નં-૮માં **ઉદ્યોતમાનમ્‌ - ઉન્નયમાનમ્‌** તે બે શબ્દો લખ્યા છે. "જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે." એટલે પરને જાણતો નથી. વિષય બહુ સારો બહાર આવ્યો છે. જ્ઞેયની ભૂલ નીકળી જશે.

૩૪૦

**યુગલજી સાહેબ ભીંડની શિબિર વખતે બહુ પ્રમોદિત થયા.** પર મારું જ્ઞેય નથી તો આત્મા જ્ઞેય થઈ જશે. વિધિ-નિષેધ કર કે "જાણનારો જણાય છે ને ખરેખર પર જણાતું નથી."



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૩૪૧



જાણનાર જણાય છે, પર જણાતું નથી, એમાં આવ્યો તો તો ઇન્દ્રિયજ્ઞાન બંધ થઈ ગયું, તો મોહ વયો ગયો. "જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી." પરને જાણવું ભ્રાંતિ છે, તેવું શાસ્ત્રમાં લખ્યું છે. કરવું તો તારા સ્વભાવમાં નથી, પણ પરને જાણવું તારા સ્વભાવમાં નથી. સમ્યક્દર્શન ધર્મનું મૂળ છે, ચારિત્ર ઝાડ અને કેવળજ્ઞાન ફળ છે.

## ૩૪૨

ધ્યેય હાથમાં આવે પછી જ્ઞેયમાં ભૂલ હોય તો ધ્યેયનું સ્વરૂપ ઝાંખું ઝાંખું થતું તે સ્વરૂપ ભૂંસાઈ જાય છે અને ક્રમે નિગોદમાં ચાલ્યો જાય છે. થોડા કાળ પછી સંસ્કાર છૂટી જાય છે. હવે પરનો પ્રતિભાસ ઉપયોગમાં થાય છે. ત્યારે જાણનાર જણાય છે તો આખો આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જ્ઞેય થાય છે. પર્યાય એકલી જ્ઞેય થતી નથી. પરિણામી અભેદ આત્મા જ્ઞેય થાય છે.

## ૩૪૩

કહેવાનો આશય ઈ... છે કે જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે એટલો પક્ષ આવી જાય તો બસ.

જાણનાર છું, કરનાર નથી." "જાણનાર જણાય છે." બસ. આ બે જ વાક્ય છે. બેમાં બધું જ આવી જાય છે. "હું જાણનાર છું રાગાદિનો કરનાર નથી. જેમ ચક્ષુ દેખનાર છે તેમ "હું જાણનાર છું." "હું જાણનાર છું કરનાર નથી."

**જિજ્ઞાસા :** એટલું બધું સહેલું હોય તો બધા જ પામી જાય ?!


**સમાધાન :** બધા જ પામી જાય તેવું જ છે. પણ તેને એ વાત બેસવી જોઈએ ને ? હું રાગનો કરનાર નથી. કરનાર ન હોય તો કાંઈ નહીં પણ રાગ જણાય તો ખરો ને ?

## ૩૪૪

"જાણનારો જણાય છે" તેવો વિકલ્પ તે વ્યવહાર બ્રહ્મચર્ય છે. "જાણનારો જણાય છે" તે નિશ્ચય બ્રહ્મચર્ય છે. તેના ફળમાં સ્વભાવિક શીલની પ્રાપ્તિ થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



## ૩૪૫

હું આ બધી વાત કરું છું તે બધી શાસ્ત્રમાં છે. અધ્યાત્મ પ્રવચન રત્નત્રય એ પુસ્તકમાં ત્રણ ભાગમાં તેર વ્યાખ્યાનો છે. આત્મા પરનો કરનાર નથી, પરિણામનો જ્ઞાતા નથી.

"જાણનાર જણાય છે" બધું એમાં છે. ધ્યેય, ધ્યાન અને ધ્યાતા ત્રણે વાત છે. આ એવી પળે કુદરતી બહાર પડી ગયું. ત્રણ-ત્રણ આચાર્યો અને એક ગુરુદેવ ! આમ ચાર ચાર ભેગા મળીને એક અજ્ઞાનીને સમજાવે છે.

## ૩૪૬

અપૂર્વ વાત : અનુભવ માટે સહેલામાં સહેલો ઉપાય. "આત્મા એવ જણાય છે." આમાં બાર અંગનો સાર છે.

## ૩૪૭

પરને જાણવું સ્વભાવ માને છે આખું જગત. હવે જ્યાં પરને જાણવું સ્વભાવ માનતો હોય જીવ તો તેને પરને જાણવાનો નિષેધ પણ ન આવે. તો પછી એનો ઉપયોગ અભિમુખ થઈને મને "જાણનારો જણાય છે" એવા વિચારમાં પણ આવતો નથી. તો અનુભવ ક્યાંથી આવે !! જેને વિચારમાં આવશે તેને અનુભવમાં આવવાની શક્યતા છે. પણ હું પરને જાણું છું એવા હઠે ચડેલો આત્મા એનો નિષેધ કરી શકતો નથી. કે ખરેખર પર મને જણાતું નથી. ઇન્દ્રિયજ્ઞાન આત્માનું જ્ઞાન જ નથી. ઈ... ખરેખર જ્ઞાન જ નથી, જ્ઞેય છે.

## ૩૪૮

ટાઢી-ઊની અવસ્થાને ભાવઇન્દ્રિય જાણે છે, જ્ઞાન નથી જાણતું. રાગને કોણ જાણે છે ? રાગ બુદ્ધિનો વિષય છે. મન જાણે છે. તને તેનો જાણનાર બતાવ્યો, હવે હું જાણું છું એ લાકડું કાઢી નાખ ને ? "જાણનાર જણાય છે" તેમાં આવી જા ને !!!

## ૩૪૯

**જિજ્ઞાસા : હું જાણનાર છું તેવો વિકલ્પ તે ધ્યેયનો પક્ષ છે. "જાણનાર જણાય છે" તેવો વિકલ્પ તે જ્ઞેયનો પક્ષ છે. બન્ને વિકલ્પ અનુભૂતિના કાળમાં**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**છૂટે છે; અથવા અનુભૂતિ થવા પહેલાં કોઈ ક્રમ પડે છે ?**



**સમાધાન : બન્ને વિકલ્પ એક સમયમાં છૂટે છે. દૃષ્ટિનો વિષય ધ્યેય અને જ્ઞેય એક સમયમાં થાય છે.** સોમવારે ધ્યેય થાય, મંગળવારે જ્ઞેય થાય તેમ નથી. એક સમયમાં છે. અનુભવના કાળમાં કાળભેદ નથી.

### ૩૫૦

બધા વિચારો છોડીને, એક જાણનાર છું અને "જાણનારો જણાય છે", પછી જરા આગળ વધીને કે ખરેખર પર જણાતું નથી. "જાણનારો જણાય છે" અને ખરેખર પર જણાતું નથી," એમ લેવું. "જાણનારો જણાય છે" અને વ્યવહારે પર જણાય છે તેમ ન લેવું. જાણનારો છું તેમાં કરનાર નથી આવી ગયું. "જાણનારો જણાય છે" તો પર જણાતું નથી આવી ગયું. એવા ભેદજ્ઞાનનાં વિચારથી જીવને અનુભવ થઈ શકે છે.

### ૩૫૧

**હું પરને જાણતો નથી તે નિષેધરૂપ વાડ છે. ત્યારે અંદર જાણનારો જણાય છે તેવી ખેતી થશે.**

### ૩૫૨

જાણવા સિવાય કોઈ આત્માનો ધર્મ નથી. આત્માનો ધર્મ કહો કે જ્ઞાનનો ધર્મ કહો. જેટલું કહેવું હોય એટલું કહો ! બાકી મને તો એકલો "જાણનાર જણાય છે." બસ તેનું મનન, ચિંતવન કરીને તેની શ્રદ્ધા દૃઢ કરવી. જ્યારે શ્રદ્ધા પરાકાષ્ઠાએ પહોંચશે ત્યારે ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર બંધ થઈ જશે. નવું અંદરનું જ્ઞાન ઊઘડી જશે અને બહારનું જ્ઞાન બંધ થઈ જશે.

"પર જણાતું નથી જાણનાર જણાય છે." પર જણાતું નથી શા માટે કહ્યું ? પરને હું જાણું છું તેવી મિથ્યા શ્રદ્ધા છે. જણાય છે તને જ્ઞાન અથવા જણાય છે જ્ઞાયક, અથવા જણાય છે સ્વજ્ઞેય; અને તું માની રહ્યો છો કે પર જણાય છે તો જ્ઞાને સાચું નથી ને શ્રદ્ધાએ સાચી નથી.

### ૩૫૩

"જાણનારો જણાય છે" મહા રહસ્યનું ઉદ્‌ઘાટન છે.

### ૩૫૪

એક દ્રવ્યરૂપ સામાન્ય અને બીજું જ્ઞેયરૂપ સામાન્ય. **આજે બીજા પ્રકારનું**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





સામાન્ય છે તેમાં નિરંતર "જાણનારો જણાય છે." અને પરને કદી જાણવા ગયો જ નથી. માટે તેમાં કદી ઇન્દ્રિયજ્ઞાન થતું નથી.

### ૩૫૫

**જિજ્ઞાસા :** "જાણનારો ક્યારે જણાય ?"

**સમાધાન :** પર્યાય પર્યાયને સર્વથા ભૂલી જાય અને દ્રવ્યને જુએ ત્યારે "જાણનારો જણાય."

### ૩૫૬

સ્વપર પ્રકાશકનાં કાળમાં પણ "જાણનારો જણાય છે." "જાણનારો જણાય છે" તેનાથી વધારે શું જોઈએ.

### ૩૫૭

ભગવાનની વાણીમાં આવ્યું છે. મહા વિદેહક્ષેત્રની વાણી ઇમ્પોર્ટેડ છે. મહાવિદેહનાં સંતોએ કહેલી વાત છે. પરને જાણતાં ઇન્દ્રિયજ્ઞાન અને રાગ દ્વેષ મોહ ઉત્પન્ન થાય છે. તેથી ખરેખર પર જણાતું નથી, પણ જાણનારો જણાય છે તેમાં આત્મશાંતિ થાય છે.

### ૩૫૮

સમયે સમયે જ્ઞાન પ્રગટ થાય છે. સમયે સમયે જ્ઞાનનું અજ્ઞાન કરે છે, તો અજ્ઞાની બની જાય છે. તેને રાગનો કર્તા છું તેમ પ્રતિભાસે છે. હવે બીજો જીવ પોતાની યોગ્યતાથી અને ગુરુ નિમિત્ત હોય, ગુરુ એમ કહે કે તને "જાણનારો જણાય છે." તું તો અનાદિ અનંત શુદ્ધ છો. તું અશુદ્ધ થયો નથી. અશુદ્ધતા તો પરિણામનો ધર્મ છે. અશુદ્ધતા તારો ધર્મ ક્યાં છે ?

અને બાળગોપાળ સૌને ભગવાન આત્મા તો જણાય રહ્યો છે. તારા જ્ઞાનમાં શું જણાય છે તે અમે જાણીએ છીએ. કે : તારા જ્ઞાનમાં સ્વપરનો પ્રતિભાસ હોવાથી જાણનાર જ જણાય રહ્યો છે.

આવી વાત પાત્ર જીવ સાંભળે છે ત્યારે વિષય ફેરવે છે. "મને તો જાણનારો જણાય છે" બસ ! ત્યાંથી ઉપયોગે વિષય બદલાવ્યો. અનાદિથી ઉપયોગ રાગનાં પ્રતિભાસને પોતાનો માનતો હતો, હવે ! રાગ ભિન્ન છે, જ્ઞાન ભિન્ન છે. રાગ ઊડીને અહીં આવતો નથી. પણ રાગ મારામાં થાય છે તો જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું. એટલે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર રૂપે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





વિશેષ અપેક્ષાએ પરિણમી જાય છે. સામાન્ય અપેક્ષાએ અકર્તા હોવા છતાં પણ વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે. તે તેનું અજ્ઞાન છે.

એ જ આત્મા પોતાની યોગ્યતાથી ગુરુગમે સ્વપરનાં પ્રતિભાસમાંથી સ્વના પ્રતિભાસને આવિર્ભાવ કરે તો જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ કરે કે : મને પર જણાતું નથી તેમાં ઇન્દ્રિયજ્ઞાન ક્ષણભર રોકાય જાય છે.

"મને તો જાણનાર જણાય છે." તો તેને અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થતાં આત્મદર્શન પ્રગટ થઈ જાય છે. આ એક વિધિ છે અને તે શાસ્ત્રમાં લખેલી છે.

## ૩૫૯

આબાળ ગોપાળ સૌને "જાણનારો જણાય છે." અનુભૂતિ સ્વરૂપ આત્મા જણાય છે. એટલે અનાદિ અનંત લાગુ પડે છે. "જાણનારો જણાય છે" તે તાદાત્મ્ય છે.

## ૩૬૦

ખુરશી જણાય છે તો જ્ઞાન ખુરશીનું થઈ ગયું. તો જ્ઞાન જડ થઈ ગયું. જ્ઞાન ખુરશીનું નથી, માટે જ્ઞાનમાં ખુરશી જણાતી નથી. જ્ઞાન આત્માનું છે તેથી જ્ઞાનમાં આત્મા જણાય છે. જ્ઞાન શાસ્ત્રનું નથી માટે જ્ઞાનમાં શાસ્ત્ર જણાતું નથી. જો જ્ઞાન શાસ્ત્રનું હોય તો જ્ઞાનમાં, શાસ્ત્ર જણાય ! પરંતુ જ્ઞાન તો આત્માનું છે માટે જ્ઞાનમાં આત્મા જણાય છે. જ્ઞાન રાગનું નથી માટે જ્ઞાનમાં રાગ જણાતો નથી. "જાણનારો જણાય છે" બસ બીજું કાંઈ નથી.

બહુ વિસ્તાર કરવા જતાં નિશ્ચયથી ખસી જવાય છે. અને થોડો વિસ્તાર કરતાં વ્યવહાર મર્યાદારૂપ રહે છે. ઝાઝો વિસ્તાર કરે તો એ વ્યવહાર મર્યાદા બહાર જાય છે. બીજાને સમજાવવા માટે દૂર શા માટે જવું ?!

## ૩૬૧

ઉપરથી આખો પારો ધ્યેયનો સિદ્ધ કર્યો પછી કેમ ધ્યાન થાય એ પ્રશ્ન હતો. અનુભવ સહજ છે. શ્રદ્ધાનું જ્યારે બળ આવે છે ત્યારે પરિણામ આત્મ અભિમુખ થઈ જાય છે. **શ્રદ્ધાનું એવું બળ આવે છે કે પરિણામ મારાથી ભિન્ન છે. તેથી પરિણામનો કર્તા નથી બીજું શ્રદ્ધાનું એવું બળ આવે છે કે પરિણામ**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





**જણાતાં જ નથી. ત્યારે "જાણનાર જણાય જાય છે." ત્યારે સહજ પણે "જાણનાર જણાય જાય" છે. જાણનાર થઈ જાય છે. પરિણામને હું જાણતો નથી ત્યારે ખરો જાણનારો થાય છે. "જાણનાર જણાય છે" તે પ્રશ્ન મુદ્દાનો હતો.**

૩૬૨

ઇન્દ્રિયજ્ઞાન તો બંધનું કારણ છે, અશુચિ છે. જીવની એ, અને એટલી ભૂલ પરને જાણે તે સંસાર છે. "પરને જાણતો જ નથી, જાણનારો જણાય છે." પહેલાં થોડો પછી અંદરથી વિધિ-નિષેધનું જોરદાર બળ આવે, વિકલ્પ તૂટી જાય છે, અને અનુભવ થાય છે.

૩૬૩

જે સમયે સ્વપર બેનો પ્રતિભાસ છે ત્યારે જરાક ભૂલ કરે છે. સ્વનો પ્રતિભાસ થાય છે તે તરફ બેદરકાર રહે છે. "જાણનારો જણાતો" હોવા છતાં તેનો નિષેધ કરે છે પોતે પોતાની મેળે. અને જે ખરેખર ભિન્ન છે; રાગાદિ, દેહાદિ તે પ્રતિભાસ થવાનાં કાળે તેનો ઉપયોગ પર ઉપર જાય છે. ઉપયોગ બધાને સ્વચ્છ પ્રગટ થાય છે. જે પ્રતિભાસે છે રાગાદિ, દેહાદિ તેમાં મારા પણાની કલ્પના કરે છે. કલ્પના કરતાં જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું. જરાક જેટલી ભૂલમાં અનંતકાળ ગયો. હવે જરાક જેટલી ભૂલ કેમ ટળે ! બહારની મહેનત કર્યાં વિના... જે પ્રગટ થતો ઉપયોગ છે તેમાં અનંતકાળથી પરજ્ઞેય જણાય છે તે અનંત દુઃખ અને અનંત સંસારનું કારણ છે.

૩૬૪

હવે જીવોનો કાળ પાકે છે ત્યારે તારા જ્ઞાનમાં તારો જાણનાર આત્મા જણાય છે, પર જણાતું નથી. જગતમાં તારું કોઈ જ્ઞેય જ નથી.

૩૬૫

**સ્વપર પ્રકાશકનો અર્થ સ્વપરનું જાણવું હોય તો બન્નેનું લક્ષ હોવું જોઈએ. પણ સ્વપર બેનું લક્ષ તો નથી, તો સ્વપર બન્નેને જાણતો નથી, એટલે સ્વપરને જાણે છે તે વાત રહેતી નથી. વિધિ-નિષેધ કરે કે પરને નથી જાણતો "જાણનારો જણાય છે", વિષય ભેદે બે ભેદ પડી જાય છે.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





### ૩૬૬

**જિજ્ઞાસા :** પાંચ ઇન્દ્રિયના વિષયને કેમ જીતવા ?

**સમાધાન :** પાંચ ઇન્દ્રિય પરને પ્રસિદ્ધ કરે છે, ત્યારે હું પરને જાણતો જ નથી. ઇન્દ્રિયજ્ઞાન જાણે છે તેમ પણ ન લેવું. મને તો "જાણનારો જણાય છે" સમયે સમયે. બાળગોપાળ સૌને અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા સમયે સમયે જણાય છે.

જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ થાય છે. પણ તેની દૃષ્ટિ પર ઉપર છે. તેથી તેને "જાણનારો જણાય છે" તેમ ભાસતું નથી અને સમ્યક્‌દૃષ્ટિને "જાણનારો જણાય છે" તો સમ્યક્ પ્રકારે અનુભવ થાય છે.

### ૩૬૭

સુખનો સમુદ્ર → જાણનારો જણાય છે.

પાપનો સમુદ્ર → પર જણાય છે.

અજ્ઞાનને કરે છે તેમ ન લખતાં; "અજ્ઞાનરૂપ જ્ઞાન પરિણામને કરતો હોવાથી"... જ્ઞાનનું ડોકું મરડી નાખ્યું. જ્ઞાનનું અજ્ઞાનત્વ કરી નાખ્યું. પ્રગટ તો જ્ઞાન થતું હતું ! તેમાં તન્મયપણે તો આત્મા જણાય રહ્યો તો... અને તેની સાથે રાગ પણ પ્રતિભાસિત થતો હતો.

રાગને હું કરું છું; રાગ જણાય છે; તે રાગ મારો છે; રાગ મારા જ્ઞાનનું જ્ઞેય છે તેમ જાણવાના કાળે ભૂલે છે અને જ્ઞાનનું અજ્ઞાન કરી નાખે છે.

"જાણનાર જણાય છે" અને રાગ ભિન્ન જણાય છે તેવું ભેદજ્ઞાન કરતો નથી. જ્ઞાનમાં રાગ ક્યાં આવી ગયો છે. તારા જ્ઞાનમાં રાગ આવતો નથી, અને રાગને જ્ઞાન જાણતું એ નથી... અને જ્ઞાનમાં રાગ જણાતો એ નથી કેમકે ભિન્ન છે. જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે અને જ્ઞાન જ્ઞાયકને જાણે પણ છે.

### ૩૬૮

"જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે", આ વીતરાગ દેવનું ફરમાન છે. જ્ઞેય તો જણાતાં નથી, જ્ઞેયાકાર જ્ઞાન જણાતું નથી; પરંતુ "જાણનાર જણાય છે."

### ૩૬૯

અનાદિથી પરાલંબી અને ઓશિયાળો થઈ ગયો છે. જેમાં સુખ નથી એમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





સુખ માને છે. જેમાં જ્ઞાન નથી તેમાં જ્ઞાન માને છે. સુખને જ્ઞાન તો અહીંઆ ભર્યું છે. સુખને જ્ઞાન બહાર નથી. પર પદાર્થમાં જ્ઞાન પણ નથી ને સુખ પણ નથી. માટે પર પદાર્થનું અવલંબન લેનારને જ્ઞાન પણ ન થાય, અને સુખ પણ ન થાય.

ભગવાન આત્મામાં સુખ ભરેલું છે, અને જ્ઞાન પણ ભરેલું છે અને અંતરમુખ થઈ અવલંબન લેતાં સુખ પ્રગટ થાય. આત્માનું સુખ હોં ! 'હા.' સુખમાં સેલટેક્ષ કે કાંઈ લાગે નહીં. જે આત્મામાં નથી તેને આત્મા કરતો નથી. પુણ્યને કરતો નથી ને ધર્મને પણ કરતો નથી.

## ૩૭૦

**જિજ્ઞાસા :** પ્રતિભાસના સમયે ભેદજ્ઞાન થતું નથી તો શું કરવું ?

**સમાધાન : સ્વપરનાં પ્રતિભાસ વખતે "જાણનાર જણાય છે" ને પર જણાતું નથી તેમ નિષેધ કરવો. મનમાં શક્તિ છે સ્વપરનો વિચાર કરવાની. કે : અકર્તા છું ને કર્તા નથી; તેવો ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં ઉપયોગ અભેદ તરફ ઢળી જશે. અભેદનાં આશ્રયપૂર્વક પરનો નિષેધ કરે છે ને ? સવિકલ્પ માનસિક જ્ઞાનમાં નિર્ણય થાય છે.**

## ૩૭૧

ખૂબ જ સારી રીતે, અંતરથી સમજીને આગમથી, યુક્તિથી, તર્કથી ઊંડા અનુમાન જ્ઞાનથી, છીછરું અનુમાન જ્ઞાન આમાં કામ ન લાગે. ત્યારે એનો કાળ પણ પાક્યો છે, અને તે **જોરદાર નિષેધ કરે છે, કે : મને પર જણાતું નથી, "જાણનાર જણાય છે." ત્યારે બહિર્મુખ જ્ઞાનનો ક્ષય થતો નથી પણ ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર અટકી જાય છે.** અથવા જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ થાય છે. ત્યારે એક અંતરૂમુખ જ્ઞાન આત્માનાં દર્શન કરી લ્યે છે. ઇન્દ્રિયજ્ઞાન સાથે એકતા તૂટે છે. પરિણતી રહી જાય છે.

હવે ઇન્દ્રિયજ્ઞાન પરને જાણતું પરિણમે છે, પણ હું પરને જાણું છું તે શલ્ય નીકળી ગયું. અજ્ઞાન દશામાં પરને ઇન્દ્રિયજ્ઞાન જાણતું હતું, માનતો હતો કે : "હું પરને જાણું છું". જાણે છે બીજો, માને છે "હું પરને જાણું છું," ત્યાં ઇન્દ્રિયજ્ઞાનમાં તેણે એકપણું કર્યું હતું. ભેદજ્ઞાનથી એકતા તોડી અતીન્દ્રિયજ્ઞાન આત્મા સાથે અહમ્ કરી અનુભવ કરે છે ત્યારે ઇન્દ્રિયજ્ઞાનનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ક્ષય થતો નથી, ઉપશમ થતો નથી, પણ લબ્ધરૂપે કામ કરે છે. પાંચ ઇન્દ્રિયના વિષયને જાણે છે તે પણ ભલે જાણે, પણ હું જાણતો નથી. હું તો જાણનારને જાણું છું. **તેવા એક જ્ઞાનમાં બે ભાગલા પડી જાય છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ચાલુ રહે છે.**

### ૩૭૨

સમયે સમયે કોઈ પણ વસ્તુ હોય ત્યારે ત્યાં તમારે પ્રયોગ કરવાનો કે "જાણનારો જણાય છે." આમ થાય તે સિદ્ધાંત છે. આ પ્રયોગ છે. ઇન્દ્રિયજ્ઞાન જ્યારે પ્રગટ થાય ત્યારે એમ આવવું જોઈએ કે હું પરને જાણતો નથી. આમ સમય સમયનો પુરુષાર્થ છે.

### ૩૭૩

પુણ્યને કરવું અશક્ય છે. થાય તેને કરવું શું ? "પરિણામ થવા યોગ્ય થાય છે, ને જાણનાર જણાય છે." લઈ લે ને ! પછી પુણ્યનો ત્યાગ કરવો ને... ધર્મનું ગ્રહણ કરવું વગેરે ત્યાગ ગ્રહણથી શૂન્ય છે આત્મા. થાય તેને કરવું શું ? ન થાય તેને કરવું શું ? એક સત્તાના બે કટકા ન કર. (કર્તા અને અકર્તા તેવા વિભાગ નથી.) બે થઈને એક પરિણામને કરે તેમ પણ છે નહીં.

નરસિંહ મહેતા કહે છે

"હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, સકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ એની પેરે, કોઈ યોગી યોગીશ્વરા જાણે."

યોગી એટલે ધર્માત્મા અને યોગીશ્વરા એટલે પરમાત્મા જાણે છે. બાકી કોઈ જાણતું નથી.

"નયનની આળસે રે ન નીરખ્યા હરિ ને જરી." જણાય છે તો સમયે સમયે આત્મા પણ આ જાણનારો જણાય છે એમ આવતું નથી. આ બધું જણાય છે તેમ જાણી ઇન્દ્રિયજ્ઞાન અનાદિથી પ્રગટ કરી રહ્યો છે.

### ૩૭૪

ઇન્દ્રિયજ્ઞાનમાં જ્ઞેયો પ્રતિભાસે છે ત્યારે "જાણનારો જણાય છે."

### ૩૭૫


જાણનારને જાણવાનું છોડી ને બીજું બધું જાણવાથી શું ફાયદો !



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૩૭૬

પુરુષાર્થ પોતાને કરવો પડે. લક્ષ્મી પુરુષાર્થથી ન મળે. પૈસો પણ પુણ્યથી મળે. બાકી આખી જિંદગી ગદ્ધા મજૂરી કરે તો હજાર રૂપિયા ભેગા ન થાય. એને એમ લાગે કે આમ કરું તો પુરુષાર્થ છે તેમ લાગે; પણ પરમાં પુરુષાર્થ ન હોય.

પુરુષાર્થ સ્વભાવમાં હોય. સ્વભાવની સન્મુખ થઈ સ્વભાવનો અનુભવ કરવો તે પુરુષાર્થ છે. રાગ કરવો, કામ કરવા, આ મિલ ચલાવવી, તે પુરુષાર્થ નથી. તે તો અજ્ઞાન છે. કર્તાબુદ્ધિનું ભૂત વળગ્યું છે. થાય છે સ્વયં જડ ચેતનના પરિણામ, "થવા યોગ્ય થાય છે, જાણનારો જણાય છે." આ સ્થિતિ છે પણ સ્વીકાર તેને આવતો નથી.

## ૩૭૭

**જિજ્ઞાસા :** રાગ અને જ્ઞાન એક સાથે થાય છે, આભાસ પણ તે સમયે થાય છે, ત્યારે રાગનું લક્ષ છૂટે કેવી રીતે ?

**સમાધાન :** છોડે તો છૂટે. જ્ઞાયકનું લક્ષ કરે તો છૂટે. રાગની પક્કડ રાખવી છે, છોડવો નથી અને કેમ છૂટે પૂછવું છે ?!

રાગ મારામાં થાય છે તે ધ્યેયની ભૂલ અને રાગને જાણું છું તે જ્ઞેયની ભૂલ. અનુભવ નહીં થાય. "જાણનારો જણાય છે, રાગ જણાતો નથી મને. રાગ છે ને ન જણાય ? ક્યાં થાય છે પણ ? આ બાજુ આવી જા ને ! અહીંઆ (આત્મામાં) આવીને જોઉં છું તો રાગ મારામાં નથી. પરમાત્મામાં રાગ થાય ?

**જિજ્ઞાસા :** પરમાત્મામાં ભક્તિનો રાગ થાય કે નહીં ?

**સમાધાન :** નિજ પરમાત્મામાં રાગ જરાય થતો નથી. બહારમાં યોગ્યતા અનુસાર સાધકને આવે છે, તેને ભિન્ન જાણે છે. અભિન્ન નથી જાણતાં; એને પોતાનું સ્વરૂપ નથી જાણતાં વિભાવ જાણે છે.

## ૩૭૮

અજ્ઞાનીનું લક્ષ પર ઉપર હોવાથી રાગથી તાદાત્મ્ય માને છે તેથી તેને "જાણનારો જણાય છે" તે બુદ્ધિ ખસી ગઈ છે.

## ૩૭૯

જાણનારો જણાય છે તે વાત યાદ કરવી, કરાવવી તે પણ બાધારૂપ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૩૮૦

"જ્ઞાનભિન્ન, રાગ ભિન્ન." સોગાનીજી એ એક વ્યાખ્યાન સાંભળ્યું અને રાત્રે ધ્યાનમાં બેસી ગયા. સોનગઢની સમિતિનાં રૂમમાં સવારે ચાર-પાંચ વાગ્યે તો સમ્યક્‌દર્શન લઈને ઊભા થયા. એક રાત્રિમાં સંસારનો અંત. પૂર્વના જોરદાર સંસ્કાર હતા, પણ વર્તમાન પુરુષાર્થ જ કામ કરે છે.

જે ઉપયોગ બહિર્મુખ છે તે બહિર્મુખ ઉપયોગને બંધ કર કે પરને જાણતો નથી. "જાણનારો જ જણાય છે." આમ બહિર્મુખ ઉપયોગ બંધ થાય છે અને "જાણનારો જણાય છે" તે ઉપયોગ નવો પ્રગટ થાય છે. પરને જાણવાના નિષેધમાં (બહિર્મુખ ઉપયોગ) બંધ થઈ જાય છે. વેક્યુમ બ્રેક લાગે છે હોં ! મોટરની વેક્યુમ બ્રેક લાગે એટલે એક ઇંચ - તસુ મોટર ચાલે નહીં. કોઈ આડોઅવળો આંટા મારતો હોય તો પણ તે બચી જાય છે.

તેમ "હું પરને જાણતો નથી" તેમાં વેક્યુમ બ્રેક લાગે છે. ઇન્દ્રિયજ્ઞાનનો અભાવ નથી થતો. પણ ઇન્દ્રિયજ્ઞાન રોકાઈ જાય છે. પરનાં સંબંધવાળો વ્યાપાર રોકાઈ જાય છે. અને જાણનાર જણાય છે. અંદરમાંથી આવ્યું તે અંતર્‌મુખ અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થઈને આત્માને અનુભવે છે. અને ભવનો અંત આવી જાય છે.

૩૮૧

આ કાળે સાક્ષાત અનુભવ થાય, પ્રત્યક્ષ અનુભવ થાય, પરોક્ષની વાત નથી. સાકર જીભ ઉપર મૂકે પછી કોઈને પૂછે કે ન પૂછે ? આ સાકર ખાટી છે ? આ સાકર કડવી છે ? એ પૂછે જ નહીં. તેમ અંતર્‌દૃષ્ટિ વડે ચૈતન્ય પરમાત્માને અવલોકયો કે : "જાણનાર તે જ હું છું", કરનાર હું નથી અને "જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી;" એમ કર્તૃત્વ બુદ્ધિ છોડી, અને પરનું જ્ઞેયત્વ છોડી, આત્મા જ જ્ઞાતા, આત્મા જ જ્ઞેય, આત્મા જ જ્ઞાન, એવા અભેદપણે અનુભવ કરે તો ભવનો અંત આવી જાય.

૩૮૨

"જાણનારો જણાય છે" આ મૂળ વસ્તુ છે અને પાયાની વાત છે.

૩૮૩

તમે ભયંકરથી ભયંકર ભ્રમણામાં છો કે : પર જણાય છે, પરંતુ "જાણનાર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય છે" એવું તો તમારું સ્વરૂપ છે.



### ૩૮૪

જ્ઞેયનાં પ્રતિભાસ વખતે "જાણનાર જ જણાય છે." બસ. જ્ઞેયનાં પ્રતિભાસ વખતે જ્ઞેય જણાતું નથી. સ્વ અને પર બન્ને જ્ઞેય થાય છે. તેનું નામ જ્ઞેયાકાર જ્ઞાન છે. જ્યારે જ્ઞાન અંદરમાં વળે છે. ત્યારે જગતનો પદાર્થ અવસ્તુ છે. નિર્મળ પર્યાયનો ભેદ અવસ્તુ છે.

### ૩૮૫

જાણે છે ઇન્દ્રિયજ્ઞાન અને માને છે હું જાણું છું એ ભૂલ થઈ ગઈ. આ (પરપદાર્થ) જ્ઞેય નથી. જ્ઞેય અહીંઆ (અંદર) જ છે. જાણે તે જ્ઞાન અને જણાય તે જ્ઞેય. જણાય છે શું ? પોતાનો આત્મા. શરીર જણાતું નથી, ફેકટરી જણાતી નથી, સ્પેરપાર્ટ જણાતા નથી, "જાણનારો જણાય છે." જાણનાર અને જણાય છે એ બેનો વિકલ્પ તૂટી ગયો તો અનુભવ થઈ ગયો. ફેક્ટરીમાં આવો અનુભવ થઈ શકે છે.

### ૩૮૬

ઇન્દ્રિયજ્ઞાન વધે એટલે સમ્યક્દર્શન થઈ જાય તેમ નથી. તો તો હરણિયા ને દેડકાં ને સમ્યક્દર્શન થાય જ નહીં. એને ઇન્દ્રિયજ્ઞાન સાથે કાંઈ સંબંધ નથી સમ્યક્દર્શનને. આહાહા ! તો તો વિદ્વાનોને ઇન્દ્રિયજ્ઞાન ઘણું વધે છે. ખેડૂત, તિર્યંચને ઇન્દ્રિયજ્ઞાન ન વધે તો તો પણ તેને સમ્યક્દર્શન થાય છે. સમવસરણમાં ગાય, ભેંસ, હાથીને સમ્યક્દર્શન થાય છે.

એટલે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ પણ જ્યારે ઇન્દ્રિયજ્ઞાનથી ભિન્ન આત્માને જાણે છે. અંદરમાં "જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી." ભલે પરનો પ્રતિભાસ હો ! પણ એનું લક્ષ પર ઉપરથી છૂટી જાય છે. એને અંતરલક્ષ થાય છે. ત્યારે સાક્ષાત પરમાત્માનાં દર્શન થાય છે. ત્યારથી જ મોક્ષમાર્ગ શરૂ થાય છે. એટલે ઇન્દ્રિયજ્ઞાનને જીતવું બહુ ઊંચામાં ઊંચી વાત છે.

### ૩૮૭

સત્યવાણી સાંભળવા મળવી મુશ્કેલ છે. પુણ્યથી સાચી વાણી સાંભળવા મળે છે. ચક્રવર્તીથી પણ પુણ્ય વધી જાય તો... સાંભળવા મળે છે. તેમાં પુરુષાર્થ નથી. પુરુષાર્થ તો જ્ઞાન ભિન્ન અને રાગ ભિન્નમાં છે.

રાગના સદ્ભાવ વખતે રાગ ઉપયોગમાં નથી. તો પછી જ્ઞાયકથી તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ભિન્ન હોય જ ને ?! તેમાં તને શું શંકા પડે છે ! આવું જ્યારે જ્ઞાનમાં જાણે કે જ્ઞાનમાં સ્વ જણાય છે, અને પર જણાય છે, તેમાં સ્વ શું ! અને પર શું ! તેનું ભેદજ્ઞાન કરવાનું છે.

"જાણનારો જણાય છે." જ્ઞાયક તે જ હું છું. આ રાગને દેહાદિ જણાય છે તે મારા ભાવો નથી. પારકા ભાવો છે. તેમ જાણી ભેદજ્ઞાન કરી, પર્યાય ઉપરથી લક્ષ છોડી, દ્રવ્ય ઉપર લક્ષ આવે તો આત્માનો સાક્ષાત અનુભવ આ કાળે થાય છે.

૩૮૮

મને હેયપણે, જ્ઞેયપણે બીજું જણાતું નથી "જાણનારો જ જણાય છે."

૩૮૯

રાગના સદ્‌ભાવમાં રાગનું લક્ષ છોડી આત્માનો અનુભવ થઈ શકે છે. રાગનો અભાવ કરવાની જરૂર નથી. રાગ રહી ગયો પણ રાગનો રાગ છૂટી ગયો. દીકરો રહી ગયો અને દીકરાની મમતા છૂટી ગઈ. અરે ! એક વાર તારા જ્ઞાનમાં ભગવાન આત્મા જણાય છે "જાણનાર જણાય છે," એના પક્ષમાં તો આવી જા. 'ના' પાડીશ તો 'ના' આવશે અને 'હા' પાડીશ તો હાલત થશે. 'ના'ના બે પ્રકાર (૧) નરક (૨) નિગોદ. બધાએ સમજી લેવું.

જ્ઞાન પરને કઈ નયે જાણે અને કઈ નયે ન જાણે એવું એમાં છે જ નહીં. જાણતો જ નથી. એ તો જાણનારને જ જાણે છે સમયે સમયે "જાણનાર છું" એટલે જ્ઞાયક છું; "જાણનારો જણાય છે" એટલે જ્ઞાયક જણાય છે, આમાં છે, જાણનારો એટલે ધ્રુવ પરમાત્મા જ્ઞાયક અને એ વર્તમાન વર્તતા જ્ઞાનમાં જણાય રહ્યો છે. જણાશે એમ નથી લખ્યું, જણાય છે. એ બાજુ ઉપયોગ કરે તો જરૂર જણાય જાય. પરને હું જાણું છું એ શલ્ય છે.

આહા ! ઉપચારના કથન મારી નાખે જીવને. પાછું શાસ્ત્રમાં આવે કે "સર્વને જાણે તે આત્માને જાણે, અને આત્માને જાણે તે સર્વને જાણે" સર્વને જાણનારા આત્માને હું જાણું છું એ મોટી ભૂલ છે. પણ એને જાણતો જ નથી, પછી એનો જાણનારો ક્યાં રહ્યો ?

નિમિત્તનો પ્રતિભાસ દેખીને કથન આવે, નિમિત્તના પ્રતિભાસ વખતે ઉપાદાન જણાય છે. નિમિત્તનાં પ્રતિભાસ વખતે નિમિત્ત જણાતું નથી. નિમિત્ત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ઉપાદાનની જાહેરાત કરે છે કે નિમિત્ત નિમિત્તની જાહેરાત કરે છે ? શું છે એમાં !?

## ૩૯૦

આત્મા પોતાને જાણવાનું છોડી પહેલાં થોડો ટાઇમ પરને જાણી લે, પછી અંદર આત્માને જાણવા જાય એવું છે નહીં. આત્માને છોડીને પરને જાણવા જાય છે તે જ્ઞાન આત્માનું છે નહીં. તે જ્ઞેયનું જ્ઞાન હોવાથી જ્ઞેય જ છે. આ પાંચ ઇન્દ્રિય છે, ભાવમન છે તેની વાત છે. દ્રવ્યઇન્દ્રિય તો જડ છે. ભાવઇન્દ્રિય જ્ઞેયને જાણવા જાય તો ભલે જાય પણ આત્મા પોતાને જાણવાનું છોડતો નથી. અને મને પર જણાય છે એનો સ્વીકાર કરતો નથી. પોતાની મેળે જ્ઞાનનું અજ્ઞાનત્વ કરી લે છે. અને પોતાની મેળે જ્ઞાનનું જ્ઞાનત્વ કરે છે.

જાણનારો જણાવા છતાં પણ... આહા ! જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ હોવા છતાં પણ પૂ. ગુરુદેવે કહ્યું કે આત્માનો ઉપયોગ પરને જાણવા જતો જ નથી. તો પછી પર તરફ ઉપયોગ મૂકવાની વાત જ ક્યાં રહી. એમ ઘણી ઘણી વાતો કરી ગયા છે.

## ૩૯૧

"જાણનારો જ જણાય છે" રાગ જણાતો નથી. કેમ જણાતો નથી ? તેમાં નથી તેથી જણાતો નથી. તેમાં છે તે બધું જણાય છે.

## ૩૯૨

જાણનારો જાણે છે → પ્રચલિત વાત.

જાણનારો જણાય છે → અપ્રચલિત વાત.

## ૩૯૩

જ્ઞાનનો પર્યાય સામાન્ય વિશેષ સ્વરૂપ છે. સામાન્ય જ્ઞાનનો અભાવ થતો નથી. તિરોભાવ રહે છે. સામાન્યજ્ઞાન કે જે જ્ઞાનમાં બાળગોપાળ સૌને જણાય છે, પણ તે જાણતો નથી. એ અપેક્ષાએ સામાન્યજ્ઞાનનો તિરોભાવ કર્યો અને વિશેષ જ્ઞાનનો આવિર્ભાવ થયો. મને પર જણાય છે... મને આ જણાય છે...! પણ મને સામાન્યજ્ઞાનમાં સામાન્ય જણાય છે, જ્ઞાયક જણાય છે.

દ્રવ્યાર્થિકનયની આંખ ઉઘાડીને જોઉં છું એવું એક સામાન્યજ્ઞાનમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પરોક્ષપણે આત્મા જણાય છે. હવે ત્યારે "જાણનાર જ જણાય છે" ખરેખર પર જણાતું નથી એવા સ્વભાવના પક્ષમાં આવે છે જીવ અને એવા પક્ષમાં આવે તો અંતર્મુહૂર્તમાં અથવા વધારેમાં વધારે છ માસમાં અનુભવ થાય.

### ૩૯૪

જાણનારો જણાય છે → અંતર્મુખ થવાની અને રહેવાની આ વિધિ છે.

### ૩૯૫

પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી, બસ "જાણનાર છું અને જાણનાર જણાય ગયો." એટલા બોલમાં કામ થઈ ગયું. અરે ! ભવનો અંત આવી ગયો. એક પૈસાનું ખર્ચ નહીં.

### ૩૯૬

ઉપયોગમાં રાગ નથી, "સામાન્ય ઉપયોગમાં ઉપયોગ છે ત્યાં તો શુદ્ધોપયોગ થઈ જાય છે." વર્તમાન વર્તતા જ્ઞાનમાં "જાણનાર જણાય છે." રાગ મને જણાતો જ નથી, કેમકે રાગ એમાં નથી. જ્ઞાયકમાં તો રાગ નથી પણ ઉપયોગમાં પણ રાગ નથી.

### ૩૯૭

કુંદામૃત કહાન સ્વાધ્યાય હૉલમાં લખ્યું છે કે "જાણનારો જણાય છે." જાણનારો એક આત્મા તે જણાય છે. પણ એમ નથી લખ્યું કે સ્વપર બે જણાય છે. જાણનારો એક જ્ઞાયકભાવ અને તે જણાય છે. જણાશે નહીં. વર્તમાનમાં બધાંને બાળગોપાળ સૌને...

તો આ રાગદ્વેષનાં પરિણામ અને શરીર, દેવ, ગુરુ, શાસ્ત્ર તને જણાતાં નથી ? કે : 'ના.' મને જણાતાં નથી. સમ્યક્દર્શન પહેલાં ? કે : 'હા.' સમ્યકદર્શન પહેલાં.

સત્નો સહારો લે તો સત્ની પ્રાપ્તિ થઈ જશે. સમ્યક્ દર્શન થવા પહેલાં "હું પરને જાણું છું"... "હું પરને જાણું છું" તો સમ્યકત્વની સન્મુખે નથી. ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે તે ૧૦૦% સાચી વાત, અને આત્માનું જ્ઞાન પરને જાણતું નથી અને જાણનારને જાણે છે તે ૧૦૦% સાચી વાત છે. કથંચિત નથી, સર્વથા સાચી વાત છે. કેમકે જ્ઞાનને જ્ઞાયક અભેદ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





કારણ કે આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે. “જેનું જે હોય તે તે જ હોય.”

### ૩૯૮

બહિર્મુખ જ્ઞાનનો જ્યાં સુધી નિષેધ ન આવે ત્યાં સુધી અંતર્મુખ જ્ઞાનનો પક્ષ પણ આવતો નથી. અંતર્મુખ જ્ઞાનનો પક્ષ આવી જાય કે “જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી.” અહીં લખ્યું છે એવા વિધિ નિષેધનાં વિકલ્પમાં જો આવશે તો ઇન્દ્રિયજ્ઞાન ક્રમે ક્રમે શિથિલ થઈ જશે. તેને જે વિપરીત માન્યતા ટેકો આપતી હતી તે ખસી જાય છે કે : “હું પરને જાણતો જ નથી. મને તો જાણનારો જ જણાય છે.”

જાણનારો જણાયા પહેલાં, જાણનારો એવો આત્મા પ્રત્યક્ષ થવા પહેલાં તેને સવિકલ્પ ભેદજ્ઞાન હોય છે. સવિકલ્પ ભેદજ્ઞાનમાં પરને જાણવાનો નિષેધ કરે છે. એટલે જ્ઞાનનો નિષેધ નથી આવતો, એમાં તો બહિર્મુખ ઇન્દ્રિયજ્ઞાનનો નિષેધ આવે છે.

### ૩૯૯

રાગ ભિન્નપણે જણાય પણ અભિન્નપણે જણાતો નથી. દુઃખ ભિન્નપણે જણાય તેવું જ્ઞાન પ્રગટ થાય છે. પણ દુઃખ અભિન્નપણે જણાય એવું જ્ઞાન પ્રગટ થતું નથી. એવું એક સામાન્ય જ્ઞાન છે કે : “ઉપયોગમાં ઉપયોગ છે.” ઉપયોગમાં ક્રોધાદિ દુઃખ છે જ નહીં. એનું નામ સામાન્યજ્ઞાન કહેવાય. સામાન્યજ્ઞાનનો પક્ષ કહો કે નિશ્ચય જ્ઞાનનો...! કે : મને “જાણનારો જણાય છે.” એટલે શુદ્ધોપયોગ થઈને સાક્ષાત અનુભવ થાય છે.

### ૪૦૦

**“જાણનાર જણાય છે.” તે સદ્ભૂત વ્યવહાર થયો, બે થયા; ભેદ થયો તો છઠ્ઠે આવી ગયો. પછી “જાણનાર તે જ હું છું.” “जो चेदा सो अहं” તો સાતમે આવી ગયો.**

### ૪૦૧

ગુરુદેવ ફરમાવતા હતા કે : સારા ઘરનું કહેણ આવે તો વધાવી લેજે, ના પાડીશ મા. તેમ આ પરમાત્માનું કહેણ છે. તારો આત્મા પુણ્ય, પાપથી ભિન્ન પ્રગટ પરમાત્મા છે અને પ્રત્યક્ષ છે. તારી વારે વાર છે. તું ‘હા’ પાડ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





એટલી જ વાર છે કે : "જાણનાર જણાય છે." એની 'હા' પાડ. બાકી બધું થઈ રહેશે. તારે 'હા' પાડવાનું કામ છે.

૪૦૨

જ્ઞેયોના સદ્‌ભાવમાં કે... જ્ઞેયાકારનાં સદ્‌ભાવમાં... "જાણનાર જણાય છે."

૪૦૩

"જાણનાર જણાય છે" તેને મુખ્ય રાખીને શાસ્ત્ર વાંચવું.

૪૦૪

"જાણનાર જણાય છે" તેમ કહો કે "ઉપયોગમાં ઉપયોગ છે" તેમ કહો.

૪૦૫

લક્ષણ તો લક્ષથી અભેદ છે એ કદી જુદુ પડતું નથી. આત્મા પણ પોતાનાં સ્થાનથી છૂટીને તેને જાણવા જતો નથી. પાંચ ઇન્દ્રિયના વિષયને જાણવા જતો નથી. પોતાને જ જાણ્યા કરે છે. નિરંતર આત્મા પોતાને જ જાણ્યા કરે છે ચોવીસ કલાક, અત્યારે ! પણ એને શ્રદ્ધામાં નથી આવતું કે : "જાણનારો જણાય છે."

ઉપયોગ પ્રગટ થાય છે સમયે સમયે તે આત્માને જાણે છે. અને જો આત્માને પ્રસિદ્ધ ન કરે તો લક્ષણ અને લક્ષ બન્નેનો નાશ થાય, માટે આવું ફંકશન ચાલુ જ છે. જાણે અને જણાય. નિરંતર આબાળ-ગોપાળ સૌને, નાનાંમોટાં બધાં ને, એકેન્દ્રિયથી માંડીને સંજ્ઞી પંચેન્દ્રિય સુધી બધાંને, સદા કાળમાં, તો વર્તમાનમાં રાત્રિ પણ આવી જાય કે નહીં ? અનુભૂતિ સ્વરૂપ લખ્યું છે. ઇન્દ્રિયજ્ઞાનસ્વરૂપ કે રાગસ્વરૂપ તેવું નથી લખ્યું.

જ્ઞાનસ્વરૂપ આત્મા સદાકાળ અનુભવમાં આવે છે. "જાણે ને જણાય", "જાણે ને જણાય" જ્ઞાન જાણે નહીં અને આત્મા જણાય નહીં તેવું કોઈ કાળે બનતું નથી, બનવાનું નથી, માને ન માને તે તેની સ્વતંત્રતા છે.

૪૦૬


**ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે, હવે તેમ પણ ન લેવું. મને તો સમયે સમયે "જાણનારો જણાય છે" તેમ લેવું.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૪૦૭

મૂળમાં ભૂલ એટલી જ છે કે... "જાણનારો જણાતો હોવા છતાં એને અંદરથી અનંતકાળથી શલ્ય એવું થઈ ગયું છે કે : "હું પરને જાણું છું." પરને જાણું છું તે અનંત દુઃખ અને અનંત સંસારનું કારણ છે. **પરને જાણું છું તે ભ્રાંતિ છે; વ્યવહાર નથી. એમાં સ્વપર પ્રકાશકનું લાકડું નાખે એટલે આ ન બેસે. ઈ... પ્રમાણજ્ઞાનનું વચન છે. પ્રમાણ વ્યવહારક્રિયા રોકી શકતો નથી. નિશ્ચયથી સ્વને જાણે, વ્યવહારે પરને જાણે, સીધી વાત છે, અરે ! સીધી વાત નથી; વિપરીત વાત છે.**

## ૪૦૮

આ બોલ એટલા માટે સ્પષ્ટ કર્યો છે. મને ન જણાય !! ન જણાય તેમ નહીં. ઈ તો જણાયા વિના રહેશે જ નહીં. "હું આને (પરને) જાણું છું તે લક્ષ છોડી દે ! "આત્મા જણાય છે, જાણનાર જ જણાય છે." તે જાણનાર જણાતાં લોકાલોક તેમાં જણાય – પ્રતિબિંબિત થાય તેને કાઢી શકાતા નથી. પ્રતિભાસ કાઢી શકાતો નથી.

કેમ કે પ્રતિબિંબને - પ્રતિભાસ જ્ઞાનની અવસ્થા છે, જ્ઞેયની અવસ્થા નથી. આત્મા સાપેક્ષથી તે જ્ઞાનાકાર અને તે જ પર્યાય જ્ઞેયની સાપેક્ષતાથી જ્ઞેયાકાર છે.

## ૪૦૯

પ્રગટ થતા ઉપયોગમાં ઉપયોગ આવી જાય કે... "મને જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી. બહિર્મુખ ઉપયોગ થતો હતો તેથી ઇન્દ્રિયજ્ઞાન થતું હતું તે જ્ઞાનનો દોષ છે. જ્ઞાન તો આત્માનું છે અને તે આત્મા તરફ વળી જાય છે કે : મને તો મારા જ્ઞાનમાં" જાણનાર જણાય છે." તેવું ભેદજ્ઞાન કરે તો આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે.

## ૪૧૦

**"જાણનારો જણાય છે, એ પ્રયોગ કરતાં પહેલાં હું જ્ઞાયક છું" એવી ક્ષેત્ર વિશુદ્ધિ થઈ જવી જોઈએ. પછી સવિકલ્પ દશામાં જાણનારો જ જણાય છે, એવો પ્રયોગ કરવાથી ઉપયોગ અંદર તરફ આવશે જ.**

## ૪૧૧

ગુરુદેવ જ્ઞાનમેં આતા થા; ઔર ગુરુદેવ હી જ્ઞાનમેં ઉપયોગાત્મક આવે;



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ઔર આત્મા કા અનુભવ હો જાવે, ઐસા તીન કાલ મેં બનનેવાલા નહીં હૈ. ઉપકારી ગુરુકો જો પ્રસિદ્ધ કરતા હૈ ઇન્દ્રિયજ્ઞાન... ઉસકો મર્યાદા મેં લાના ! કે... ગુરુદેવ આપ મુઝે જાનને મેં નહીં આતે હૈ. “મને જાણનારો જણાય છે.” **ગુરુદેવને પ્રસિદ્ધ કરવું તે જ્ઞાનની મર્યાદા નથી. આત્માકો પ્રસિદ્ધ કરના વો જ્ઞાન કી મર્યાદા હૈ.**

**૪૧૨**

કેવળી ભગવાન વ્યવહારનયે સર્વને, સ્વપર બન્નેને જાણે છે. અને નિશ્ચયે સ્વને જાણે છે. જાણે છે તે દેખીને ઉપચાર કરવામાં આવે છે. જે એમ માનશે કે જ્ઞાન પરને જાણે છે તેને ત્રણ કાળમાં સમ્યક્દર્શન થવાનું નથી. છ દ્રવ્ય છે ખરા, ભગવાને કહ્યાં છે, અને તે પ્રતિભાસે પણ છે, પણ તેને જાણતો નથી. પ્રતિભાસ વખતે તેને જાણું છું તો અજ્ઞાન. તેને જાણતો નથી “જાણનારો જણાય છે” તો તે જ સમયે અનુભૂતિ થાય અને આનંદ આવે.

**૪૧૩**

**જિજ્ઞાસા :** “જાણનારો જણાય છે” તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય લેવા કે ત્રિકાળી જ લેવું ?

**સમાધાન :** ત્રિકાળી આત્મા જ જણાય છે તેમ લેવું. જાણનારો એક શબ્દ છે. જણાય છે ઈ બીજો શબ્દ છે. “જાણનારો જણાય છે” તેમ છે ને બે શબ્દ. તો શું જણાય છે ? ત્રિકાળી સામાન્ય જ્ઞાયકભાવ છે તે જણાય છે. હવે જણાય છે શેમાં ? કે : જ્ઞાનમાં તો જ્ઞાનમાં “જાણનારો જણાય છે.” અભેદ થઈને અનુભવ થાય તો તેનું નામ ધ્યેયપૂર્વક જ્ઞેય થઈ ગયું. પછી જાણનારો અને જણાય છે તે જુદુ ન રહે. કથંચિત અભેદ થાય. એકાકાર એમાં લીન થઈ જાય. તલ્લીન થઈ જાય.

જાણનારો → ત્રિકાળી દ્રવ્ય અને એ મને પર્યાયમાં જણાય છે. “ઉપયોગમાં ઉપયોગ છે.” જે છે તે જણાય છે. મારા જ્ઞાનમાં ક્રોધ તો જણાતો નથી, જ્ઞાનમાં બીજી વસ્તુ હોય તો જણાય ને ?

એમ કહે છે કે... જ્ઞાનનો ઉત્પાદ્ થાય છે. સમયેસમયે જ્ઞાન પ્રગટ થાય છે. ટર્નીંગ પોઇન્ટ છે. અહીંઆ ઉપયોગમાં ઉપયોગ છે. એટલે કે છે ઈ... જણાય છે, ક્રોધ જ્ઞાયકમાં તો નથી, પણ ઉપયોગમાં એ નથી. આવું અવિપરીત જ્ઞાન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યારે ઉદ્‌ભવે છે ત્યારે શુદ્ધ ઉપયોગ સિવાય બીજું કાંઈ કરતો નથી.



## ૪૧૪

**શ્રોતા :** મહાવિદેહ ક્ષેત્રમાંથી આવેલા પુરુષની આ વાત છે. સામે **સાઇકલ** પડી હતી. પછી ત્રણ વખત પૂછ્યું ? શું જણાય છે ? ત્રણે વખત કહ્યું સાઇકલ.

**ઉત્તર :** આ પ્રત્યક્ષ જણાય છે તેની ના કેમ પાડવી ? કોના લક્ષે ના કહેવી ?! પણ મને આ પર જણાય છે. અને જ્ઞાની કહે છે કે તેને જાણનાર જણાય છે'' આ **સાઇકલ** જણાય છે તે ભ્રાંતિ હતી. બંધ અધિકારમાં અધ્યવસાન કહ્યું. અને ૨૭૧ કળશમાં ભ્રાંતિ કહ્યું છે. આ બધા મંત્રો છે.

## ૪૧૫

**જિજ્ઞાસા :** જ્ઞાનીનું લક્ષણ શું ? જ્ઞાનીનું એંધાણ શું ?

**સમાધાન :** જાણનાર જણાય છે તે જ્ઞાનીનું લક્ષણ છે. તે જ્ઞાનીનું લક્ષણ બાંધ્યું. કોઈ પણ હાલત વિશે... સર્વ હાલતમાં ''જાણનાર જણાય છે.'' સવિકલ્પ દશામાં ''જાણનાર જણાય છે.'' શાસ્ત્ર લખે છે ત્યારે ''જાણનાર જણાય છે.'' રાગ નિમિત્ત છે. રાગના સદ્‌ભાવમાં પણ ''જાણનાર જણાય છે.'' રાગના અભાવમાં પણ ''જાણનાર જણાય છે.'' તેમાં તો ''જાણનાર જણાય છે.'' નિર્વિકલ્પ ધ્યાનમાં રાગનો અભાવ છે ત્યારે શું જણાય છે ? ''જાણનાર જણાય છે.''

પાંચ મહાવ્રત જણાતા હોય ત્યારે શું જણાય છે ? ''જાણનાર જણાય છે.'' એક સમય બાદ ન હોય. ઉપયોગ અને પરિણતી બન્નેમાં અચ્છિન ધારાથી ''જાણનાર જણાય છે.'' આ જ્ઞાનીનું લક્ષણ છે.

## ૪૧૬

મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું કે : ''હું જ્ઞાન સ્વભાવી આત્મા છું.'' તેમાં નિરપેક્ષ કહ્યું. જ્ઞેયનો સંબંધ તોડી નાખ્યો. જે સમયસારની ૧૫ (પંદર)મી ગાથામાં જ્ઞેયલુબ્ધ જ્ઞાન તેને ઇન્દ્રિયજ્ઞાન કહ્યું. જેને ઇન્દ્રિયજ્ઞાનથી જુદુ જ્ઞાન પ્રગટ થાય તેને ઇન્દ્રિયજ્ઞાન અતીન્દ્રિય જ્ઞાનની ખબર પડે. કે... આ તો ''જાણનારો જણાય છે. જણાય છે; તેને જાણે તો આત્મજ્ઞાન કહેવાય. જ્યારે તેને જાણે ત્યારે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૪૧૭



જે સામાન્યનું વિશેષ છે તે આત્માની પર્યાય છે. વિશેષ એટલે પર્યાય - પરિણામ. તે વિશેષ કોનું છે ? આત્માનું છે. માટે તે વિશેષમાં આત્મા જ જણાય છે. પણ તે વિશેષમાં બીજાનું સામાન્ય જણાતું નથી. ને બીજાના વિશેષો પણ જણાતાં નથી. બીજાના સામાન્ય અને વિશેષ જણાય છે તે જ્ઞાન મારું નથી. જે જ્ઞાનમાં આત્મા જણાય છે તે જ્ઞાન મારું છે. તેમાં અનુભવ થઈ જાય છે.

“જાણનારો જણાય છે” બીજું કાંઈ જણાતું નથી. તેમાં અનુભવ થાય છે. આ અનુભવની ગાથા છે હોં !! આબાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા જણાય છે.

## ૪૧૮

કહે છે કે એક એવો સ્વભાવ પ્રત્યેક જીવને; પ્રત્યેક સમયે જેમ ઇન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે, રાગ પણ પ્રગટ થાય છે, તેમ ત્રીજો અંશ જ્ઞાન પણ પ્રગટ થાય છે. બધાને સામાન્ય જ્ઞાન પ્રગટ થાય છે. ઇન્દ્રિયજ્ઞાન પ્રગટ થતું નથી. પણ સામાન્ય જ્ઞાન ઉપયોગ લક્ષણ પ્રગટ થાય છે.

જે અનાદિ અનંત અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ, અસંભવ દોષથી રહિત છે, બધા જીવોમાં ઉપયોગ હોય છે, સર્વ અવસ્થામાં હોય, અને સર્વને હોય.

કોઈને જ્ઞાનનો ઉપયોગ પ્રગટ થાય ને... કોઈને જ્ઞાનનો ઉપયોગ પ્રગટ ન થાય તેમ છે નહીં. ઉપયોગ તો પ્રત્યેક જીવને ઉત્પાદ્‌રૂપ થાય છે. તે જ્ઞાનની ક્રિયા છે. તે જ્ઞાનની ક્રિયામાં એ જ્ઞાન જેનું છે તે એમાં જણાય છે. એ જ્ઞાન રાગનું નથી માટે રાગ જણાતો નથી અને જ્ઞાયક જણાય છે તો જ્ઞાન પ્રગટ થઈને શાશ્વત રહે છે. એવું ને એવું જ્ઞાન. આબાળ-ગોપાળ સૌને સદાકાળ પોતાનો ભગવાન આત્મા અનુભવમાં આવે છે. લખનારને ખ્યાલ છે કે : હું અજ્ઞાની અપ્રતિબુદ્ધ જીવને ઉપદેશ આપું છું. તો એમ નથી કહેતા કે રાગ પણ જણાય ને કથંચિત તારો આત્મા પણ જણાય એમ નહીં.

તારું જ્ઞાન એવું પ્રગટ થાય છે કે જેમાં રાગ ન જણાય અને આત્મા જણાયા વિના રહે નહીં. સમયે સમયે આત્મા જણાય છે. એમ કહે છે કહ્યું ને ભગવાન આત્મા આબાળ-ગોપાળ સૌને સદાકાળ ! કાળ ચોઘડિયે પણ આત્મા જણાય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





કાળી ચૌદશ કહે છે ને ! દિવાળી પહેલાં તો એમાં અમાસનો અંધકાર હોય. તે અંધકારમાં પણ એક પ્રકાશનું કિરણ પ્રગટ થાય છે, ને તેમાં પરમાત્મા જણાય છે. પ્રત્યેક જીવને સામાન્ય જ્ઞાન ઉપયોગમાં આત્મા જણાય છે. હવે જ્યારે ઇન્દ્રિયજ્ઞાનમાં પર જણાય છે ત્યારે તે જ સમયે જ્ઞાન એવું પ્રગટ થાય છે, જેમાં આત્મા જણાય છે. કેમકે બધુંય જ્ઞાન જો ઇન્દ્રિયરૂપ થઈ ગયું હોય તો લક્ષણનો અભાવ થાય. સઘળુંય જ્ઞાન, સામાન્ય અપેક્ષાએ ઇન્દ્રિયજ્ઞાનરૂપ પરાશ્રિત થઈ ગયું હોય તો લક્ષણનો અભાવ થાય.

બીજું જે જડ અચેતન છે ઇન્દ્રિયજ્ઞાન તે સર્વથા ભિન્ન છે. રાગ તો અચેતન છે, પણ શાસ્ત્રજ્ઞાન અચેતન છે. માટે એના સદ્‌ભાવમાં પણ ! શું કહ્યું ? રાગ અનાદિનો અજ્ઞાનીને પ્રગટ થાય છે, અને ઇન્દ્રિયજ્ઞાન પણ રાગને જાણનારું પ્રગટ થાય છે. તેવા નિમિત્તના સંયોગમાં ઉપાદાનમાં શું થાય છે ?

કહે : ઉપાદાનમાં આત્મા જણાય છે. ક્ષણિક ઉપાદાન ! ઉપયોગ તે સ્વચ્છ છે. તેને શુદ્ધ ન કહેવાય હજી પણ એને સ્વચ્છ કહેવાય. પણ એ જ્ઞાનમાં આત્મા જણાય છે ને પર જણાતું નથી તેમ જ્ઞાન અને જ્ઞાન વચ્ચેનું ભેદજ્ઞાન કરતાં એ જ્ઞાનમાં "જાણનાર જણાય છે." ત્યારે એમ આવશે કે "જાણનાર જ જણાય છે," પર જણાતું નથી તે સમયે જ નિર્વિકલ્પ ધ્યાનમાં અનુભવ થાય છે.

સમ્યક્દૃષ્ટિ જીવોને આ પ્રકારે અનુભવ થયા છે, ને ત્યારે ઇન્દ્રિયજ્ઞાન રોકાય જાય છે. ક્ષણભર ભલે તે ઉપયોગ લબ્ધ થાય પણ વ્યાપાર ક્ષણભર રોકાઈ જાય છે.

એમ કહે છે કે તારા જ્ઞાનમાં પ્રત્યેક સમયે તારો ભગવાન આત્મા જણાય છે. 'ના' પાડમાં ! 'ના'... પાડમાં ! 'હા.' પાડ. 'હા.' પાડ તો હાલત થશે. 'હા' પાડતાંવેંત કોઈને અંતર્મુહૂર્તમાં અનુભવ થાય છે. કોઈને ટાઇમ લાગે, પણ 'હા' પાડ કે : **"જાણનાર જણાય છે ને પર જણાતું નથી." આવું અસ્તિનાસ્તિ અનેકાંત ભેદજ્ઞાન પરખ છે. આ ભેદજ્ઞાનનો પ્રકાર છે.**

આત્મા આત્મા ને જાણે તેમ જ પરને જાણે છે તે અનેકાન્ત છે કે નહીં ? પણ જ્યાં જ્ઞાન પરને જાણતું જ નથી તો પછી ત્યાં જ્ઞાનકથંચિત પરને જાણે તે વાતક્યાં છે ?! એને જાણે છે ઇન્દ્રિયજ્ઞાન અને આરોપ આવ્યો આત્મા ઉપર કે : આત્મા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





એને જાણે છે. ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાનને... કોણ જાણે છે? આત્માનું લક્ષ તો આત્મા ઉપરથી છૂટતું નથી ને ભેદનું લક્ષ થતું નથી. એટલે લક્ષ વિનાનું જાણપણું તે આત્માનું જાણપણું નથી. લક્ષપૂર્વક જાણે તેને આત્મા જાણે કહેવામાં આવે છે. આત્મા ઉપર જ જ્ઞાનનું લક્ષ છે. તેને સમ્યક્જ્ઞાન કહેવાય. આત્માનું લક્ષ છોડીને પરને જાણવા રોકાય તે તો મિથ્યા જ્ઞાન છે. તે અનંતકાળથી પ્રગટ થાય છે.

સદાકાળ "પોતે જ" 'જ' સમ્યક્ એકાંત કર્યું. પોતે જ જણાય છે ને બીજું જણાતું નથી. આહા! **આ જ્ઞાનપ્રધાન કથનમાં 'જ' લગાવ્યો. દૃષ્ટિપ્રધાન કથનમાં તો 'જ' આવે, પણ જ્ઞાનપ્રધાન કથનમાં 'જ' આવે ત્યારે જ સમ્યકજ્ઞાન પ્રગટ થાય છે. બન્ને 'જ'માં એક 'જ' છે; સમ્યક્દર્શનનો ઉત્પાદક અને બીજો 'જ' છે; સમ્યક્જ્ઞાનનો ઉત્પાદક એમ નથી.**

પણ આ તો જ્ઞાનનો સ્યાદ્વાદ છે તેમાં 'જ' ક્યાં લગાડ્યો ? એનું નામ અનેકાંત છે કે : "જાણનાર જણાય છે" ને પર જણાતું નથી, ઈ... 'જ'માં સમ્યક્જ્ઞાનનો જન્મ થાય છે. મારામાં પરિણામ માત્રનો પ્રમત્ત અપ્રમત્તનો અભાવ છે. હું એવો જ્ઞાયકભાવ છું. જ્ઞાયકભાવ છે તે પ્રમત્ત-અપ્રમુત નથી. ઈ... 'જ' સમ્યક્દર્શનનો ઉત્પાદક છે. એમાં સમ્યક્દર્શન પ્રગટ થાય છે. આ 'જ'માં સમ્યક્જ્ઞાન પ્રગટ થાય છે. અને બે સાથે જ પ્રગટ થાય છે. કહેવામાં કથનમાં વાર લાગે છે. આવી સૂક્ષ્મ ચર્ચાઓ જગતને હજમ થાય નહીં! શું કરીએ !!

## ૪૧૯

"જ્ઞાનમાં જાણનાર જણાય રહ્યો છે" તેમ સ્વીકારવું તેનું નામ સંવર ધર્મ છે.

## ૪૨૦

જ્ઞાનમાં સ્વભાવથી જ "જાણનાર જણાય છે." આ નિશ્ચયનયની વાત નથી. સ્વાભાવિક વાત છે.

## ૪૨૧

"પર્યાય થવા યોગ્ય થાય છે." (૧) **તેમાં પર્યાયનો કાળ પણ ફરતો નથી અને પર્યાયનો ભાવ પણ ફરતો નથી.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





(૨) અને આત્મા પર્યાયને કરતો નથી.

(૩) તેમ પર્યાય જ્ઞાનમાં જણાયા વિના રહેતી નથી.

(૪) અને આત્મા પર્યાયને જાણતો નથી.

(૫) તે તો "જાણનાર જણાય છે" તેને જાણે છે. અર્થાત્ "જાણનારને જ જાણે છે."

## ૪૨૨

**જિજ્ઞાસા :** જ્ઞેયાકાર જ્ઞાનમાં જાણનારો કેવી રીતે જણાય છે ?

**સમાધાન :** કેમકે, જ્ઞેયાકાર જ્ઞાન જ્ઞાનથી જ થયું છે. એટલે જ્ઞેયાકાર અવસ્થામાં, જ્ઞાન દેખાય છે. અને જ્ઞાન જેનાથી થયું છે તેજ જ્ઞાનમાં જણાય છે. એટલે કે "જાણનારો જ જણાય છે."

## ૪૨૩

ભેદજ્ઞાન નથી માટે રાગ રહિત ભગવાન આત્મામાં લીનતા થતી નથી, તેથી ઠરતો નથી. રાગથી વિકલ્પથી ભિન્ન છું તેવું શ્રદ્ધાન થાય તો ઠરવાનું સામર્થ્યપણું આવે.

ઘણાં તો ધ્યાનમાં બેસી જાય; બબ્બે, ચાર-ચાર કલાક પછી કહે લીન થવાતું નથી. કેમ લીન થવાતું નથી ? તું આત્માને જાણવાનો પ્રયોગ કરતો નથી. કે : પ્રથમ જાણનાર જણાય છે." તેને બદલે તું ધ્યાનમાં ચડી ગયો છે. જેમાં ઉપયોગને જોડવો છે, લીન કરવો છે, એકાગ્ર કરવો છે, તેને તો તું જાણતો નથી. તું તો ધ્યાનમાં ચડી ગયો છે. ધ્યેયનાં સ્પષ્ટ જ્ઞાન વગર ધ્યાન અર્થાત્ ચારિત્ર ઉદય પામતું નથી.

## ૪૨૪

**જિજ્ઞાસા :** જણાય છે આત્મા ! તો તે જ જ્ઞાનને આત્મજ્ઞાન ન કહેવાય ?

**સમાધાન :** જે જ્ઞાન આત્માને જાણે તેને આત્મજ્ઞાન કહેવાય.

આ જાણનારો તે જ હું છું "તેવું આત્મજ્ઞાન ઉદિત થતું નથી. બધાને બાળગોપાળ સૌને ભગવાન આત્મા અનુભવમાં આવતો હોવા છતાં પરની સાથે એકત્વ બુદ્ધિ હોવાથી અજ્ઞાન ઊભું થાય છે." તેથી "જાણનારો તે જ હું છું" તેવું આત્મજ્ઞાન ઉદિત થતું નથી. એટલે જણાય છે... પણ આ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





"જાણનારો જણાય છે" તેવું આત્મજ્ઞાન ઉદિત થતું નથી. જાણતો નથી ને જાણનાર ને ? "આ જાણનારો જણાય છે" તેમ ક્યાં સ્વીકાર કરે છે !! **આત્મા જણાય છે અને આત્મજ્ઞાન થતું નથી : કેમકે લક્ષ નથી ત્યાં.**

## ૪૨૫

"જાણનારો જણાય છે" તે સ્વભાવ છે. અને સ્વભાવના લક્ષથી શુદ્ધોપયોગ પ્રગટ થાય છે.

"જાણનારો જાણવામાં" આવે છે તેમ વાંચવું. "જાણનારો જાણવામાં આવે છે" એટલે કે અનુભવમાં આવે છે, એટલે જણાય રહ્યો છે જે જાણવામાં આવે છે તે હું છું. "જાણનારો જાણવામાં" આવે છે તેમ ફૂટનોટમાં લખી નાખવું. "જાણનારો જણાય છે તે હું છું." આમાં જાણે છે અને જણાય છે તે બે વચ્ચેનું અંતર છે જેનું સ્પષ્ટીકરણ દેવલાલીમાં આવ્યું હતું.

## ૪૨૬

**હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, બીજાની સાથે વાત કરતાં હોઈએ ત્યારે, "જાણનારો જણાય છે." ઈ... નિરંતરતા છૂટે નહીં.**

## ૪૨૭

જાણનારો જણાય છે તેમ સમયસારમાં આવ્યું ને ? ૨૦૦ વર્ષ પહેલાં ભાવાર્થ કર્તાએ લખ્યું ૧૭, ૧૮ ગાથામાં. આ કોઈની વાત નથી. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આ અનુભવ કરવા માટે મહામંત્ર છે.

## ૪૨૮

પુત્ર પણ જણાય છે અને "જાણનારો પણ જણાય છે" તેમ રાખોને ? "જાણનારો જ જણાય છે" ને પુત્ર જણાતો નથી. આ અનુભવની રીત છે. 'ના' પાડીશ મા; 'હા' પાડજે. ગુરુદેવ કહેતા હતા, 'હા' પાડીશને તો હાલત થશે. એટલે અનુભવ થશે. મને મારો આત્મા નથી જણાતો !! જ્ઞાનીને જણાય ! રહેવા દે જે !! તું જ્ઞાનવાન છો. જ્ઞાનવાનને જ્ઞાની કહેવાય છે.

## ૪૨૯


૧૭, ૧૮ ગાથાના ભાવાર્થમાં પહેલાં તો આ... જાણનારો અનુભવમાં આવે છે.. "તે જ હું છું." "જે જાણનારો તે જ હું છું." એ વાત આવી કે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





નહીં આમાં, એ જ વાત છે આમાં, “જાણનારો જણાય છે” ચોખ્ખું લખ્યું છે આમાં. આ અનાદિનો પ્રવાહ છે. “જાણનારો જ જણાય છે” તે અનાદિનો પ્રવાહ છે. “જાણનારો જણાય છે” તે અનાદિનો મૂળ મંત્ર છે. જેમ નમસ્કાર મંત્ર અનાદિનો છે તેમ આ પ્રવાહ અનાદિનો છે.

ઋષભદેવ ભગવાનથી મહાવીર ભગવાન પર્યંત બધાં જ્ઞાનીઓનો આ મંત્ર છે, અનાદિ છે. કોઈ વ્યક્તિની વાત નથી.

## ૪૩૦

ભેદજ્ઞાન ગ્રાહી છે તે શાકનો લોલુપી નથી, શાકનો ગૃદ્ધિ નથી. આ તો વિવેક કર્યો કે : અરે ! આમાં મીઠું છે. આ શાક જુદું અને મીઠું જુદું. એમ...! જ્ઞેય સંબંધીનું જ્ઞાન જુદું ને આત્માનું જ્ઞાન જુદું. શું કહ્યું ? જ્ઞેય તમારા જ્ઞાનમાં જણાય, ઈ... જ્ઞેય છે, ઈ... જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ થયો.

હવે જે મોહ સહિતનો તમે જ્ઞાનનો અનુભવ કર્યો, રાગસહિતનો જ્ઞાનનો અનુભવ કર્યો હવે ભેદજ્ઞાન કરે કે : જ્ઞેય જણાતું નથી મને તો મારો આત્મા જણાય છે તે ભેદજ્ઞાન કર્યું. આમ (બાહ્ય) નજર જ્ઞેય ઉપર છે, અને ઉપયોગ ત્યાંથી છૂટી જાય છે. અરે ! મને તો “જાણનાર જણાય છે.” ત્યાં એકલા જ્ઞાનનો સ્વાદ આવ્યો. ઓમાં સંબંધવાળું જે જ્ઞાન એટલે અજ્ઞાન હતું, તે હવે આત્માના સંબંધવાળું જ્ઞાન પ્રગટ થાય છે. ત્યારે રાગરહિત, મોહરહિત એકલા જ્ઞાનનો સ્વાદ આવે છે, એમાં આનંદનો સ્વાદ આવે છે. એમ બતાવે છે.

## ૪૩૧

મકાન જણાય છે તોય જ્ઞાન જણાય છે અને જ્ઞેય જણાય છે તોય જ્ઞાન જણાય છે. સો રૂપિયાની નોટ જણાય તો પણ જ્ઞાન જણાય છે. જ્ઞાન જ નક્કી કરે ને ? જ્ઞાન જ જણાય છે તે પકડી રાખો તમે. “જાણનાર જણાય છે”, “જાણનાર જણાય છે”, “જાણનાર જણાય છે” મહામંત્ર છે. “જાણનાર છું, કરનાર નથી.” પછી બીજો મંત્ર શું છે ? “જાણનાર જણાય છે” પર જણાતું નથી. બસ ચાર બોલ છે, વાક્ય બે બસ. મોક્ષ થઈ જશે. લખવું હોય તો લખી લેજો !!



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૪૩૨

"હું જાણનાર છું અને કરનાર નથી." "જાણનારો જણાય છે અને ખરેખર પર જણાતું નથી." આ મંત્રની સાધના મનમાં કરવાની, બોલવાનું નહીં. કોઈની સાથે વાતચીત કરવાની નહીં. કોઈની સાથે વાતચીત કરશો તો એ એમ કહેશે કે આ ગાંડા થઈ ગયા છે. આ જણાતું નથી તમને ? મંત્રની સાધના પ્રાઇવેટ હોય. ગુફામાં હોય છે ને ? આ અંતર્મુખ થવાની કળા છે.

## ૪૩૩

ભગવાન મહાવીરે કહ્યું, એમ સીમંધર ભગવાનની વાણીમાં પણ આવ્યું. એના સંતોએ સાંભળ્યું અને તેની પરંપરામાં આવ્યું. ભવિષ્યમાં પણ તે આવવાનું છે. "જાણનાર જણાય છે" તે સ્થિતિ છે. જેમ પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે, કોઈ કાળ એવો નહીં આવે કે પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ નહીં કરે. કારણ કે એ વસ્તુની સ્થિતિ છે.

## ૪૩૪

જે નિમિત્તનાં સદ્ભાવમાં "જાણનારો જણાય છે" તે જ નિમિત્તના અભાવમાં જણાય છે, બીજો નહીં.

## ૪૩૫

જાણનારાને જાણું છું તે વિકલ્પ છે. નથી જાણતો જાણનારને તે અનુભવ છે.

## ૪૩૬

સમ્યક્દર્શન થયા પછી અનંત સમય ન લાગે. વધારેમાં વધારે અસંખ્ય સમયમાં, અને વધારેમાં વધારે પંદર ભવે મુક્તિ પામે. (સમ્યક્દર્શન ચાલુ હોય તો...) તેમાં લિમિટ છે. આ બધો જ ચમત્કાર "જાણનાર જણાય છે" તેનો છે.

"પ્રભુ મેં જ્ઞાયકરૂપ કેવલ જાનનહારા રે."

## ૪૩૭

હું નિરંતર "જાણનારને જ જાણું છું" તેમાં કદી ખંડ પડતો નથી.

## ૪૩૮

**જિજ્ઞાસા :** અધ્યવસાન - મહાપાપથી બચવાનો ઉપાય શું ?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





**સમાધાન : "હું પરને જાણતો જ નથી, માત્ર જાણનારને જ જાણું છું; એ જ એક માત્ર ઉપાય છે.**

## ૪૩૯

"અબ ક્યોં ન વિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધન સે." **જાણનાર જણાય છે એ વાત અનંતકાળથી રહી ગઈ હતી. જેનું ધ્યાન ખેંચાશે કે અરે ! મને તો જાણનાર જણાય છે." તે અવશ્ય અનુભવને પામશે.**

## ૪૪૦

કર્તાબુદ્ધિ તો કદાચ જાય સવિકલ્પ દશામાં; ધારણામાંથી એ જાય; પણ... પરને જાણતો નથી, ઈ... ધારણામાં એ આવતું નથી. હું પરને જાણતો નથી ને "જાણનારો જણાય છે" ઈ... ધારણામાં એ આવતું નથી. જીવો ! વિધિ નિષેધમાંએ આવતા નથી.

## ૪૪૧

નવતત્ત્વનાં નૈમિત્તિક પરિણામમાં અથવા નવતત્ત્વરૂપ ક્ષણિક ઉપાદાનમાં ઘણા કાળથી છુપાયેલી આત્મજ્યોતિ. આત્મજ્યોતિ તો હતી પણ તે તિરોભૂત ઢંકાયેલી હતી.

જેમ અગ્નિમાં સુવર્ણ તપાવવા મૂક્યું હોય, તેમાં અનેક પ્રકારનાં વર્ણો થાય છે. તેમાંથી એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ, વર્ણમાં છુપાયેલા સુવર્ણને બહાર કાઢે. આ રીતે નવ તત્ત્વમાં છુપાયેલી આત્મજ્યોતિને અંતરૂમુખ થઈને... શુદ્ધનયથી બહાર કાઢીને... "જાણનાર જ જણાય છે", ધ્રુવ જણાય છે; બીજું કાંઈ જણાતું નથી. એકલો આત્મા જ જણાય છે. બીજું કાંઈ જણાતું નથી આમ સ્વપ્રકાશક જ છે.

## ૪૪૨

સમયસાર ગાથા ૧૭, ૧૮માં "જાણનારો જણાય છે" તે સરળતાની પરાકાષ્ઠા છે.

પહેલાં અનુભવ કરવા માટે પરને જાણવાનો નિષેધ કરવો પડશે કે "હું પરને જાણતો નથી." **એકવાર તમે જાણનારને જાણી લીધો પછી પર જણાય તોપણ પર નહીં જણાય. જ્ઞાન જ જણાશે. જ્ઞાન મુખ્ય થઈ ગયું; જ્ઞેયો ગૌણ**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





થઈ ગયા. એક વાર સંબંધ તોડી નાખો તમે, કટ ઑફ કરી નાખો; ખલાસ.

એક વાર ભાગીદારી છૂટી ગઈ પછી તમારી દુકાને તે આવે તો ! **આવો ! આવો ! પધારો !!** એક ચાનો કપ પાઈ દ્યો !! પણ પ્રથમ ભાગીદારી તોડવી પડે. એકત્વ બુદ્ધિ તોડવી પડે. એમ આ રાગની સાથે દેહની સાથે ભાગીદારી કરે છે... આ મારું... આ મારું... આ પર મારું... આ પર મારું...! હવે તેને બદલે મારું જ્ઞાન.... મારું જ્ઞાન... મારું જ્ઞાન... “જાણનાર જણાય છે પર જણાતું નથી”, ત્યાં તો તમને જ્ઞેયથી વિમુખ થઈને આત્માનો અનુભવ થયો.

૪૪૩

એમ કહે છે કે : અનુભવ થયા પછી પ્રમાણ જ્ઞાન થયું. હવે પર જણાય છે ત્યારે જ્ઞાન જણાય છે અને સ્વ જણાય છે ત્યારે પણ જ્ઞાન જણાય છે. જ્ઞાન જ પ્રગટ થાય છે પછી અજ્ઞાન પ્રગટ થતું નથી. અજ્ઞાન તો ગયું પછી જ્ઞાન જ રહે છે. અજ્ઞાન તો આવતું નથી.

૪૪૪

પણ જ્યારે અજ્ઞાન છે ત્યારે ભેદજ્ઞાન કરીને પુરુષાર્થ કરવો પડશે. જ્ઞાન પ્રગટ કરવા માટે પુરુષાર્થ અનંતો જોઈએ. એક વાર જ્ઞાન પ્રગટ થઈ ગયું, આત્માનું ભાન થઈ ગયું; “હું તો જાણનાર છું કરનાર નથી, જાણનાર જણાય છે.” પછી ટ્રેનમાં બેઠા હોય કે મોટરમાં બેઠા હોય, આહાહા ! ઝાડ દેખાતાં હોય, પણ ઝાડ નથી દેખાતાં મારું જ્ઞાન જણાય છે. જ્ઞેય ભિન્નને જ્ઞાન ભિન્ન કરી નાખ્યું. એક જ વખતનું કામ છે પછી અલ્પકાળમાં મુક્તિ થશે.

૪૪૫

એક વખત આત્માને જાણી લ્યો ! એક પૈસાનું ખર્ચ નથી. ચોવીસે કલાક ગમે ત્યારે જાણી લ્યો. આ મંત્ર છે, મંત્ર. એકતાબુદ્ધિ તૂટશે, મોહ ગળશે, મોહ ગળશે તો રાગ ઓછો થશે, કષાય ઘટવા મંડશે, કેમકે તમે આત્માને યાદ કરવા મંડ્યા. આત્મા રાજી થઈ ગયો. અરે !! આજ દિવસ સુધી તેં મને યાદ નહોતો કર્યો પણ આજ યાદ કર્યો ને ! જા, તને બધું આપી દઈશ.

તમારો આત્મા અંદર રાજી થશે. મને યાદ તો કર્યો !? અત્યાર સુધી




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો તમે સાવ ભૂલી ગયા હતા. આહાહા ! હું જાણનાર છું કરનાર નથી, જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી.'' મહામંત્ર છે બસ.



૪૪૬

**''જાણનારો જણાય છે'' તેમ જેને આવે તે કાં તો સમકિતી જ્ઞાની છે. અને કાં તો સમ્યક્ સન્મુખ છે.**

૪૪૭

''જાણનાર જણાય છે તેમાં ભવનો પાર નથી. પરંતુ ''હું જાણનાર છું'' તેમાં ભવનો અંત આવે છે.

૪૪૮

''જાણનારો જણાય છે અને ખરેખર પર જણાતું નથી'', તેમાં કોઈ પદાર્થ કર્તાનું કર્મ થતું નથી અને જ્ઞાનનું જ્ઞેય પણ બનતું નથી.

૪૪૯

દ્રવ્ય જણાય ત્યારે જ પર્યાય દ્રવ્યથી અભેદ થાય. પર જણાય તો પર્યાય દ્રવ્યથી અભેદ થાય ? આ નેપ્કિન જણાય છે, આનું મને જ્ઞાન થાય છે તો જ્ઞાન નેપ્કિન થઈ ગયું. ''જે જેનું હોય તે તે જ હોય.'' જ્ઞાન ક્યાં રહ્યું ? ખલાસ થઈ ગયું.

જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે ત્યારે જ્ઞાન અને જ્ઞાયકનો ભેદ વિલય પામીને અભેદની અનુભૂતિ થાય છે, ત્યારે આનંદ આવે છે. જાણનાર તો છે પણ જણાય છે ત્યારે અનુભવ થાય છે. જણાય છે તેનો સ્વીકાર કરવો જોઈએ ને !!

''જાણનારો જણાય છે'' એ એને અંદરમાંથી આવવું જોઈએ ને ! અંદરમાંથી ક્યારે આવે ? કે : પરને જાણવાનો નિષેધ કરે ત્યારે ને ? એ મેઈન ચીજ છે.

૪૫૦

**જિજ્ઞાસા :** તમે જાણનારો જણાય છે તેમ કહો છો અને પર જણાતું નથી તેમ શા માટે કહો છો ?

**સમાધાન :** અરે ! પર જણાય છે ઈ તારું શલ્ય છે. ઈ... કાઢવા માટે કહીએ છીએ. એટલે તારું નિશ્ચયજ્ઞાન પ્રગટ થતું નથી. ઓલું અંદરમાં પરને જાણું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છું ઈ શલ્ય છે એટલે...!

માટે વ્યવહારનો નિષેધ નિશ્ચયની પ્રાપ્તિ માટેનો ઉપાય છે લે ! કેમ કે એને શલ્ય છે કે "હું પરને જાણું છું." અરે ! કેવું એને શલ્ય ગરી ગયું છે કે તે નીકળવું પણ મુશ્કેલ છે.

૪૫૧

એક વખત જીતુભાઈ આવ્યા, બે દિવસ રોકાયા, આ મંત્ર આપ્યો પછી ગયા બેંગ્લોર. ઘણા દિવસ પછી સમાચાર આવ્યા કે આ મંત્ર તો બહુ સારો. મને તો શાંતિ દેખાય છે. શાંતિ અનુભવાય છે. આકુળતા ઘટી જાય છે. પ્રતિકૂળ સંયોગોમાં આકુળતા ઘટે એવો આ મંત્ર છે. હું શું કરું ? હું તો જાણનાર છું ને ! હું કાંઈ કરનાર નથી. આહાહા ! થવાનું હોય તે થયા કરે. "હું તો જાણનાર છું, જાણનારો જણાય છે." પર જણાતું નથી. સાવ સાદું. સંસ્કૃત નહીં, માગધી નહીં, કાંઈ ઈ... યાદ ન કરવું. ગમે ત્યારે, ગમે ત્યાં હાલતાં-ચાલતાં, ઊઠતા-બેઠતા, લેટ્રીનમાં પણ બોલી શકાય. એમાં સ્નાન કરવાની જરૂરત નથી. એવો આ ભેદજ્ઞાનનો મંત્ર છે. આ ભેદજ્ઞાન છે. "જાણનાર છું કરનાર નથી." ભેદજ્ઞાન છે કે કર્તા નથી અકર્તા છું.

૪૫૨

"જાણનાર છું અને "જાણનારો જ જણાય છે" અને દેવ, ગુરુ, શાસ્ત્ર જણાતાં જ નથી, આ વિવેક છે.

૪૫૩

ઉપયોગમાં ઉપયોગ છે બસ, ઉપયોગમાં રાગાદિ નથી. રાગ હોય તો જણાયને ઉપયોગમાં ? ઉપયોગમાં તો આત્મા છે, તો રાગ નહીં જણાય. એક વાર રાગને જાણવાનું બંધ કરીને આત્માને જાણવો. પછી રાગ જણાય ત્યારે રાગ નહીં જણાય જ્ઞાન જણાશે.


પહેલાં રાગ જણાય છે અને રાગનું જાણવાનું બંધ કરી જ્ઞાનને જાણો પછી રાગ નહીં જણાય. પણ જ્ઞાન જ જણાયા કરશે. પહેલાં રાગ જણાતો હતો; પછી અનુભવથી જ્ઞાન જણાયા કરશે. બધા જ્ઞાનીઓ એમ કહે છે "હું તો જ્ઞાતા છું, કર્તા નથી." મફતનો તું હું કર્તા છું એમ માની બેઠો છો અને દુઃખી થઈ રહ્યો છો. દુઃખી જ થાય ને ? કર્તાબુદ્ધિમાં દુઃખી થાય છે. કર્તાબુદ્ધિમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





સુખ નથી.

આમ કરું... આમ કરું... આમ કરું... આમ કરું ઈ પ્રવૃત્તિમય આખો દિવસ. આના પછી આ કરું... આના પછી આ કરું, આના પછી આ કરું...; કરું... કરું... કરું આવ્યું !! જાણવું... જાણવું... જાણવું... જાણવું નથી આવતું. હવે જાણવું જાણવું આવવા મંડશે. જાણવું... જાણવું આખો પલટો થશે. હા ! એક મહિનામાં ચમત્કાર થઈ જશે. વધારે નહિ. એક મહિનામાં તો ચમત્કાર થઈ જશે. તમારો આત્મા પોકાર કરશે. "જાણનાર જણાય છે, પર જણાતું નથી." આ મંત્ર સારો.

**૪૫૪**

જાણનાર જણાય છે તેમાં શ્રદ્ધાનો ગુણ પ્રગટ થાય છે અને ચારિત્રનો ગુણ પણ પ્રગટ થાય છે. બન્ને એક સાથે પ્રગટ થાય છે. જાણનાર જ છે હોં !! આહા ! એ વસ્તુનું સહજ સ્વરૂપ છે.

**૪૫૫**

અપરિણામીને જાણતાં પરિણામી થઈ જાય છે. અપરિણામીનું જ્ઞાન થતાં સાથે પરિણામીનું જ્ઞાન થયું. અપરિણામીને જાણતાં અક્રમે અનંતગુણો જણાય ગયા અને પરિણામીને જાણતાં સાથે અનંત પર્યાય જણાય ગઈ. કારણ કે પરિણામી જ્ઞેય થયો છે. હવે જાણવાનું કાંઈ જ બાકી રહેતું નથી. જાણનાર છું બસ એક.

"પ્રભુ મેં જ્ઞાયકરૂપ કેવલ જાનનહારા રે." સારમાં સાર વાત તો હું જાણનાર છું. બધાનો સાર આટલો જ છે. આ સ્ટીકરમાં પહેલી લાઈન શું છે ? "હું જાણનાર છું." સિદ્ધશિલામાં શું હોય ? હું જાણનાર છું તેથી જે જાણનાર છે તે જ જણાય છે. બધા જ્ઞાનીઓનો એકમત છે. પછી તે મુનિરાજ હોય કે પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક હોય કે ચતુર્થ ગુણસ્થાનવાળો હોય ! "જાણનાર જણાય છે" એટલે કરનાર ગયું. કરવાનું આખું બંધ થઈ ગયું. અને "જાણનાર જણાય છે" એટલે જ્ઞાયક જ્યાં જણાય છે તો ધ્યેયપૂર્વક જ્ઞેય થઈ ગયું. ધ્યેયપૂર્વક જ્ઞેયની વાત અપૂર્વ છે. સહજ સ્થિતિ છે. ધ્યેયના જોરે જ્ઞેય થઈ જાય છે. જ્ઞેય બનાવવાનો પુરુષાર્થ નથી. ધ્યેયમાં જ પુરુષાર્થ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૪૫૬

"હું જાણનાર છું અને જાણનાર જણાય છે" તેમાં છ દ્રવ્યની સિદ્ધિ થઈ ગઈ.

## ૪૫૭

"જાણનાર જણાય છે" આ મંત્રનો જાપ ચાલુ રાખજે. અવશ્ય ભેદ છૂટી જશે. જો કોઈ દિવસ આ વિચારમાં પણ કોઈ એવી અપૂર્વતા ભાસી ગઈ તો જાણનારો અંતર્મૂહૂર્તમાં પ્રત્યક્ષ થઈ જશે.

## ૪૫૮

હું પરને જાણતો જ નથી, પર મને જણાતું જ નથી; હું જાણનારને જ જાણું છું, મને જાણનાર જ જણાય છે તે ગુણ જ ગુણ છે.

## ૪૫૯

છદ્મસ્થનો ઉપયોગ એક સાથે બેને ન જાણે. પરને જાણવાનું બંધ થાય ત્યારે સ્વને જાણે. રાગને જાણે અને આત્માને પણ જાણે તેમ ન બને. પછી રાગ સંબંધીના જ્ઞાનને જાણે છે, અને રાગને જાણે છે તે ઉપચાર છે. ખરેખર તો "જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકને જાણે છે." જ્ઞાનને જાણે છે તે પણ ભેદ છે.

"જાણનાર જણાય છે" તે વાત ટંકોત્કીર્ણ છે. "જાણનારો જણાય છે" હર સમયે. સાધક સવિકલ્પ દશામાં એ તો સ્વને જાણતાં પરને જાણે છે.

## ૪૬૦

એક વાર પર પદાર્થને જાણવાનું બંધ કરી દે ! "જાણનાર જણાય છે, બીજું કાંઈ જણાતું નથી. આહાહા ! તો અતીન્દ્રિય જ્ઞાન કર્તાનું કર્મ થઈ જશે. "જાણનાર જણાય છે" તેમાં આત્મજ્ઞાન પ્રગટ થાય છે.

## ૪૬૧

પરને રાગને જાણતાં જ્ઞાને નથી ને સુખે નથી. તો જ્ઞાતા બુદ્ધિ છૂટે, અને તે જ સમયે ઉપયોગ અંદરમાં ગયો. કેમકે પરને જાણતાં, શાસ્ત્રને જાણતાં જ્ઞાને નથી અને સુખે નથી તેમ જાણે તો ઉપયોગ અભિમુખ થાય છે. જાણનહારને જાણતાં જ્ઞાન અને સુખ છે. કેમ કે જાણનારને જાણતાં જ્ઞાન અને સુખ થાય છે. તેમાં અપવાદ નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





### ૪૬૨

જાણનારો કર્તા અને જણાય તે કર્મ એવું છે પણ એવું નથી એમાં અનુભવ થાય છે.

### ૪૬૩

**શ્રદ્ધાને સમ્યક્ કરવા માટે જ્ઞાનમાં અસ્તિ નાસ્તિ અનેકાંત લે. સો ટકા "જાણનાર જણાય છે", અને સો ટકા પર જણાતું નથી. જ્ઞાન પોષક જ્ઞાન અજ્ઞાન થઈ જાય છે અને શ્રદ્ધા પોષક જ્ઞાન તે સમ્યક્જ્ઞાન થઈ જાય છે.**

### ૪૬૪

પ્રવચનસાર ગાથા ૧૧૪માં અનુભવમાં ક્યાં અટકે છે. અટક નીકળીને અનુભવ થાય તેનાં માટે આ ગાથા આપણે વિચારીએ.

હવે પૂ. ગુરુદેવના ઉદય પછી ગુરુભક્ત એમ તો ન કહે કે દેહ મારો અને રાગ મારો. અંદર અભિપ્રાયમાં એ શલ્ય હોય એ વાત જુદી છે. પણ ભાષા તો ફેરવ, કે હું જાણનાર છું; હું જ્ઞાયક છું; હું ચૈતન્ય છું, હું ચેતનાર છું; હું દેખનાર જાણનાર ચૈતન્ય આત્મા છું.

પર પદાર્થ મને જણાતા જ નથી. મને "જાણનાર જણાય છે." એવા પરોક્ષજ્ઞાનમાં પણ હજુ જીવ આવ્યો નથી તો પ્રત્યક્ષ ક્યાંથી થાય ? શું કહ્યું ફરી વાર !!

આ આત્માનો અનુભવ કરવાની કળા સંતો જાહેર કરે છે. આ... પર દ્રવ્યો છે તેને હું જાણું છું તેનો અભિપ્રાય મિથ્યા છે. એનો ઉપયોગ તો પર સન્મુખ જ રહી ગયો. હવે તું એટલું કર કે : પર પદાર્થનો જેવી રીતે હું કર્તા નથી અકર્તા છું તેમ પર પદાર્થનો હું જ્ઞાતા પણ નથી. ભલે પ્રથમ શરૂઆતમાં કર્તાબુદ્ધિ છોડવા માટે હું જ્ઞાતા છું એમ લીધું, પણ હવે હું પરનો જ્ઞાતા છું એ વાત છોડી દે. આ લેશન નંબર બેની વાત છે. પરનો જાણનાર છું ઈ... છોડી દે.

ત્યારે શું કરવું ? શિષ્ય ગુરુને પૂછે છે... હવે તું એટલું કર કે મને જાણનાર જણાય છે, જ્ઞાયક જણાય છે; એટલું લે ! જાણનાર જણાય છે એમ તું લે તો તારા જ્ઞાનમાં પરોક્ષપણે જ્ઞાયક આવી જશે. પરોક્ષ અનુભૂતિ થઈ જશે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



મને બીજું કાંઈ જણાતું નથી; આહાહા ! પ્રતિમાની સામે ઊભો છું પણ પ્રતિમાજી મને જણાતાં નથી. ચૈતન્ય પ્રતિમા જ જણાય છે ઈ... અરિહંત ભગવાનનો વિવેક છે. અરિહંત ભગવાને કહ્યું છે કે તું મારું લક્ષ છોડી અને તું તારું લક્ષ કર.

૪૬૫

જાણનાર છું અને જાણનારો જ જણાય છે તો મનમાં આત્મા આવી ગયો. પછી જ્ઞાનમાં પ્રત્યક્ષ આત્મા થઈ જાય છે. લૌકિકમાં પહેલાં સગાઈ થાય છે, પછી લગ્ન થાય છે. તેમ પ્રથમ અનુમાનમાં આવે છે પછી અનુભવમાં આવે છે.

૪૬૬

ઘટનો જાણનાર કહેવા છતાં, જાણનાર જાણનારને જ જાણે છે. ઘટને જાણતો નથી.

૪૬૭

ભેદજ્ઞાનના મંત્રથી ધરમ થાય છે. પંચ પરમેષ્ઠીની ભક્તિથી કરમ થાય છે. હું તો જ્ઞાતા છું; તો જ્ઞાન અંદરમાં જાણવાવાળાને જાણવા વયું ગયું. કહે છે... જાણનાર જણાય છે તો ધરમ છે. અને પરજ્ઞેય જણાય છે તો કરમ છે. ચૈતન્ય પ્રતિમાને દેખે જાણે તો ધરમ થઈ ગયો. અને જ્ઞેયને દેખે તો કરમ થઈ ગયું. ધર્મીના આશ્રયે ધરમ થાય છે તે નિયમ અને પરના આશ્રયે કરમ થાય છે, બસ બે જ વાત છે.

૪૬૮

**જાણનાર જણાય છે → સમકિત.**

**જાણનાર જણાયા જ કરે છે → શ્રેણી.**

૪૬૯

શ્રી સમયસાર ગાથા - ૧૩ "ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે."

અંતર્દષ્ટિથી જોઈએ તો કોઈ નવતત્ત્વો દેખાતાં નથી. અભેદમાં ભેદ દેખાતો નથી, ભેદ નથી માટે ભેદ દેખાતો નથી. માટે નવતત્ત્વો અવિદ્યમાન છે. નવતત્ત્વો છે જ નહીં ને !! આહા ! જેટલું અસ્તિરૂપ છે તેટલું જ દેખાય છે. જેટલું દેખાતું નથી તેની અસ્તિ નથી. ભૂતાર્થનયથી જેટલું દેખાય છે તેટલી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ અસ્તિ છે. ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એક વાક્યમાં તો...!!



જ્ઞાયક જ જણાય છે, જાણનાર જ જણાય છે, બીજું કાંઈ જણાતું નથી. જ્ઞાન મને જ જાણે છે ? કહે, 'હા.' જ્ઞાન બીજાને જાણે છે ? કહે, 'ના.' એ જ્ઞાનનું નામ ભૂતાર્થનય છે. જે મને પ્રસિદ્ધ કરે તે જ શુદ્ધનય છે. જે મને પ્રસિદ્ધ ન કરે તે શુદ્ધનય નથી.

૪૭૦

વિશેષને જોનારી આંખ બિલકુલ બંધ કરી દે. ઉઘાડેલી દ્રવ્યાર્થિક આંખ વડે જો ! એમ કહે છે ભાઈ ! ગજબ વાત છે. ઘણું ઊંડાણ આમાં રહેલું છે. ઘણી ઊંડી વાત છે. તેને ધીરજથી, શાંતિથી સાંભળ ! **પરને હું જાણું છું એવો જે પક્ષ એને છોડીને તું "જાણનાર જણાય છે" તેવા પક્ષમાં તો આવી જા ! પક્ષાતિક્રાંત તો પછી.**

૪૭૧

**"જાણનાર જણાય છે" તેમાં એક જ સમયમાં શુદ્ધનય તેમજ અભેદનય બન્ને આવી જાય છે.**

૪૭૨

જૈનદર્શનમાં સમય સમયનો હિસાબ છે. સવિકલ્પ વ્યવહારને નિશ્ચયનું કારણ કહ્યું છે ને ? સવિકલ્પ વ્યવહાર પૂર્વે હતો ને ? જ્ઞાનથી આત્મા જણાય છે એવો વ્યવહાર આવ્યો !! જાણનાર જણાય છે એવો વ્યવહાર આવ્યો !! ભેદ આવ્યો ને ? પછી અંદર વયો ગયો તો ઓલા વ્યવહારથી આમ થયું તેમ કહેવાય.

પણ વ્યવહારથી ન થાય. ઈ તો ભેદ હતો. સંસાર ઊભો થયો. **"જાણનાર જ જણાય છે એમાં જાણનાર નહીં જણાય. જાણનાર જણાય છે ઈ ભેદ છૂટી જાય ત્યારે અનુભવ થાય. "જાણનાર જણાય છે" તે પરોક્ષ જ્ઞાનને ભૂતનૈગમમાં નાખી દીધું. તે પરોક્ષ જ્ઞાનરૂપ વ્યવહાર હતો તેને ભૂતનૈગમમાં નાખી દીધું.** પરોક્ષ પછી પ્રત્યક્ષ થયું, તેમાં અનુભવ થયો. પરોક્ષનો વ્યય થાય પછી પ્રત્યક્ષનો ઉત્પાદ્ થાય. આ ઉત્પાદ્ થયો તે વ્યયથી નથી. ઉત્પાદ્ ઉત્પાદ્થી છે. ઉપાદાનને નિમિત્તની અપેક્ષા ન હોય. ઉત્તર પર્યાય ઉપાદાન, પૂર્વ પર્યાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપાદાન, ઉપાદાન એટલે સત્.



૪૭૩

**“જાણનાર જણાય છે એ તો ભેદ છે, ઈ કાઢી નાખ. “જાણનાર તે જ હું છું.” વ્યવહાર ઓળંગ્યા વિના નિશ્ચય હાથમાં નહીં આવે.**

૪૭૪

મને જ્ઞેય જણાતું નથી, જ્ઞેય સાપેક્ષ જ્ઞાન પણ જણાતું નથી એકલો “જાણનાર જણાય છે.” ચાંદીની થાળીમાં રોટલી જણાય છે ? ‘ના.’ રોટલી સંબંધીનું જ્ઞાન જણાય છે ? ‘ના.’ જ્ઞાયક સંબંધીનું જ્ઞાન જણાય છે ? ‘ના.’ એકલો જ્ઞાયક જાણનાર જણાય છે.

૪૭૫

જ્ઞાતઃ જણાયો, જ્ઞાત તે તો તે જ છે. જે જાણવામાં આવ્યો તે જ જણાય છે. વિષય ફરતો નથી. નિર્વિકલ્પ ધ્યાનમાં જ્ઞાયક જણાય છે, અને સવિકલ્પમાં પ્રતિમા જણાય છે તેમ નથી. પ્રતિમા જણાય છે ત્યારે “જાણનાર જણાય છે.” માટે તો નિર્જરા ચાલુ છે. જો પ્રતિમા જણાય તો જ્ઞાનનું અજ્ઞાન થાય તો નિર્જરા ચાલુ ન રહે.

૪૭૬

સમયસાર શાસ્ત્રની છઠ્ઠી ગાથા જણાય છે ? “ના.’ તો શબ્દશ્રુત જણાય છે ? ‘ના.’ શબ્દશ્રુત સંબંધીનું જ્ઞાન જણાય છે ? ‘ના.’ તો આત્મા સંબંધીનું જ્ઞાન જણાય છે ? ‘ના.’

શુદ્ધાત્મા - જ્ઞાયક, **“જાણનાર જણાય છે.” ઈ પણ અભેદ થઈને જણાય છે. પર્યાયથી આત્મા નથી જણાતો. શ્રુત જ્ઞાનથી આત્મા નથી જણાતો. આત્મા આત્માથી જણાય છે. ભેદ હો... પણ ભેદથી આત્મા જણાતો નથી.**

૪૭૭


જાણનારછું ને જાણનાર જણાય છે તો જ્ઞાનજ્ઞાનને મળી ગયું. જ્ઞાયકે પર્યાયને અંદર ખેંચી લીધી પછી જ્ઞાન પર્યાય જ્ઞાયક સમુદ્રમાં મળી ગઈ. આમ અનુભવમાં અટક હતી તે નીકળી ગઈ. શું અટક હતી ? હું પરને જાણું છું તે અટક હતી. આત્મા પરને પ્રસિદ્ધ નથી કરતો આ ગાથા જ્ઞાનપર્યાયનો વ્યવહારનો નિષેધ કરાવ્યો છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૪૭૮

સાધક દશામાં, જ્ઞેયાકાર અવસ્થામાં અમને તો “જાણનાર જણાય છે.” પણ અમને આ ચોખ્ખું ઘડિયાળમાં જણાય છે ને ? ઈ... ચોખ્ખું નથી જ્ઞાન તારું મેલું છે. ઘડિયાળ જણાય છે તે તો અજ્ઞાન છે જ, પણ... ઘડિયાળ સંબંધીનું જ્ઞાન જણાય છે તે અજ્ઞાન છે. “જાણનાર જણાય છે” બીજું જણાય છે તે કહેવું વ્યવહાર છે. વ્યવહાર અભૂતાર્થ છે.

૪૭૯

“જાણનારો જણાય છે ને જાણનારને જાણું છું” એમ પણ અનુભવમાં રહેતું નથી. “હું તો જાણનાર છું.”

૪૮૦

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે, સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં જ્ઞાયક જણાય છે. છઠ્ઠું ગુણસ્થાન હો કે સાતમું ગુણસ્થાન હો પણ નિરંતર “જાણનાર જણાય છે.” **લડાઈમાં શાંતિનાથ ભગવાનને ચક્ર જણાય છે ને ? એ તારું ચક્કર ફરી ગયું છે. એને ઇન્દ્રિયજ્ઞાન જાણે છે. પણ જાણનાર આત્મા તો જાણનારને જાણતો પરિણમે છે.**

૪૮૧

“જાણનાર જણાય છે” એમાં અનુભવ થાય છે. આ ગુરુમંત્ર છે. “જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ.”

૪૮૨

**“જાણનાર જણાય છે પર નથી જણાતું” તેવા સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંત થાય છે. નય પૂર્વક પ્રમાણ.**

૪૮૩

આત્મા પરને જાણે છે તેમ કહેવાય છે. પણ આત્મા પરને જાણતો નથી. અગ્નિએ આજ દિવસ સુધી કોઈ લાકડાંને બાળ્યાં જ નથી. અત્યાર સુધી પરને જાણતો જ નહોતો. પણ એ તો “જાણનાર જણાય છે” તે ભૂલી જાય છે, તે ભ્રાંતિ છે. ન સમજાય એટલે ઠેકડા મારે. વીરજીભાઈ વકીલ કહેતા હતા... લાલુભાઈ ! “જાણનાર જણાય છે” હોં ! ‘હા.’ “જાણનાર જણાય છે” તમે સાચા છો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૪૮૪

જે સમયે "જાણનારો જણાય છે" તે જ સમયે જ્ઞાન ભૂલે છે કે જાણનારો નથી જણાતો. અને એકાંત પર જણાય છે તેમ માને છે.

૪૮૫

આત્મા કરનાર નથી તેથી કરનાર પણે જણાતો નથી. આત્મા જાણનાર છે. જ્ઞાતઃ આમાં લખ્યું છે. આત્મા જાણનાર પણે છે તેથી જાણનાર પણે જણાય છે. કરનાર નથી તેથી કરનાર પણે જણાતો નથી.

૪૮૬

જ્ઞાતઃ, હું જ્ઞાયક પણે જણાયો. "જાણનાર છું અને જાણનાર જણાય છે." તેમ જણાય તો તો સર્વ અવસ્થામાં "જાણનાર જ જણાય છે." તે તો તે જ છે. નિર્વિકલ્પ અવસ્થામાં "જાણનાર જણાય છે", સવિકલ્પ દશામાં પણ તે જ જણાય છે. પંચ મહાવ્રત જણાતા જ નથી.

૪૮૭

"હું જાણનાર છું" તો જાણનાર જાણે કે કર્મને બાંધે ? જાણે, પણ બાંધે, છોડે કરે નહીં. પરિણામ ચિંતા કરવાને કાબિલ નથી. તો પછી ફેક્ટરી એની મેળે ચાલે છે ? ઈ... જતા હોય ત્યારે ચાલે ને ? અરે ! એની મેળે ચાલે છે. આત્મા ફેક્ટરીને જાણતો નથી તો પછી ચલાવે ક્યાંથી ? એ તો "જાણનાર જણાય છે" તેને જાણે છે. આ બાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા જણાય છે.

૪૮૮

પ્રત્યેક જીવને, પ્રત્યેક સમયે અભેદપણે "જાણનાર જણાય છે." જ્ઞાયક જણાય છે. વગર પુરુષાર્થે જણાય છે હોં !! કેમકે સ્વભાવ છે. સ્વભાવમાં પુરુષાર્થની જરૂરત નથી. માત્ર સ્વીકારની જરૂરત છે.

૪૮૯

અગ્નિ લાકડાં છાણાંને બાળે છે તેમ કહેવાય છે પણ બાળતી નથી. એમ છે નહીં. વ્યવહારનયના જેટલાં કથન હોય તેને અસત્યાર્થ જાણી તેનું શ્રદ્ધાન છોડી દે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ન કરે, તો તે નિશ્ચય કે વ્યવહાર ? 'નિશ્ચય.' નિશ્ચયમાં કરવું નથી. પણ જાણવું છે. "જાણનાર જણાય છે" તે નિશ્ચય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૪૯૦

"માત્ર જ્ઞાયક છું સ્વીકાર કરી લે !! હું તો જ્ઞાયક જાણનાર છું." આ કોઈ ચીજ મારી નથી, પણ તેનો જાણનારે નથી. "જાણનાર જણાય છે" તે લઈ લે ને ! અંત્તરમુખ આવી જા ને ? હવે તો આવી જ જાય તેવું છે. પૂ. ગુરુદેવના પ્રતાપે કામ થઈ જાય તેવી વાત છે.

૪૯૧

સતત વિચારજે "જાણનારો જણાય છે" અને પર નથી જણાતું.

૪૯૨

"જાગતો જીવ" અર્થાત્ જાણતો જીવ ! તે તો હું જ છું. તેથી તો "જાણનારો જણાય છે."

૪૯૩

આ પદાર્થ છે તેને જ્ઞેય કહેવાય. જ્ઞેય સાપેક્ષ જ્ઞાનને જ્ઞેયાકાર અવસ્થા કહેવાય. જ્ઞાયક સાપેક્ષ જ્ઞાનને જ્ઞેયાકાર અવસ્થા કહેવાય. જગતના જીવો કેમ પામે તેવી કરુણાથી આ શાસ્ત્રો લખાણાં છે. આવી જ્ઞાનની પર્યાયને જ્ઞેયાકાર કહેવામાં આવે છે.

આ લાકડું જ્ઞેય છે. તેનો જ્ઞાનમાં પ્રતિભાસ થયો. જ્ઞાન સ્વચ્છ છે ને ? આમાં (પદાર્થમાં) પ્રમેયત્વ નામનો ગુણ છે. આ પ્રમાતા છે. જ્ઞેયની અપેક્ષાથી જ્ઞેયાકાર જ્ઞાન. આ જ્ઞાન જ્યારે જણાય છે ત્યારે "જાણનાર જણાય છે." જ્ઞેય જણાતું નથી, જ્ઞેય સાપેક્ષ જ્ઞાન જણાતું નથી, જ્ઞાયક સાપેક્ષ જ્ઞાન જણાતું નથી. એકલો જ્ઞાયક જણાય છે. અંદરમાં છૂટવાની વિધિ બતાવે છે.

૪૯૪

**"જાણનારો જણાય છે" તેમ થોડી વાર લેતાં ઉપયોગ સૂક્ષ્મ થતો થતો, સૂક્ષ્મ ત્રિકાળી દ્રવ્યને પકડી લ્યે છે.**

૪૯૫

**જિજ્ઞાસા :** દેખનાર જાણનાર ચૈતન્ય આત્મા છું તો હજુ કેમ પ્રત્યક્ષ અનુભવ નથી થયો !?

**સમાધાન :** પર પદાર્થ મને જણાતા જ નથી. મને "જાણનાર જણાય છે." એવા પરોક્ષ જ્ઞાનમાં પણ હજુ જીવ આવ્યો નથી. તો પ્રત્યક્ષ તો ક્યાંથી થાય !



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





શું કહ્યું ? ફરીવાર ! આ આત્માનો અનુભવ કરવાની કળા સંતો જાહેર કરે છે. આ પર દ્રવ્યોને હું જાણું છું તારો અભિપ્રાય મિથ્યા છે. ઉપયોગ તો પર સન્મુખ જ રહ્યો. જેમ પર પદાર્થનો કર્તા નથી, તેમ જ્ઞાતા એ નથી. હવે એમ લે કે : “મને જાણનાર જણાય છે” એટલું લે તો બસ કામ થઈ જશે.

૪૯૬

“જાણનારો જણાય છે” જેને આ વાતની કિંમત લાગશે એને સમ્યક્જ્ઞાનથી માંડીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે.

૪૯૭

**“જાણનારો જણાય છે” તે વિકલ્પ નથી સ્વભાવ છે.**

૪૯૮


પહેલો પાઠ સવારે અકર્તાનો હતો. હવે બીજા પાઠમાં આત્મા જ્ઞાતા છે. પણ સ્વનો જ્ઞાતા છે અને પરનો જ્ઞાતા નથી. હવે તેમાં એ સ્વપર પ્રકાશકની વાત ખૂબ જ આવે છે. સ્વપર પ્રકાશકનો જન્મ કેમ થયો ? અને તેમાંથી રસ્તો કેમ કાઢવો ?! તે હવે આપણે શીખવાનું છે. સ્વપર પ્રકાશક તો આગમનું વચન છે. તેની ‘ના’ નથી. માથે ચડાવી લેવું, પણ સ્વપર પ્રકાશક ઉત્પન્ન કેમ થયું ? આત્મા આત્માને જાણે છે તે નિશ્ચય છે. આત્મા પરને જાણે છે તે વ્યવહાર છે.

આ વ્યવહાર ઊભો કેમ થયો ? તેના સ્વભાવમાં છે ? જો સ્વભાવમાં હોય તો છૂટે નહીં. તમે ગમે તેટલો પરને જાણવાનો નિષેધ કરો પણ જો સ્વભાવ હોય તો છૂટે નહીં. ત્યારે હવે કહે છે તેને કોણ જાણે છે ? સાધક દશામાં ? સાધક પોતે શાસ્ત્ર લખે વાંચે ત્યારે શું થાય છે ? કે : ઇન્દ્રિયજ્ઞાન તેને જાણે છે. હું તેને જાણતો જ નથી. મારું જ્ઞાન તો મને જાણવાનું છોડતું જ નથી.

ઈ... જ્યારે “જાણનારો જણાય છે” એનું જોર જ્યારે આવશે, અને પર જણાતું નથી તેવો કામચલાઉ વિધિ-નિષેધ કરવો પડશે. પછી લાંબો ટાઇમ વિધિ નિષેધમાં નહીં રોકાવું પડે. પણ “જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી.” પણ પરનો પ્રતિભાસ દેખીને આવો ઉપચાર થયો કે સાધકનું જ્ઞાન રાગને જાણે છે તે ઉપચારનું કથન છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



**૪૯૯**

**જૈનદર્શનમાં કર્તાની વાત તો છે જ નહીં. પરંતુ ભેદજ્ઞાનની જ વાત છે. ભેદજ્ઞાનમાં પણ "જાણનાર જણાય છે" એ જ વાત છે.**

**૫૦૦**

**હું નિશ્ચય વ્યવહાર કાંઈ લગાડતો જ નથી. હું તો સ્વભાવથી જ વાત કરું છું.** જો નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે તો વ્યવહાર નયે પરને જાણે છે તેમ વ્યવહાર ઊભો થશે. નિશ્ચયનય લગાડે તો વ્યવહાર ઊભો થશે. 'હા.' જ્ઞાનીઓ સામાન્ય જનને સમજાવવા નય, નિક્ષેપ, પ્રમાણ, પ્રાથમિક સાધન છે. પણ તમે સ્વભાવની હદ ઉપર વયા જાવ તો એનો વિકલ્પ જ ઉત્પન્ન નહીં થાય. **'હા'...! એટલો વિકલ્પ ઉત્પન્ન થશે કે... "જાણનાર જણાય છે પણ તે વિકલ્પ તરત જ તૂટી જશે.**

પણ નિશ્ચયથી જ્ઞાન આત્માને જાણે છે તો પ્રતિપક્ષ વ્યવહાર ઊભો થાય કે ન થાય ? થાય જ. કેમકે નિશ્ચયનય એકાંત કરે તો તો તે મિથ્યાનય છે. સાપેક્ષનય તે સમ્યક્ છે. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય જ. પણ તેનાથી આગળ જવાનું છે. નયથી આત્માનો અનુભવ ન થાય. જ્ઞાનથી આત્માનો અનુભવ થાય.

**૫૦૧**

સેટિકાની ગાથામાં બહુ સરસ વાત આવી. ઊંચામાં ઊંચી વાત, છેલ્લામાં છેલ્લી વાત અને પહેલામાં પહેલી વાત. કે : ભાષા તો ફેરવ. એમાં સેટિકાની ગાથા છે. તેમાં નિશ્ચય વ્યવહાર બન્ને લીધા છે. પછી છેલ્લે વ્યવહાર લીધો છે. તેમાં ભાવાર્થકર્તાએ ભાવાર્થ કર્યો... કે આત્મા પરને જાણે છે તે લોકભાષા છે. લોકો કહે છે, અર્થાત્ અજ્ઞાનીની ભાષા છે. લોકોત્તર ભાષા તો જ્ઞાન જણાય છે, "જાણનાર જણાય છે" તારે વ્યવહાર લેવો છે ને ? ઓલા અસદ્ભૂત વ્યવહારની સામે આ સદ્ભૂત વ્યવહાર મૂક્યો. ભાષા ફર્યા વિના ભાવ નહીં ફરે.

**૫૦૨**

"પર જણાતું નથી જાણનારો જણાય છે" એટલા શબ્દમાં તો આવો તમે. પક્ષમાં તો આવો. શબ્દમાં તો આવો : અનુભવથી નિષેધ પછી આવશે. શબ્દ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ફેરવ તો ભાવ ફરશે જ... પૂ. ગુરુદેવશ્રીએ બે વાત કરી છે ને...! "જાણનારો જણાય છે," પર નથી જણાતું. જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ થાય છે. અખંડ જણાય છે એમ નથી લખ્યું. તીર્થંકરની વાણી અને આમાં કાંઈ ફેર નથી. રહસ્ય એટલું ઊંડું છે કે કાઢનાર કાઢી શકે બધા કાઢી શકતા નથી.

## ૫૦૩

વ્યવહારે પરને જાણે છે, ઈ... શબ્દ મારી નાખે છે. નિષેધ નહીં આવે. 'છે' આવ્યું ને ? બન્નેમાં 'છે', 'છે' આવ્યું ને ? નિશ્ચયથી સ્વને જાણે વ્યવહારે પરને જાણે છે, પરંતુ 'છે' 'નથી' ન આવ્યું ને ? સાચું અનેકાંત આ છે. "જાણનારો જણાય છે અને પર જણાતું નથી" એમ છે. 'છે', 'નથી' આવ્યું. 'છે', 'નથી'માં મર્મ છે.

## ૫૦૪

**"જાણનાર જણાય છે" તે ઉપયોગનો સદ્‌ઉપયોગ થયો. અને આ પર જણાય છે તો ઇન્દ્રિયજ્ઞાન ઊભું થયું, સંસાર થયો.**

## ૫૦૫

જાણનાર જણાય છે તે વાત પાયાની છે કારણ કે ભેદજ્ઞાનની શરૂઆત ત્યાંથી થાય છે.

## ૫૦૬

રાગ થાય છે તો કર્મનાં પરિણામમાં. પણ એકત્વ કરીને મારામાં આવ્યો તો જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું. તેને પણ છે તો જ્ઞાનને રાગ ભિન્ન, પણ તેને એમ પ્રતિભાસ થયો કે : રાગ મારામાં થાય છે : તે પ્રતિભાસ અજ્ઞાન છે.

હવે તે પ્રતિભાસનો દુરુપયોગ કર્યો. હવે તે જ જીવ પ્રતિભાસનો સદ્‌ઉપયોગ કરે છે. અરે ! રાગ મારામાં ક્યાં છે ? હું તો જ્ઞાનમયી જ્ઞાયક છું. મને તો જાણનારો જણાય છે. ત્યાં જાણનારો જણાય છે ઈ... પ્રતિભાસનો સદ્‌ઉપયોગ થયો.

## ૫૦૭

મને મારી કહેલી વાત કરશો નહીં. પહેલાંનાં પ્રવચનોમાં હું ભલે કહી ગયો પણ **હવે અમને ભેદ પ્રભેદની ઉપેક્ષા વર્તે છે. મને મારી કહેલી વાત**




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પણ કરશો નહીં. કેમકે ભેદ ઈ પર દ્રવ્ય છે ને ?! ભેદને જાણો કે પર દ્રવ્યને જાણો એક જ છે. ગુણસ્થાનને જાણો તો પરદ્રવ્યને જાણવા ગયો. સ્વદ્રવ્ય રહી ગયું. “જાણનારો જણાય છે” ઈ ભાષાએ વઈ ગઈ.**



**૫૦૮**

આને કહ્યું શબ્દ તો ફેરવો. ગુરુકૃપાથી તમારામાં હું પરને કરું છું તે તો નહીં આવે. તે અભિપ્રાય તો ન રહે. પણ હું પરને જાણું છું તે શબ્દને તિલાંજલી આપી દ્યો. શબ્દને હોં ! અને “જાણનારો જણાય છે” ઈ લઈ લ્યો ને ! અને પછી મેં કહ્યું કે ઈ... શાસ્ત્રનો આધાર છે.

**આબાળ ગોપાળ સૌને અનુભૂતિ સ્વરૂપ એટલે જ્ઞાન સ્વરૂપ આત્મા અનુભવમાં આવે છે. એટલે કે “જાણનારો જણાય છે.” ઈ... શબ્દ તો આગમનો છે. સમયસારનો છે ને ? હેં ! મેં શું કહ્યું ? કે : “જાણનારો જણાય છે” ઈ મારું વચન છે કે આગમનું વચન છે ?**

સત્યવાણી તો બોલ. અસત્ય વાણી કાં બોલે છે ! હું પરને જાણું છું ઈ... દુર્જન છે. અને જેના મુખમાંથી નીકળે કે : મને “જાણનારો જણાય છે” તે અપેક્ષાએ સજ્જન થઈ ગયો. પછી નિરપેક્ષ સજ્જન થશે. ભાષા સવળી હશે તો ભાવ ફરશે જ. “જાણનાર જણાય છે” ઈ પક્ષમાં આવ્યો તો અનુભવમાં આવી ગયો.

**૫૦૯**

હું પરને કરું છું અને હું પરને જાણુ છું ઈ બે દોષ છે. એક દોષ તો નીકળી ગયો. બીજો દોષ પણ બતાવ્યો કે આત્મા જ્ઞાતા અને છ દ્રવ્ય જ્ઞેય ઈ... ભ્રાંતિ છે તારી. પરને તું જાણતો નથી ઈ આપણા ગુરુએ કહ્યું છે ને ? કોઈ બીજાએ કહ્યું નથી. પરને જાણતો નથી તે શ્રીગુરુએ કહ્યું છે : અને એ જ હું કહું છું ને ? મારા ઘરની વાત છે ?

પરને જાણતો નથી, તારા સ્વભાવમાં પરને જાણવું નથી. ભાઈ ! સ્વભાવ યાદ કરો કે “જાણનાર જણાય છે.” તારા ભાવમાં ઈ પડ્યું છે કે : “હું પરને જાણું છું” તેથી ઈ... શબ્દ આવે છે. ભાવમાંથી પરને જાણવાનું નીકળી જશે તો શબ્દ નહીં આવે. અત્યારથી, આજથી ભાષા ફરવા માંડશે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૫૧૦

પરને જાણવું તે તો જ્ઞાનનો સ્વભાવ નથી. પરંતુ સ્વપરને જાણવું તે પણ જ્ઞાનનો સ્વભાવ નથી. ''જાણનારને જ જાણવું અને જાણતાં રહેવું'' તેવો તો જ્ઞાનનો સ્વભાવ છે.

## ૫૧૧

પર તરફ વળેલી જ્ઞાનની પર્યાયમાં પણ ''જાણનારો જણાય છે.'' તેની મહિમા અને મહાનતા ભાસવી જોઈએ. તું 'ના' - 'ના' કરે છે, પણ તારી 'ના'ની તારા અનુભવ પાસે કોઈ વેલ્યુ નથી.

## ૫૧૨

આહા ! અનુભવ કરીને બહાર છઠ્ઠે આવે ત્યારે...! બાકી સાતમે તો કલમ બંધ થઈ જાય છે. **આહા...! પ્રત્યક્ષ જોતાં જોતાં લખે છે. આજે આત્માનું સ્વરૂપ આમ જોયું !! આજે આમ જોયું, ગુણભેદને પરદ્રવ્ય કહ્યાં છે, ગુણભેદ નથી. અરે ! ભાષા તો બદલાવ કે ''જાણનારો જણાય છે.''**

## ૫૧૩

**''જાણનારો જણાય છે,'' તેમાં જ્ઞાનની પર્યાયનો નિશ્ચય કેળવાય છે. કેળવાય તો નિશ્ચય પ્રગટે ને ?!**

## ૫૧૪

**અમે તો ''જાણનારને જાણીએ'' છીએ અને જાણનાર રહીએ છીએ.**

## ૫૧૫

બાળગોપાળ સૌને સદાકાળ જ્ઞાન સ્વરૂપ આત્મા જ અનુભવમાં આવે છે, એટલે કે જાણવામાં આવે છે. પણ એના તરફ તેનું લક્ષ નથી. તે આપણે ગઈ કાલે પૂ. ગુરુદેવશ્રીનાં આત્મધર્મ ''જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ'' તેમાં વાંચ્યું હતું. તેમાં પૂ. ગુરુદેવે કહ્યું હતું કે; ''જાણનારો જણાય છે'' તેને લક્ષમાં લેતો નથી.

## ૫૧૬

એ શુભભાવ આત્માના કર્યા વિના થાય છે. હવે ઈ કોને વાત કરવી !? શુભાશુભભાવ આત્માના કર્યા વિના થાય છે. આપોઆપ થાય છે. આત્મા એનો કર્તા નથી. કર્તા નથી એટલે એના ફળનો ભોક્તા પણ નથી. કર્તા હોય તો ફળ ભોગવેને ? આહા ! ''થવા યોગ્ય થાય છે ને જાણનારો જણાય છે.''




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"પરિણામ થવા યોગ્ય થાય છે ને જાણનારો જણાય છે." આમાં કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ બન્ને જાય છે.**



**૫૧૭**

હવે ઘણાબધા જીવો આ વાત સમજતા થયા છે કે : મને "જાણનાર જણાય છે અને પર જણાતું નથી." એ તો ધીમે ધીમે જેમ જેમ ખ્યાલમાં આવે તેમ આધાર મળી જાય. પોતાની વાત છે. આત્માનો અનુભવ કરવાની વાત છે. બીજું તો કાંઈ છે નહીં ! સાધ્યની સિદ્ધિ આમાં થાય છે. સ્વપર પ્રકાશકમાં નહીં.

**૫૧૮**

તારા જ્ઞાનમાં અત્યારે આત્મા જણાય છે એમ અમે જાણીએ છીએ. એમ જાણીને લખ્યું ને ? ભવી, અભવી બધાને કહ્યું. નાના, મોટા બધાને "જાણનાર જણાય છે."

'હું કોણ છું' તેનું તેને જ્ઞાન થયું, અને આપણને કહ્યું. તને તારો આત્મા જણાય છે !! પર જણાય છે એ બુદ્ધિ કેમ બગડી ગઈ. વ્યવહારનો પક્ષ અનાદિનો છે તે મારી નાખશે.

**૫૧૯**

**સમજપૂર્વક બોલે છે. "જાણનારો જણાય છે." તે વિધિનિષેધ કરે છે... એટલે નિષેધનો કણિયો એક પણ નહીં આવે પછી. હું વ્યવહારે પરને જાણું છું એ ભાષા નહીં આવે.** "હું પરને જાણું છું ઈ મિથ્યાત્વનો કણિયો છે. તને મારી નાખશે. વ્યવહારે હું પરને જાણું છું ઈ... મારશે તને. વ્યવહારે જાણું છું એમ આવ્યું ને ?

**૫૨૦**

પ્રથમ ભાષા સવળી આવે કે : "હું જ્ઞાતા છું." જેમ ચક્ષુ જાણે તેમ "હું જાણનાર છું," પછી તે જ જણાય છે.

હું પરને જાણું છું એ ભાષા ઉપરથી લાગે કે દુર્જન છે. દુર્જન શબ્દ હળવો છે. પણ દૂરભવી છે. એ... બોલાય નહીં કાંઈ ! પણ નિકટભવી નથી. નિકટભવીની ભાષા ફરે છે. અને ભાવ પણ ફરે છે. પ્રથમ જીવ પક્ષમાં આવે છે પછી પક્ષાતિક્રાંત થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૫૨૧

જાણવાની વાત સૌ પ્રથમ આવે ત્યારે તમારા ખ્યાલમાં એ રાખવું કે જાણતો જ નથી પછી પ્રશ્ન શું રહ્યો !

**જિજ્ઞાસા** : ત્યારે શું ?

**સમાધાન** : "જાણનાર જણાય છે" લઈ લ્યો ! પરને જાણવાનો વિકલ્પ ઊઠે ત્યારે પર્યાયમાં "જાણનારો જણાય છે." આ મંત્ર છે. એને પરને જાણવાની બહુ જિજ્ઞાસા છે. તેથી જ્ઞાતાબુદ્ધિમાં ગર્ભિત કર્તાબુદ્ધિ આવી જાય છે. પરને જાણવાની ઇચ્છા જ્ઞેયલુબ્ધ છે.

## ૫૨૨

એકલો "જાણનાર જ જણાય છે" બીજું કાંઈ જાણવામાં નથી આવતું; હે ભવ્યો ! આ વાતનું પરમ શ્રદ્ધાન કરો.

## ૫૨૩

**જિજ્ઞાસા** : આત્માનો અનુભવ કેમ થાય ? સ્થિતિ શું છે ?

**સમાધાન** : સ્વપર પ્રકાશકમાં ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ જાય છે. સ્વને જાણું છું, પરને જાણું છું, બન્નેમાં 'છે', 'છે' આવે છે ને !? તેમાં અનુભવ ન થાય. "જાણનારો જણાય છે ને પર જણાતું નથી" તેમાં અનુભવ થાય. બેના પ્રતિભાસમાં ભેદજ્ઞાનનો માર્ગ ખુલ્લો છે. પ્રતિભાસ બેનો લક્ષ એકનું. સ્વ જણાય છે પર જણાતું નથી. પરનો પ્રતિભાસ રહી ગયો અને પરનું જાણવું છૂટી ગયું.

## ૫૨૪


મને ઘડો જણાય છે અને દીવો જણાતો નથી. કેટલો મૂરખ છે. તેમ મને પર જણાય છે ને જાણનાર જણાતો નથી તે મૂરખનો સરદાર છે. કાં ધ્યેયની ભૂલ અને કાં જ્ઞેયની ભૂલ. જ્ઞેયમાં એ ભૂલે છે કે જણાય છે સ્વ અને માને છે પર જણાય છે. સમયે સમયે સ્વ જણાય છે. પરનો પ્રતિભાસ થાય છે, તેવું જ્ઞાન જણાય છે. તેવું જ્ઞાન આત્માથી અભેદ છે. એટલે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જ જણાય છે. જ્ઞાયક તો જણાય છે બધાયને પણ માનતો નથી તે જ્ઞેયની ભૂલ છે. કરનાર માને તો ધ્યેયની ભૂલ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૫૨૫

જે ઉપયોગમાં "જાણનારો જણાય છે" તે જ ઉપયોગમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય છે. અર્થાત્ પ્રતિભાસિત થાય છે.

## ૫૨૬

વવાણિયા ગયો હતો; પછી મોરબી ઇન્દુભાઈને ત્યાં કહ્યું ! આ જે સ્વપર પ્રકાશક છે ને તે વ્યવહાર છે. હવે કોઈ સમ્યક્‌દૃષ્ટિ પણ આ સ્વપર પ્રકાશક વ્યવહારને ગુરુવાણી છે એમ સમજીને સત્ય માને તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સ્વપર પ્રકાશક પ્રમાણનું વાક્ય છે. તેમાંથી ભેદજ્ઞાન કરવાનું છે કે : "જાણનારો જણાય છે, અને પર જણાતું નથી. આવા બનાવો બની ગયા છે.

## ૫૨૭

આત્મધર્મ અંક ૩૯૨. "જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ." આમાં પૂ. ગુરુદેવ કહે છે કે : "જાણનારો જણાય છે પણ ઈ... સ્વીકાર કરતો નથી. લઈ લ્યો બોર્ડ ! ગુરુવાણી છે ને !!

"જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે." જુઓ ! સ્વને જાણવાનું લખ્યું છે, સ્વપર બેને નહીં. એક એક શબ્દ જુઓ. "આબાળ ગોપાળ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમયી ત્રિકાળી સ્વ જણાય છે." જણાશે નહીં, જણાય છે.

પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી... ત્યાં એકત્વ કરતો થકો, "જાણનાર જ જણાય છે." જુઓ જાણનાર 'જ' જણાય છે. એ શબ્દ આવ્યો ને !? હજુ શબ્દમાં એ આવતો નથી. "તેમ નહીં માનતાં રાગાદિ પર જણાય છે, તેમ અજ્ઞાની પર સાથે એકત્વપૂર્વક જાણતો - માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી. આ વાત ટંકોત્કીર્ણ છે. આ બોર્ડ ક્યારે બનાવ્યું હશે મેં !!

અને જ્ઞાની તો "આ જાણનાર જણાય છે તે જ હું છું." આવ્યું ને ? "જાણનાર જણાય છે" મેં તમને કહ્યું હતું કે આ ગુરુદેવ કહે છે અને પોતે તો આ "જાણનાર જણાય છે તે જ હું છું" એ પોતાનો અનુભવ લખ્યો. જ્ઞાયકને એકત્વપૂર્વક જાણતો માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો સમ્યક્ પ્રતિભાસ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





થાય છે. હવે અહીંઆ સમ્યક્ શબ્દ ઉમેર્યો. સમ્યક્ પ્રતિભાસ થાય છે. ઉપરની લાઈનમાં સાદો ખાલી પ્રતિભાસ હતો.

એને જ્ઞાનમાં આવી ગયું કે : "જાણનાર જણાય છે" અને તેનો અનુભવ થયો માટે સમ્યક્ શબ્દ વાપર્યો. પહેલી લીટીમાં માત્ર પ્રતિભાસ હતો; ત્યાં ત્યારે અનુભવ નહોતો. પહેલી લીટીમાં વસ્તુની સ્થિતિ બતાવી. મતિશ્રુતમાં આત્મા જણાય છે; આમ પ્રતિભાસ બધાંને પણ અનુભવ કોઈકને થાય. માટે સમ્યક્ પ્રતિભાસ લખ્યું. આ તો સમુદ્ર છે. સ્વીકાર કર્યો "જાણનારો જણાય છે" તે અનુભવથી સિદ્ધ કર્યું.

**૫૨૮**

એક વાત કરી તે હું ફરીથી કહું છું કે : "હું પરને જાણતો નથી જાણનારો જણાય છે" ઈ... શબ્દમાં તો લાવો. હું પરને જાણું છું ઈ શબ્દ કાઢી નાખો હવે, ગુરુ મળ્યા પછી. ગુરુ નહોતા મળ્યા ત્યાં સુધી તો આપણે પણ જાણતા નહોતા. ગુરુ કહે છે ઈ વાતનો સ્વીકાર કરો.

કે : શબ્દમાં તો આવો...! એના ઉપર વજન આપ્યું. ભાવ તો પછી ! કે : પરને જાણતો નથી, શબ્દ દ્વારા તો નિષેધ કરો. ભાવ દ્વારા તો નિષેધ અનુભવ થશે ત્યારે થશે. સજ્જનની ભાષા તો બોલો !! પછી કહ્યું; પરને જાણતો નથી પણ "જાણનારો જણાય છે" એ અસ્તિની ભાષામાં તો આવો.

નિષેધ કર્યો કે : પરને જાણતો નથી તો પછી વિધિમાં આવો કે "જાણનારો જણાય છે" ઈ શબ્દમાં તો આવો. શબ્દ ફરશે તો ભાવ ફરશે. ભાવ ફરવાનો અવકાશ છે. શબ્દ નહીં ફરે કે : "હું પરને જાણું છું... હું પરને જાણું છું; તે ભાષા દુર્જનની છે. તે ભાષા મિથ્યા છે.

વ્યવહારનયે એટલે છળ-કપટ કરીને કહે છે. "જાણે છે" એમાં ફસાઈ ગયા બધા જ. વ્યવહાર તે મિથ્યાત્વ નથી. વ્યવહારનો પક્ષ તે મિથ્યાત્વ છે.

**૫૨૯**

"જાણનાર જણાય છે" એવું અવિપરીત જ્ઞાન જ્યારે થાય, ત્યારે શુદ્ધ ઉપયોગ થાય છે.

**૫૩૦**


**"જાણનાર જણાય છે" તેમ પ્રતિભાસતાં, જાણનાર ઉપયોગાત્મક થયો.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





**૫૩૧**

**"હું જાણનાર છું જાણનાર જણાય છે", પોતાનું સર્વસ્વ પોતામાં પામ્યો.**

**૫૩૨**

"જાણનારો જ જણાય છે" અને તે જ જાણવાલાયક છે. તેમ આત્માર્થી જાણનારની ભાવના ભાવે છે.

**૫૩૩**

**પરને જાણવાનું સર્વથા બંધ કરી દે. "જાણનારો જણાય છે", તેમ લે ! તને કાલે નહીં આજે જ, અત્યારે જ; સમ્યક્દર્શન પ્રગટ થશે.**

**૫૩૪**

નિર્ણય થયા પછી એકાગ્રતા વધતી જાય છે. એકાગ્રતા વધે છે તેનું કારણ વારંવાર અભ્યાસ. સાધકને ત્રિકાળી દ્રવ્યનું અવલંબન નિરંતર વધે તો શુદ્ધિની વૃદ્ધિ થાય છે. શુદ્ધિની વૃદ્ધિ થવાનું કારણ ! અવલંબન નિરંતર રહે છે, તેમ નિર્ણયવાળાની દઢતા એકદમ વધતી જાય છે. દઢતર, દઢત્તમ એકદમ. વારંવાર વિચારવું જોઈએ કે "જાણનારો જણાય છે, જાણનાર છું." હવે જેનો નિર્ણય થયો તેનો પ્રયોગ કરવો કે "જાણનાર જણાય છે." જાણનાર છું તેમાં શું થયું ? કર્તાબુદ્ધિ છૂટી ગઈ.

કર્તાબુદ્ધિ છૂટી મિથ્યાત્વનું મૃત્યુ પાસે આવવા માંડ્યું. સમ્યક્દર્શન આવ્યું; આ પ્રોસેસ છે. બીજું "જાણનાર જણાય છે" તે સમ્યક્જ્ઞાનમાં આવ્યો. શ્રદ્ધાનો દોષ ટળી રહ્યો છે. "મને જાણનાર જણાય છે પર જણાતું નથી" તેમાં ઇન્દ્રિયજ્ઞાન શિથિલ થવા માંડ્યું છે. ઇન્દ્રિયજ્ઞાન વ્યય થઈને અતીન્દ્રિયજ્ઞાન થાય છે. **છેલ્લે "જાણનાર જણાય છે" તેમાં આખું જ્ઞેય ફરી જાય છે.**

**૫૩૫**

**"જાણનારો જણાય છે" તેના તાપમાં વિકલ્પ બળી જશે. જાણનાર જણાય છે તેમાં રાગની ઉત્પત્તિ નહીં થાય, ઇન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન નહીં થાય, પરંતુ ઇન્દ્રિયજ્ઞાન શિથિલ થાય છે.**

**૫૩૬**

**જાણનાર જણાય છે તે વાત પહેલા પ્રકારની અને ઊંચા પ્રકારની છે.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૫૩૭

ભાષા તો ફેરવ તેના ઉપર આજે વધારે વજન આપ્યું. ભાષા ફરશે તો પછી ભાવ ધીમે ધીમે ફરશે. "મને જાણનાર જણાય છે" આ સંતો કહી ગયા છે. "અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવી રહ્યો છે; એટલે કે જણાય રહ્યો છે." ભાષા ફરતી નથી તો ભાવ ફરવાનો અવકાશ છે નહીં. તો પછી જાણનારો જણાય છે તેવા પક્ષમાં ક્યાંથી આવશે ! હું પરને જાણું છું તે વ્યવહારનો પક્ષ નથી પણ અજ્ઞાનનો પક્ષ છે.

જ્ઞાનીને તો નિષેધ વર્તે છે માટે વ્યવહાર છે. અજ્ઞાનીને તો "હું પરને જાણું છું" એમ આડે રસ્તે છે. ઈ... સત્ય લાગે છે, આદર વર્તે છે માટે અજ્ઞાન. શું તમે આ પંખાને નથી જાણતા ?! રાગને રાગ જાણું ! વીતરાગને વીતરાગ જાણું ! ગુરુદેવને ગુરુદેવ જાણું ! મહાવીર ભગવાનની પ્રતિમાને મહાવીર ભગવાન જાણું છું !! જેમ છે તેમ જાણું છું ! આ દુર્જનની ભાષા છે. જેની ભાષા દુર્જનની હોય ત્યાંથી ખસી જવું. તેનાથી દૂર રહેવું, તું ખોટો છે ઈ કહેવાની જરૂરત નથી.

## ૫૩૮

"જાણનાર જણાય છે", જ્ઞાન જણાય છે; આ રહસ્ય સમજશે એનો મોક્ષ છે. આને નહીં સમજે એ તો જડબુદ્ધિ આત્મા છે.

## ૫૩૯

**બધાયને જાણનાર જાણવામાં આવે છે, છતાં એ કેમ જાણનાર જાણવામાં નથી આવતો તેની ઊંડી તપાસ કરવી જોઈએ.**

## ૫૪૦

**જ્ઞાનની પર્યાયના ભેદને હું જાણતો નથી. "આ હું જાણનાર છું" એમ જણાય છે.**

## ૫૪૧

**જિજ્ઞાસા :** નિર્ણયના કાળમાં ધ્યેયનો અને જ્ઞેયનો બન્નેનો પક્ષ આવે છે ?


**સમાધાન :** 'હા.' બન્નેનો પક્ષ આવે છે. "હું કર્તા નથી, અકર્તા છું તે ધ્યેયનો પક્ષ છે. એ જ જણાય છે; બીજું જણાતું નથી. જેવું નિર્વિકલ્પ ધ્યાનમાં થવાનું છે તેવું સવિકલ્પ જ્ઞેયમાં આવી જાય છે. જ્ઞાનમાં પર જણાતું જ નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





"જાણનાર જણાય છે." હવે ઈ... પર્યાયનો ભેદ છૂટી આખું અભેદ જ્ઞેય થાય છે અને કોઈને ધ્યેયનો પક્ષ આવે અને જ્ઞાનમાં રાખે કે હું પરને જાણું છું તો ઈ... ખોટું છે.

માનસિક જ્ઞાનમાં ધ્યેય પણ ફરે છે અને જ્ઞેય પણ ફરે છે. જે અનુભવમાં આવવાનું છે તે પરોક્ષમાં આવી જાય છે પણ તે વચનાતીત છે.

## ૫૪૨

નિર્વિકલ્પ દશામાં જાણનાર જણાય છે પછી સવિકલ્પ દશામાં આવે; ત્યારે પૂછવામાં આવે કે... પર્યાય જણાય કે નહીં ? 'ના.' તો તું ખોટો છે. અનુભવ થયો તો આનંદ આવ્યો ? તો કહે - 'ના.' તો પણ તું ખોટો છો.

## ૫૪૩

"કેવળ જાણનાર જ જણાય છે" તેનો બળવાન પક્ષ આવવો જોઈએ. કેટલાક પ્રમાણમાં અટકે છે તો કેટલાક સામાન્ય નિષેધમાં અટકે છે. અપૂર્વ પક્ષ આવતો નથી.

## ૫૪૪

"જાણનારો જણાય રહ્યો છે" તેવો વિશ્વાસ અંતરથી જ્યારે આવશે ત્યારે તે ભગવાન પ્રત્યક્ષ રૂપે જણાશે, જણાશે ને જણાશે જ.

## ૫૪૫

પ્રતિભાસનો ખ્યાલ આવતાં "જાણનારો જણાય છે" તેનો ખ્યાલ આવવા માંડ્યો. એટલે કે પ્રતિભાસનો ખ્યાલ આવવા માંડ્યો. એટલે "જાણનાર જણાય છે" તે ભાષા આવી જાય. પ્રતિભાસનો સ્વીકાર કર્યો ને ?!

પહેલાં તો એમ થતું હતું કે : આબાળ ગોપાળ સૌને 'જાણનારો જણાય છે" તેનું વાચ્ય શું ? ઈ... લખ્યું છે કેમ ? કે : તેનો પ્રતિભાસ થઈ રહ્યો છે. એટલે કે : "અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવી રહ્યો છે." એટલે જ્ઞાયકનાં પ્રતિભાસને એણે પકડી લીધો. પરના પ્રતિભાસને એણે છોડી દીધો. એટલે વિશ્વાસ આવ્યો કે "જાણનારો જણાય છે." એના પ્રતિભાસનો સ્વીકાર થયો ને ? અને ઈ... પ્રતિભાસનો સ્વીકાર છે ઈ અભેદપણે છે. ઓલો પ્રતિભાસનો પ્રથમ સ્વીકાર ભેદપણે છે. વિશ્વાસ આવ્યો આજ. ઈ... વાતનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





સ્વીકાર કર્યો એટલે "જાણનાર જણાય છે" એમ આવી ગયું. ભાષા સમજીને આવે છે.

**૫૪૬**

પર પ્રતિભાસનો સ્વીકાર કર્યો તેમાં પણ મને મારા જ્ઞાનમાં એકનો જ અભિન્નનો પ્રતિભાસ થાય છે. બીજાનો પ્રતિભાસ થાય છે પણ તેની મને ઉપેક્ષા છે. "મને તો જાણનાર જણાય છે. બસ." બીજો પ્રતિભાસ હો તો હો! મને કાંઈ તેની સાથે સંબંધ નથી. કેટલી ઉપેક્ષા!! પરનાં પ્રતિભાસની પણ ઉપેક્ષા! તો જ "જાણનાર જણાય છે."

**૫૪૭**

શુદ્ધનયનો ઉપદેશ પણ વિરલ છે, કે : આત્મા પુણ્ય-પાપથી રહિત છે. કર્તા નથી, અકર્તા છે. બધા જીવોને ભગવાન આત્માનું જ જ્ઞાન પ્રગટ થાય છે. તે પરને જાણતું જ નથી. "જાણનારને જ જાણે છે" એ ઉપદેશ પણ વિરલ છે. આત્માના જ્ઞાને ભૂતકાળમાં પરને જાણ્યું નથી- તે પ્રતિક્રમણ છે. વર્તમાનમાં જાણતું નથી તેનું નામ આલોચના છે. ભવિષ્યમાં કોઈ કાળે પણ આત્માનું જ્ઞાન પરને કદી નહીં જાણે તે પ્રત્યાખ્યાન છે.

**૫૪૮**

**જિજ્ઞાસા :** જ્ઞાન પ્રગટ કરવાનો સીધોસાદો ઉપાય કયો ?

**સમાધાન :** "જાણનારો જણાય છે."

**૫૪૯**

જાણનાર જણાય છે આ વિચાર પણ અપૂર્વ છે. આ વિચાર પણ મુક્તિનું કારણ છે.

**૫૫૦**


પ્રમાણજ્ઞાન નિશ્ચયનયના વિષયને ગ્રહણ કરે છે. આત્મજ્ઞાન સ્વઆશ્રિત હોવાથી આત્માને જાણે છે. પરંતુ તે વ્યવહારનયના વિષયનો વ્યવચ્છેદક નથી. જે અનાદિકાળથી ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે તેનો નિષેધ કરવાની તાકાત પ્રમાણજ્ઞાનમાં નથી. "જાણનાર જ જણાય છે, ખરેખર પર જણાતું નથી" એ વાત પ્રમાણજ્ઞાનમાં આવશે નહીં. તે વ્યવહારનો નિષેધક નથી. નિશ્ચયનય તો વ્યવહારનો નિષેધક છે. પ્રમાણજ્ઞાનમાં બન્ને સત્યાર્થ લાગે છે તે ઉભયાભાસી છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૫૫૧

વળી જે "જ્ઞાયકપણે જણાયો", "જાણનારપણે જણાયો", કર્તાપણે જણાયો નહીં, પણ જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે. બીજું કોઈ નથી. આમાં ઘણું કહેવા માગે છે. ટીકામાં આનો વિસ્તાર પણ કરશે.

## ૫૫૨

અત્યાર સુધી "જાણનાર જણાય છે" તેનો વિશ્વાસ નહોતો આવતો. પરંતુ પ્રતિભાસથી વિશ્વાસ આવ્યો. વિશ્વાસનું કારણ તો કહો ?! આ જ્ઞાયકનો પ્રતિભાસ મારામાં થઈ રહ્યો છે, એટલે જાણનાર મને જણાય છે એવો વિશ્વાસ આવી ગયો છે. પ્રયોગ બાકી છે. વિશ્વાસ આવે તો પ્રયોગ થાય ને ?!

## ૫૫૩

ભાઈ ! ખરેખર પ્રતિભાસમાં આવી ગયો તો "જાણનાર જણાય છે" તેમાં આવી ગયો ને ! ખરેખર જાણનાર જણાય છે તે તેનું મૂળ બેઈઝ (પાયો) છે. હવે જાણનાર જણાઈ જ જવાનો છે. જ્ઞાયકનો પ્રતિભાસ થાય છે તો જ્ઞાયક મને જણાય છે, તો જણાશે જણાશે જ.

## ૫૫૪

**જિજ્ઞાસા :** શુદ્ધોપયોગ કેમ પ્રગટે ?

**સમાધાન :** હું પરને જાણું છું એ શલ્ય છોડી, "જાણનારો જણાય છે એમ લે તો એ ઉપયોગ અંત્તર્મુખ થતાં શુદ્ધોપયોગ પ્રગટે.

## ૫૫૫

હું પરનો કર્તાએ નથી અને પરનો જ્ઞાતાએ નથી, "જાણનારો જ જણાય છે" એમ વારંવાર વિચારમાં લેવું તે વ્યવહાર પાત્રતા છે.

## ૫૫૬

શ્રી સમયસારની દશગાથા ૩૭૩થી ૩૮૨ અદ્‌ભૂત છે. જ્ઞાનીનું સ્વપર પ્રકાશક સમ્યક્ છે. પણ અજ્ઞાની પાસે સ્વપર પ્રકાશક અજ્ઞાન છે. એની પાસે સ્વપર પ્રકાશક છે નહીં. પ્રમાણમાંથી આહા ! જ્ઞાન પરને જાણતું જ નથી; જાણનારને જાણે છે તે વિધિ-નિષેધ અંત્તરથી આવે છે. "પર લક્ષ અભાવાત્."

પંચાસ્તિકાયમાં છે પ્રમાણરૂપ સ્વપર પ્રકાશક તેમાંથી સ્વપ્રકાશક કાઢવું જોઈએ. પર પદાર્થ છે તે ઇન્દ્રિયનો વિષય છે. જ્ઞાનનો વિષય નથી. આંખ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





વડે પરને જાણતો જ નહોતો, કાન વડે સાંભળતો જ નહોતો, પરને જાણતો નથી તેમાં "જાણનાર જણાય જાય છે." પરને લક્ષ કરીને જાણવું તે તો ઇન્દ્રિયજ્ઞાનનો ધર્મ છે. હું તો અતીન્દ્રિય જ્ઞાનમયી મહા પદાર્થ છું.

**૫૫૭**

**જાણનાર જણાય છે તેમાં જાણનાર કર્મ નથી બનતું પણ વિકલ્પ કર્મ બને છે. જાણનાર જાણવામાં આવે છે તે ભેદનો નિષેધ કર... "હું જાણનાર છું."**

**૫૫૮**

**જિજ્ઞાસા :** હું પરને જાણતો નથી તેમાં જ્ઞાનનો નિષેધ થાય છે? કે ઇન્દ્રિયજ્ઞાનનો નિષેધ થાય છે?

**સમાધાન :** બહારની વસ્તુને હું જાણતો નથી તેમાં ઇન્દ્રિયજ્ઞાનનો નિષેધ થાય છે. જ્ઞાન તો પ્રગટ થાય છે. તો આ પરપદાર્થ છે તેને કોણ જાણે છે? એ... એને બીજો જાણે છે. બીજો બીજાને જાણે છે. આંખનો ઉઘાડ તેને જાણે છે. આ દીકરો મારો નહીં... પણ હું તેને જાણું છું તો તે મોટી ભૂલ થાય છે. ત્યાં સુધી જ્ઞાનમાં પોતાનો આત્મા જ્ઞેય થતો નથી.

જ્યારે પોતાનો આત્મા જ્ઞાન દ્વારા જ્ઞેય બને એટલે કે જાણનારને જાણે; "જાણનાર છું અને જાણનારો જણાય છે" તેં લંડનના કાગળમાં લખ્યું છે. "જાણનારો જણાય છે અને પર જણાતું નથી."

**૫૫૯**

હું શુદ્ધ છું, જાણનાર છું; અને જાણનાર જ જણાય છે. બે ચીજ છે. (૧) દ્રવ્ય (૨) પર્યાય. ત્રીજી ચીજ નથી.

**૫૬૦**

"જાણનારો જણાય છે" આનાથી ઉત્કૃષ્ટ મહામંત્ર ત્રણલોકમાં બીજો કોઈ નથી.

**૫૬૧**


હું દેહનો નથી માટે દેહનો જાણનારો નથી. "હું જાણનારો છું" માટે "હું જાણનારને જ જાણું છું."



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૫૬૨

જ્ઞેયાકાર જ્ઞાનમાં જ્ઞેયની સાપેક્ષતા છે. જ્ઞેયથી નિરપેક્ષજ્ઞાન "જાણનાર જણાય છે" તે તો જ્ઞાનાકાર જ્ઞાન છે.

## ૫૬૩

હું જાણનારને જાણવાની ઇચ્છા કરતો હતો, મને તો આ વાતની ખબર જ ન હતી કે "મને જાણનાર જણાય છે" આ સુપ્રિમ કોર્ટનો ફેંસલો છે. જાણનારને જ જાણું છું પરને જાણતો જ નથી.

## ૫૬૪

જ્ઞાયક છે તેને જાણનાર કોઈ છે કે નહીં ? આવો આત્મા પોતાના જ્ઞાનમાં જણાય રહ્યો છે તો જ્યારે જ્ઞાન તેને જાણે ત્યારે અંત્તર્મુખ થાય કે નહીં ? તો પરનું જાણવું બંધ થઈ ગયું. જ્યાં જ્ઞેય સ્થાપ્યું ત્યાં જ્ઞાન વળે છે. અહીંઆ સ્થાપ્યું શું ને ત્યાંથી ઉથાપ્યું શું ? અહીંઆ જ્ઞેય સ્થાપ્યું જ્યાં, ત્યાં જ્ઞાન અંદરમાં વળી જાય છે. તો એ જ્ઞાન જ્યારે જ્ઞાયકથી અભેદ થઈને પરિણમી જાય છે તે જ્ઞેય છે.

અપરિણામી ધ્યેય છે. એકલા ધ્યેયમાં મોહ ગળે છે પણ ટળતો નથી. પણ જ્યારે એમ થાય કે મને "જાણનાર જ જણાય છે" આ કાંઈ જણાતું નથી. તો પહેલાં નિષેધનો વિકલ્પ આવે પછી નિષેધનો વિકલ્પ છૂટી જાય, પછી વિધિનો વિકલ્પ આવે, કે : "જાણનારો જ જણાય છે." એમ અસ્તિમાં આવ્યો તો અહીંઆ જ્ઞેય સ્થાપ્યું છે, તો જ્ઞાન અંદરમાં વળી જશે. જ્ઞાન અંદરમાં આવી જશે અને અનુભવ થયો તેનું નામ અનુભૂતિ છે.

## ૫૬૫

આખો દિવસ રખડે બજારમાં, પછી બજારમાં થાક લાગે એટલે ઘરમાં આવ્યો, ત્યાં તો હાશ થાય. એમ થાક ઉતારવો હોય તો આત્માને જાણ. મને તો "જાણનારો જણાય છે", જે જાણે છે તેને નથી જાણતો પણ હું તો અભેદને જાણું છું.

## ૫૬૬

"પર જણાતું નથી, જાણનારો જણાય છે" આમાં અનુભવ થાય છે. છ મહિના પ્રયોગ તો કર.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૫૬૭

જાણનાર જણાય છે એમ સમજાવવા માટે કહેવું પડે બાકી તો "હું જાણનાર છું."

## ૫૬૮

આ ભિન્ન છે તે ક્યારે જણાય ? અભિન્નતા જણાય ત્યારે ને ? કેમકે ભિન્નતાનું જ્ઞાન અભિન્નતા સાપેક્ષ છે. ભિન્નતાનો અર્થ શું છે ? એને જાણતો જ નથી. અભિન્નતાનો અર્થ શું છે ? જાણનાર જ અનાદિથી અભિન્નપણે જાણાય રહ્યો છે.

## ૫૬૯

જેટલી માત્રામાં "જાણનારો જણાય છે" તેવું સ્મરણમાં આવે છે તેટલી માત્રામાં વિભાવનું વિસ્મરણ થાય છે.

## ૫૭૦

"જાણનારો જણાય છે" તેમાં આવી જાને ! શરીરનો પ્રતિભાસ છે, પણ લક્ષ ફરી ગયું. પ્રતિભાસ રહી ગયો અને લક્ષ ફરી ગયું.

## ૫૭૧

"જ્ઞાયકપણે જણાયો" એટલે અનુભવમાં આવ્યો તે જ હવે જણાય છે; અનુભવાય છે. "તે તો તે જ છે; બીજો કોઈ નથી."

જ્ઞાયકપણે જણાયો ! પર્યાયના કર્તાપણે ન જણાયો; કેમકે અકર્તા છે. પરિણામથી રહિત છે માટે કર્તા નથી. કર્તા નથી માટે અકર્તા છે. અને અકર્તા છે માટે શુદ્ધ છે.

નિર્વિકલ્પ ધ્યાનમાં જણાયો તેનાથી જુદી રીતે દેશના લબ્ધિ સાંભળતી વખતે જણાય છે તેમ નથી. જ્ઞેયો ગમે તેટલા ભલે ફરે પણ "જાણનાર જણાય છે...! જાણનાર જણાય છે...! જાણનાર જણાય છે, જાણનાર જણાય છે તે અચ્છિન ધારાવાહીક છે. તેમાં ભેદ કરીશ મા ! નિર્વિકલ્પ ધ્યાનમાં "જાણનાર જણાય છે" અને સવિકલ્પ ધ્યાનમાં બીજું જણાય છે રહેવા દે હવે !!


'જ્ઞાતઃ' જ્ઞાયકપણે જણાયો તે તો તેવો ને તેવો જ જણાય છે. પાંચ મહાવ્રતના પ્રતિભાસ વખતે પણ જે જાણવામાં આવ્યો તેવો ને તેવો, તેવો ને તેવો જણાયા કરે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૫૭૨

વર્તમાનમાં "જાણનારો જણાય છે" તો મુક્તિનું સેમ્પલ મળશે.

## ૫૭૩

આઠે પર્યાયમાં લોકાલોકનો પ્રતિભાસ છે જ. ભૂત, ભવિષ્ય, ત્રણ કાળની પર્યાયોનો પ્રતિભાસ તો છે જ. એક પર્યાય પ્રગટ થાય છે, દેવ, શાસ્ત્ર, ગુરુને જાણવાનો પર્યાય સમજો. એટલે પ્રતિમા છે અને અહીંઆ તેનો પ્રતિભાસ થાય છે. પણ પ્રતિમાના પ્રતિભાસના સમયે "જાણનારો જણાય છે." પ્રતિભાસના સમયે પ્રતિમા જાણવામાં નથી આવતી. તોપણ તે ભૂલે છે કે પ્રતિમાનાં દર્શન ક્ર્યાં. શુભભાવની સાથે અજ્ઞાન છે, મિથ્યાત્વ છે.

## ૫૭૪

૪૫ વરસ ગુરુદેવનું સાંભળ્યું, છતાં અનુભવ કેમ થતો નથી. જગતનું ધ્યાન આ વાત ઉપર ખેંચાતું નથી. ગુરુદેવ ગયા પછી એક જ વાત ! દ્રવ્ય દૃષ્ટિમાં કેમ આવતું નથી. ભગવાન આત્મા જણાતો કેમ નથી ? ભગવાન તો છે બધાની પાસે પરંતુ હું પરને જાણું છું એ ભૂલ મોટી હતી. તે ભૂલ કેમ ભાંગે તેના માટે આ સૂત્ર આપ્યું. "જાણનાર જણાય છે, પર જણાતું નથી." આ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે.

## ૫૭૫

જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ. તેમાં **"જાણનાર જ જણાય છે" તે વાક્ય કોમામાં બાંધ્યું. જો કોમા બાંધ્યું ન હોત તો સ્વપર પ્રકાશકમાં કે કથંચિતમાં લઈ જાત.**

## ૫૭૬

એ તો કર્તા નથી તેનો નિષેધ કરવા કરનાર નથી જાણનાર છે એમ કહેવું પડે છે. એનો જાણનાર ક્યાં છે ? એ તો જાણનારો જણાયા કરે છે એ વસ્તુનો સ્વભાવ છે. હવે પાછો ફર ને હું કરનાર નથી; જાણનાર છું હઠ છોડી દે હવે. અત્યાર સુધી જે થયું તે તારા કર્તા વિના જ થયું છે.

## ૫૭૭

દૂધ છે ને દૂધ, દૂધ તો લઈ લીધું તેને ઉકાળ્યું; પછી તે મેળવણ વિના એમ ને એમ જામતું નથી. તેમાં મેળવણ નાખવું પડે છે. પછી માખણ નીકળે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે. દૂધમાં મેળવણ ન નાખે તો ફાટી જાય છે. દૂધનો સ્વાદ રહેતો નથી. જલદી મેળવણ નાખો કે : "જાણનારો જણાય છે, પર જણાતું નથી."

**૫૭૮**

પ્રત્યેક જીવનું જ્ઞાન પ્રત્યેક સમયે પોતાના આત્માને જાણે છે ને પંચપરમેષ્ઠીને જાણતું નથી. પંચ પરમેષ્ઠી મારા જ્ઞાનનું જ્ઞેય થતું નથી. મને સમયસારની ૬ઠ્ઠી ગાથા જણાતી નથી. મને તો "જાણનાર જણાય છે", એ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય હાથમાં આવે ત્યારે જ અનુભવ થાય. પરનું જાણવું તે અસદ્‌ભૂત વ્યવહાર. સ્વપરને જાણે તે પ્રમાણનો વ્યવહાર પરને ન જાણે એકલા સ્વ આત્માને જાણે "જાણનાર જણાય છે" પર જણાતું નથી, તેમાં આત્માનો અનુભવ થાય છે.

**૫૭૯**

જ્ઞાન ઉપયોગ સ્વપર પ્રકાશક છે. તેમાં સ્વ; "હું જ્ઞાયક છું" નિરંતર જણાય જ રહ્યો છે. અને પર્યાય તેમજ પરનો પ્રતિભાસ થઈ રહ્યો છે. પરના પ્રતિભાસના સમયે રાગાદિના પ્રતિભાસના સમયે "જાણનારો જણાય છે." સ્વપ્રકાશકમાં આવે તો જ્ઞાન ઉપયોગનું જ્ઞાનત્વ થાય છે; તે શુદ્ધોપયોગ છે.

**૫૮૦**

જાણનારો જ જણાય છે તેવો વજ્ર અભિપ્રાય બંધાઈ જાય છે.

**૫૮૧**

નિરંતર જાણનારો જણાય રહ્યો હોવા છતાં; પરનો પ્રતિભાસ રાગાદિ, દેહાદિ પ્રતિભાસતાં; મને રાગાદિ, દેહાદિ જણાય છે તો ઉપયોગ અશુદ્ધ થઈ જાય છે.

**૫૮૨**

**જિજ્ઞાસા :** "જાણનારો જણાય છે" તે ભેદપણે જણાય છે કે અભેદપણે જણાય છે ?

**સમાધાન :** "જાણનાર જણાય છે" તે અભેદપણે જણાય છે.

**૫૮૩**

ભગવાન સર્વજ્ઞ કહે છે તારા જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે. તારા જ્ઞાનમાં તારો આત્મા બાળ ગોપાળ સૌને જણાય છે, તેમ અમે જાણીએ છીએ. તું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





કહે છે ઘડિયાળ જણાય છે ! સોફાસેટ જણાય છે ! તારી ભૂલ થાય છે. જાણનારો પ્રત્યેક જીવને જણાય રહ્યો છે. જો જણાતો ન હોય તો ક્ષયોપશમ જ્ઞાનનો જ અભાવ હોત. તેનું અસ્તિત્વ ન હોય.

વિશેષમાં સામાન્ય જણાય છે ત્યારે વિશેષનું અસ્તિત્વ ટકે છે. વિશેષમાં એનું સામાન્ય જણાય છે. જેનું વિશેષ છે ! જે સામાન્યનું વિશેષ છે તે વિશેષમાં સામાન્ય જણાયા કરે છે. તેથી વિશેષ ટકે છે. ઉત્પાદ વ્યયમાં ધ્રુવ જણાય છે. જો ધ્રુવ ન જણાતો હોય તો ઉત્પાદ વ્યય જ ન હોય. પરોક્ષપણે શ્રદ્ધામાં લ્યે કે : મને પરોક્ષ અનુભૂતિ થાય છે તો પછી પ્રત્યક્ષ થાય છે.

પરંતુ પરોક્ષ અનુમાનમાંથી ગયો, અને મને આ જણાય છે...! આ જણાય છે...! તો અજ્ઞાનમાં આવ્યો. તે પરસત્તાવલંબી ખંડજ્ઞાનમાં આવ્યો.

**૫૮૪**

"મને જાણનાર જણાય છે પર જણાતું નથી" તે મીઠો ઘૂંટડો છે. કડવો ઘૂંટડો નથી. આ સાધક કહે છે. ગુરુદેવ કહે છે.

**૫૮૫**

જાણનાર જ જણાય છે અને તે જ હું છું, પછી સ્વપરનો પ્રતિભાસ ક્યાં ગયો ? તે તેના ઘરમાં રહ્યો !!

પણ જે જ્ઞાન જેનું છે તેને ન જાણે અને તેને જાણવાનું છોડી દે તો જ્ઞાન નથી રહેતું પણ જ્ઞેય થઈ જાય છે. તો જ્ઞાન કેવું છે ? તેમાં જ્ઞાયક જણાય છે, તેનું લક્ષ જ્ઞાયક ઉપર છે, તો એ જ્ઞાન મટીને ઇન્દ્રિયજ્ઞાન થઈ જાય છે. જ્ઞાન તો પ્રગટ થાય છે, તે જ્ઞાન તો જ્ઞાયકનું જ છે. છતાં તેમાં આ "જાણનાર જણાય છે" તેમ ન લેતાં પર જણાય છે તેમ માન્યું તો જ્ઞાન ન રહ્યું, તો ઇન્દ્રિયજ્ઞાન થયું. ઇન્દ્રિયજ્ઞાન અજ્ઞાનપણે રહ્યું છે.

**૫૮૬**

રાગ પણ ચૈત્ય છે, જ્ઞાયક પણ ચૈત્ય ચેતક છે. રાગ પર ચૈત્ય છે. જ્ઞાયક પોતે જ જાણનાર પોતે જ જણાય તેવો ચૈત્ય ચેતક છે.

**૫૮૭**

આ વાતમાં ધ્યાન રાખ કે : મને જાણનારો જ જાણવામાં આવે છે. તેમાં જ સાવધાન રહે. અને બીજી બધી વાતોમાં બેખબર રહે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૫૮૮



લોકાલોકને બિંબ કહેવાય, કેવળજ્ઞાનની પર્યાયમાં જેવા લોકાલોકનું સ્વરૂપ છે તેવું જણાય છે, તે જ્ઞાનની પર્યાયનું નામ પ્રતિબિંબ છે. એકલું પર નથી જણાતું, પણ સ્વપર જણાય છે, અને તે ભૂલ છે. કાં તો તે બિંબને પકડે છે, કાં તો તે પ્રતિબિંબને જાણે છે. હવે પર્યાયને પણ જાણવાનું બંધ કરી દે. "જાણનાર જણાય છે." નિમિત્ત જણાય છે તેમ નહીં, નૈમિત્તિક જણાય છે તેમ પણ નહીં. નિમિત્તનું લક્ષ છોડી દે, નૈમિત્તિકનું લક્ષ છોડી દે.

## ૫૮૯

સ્વપર બે જણાય છે તો વ્યવહાર થઈ ગયો. સ્વ એક જણાય છે તો નિશ્ચય થઈ ગયો. "જાણનારો જણાય છે ખરેખર પર નથી જણાતું" તેમાં વ્યવહારનો નિષેધ થઈ ગયો. સાધકને બે નથી જણાતાં એક જ્ઞાન જ જણાય છે. પણ તે જ્ઞાન કેવું છે ? રાગ નથી જણાતો તેવું જ્ઞાન જણાય છે.

## ૫૯૦

પરોક્ષ અનુભૂતિ થાય છે તેનો નિષેધ કરે છે તો પ્રત્યક્ષ ક્યાંથી થશે ? આબાળ-ગોપાળ સૌને અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવી રહ્યો છે, આવશે એમ નથી લખ્યું.

પરોક્ષ અનુભૂતિનો વિશ્વાસ આવે તો પ્રત્યક્ષ અનુભૂતિ થાય. વ્યવહાર શ્રદ્ધામાંથી ગયો અને નિશ્ચય શ્રદ્ધામાંથી ગયો. નિશ્ચય શ્રદ્ધા નથી, **વ્યવહાર શ્રદ્ધા નથી તેથી અજૈન છે. વ્યવહાર શ્રદ્ધાવાળો તો નામ નિક્ષેપે જૈન છે.**

મને તો મારા જ્ઞાનમાં જાણનાર જણાય છે, સવિકલ્પમાં; અનુભવ પહેલાં. પ્રત્યેક સમયે "જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે." જાણશે તેમ નથી લખ્યું.

## ૫૯૧

અનાદિથી પરનાં પ્રતિભાસને આગળ કરે છે કે રાગાદિ અને દેહાદિ જણાય છે. તો એ જ ઉપયોગ અજ્ઞાન રૂપે પરિણમી જાય છે. હવે અનાદિથી નિરંતર જાણનારો જણાય રહ્યો છે, પ્રતિભાસિત થઈ રહ્યો છે. તેનું લક્ષ કરે તો શુદ્ધ ઉપયોગ થઈ જાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૫૯૨

ઉપયોગ એક જ છે. ઉપયોગ સ્વપરનાં પ્રતિભાસ રૂપ છે. આ એક જ ઉપયોગ વિષયના ભેદે કાં સમ્યક્જ્ઞાન અને કાં મિથ્યાજ્ઞાન - અજ્ઞાનરૂપ થઈ જાય છે. "જાણનારો જણાય તો રહ્યો છે અને આવે કે "જાણનારો જ જણાય છે" તો તે ઉપયોગ શુદ્ધ ઉપયોગરૂપ થઈ જાય છે.

## ૫૯૩

આ નોકર્મ કર્મ જણાય છે, એક સમયની જ્ઞાનની પર્યાય જણાય છે, પણ જ્ઞાયક જણાય છે તેમ લે ને !! અંદરમાં ઘૂસી જા ને ? કે : "જાણનાર જણાય છે."

## ૫૯૪

આત્મા પરોક્ષપણે જણાય છે તેનો બે ઘડી વિચાર કરે તો કે : મને જાણનાર જણાય છે અને જ્ઞાયક જણાય છે ત્યાં તો અંદરમાં પરોક્ષ અનુભૂતિ થાય. પરોક્ષ અનુભૂતિનું ઠેકાણું નથી તો પ્રત્યક્ષ ક્યાંથી થાય.

## ૫૯૫

પરોક્ષપણે જણાય છે, પરોક્ષમાં આવે તો પ્રત્યક્ષ થાય છે. પણ હજુ પરોક્ષમાં એ આવતો નથી, હવે ઈ નથી જણાતું... જાણનાર જણાય છે તો જાણનાર જણાઈ જશે. આ જણાય છે, આ જણાય છે તો કોઈ નહીં જણાય.

## ૫૯૬

"જાણનાર જણાય છે" એ નિશ્ચયનયમાં આવે તો આત્માની સમીપે આવી ગયો છે. પરને જાણે છે તેમાં આત્માથી દૂર છે, અને સ્વ પરને જાણે છે તેમાં વધારે દૂર છે.

## ૫૯૭

"જાણનાર જણાય છે ને પર જણાતું નથી", સ્વ-પ્રકાશક જ્ઞાનથી જ આત્મા જાણવામાં આવે છે. પછી તેનું સામર્થ્ય તે સ્વપર પ્રકાશક. તેના બે પ્રકાર છે. પહેલા બે પ્રકાર ઉપર જઈશ તો અંદર નહીં જવાય. બે પ્રકારને ગૌણ કરીને "ઉપયોગમાં ઉપયોગ છે." સ્વપર પ્રકાશક છે ? 'ના' મને ખબર નથી. "જાણનાર જણાય છે ને પર જણાતું નથી." **અસ્તિ નાસ્તિ અનેકાંત અનાદિથી છે. આમ પ્રથમ જેને અનુભવ કરવો હોય તે "જાણનાર જણાય**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે" ને બીજું જણાતું નથી. નિષેધપૂર્વક વિધિમાં આવે છે.



૫૯૮

અસ્તિનાસ્તિનું અનેકાંત અનાદિ અનંત છે. "જાણનાર જણાય છે અને પર જણાતું નથી." સ્વપર જણાય છે તે તો પ્રમાણ છે. પ્રમાણમાં વ્યવહારનો નિષેધ કરવાની તાકાત નથી.

૫૯૯

"જાણનારો જણાય છે" એ જ અમારે ઊંચા અવાજે કહેવું છે.

૬૦૦

બાળગોપાળ સૌને ભગવાન આત્મા વર્તમાન જ્ઞાનમાં જણાય છે. જો જ્ઞાનની પર્યાયમાં આત્મા ન જણાતો હોત તો જ્ઞાનનું અસ્તિત્વ જ ન હોત. જેમ પ્રકાશમાં દીપક જણાય છે તો પ્રકાશની પર્યાયનું અસ્તિત્વ છે. પણ જો પ્રકાશની પર્યાયમાં દીપક જણાતો ન હોત તો તો પ્રકાશ જ ન હોત. તેમ પ્રત્યેક જીવને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક ભગવાન આત્મા જણાય રહ્યો છે. તેવા જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ છે. તેમાં "જાણનારો જણાય છે" તેથી તો જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ છે. "જાણનારો જણાય છે" માટે તો જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ રહી ગયું છે. હવે તારી ભૂલ એ થાય છે કે તને જણાય છે તો જ્ઞાન માની રહ્યો છે જ્ઞેય તેજ તારી ભૂલ છે.

૬૦૧

સર્વ જીવોને સ્વપરનો પ્રતિભાસ થઈ જ રહ્યો છે. આ સ્વપરનો પ્રતિભાસ બંધ મોક્ષનું કારણ નથી. નિરંતર જાણનારો જણાય રહ્યો હોવા છતાં મને પર જણાય છે તો ઉપયોગ અશુદ્ધ ઉપયોગરૂપ થઈ જાય છે, જે સંસારનું કારણ છે. "નિરંતર જાણનારો જણાય રહ્યો છે" અને પરનો પ્રતિભાસ પણ થઈ રહ્યો છે. એ સમયે આવે કે : "જાણનાર છું" અને "જાણનારો જ જણાય છે, અને પર જણાતું નથી," તો ઉપયોગ શુદ્ધ ઉપયોગ રૂપ થઈ જાય છે. જે મોક્ષનું કારણ છે.

૬૦૨

જ્યારે જ્ઞાનમાં આ આંગળી પ્રતિભાસે છે ત્યારે એ વ્યવહારનો નિષેધ કરવો અને "જાણનારો જણાય છે" એમ લેવું. તો "જાણનારો તો નિરંતર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જણાય જ રહ્યો છે" તે જણાય જાય છે.

૬૦૩

**"જાણનારો જણાય છે" એમ લ્યે પણ પરને જાણતો નથી એવો નિષેધ ન આવે તો જાણનાર નહીં જણાય. પ્રથમ નિષેધનો વિકલ્પ પછી વિધિનો વિકલ્પ, પછી અનુભવ.**

૬૦૪

ચશ્માના પ્રતિભાસ વખતે આ ચશ્મા જણાય છે કે : "જાણનાર જણાય છે" બસ; એટલો જ પ્રયોગ કરો તમે, કામ થઈ જશે. ટૂંકું ને ટચ છે.

૬૦૫

અંદરથી એક શ્રદ્ધાનું બળ ઊપડે ત્યારે પરિણામ મને જણાતાં જ નથી. "જાણનારો જ જણાય છે." ત્યારે ખરો જાણનાર થઈ જાય છે.

૬૦૬

જે બળવાન પર્યાય નિરપેક્ષ પર્યાય છે તે એમ જાણે છે કે "જાણનાર જણાય છે." જે પર્યાય આત્માને જાણે છે તે પર્યાયમાં કેટલી તાકાત હોય. જે નિરપેક્ષ છે તે શક્તિશાળી છે. તેમાં આત્મા જણાય છે.

૬૦૭

તારું જ્ઞાન જે જાણનારમાંથી આવે છે તે જાણનારને જાણ ! આ જે "જાણનાર છે તે તો હું જ છું."

૬૦૮

હે ! આત્મન્ !! આ જગતમાં એક જાણનાર જ જાણવા લાયક છે - તેમ નિશંક જાણ!

૬૦૯

"જણાય છે જાણનાર" અને લાગે છે પર જણાય છે તે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે.

૬૧૦

"જાણનારો જણાય છે" તે વિચાર સાચો છે. જ્યારે પર જણાય છે તે વિચાર પણ સાચો નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૬૧૧



**જિજ્ઞાસા** : પંચાધ્યાયની ૫૫૮ ગાથામાં કહ્યું છે કે : જ્ઞાન પ્રગટ થાય છે, પણ વિષયના ભેદે ભેદ પડી જાય છે. તે કેવી રીતે ?

**સમાધાન** : જો જ્ઞાન તો પ્રગટ થયું; તેમાં સ્વપર બેનો પ્રતિભાસ થાય છે. સ્વ એટલે આત્માનો પ્રતિભાસ થાય છે. અને પરનો પ્રતિભાસ પણ થાય છે.

હવે તમારું જ્ઞાન જ્ઞાયક તરફ વળે છે કે : પર તરફ વળી જાય છે; એ પુરુષાર્થ કરો તમે બસ. ત્યાં પુરુષાર્થ છે. તને જણાય છે શું ? "જાણનાર જણાય છે ? કે ભેદ જણાય છે" ? કે : પર જણાય છે ? દીકરો-દીકરી જણાય છે ? શું જણાય છે ? ઈ... તમારું કામ.

જ્ઞાયક જ જણાય છે બસ; એ રાખજો. પર જણાતું નથી એનું કારણ સર્વથા ભિન્ન છે. "જ્ઞાયક જણાય છે" એ કથંચિત અભિન્ન છે માટે જણાય છે.

૬૧૨

"હું જાણનાર છું અને જાણનાર જણાય છે" તે વાત કાન ઉપર આવે છે તે ભાગ્યશાળી છે.

૬૧૩

ઇન્દ્રિયજ્ઞાનને જીતવાનો મંત્ર → ભગવાન તું પરને જાણતો જ નથી. "જાણનારો જ જણાય છે." કેમકે જ્ઞાનમાં જાણનારો જ તન્મય છે. પર તન્મય નથી.

૬૧૪

બાળગોપાળ સૌને "જાણનારો જણાય છે", એમ મેં અનેક વખત આપ પાસેથી, ગુરુ પાસેથી સાંભળ્યું હતું કે : પ્રત્યેક સમયે; પ્રત્યેક જીવને, "જાણનારો જ જણાય છે." પણ તેનો મને વિશ્વાસ નહોતો આવતો.

૬૧૫

જ્ઞાનચક્રમાં "જાણનારો જણાય છે." તેમ પોતપોતાના સ્વભાવમાં પરિણમે છે. જ્ઞાન પોતાના સ્વભાવને અભેદભાવે જાણવા રૂપે પરિણમે છે.



૬૧૬

હે ! ભગવાન ! તમે સર્વજ્ઞ છો, તેમ આપની વાણી પરથી નક્કી કરીએ છીએ. બધા જીવોને ત્રણે કાળ એનો અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા જણાય છે. ત્રણે કાળને જાણનારા તો સર્વજ્ઞ જ હોય ને ?! બધા જીવોનું મૂળ સ્વરૂપ જાણી લીધું. આ સૂત્ર પરથી નક્કી થાય છે કે આપ સર્વજ્ઞ છો.

૬૧૭

જેને જાણે છે ઈ... જણાય છે અને જે જણાય છે એ તો પોતે જ છે. તેથી "જાણનાર જ જણાય છે." જેને જાણે છે તે જ જાણવામાં આવે છે.

૬૧૮

અનાદિ અનંત "જાણનારો જ જણાય છે." અકૃત્રિમ ભગવાન જાણનાર જ જણાય છે. આવા "જાણનારને જાણ્યો" તો સમજવામાં આવશે કે : "નિરાવરણ જાણનાર જ જણાતો" હતો.

૬૧૯

જ્ઞાનમાં કોઈ કાળે જ્ઞેયની અપેક્ષા નથી, અપેક્ષાથી રહિત જ જ્ઞાન નિરંતર જણાય છે, તેમાં "જાણનારો જણાય છે."

૬૨૦

પ્રતિભાસ થવા છતાં પદાર્થ તેમાં આવતો નથી. હીરાનો પ્રતિભાસ થાય છે, પણ હીરો તેમાં આવતો નથી. તેવી રીતે રાગનો પ્રતિભાસ થાય છે છતાં આત્મા રાગરૂપે પરિણમતો નથી. રાગનો પ્રતિભાસ થાય છતાં રાગને જાણતો પણ નથી. પ્રતિભાસ થયો જે જ્ઞાનની પર્યાયમાં તે પર્યાય તો જ્ઞાયકની છે. પર્યાય તો જ્ઞાયકને જાણે છે. જેનો પ્રતિભાસ થાય છે તેને ક્યાં જાણવા જાય છે ? આ અંતર્મુખ થવાની વિધિ છે. કહે : "જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી." પરનો પ્રતિભાસ છે, પણ ખરેખર પર જણાતું નથી.

૬૨૧

"મને જાણનારો જણાય છે" અને હું જાણનારને જાણું છું તો અંદરમાંથી ભંડાર મળશે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૬૨૨

જાણનાર જણાય છે તે શબ્દ ઉપર વિશ્વાસ છે. દેશના લબ્ધિ ઉપર વિશ્વાસ છે. પણ અંદરમાંથી વિશ્વાસ આવવો જોઈએ ને ? તે મને વિશ્વાસ નહોતો આવતો. કે : “મને જાણનાર જણાય છે.” પરંતુ આ પ્રતિભાસ શબ્દથી વિશ્વાસ આવી ગયો.

પ્રતિભાસ શબ્દ જ્યાં આવ્યો કે... જ્ઞાયકનો પ્રતિભાસ થઈ રહ્યો છે. વિશ્વાસ આવી ગયો. વિશ્વાસે વહાણ તરી જશે. પ્રથમ પોતાની ભૂલ બતાવી કે : વિશ્વાસ નહોતો આવતો; પછી વિશ્વાસ આવ્યો ! તો તેનું કારણ બતાવ્યું જ્ઞાયકનો પ્રતિભાસ. જ્ઞાયકનો પ્રતિભાસ જ્ઞાનમાં થઈ રહ્યો છે. તેથી જ્ઞાનમાં જણાય રહ્યો છે, તો ‘જાણનાર જણાય છે’ તે બરાબર છે તેમ આવી ગયું.

## ૬૨૩

(૧) પ્રમાદ કરીશ **મા**; (૨) ઉતાવળ પણ કરીશ **મા**; (૩) અને ધીરજ પણ છોડીશ **મા**. ધીરજ છોડવી નહીં અને ઉતાવળ પણ કરવી નહીં. ઉતાવળ કરવાથી આંબા નહીં પાકે, તેમાં કર્તા બુદ્ધિનો દોષ લાગશે. કર્તાબુદ્ધિ થશે તો કાર્ય નહીં થાય ! તેથી કર્તાબુદ્ધિ રાખીશ **મા** !!

હું તો જાણનાર છું. શું જણાય છે ? “મને જાણનાર જણાય છે.” હવે જાણનાર જણાય છે તેમ શ્રદ્ધાપૂર્વક પ્રયત્ન તો ચાલે છે. પણ કદાચ ટાઈમ લાગેને તો ઉતાવળ કરીશ મા. અને મંત્ર ખોટો છે તેમ માની અને તેને છોડી દઈશ મા. મંત્ર સાચો છે.

## ૬૨૪

પ્રગટ થતા ઉપયોગમાં એમ આવી જાય કે... “જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી.” ઓલો બહિર્મુખ ઉપયોગ થતો હતો તેથી ઇન્દ્રિયજ્ઞાન થતું હતું, તે જ્ઞાનનો દોષ છે. જ્ઞાન તો આત્માનું છે અને આત્મા તરફ વળી જાય કે : મને તો મારા જ્ઞાનમાં આત્મા જણાય છે તેવું ભેદજ્ઞાન કરે તો પ્રત્યક્ષ થઈ જાય છે.

## ૬૨૫

“જાણનાર જણાય છે” તો જાણનારને જાણતાં આનંદ આવ્યો તો સમયસાર તેમજ પ્રવચનસાર બન્ને આવી ગયા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





આખો દરિયો ડહોળીને જાવું છે તો કિનારે; તેવી રીતે બધું જાણીને પહોંચવું તો છે, "હું જાણનાર છું" ત્યાં સુધી તો પહેલેથી કરે તો તેમાં વાંધો શું છે ?

૬૨૬

તમારાં જ્ઞાનમાં શરીર જણાય છે, દુઃખ જણાય છે તેમ ન લેવું. અત્યારે મારા જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે. પ્રકાશમાં ઘટપટ પ્રસિદ્ધ થતું નથી. પ્રકાશમાં પ્રકાશ જણાય છે. મને બીજું કાંઈ જણાતું જ નથી. બીજું જણાય તો રાગદ્વેષ થાય ને ? મને કાંઈ જણાતું જ નથી ને ? જો જાણવા જશો તો રાગદ્વેષ થશે. અને જો જાણનારને જાણશો તો અનુભવ થશે. પથારીમાં થાય અનુભવ.

૬૨૭

જ્ઞાન કહે છે "હું રૂપી પદાર્થોના રૂપને જાણતો નથી." મને તો "જાણનારો જણાય છે", તે જ મારું જ્ઞેય છે.

૬૨૮

ધ્યેય તો સ્વપ્રકાશક છે; "જાણનાર છું;" પરંતુ જ્ઞેય પણ સ્વપ્રકાશક જ છે. પોતાને જાણતાં પોતે જ જણાય છે.

૬૨૯

આત્માનું જ્ઞાન હોવાથી (આત્મા) જાણનાર જ જણાય રહ્યો છે, તેથી પર જણાતું નથી અજ્ઞાની સમયે સમયે જ્ઞાનની ગરદન મરડે છે.

૬૩૦

**જિજ્ઞાસા** : હવે એવો મંત્ર આપો કે આના કરતાં હું ઉગ્ર પુરુષાર્થ કરું !

**સમાધાન** : તમારા જ્ઞાનમાં તમારો જ્ઞાયક જ જણાય છે. પ્રકાશમાં પ્રકાશ્ય જણાય છે. પ્રકાશમાં ઘટપટ જણાતું નથી. તેમ આ જ્ઞાનમાં જ્ઞેય જણાતું નથી. તેવી જ રીતે અહીંઆ તેમ છે. "જાણનાર જણાય છે" ખરેખર પર જણાતું નથી. તે મંત્રની સાધના કરતાં કરતાં દેહ છૂટશે બસ. તો અલ્પકાળમાં તમને ત્યાં જ્ઞાનીનો યોગ થશે.

૬૩૧

તમારી સ્થિતિ એવી છે કે અત્યારે તમને જાણનારો જણાય છે. તમે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણનારને જાણો છો. તમે શબ્દને જાણતા નથી.



૬૩૨

મોક્ષમાર્ગ પ્રકાશકમાં વિષય કષાયની વ્યાખ્યા કરી છે. વિષય એટલે પરને જાણવાની ઇચ્છા અને કષાય એટલે પરને કરવાની ઇચ્છા. આત્મા ખરેખર પરને જાણતો નથી તેમાં વિષયોને જીતવાનો બોધ બતાવ્યો. વિષયોને જીતવાની વાત છે. ખરેખર આત્મા અકર્તા છે. કર્તા નથી. તેમાં કષાયને જીતવાનો બોધ છે. તેમાં કષાય જીતાય છે. જાણવાની ઇચ્છા થાય છે તે કષાયને સેવે છે. માટે ''જાણનારો જણાય છે'' ખરેખર પર જણાતું નથી તેમાં વિષયને જીતવાની વાત છે.

વિષય અને કષાયને જીત્યા વિના સમ્યક્‌દર્શન થાય જ નહીં. પછી અસ્થિરતાના વિષય તે કર્તાના કર્મમાં ન જાય, પણ જ્ઞાતાના જ્ઞેયમાં જાય. હવે ઇચ્છાની ઇચ્છા નથી; એકત્વ નથી માટે. ઇચ્છા છે તે પણ અબુદ્ધિપૂર્વકની છે. ઇન્દ્રિયજ્ઞાનને સાધકે જીતી લીધું છે પણ તેનું સ્વામીપણું ન હોવા છતાં કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી તેના ચાળા રહે છે.

આ વિષય કષાયને જીતવાનો મંત્ર છે. આ મંત્ર સુવર્ણ અક્ષરે લખેલો છે. મૂળ આ બે જ વાત છે. અનાદિથી આ બે વાત છે. શાસ્ત્રનો આધાર મળ્યો ! કે : વિષય કષાયને જીતો !! એકમાં જીવનું ખરું સ્વરૂપ લક્ષમાં આવે છે, અને એકમાં જીવનું ખરું સ્વરૂપ અનુભવમાં આવે છે. આમાં ધ્યેય અને જ્ઞેય બન્ને સમાય જાય છે. અને બન્નેને જીતતાં ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે.

૬૩૩

'જણાય છે જાણનારો' અને માને છે ઈ... કે : હું રાગને કરું છું અને રાગને જાણું છું; ''બાત તો કુછ ભી નહીં થી, બઢ ગઈ બાતમેં બાત.''

૬૩૪

**જિજ્ઞાસા :** આ વાત તું લાવ્યો ક્યાંથી ? આ વાત તું લાવ્યો ક્યાંથી ? મને આ... (પર) જણાય છે ?


**સમાધાન :** મને પર જણાય છે તે વાત લાવ્યો ક્યાંથી ? આવું તો તારું સ્વરૂપ નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





**જિજ્ઞાસા** : આવી વાત આવી ક્યાંથી ? આ ક્યાંથી આવી ?

**સમાધાન** : અજ્ઞાનના ઘરમાંથી આવી. તમે કહો છો તેમ બધા માને તો જ્ઞાની થઈ જાય.

**જિજ્ઞાસા** : આત્મામાં તો આવું છે નહીં "હું પરને જાણું છું" લાવ્યો ક્યાંથી ?

**સમાધાન** : હું પરને જાણું છું લાવ્યો ક્યાંથી ? તમને (વધારે) ઝાઝા ભવ નથી, એમ મને લાગે છે. હું પરને જાણું છું તેમાં ભવની ઉત્પત્તિ થાય છે. વસ્તુમાં તો નથી. કરવું તો નથી ક્યાંય ગયું, પણ પરને જાણવું એ નથી. સ્વભાવમાં નથી પરને જાણવાનું, પોતાને જાણવું છોડે તો પરને જાણે ને ? પોતાને જાણવાનું છોડે તો આત્મા જડ થઈ જાય. "જાણનાર જ જણાય છે" બધાને, બાળગોપાળ સૌને ભગવાન આત્મા જ જણાય છે. "હા" પાડતો લત લાગતાં હાલત થઈ જશે.

તું પરને જાણતો નથી, ને પરને જાણું છું... પરને જાણું છું તેવો બકવાસ ખોટો કરે છે.

**"ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહીં વાર."**

**૬૩૫**

"જાણનાર જણાય છે અને પર જણાતું નથી." આમ સ્વપ્રકાશક જ્ઞાનથી જ આત્મા જાણવામાં આવે છે. પછી તેનું સામર્થ્ય સ્વપર પ્રકાશક તેવા બે પ્રકાર ઉપર જાઈશને તો અંદર નહીં જવાય. બે પ્રકારને ગૌણ કરીને "ઉપયોગમાં ઉપયોગ છે."

**જિજ્ઞાસા** : જ્ઞાન સ્વપર પ્રકાશક છે ?

**સમાધાન** : 'ના' મને ખબર નથી. **"જાણનાર જણાય છે" બીજું જણાતું નથી આવું અસ્તિનાસ્તિ અનેકાંત અનાદિથી છે. આ પ્રથમ જેને અનુભવ કરવો હોય તેને "જાણનાર જણાય છે" ને બીજું જણાતું નથી. નિષેધપૂર્વક વિધિમાં આવે છે.**

**૬૩૬**

આ "હું જાણનાર છું" એમ અભેદપણે જાણ્યું તેમાં જાણનાર થઈ ગયો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૬૩૭

**અમારે "જાણનાર જણાય છે" તેના ઉપર જ ઘણી ચર્ચા ચાલે છે. તેમાંથી નવું નવું નીકળતું જ આવે છે.**

૬૩૮

"જ્ઞાયકપણે જણાયો" એટલે અનુભવમાં આવ્યો, તે જ હવે અનુભવાય છે. તે તો તે જ છે; બીજો કોઈ નથી.

"જ્ઞાયકપણે જણાયો", એટલે પર્યાયના કર્તાપણે ન જણાયો કેમકે અકર્તા છે. અમારું નિશ્ચયજ્ઞેય ફરતું નથી. જે જ્ઞાનમાં જ્ઞેય ફરે તે અમારું જ્ઞાન નથી, ને જ્ઞેય પણ નથી.

(૧) "જાણનાર જણાય છે", (૨) "જાણનાર જણાય છે"... (૩) "જાણનાર જણાય છે"... (૪) "જાણનાર જણાય છે" તેમાં હવે ભેદ કરીશ મા.

૬૩૯

"જાણનારો જણાય છે" તે જણાય ગયા પછી ભલે ક્રોધને જાણો તો એકતાબુદ્ધિ થતી નથી. કેમકે તે જ્ઞેય બની જાય છે.

૬૪૦

જાણનાર જણાય છે તેમાં ઇન્દ્રિયજ્ઞાન શિથિલ થઈ જાય છે, પર જણાય છે તેમાં ઇન્દ્રિયજ્ઞાન બળવાન થઈ જાય છે.

૬૪૧

ચેતના લક્ષણથી પણ પર્યાયને જાણે છે તેમ ન લીધું, પરંતુ જીવને જાણે છે. **ભલે ભેદ પડે છે, પણ જાણે છે અભેદને, ભેદ ભેદને જોતો નથી અભેદને જુએ છે. "મન વડે કળી લે છે." સવિકલ્પ સ્વસંવેદનથી જાણે છે, અને પ્રેક્ટિસ વધી જાય તો ઊંઘમાં પણ આ જ આવે. "જાણનાર જણાય છે."**

૬૪૨

જાણનારો તે અપરિણામી, જણાયો તે પરિણામી. પરિણામી અપરિણામી થઈને અપરિણામીને જાણે છે.

૬૪૩

માનસિક જ્ઞાનમાં, અનુમાન જ્ઞાનમાં પણ લેવું પડશે કે મને "જાણનાર જણાય છે."



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





### ૬૪૪

સ્પષ્ટ દર્શન, જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છે. છે... છે...; ને છે. કારણ કે ચૈતન્યનું પરિણમન દર્શન જ્ઞાન સ્વરૂપ છે. જાણવા અને દેખવાની ક્રિયા સમયે સમયે થાય છે. એ ક્રિયામાં દેખનારો દેખાય છે. “જાણનારો જણાય રહ્યો છે એમાં પણ એને “જાણનાર જણાય છે” એમ ન લેતાં; મને પર જણાય છે; દુકાન જણાય છે; મોટર જણાય છે; પુત્ર-પુત્રી જણાય છે; પતિ જણાય છે; પત્ની જણાય છે; આહાહા...! એ પરને જાણવા રોકાણો. ને પરને પોતાનું માને એટલે અજ્ઞાની ચારગતિમાં રખડે છે. દુઃખને ભોગવે છે. હવે વિષય બદલાવી નાખ ને ?

### ૬૪૫

પરની સાથે કર્તાકર્મ સંબંધ ન હોય તો કાંઈ નહીં ! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન હોય તો કાંઈ નહીં !! પણ જ્ઞાતા જ્ઞેયનો સંબંધ તો ખરો કે નહીં ? હું જ્ઞાતાને છ દ્રવ્ય મારું જ્ઞેય ! એમ નથી. ભ્રાંતિ છે તને. તારું જ્ઞેય જ્ઞાનની બહાર ન હોય. જ્ઞાન જ જ્ઞેય છે ને જ્ઞાન જ જ્ઞાન છે. જ્ઞાતા જ્ઞેય અંદર છે, બહાર હોય નહીં. **માટે જ્ઞાતા જ્ઞેયના વ્યવહારનો નિષેધ કર કે... “જાણનારો જણાય છે ને ખરેખર પર જણાતું નથી.” તો એ વ્યવહારનો નિષેધ કરીને અંદર આવે. અંદર પહોંચ્યા પહેલાં વ્યવહાર ઊભો થાય છે. તે આટલો જ વ્યવહાર ઊભો થાય છે.**

### ૬૪૬

“જાણનાર જણાય છે” આ મંત્રની સાધના કરતાં ચૈતન્યદેવ હાજર થાય છે.

### ૬૪૭

રાગાદિ અને દેહાદિનું લક્ષ કરે છે તો સામાન્યજ્ઞાનનો તિરોભાવ કર્યો, અભાવ ન થયો. હવે પરનો પ્રતિભાસ તો છે પણ એના ઉપરનું લક્ષ છોડીને... સ્વનાં પ્રતિભાસ ઉપર લક્ષ કરે તો સામાન્યનો આવિર્ભાવ થતાં સમ્યક્જ્ઞાન થાય છે. પરનો પ્રતિભાસ રહી જાય અને સામાન્યનું લક્ષ થઈ જાય. પરનો પ્રતિભાસ રહી જાય અને પરનું લક્ષ છૂટી જાય.

લોકાલોકનો પ્રતિભાસ રહી જાય જ્ઞાનની સ્વચ્છતામાં પણ લક્ષ ક્યાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





આવ્યું ? લક્ષ એકનું પ્રતિભાસ બેનો. કેવળીને લક્ષ આત્માનું પ્રતિભાસ બેનો. સાધકને લક્ષ એકનું (સ્વનું) પ્રતિભાસ બેનો. અજ્ઞાનીને લક્ષ પરનું એકનું છે અને પ્રતિભાસ બેનો છે. માટે પ્રતિભાસ બેના હોવા છતાં એનું લક્ષ ક્યાં જાય છે ? એમ ! તેનું લક્ષ પર ઉપર જાય છે ? કે : "જાણનાર જણાય છે પર જણાતું નથી." તેના પર જાય છે તો તો ભેદજ્ઞાન થઈ ગયું.

જ્ઞાનની પર્યાય સ્વપર પ્રકાશક છે. સ્વપરનો પ્રતિભાસ થાય છે, માટે ભેદજ્ઞાન થઈ શકે છે. જ્ઞાનની પર્યાય પ્રમાણ જ્ઞાનનું પ્રમાણ છે. તે પ્રમાણજ્ઞાનની પર્યાય છે. બેનો પ્રતિભાસ છે માટે તેને પ્રમાણજ્ઞાન કહેવાય. ઈ... પ્રમાણજ્ઞાનમાંથી "જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી." જણાય છે પણ હું એને જાણતો નથી. જણાય ! પણ જાણે નહીં. જણાય લોકાલોક પણ જ્ઞાનીને તેના ઉપર લક્ષ નથી.

૬૪૮

જેમ ખોરાક લઈને ચમચી છોડી દ્યે છે, તેમ જ્ઞેય જણાય છે તે ચમચી હતી. "જાણનાર જણાય છે" તે ખોરાક છે.

૬૪૯

જ્ઞેયના જાણવા કાળે પણ "જાણનાર જ જણાય છે." જ્ઞેયાકાર અવસ્થામાં પણ જાણનારપણે જણાય છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય જણાય છે તેમ ન લખ્યું, ત્યારે પણ જ્ઞાયક જણાય છે તેમ લખ્યું.

૬૫૦

મહાસિદ્ધાંત → પર જણાય છે ત્યારે પણ "જાણનાર જણાય છે" સ્વ જણાય છે ત્યારે પણ "જાણનાર જણાય છે." સર્વ હાલતમાં "જાણનાર જ જણાય છે."

૬૫૧

જાણનારો માટે પોતે કર્તા, જણાયો માટે પોતે જ કર્મ, આત્મા કર્તા અને જ્ઞાન પર્યાય કર્મ તેવો ભેદ નહીં. આત્માને આત્મામાં રહી આત્મામાંથી જાણું છું. પછી નથી જાણનારને જાણતો, નથી જાણનાર માટે જાણતો એ કારકના ભેદ પણ છૂટી જાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૬૫૨

જાણનારો માટે પોતે કર્તા, જણાયો માટે પોતે જ કર્મ. આત્મા કર્તા અને જ્ઞાન પર્યાય કર્મ તેવો ભેદ નહીં. આત્માને આત્મામાં રહી આત્મામાંથી જાણું છું. પછી નથી જાણનારને જાણતો, નથી જાણનાર માટે જાણતો, એ કારકના ભેદ છૂટી જાય છે.

## ૬૫૩

"જાણનારો જણાય છે" તે રાગાદિ ભાવકર્મના કર્તાપણે જણાયો તેમ નહીં, રાગાદિ ભાવકર્મના જ્ઞાતાપણે જણાયો તેમ નહીં, પરંતુ જ્ઞાયકપણે જણાયો.

## ૬૫૪

હવે તો નિર્ણય કર્યો છે કે જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી આખી જિંદગીમાં આ બે વાત જ કરવી છે. ત્રીજી વાત કરવી જ નથી. "આત્મા જાણનાર છે કરનાર નથી." એટલે પરિણમનાર નથી. જાણનાર છે તેથી "જાણનાર જ જણાય છે", બીજું કાંઈ જણાતું જ નથી. પર તો જણાતું જ નથી, એની તો શું વાત કરીએ ! પરંતુ પ્રમત્ત-અપ્રમત્ત પણ જણાતાં નથી. "જાણનારો જણાય છે." આ બે વાત આમ જ રહેવાની છે. આમાં જરાપણ હલચલ થવાની નથી.

## ૬૫૫

જ્ઞાયકના પ્રતિભાસને ઉપયોગાત્મક કરે છે તો સમ્યક્‌દર્શન થાય છે. રાગના પ્રતિભાસને ઉપયોગાત્મક કરતાં "હું રાગી તો મિથ્યાદર્શન થાય છે. પ્રતિભાસ મિથ્યા કે સમ્યક્‌જ્ઞાનનું કારણ નથી. પ્રતિભાસ બંધ મોક્ષનું કારણ નથી. એનું લક્ષ ક્યાં જાય છે ? બે પ્રતિભાસે છે તેમાંથી અહમ્ ક્યાં કરે છે ? જ્ઞાનની પર્યાયમાં "જાણનારો એ જણાય છે" ને પર પણ જણાય છે. એમાં પ્રતિભાસ બેના છે. પણ લક્ષ સ્વ ઉપર આવતું નથી. આહા ! આવું છે. છે તો સાવ સહેલું ! કળ થી છે... તો સાવ સહેલું. અજ્ઞાનીએ એવું ઊંધુ માર્યું છે, અને આહા !! પ્રતિપાદન વ્યવહારનાં ઠામ ઠામ હોં ! સમયસારમાં છે કે શુદ્ધનયનો ઉપદેશ વિરલ છે.

## ૬૫૬

અમારી પરિણતી હજુ મલિન છે. હમણાં કહેશે હોં !! જેમ છે તેમ જાણે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પોપા બાઈનું રાજ નથી આ. રાઈએ રાઈનો હિસાબ છે. સાધક જાણે છે અમારી પરિણતી મેલી છે. હજુ પૂર્ણ અરિહંત દશા થઈ નથી. ધ્યેયને જાણ્યું, સાધ્યને પણ જાણી લીધું; પણ સાધક રહી ગયો છું. શું કહ્યું ?

ધ્યેયને જાણી લીધું મેં. દ્રવ્ય દૃષ્ટિએ પૂર્ણ શુદ્ધ પરમાત્મા છું અને સાધ્યને પણ જાણ્યું. સિદ્ધ પર્યાય સાધ્ય છે. સાધ્ય એટલે જ્ઞાનમાં જ્ઞેય આવી ગયું છે. પણ હજુ સુધી સાધકની સ્થિતિ...!! અમારી સ્થિતિ પહોંચી નથી. સાધક અવસ્થામાં છું; સાધ્ય અવસ્થા થવાની છે... પણ એને ઉતાવળે નથી તેમ પ્રમાદ પણ નથી. અમે તો આત્માનાં આશ્રયે પડ્યા છીએ. "બધું થવા યોગ્ય થશે ને જાણનારો જણાયા કરે છે." એક કળશમાં ત્રણ વાત છે.

૬૫૭

જે ઉપયોગમાં પ્રતિમા જણાય છે તે જ ઉપયોગમાં "જાણનારો જણાય છે." વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનમાં જાણનારો જણાતો હોવા છતાં મને નથી જણાતો ત્યારે તિરોભાવ થઈ જાય છે.

૬૫૮

જ્ઞેય નથી જણાતું પણ તને "જાણનારો જણાય છે." જ્ઞેયથી વ્યાવૃત થઈ જા તો તને જ્ઞાયક જણાશે. જ્ઞાન નથી બદલાવવું વિષય બદલી નાખ.

૬૫૯

જે જ્ઞાનની પર્યાયમાં જાણનારો જણાય છે તે જ્ઞાનની પર્યાયનો આત્મા કર્તા નથી. માટે જે નવો જાણનાર થયો તે પણ જ્ઞાનની પર્યાયનો કર્તા નથી. કર્તા તો નથી પણ ખરેખર જાણતો પણ નથી. જાણવાની ક્રિયાનું અહમ્ જેમાં થયું છે તેવા જાણનારને જાણે છે.

૬૬૦

**બીજો જણાતો જ નથી, જે જણાય છે તે જાણનારો જ છે. તે અસ્તિ, નાસ્તિ અનેકાંત છે.**

૬૬૧

આ ઇન્દ્રિયજ્ઞાનથી મોહની ઉત્પત્તિ થઈ છે. અને ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે. તમે 'ના' પાડો છો, "હું પરને જાણતો નથી" તો બિચારું ઇન્દ્રિયજ્ઞાન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





શિથિલ થઈને મરી જશે, અને આત્મજ્ઞાન પ્રગટ થશે. આ અંદર જવાનો ઉપાય છે કે હું પરને જાણતો નથી, પણ જાણનાર જ જણાય છે અને આ મહામંત્ર છે. પૂ. ગુરુદેવ કહે છે કે પર જણાય છે તે તો ભ્રાંતિ થઈ ગઈ છે તને.

૬૬૨

"જાણનાર જણાય છે" તેનો વિશ્વાસ ન કર્યો તે તો દુઃખ છે. જાણનહારનો અનાદર કર્યો તેથી આનંદ ન આવ્યો. જાણવામાં આવે છે તે તો હું જ છું તો આનંદ આવ્યો.

૬૬૩

જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ કરે છે એટલે પ્રતિભાસ ઉપરથી લક્ષ છૂટી જાય છે. નૈમિત્તિક ઉપરથી લક્ષ છૂટે છે અને ત્રિકાળી સ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં, તન્મય થઈને જ્ઞાયકને જાણી લે એટલે આવિર્ભાવ થઈ જાય છે. બધાને જ્ઞાયકનો પ્રતિભાસતો થાય છે. પણ સમયે-સમયે એનો તિરોભાવ કરે છે અને પરના જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ કરે છે, તેનું નામ અજ્ઞાન. કોઈ જીવ એમ જાણે કે : પર જણાતું નથી ને "જાણનાર જણાય છે" તો જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ કરે છે. અને સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ કરે છે.

૬૬૪

આહા ! (૧) **જ્ઞાયક** (૨) **ઉપયોગ** (૩) **સ્વપરનો પ્રતિભાસ. ચોથા પોઇન્ટે કાં જ્ઞાનનું જ્ઞાનત્વ અને કાં જ્ઞાનનું અજ્ઞાનત્વ.** આ વાત આવીને ઊભી રહી ગઈ છે. હેં ! કાં રાગ, દુઃખનાં પરિણામનો કર્તા થાય છે. અને જ્ઞાયકનો પ્રતિભાસ થાય છે તે જ્ઞાન તો જ્ઞાયકથી અનન્ય છે. છતાં પણ એ જ્ઞાનમાં રાગને હું જાણું છું તો જાણેલાનું શ્રદ્ધાન થયા વિના રહેતું નથી. હવે એને બંધ કરીને "જાણનારો જણાય", અને પછી રાગ જણાય તો વ્યવહાર કહેવાય. પછી રાગ જણાય ને તે વ્યવહારમાં જાય. પછી રાગ જણાય તો અધ્યવસાન ન થાય. જ્યાં સુધી એને રાગ જણાય છે ત્યાં સુધી સાધકને ચારિત્રનો દોષ છે. ફરીથી એને તિરોભાવ કરવો પડશે, ત્યારે અંદર જવાશે.

૬૬૫

એક વખત જેણે જાણનારનો આનંદ પ્રાપ્ત કર્યો છે તેને તો તેનો તે...,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનો તે..., "જાણનારો જ જણાયા કરે છે." વિષય ફરતો નથી.

૬૬૬



લખવાની ક્રિયા જુદી છે. વિકલ્પની ક્રિયા જુદી છે. વ્યાકરણમાં શબ્દમાં દોષ હોય તો ગ્રહણ ન કરજે, અનુભવથી ગ્રહણ કરજે. શબ્દ મ્લેચ્છ ન થઈશ. હું મારા નિજ વૈભવથી શાસ્ત્ર લખું છું. અનુભવ ચાલુ છે. "જાણનાર જણાય છે." એક વાર અનુભવમાં આવ્યો જ્ઞાત : એક વખત જણાયો તે સર્વ અવસ્થામાં જણાય છે માટે આનંદ ચાલુ છે.

૬૬૭

ઉપયોગમાં જાણનાર જણાય છે તેથી તો ઉપયોગનું અસ્તિત્વ છે. ઉપયોગમાં નિરંતર જાણનારનો અભિષેક થઈ રહ્યો છે.

૬૬૮

"જાણનારને જાણું આઠો યામ એ સિવાય બીજું નહીં કામ."

૬૬૯

રાગ જ્ઞેય છે; રાગમાં જ્ઞાન નથી. પૂ. ગુરુદેવે હૈદ્રાબાદમાં બાબુભાઈ ઝવેરીને કહ્યું; "જે જ્ઞાન રાગને જાણે છે તે અજ્ઞાન છે." આત્માને જાણે છે તો તો સમ્યક્‌જ્ઞાન કહેવાય. રાગને જાણું છું; દુઃખને જાણું છું; પરને જાણું છું; તે અજ્ઞાન કહેવાય. તેનો આવિર્ભાવ થઈ ગયો.

આવિર્ભાવ ક્યારે થાય ખબર છે ? જ્ઞાયકનાં પ્રતિભાસનો તિરોભાવ થાય ત્યારે જ અજ્ઞાનનો આવિર્ભાવ થાય. (સાધક થયા) પછીના આવિર્ભાવની વાત જુદી છે. જ્ઞાયકનો આવિર્ભાવ રહે તો (રાગાદિનો) તિરોભાવ થાય... પછી ઓનો (પ્રતિભાસરૂપ જ્ઞેયાકારનો) પણ આવિર્ભાવ થાય અને ઈ... તો કેવળીમાં પણ છે. સાધકમાં પણ છે, પણ એ વાત જુદી છે.

૬૭૦

"જાણનાર જણાય છે તે જ હું છું" તેમ જાણનારના અસ્તિત્વને ગ્રહણ કર.

૬૭૧

"જાણનાર જણાય છે, તે જાણતો થકો જણાય છે." હું જાણનાર છું તેવા અભેદરૂપથી જાણવા રૂપે પરિણમ્યો છે. તે જ્ઞાન જ પૂરો પરિણામી આત્મા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે અને તે જ્ઞેય છે.

૬૭૨

પર પદાર્થના લક્ષે જ્ઞાન ન થાય. સંતોના શબ્દો છે. વિષય અને કષાય તેના ઉપર ઘણું ઘોલન ચાલ્યું. "હું જાણનાર છું, કરનાર નથી. જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી." એમાં ઈ... મંત્રમાં જ છે. બે વાત છે. હું પરને જાણતો નથી તેમાં વિષય જીતાય છે. હું કરતો નથી તેમાં કષાય જીતાય છે. તેમાંથી જ નીકળે છે. તેમાં જ મોહ જીતાય છે. મોહના નાશનો ઉપાય છે.

૬૭૩

આંખ ભલે પર સામે હોય, આંખનો ઉઘાડ ત્યાં છે, અને જ્ઞાનનો ઉઘાડ અંદરમાં છે. "મને તો જાણનારો જણાય છે" તો જ્ઞાન અંદરમાં વળી જાય છે, અને અનુભવ થઈ જાય છે.

૬૭૪

સામાન્યનો આવિર્ભાવ થાય તો અનુભવ થયો, પછી તે સવિકલ્પ દશામાં આવે છે, ત્યારે બન્નેનો આવિર્ભાવ થાય છે. અર્થાત્ પ્રમાણ જ્ઞાનમાં બન્નેનો આવિર્ભાવ થાય છે. સામાન્યનો તો આવિર્ભાવ રહે, અને વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ થાય. પણ... જ્ઞાયકનો તિરોભાવ થાય તો શુદ્ધનયથી આત્મા ચ્યુત થઈ જાય છે.

થોડી સૂક્ષ્મ વાત છે, પણ હિતરૂપ છે. "જાણનાર જણાય છે; ખરેખર પર જણાતું નથી." સંધ્યાબેન ! આ ટંકોત્કીર્ણ વાત છે. (શ્રોતા બરાબર છે.) કોઈ માનો કે ન માનો !! અનુભવ કરવો હોય તેની આ રીત છે. સ્વપ્રકાશક વિના સ્વપર પ્રકાશકનો વ્યવહાર જ ઊભો ન થાય.

૬૭૫

**જિજ્ઞાસા :** છ દ્રવ્યને જાણે છે તેને અધ્યવસાન કેમ કહ્યું ?

**સમાધાન :** એનું જ્ઞાન જાણે છે તો આત્માને, અને એનો નિષેધ કરે છે કે મને આત્મા જણાતો નથી, અને મને છ દ્રવ્ય જણાય છે. એટલે પોતાને જાણવાનું છોડી ને... શુદ્ધનયથી ચ્યુત થયો થકો તે અજ્ઞાની બની જાય છે. એકલા છ દ્રવ્યને જાણે છે માટે અજ્ઞાની નહીં. પોતાને ચૂકીને છ દ્રવ્યને જાણે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





તો છ દ્રવ્યમાં આત્મબુદ્ધિ થયા વિના રહે જ નહીં, નિયમ. અહીં તો (આત્મામાં) આત્મ બુદ્ધિ થઈ જ નથી.

હવે સાધક સવિકલ્પમાં છ દ્રવ્યને જાણે છે એ વિકલ્પ ઊઠે છે. પછી ફરીથી લ્યે છે કે છ દ્રવ્યને જાણતો જ નથી. કે : "મને જાણનાર જણાય છે." ફરીથી ઉપયોગ અંદરમાં આવ્યા કરે છે. ચારિત્ર માટે પણ નિષેધ કરવો પડે છે.

૬૭૬

વિચિક્ષણ જીવ છે તે એમ લ્યે છે કે : **"જાણનાર જ જણાય છે." તે અસ્તિ વાક્ય છે. "જાણનાર જણાય છે ને, પર જણાતું નથી," તે અસ્તિ નાસ્તિ વાક્ય છે.**

૬૭૭

"જાણનાર જણાયા કરે છે" માટે તો રાગમાં આત્મબુદ્ધિ થતી નથી.

૬૭૮

**જિજ્ઞાસા :** અનુભવ થતાં શું જણાયું ?

**સમાધાન :** "જાણનારો જણાય છે" તેમ જાણવામાં આવ્યું પરંતુ પર જણાય છે તેમ જાણવામાં આવ્યું નહીં.

૬૭૯

આત્મા કહેવો ? જાણનાર કહેવો ? અને પરને ન જાણે અને સ્વને જ માત્ર જાણે તેવો કહેવો ! આ અલૌકિક વાત છે. કર્તાબુદ્ધિ જાય છે, પછી જ્ઞાતાબુદ્ધિ પણ જાય છે. જાય છે તો અનુભવના કાળમાં એક સમયમાં; પણ અધ્યયનમાં થોડો ટાઇમ લાગે. વધારેમાં વધારે છ મહિના લાગે. જયપુર શિબિરોમાં હું જતો ત્યારે વિદ્યાર્થીઓને કહેતો... ત્રણ મહિનાનો અકર્તાનો અભ્યાસ કરો. અને પછી ત્રણ મહિના હું પરને જાણતો જ નથી તે અભ્યાસ કરો. બે વાક્યો છે... "હું જાણનાર છું ને કરનાર નથી." જાણનારો જણાય છે ને ખરેખર પર જણાતું નથી." ઈ... ખરેખર શબ્દ ઘણો જ માર્મિક ઇમ્પોર્ટન્ટ છે.

૬૮૦

અજ્ઞાન અવસ્થા હો, બહિરાત્મા હો, અંત્તર્આત્મા હો, કે પરમાત્મા હો,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધાને તેના પ્રગટ જ્ઞાનમાં "જાણનારો જ જણાય છે."



### ૬૮૧

છૂટવાનો એક જ ઉપાય છે, ધર્મ કરવો હોય તો ! "જાણનારો જણાય છે તેને જાણ" બીજો કોઈ ઉપાય નથી.

### ૬૮૨

ત્રણ આંગળીમાં, પહેલી આંગળી જ્ઞાયક, ત્રીજી લોકાલોક અને બીજી (વચ્ચે) જ્ઞાન છે. (પ્રેક્ટિકલ સમજાવે છે.) હવે જ્ઞાનનું મુખ ત્રીજી તરફ ગયું તો અજ્ઞાન. જ્ઞાનનું મુખ આની તરફ આવ્યું એટલે પહેલી આંગળી તરફ તો સમ્યક્‌જ્ઞાન. ભગવાન થઈ ગયો. જ્ઞાન બીચ મેં હૈ. ઈધર જ્ઞાયક હૈ, ઈધર પરજ્ઞેય હૈ. સ્વજ્ઞેય પરજ્ઞેયકા પ્રતિભાસ તો હુઆ જરૂર મગર યે જ્ઞાન મેં જ્ઞાયક આતા નહીં. જૈસે જ્ઞાયક નહીં આતા ઐસે પરજ્ઞેય ભી નહીં આતા. બિલકુલ નહીં આતા હૈ. દો કા પ્રતિભાસ આતા હૈ.

**જ્ઞાયક જ્ઞાનમાં નથી આવતો હોં ! તો તો જ્ઞાનના નાશથી જ્ઞાયકનો નાશ થઈ જાય. બન્નેનો પ્રતિભાસ થાય છે. બન્નેના પ્રતિભાસમાં એને એવી ભ્રાંતિ થઈ** ગઈ છે કે હું પરને જાણું છું તે અજ્ઞાન થઈ ગયું.

આ લોકાલોકને હું દેખતો જ નથી, "જાણનાર જણાય છે" તો લક્ષ આના (જ્ઞાયક) ઉપર આવ્યું. આના (જ્ઞાયક) ઉપર આવતાં નિર્વિકલ્પ ધ્યાન થઈ ગયું.

### ૬૮૩

અરે ! "તને જાણનારો જ જણાઈ રહ્યો છે." તારી વારેવાર છે. સ્વરૂપ ઘણું ચોખ્ખું બહાર આવી ગયું છે.

### ૬૮૪

'જાણનાર' "જાણનારપણે જણાતો જાણનાર મને જણાય છે."

### ૬૮૫

"ઉપયોગમાં ઉપયોગ તો છે." ઈ... શબ્દ છે પ્રતિભાસનો. પહેલો શબ્દ છે **"ઉપયોગમાં ઉપયોગ છે." ઈ... પ્રતિભાસનો છે. ત્યાં અનુભવ નથી;** વેદન નથી. (શ્રોતા-બરાબર.)

(શ્રોતા-૧૭, ૧૮ ગાથામાં આબાલ ગોપાલ સૌને ભગવાન-આત્મા જાણવામાં આવી રહ્યો છે, તેનો ખુલાસો થઈ ગયો !) ખુલાસો થઈ ગયો ને ?!



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





**નહીંતર તો બધાંને અનુભવ હોય. બધા સમ્યક્દૃષ્ટિ થઈ જાય. ઈ... વાક્ય ને જો નિશ્ચયમાં ઉતારી લ્યો તો થઈ રહ્યું ! જ્ઞાયકનો આવિર્ભાવ કરે તો સમ્યક્દર્શન હોતા હૈ.** આહા ! ઈતની દેર હૈ. આવિર્ભાવ કરો. શ્રદ્ધા કા બળ આ જાય... જાણનાર જણાય છે''... શ્રદ્ધા કા બળ આ જાય તો ઉપયોગ પ્રત્યક્ષ રૂપ હો જાતા હૈ. પરોક્ષ તો છે, પણ પ્રત્યક્ષ રૂપ હો જાતા હૈ.

૬૮૬

આત્મા પરને જાણતો નથી તેમાં વિષય જીતાય છે. વિષય જીતતાં કષાય જીતાય છે. પછી રાગને કરવાની વાત ક્યાં રહી ? જાણેલાનું શ્રદ્ધાન થાય છે. ''જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી.'' તેમાં વિષય જીતાય જાય છે. ''જાણનાર છું ને કરનાર નથી, એકમાં જીવનું ખરું સ્વરૂપ લક્ષમાં આવે છે, તે અનુભવમાં આવે છે. એટલે સંવર થાય છે. ''જાણનાર છું ને કરનાર નથી'' તે દ્રવ્યનો નિશ્ચય છે. ''જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી'' તે જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે. આ બે વાત આગમથી પ્રસિદ્ધ છે.

૬૮૭

હરણાંને રણમાં પાણી નથી ને પાણી ભાસે છે તે ભ્રાંતિ છે, તેમ રાગાદિનો કર્તા નથી ને કર્તા માને તો ભ્રાંતિ છે. તેમ શુભાશુભ ભાવ આવે તેનો હું જાણનાર છું અને તે જણાય છે તે ભ્રાંતિ છે. શુભાશુભ ભાવ જણાય છે કે; જાણનાર જણાય છે ? આહા ! ૨૭૧ કળશમાં રાજમલ્લજીએ છ દ્રવ્યને જાણે છે તે ભ્રાંતિ કહી. હવે છ દ્રવ્યમાં પુદ્ગલને જાણે છે તે ભ્રાંતિ; એટલે પુદ્ગલનાં પરિણામ શુભાશુભ ભાવ છે તેને જાણે ઈ પણ ભ્રાંતિ. કેમકે શુભાશુભ ભાવને જાણવાનું બંધ કરી દે. એને જાણ્યા કરીશ તો એમાં આત્મબુદ્ધિ થશે. કેમકે જાણેલાનું શ્રદ્ધાન થઈ જશે.

જાણવામાં શુભાશુભ ભાવ આવ્યા તો એમાં અહમ્‌પણું આવ્યા વિના રહેશે જ નહીં. ત્યાં છ દ્રવ્યને જાણું છું તે ભ્રાંતિ. છ દ્રવ્યમાં પુદ્ગલ. પુદ્ગલમાં ત્રણ ભેદ, નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ. આ આવ્યું ને આમાં. ભાવકર્મ કષાય છે, તેનાં દર્શન કરવાં છે તારે !? કષાયનાં દર્શન કરવાથી ધર્મ ન થાય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





### ૬૮૮

તારે પરનું લક્ષ છોડવાની પણ જરૂરત નથી. પરંતુ હું પરનું લક્ષ કરું છું ઈ માન્યતા છોડી દે. "હું જાણનાર ને જાણું છું."

### ૬૮૯

પુદ્ગલ શબ્દરૂપે પરિણમે છે માટે રાગ, દ્વેષ, મોહ થાય છે તેમ નથી. તેમ જ્ઞાન આત્માને જાણવા રૂપે પરિણમે છે માટે રાગ, દ્વેષ, મોહ થાય છે તેમ નથી. પરંતુ "મને જાણનાર જણાય છે" તે ભૂલે છે. ને હું પરને જાણું છું, સાંભળું છું, તેમાં રાગ, દ્વેષ મોહની ઉત્પત્તિ થાય છે.

### ૬૯૦

લક્ષ લક્ષણનો ભેદ નહીં આવે તેવો જાણનારો જણાય છે.

### ૬૯૧

સામાન્ય જ્ઞાનમાં આત્મા જણાય છે, અને વિશેષ શુદ્ધોપયોગ થઈ જાય છે. સામાન્ય જ્ઞાનમાં તો બધાને બાળગોપાળ સૌને જણાય છે. જણાય છે તેથી સમ્યક્દર્શન છે તેમ નથી. તો તો બધા જ સમ્યક્ દૃષ્ટિ હોવા જોઈએ. આહા ! અને જો જાણતો જ નથી તો તો જ્ઞાનનો અભાવ થતાં દ્રવ્યનું અસ્તિત્વ જ રહેતું નથી.

લક્ષણના અભાવે લક્ષનો અભાવ થઈ જાય છે. માટે લક્ષણ પ્રગટ છે. પ્રગટ લક્ષણમાં આત્મા બધાને અનુભવમાં આવે છે. **અનુભવમાં આવે છે એટલે પ્રત્યક્ષ પ્રતિભાસ થાય છે. જણાય છે, પણ એને જાણતો નથી.** જણાય તો છે બધાને !! પણ એને જાણતો નથી. જાણનાર જણાય છે, તે જ જણાય છે, એવું ઘોલન અંદરમાંથી આવે છે ને જાણનાર જણાય છે તેમાં જ્ઞાન નવું પ્રગટ થાય છે. અનંત કાળથી નહીં પ્રગટ થયેલું હોં ! આ મંત્ર છે હોં ! આ મંત્રમાં બાર અંગ રહેલાં છે.

### ૬૯૨

આ વાક્ય સાધારણ લાગે છે "જાણનાર જણાય છે" જાણનારો જણાશે એમ નહીં. "જાણનાર જણાય છે" બધાને પ્રત્યેક સમયે "જાણનાર જણાય છે" ને; રાગ જણાતો નથી. છ દ્રવ્ય જણાતાં નથી. આહા ! છ દ્રવ્યને જાણનારું ઇન્દ્રિય જ્ઞાન જુદું અને જે સામાન્ય ઉપયોગમાં આત્મા જણાય છે તે જુદી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ચીજ છે. **સમય એક પર્યાય એક, ભાગ બે છે.** આહાહા ! **અજ્ઞાનીને પણ બે ભાગ છે. એટલે તો બાળ ગોપાળ સૌને અનુભવમાં આવે છે એમ કહ્યું ને ?**

ઇન્દ્રિયજ્ઞાન તો સર્વથા ભિન્ન છે. ત્યાં કથંચિત ભિન્ન અભિન્નનો પાઠ નથી. અને લક્ષણ તો કથંચિત ભિન્ન અભિન્ન છે. કથંચિત અભિન્ન છે ને એટલે જણાય છે. સર્વથા ભિન્નમાં ન જણાય.

રાગ તો સર્વથા ભિન્ન છે માટે રાગમાં ન જણાય. ઇન્દ્રિયજ્ઞાન જે પરાલંબી છે તે પણ સર્વથા ભિન્ન છે. અને જે જ્ઞાન છે તે "ઉપયોગ લક્ષણમ્" એ... ઉપયોગમાં બાળ-ગોપાળ સૌને અનન્યપણે જાણનાર જણાય છે. કથંચિત અભિન્ન છે. અભેદ છે તેથી જણાય છે.

૬૯૩

જ્ઞાનમાં આત્મા છે તેથી જ્ઞાનમાં આત્મા જણાયા કરે છે. આને વિશ્વાસ નથી આવતો કે : "જાણનાર જણાય છે." અનાદિથી અજ્ઞાન ભાવે એવો વિશ્વાસ આવે છે કે "હું પરને જાણું છું" આચાર્ય ભગવાન 'ના' પાડે છે. જ્યાં સુધી તારા અભિપ્રાયમાં છે કે હું પરને જાણું છું ત્યાં સુધી તું અજ્ઞાની રહીશ.

૬૯૪

ભગવાન આત્મા જ્ઞાનમાં જણાતો ન હોત તો ઉપયોગ જ ન રહેત. જ્ઞાનની પર્યાયમાં "જાણનારો જણાય છે" માટે તો જ્ઞાન છે. મિથ્યાત્વની પર્યાયમાં "જાણનારો જણાતો નથી" માટે મિથ્યાત્વ આંધળો છે, જડ છે.

૬૯૫

અનુમાનમાં જે સ્વીકાર કરશે કે "જાણનારો જણાય છે". તે વ્યવહાર શ્રદ્ધા છે. તે પરોક્ષ છે પરંતુ તેને જ્યારે પ્રત્યક્ષપણે "જાણનારો જણાશે" તે જ નિશ્ચય છે.

૬૯૬

પર જણાય છે તે વાત લાવ્યો ક્યાંથી ?

એટલો જાણનારના પક્ષમાં એનો વિકલ્પ વીંટળાઈ ગયો હતો ત્યારે આ વાત આવી. થોડા કાળમાં પક્ષાતિક્રાંત થઈને અનુભવ થશે, અને મોક્ષમાં જશે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





"જાણનાર જણાય છે પર જણાતું નથી." આહા...! કુદરતી વાણી અંદરથી જ આવે છે. અનુભવની વાણી તો અનુભવમાંથી જ આવે છે. કેટલાકને કોરી ધારણામાંથી આવે. પરંતુ આ તો અનુભવજ્ઞાન અને ધારણાજ્ઞાનથી જુદી વચલી ધારાની વાણી હતી. પરને જાણે છે તે સંતોએ વ્યવહાર કહ્યો છે. તેનો તેને નિષેધ આવ્યો.

૬૯૭

ચેતનામાં ચેતન જણાય છે માટે તો અનુમાન જ્ઞાનમાં આવી રહ્યો છે.

૬૯૮

ખરેખર જાણનાર જાણનાર જ છે, જાણનારને જ જાણ્યા કરે છે. અને જાણનાર જ જણાયા કરે છે.

૬૯૯

ભગવાન ! તું પરને જાણતો જ નથી. તો પર્યાયનું લક્ષ છૂટે છે અને "જાણનારો જણાય જાય છે."

૭૦૦

"જાણનારો જણાય છે" ખરેખર પર જણાતું જ નથી", શ્રદ્ધાનો વિષય સહેલો છે. જ્ઞાનનો વિષય કઠિન છે.

૭૦૧

જેમાં પાંચ મહાવ્રત જણાય છે તે જ્ઞાનમાં તો જાણનારો જ જણાય છે. તેથી સ્વપર પ્રકાશક તે સ્વપ્રકાશક જ છે.

૭૦૨

દરેક ઇચ્છા સ્વરૂપને જ પ્રસિદ્ધ કરે છે. એવી ઇચ્છા થાય છે કે મને આત્માનો અનુભવ થાય, તો તે ઇચ્છા પણ તારી સફળ થશે. કારણ કે "નિરંતર જાણનાર જ જણાય છે." તેવો અનુભવ તો થઈ રહ્યો છે. સ્વીકાર કરી લે !!

૭૦૩

"જાણનારો જણાય છે" તે વાક્ય બધાને માટે મંત્ર છે. દિવસનાં દશ વખત વિચાર કરવો અંગ્રેજીમાં કહે કે : કોઈને ક્રોધ આવ્યો હોય તો વન, ટુ, થ્રી તેમ ટેન સુધી બોલે તો ગુસ્સો ઠંડો પડી જાય. આ તો વાતો સાંભળી છે.

તેમ કોઈનો પિત્તો ફાટી ગયો હોય. શેઠનો નોકર ઉપર સાસુને વહુ ઉપર;



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પિતા હોય તો પુત્ર ઉપર, પુત્ર હોય તો પિતા ઉપર પિત્તો ફાટે ત્યારે "જાણનાર જણાય છે" તેમ દશ વખત બોલવું. પિત્તો ન ફાટે ત્યારે પણ બોલવું. દિવસમાં દશ વખત તો અવશ્ય આત્માને યાદ કરવો. આ શું કહ્યું ? "જાણનાર જણાય છે." તેમાં કોને યાદ કર્યો !! આત્મા જાણનાર છે ને ! આત્મા કરનાર નથી. આહાહા ! આ મહામંત્ર છે. આ તત્ત્વના વિચારમાં શુભ ભાવ તો થાય પણ મિથ્યાત્વ ગળવા માંડે. બીજુ કર્તાબુદ્ધિ હોય અને ક્રિયામાં શુભ ભાવ તો થાય, પણ મિથ્યાત્વ દૃઢ થાય. આહાહા !

લોકો શુભ ભાવને આગળ કરે છે, ત્યારે મિથ્યાત્વ તીવ્ર થાય છે, તે એને ખબર પડતી નથી. શુભ ભાવથી ધર્મ માને છે. આ ક્રિયા હું કરું છું. આહા ! "જાણનાર જણાય છે" તેમાં તો લક્ષ આત્મા ઉપર આવ્યું. બીજું બધું થઈ ગયું. આહા ! પરના લક્ષે જે પાપના પરિણામ થતા હતા, તે બંધ થઈ ગયા. આહા ! "જાણનાર જણાય છે બીજું કાંઈ જણાતું નથી."

૭૦૪

આહા ! આ મહામંત્ર છે. આવા મંત્રથી અનંતા આત્માઓ સિદ્ધપદને પામી ગયા છે. આવા મંત્રથી હોં ! આ મંત્ર આજકાલનો નથી, અનાદિનો છે. જેમ નમસ્કાર મંત્ર અનાદિનો છે ને ? આહા ! એમ આ મંત્ર પણ અનાદિનો છે. "જાણનાર જણાય છે" આ સમયસારમાં આવ્યું. બાળ-ગોપાલ સૌને ભગવાન આત્મા જણાય છે. "જાણનાર જણાય છે" આ કોઈ નવી વાત નથી, સમયસારની વાત છે. અરે ! "જાણનાર જણાય છે" તો મિથ્યાત્વ ગળવા માંડે છે, વળી તીવ્ર કષાયનાં પરિણામ પણ ઊભાં ન થાય : જીવોને કષાયની મંદતા કેમ કરવી તે પણ ખબર નથી.

૭૦૫

**જિજ્ઞાસા :** જ્ઞાન અને રાગ બન્ને એક સાથે ઉત્પન્ન પણ થાય છે અને તેવો આભાસ પણ થાય છે, તે સમયે જ્ઞાન રાગનું લક્ષ કેવી રીતે છોડે !!


**સમાધાન :** છોડે તો છૂટે. જ્ઞાયકનું લક્ષ થઈ જાય તો રાગનું લક્ષ છૂટી જાય છે, બસ છોડવું નથી ને કેવી રીતે છૂટે તે પકડી રાખવું છે. કાં તો રાગ મારામાં થાય છે; તે ધ્યેયની ભૂલ. કાં તો રાગને હું જાણું છું તે જ્ઞેયની ભૂલ. અનુભવ નહીં થાય. "જાણનારો જણાય છે રાગ જણાતો જ નથી ને મને."



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





અલ્યા રાગ છે ને ન જણાય ! છે ? ક્યાં છે પણ ? આની કોર અહીંયા (આત્મામાં) આવીને જો ને ! આની કોર આવીને જોઉં છું તો મારામાં રાગ નથી. રાગ હો તો હો ! હું તો શુદ્ધાત્મા પરમાત્મા છું. નિજ પરમાત્મામાં ભક્તિનો રાગ થાય કે નહીં ? જરાય ન થાય. સાધકને અસ્થિરતાનો રાગ થાય તો તેને પોતાનું સ્વરૂપ નથી જાણતાં; ભિન્ન જાણે છે.

### ૭૦૬

આત્માને યાદ કરતો કષાયની મંદતા સહેજે થાય. કર્તાબુદ્ધિ વિના થાય. એમાં આ શુદ્ધનયનો ઉદય થાય. જે જ્ઞાન શુદ્ધની સન્મુખ થયું તે જ્ઞાન પણ શુદ્ધ થઈ ગયું. 'શુદ્ધનય' શબ્દ છે ને ? એટલે શુદ્ધોપયોગને આત્માના શુદ્ધ સ્વભાવને પ્રગટ કરતો ઉદય થાય છે. શુદ્ધનય તે વિભાવને પ્રગટ કરતો નથી. અંત્તર્મુખ થયેલું જ્ઞાન એકલા "સામાન્યને અવલોકતું અને વિશેષને નહીં અવલોકતું." વિશેષ એટલે પર્યાય. પર્યાય હોવા છતાં પર્યાય ઉપરથી લક્ષ છૂટી જાય છે. દ્રવ્ય સામાન્ય ઉપર લક્ષ આવે છે.

લાડવાનું દૃષ્ટાંત આપ્યું હતું ને ? લાડવો દેખાય છે ને ભાણું ભરેલું છે પણ બીજું કાંઈ દેખાતું નથી.

### ૭૦૭

અનુભવનો કાળ આવે છે ને ત્યારે "જાણનાર જણાય છે." ત્યારે ઉપયોગ આત્મ સન્મુખ થાય છે. તેને શુદ્ધનય કહેવામાં આવે છે. આત્માના સ્વભાવનો ત્રિકાળ સ્વભાવ જે પારિણામીક ભાવ છે; નિત્ય નિરાવરણ છે, પ્રત્યક્ષ પ્રતિભાસમયી છે; તેવા આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદય થાય છે. એકલા સ્વપ્રકાશક જ્ઞાનમાં ભગવાન આત્મા અનુભવમાં આવે છે. પરના લક્ષે અનુભવ આવતો નથી.

### ૭૦૮

આત્મામાં રાગ નથી, આત્માના જ્ઞાનમાં પણ રાગ નથી. આવું જ્ઞાન પ્રત્યેક સમયે બધાને પ્રગટ થાય છે. જેમાં બાળ-ગોપાળ સૌને આત્મા જણાય રહ્યો છે. આહાહા ! જેમ રાગ અને જ્ઞાનની પર્યાયનું એકત્વ થઈ ગયું હોત તો જ્ઞાનની પર્યાય સ્વચ્છ ન રહેત. અને જો સ્વચ્છ ન હોત તો તેમાં જ્ઞાયકભાવનાં દર્શન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ન થાત. દર્શન થાય છે તે એમ બતાવે છે કે જ્ઞાન ઉપયોગને રાગ એ વખતે ભિન્નભિન્ન રહ્યા છે. જેમ રાગમાં આત્મા નથી જણાતો તેમ રાગને જ્ઞાન ઉપયોગ એકમેક થઈ ગયા હોય, તો તો ઉપયોગ મલિન થઈ ગયો હોય, ઉપયોગની સ્વચ્છતાનો અભાવ થઈ ગયો હોત તો આત્મા ન જણાત. અનુભવમાં ન આવત. સ્વચ્છતાનો સદ્ભાવ છે માટે આત્મા જણાય છે. "જાણનાર જણાય છે" તો શુદ્ધોપયોગ થઈ જાય છે. સ્વચ્છતા પ્લસ શુદ્ધતા પ્રગટ થઈ જાય છે. સ્વચ્છતા અનાદિની છે. અનુભવ થાય છે ત્યારે આનંદ આવે છે.

૭૦૯

યોગ્યતા પાકે ક્યારે ? જેને સ્વભાવનો પક્ષ છે એની યોગ્યતા પાકી ગઈ છે અને વ્યવહારના પક્ષવાળાની યોગ્યતા પાકી નથી, એમ જ્ઞાનીને ખ્યાલમાં આવે છે. જ્ઞાનીને ખ્યાલ આવે છે કે આ તો સ્વભાવના પક્ષમાં નથી. વ્યવહારના પક્ષવાળો આત્માથી દૂર છે. વ્યવહારનય દૂરવર્તી છે. દૂરાંદૂર વર્તી છે. ભગવાન આત્મા "હું તો શુદ્ધ છું; હું તો અભેદ છું; જ્ઞાયક છું; સામાન્ય છું. એવો જે નિશ્ચયનયનો વિકલ્પ છે, 'છે' વિકલ્પ ! પણ... તે વિકલ્પ નીકટવર્તી છે. નીકટવર્તી હોવાથી જેવો આત્માનો તાપ લાગે છે. જેમ શિયાળામાં ઠંડી લાગી હોય, અને અગ્નિ પાસે જાય તો ઠંડી ઊડી જાય છે. જ્ઞાયકનો તાપ એવો છે કે : "હું જ્ઞાયક છું"; "હું જ્ઞાયક છું"; "જાણનાર જણાય છે"; "જાણનાર જણાય છે" એવા નિશ્ચયના પક્ષમાં આવ્યો શું અને અનુભવ થયો શું ? એમ શાસ્ત્રમાં છે હોં આ બધી વાત ! અને જ્ઞાનીઓનાં અનુભવમાં પણ આવે છે.

૭૧૦

એ જ્ઞાનની દિવ્યતા છે કે "જ્ઞાનમાં બધાને જાણનારો જ જણાય છે."

૭૧૧

'નથી' શબ્દ છે તે ભેદજન્ય વિકલ્પના નાશ માટે છે. "જાણનારો જણાય છે પછી નથી જાણતો જાણનાર ને વગેરે...!"

૭૧૨

જાણનારનો જાણકાર હોવાથી પોતે જાણનારો જ છે. પોતે જ જણાય છે. પોતે જ જણાય છે તેવો પોતે જ જાણનાર છે. આમ જાણનારો જણાય છે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને જાણ ! તેમાં બધું જ આવી ગયું.



## ૭૧૩

વિશેષ અજ્ઞાનરૂપ જ્ઞાન પરિણામને કરે છે, એટલે અજ્ઞાનરૂપ અજ્ઞાન પરિણામને કરે છે. જ્ઞાનનું ડોકું મરડી નાખે છે. જ્ઞાનનું અજ્ઞાનત્વ કરી નાખ્યું. પ્રગટ તો જ્ઞાન જ થતું હતું, તેમાં પ્રગટપણે તન્મયપણે આત્મા જણાતો હતો પણ જ્યાં રાગ જણાય છે, ત્યાં જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું. આ રાગ મારો છે, હું રાગને કરું છું, રાગ મારો, આખો સંસાર ઊભો થયો. રાગ જ્ઞાતાનું જ્ઞેય છે તેમ જાણવાના કાળે ભૂલે છે. પણ આ "જાણનારો જણાય છે" તેનાથી રાગ ભિન્ન જણાય છે, તેનું ભેદજ્ઞાન કરતો નથી.

(૧) રાગ જ્ઞાનમાં આવતો નથી. (૨) જ્ઞાન રાગને જાણતું નથી, (૩) જ્ઞાનમાં રાગ જણાતો પણ નથી કેમકે ભિન્ન છે (૪) જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે અને જ્ઞાન જ્ઞાયકને જાણે પણ છે.

## ૭૧૪

બધું જ જણાય છે તે જ્ઞેયાકાર છે, તેવો એક "જાણનારો જ જણાય છે" તે જ્ઞાનાકાર છે.

## ૭૧૫

જાણનાર ને જ જાણી રહ્યો છે તે પરમગુરુ છે.

## ૭૧૬

ભેદવિજ્ઞાન જેનું મૂળ છે; "જાણનાર જણાય છે ને પર જણાતું નથી." એનું નામ ભેદવિજ્ઞાન છે. અકર્તા છું ને કર્તા નથી, બે જ દોષ છે. ઝાઝું તો કાંઈ નથી. ઝાઝું હોય તો યાદ ન રહે. આ તો બે જ વાત છે. પરનો કર્તા નહીં ને પરનો જ્ઞાતા નહીં. આવા ભેદજ્ઞાનથી આત્માનો અનુભવ થાય છે.

## ૭૧૭

અનાદિ કાળથી લક્ષ બહાર છે અને જ્ઞાનમાં જાણનાર જણાય છે એ વાત એણે કોઈ કાળે સાંભળી નથી; અને સાંભળી હોય તો એ વાત એને બેસતી નથી. એક તર્ક આવ્યો ! તર્ક કરી શકાય કે : વર્તમાન વર્તતા જ્ઞાનમાં, પર્યાયમાં આત્મા જણાતો હોય તો એને સમ્યક્દર્શન એટલે આત્માનો અનુભવ થઈ જવો જોઈએ. તો સમ્યક્દર્શન તો નથી. જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે. "આ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જ્ઞાયક જણાય છે તે હું" તેવી આત્મબુદ્ધિ ક્યાં કરે છે ? અને પર, દેહાદિ જણાય છે તેમ ગ્રહે છે.

એ જ્ઞાનમાં સ્વપર બન્ને જણાતાં હોવા છતાં સ્વના પ્રતિભાસ ને ઉપયોગાત્મક કરીને પકડતો નથી. પરનો પ્રતિભાસ થાય છે તેને ઉપયોગાત્મક કરીને પકડે છે. આ નવીનભાઈ છે... આ ફલાણાભાઈ છે તેમ પરજ્ઞેયને ઉપયોગાત્મક કર્યું.

તેમ જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે, સમયે સમયે જ્ઞાયક જણાય છે, તેનો તિરોભાવ કરે છે. અને આનો (પરનો) આવિર્ભાવ કરે છે. આ નથી જણાતું મને મારો જાણનાર આત્મા જણાય છે તેને ઉપયોગ પકડી લ્યે છે. જણાય છે માટે જણાવો સહેલો છે. જણાતો ન હોય તે મુશ્કેલ છે. બધાને આત્મજ્ઞાન થઈ જાય તેવી સહેલી વાત છે.

## ૭૧૮

બે તત્ત્વ તદ્દન ભિન્ન ભિન્ન છે. એકમાં બીજાનો અભાવ છે. જીવ તત્ત્વમાં રાગાદિ આસ્રવનો અભાવ છે. અને બધાને જે જ્ઞાનમાં આત્મા જણાય છે એવા સામાન્યજ્ઞાનમાં પણ આસ્રવનો અભાવ છે. રાગાદિ ઉપયોગમાં આવતા નથી. રાગાદિનો પ્રતિભાસ થાય તે વખતે ભેદજ્ઞાન કરે છે; "મને જાણનારો જણાય છે", રાગનો પ્રતિભાસ થવા છતાં રાગનું લક્ષ છૂટી જાય છે. રાગનું લક્ષ છૂટતાં જ જ્ઞાયકનું લક્ષ થાય તે વખતે નિર્વિકલ્પ ધ્યાનમાં સમ્યક્દર્શન, જ્ઞાન પ્રગટ થાય છે. આવું સમ્યક્દર્શન થયા પછી ચારિત્રની વાત આવે.

## ૭૧૯

વ્યવહાર રત્નત્રયનાં પરિણામનો ભેદ તે વ્યવહાર નથી. નિશ્ચય રત્નત્રયનાં પરિણામનો ભેદ તે વ્યવહાર છે. આ ગળપણ સાકરનું છે. આ ગળપણ જે છે ને તે સાકરની છે, એટલો ભેદ વ્યાજબી છે. પણ આ સાકરની કડવાશ છે એ તો છે જ નહીં. સાકરનું ગળપણ છે તેમાં એ સ્વાદ નહીં આવે. સાકર ગળી છે... સાકર ગળી છે... સાકર ગળી છે... સાકર ગળી છે... પછી મોંમાં મૂકશે. બોલ હવે સાકર ગળી છે. (મોં બંધ થઈ ગયું મૌન.)


જ્યાં ગાંગડો મોંમાં મૂક્યો કેવી છે સાકર ? જ્યાં સ્વાદ લ્યે છે ત્યાં વિકલ્પ બંધ થઈ જાય છે. વાચા બંધ થઈ જાય છે. મૌન છે. એકલો સ્વાદ લ્યે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





એમ જાણનાર જણાય છે મને એવો માનસિક વિચાર પણ છૂટી જાય છે. અને સાક્ષાત અનુભવ થાય છે. તેને સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર કહેવામાં આવે છે.

૭૨૦

આત્મા ખરેખર પરને જાણતો જ નથી. "જાણનાર જ જણાય છે." તેમાં આત્માનો સાક્ષાત અનુભવ થાય છે. પ્રગટ કરવાની અપેક્ષાએ પ્રયોજનની સિદ્ધિ થાય છે. **મિથ્યાદર્શન હોવા છતાં તેના જ્ઞાનમાં સ્વપર પ્રકાશક ગયું નહીં. તેના જ્ઞાનમાં પણ અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા જણાઈ રહ્યો છે. સ્વપર પ્રકાશક ગયું નહીં.**

૭૨૧

મને એક "જાણનારો જ જણાય છે" તે જ પ્રેક્ટિકલ છે.

૭૨૨

એકને (પરને જાણું છું ઈ ભ્રાંતિ છે. તેમજ બેને (સ્વપરને) જાણું છું ઈ... પણ ભ્રાંતિ છે.

**જિજ્ઞાસા :** ભ્રાંતિ કેમ કહ્યું ?

**સમાધાન :** તેમાં સ્વપરની એકતા થાય છે. જુદાઈ નથી. જાણનારો જણાય છે ને પર જણાતું નથી તેમાં તો ભેદ જ્ઞાન છે. તેમાં તો અંત્તરમાં વયો જાય છે.

૭૨૩

"થવા યોગ્ય થાય છે તેને જાણવા રોકાય તો જાણનાર ન જણાય, પર્યાય જણાય તો દ્રવ્ય ક્યાંથી જણાય ? પર્યાય પણ જાણનાર દ્રવ્ય થઈને, અભેદ થઈને જણાય છે.

૭૨૪

**સ્વપર પ્રકાશક તે મૂળ સ્વભાવ છે. તેનો વ્યવચ્છેદ થઈ શકતો નથી. પણ... એમાંથી કોઈ વિચિક્ષણ જીવ છે તે એમ લ્યે છે કે : "જાણનારો જ જણાય છે", પર જણાતું નથી તે અસ્તિ-નાસ્તિ અનેકાંત છે.**

૭૨૫

"જાણનાર છું અને જાણનાર જણાય છે" પછી પર નથી જણાતું ઈ...



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યાદ નહીં કરવાનું પછી ઈ... વિકલ્પ તૂટી જાય છે.



૭૨૬

"ઉપજે મોહ વિકલ્પથી"; ઇન્દ્રિયજ્ઞાનથી મોહની ઉત્પત્તિ તો થઈ ગઈ. હવે ટળે કેમ ? કેટલું દાન આપે ત્યારે ટળે ? કેટલા ઉપવાસ કરે ત્યારે મોહ ટળે ? કેટલી જાત્રા કરે તો મોહ ટળે ? કેટલા પદાર્થોનો ત્યાગ કરે તો મોહ ટળે ? ત્યારે શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું !! શું કહ્યું ?

"અંત્તર્મુખ અવલોકતાં વિલય થતાં નહીં વાર." જે ઉપયોગ બહિર્મુખ ગયો છે, એ ઉપયોગ અંદરમાં જાણનારને જાણે ત્યારે મોહની ઉત્પત્તિ થતી નથી. ત્યારે તેણે મોહનો ક્ષય કર્યો કહેવામાં આવે છે. ખરેખર તો ક્ષય પણ નથી કરતો પણ આત્માના અનુભવના કાળે મોહની ઉત્પત્તિ થાય જ નહીં. "અંત્તર્મુખ અવલોકતાં વિલય થતાં નહીં વાર."

૭૨૭

**જિજ્ઞાસા :** "જાણનારો જણાય છે" તેનું કારણ શું છે ?

**સમાધાન :** જ્ઞાન અને જ્ઞાયક તાદાત્મ્ય છે માટે જાણનારો જણાયા જ કરે છે. અને આ જણાય છે તે તો "હું જ છું" એમ જો લ્યે તો અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે.

૭૨૮

"જાણનાર જ જણાય છે" તેની મને પૂરી જાણકારી છે; કેમકે તે અનાદિથી જાણવામાં આવી રહ્યો છે.

૭૨૯

"જાણનારો જણાય છે" તેવા જાણનારને જાણે છે ત્યારે અનુભવ થાય છે. અને જે વાતથી અનુભવ થાય તે જ આત્માનો ત્રિકાળ સ્વભાવ છે.

૭૩૦


જાણનાર... જાણનાર... જાણનાર છે. તેમાં કરવું ક્યાંય આવતું નથી. કરવું ન હોય. જાણવું..., જાણવું, જાણવું જ આવે; પણ... કરવું, કરવું, કરવું આવતું જ નથી. કરવું ઈ... તો અજ્ઞાનમાંથી આવે છે. જ્ઞાનમાંથી કરવાનો ભાવ ન ઊઠે. જે જાણનાર જાણવાપણે જણાયોને તે જાણવાપણે પરિણમે છે. તેવા સાધકને હું આને કરું છું તેવો કરવાનો ભાવ ઉત્પન્ન થતો નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





બંધને કરતો નથી, મોક્ષને કરતો નથી. કેમકે પર્યાય તેના સ્વકાળે "થવા યોગ્ય થાય છે." આ કર્તાબુદ્ધિ ટાળવાનો મહામંત્ર છે. આ સર્વજ્ઞ પરમાત્માની દિવ્ય ધ્વનિમાંથી આવેલો મહામંત્ર છે. "થવા યોગ્ય થાય છે અને જાણનારો જણાયા કરે છે." પોતાના પરિણામ કે પરનાં પરિણામ "થવા યોગ્ય થયા કરે છે, અને જાણનારો જણાય છે." એકવાર જાણનારો જણાય છે પછી જાણનારો જણાયા જ કરે છે. એક વખત જાણનારો જણાય તો સમ્યક્દર્શન. પછી જાણનારો જણાયા કરે તો ચારિત્ર છે. બે વાત છે.

## ૭૩૧

જાણનારનો જાણનાર હોવાથી જ્ઞાતા છું, તે મિથ્યા એકાંત નથી. આ તો સ્વભાવ છે. અને સ્વભાવમાં એકાંત જ હોય છે.

## ૭૩૨

**જાણનાર જ જાણવામાં આવી રહ્યો છે તે ત્રિકાળ સ્વભાવ બતાવ્યો. અને આવા સ્વભાવનો સ્વીકાર તેમાં અનુભવની વિધિ બતાવી.**

## ૭૩૩

પરિણામના પક્ષમાં વિકલ્પ છે. દ્રવ્યનાં પક્ષમાં પણ વિકલ્પ છે. મધ્યસ્થ નથી થતો ઈ...! તો શું કરવું હવે ? "જ્ઞાયકભાવ હું છું" એમ જ્યાં ઉપયોગ અંદરમાં જોડાઈ ગયો... ત્યાં દ્રવ્યનો જે પક્ષ હતો એકાંતનો તે નીકળી ગયો, અને પરિણામનો પક્ષ પણ નીકળી જાય છે; અને પરિણામ દ્રવ્યરૂપે થઈ જાય છે. દ્રવ્યમયી થઈ જાય છે. અનન્ય થાય છે. ત્યારે એને એ પ્રકારનો વિકલ્પ છૂટીને પક્ષપાત છૂટી અને ઈ... પરિણામમાં અનુભવ છે. ભેદથી એમ કહેવાય કે પરિણામમાં અનુભવ છે. ઈ... જુદી વાત છે. પરિણામનો પક્ષ હતો તેમાં તો અનુભવ ન થાય., પણ એકલા દ્રવ્યના પક્ષમાં પણ અનુભવ ન થાય. ત્યારે હવે શું કરવું ? પક્ષપાત છોડી દે અને દ્રવ્ય સામાન્યની અંદર આવી જા.

મને તો જ્ઞાયક જણાય છે. "મને તો જાણનાર જણાય છે." તો તે પરિણામ પોતે પરિણામ ન રહેતાં તે પરિણામનું નામ પરિણામી થઈ જાય છે.

## ૭૩૪

લક્ષણ પ્રગટ છે. પ્રગટ લક્ષણમાં બધાને આત્મા અનુભવમાં આવે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પ્રત્યક્ષ પ્રતિભાસ થાય છે. જણાય તો છે પણ એને જાણતો નથી...! જણાય છે... પણ એને જાણતો નથી. એ બહારમાં આને જાણે છે.

એ જ્યારે અંદરમાં કાળ આવે છે ને "જાણનાર જણાય છે..." "જાણનાર જણાય છે", "જાણનાર જણાય છે" એવું ઘોલન અંદરમાંથી જ્યારે ઊપડે છે એમાં જ્ઞાન નવું પ્રગટ થાય છે. અનંતકાળથી નહીં થયેલું. આ મંત્રમાં જ હોં !! આ મંત્રમાં બાર અંગનો સાર છે. બહારથી સાધારણ લાગે છે. "જાણનારો જણાય છે. જાણનારો જણાશે એમ નહીં. જાણનારો જણાય છે બધાને" ! પ્રત્યેક સમયે જાણનાર જણાય છે... ને રાગ જણાતો નથી. છ દ્રવ્ય જણાતાં નથી. આહા ! છ દ્રવ્યને જાણનારું ઇન્દ્રિયજ્ઞાન જુદું છે. અને સામાન્ય ઉપયોગમાં આત્મા જણાય છે એ જુદી ચીજ છે. સમય એક, પર્યાય એક; ભાગ બે છે. અજ્ઞાનીને પણ બે ભાગ છે. બાળગોપાળ સૌને અનુભવમાં આવે છે; એમ કહ્યું ને !

૭૩૫

જાણનાર છું અને જાણનાર જણાય છે ત્યાં અજ્ઞાન કેવું ?

૭૩૬

આત્માનો સ્વભાવ જ્ઞાન છે, જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવાનો છે. "જાણનારો જણાય છે" એમ લેશો તો ઇન્દ્રિયજ્ઞાન રોકાઈ જશે. જ્ઞાન જ્ઞેયોથી પાછું વળી જશે. આ રીતે પર લક્ષ છોડીને, જ્ઞાનને સ્વભાવ તરફ વાળીને... જાણનારને જાણવામાં રોકવાથી, જાણનારને જાણ્યા કરવાથી... તમારું કામ થઈ જશે, તમારું હિત થશે.

જાણનારને જાણવાનો પુરુષાર્થ કરતાં બહિર્મુખી જ્ઞાન રિબાઉન્ડ થઈને અંતર્મુખી થશે. સ્વભાવ સન્મુખ થશે. આ ભેદજ્ઞાનની વિધિ છે.

૭૩૭

પર્યાયની ઉપેક્ષા થઈ શું અને "જાણનારો જણાયો શું" ?!

૭૩૮

જ્ઞાન જણાય છે તેમ લેતાં "જાણનાર જણાય છે" તેમ આવી જાય છે. કેમકે વસ્તુ એક છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૭૩૯

**જિજ્ઞાસા :** જાણનાર જણાય છે એ તો વિકલ્પ છે ?

**સમાધાન :** વિકલ્પ નથી એ તો મોક્ષ છે.

૭૪૦

જાનન ક્રિયા તે જાણનારની જ ક્રિયા હોવાથી જાણનારને જ જાણે છે.

૭૪૧

શું જાણવામાં આવે છે ? શું જાણવામાં નથી આવતું એ વાત મુનિરાજ ઘેર બેઠા કરે છે. તમને જાણનાર જ જણાય છે. પર જાણવામાં આવતું નથી. આટલું બોલીને મુનિરાજ બંધ થઈ જાય છે. કેટલી દુર્લભ વાણી છે ?

૭૪૨

જીવપદમાં દેહ જણાય છે કે : "જાણનાર જણાય છે."

૭૪૩

રાગ જાણવામાં આવતો નથી; "જાણનાર જ જણાય છે. આ જ ભ્રાંતિ ટાળવાનો ઉપાય છે.

૭૪૪

"પરિણામ સ્વયં થવા યોગ્ય થાય છે." તો હું કોણ છું ? એનો કરનાર છું ? 'નહીં.' તો એનો જાણનાર છું ? 'નહીં.' થવા યોગ્ય થાય છે. એનું લક્ષ દ્રવ્ય સામાન્ય ઉપર આવી જાય છે, ને "જાણનારો જણાય જાય છે."

જાણનારો નવતત્ત્વને કરે છે... એમ નથી. જાણનારો... નવતત્ત્વનાં ભેદને જાણવા રોકાય એ જાણનાર નથી. એ... નવતત્ત્વ કરતો એ નથી અને એને જાણતો એ નથી. જાણનારને જ જાણે છે.

ભૂતાર્થનયે નવતત્ત્વને જાણતાં સમ્યક્દર્શન થાય, થાયને થાય. નવતત્ત્વ વ્યવહારનયનો વિષય છે. એ વ્યવહારનયનાં વિષયને ભૂતાર્થનયે-પરમાર્થનયે જાણ ! વ્યવહારનયનો વિષય ? તેને નિશ્ચયનયે જાણવું ? 'હા.' વ્યવહારનયના વિષયને વ્યવહારનયથી જાણે તો કર્તાબુદ્ધિ રહી જશે. થવા યોગ્ય થાય છે એમ ખ્યાલ નહીં આવે. પણ તેને ભૂતાર્થનયથી જાણે કે પર્યાય સત્, અહેતુક, થવા યોગ્ય થાય છે, એના સ્વકાળે થાય છે... પરિણામનો હું કર્તા નહીં.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પરિણામનું લક્ષ આવે તો કર્તાપણું ને જ્ઞાતાપણું દેખાય ને ! પરિણામનું લક્ષ રહે તો પરિણામની કર્તાબુદ્ધિ થાય. પરિણામનું લક્ષ રહે તો પરિણામ જ્ઞેય થાય. પણ પરિણામનું લક્ષ છૂટ્યું... કર્તાબુદ્ધિ છૂટી... જ્ઞાતા બુદ્ધિ છૂટતાં અભેદ સ્વભાવમાં આવે છે. અનુભવ થાય છે. તેને નવતત્ત્વને જાણતાં સમ્યક્દર્શન થયું એમ કહેવામાં આવે છે.

**૭૪૫**

બીજું જણાતું નથી એમ જ્યાં સુધી નહીં આવે ત્યાં સુધી "જાણનાર જણાય છે" એવો વ્યવહારે વિશ્વાસ પણ નહીં આવે.

**૭૪૬**

પરિણામનાં બે પ્રકાર. એક કર્મના પરિણામ અને એક નોકર્મનાં પરિણામ. એ જ્ઞાનમાં પ્રતિભાસે છે. **કરે છે પુદ્ગલ અને જણાય છે જ્ઞાનમાં, ત્યારે એ જ્ઞાનમાં "જાણનાર જણાય છે" એને ભૂલીને આને હું કરું છું એમ કર્તાબુદ્ધિ કરે છે. આ મોટું શલ્ય છે. આ શલ્ય કાઢવા માટે કર્તાકર્મ અધિકાર લખવામાં આવ્યો છે.**

**૭૪૭**

જિજ્ઞાસા : કેવો આત્મા જણાય છે ?

**સમાધાન** : પર્યાયને કરે એવો આત્મા મને જણાતો નથી. તેમજ પર્યાયને જાણે એવો આત્મા મને જણાતો નથી. **મને તો પર્યાયને ન કરે અને ન જાણે એવો "જાણનાર જણાય છે."**

**૭૪૮**

દુઃખને ભોગવે છે એવું દુઃખ થાય છે તમને ?


દુઃખને આત્મા ભોગવે છે એ વાત કરવા માટે તમારે મારી તબિયતનાં ખબર કાઢવા ન આવવું. મને એનું સ્મરણ કરાવશો માં...! આહાહા ! મને એવું સ્મરણ કરાવો કે ભગવાન આત્મા તો દુઃખના કાળે પણ દુઃખનો ભોક્તા નથી. અને "જાણનાર જણાય છે." દુઃખનો ભોક્તા તો નથી પણ દુઃખનો જ્ઞાતા પણ નથી.

**૭૪૯**

નિશ્ચયના પક્ષમાં આવીને કહે છે કે "મને જાણનાર જણાય છે." ખરેખર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



મને પર જણાતું નથી. ભાવથી હોં ! ભાષાથી નહીં. ભાષા જુદી ને ભાવ જુદો છે. ભાષા બોલે છે એને આ ભાવ છે એમ ન સમજી લેવું. હા; નહીંતર છેતરાઈ જશો. પણ એમાં અંદરમાં જે એનું વાચ્ય છે, તેનું ભાવભાસનમાં પરિણમન થવું જોઈએ. પ્રથમ ભલે માનસિક પરિણમન તે પરથી છૂટતું અને સ્વ તરફ વળતું એવું એક જ્ઞાન પ્રગટ થાય છે.

૭૫૦

"જાણનાર છું ને જાણનારો જણાય છે મને" ખરેખર પરમાર્થે બીજાને નમસ્કાર કરવાની મારામાં અયોગ્યતા પડી છે. પ્રકાશ નામની શક્તિ છે તેથી વેદ્ય પણ પોતે અને વેદક પણ પોતે જ છે.

૭૫૧

જાણનારો કર્તાને; જણાયો ! સામાન્ય સ્વભાવ તે કર્મ, એવું કર્તાકર્મ છે; પણ એવું નથી ત્યારે અનુભવ થાય છે. એવું છે ત્યાં સુધી અનુભવ ન થાય. પણ રાગનો કર્તા એ વાત તો અહીં છે જ નહીં. દિલ્હી બહુ દૂર છે. એની તો અહીં વાત જ નથી. એ તો અજ્ઞાન ઉત્પન્ન કર્યું એણે.

૭૫૨

જે જ્ઞેય થાય તે કર્મ થઈ જાય. પર્યાયો છે પણ એ જ્ઞાનનું જ્ઞેય નથી. એટલે તે કર્તાનું કર્મ પણ નથી. રાગ જણાય તો કર્તાનું કર્મ કહેવાય, પણ રાગ જણાતો નથી. જ્યારે "જાણનારો જણાય છે" "ત્યારે ઉપશમ સમ્યક્દર્શન થાય છે. પ્રથમ અનાદિ મિથ્યાદૃષ્ટિ હોય તેને ઉપશમ થાય. સાદિ મિથ્યાદૃષ્ટિ હોય તેને આ કાળમાં ઉપશમ ન થાય પણ ક્ષયોપશમ થાય. કેમકે બીજી વખતે ઉપશમ થવાનો કાળ તો વચ્ચેનો બહુ લાંબો ગાળો છે.

૭૫૩

અનુભવ પહેલાં આત્મા અનુમાનમાં આવી જાય છે. એકલો પ્રતિભાસ નથી, પણ... પ્રતિભાસથી કાંઈક વિશેષ પણ છે. એને પ્રથમ પરોક્ષ અનુભૂતિ થાય છે. એને સવિકલ્પ સ્વસંવેદન કહેવાય છે. "જાણનારો જણાય છે"; "જાણનારો જણાય છે"; એ પરોક્ષમાં આવી જાય છે.

૭૫૪

આ ઉપયોગમાં આત્મા જણાય રહ્યો છે. "જાણનાર જણાય છે." એમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





થોડીકવાર થોડીકવાર હોં !! ઝાઝી વાર નહીં. થોડીકવાર થાય તો ઉપયોગ સૂક્ષ્મ થવા માંડે... સૂક્ષ્મ થતો થતો... સૂક્ષ્મ થઈને; સૂક્ષ્મને પકડી લ્યે છે. ત્રિકાળી દ્રવ્યને પકડી લ્યે છે ઉપયોગ.

૭૫૫

લક્ષ ફરે છે. પર્યાય પર્યાયમાં રહી ગઈ. પર્યાયને ટાળવી નથી. લક્ષને ફેરવવું નથી. ફરી જાય છે એમ કહ્યું. "જાણનારો જણાય છે" એમાં લક્ષ ફરી જાય છે.

૭૫૬

થવા યોગ્ય થાય છે એમ હું એને જાણું છું. એને જાણે ત્યાં સુધી "જાણનાર ન જણાય." એને હું કરું છું ત્યાં સુધી "જાણનાર ન જણાય." પર્યાયના ભેદને હું જાણું છું ત્યાં સુધી આત્માનાં દર્શન ન થાય. "થવા યોગ્ય થાય છે" એમાં કર્તાબુદ્ધિની નિવૃત્તિ થાય છે. અને હવે અંત્તરથી જુએ તો સામાન્ય જણાય છે ત્યારે નવતત્ત્વના ભેદ વિશેષ જણાતાં નથી તો એમાં જ્ઞાતાબુદ્ધિ ગઈ.

૭૫૭

અરે ! નિયમસારમાં એક ગાથા છે એમાં આચાર્ય ભગવંત કહે છે કે : આ સાત તત્ત્વો જે છે એ પરદ્રવ્યનો સમૂહ છે. એનાથી અમારી દૃષ્ટિ પરાઙ્મુખ છે. સવિકલ્પ દશામાં અમે નવતત્ત્વના ભેદને જાણતા નથી. "જાણનાર જણાય છે બીજું કાંઈ જણાતું નથી." સાધકની કોઈ એવી અપૂર્વ દશા હોય છે અજ્ઞાનીને ખ્યાલ ન આવે.

૭૫૮

પર્યાયને જાણવાનું બંધ ક્યારે થાય ? કે : જાણનારને જાણે ત્યારે. આ પર્યાય છે; તેને મારે જાણવી નથી તો એમ જાણવાનું બંધ નહીં થાય.

૭૫૯

મુનિરાજને ઉપદેશ આપવાનો પ્રતિબંધ નથી. કોઈવાર ક્યારેક અમૃત ઝરે છે. "તને જાણનાર જણાય છે, અને પર જણાતું નથી." એ તમને ઘેર બેઠાં અનેક વાર મળી રહ્યું છે.

૭૬૦


"જાણનારો જણાય છે" એમ આવતાં "જાણનારો જણાય જાય છે." પર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જણાય છે, સ્વપર જણાય છે; એ જ્ઞાનનો દ્રોહ છે. **અરે ! જ્ઞાન સામાન્યના પક્ષમાં રોકાય અને પરિણામીને જાણવાની ના પાડે છે એ પણ જ્ઞાનનો દ્રોહ છે.**

૭૬૧

તીર્થંકર પરમાત્માની દિવ્ય ધ્વનિમાંથી આવેલી વાત છે. ''પરિણામ થવા યોગ્ય થાય છે.'' એમ જેને બેસે છે તેની કર્તાબુદ્ધિ છૂટી ગઈ. ''જાણનારો જણાય છે'' તેને પરને જાણવાનું બંધ થઈ જાય છે. કર્તાબુદ્ધિ છૂટી શું અને ''જાણનારો જણાયો શું'' !? કરવું અને જાણવાનું ગયું શું અને દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી જાય છે. અને અનુભવ થઈ જાય છે.

અત્યારે આ દિવ્ય ધ્વનિ છૂટે છે ''થવા યોગ્ય થાય છે, જાણનારો જણાય છે'', તે દિવ્ય ધ્વનિના શબ્દો કાન ઉપર આવે છે. પર્યાયને જાણવું તે બે નંબરનો વ્યાપાર છે. દ્રવ્યને જાણવું તે એક નંબરનો વ્યાપાર છે. પર્યાયથી અભેદ જ્ઞેયને જાણવું તે એક નંબરનો વ્યાપાર છે. ત્રિકાળી અભેદને જાણે તે નિશ્ચય. ક્ષણિક અભેદને જાણે તો અંદરનો વ્યવહાર છે.

૭૬૨

જે જણાયો તે જાણનાર જ છે. જેમાં જણાયો છે ઈ... પણ જાણનાર જ છે. જેમાં જણાણો ઈ... પણ અભેદ, અને જે જણાયો ઈ... પણ અભેદ.

૭૬૩

આની મહિમાનો કોઈ પાર નથી, એવી આ વાતો છે. ''જાણનારો જણાય છે.'' તે તો ખરેખર જાણનાર જ છે. ''જાણનારો જણાય છે'' તે પર્યાય ખરેખર જાણનારની જ છે. એટલે અભેદથી તે જાણનાર જ છે.

૭૬૪

ટૂંકો સાર → જાણનાર જણાય રહ્યો છે; તેને જાણવાનું છોડીને તું પરને જાણવા રોકાઈ ગયો. તેમાં અટકી ગયો.

૭૬૫

હે ! પ્રભુ ! હું તારી ક્ષમાપના માગું છું. અનંતકાળથી જાણનારો જણાય છે છતાં મેં નકાર કર્યો છે. તું નથી જણાતો ને આ પર જણાય છે. આહાહા ! અકર્તા ને કર્તા માન્યો અને પરનાં જ્ઞાતાને, (વ્યવહારને) જ્ઞાતા માન્યો. નિશ્ચયે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





એ મારો અપરાધ થયો. અકારક-અવેદક એવો આત્મા "જાણનાર મને જણાય છે" એમ જ્યાં અંતરૂદૃષ્ટિ કરી ત્યાં અનુભવ થાય છે. પછી એ પર્યાયને કરે છે એમ કહેવું ઉપચાર, અને પર્યાયને જાણે છે તેમ કહેવું તે પણ ઉપચાર છે.

૭૬૬

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયને જાણવાના કાળે પણ જ્ઞાયક જ જણાય છે. જ્ઞાયક જણાય છે ત્યારે કહે છે કે : જ્ઞેયને જાણવાનાં કાળે જ્ઞાયક જ જણાય છે. પર નથી જણાતું પરંતુ જ્ઞાન જણાય છે. પર જણાય છે ત્યારે "જાણનારો જ જણાય છે." ભેદથી જ્ઞાન જણાય છે તેમ કહેવાય છે. અને અભેદથી કહીએ તો જ્ઞાયક જ જણાય છે.

૭૬૭

જ્ઞેયનાં જાણવાનાં કાળે "જાણનારો જણાય છે." ઊંઘમાં પણ "જાણનારો જણાય છે." સાપેક્ષ જ્ઞાનને લ્યો તો તેમાં પણ "જાણનાર જણાય છે." અને નિરપેક્ષ જ્ઞાન લ્યો તો તેમાં પણ "જાણનાર જણાય છે." જાણે છે તો જ્ઞાન જ્ઞાનને જ, પરંતુ ઉપચારથી કહેવાય કે પર જણાય છે. જ્ઞાનના પર્યાયને સાધક જાણે છે તે અનુપચાર છે.

૭૬૮

**જિજ્ઞાસા :** અમારે ક્યાંથી શરૂઆત કરવી ?

**સમાધાન :** પ્રથમ આત્માને જાણવો. ઉપયોગમાં જાણનાર જણાય છે તેને જાણવો. ત્યાંથી શરૂઆત કરવી.

૭૬૯

આત્મા તો કેવળ જ્ઞાતા જ છે. કર્તા નથી આત્માને જાણતાં, જાણતાં (બારમી ગાથા) પર્યાયને જ્ઞેયપણે જાણે છે ને !? દ્રવ્યથી જુદા પરિણામ થાય છે. દ્રવ્યને પરિણામ અડતાં નથી. અભેદને જાણતાં જાણતાં ભેદને જાણે છે. ઈ... જે ભેદને જાણે છે તે સવિકલ્પ છે.

મને તો જાણનાર જણાય છે; મને તો જાણનાર જણાય છે. પરિણામ પરદ્રવ્ય છે તેથી મને જણાતાં નથી. હેં ? પરિણામ પરદ્રવ્ય છે ? જણાતાં નથી. ફરીથી અંદરમાં વયો જાય છે. આવી સાધકની સ્થિતિનું વર્ણન સાધક લખે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે. જે સાધક હોય તે સાધકને જાણે. જે સાધક નથી તે સાધકને જાણતો નથી. જે ધ્યેયને જાણતો નથી તે જ્ઞેયને જાણતો નથી. સાધ્યને પણ જાણતો નથી. સાધકને જાણવા જાય તો સાધક થઈ જાય.

૭૭૦

થવા યોગ્ય થયા કરે છે તો કર્તાબુદ્ધિ ગઈ, અને "જાણનારો જણાયા કરે છે." એટલે પર્યાયને જાણવાનું બંધ કર્યું એટલે જ્ઞાતાબુદ્ધિ ગઈ. દિવ્ય ધ્વનિમાં આજ આવી રહ્યું છે એમ કાન ઉપર સંભળાય છે.

૭૭૧

"જાણનારો જણાય છે" આ ફંકશન અકૃત્રિમ છે. તેને કોઈ બંધ કરી શકતું નથી. અજ્ઞાનમાં એવી તાકાત નથી કે ફંકશનને બગાડી શકે.

૭૭૨

"જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જ જાણે છે." જણાશે એમ નથી લખ્યું. તને જાણનાર જ જાણવામાં આવી રહ્યો છે, તેથી પરની અનુભૂતિ થવી અશક્ય છે, અને જાણનારની અનુભૂતિ છૂટવી અશક્ય છે.

૭૭૩

"જાણનારો જણાય જ છે." એ તો સદા ઉત્પાદમાં જણાય જ છે. એમાં પ્રયત્ન નથી. એક વિશ્વાસ આવવો જોઈએ કે હું જણાય જ રહ્યો છું. પરજ્ઞેયને જાણવામાં જે મહેનત પ્રયત્ન કરવો પડે છે તેમાં તો થાક લાગે છે.

૭૭૪

અભેદને અભેદરૂપે અનુભવું છું. "જ્ઞાયક જ છું." એમાં ધ્યેય જ્ઞેય બન્ને આવી ગયા. "ચેતનારો તે જ હું છું" એમાં પણ ધ્યેય જ્ઞેય બન્ને આવી ગયા. **"જાણનારો જણાય છે" તેમાં હજુ ભેદ છે. "જાણનારો જ હું છું" એમાં અભેદ થઈ ગયો.**

૭૭૫

જે પોતાથી ભિન્ન છે તેને જાણે ? અને જે પોતે પોતાથી કથંચિત અભિન્ન છે તેને કેમ ન જાણે ? એ કેવું આશ્ચર્ય ?! શ્રીમદ્‌જી કહે છે... "ઘટપટ આદિને જાણ તું તેથી તેને માન, જાણનારને માન નહીં કહીએ કેવું જ્ઞાન."

આ પર જણાય છે કે : "જાણનારો જણાય છે." બસ પરથી ઉપયોગ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ખસેડી આત્મામાં લગાવ. બસ પોતાનો ઉપયોગ વળી જાય છે. પરને જાણવામાં તો ઉપયોગ લગાવવો પડે. આ તો પોતાનો ઉપયોગ પોતાને સહજ જાણી લ્યે છે. જે હાથને જાણે તે શું પોતાના શરીરને ન જાણે ? તેમ જ્ઞાન પરને જાણે તે પોતાને કેમ ન જાણે ?

૭૭૬

પરને જાણવાનું સર્વથા બંધ કર. અને આ જાણનાર જાણવામાં આવી રહ્યો છે તેને આનંદપૂર્વક જાણ.

૭૭૭

અનાદિથી કર્મકૃત રાગાદિ અને દેહાદિ પણ પ્રતિભાસે છે. રાગાદિ કર્મનાં લક્ષે, કર્મનાં આશ્રયે થાય છે; માટે કર્મનાં પરિણામ છે. રાગ પરાશ્રિત છે. ઉપયોગ આત્માશ્રિત છે. હવે કર્મનાં પરિણામ જ્ઞાનમાં પ્રતિભાસે છે; ત્યારે "હું જાણનાર છું" જાણનાર..., જાણનાર... જાણનાર... એમ એને ભૂલે છે. "હું કરનાર નથી." કરે બીજો પુદ્‌ગલ અને માને કે હું કરું છું. હાથ હલે છે તેને કોણે હલાવ્યો ? આત્માએ હલાવ્યો કે પુદ્‌ગલે ?

જેમ આ (હાથ હલવાની) ક્રિયા પુદ્‌ગલની છે તેમ સુખદુઃખ કર્મનાં પરિણામ છે. કરે છે પુદ્‌ગલ અને જણાય છે જ્ઞાનમાં. તે કર્મનું કાર્ય જ્યારે જ્ઞાનમાં પ્રતિભાસે ત્યારે "જાણનારો જણાય છે."

૭૭૮

એક વાર અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થયું તે તો સમયે સમયે ઉત્પાદ ધ્રુવને પ્રસિદ્ધ કરીને ઊપજે છે. તેમજ ધ્રુવને પ્રસિદ્ધ કરીને જ વ્યય થાય છે. અતીન્દ્રિય જ્ઞાનની અવસ્થા પ્રગટ થઈ ગઈ. સવિકલ્પ દશામાં પરિણતી છે, બહિર્લક્ષી દશામાં ઇન્દ્રિયજ્ઞાન પણ પ્રગટ થયું છે. દેવ, ગુરુ, શાસ્ત્ર પણ જણાય છે, અને એના લક્ષવાળો રાગ પણ થાય છે, એમ પણ જણાય છે. 'છે' થાય છે, એ પણ જણાય છે. કરે છે તે જણાય છે તેમ નથી. થાય છે તે જણાય છે કે જાણનાર જણાય છે ?" જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાય છે.

૭૭૯

જાણનારપણે જણાયો, અનુભવના કાળે જણાયો પછી ચાંદીની થાળીમાં જમે તે મિથ્યાદષ્ટિને ચામડાની આંખે જણાય એવું નથી. ભાવ ઇન્દ્રિય ચામડાનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સંબંધ કરીને પ્રગટ થાય છે. માટે ઈ... ચામડું જ છે. તે જડ અને અચેતન છે ઇન્દ્રિયજ્ઞાન.



માટે જે જ્ઞાયકપણે જણાયો તે જણાયા જ કરે છે. પછી જણાવાનું છૂટી જાય ? કે જણાયા કરે ? પહેલાં સમયે જણાયો ત્યારે સંવર પ્રગટ થઈ ગયો. પછી જણાયા કરે છે, માટે નિર્જરા છે. શું કહ્યું ? પહેલાં સમયે જણાયો ત્યારે હું તો જાણનાર, જાણનાર છું. હું તો પરમાત્મા છું. પછી જ્ઞાન જાણ્યા જ કરે છે, માટે શુદ્ધિની વૃદ્ધિરૂપ નિર્જરા થયા જ કરે છે.

પછી સવિકલ્પ દશા હો કે નિર્વિકલ્પ દશા હો ! પછી "જાણનાર જણાયા" જ કરે છે. જ્ઞાનની પર્યાય એક છે પણ તેનાં મોઢા બે છે. સાધક ને બે મોઢા છે. એક અંત્તર્મુખ જ્ઞાન બીજું બહિર્મુખ જ્ઞાન છે.

૭૮૦

મૂળ પાયાની વાત; જાણનાર છું અને તે જ જણાય છે; આ જો ખ્યાલમાં આવે તો બધો જ રસ્તો મળે તેવું છે.

૭૮૧

મારા જ્ઞાનમાં જાણનાર તન્મયપણે નિરંતર જણાય રહ્યો છે માટે મારું નામ જ્ઞાતા છે. આ...હા...હા...! ત્યાં તો સાક્ષાત જ્ઞાતા થઈ જાય છે.

૭૮૨

(૧) પરોક્ષ અનુભૂતિ → "જાણનારો જણાય છે."

(૨) પ્રત્યક્ષ અનુભૂતિ → "જાણનારો જણાય છે." અરે ! જ્ઞાનની પર્યાયના સ્વપ્રકાશકના પક્ષમાં જો આવશે ને તો સ્વપ્રકાશક થઈ જશે.

૭૮૩

પરને નથી જાણતો તેમાં જાણનાર જાણવામાં આવી જ જાય છે. જીવો પરને જાણવાનો નિષેધ નથી કરતા, પરંતુ પરને જાણવાનાં નિષેધમાં જાણનારનું જાણવું ઓટોમેટિક આવી જાય છે. **નિષેધ છે તે વિધિ રૂપ છે. નાસ્તિ છે તે અસ્તિરૂપ છે.**

૭૮૪

હું પરને જાણું છું એવી જે માન્યતા છે તે વિચાર પણ નથી આવવા દેતી કે : "જાણનાર જણાય છે." જાણવામાં તો આવે છે, પણ જાણતો નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





### ૭૮૫

"જાણનાર જણાય છે" અને જણાયો એમાં પરિણામી થાય છે. પણ એ પરિણમનમાં એકલો "જાણનારો જ જણાય છે." પરિણામીમાં પરિણામી જણાતો જ નથી. પરિણામીમાં અપરિણામી જણાય છે.

### ૭૮૬

જ્ઞાનીને નિશ્ચયપૂર્વક વ્યવહાર છે. અજ્ઞાનીને વ્યવહારનો પક્ષ છે. વ્યવહાર નથી. સવિકલ્પ વ્યવહાર ઇન્દ્રિયજ્ઞાનનો વિષય છે. સાધકનો નિશ્ચય અતીન્દ્રિય ગ્રાહ્ય છે. "જાણનારો જણાય છે" એ પક્ષ વિના, પરને જાણતો નથી એમ નિષેધ કરે તો નિશ્ચયાભાસી થઈ જાય છે.

"જાણનારો જણાય છે" એ રૂપે પરિણમે નહીં અને વ્યવહારનો નિષેધ કરે એ તો નિશ્ચયાભાસી છે. **વ્યવહારનો નિષેધ શા માટે છે ? અંદરમાં જવા માટે છે.**

### ૭૮૭

જ્ઞેય જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે એ સત્‌ની પરાકાષ્ટા છે. ચારે બાજુથી સમયે સમયે જ્ઞાનની પ્રસિદ્ધિ થાય છે. સમયસારજીશાસ્ત્રની ૬ ઠ્ઠી ગાથામાં કહ્યું કે જ્ઞેયાકાર અવસ્થામાં – સવિકલ્પમાં; "જાણનાર જણાય છે." જ્ઞેય જણાય છે એમ ન લીધું. જ્ઞેયનાં જાણવાના કાળે જ્ઞાયક જ જણાય છે ને સ્વને જાણતી વખતે જ્ઞાયક જ જણાય છે.

### ૭૮૮

પરને હું જાણતો નથી, એક વાર નિષેધ તો કર ! અને "જાણનારો જણાય છે" એવા સવિકલ્પ પક્ષમાં તો આવ ! તો સમકિત થઈ ગયું તેમ ભાવિ નૈગમનયે; દ્રવ્યનિક્ષેપે કહી દીધું. ખરેખર તો જ્ઞાનીને જ નય નિક્ષેપ લાગુ પડે છે. પણ અપ્રતિહત ભાવે ઊપડેલાને નૈગમ નયે કહી દીધું.

સવિકલ્પના પક્ષમાં આવતાં કેવી મજા આવે છે એ તો જો ! પક્ષાતિક્રાંતમાં તો શું આનંદની વાત કરવી.

### ૭૮૯

નીચે રેતી ઉપર સૂરજ તેથી પાણી જેવું લાગે.

જેમ મૃગલાને મૃગજળની ભ્રાંતિ થાય છે. તેમ આ બાજુ ચમકતો સૂરજ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જ્ઞાયક છે. તે ચેતનાર જાણનાર છે. અને એક બાજુ જ્ઞેયોની રેતી છે. વચ્ચેથી ભ્રમ ઉત્પન્ન કરીને માને છે કે "મને આ બધું જણાય છે." તે ભ્રમણા છે. કોરી ભ્રમણા છે. એને તો "જાણનારો જણાય છે" તે વાસ્તવિકતા છે.

૭૯૦

પરિણામ થયા કરે છે ને "જાણનારો જણાયા કરે છે" ત્યાં સુધી પહોંચતો નથી તેથી અનુભવ થતો નથી.

૭૯૧

**જિજ્ઞાસા :** જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે એમ લેવાં છતાં અનુભવ કેમ થતો નથી !

**સમાધાન :** જાણનાર અને જાણનાર અભેદ ભાવે છે. ભેદરૂપ નથી તેમ લઈ લે !

૭૯૨

જરાક લક્ષમાં તો લે ! "જાણનાર જણાય છે" માટે આત્માનું નામ જાણનાર છે.

૭૯૩

"જાણનાર તો જાણનાર છે." આમ જાણનારને જાણવારૂપે પરિણમવું તે જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે.

૭૯૪

બંધનું કારણ આ છે કે હું પરને જાણું છું અને જાણનાર જણાતો નથી.

૭૯૫

સમયે સમયે જાણનાર જણાય રહ્યો છે. સમયે સમયે જ્ઞાયક ભગવાન આત્મા તરવરે છે. તેનાં ઉપર લક્ષ રાખીને અમે તને વાત કરીએ છીએ કે આત્મા દંડાતો નથી. પરિણામમાં દંડ છે તેનો ઉપચાર આત્મામાં કરીને તેને શ્રદ્ધામાં લઈ લીધો છે તે ભૂલ છે.

૭૯૬

રાજમલ્લજી સાહેબે લખ્યું કે મિથ્યાત્વના પરિણામનો વિચાર સંજ્ઞી પંચેન્દ્રિય જીવ કોઈક કરે છે. મનુષ્ય અવતાર મલ્યો તો પણ આ મિથ્યાત્વનું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પાપ શું છે ? તેનો ઊંડાણથી વિચાર કરવાનો ટાઇમ પણ મળતો નથી. ઓલો ટાઇમ મળે છે.

ચારિત્રનો દોષ જગતને પ્રસિદ્ધ છે. પણ આ મિથ્યાત્વનો દોષ તે ઘરનો છૂપો ચોર છે. આ મિથ્યાત્વને પોતે જાણતો નથી અને બીજા પણ ન જાણે. ઓમાં તો બહારની મન, વચનની ક્રિયાથી ખબર પડે કે શુભ યોગમાં છે કે અશુભ યોગમાં છે. દુકાને બેઠો હોય તો તે પાપમાં છે. ભગવાનની પૂજામાં બેઠો હોય તો પુણ્યમાં છે... ઈ... તો ખબર પડી જાય. પણ ભગવાનની પૂજા કરતી વખતે પુણ્યનો કરનાર હું છું ને પુણ્યથી મને ધર્મ થાય તેવો મિથ્યાત્વનો ભાવ તેનો વિચાર કો'ક કરે છે. તો શું અમારે ન કરવું ? કરવા ન કરવાનો પ્રશ્ન જ નથી. તત્ત્વનું સ્વરૂપ શું છે તે સમજાવે છે. કરવા ન કરવાનો અહીંઆ પ્રશ્ન ક્યાં છે ? એના કાળે બધું થયા કરે છે ને જાણનારો જણાયા કરે છે.

૭૯૭

"જાણનાર જણાય છે" એ વિશ્વાસ આવવો જોઈએ. અને વિશ્વાસની સાથે સાથે પરને.નથી જાણતો તે નિષેધ આવવો જોઈએ. **હું પરને જાણું છું એ શલ્ય છે. તે શલ્ય રાખીને અસ્તિથી લ્યે છે "જાણનાર જણાય છે" તો નહીં જણાય. એ નિશ્ચય વડે વ્યવહારનો નિષેધ કરવો જોઈએ.**

૭૯૮

દીપકની અવસ્થા તો એક જ છે. તેના બે ભેદ કર્યા, ઘડાને પ્રકાશનારી અવસ્થા તેમજ દીપકને પ્રકાશનારી અવસ્થા એક તેનાં નિમિત્ત બે છે. દીપકની અવસ્થા એક જ છે તેના બે ભેદ કર્યા. ઘડાને પ્રસિદ્ધ કરનારી અવસ્થા તેમ જ દીપકને પ્રસિદ્ધ કરનારી અવસ્થા.

દીપકની શીખાને પ્રકાશ પ્રસિદ્ધ કરે તો પણ દીપક છે. ઘડાને પ્રસિદ્ધ કરે તો પણ દીપક છે. તેમાં કાંઈ ફેર પડતો નથી. એમ આ આત્મામાં પર પદાર્થ જણાય કે આત્મા જણાય ત્યારે "જાણનાર જણાય છે." જાણનારો માટે પોતે કર્તા, પોતે જણાયો માટે પોતે કર્મ. નિર્વિકલ્પ ધ્યાનમાં હો કે સવિકલ્પ દશામાં હો... બન્ને અવસ્થા લેવી.

સવિકલ્પ દશામાં પણ જ્ઞાનનું જ્ઞાન પોતાના આત્માને જાણતું જ પ્રગટ




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે. જ્ઞાન સ્વાધીન છે. પર જ્ઞેય જણાય તો જ્ઞાન પ્રગટ થાય છે તેમ નથી.



૭૯૯

કર્તા આત્માને કર્મ આત્મા. જાણનારો પણ આત્મા અને જણાય પર પદાર્થો તેમ છે નહીં. આહા ! જાણનારાને અહીં રાખવો. જે (અભિન્ન) જણાય છે તેને દૂર રાખો તો તે જ્ઞાન નથી અજ્ઞાન થઈ ગયું. શું કહ્યું ? જાણનારો ભલે અહીં રાખ્યો કે આ જાણનારો હું અને જણાય છે જ્ઞાન. આમ જ્ઞાન અને જ્ઞેયને જુદા પાડ્યાં તેને અજ્ઞાન કહેવામાં આવે છે. જાણનારો પોતે અને જણાય પણ પોતે તેનું નામ આત્માનો અનુભવ સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે.

૮૦૦

જેમ દીવાના દૃષ્ટાંતે ઘટપટને પ્રકાશિત કરે તો પણ દીપક અને દીપકની શીખાને પ્રકાશિત કરે તો પણ દીપકમાં કાંઈ ફેર પડતો નથી. તેમ આત્માનું જ્ઞાન પ્રગટ થઈ ગયા પછી જ્ઞેયો જણાય તે વખતે "જાણનાર જણાય છે." અને જ્ઞેયો ન જણાય ત્યારે પણ જ્ઞાયક જ જણાય છે. હર સમયે, ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં, હાલતાં-ચાલતાં, એ તો "જાણનાર જણાય છે", બીજું કાંઈ જણાતું નથી. એવી એક અંત્તર્મુખી જ્ઞાનની અવસ્થા પ્રગટ થાય છે. પોતે જો જ્ઞાની થાય તો ખબર પડે. અથવા ઉત્કૃષ્ટ મુમુક્ષુને અનુમાનથી પણ ખબર પડે.

૮૦૧

"હું જાણનાર છું કરનાર નથી." આ એક મંત્ર છે. સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવેલો છે. જ્ઞાનીઓને પણ આ એક પ્રકારે અનુભવ થયો છે. "જાણનાર છું કરનાર નથી." પછી "જાણનાર જણાય છે પર જણાતું નથી." આ ફક્ત બે મંત્ર છે. તેનો કોર્ષ છ મહિનાનો છે. ત્રણ ત્રણ મહિનાના બે ભાગ.

જાણનાર છું કરનાર નથી, ત્રણ મહિનાનો કોર્ષ પાકો થઈ જાય પછી જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી. આહાહા ! હવે આ જે ઠીક અઠીકની કલ્પના થાય; તે જો જ્ઞાન જ્ઞાનને જાણે તો ઠીક અઠીકની કલ્પના થતી નથી. મોહ, રાગ, દ્વેષનો અભાવ થઈ વીતરાગ દશા થઈને અલ્પકાળમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂર્ણપદની પ્રાપ્તિ થાય છે.



૮૦૨

આહાર કરતાં હોય ત્યારે, ચાંદીની થાળીમાં જમતા હોય ત્યારે પણ "જાણનાર જણાય છે." નિર્વિકલ્પ ધ્યાનમાં તો "જાણનારજણાય" પણ યાત્રાએ નીકળ્યા હોઈએ ત્યારે પણ "જાણનાર જણાય છે" ભાઈ ! બીજાને એમ લાગે કે આ પરને જાણે છે, પણ પરને જાણનાર જ્ઞાન જુદું છે.

ગઈકાલે કહ્યું હતું કે જેમ સર્પ બે મોઢાવાળો હોય છે; તેમ આ જ્ઞાનની પર્યાય બે મુખવાળી હોય છે. એક અંત્તર્મુખી જ્ઞાન; બીજું બહિર્મુખી જ્ઞાન. બહિર્મુખી જ્ઞાનમાં પર જણાય છે. અંત્તર્મુખ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જ જણાય છે. અને તે જ્ઞાન વધતું વધતું કેવળજ્ઞાન થઈ જાય છે, અને ઇન્દ્રિયજ્ઞાનનો ક્ષય થઈ જાય છે.

૮૦૩

એક વાત કરી; હવે બીજી વાત. જ્ઞાતઃ તે તો તે જ છે. એટલે "જાણનારો જણાયો" તે. જ્યારે પર પદાર્થોનો એમાં પ્રતિભાસ થાય છે. ત્યારે પણ "જાણનારો જણાય છે" એમ સિદ્ધ કરવું છે. એ સિદ્ધ કરવા માટે જગતના જીવોને ખ્યાલ આવે એટલા માટે દૃષ્ટાંત આપે છે.

૮૦૪

**વેદ્ય એટલે જણાવા યોગ્ય તે અને વેદક એટલે જાણનારો 'હું' તેવો ભેદ નથી. ત્યારે અનુભવ થાય છે. દૃષ્ટિપૂર્વક જ્ઞાનમાં આખો આત્મા જ્ઞેય થાય છે. દૃષ્ટિપૂર્વક સ્યાદ્‌વાદ સાથે સુસંગત છે. દ્રવ્યના જ્ઞાન સાથે પર્યાયનું જ્ઞાન જો ન થયું તો મિથ્યા એકાંત છે અને એ પ્રથમથી જ અનેકાંતમાં રહ્યો તો પણ મિથ્યા છે.**

૮૦૫


ભલે જ્ઞેય સાપેક્ષતાથી જ્ઞેયાકાર કહ્યું તો પણ સાધકનું જ્ઞાન જ્ઞેયને જાણતું નથી. જ્ઞેયાકાર જ્ઞાનને પણ જાણતું નથી. એ તો આત્માને જાણે છે. જો આત્માનું જ્ઞાન ન થતું હોય તો અજ્ઞાન થાત. જ્ઞેયકૃત અશુદ્ધતા એટલે અજ્ઞાન થાત. પણ અજ્ઞાન કેમ થતું નથી ? કારણ કે પ્રતિમાની સામે જુએ ત્યારે જાણનારો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





સમયે સમયે જણાય છે.

જ્ઞેયાકાર અવસ્થામાં પણ ! પણ કેમ કહ્યું ? કે સ્વરૂપને જોવાની દશામાં તો જાણનાર જણાય છે પણ સવિકલ્પ દશામાં પર જ્ઞેયો નિમિત્તપણે છે ત્યારે નિમિત્ત જણાતું નથી, નૈમિત્તિક જણાતું નથી પણ સ્વભાવ જણાય છે.

૮૦૬

પ્રભુ ! એક વખત તું આ પર પદાર્થ જણાય છે ને રાગ જણાય છે તે છોડી દે. "જાણનાર જણાય છે, પર જણાતું નથી", તેમ લઈ લે !! ત્યારે નિ:શેષપણે ઉપયોગ અંત્તર્માં આવે છે. કાંઈ પણ બાકી રાખ્યા સિવાય આખો ઉપયોગ... ઓલો ઓના તરફ અને આ આના તરફ તેવા ઉપયોગનાં બે ભાગ નથી. નિ:શેષપણે... એટલે કાંઈ પણ બાકી રાખ્યા સિવાય આખો એ ઉપયોગ પર સન્મુખ હતો તે આખો એ ઉપયોગ સ્વસન્મુખ આવે છે.

૮૦૭

હવે બીજો પારો. જ્ઞાત: તે તો તે જ છે. વળી શુદ્ધ થયો; દષ્ટિમાં આત્મા આવ્યો તો જ્ઞાયકપણે જણાયો. જાણનારપણે જણાયો. હું કરનાર છું તે ગયું. જ્ઞાયકપણે તેવા શબ્દો છે. સંસ્કૃતમાં છે 'જ્ઞાત:' જ્ઞાયકપણે જણાયો, પરનાં કામ કરે તેવો જણાયો... પરનાં કામ કરે તેવો આત્મા છે નહીં; તો તેવો જણાયો ક્યાંથી ? કરનારો જુદો ને જાણનારો જુદો છે.

૮૦૮

જ્ઞાત: જ્ઞાયકપણે આત્માનો સ્વભાવ જાણવું... જાણવું... છે. જાણનાર જાણનાર... જાણનાર. જાણનારપણે આત્મા જણાય છે. અંત્તરદષ્ટિ વડે જોનારને આત્મા રાગનો કરનાર છે; પર્યાયનો કરનાર છે; તેમ જણાતું નથી. "જાણનારપણે જણાયો"; જ્ઞાયકપણે એટલે જાણનારપણે જણાયો જેવો હતો તેવો જણાય ગયો. હતો તો પ્રથમથી જ જાણનાર પણ માનતો ન હતો.

૮૦૯

તિર્યંચે પણ પૂર્વે દેશના લબ્ધિ સાંભળી હોય તો તેને પણ નિસર્ગજ સમ્યકદર્શન થઈ શકે છે. એવો જે ભગવાન આત્મા જાણનારપણે જણાયો... ! પછી નિર્વિકલ્પ ધ્યાનમાંથી બહાર આવે છે... ત્યારે ઉપકારી ગુરુ ઉપર લક્ષ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જાય છે. આહા ! આપે મને આત્મા આપ્યો. આપનાં પ્રતાપે બહુમાની થયો. જ્ઞાયકનું જ્ઞાન રાખતો અને શ્રીગુરુનું પણ જ્ઞાન થયું ત્યારે પણ જાણનાર જણાય છે. શ્રી ગુરુ જણાય છે ત્યારે પણ જાણનારનું જાણવું છોડીને ગુરુને જાણતો નથી. સમય-સમયનો હિસાબ છે.

૮૧૦

કર્તાનું કર્મ તો ગયું પણ જ્ઞાનનું જ્ઞેય રહી ગયું હજુ. તારા જ્ઞાનમાં આત્મા તન્મય થઈને જણાય છે, એ તારું જ્ઞેય છે. રાગાદિ સાથે તારે જ્ઞાતા જ્ઞેયએ પણ વ્યવહાર છે. એ વ્યવહારને તું નિશ્ચય માની બેઠો છે. હવે એ જ્ઞાતા જ્ઞેયના વ્યવહારને ઉખેળી નાખ.

હું જ્ઞાતાને સાક્ષાત તીર્થંકર મારું જ્ઞેય તેમ છે નહીં. તારા જ્ઞાનથી તારું જ્ઞેય બહાર ન હોય. તારા જ્ઞાનમાં તન્મય થઈને જ્ઞાયક જણાય છે, એ તારું જ્ઞેય છે. એનો સ્વીકાર કરી લે ? આ (પર) તને જણાતું નથી જ્યાં બીજો પાઠ આવ્યો ને એને જ્ઞેયનું લક્ષ છૂટી ગયું છે. અને જ્ઞાતા જ્ઞેયનાં વ્યવહારનો વિધ્વંસ થઈ ગયો છે કે : "જાણનાર જણાય છે ને ખરેખર પર જણાતું નથી." એ ભાવના પક્ષમાં આવ્યો; સત્ય પક્ષમાં આવીને પક્ષાતિક્રાંત થાય છે. પણ અસત્યના પક્ષમાં પક્ષાતિક્રાંત થવાતું નથી.

૮૧૧

જ્ઞેયાકાર અવસ્થામાં શું જણાય છે ? જ્ઞેયો જ્યારે જ્ઞાનમાં પ્રતિભાસે છે ત્યારે...! જ્યારે જ્ઞેયનું નિમિત્તપણું છે ત્યારે જ્ઞેયોનો પ્રતિભાસ સ્વચ્છતામાં થઈ રહ્યો છે ત્યારે; જ્ઞેય જણાય છે કે જાણનાર જણાય છે ? જો જ્ઞેય જણાય છે તો જ્ઞેયકૃત અશુદ્ધતા આવી ગઈ. અને જ્ઞેય પ્રતિભાસે છે; ત્યારે "જાણનાર જણાય છે. પર જણાતું નથી" તો જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

"જો કુછ ઝલકતા જ્ઞાન મેં વહ જ્ઞેય નહીં બસ જ્ઞાન હૈ; નહીં જ્ઞેયકૃત કિંચિત મલિનતા સહજ સ્વચ્છ સ્વભાવ હૈ." આમ જ્ઞાન જ જણાય છે.

૮૧૨


બેનો પ્રતિભાસ થાય છે પણ બેને જાણતો નથી. પ્રતિભાસનો નિષેધ નથી, પણ એને જાણતો નથી. "જાણનાર જ જણાય છે." આહા ! જો ઈ... જ્ઞેય જણાતું હોય તો જ્ઞેયકૃત અશુદ્ધતા આવી જાય,, તો જ્ઞાયકનો તિરોભાવ થાય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





સામાન્યજ્ઞાનનો તિરોભાવ વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ થાય તો અજ્ઞાન થાય.

### ૮૧૩

જ્ઞેય સાપેક્ષ જ્ઞાનનો પર્યાય છે ત્યારે તે જ્ઞાનમાં, જ્ઞેયાકાર અવસ્થામાં; જ્ઞેયાકાર અવસ્થા આત્માની છે. જ્ઞેય તો નિમિત્ત છે માટે જ્ઞેયાકાર અવસ્થા રાખી. જ્ઞેયાકાર અવસ્થા વખતે જ્ઞેય જણાય છે કે જ્ઞાયક જણાય છે ? બસ આમાં સંસાર અને મોક્ષ છે. આ જ્ઞેય નેપ્કિન છે, તે જ્ઞાનમાં જણાય છે તે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ થતી નથી જ્ઞાનમાં ? કેમકે જ્ઞેયાકાર અવસ્થામાં "જાણનાર જણાય છે"; જ્ઞાયક જણાય છે. આહાહા !! જ્ઞેય જણાતું નથી જ્ઞેયનો પ્રતિભાસ છે પણ ઈ... જણાતું નથી. આહા ! તેના ઉપર મારું લક્ષ નથી, લક્ષ તો જ્ઞાયક ઉપર છે. જેનું લક્ષ છે તે જણાય છે, જેના ઉપર લક્ષ નથી તે જણાવા છતાં તેને જ્ઞાન જાણતું નથી.

### ૮૧૪

દ્રવ્ય કર્મ છે, તેમાં એનો રસ અનુભાગ છે. ક્રોધ, માન, માયા, લોભ તે ચારે પ્રકાર અને મિથ્યાત્વ, અવિરત, પ્રમાદ, કષાયને યોગ તે ખરવાના કાળે ઉદયમાં આવે છે. ઉદયમાં આવે છે તે જ્ઞાનમાં જણાય - પ્રતિભાસે છે. જાણવાના કાળે "હું જાણનાર છું" તે ભુલાઈ ગયું. "જાણનાર જણાય છે" તે ગયું ને આ કર્મ જણાય છે, રાગ જણાય છે, તેમ તેનાં ઉપર લક્ષ વયું ગયું. રાગ જણાય છે ને જ્ઞાન જણાતું નથી તેનું નામ અજ્ઞાન છે. **આમ કરણાનુયોગથી પણ એમ સિદ્ધ થયું કે "જાણનારો જણાય છે."**

### ૮૧૫

કર્મથી ઉત્પન્ન થતાં મિથ્યાત્વ આદિ ભાવોનાં જ્ઞાન સમયે... જાણવાના સમયે એ ભૂલી જાય છે. હવે ભેદજ્ઞાન કરે કે આ ઉદય જણાતો નથી "જાણનાર જણાય છે." આ મિથ્યાત્વનાં પરિણામ તો કર્મનાં છે. મારાં નહીં. કેમકે આત્મામાં જ્ઞાન પ્રગટ થાય છે, આત્મામાં મિથ્યાત્વ પ્રગટ થતું નથી. હવે જો જ્ઞાનનું જ્ઞાનત્વ થાય તો મિથ્યાત્વ પ્રગટ ન થાય.

જ્ઞેય-જ્ઞાનનાં ભેદજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે. વિશેષ અપેક્ષાએ ક્યારે કર્તા થાય છે ? મિથ્યાત્વ જ્ઞેય નથી. એનું... એનું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જ્ઞેય તો જ્ઞાયક જ છે. પણ ઈ... ભૂલી ગયો કે : જાણનારો જણાય છે, ઈ ભૂલી ગયો. **મિથ્યાત્વને જાણીને હું મિથ્યાદૃષ્ટિ એમ થઈ જાય. માટે જાણવાનું બંધ કરાવ્યું છે. તે પરાકાષ્ટાની વાત છે.**

૮૧૬

જ્ઞેયાકાર અવસ્થામાં એટલે જ્ઞેયોને જાણવાની અવસ્થાનો કાળ છે એટલે આને નેપ્કિનને જાણવાની અવસ્થા રાખી. તે વખતે તને શું જણાય છે ? જો નેપ્કિન જણાય છે તો જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું. અને જ્ઞેયાકાર અવસ્થામાં "જાણનાર જણાય છે" તો જ્ઞાનનું જ્ઞાનત્વ થઈ ગયું. તે મોક્ષમાર્ગમાં આવી ગયો. તેને આનંદનો અનુભવ વર્તે છે. તે વખતે જ્ઞેયાકાર અવસ્થામાં "જાણનાર જણાય" રહ્યો છે. હર હાલતમાં સમયે સમયે, ઊંઘમાં હો કે જાગૃત દશામાં હો; સવિકલ્પ દશામાં હો કે નિર્વિકલ્પ દશા હો...! જ્ઞેયાકાર અવસ્થામાં "જાણનાર જણાય જ રહ્યો છે."

૮૧૭

સમસ્ત વસ્તુઓનાં જે પ્રકારનો આકાર હોય તેવો જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે. પદાર્થનો જે પ્રકારનો આકાર હોય તેવો જ્ઞાનમાં પ્રતિભાસિત થાય છે. જ્ઞેયોની આકૃતિનું જ્ઞાન થાય છે. આકૃતિ જ્ઞાનમાં આવતી નથી. જ્ઞાન થાય છે તેટલો સંબંધ છે; પરને જાણતો નથી તે એક જ વાત આવે છે. અરે ! "જાણનાર જણાય છે, મને પર જણાતું નથી. જણાવા છતાં જણાતું નથી." પરનો આકાર જણાય છે પણ ખરેખર તેને જાણવારૂપ જ્ઞેયની આકૃતિ ઉપર નજર છે. ત્યાં સુધી અનુભવ નહીં થાય અને જ્ઞેયની આકૃતિ જે જ્ઞાનમાં જણાય તેટલી જ્ઞાનની આકૃતિને જાણવામાં રોકાશે તો પણ અનુભવ નહીં થાય પણ નિયત એવા જ્ઞાયક સ્વભાવને જાણતાં અનુભૂતિ થાય છે. જેને આકાર નથી છતાં નિયત આકાર છે.

૮૧૮

વળી જે જ્ઞાયકપણે જણાયો - આમાં બાર અંગનો સાર છે. વળી જે જ્ઞાયકપણે જણાયો, જ્ઞાયકભાવ જે જ્ઞાનગુણથી ભરેલો છે; તે જાણવારૂપે પરિણમે છે, કરવા રૂપે પરિણમતો નથી. શુભ ભાવને કરવું તે અજ્ઞાન છે. અને આવતાજતા શુભ ભાવને જાણવું તે વ્યવહાર છે. ભેદને જાણે તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





વ્યવહારનય છે.

પ્રમત્ત અપ્રમત્તનો જાણનાર છે, પણ કરનાર નથી. પરજ્ઞેયને જાણે ત્યારે પણ "જાણનાર જ જણાય છે", તેને આત્માનો અનુભવ કહેવાય છે. જ્ઞેયને જાણતાં જાણનારો જ જણાય છે. તે રીતે આત્મા જણાય છે અને તે જણાય કેમ? તે પ્રશ્નનો ઉત્તર આપ્યો.

## ૮૧૯

દેવ, ગુરુ, શાસ્ત્ર જણાય ત્યારે પણ આત્મા જ જણાય છે. અનુભવ પછી આ સ્થિતિ હોય છે. પરજ્ઞેયને જાણતાં પણ આત્મા જણાય છે, તેવી ધૂન લાગી જવી જોઈએ તો વ્યવહારના પક્ષથી થોડો ઢીલો પડે તો નિશ્ચયના પક્ષમાં આવશે. શિષ્યને કહે છે કે શુદ્ધાત્માને જાણીને ધારણામાં રાખવાનો નથી. પણ અનુભવ કરવાનો છે. જે શુદ્ધાત્મા ચૌદ ગુણસ્થાનથી ભિન્ન છે. ચૌદ ગુણસ્થાન પણ પુદ્ગલનાં પરિણામ છે.

"જાણનાર જ જણાય છે." ઊર્ધ્વપણે "જાણનાર જ જણાય છે." આ... છે... આ... છે... તેમ આવે છે પણ હું નથી તેમ આવે છે. પણ હું છું તો આ છે તેમ પહેલાં પોતાનું અસ્તિત્વ આવી જવું જોઈએ. જ્ઞાનીઓ કહે છે કે સ્વપરને જાણતી વખતે "જાણનાર જ જણાય છે."

## ૮૨૦

સમયસારની ૧૩મી ગાથા ભૂલીશ મા; નહીંતર પર્યાયનો કર્તા પર્યાય હોવા છતાં "હું તેનો કર્તા છું એવી તને ભ્રાંતિ અનંતકાળની રહી જશે. ભૂતાર્થનયથી એને તું જાણ! પર્યાય થવા યોગ્ય થાય છે; અને "જાણનારો જણાયા" કરે છે.

## ૮૨૧

**જ્ઞાન જ્ઞાયકને જાણે છે અને જ્ઞાયક જ્ઞાનમાં જણાય છે એવો ભેદરૂપ વ્યવહાર પણ છે. અને અભેદરૂપ નિશ્ચય પણ છે. જ્ઞાયક જ્ઞેય થઈને જ્ઞાનમાં જણાય અને જ્ઞાન જ્ઞાયકને જાણે એવો ભેદરૂપ વ્યવહાર અનાદિનો છે. અને અનુભવ થાય તો એ ભેદ ટળીને અભેદપણે પણ અનુભવ એ જ પ્રકારે થાય છે.**

સવિકલ્પમાં એમ જાણવું કે : "જ્ઞાનમાં જાણનાર જણાય છે." તે વિકલ્પ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



છૂટતાં 'જાણનાર' અને 'જણાય' છે એવા બે ભેદ ન હોવા છતાં અભેદમાં ભેદની કલ્પના થતી હતી તેથી રાગી પ્રાણીને વિકલ્પ ઉત્પન્ન થતો હતો.

૮૨૨

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયો જ્યારે પ્રતિભાસે છે જ્ઞાનમાં... આ છઠ્ઠી ગાથા જ્યારે પ્રતિભાસે છે જ્ઞાનમાં; ત્યારે આ છઠ્ઠી ગાથા જણાય છે ? 'ના.' આ શબ્દશ્રુત જણાય છે ? 'ના.' આ શબ્દ-શ્રુત સંબંધીનું ઇન્દ્રિયજ્ઞાન જણાય છે ? 'ના.' આત્મા જણાય છે, કે 'જ્ઞેય જણાય છે ?' "જાણનાર જણાય છે." જાણનારો જાણનારને અભેદ થઈને જાણે છે.

૮૨૩

"જ્ઞેયાકાર અવસ્થામાં" - સવિકલ્પ દશામાં; સાધક કહે છે ! અમને તો "જાણનાર જણાય છે, અમને બીજું કાંઈ જણાતું નથી." અમને આ ચોખ્ખું દેખાય છે ને ? ઘડિયાળમાં આટલા વાગ્યા દેખાય છે ને ? તારું જ્ઞાન ચોખ્ખું નથી, મેલું છે. ઘડિયાળ જણાય છે તે અજ્ઞાન છે. ઘડિયાળ સંબંધીનું જ્ઞાન જણાય છે તે અજ્ઞાન છે. આહા ! એ તો જ્ઞાયક "જાણનાર જણાય છે બીજું કાંઈ જણાતું નથી." બીજું જણાય છે તેમ કહેવું વ્યવહાર છે. અને વ્યવહાર અભૂતાર્થ છે.

૮૨૪

સમયસાર ગાથા ૬માં "જ્ઞાયકપણે જણાયો" અર્થાત્ જાણનારપણે જણાયો તે સવિકલ્પમાં "જાણનાર જણાયો." નિર્વિકલ્પમાં "જાણનારો જણાયો." હર સમયે અનુભવ પછી... શુદ્ધાત્માનો અનુભવ થયા પછી ૬ઠ્ઠું ગુણસ્થાન હો કે સાતમું ગુણસ્થાન હો !! એ તો નિરંતર જ્ઞાયક જણાય છે.

શાંતિનાથ ભગવાન લડાઈમાં હોય ત્યારે શું જણાય છે ? ધ્યાનમાં હોય ત્યારે આત્મા જણાય અને લડાઈમાં ચક્ર જણાય ? એમ છે નહીં. તારું ચક્ર (ચક્કર) ફરી ગયું છે. આહા ! તું ઇન્દ્રિયજ્ઞાનની પ્રસિદ્ધિથી તેને જાણે છે. તેવી તારી માન્યતા અનાદિ કાળની છે. ઇન્દ્રિયજ્ઞાન તે જ્ઞાન જ નથી. બીજો બીજાને જાણે છે. આત્મા આત્માને જાણતો પરિણમી જાય છે.

૮૨૫

પહેલાં પરિણામને જાણી તેમાં એકત્વ કરતો હતો. હવે સાધક થયા પછી



સવિકલ્પ દશામાં આવે છે ! હવે શુદ્ધાત્માનો તેને અનુભવ થયો ત્યારે પરિણામને ભિન્ન જાણીને થયો; પછી સવિકલ્પ દશામાં પરિણામને જાણે ખરો ?

અથવા માત્ર પરિણામને જાણે કે પરિણામનાં જાણવાના સમયે જાણનારને જાણે. પરિણામી જ્ઞેય પોતામાં ઉત્પન્ન થતાં જે શુભાશુભ ભાવો અથવા અશુદ્ધ પરિણામ તે બધા જ્ઞેયોના ભાવો છે. એ જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે ત્યારે માત્ર પરદ્રવ્ય રૂપે જ્ઞેયો નથી જણાતાં પણ... તે સમયે પણ "જાણનાર જણાય છે."

## ૮૨૬

જ્ઞાયક આત્મા અંત્તર્દૃષ્ટિ વડે અનુભવમાં આવ્યો એની લીનતા ન રહે તેથી બહાર આવે છે, સવિકલ્પ દશામાં. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને અનુભવ થાય છે તે નિર્વિકલ્પ ધ્યાનમાં થાય છે. વિકલ્પમાં જન્મ થતો નથી. પણ એ જે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ વધારે વખત ટકતો નથી અને એ સવિકલ્પ દશામાં આવે છે ત્યારે પરિણામો જણાય છે. દેવ, ગુરુ, શાસ્ત્ર પર પદાર્થો વગેરે જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિભાસે છે. તે સમયે પણ તે તો જાણનારને જાણે છે તે તો જ્ઞાયકને જાણે છે.

## ૮૨૭

કર્તા કર્મનું અજ્ઞાન કર્તાકર્મના જ્ઞાન વડે જાય છે; એમાં ખૂબી છે. એમાં કેટલું મૂકી દીધું છે.

પહેલા પારામાં અકર્તા કહ્યો...! બીજા પારામાં કર્તાકર્મનું અનન્યપણું કહ્યું...! પૂરું અહીં થાય છે, ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે. ઈ આ પાઠમાં થાય છે. ઓલો પહેલો પારો તેમાં ધ્યેયનો પાઠ છે.

જયસેન આચાર્ય ભગવાન ૮૦ નંબરની (પ્ર.સાર) ગાથામાં કહે છે "મોહ ક્ષપણ થવામાં સમર્થ થયો, પણ મોહ ક્ષપણ થયો ? મોહ ક્ષપણ થયા વિના કામ ન આવે. માટે આમાં, "અકર્તા + કર્તા કર્મનું અનન્યપણું = અનુભૂતિ છે." આ શબ્દો બોલ્યો હતો.

અકર્તા એટલે ધ્યેયમાં આવી ગયો. હવે જ્યાં ધ્યેયનું ધ્યાન થયું તો પ્લસ થયો કે નહીં ?ઈ... જણાણો કે નહીં ? "જાણનારપણે જણાયો"... તો જાણનારને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવારૂપે પરિણમ્યો કે નહીં ? પોતે પોતાને જાણવારૂપે પરિણમ્યો તો પરને જાણવાનું બંધ થઈ ગયું, ત્યારે અનુભવ થાય છે.



૮૨૮

તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં જ્ઞાયક જ છે. દીવાની જેમ કર્તાકર્મપણાનું અનન્યપણું હોવાથી; જ્ઞાયક જ છે. હવે ભાવાર્થ કર્તા પંડિતજી ખુલાસો કરે છે... પોતે જાણનારો માટે કર્તા; સ્વતંત્રપણે કરે તે કર્તા; 'પોતાને જાણ્યો', જો અહીંઆ જ્ઞેયને જાણ્યું તે કાઢી નાખ્યું. કારણ કે જાણતો જ નથી ને !? જ્ઞેયો પ્રતિભાસે છે ત્યારે આત્માને જાણે છે. એટલે એને જાણે છે ઈ... વાત છે જ નહીં; એ તો કથનમાત્ર છે. એને જાણે છે તેવો ભાવ નથી. એને જાણે છે તેમ આદિ, મધ્ય, અંતમાં છે નહીં. જ્ઞેયને ક્યારેય જાણતો નથી. જ્ઞેયાકાર અવસ્થામાં જાણતો નથી તો સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં તો ક્યાંથી જાણે ? આમાં તો સમુદ્ર ભર્યો છે. ભાવલિંગી સંતોએ ઊંડાણના જે ભાવો વચનાતીત છે તેને વચનમાં લાવી દીધાં છે.

૮૨૯

બાળગોપાળ સૌને ભગવાન આત્મા અનુભવમાં આવે છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય નથી જણાતું પણ જ્ઞાયક જણાય છે. હવે જેને જ્ઞાયક જણાય છે તે પરોક્ષમાં આવી ગયો છે. એમાં પણ હજુ પરોક્ષ છે. રાગ જણાય તો તો અજ્ઞાનમાં ગયું અને પ્રત્યક્ષમાંથી અને પરોક્ષમાંથી પણ ગયો પણ રાગ જણાતો જ નથી, મારા જ્ઞાનમાં "જાણનારો જણાય છે" તેમ લે ને !!

૮૩૦

અગ્નિ લાકડાંને બાળે છે તેમ કહેવાય છે, પણ લાકડાંને બાળતો નથી. આત્મા પરને જાણે છે તેમ કહેવાય છે, પણ આત્મા પરને જાણતો નથી. જો અગ્નિ લાકડાંને બાળે તો આત્મા પરને જાણે. અત્યાર સુધી કોઈ અગ્નિએ લાકડાંને બાળ્યાં જ નથી. અત્યાર સુધી કોઈ આત્માએ પરને જાણ્યું જ નથી. એને ખરેખર તો જાણનાર જણાય છે, પણ ઈ ભૂલી જાય છે.

૮૩૧

પ્રભુ ! તમે સાંભળો ! જામનગરનાં વીરજીભાઈ કહેતા "થાંભલો જણાતો નથી"... "જાણનાર જણાય છે." લાલુભાઈ ! "જાણનાર જણાય છે."



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





વીરજીભાઈ સાચા હતા.

### ૮૩૨

"માત્ર જ્ઞાયક છું સ્વીકાર કરલે" ! એ... સ્વીકાર કરી લે ને !! કે : 'હું તો જ્ઞાયક જાણનાર છું. આ કોઈ મારી ચીજ નથી. એનો હું જાણનારે નથી. "જાણનાર જણાય છે" અંત્તર્મૂહૂર્તમાં આવી જા ને !! શું વાર લગાડશ. આહા !

### ૮૩૩

આ જ્ઞેય છે... જ્ઞાનમાં પ્રતિભાસ થયો એનો; જ્ઞાન સ્વચ્છ છે ને ? (ફૂટપટ્ટી) લાકડીમાં પ્રમેયત્વ નામનો ધર્મ છે આમાં. આ (આત્મા) પ્રમાતા છે. આ જ્ઞાન છે ને... આ જ્ઞેય છે. તો ઈ જ્યારે જણાય છે... ત્યારે જ્ઞાયકપણે જે જણાયો...! આહા ! "મને તો જાણનાર જણાય છે." જ્ઞેય તો જણાતું નથી પણ જ્ઞેય સાપેક્ષ જ્ઞાન પણ જણાતું નથી. અને જ્ઞાયક સાપેક્ષ જ્ઞેયાકાર પણ જણાતું નથી એકલો "જાણનાર જણાય છે."

### ૮૩૪

જ્ઞેયને જાણવાથી તેને જ્ઞાયક નામ આપવામાં આવે છે. તેનો ખુલાસો કારણ કે "જ્ઞેયનું પ્રતિબિંબ." રાગ, દ્વેષ, કર્મ, નોકર્મ બધું જ્ઞેયમાં નાખી દીધું. અહીંઆ જ્ઞાન. કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે અહીંઆ ઝળકે છે. હવે બિંબ ઝળકે છે તેનું નામ પ્રતિબિંબ છે. બિંબ તો જ્ઞેય છે તો પ્રતિબિંબ જ્યારે ઝળકે છે; ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે.

અર્થાત્ જેવું જ્ઞેય છે તેવું જ અહીંઆ જણાય છે. ખાટો પદાર્થ જ્ઞાનમાં જણાય તો... ઈ... ખાટો પદાર્થ છે એવું જ્ઞાન થાય છે. તીખો પદાર્થ હોય તો તીખારૂપ જ્ઞાન થાય છે. જ્ઞેય, ક્રોધ રૂપ હોય તો ઈ... જ્ઞાનમાં ક્રોધરૂપ જણાય છે. માનરૂપ જ્ઞેય, માયારૂપ જ્ઞેય, દુઃખરૂપ જ્ઞેય, તેવું જ જ્ઞાન અહીંઆ થાય છે. છતાં બન્ને જ્ઞાન જ્ઞેય સ્વાધીન છે.

જ્ઞેય છે માટે જ્ઞાન થાય છે તેમ નહીં. અહીંઆ જ્ઞાનનો સ્વકાળ છે, અને ત્યાં જ્ઞેયનો નિમિત્તપણે સ્વકાળ છે. હવે લખે છે... અહીંઆ જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે, તેનાથી જુદું નહીં. તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. અહીંઆ ખૂબી એ છે જ્ઞેય જણાય છે ત્યારે અહીંઆ જ્ઞાન જણાય છે. જે સમયે મિથ્યાત્વ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જ્ઞેય છે જણાય છે તે સમયે અહીંઆ જ્ઞાન જણાય છે, તો અનુભવ થઈ જાય છે.

મને જ્ઞેય જણાય છે તો જ્ઞાનનું અજ્ઞાન થઈ જાય છે. તે બહિર્મુખતા થઈ; ભ્રાંતિ થઈ. જ્ઞેય-જ્ઞાયકની એકતા થઈ. જે જણાય છે તેમાં જ આત્મબુદ્ધિ થાય. જ્ઞાન જણાય છે તો જ્ઞાનમાં જ આત્મબુદ્ધિ થાય. ઈ... જ વખતે વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ થાય છે.

જ્ઞેયને જાણું છું તેવો સંકલ્પ ચાલ્યો જાય છે. શ્રદ્ધામાં હતું કે : હું પરને જાણું છું; તો હવે હું જાણતો નથી તેવા વિકલ્પ દ્વારા અપેક્ષાએ સંકલ્પ જાય છે. હવે એવો જે વિકલ્પ ઊઠે છે કે : મને પર જણાતું નથી, એવો જે વિકલ્પ ઊઠે છે... પછી આવે છે મને જ્ઞાન જણાય છે. જેવો સ્વભાવ છે તેવો વિચાર આવ્યો; હવે ત્યાં દ્વેષ ઘટવા માંડ્યો..., અહીંઆ રાગ ઘટવા માંડ્યો... "જાણનાર જણાય છે." જ્ઞાયક જણાય છે. ઈ જે છેલ્લે છે તે અસ્તિત્વનો વિકલ્પ છૂટીને નિશ્ચયનયનો વિકલ્પ આવી જાય છે. પછી તે પણ છૂટી જાય છે. પણ "જાણનાર જણાય છે" એ જ વખતે નિર્વિકલ્પ થાય છે. આજ અનુભવની કળા છે. પહેલાં નિષેધનો વિકલ્પ છૂટે છે. પછી વિધિનો વિકલ્પ આવે છે. અરે ! મને તો "જાણનાર જણાય છે, પર જણાતું જ નથી ને...!" પછી મને "જાણનારો જણાય છે" તેવો ભેદ પણ જણાતો નથી !! પછી "મને જાણનાર જણાય છે" તેમાં એકાગ્રતા જો થઈ જાય તો વિકલ્પ છૂટીને તે જ સમયે નિર્વિકલ્પ ધ્યાન થાય છે. માટે જ્ઞેયો જણાય છે તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા નથી કેમ ? આ રહસ્ય છે. આ પોઇન્ટ છે મૂળ. જ્ઞેયને જાણવાના કાળે જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી. કે : જ્ઞેયનો પ્રતિભાસ થાય છે... ત્યારે "જાણનાર જણાય છે;" પછી જાણનારમાં આવી ગયો, પછી કરણ લબ્ધિનાં પરિણામ છૂટી ને અનુભવ થાય છે.

**૮૩૫**


"જ્ઞેયાકાર અવસ્થામાં" કારણ કે... જ્ઞેયો જણાય છે તેવી અવસ્થાના કાળમાં ઈ રાખ્યું ! ઈ... વખતે શું છે ? સવિકલ્પદશા છે ત્યારે શું જણાય છે ? ઈ... અવસ્થામાં શું જણાય છે ? 'જ્ઞાતઃ' જ્ઞાયકપણે જણાયો... જ્ઞાતઃ શબ્દ છે ને તેનો અર્થ કર્યો. જ્ઞાયકપણે જણાયો તેનો અર્થ કર્યો. 'જ્ઞાયકપણે જે જણાયો', 'જાણનારપણે જે જણાયો.' હું તો જાણનાર છું તેમ જણાયું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





હવે સવિકલ્પદશામાં "જાણનારપણે જણાયો" તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. હર હાલતમાં "જાણનાર જણાય છે." હર હાલતમાં... હર સમયે... એનું અતીન્દ્રિય જ્ઞાન જે પ્રગટ થઈ ગયું છે... તેમાં તો "જાણનાર જણાય છે." ભલે તેમાં લોકાલોકનો પ્રતિભાસ હોય; હો તો હો... પ્રતિભાસનો નિષેધ નથી તે તો તેની સ્વચ્છતા છે.

૮૩૬

દુઃખ દુઃખમાં છે, આનંદમૂર્તિ આનંદમૂર્તિમાં છે. દુઃખમાં આનંદમૂર્તિ નથી ને આનંદમૂર્તિમાં દુઃખ નથી. દુઃખનો માત્ર પ્રતિભાસ થાય છે, તે જ્ઞેયાકાર અવસ્થા છે. "જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો" તે મોસ્ટ ઇમ્પોર્ટન્ટ વાત છે. સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં તો જ્ઞાયક છે.

નિર્વિકલ્પ ધ્યાનમાં તો જ્ઞાયક જણાય છે તે તો બધા જ કહે. પણ આ નેપ્કિન જણાય છે, ત્યારે "જાણનાર જણાય છે"... તેમાં ઈ... વ્યાવૃત થઈ જાય છે, અંદરમાં આવી જાય છે. નિષેધ આવી ગયો ને ? જ્ઞાયક જણાય છે. તો એને જ્ઞેયકૃત અશુદ્ધતા ન આવી. કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં; આહા ! ઈ જ્યારે જ્ઞેય સાપેક્ષ છે ત્યારે જ્ઞાનની પર્યાયને જ્ઞાન ન કહેતાં જ્ઞેયાકાર કહ્યું. ઈ... જ્ઞેયાકાર અવસ્થામાં "જાણનાર જણાય છે." ઈ... સિદ્ધ કરવું છે.

અચ્છિન ધારાથી "જાણનાર જણાય છે." સાધકને અચ્છિન ધારાવાહિક...! એક સમય પણ એવો ન હોય કે "જાણનાર ન જણાય." આ એક શબ્દમાં 'કારણ કે' તે કોહીનૂરનો હીરો છે. 'કારણ કે' જ્ઞેયાકાર અવસ્થામાં, જ્ઞાનની અવસ્થા થઈ તેમાં જ્ઞાયકપણે જે જણાયો... રાગ મને જણાય છે તેમ જાણવામાં ન આવ્યું કેમકે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં જ્ઞાયક જ છે. જાણનાર છું તેમ જણાય છે.

કર્તાકર્મનું અનન્યપણું કેમ છે ? કર્તાકર્મનું અનન્યપણું છે માટે જ જાણનાર જણાય છે. કર્તા અન્યને કર્મ અન્ય હોત તો જાણનાર જણાત નહીં.

૮૩૭

"જાણનારો જણાય છે" એમાં હજુ પર્યાય કર્મ બને છે. "હું જાણનાર છું તો એ અભેદમાં આવ્યો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૮૩૮

'એક જ્ઞાયકભાવ છું' એ દૃષ્ટિનો વિષય છે ને ? પછી જ્ઞાયકભાવ છું તેમ જાણવામાં આવ્યું તે જ્ઞાનનો વિષય થઈ જાય છે. પણ ઓલા દૃષ્ટિનાં વિષયમાં 'એક' વિશેષણ 'એક જ્ઞાયકભાવ છું.' પ્રમત્ત અપ્રમત્ત નથી નિષેધ કર્યો. પછી જ્યાં જાણનારો જણાયો ત્યાં જાણનારો તે હું અને જણાયો તે હું. જ્ઞાયક જ છું જ્ઞાત તે તો તે જ છે બસ.

૮૩૯

દ્રવ્યના નિશ્ચયપૂર્વકનો વ્યવહાર અને જ્ઞાનની પર્યાયના નિશ્ચયપૂર્વકનો વ્યવહાર પ્રગટ થાય છે. સાધકને પણ... જ્યાં સુધી હું આ પરને જાણું છું એવો પક્ષ તે અજ્ઞાન છે. "જાણનાર જણાય છે" એ અભેદ થાય ત્યારે જ્ઞાનની પર્યાયનો નિશ્ચય પ્રગટ થાય છે આ સેટિકામાં વાત છે.

૮૪૦

જે જ્ઞાન સ્વભાવી આત્માનો નિર્ણય કર્યો છે તેવા આત્માને જાણ. નિર્ણય થઈ ગયો છે. અનુભવ કેમ થાય ? અને અનુભવમાં શું ડખલ આવે છે ? અને તેને કેમ દૂર કરવી તે પણ બતાવે છે.

પર પ્રસિદ્ધિનાં કારણો જે ઇન્દ્રિય અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓને, તે બધી મર્યાદામાં લાવીને કે : મને પર જણાતું નથી, "જાણનાર જણાય છે." આ સૂત્રની વ્યાખ્યા છે. આમાં બાર અંગનો સાર છે. બન્ને વાત આવી ગઈ. "જાણનાર છું અને જાણનાર જણાય છે." ખરેખર પરને જાણતો નથી માટે પરને જાણવું બંધ કરી દે !! એમ કહે છે. પહેલાં હું પરને જાણું છું તે અટક અનુભવમાં બાધક હતી, તેને છોડાવે છે. આત્માને જાણીશ તો આત્માનો અનુભવ થશે તેમ નથી લીધું. કારણ કે એને એમ શ્રદ્ધાનમાં છે કે : હું પરને જાણું છું, એ મિથ્યા શ્રદ્ધા છોડી દે કે પર જણાતું નથી. અને પરને પ્રસિદ્ધ કરે છે તે ઇન્દ્રિયજ્ઞાન છે. આત્મા પરને પ્રસિદ્ધ નથી કરતો.

૮૪૧

આ આત્મા સમયે સમયે જ્ઞાનથી ચ્યુત થતો હતો. પરને મારું માની ચ્યુત થયો હતો તે જ્ઞાનમાં જ આવી મળે છે. જ્ઞાન જ્ઞાનમાંથી ચ્યુત થયું હતું તે ઇન્દ્રિયજ્ઞાન પાછું બહાર ભટકતું હતું તે આવી મળે છે મૂળ સ્થાનમાં.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





કરનાર છું તે બુદ્ધિ છૂટી ગઈ. 'હું તો જાણનાર છું' અને "જાણનાર જણાય છે" તો અંદરમાં આવી ગયો. જ્ઞાન જ્ઞાનથી મળી ગયું. જ્ઞાયકે પર્યાયને અંદર ખેંચી લીધી. પર્યાય જ્યાં જ્ઞાયકની સન્મુખ થઈ તો જ્ઞાયકનું એવું બળ છે કે તેને ખેંચી લ્યે છે, બસ અંદર આવી ગઈ. નદી સમુદ્રમાં મળી ગઈ. પાણી પાણીમાં મળી ગયું.

૮૪૨

આ આત્મા પોતાનાં વિજ્ઞાન ધન સ્વભાવથી ચ્યુત થયો થકો ઉદાસીન જ્ઞાતા દૃષ્ટા અવસ્થા તેને છોડતો થકો... ચ્યુત થયો થકો. પ્રચુર વિકલ્પ જાળના ગહન વનમાં દૂર ભમતો હતો. જો એ... દૂર જાય તો પણ ક્યાં સુધી જાય ? કે વિકલ્પ સુધી જાય. દેહમાં કે કર્મમાં તો જાય જ નહીં તે તેની લિમિટ છે. વિકલ્પને જાળ કહી ને !! ઇન્દ્રજાળ.

વિકલ્પ જાળના ગહન વનમાં દૂર ભમતો હતો તે ક્યાંયનો ક્યાંય નીકળી ગયો હતો અનંતકાળથી; તે હવે ભેદજ્ઞાન વિવેકરૂપી માર્ગ દ્વારા 'હું તો જ્ઞાન સ્વભાવી આત્મા છું." મારા જ્ઞાનમાં જ્ઞાન જ જણાય છે, જ્ઞાયક જ જણાય છે; બીજું કાંઈ જણાતું નથી તે ઢાળવાળો માર્ગ છે. અંદર જવામાં તે ઢાળવાળા માર્ગે આવે છે.

"હું જ્ઞાન સ્વભાવી આત્મા છું." જ્ઞાતા જ છું ને "જાણનાર જ જણાય છે મને પર જણાતું નથી." એ ઢાળવાળો માર્ગ મળ્યો એટલે જ્ઞાન અંદર આવી અનુભવ કરે છે. "જાણનાર જણાય છે પર જણાતું નથી." વિકલ્પ જણાતા નથી પછી પરની વાત તો ક્યાં કરવી !!

૮૪૩

ક્યારે વિકલ્પનો અભાવ થાય ? પોતે જ્ઞાતા છે, કર્તા નથી એ પહેલું નક્કી કરવું જોઈએ. પછી જ્ઞાનમાં જ્ઞાયક જ જણાય છે, વિકલ્પ જણાતો નથી. પછી વિકલ્પનો કરનાર તો નહીં પણ વિકલ્પનો જ્ઞાતા એ નહીં મને વિકલ્પ જણાતો નથી, મને તો જાણનાર જણાય છે. તેનાથી જુદો છું ત્યારે વિકલ્પ તૂટી જાય છે. હું તો જ્ઞાનમય છું ને !! અને મને જ્ઞાનમય આત્મા જણાય છે બસ. પછી વિકલ્પ ક્યાંથી ઉત્પન્ન થાય. સ્વાશ્રિત વિકલ્પ ઉત્પન્ન થાય !?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૮૪૪

પરમાર્થ પ્રતિક્રમણમાં કર્તાનો વ્યવહાર છોડાવવા માટે અકર્તાનો સહારો લીધો અને તેનો જ્ઞાતા નથી તેનો નિષેધ કરવા માટે જ્ઞાયકનો જ્ઞાતા છું. "ચૈતન્યના વિલાસ સ્વરૂપ આત્માને ભાવું છું." બન્ને વાત છે. એક વાત સૂક્ષ્મ અવ્યક્ત છે. જ્ઞાતા જ્ઞેયનો વ્યવહાર અવ્યક્ત છે એમાં આવી જાય છે. "ચૈતન્યના વિલાસ સ્વરૂપ આત્માને ભાવું છું." મને તો મારો ભગવાન જણાય છે. **"જાણનારો જણાય છે" તે આવ્યું ને ? "જાણનારો જણાય છે માટે ઉપચારથી કર્તા નથી ને "જાણનારો જણાય છે" માટે પરિણામનો જ્ઞાતા નથી. અકર્તામાં કર્તાનો ઉપચાર જાય છે, અને "જાણનારો જણાય છે" તેમાં જ્ઞાતાનો ઉપચાર જાય છે.**

૮૪૫

કર્તાના ઉપચારમાંથી અકર્તામાં આવ્યો તો દ્રવ્યના નિશ્ચયમાં આવ્યો. અને ચૈતન્યનાં વિલાસ સ્વરૂપ આત્માને જાણું છું તો પર્યાયના નિશ્ચયમાં આવી ગયો. તેને ઉપચારથી જાણતો નથી. હું પરિણામને જાણતો નથી. નિશ્ચય મોક્ષમાર્ગનાં પરિણામ તેનો જાણનાર તે ઉપચાર છે, અને કરનાર તે પણ ઉપચાર છે. ઉપચાર તે દોષ છે પણ ગુણ નથી.

૮૪૬

જીવની યોગ્યતા અને ગુરુનો ઉપદેશ મળે કે ભાઈ ! તારો સ્વભાવ પરને જાણવાનો નથી. પરને જાણવાથી તને જ્ઞાન પણ નહીં થાય અને સુખ પણ નહીં થાય અને જ્ઞાન તો તારું છે, આત્માનું છે તો તું અંદર જઈને આત્માને જાણ ને ! તો જે સમયે સમયે ઇન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થતું હતું તે; હવે એક સમય એવો આવ્યો કે તેણે પરને જાણવાનો નિષેધ કરી દીધો કે, હું પરને જાણતો જ નથી. એટલા જોરથી નિષેધ કર્યો તો કે તે જ સમયે ઇન્દ્રિયજ્ઞાન રોકાઈ ગયું. ક્ષય નથી થતું પણ રોકાય જાય છે. અને "જાણનારો જણાય છે" તો પાંચમાં સમયમાં... ચાર સમય તો ચાલ્યા ગયા... ફેઈલ થઈ ગયા, પાંચમા સમયે તે ઉપયોગ અંદરમાં આવી ગયો.


"જાણનાર જણાય તો તે ઉપયોગ જે સામાન્ય હતો તે કન્વર્ટ થઈ ગયો. અને અતીન્દ્રિયજ્ઞાન તેનું નામ પામ્યું. હવે ઉપયોગ આખેઆખો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





અતીન્દ્રિયજ્ઞાનમયી નથી થયો; જો આખેઆખો અતીન્દ્રિયજ્ઞાનમયી થઈ જાય તો તો કેવળજ્ઞાન થઈ જાય. એવું થતું નથી. અત્યારે તો મતિ-શ્રુત છે તે અંશે અભિમુખ થયું છે. હવે થોડું ઇન્દ્રિયજ્ઞાન પણ રહી ગયું છે. નિર્વિકલ્પ ધ્યાનમાં લબ્ધરૂપ ઇન્દ્રિયજ્ઞાન રહે છે; ક્ષય થતો નથી.

૮૪૭

પરને જાણવાનું બંધ કરો અને સ્વને જુઓ. જ્યાં સુધી અંદરમાં એમ પડ્યું છે કે આત્મા પરનો જાણનારો છે, એવા અસદ્‌ભૂત વ્યવહારનો પક્ષ છે, અને જ્યાં સુધી તેનો નિષેધ નહીં આવે ત્યાં સુધી ઉપયોગ અભિમુખ નહીં થાય. જ્યાં જ્ઞેય સ્થાપ્યું છે ત્યાં જ ઉપયોગ જશે. ઉપયોગ એટલે ઇન્દ્રિયજ્ઞાનનો ઉપયોગ. આત્માના ઉપયોગની વાત નથી. આહા ! વ્યવહારના નિષેધ વિના નિશ્ચયનો પક્ષ આવતો નથી, તો પક્ષાતિક્રાંત ક્યાંથી થાય ! એકાંત થઈ જશે તો ? પરને જાણતો નથી આત્મા અને "જાણનાર જણાય છે તો એકાંત થઈ જશે. અમને ઇષ્ટ છે. સમ્યક્ એકાંત થઈ જશે.

૮૪૮

હું જાણનાર છું; હું કરનાર નથી. કઈ ક્રિયાનો કરનાર નથી તેવા ક્રિયાના કોઈ વિભાજન જ નથી પાડ્યા. બંધનો કરનાર નથી અને મોક્ષનો કરનાર છું તેમ નથી. આ તો કેવળીનું પેટ છે ખરેખર હોં !! અને આખી બન્ને વાત આવરી લીધી છે.

જાણનાર છે ને કરનાર નથી, પછી "જાણનાર જણાય છે ને ખરેખર પર જણાતું નથી." **બન્ને કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિનો નાશ એમાં કર્યો છે. સૂત્રમાં ઈ... બેય વાક્યો તો અપૂર્વ છે, અમૃત જેવાં છે. આ જૈન દર્શનનું મૂળ છે, નિચોડ છે. પંચમ આરાના છેડા સુધી આ તત્ત્વ ટકશે.** પહેલાં પરને કરતો હતો ને હવે પરને કરવાનું છોડું છું તેમ નથી.

૮૪૯

અંદર હતું તે બહાર આવ્યું છે. ઘણાં વર્ષોથી ઘૂંટાતું હતું. આ બે વાત તો ઘણાં વર્ષોથી કહું છું. મુંબઈ જતો હતો ત્યારે ટ્રેનના ડબ્બામાં આ પ્રેમચંદજીને કહ્યું કે : તમને "જાણનાર જણાય છે, પર જણાતું નથી." મુંબઈ જઈને પ્લેટફોર્મ ઉપર કહ્યું કે પંકજ ! "જાણનાર જણાય છે." (વાહ ! પ્રભુ ! સાચી વાત છે.)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પણ જે આ વિરોધ થયો ને તે બહુ સારું થયું. વિરોધ ઊઠ્યો તે બહુ સારું થયું. પૂ. ગુરુદેવના સ્વર્ગવાસ પછી અમારો જે વિરોધ કર્યો આ વાત ઉપર તે સારું થયું. વધારે સ્પષ્ટ થયું. એમાંથી આ સૂત્ર (સ્ટીકર) નીકળ્યું ને ?

(શ્રોતા : વધારે તો આ વાતની પુષ્ટી આપને લંડનમાં આવી.) જયસેન આચાર્યની ગાથા... ''દર્પણ મેં આયે હુએ પ્રતિબિંબ કે સમાન'' અને ત્યાર પછી તે સમયે ૧૧૪ ગાથાના પ્રવચનોમાં ગુરુદેવ સ્વર્ગમાંથી આવ્યા. તેમાંથી એક શબ્દનીકળ્યો કે 'અનુક્રમ' અનાદિથી મેં ક્રમભંગ કર્યો છે તેની માફી માગું છું. હે ! ભગવાન તમારાં માર્ગમાં ક્રમભંગ કર્યો છે. ''જાણનાર જણાય છે ને ! સામાન્યને જાણે છે અને વિશેષને નથી જાણતો'' ત્યારે તો દ્રવ્યાર્થિક આંખ ખૂલે છે. મને તો આ વાતથી ચોટ લાગી.

એ વખતે તો ધૂન હતી. આખો દિવસ ઘરે સ્વાધ્યાયને ચર્ચા કરતા હતા. ૧૧૪ ગાથાના પ્રવચન છપાઈને આવી ગયા પછી ચર્ચા કરતા હતા. પૂ. ગુરુદેવે એમાં બહુ ખુલાસો કર્યો છે. પેટ ભરીને બધું આપી ગયા છે બસ.

''હું કરનાર નથી, જાણનાર છું. અને જાણનારો જણાય છે અને ખરેખર પર જણાતું નથી.'' આ બે વાત પણ એની જ છે. આ નિશ્ચય ગુરુની છે. શિષ્ય એમ કહે છે આ ગુરુએ મને કહ્યું તે હું તમને કહું છું. તમે જે વાત કરીને કે જીવો આમાં ભૂલ ખાય છે. શું ? કે : પહેલાં પરનો કર્તા હતો હવે કર્તા નથી, તેમ પહેલાં પરનો જ્ઞાતા હતો હવે જ્ઞાતા નથી તેમ.

આ મૂળ છે, એક દ્રવ્યનો નિશ્ચય અને બીજો પર્યાયનો નિશ્ચય. આ સ્વભાવ છે, સ્વભાવ ખ્યાલમાં આવે તો એને પર્યાય દૃષ્ટિ છૂટીને જ્ઞાની થાય બસ એટલું જ છે.

જ્ઞાતાનું અવલંબન લેતાં સાક્ષાત જ્ઞાતા થાય છે. (શ્રોતા - બહુ સરસ. નવો જ્ઞાતા થાય છે એમ નથી.) જ્ઞાતા છે ઈ જૂનું છું, અને જ્ઞાતાનો સ્વીકાર કરે તો જ્ઞાતા થાય છે, ને અજ્ઞાન ટળી જાય છે, ને નવો મોક્ષમાર્ગ શરૂ થાય છે. જ્ઞાતા થાય છે તે નંબર પહેલો નથી. જ્ઞાતા છે તે નંબર પહેલો છે. ''જાણનાર છું, જ્ઞાયક છું; જ્ઞાતા છું.'' ''જો ચેદા સો અહમ્'' જે ચેતનારો છે તે જ હું છું. ચેતનારાનો સ્વીકાર કરે તો જ્ઞાન ચેતના પ્રગટ થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૮૫૦

આત્માને જાણવો સૌથી સરળ છે. અને પરને જાણવું બળાત્કાર છે. ઇન્દ્રિયજ્ઞાન ઊભું કરે તો પર જણાય. શું કહ્યું ? ઇન્દ્રિયજ્ઞાન ઊભું કરો તમે ત્યારે પર જણાય. આહા ! "જાણનારો નિરંતર જણાય છે." એના ઉપર એને જવું જોઈએ.

૮૫૧

**એક મુમુક્ષુએ મને કહ્યું તમે નિષેધથી વાત બહુ કરો છો !? ભાઈ ! તારી વાત સાચી છે. પ્રમત્ત અપ્રમત્ત મારામાં નથી તેવો જ્ઞાયક છું આ મને મારા ગુરુના ગુરુએ કહ્યું છે. પ્રમત્ત અપ્રમત્ત મારામાં નથી તેવો જ્ઞાયક છું, તો કહે છે કે અસ્તિથી વાત કરો ને ? કે : 'નહીં.' નાસ્તિ વિના અસ્તિ સિદ્ધ નહીં થઈ શકે - કેમ કે નાસ્તિમાં તારી અહમ્ બુદ્ધિ છે.**

જે તારામાં નથી તેને તું તારું માનીને બેઠો છે. એટલા માટે જ્ઞાનીઓ નિષેધ કરાવે છે. "નથી અપ્રમત્ત કે પ્રમત્ત" નથી ત્યાંથી ઉપાડ કર્યો." એટલે વ્યવહારનો નિષેધ તે વીર્યવાનનું કામ છે. **ખૂબ જ વીર્યવાન હોય તે વ્યવહારનો નિષેધ કરી શકે છે.** પછી નિશ્ચયે જાણનારો જણાય છે ને વ્યવહારે પરિણામ જણાય છે તો બન્નેમાં 'છે' આવ્યું ને ? બન્નેમાં શું આવ્યું ? નિશ્ચયે જાણનારો જણાય છે ને વ્યવહારે પરિણામ જણાતાં નથી. હવે પરિણામ જણાતાં નથી તો દેવ, ગુરુ, શાસ્ત્રની તો વાત ક્યાં કરવી.

૮૫૨

જ્ઞાન જ્યારે અભિન્ન થઈને જ્ઞાયકનાં દર્શન કરે છે ત્યારે તેને આનંદ આવે છે. દુઃખ સાધ્ય નથી પણ આનંદ સાધ્ય છે. સાધ્ય એટલે પ્રાપ્ત કરવા યોગ્ય. જેનાથી પ્રાપ્ત થાય તે સાધન. પ્રાપ્ત થવા યોગ્ય પ્રાપ્ત થાય તે સાધ્ય. જેમકે રસોઈ કરવી હોય તો કૂકર એ તેનું સાધન છે, પણ... તેવા ભિન્ન સાધન સાધ્ય રૂપથી કાંઈ સિદ્ધિ થતી નથી; પરંતુ સંસારની સિદ્ધિ થાય છે. સાધન સાધ્ય એક જાતનાં હોય છે.

તો હવે સ્વપર પ્રકાશક જ્ઞાન જેનું છે તેને અભેદપણે પ્રસિદ્ધ કરે તો તેને સાધન કહેવાય. અને શુદ્ધાત્માનાં દર્શન થાય તેને સાધ્ય કહેવાય. આવું સાધન સાધ્ય અભેદ હોવા છતાં એ જ્ઞાન પરની પ્રસિદ્ધિમાં રોકાણું હતું; આને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





(પરને) જાણું છું...! આને જાણું છું...! તો આત્મા જાણવાનો રહી ગયો. અને ઇન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું તો તે સાધન દ્વારા આત્માની બિલકુલ પ્રાપ્તિ થતી જ નથી.

હવે મારા જ્ઞાન દ્વારા હું પરને જાણતો જ નથી, અને "જાણનારો જ જણાય છે" એમ જ્યાં અંદરમાં જાય છે તો સાધ્ય અને સાધન એક જાતનું થઈ ગયું. જ્ઞાન સાધન અને જ્ઞાયક સાધ્ય એમ કરવું જોઈએ તેને બદલે અનંતકાળથી ઊંધું કર્યું છે. આ મોટામાં મોટી ભૂલ છે. સ્વપર પ્રકાશકમાં પણ એણે પરપ્રકાશકને પકડ્યું છે, અને સ્વપ્રકાશકને ઉડાડ્યું છે.

૮૫૩

**જિજ્ઞાસા :** મુઝે જાનનહાર હી જાનને મેં આ રહા હૈ ઐસા પક્ષ મેં આયા... ફિર જાનનહારકી તરફ ગયા... ફિર પક્ષાતિક્રાંત કી ક્યા વિધિ હૈ ? યે વિકલ્પ તૂટને કી ક્યા વિધિ હૈ ?

**સમાધાન : જેટલું જોર "હું જાણનાર છું" એનું આવવું જોઈએ તેટલું જોર હજુ આવતું નથી. અને બીજું શું છે તેમાં કે પરને હું નથી જાણતો જેટલો જોરથી નિષેધ આવવો જોઈએ તે નથી આવતો. ઠીક છે કથંચિત તો જાણે છે ને ! તેવો અંદરમાં વ્યવહારનો પક્ષ થોડો રહે છે તો પરિણતી અંદર નિશ્ચયની તરફ ઝૂકતી, ઢળતી નથી. નિશ્ચયનું જોર નથી આવતું તે પોતાની ખામી છે.** સૂત્ર તો બરાબર છે. બાળગોપાળ સૌને ભગવાન આત્મા જાણવામાં આવે છે.

**જિજ્ઞાસા :** વિકલ્પ મેં જોર પકડતા હૈ યે...!

**સમાધાન :** વિકલ્પ હી નહીં આતા હૈ આતા હૈ ? ઔર જબ જ્ઞાયક કા જોર આતા હૈ, વિચાર આતા હૈ... વિકલ્પ નહીં હૈ માનસિક પર્યાય, વો વિચાર માનસિક પર્યાય હૈ. વિકલ્પ નહીં લેના ! વિકલ્પકા ક્યા કામ હૈ. જ્ઞાન લો ને. સભી કો જાણનાર હી જાનને મેં આતા હૈ, મેરે કો ભી. યે પક્ષ ભી નહીં હૈ. જિસકો પક્ષ આતા હૈ, યે પક્ષ કો આગે નહીં કરતા હૈ. પક્ષ આતા હૈ જરૂર. પક્ષ આને કે બાદ અંતરમુહૂર્ત મેં યાતો થોડા ટાઈમ કે બાદ અવશ્ય અનુભવ હોતા હૈ. વો કોલ કરાર હોતા હૈ. મગર પક્ષવાલા પક્ષકો આગે કરતા નહીં હૈ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જેમ સમ્યક્દૃષ્ટિનો ઉપયોગ ભલે વ્યાપાર આદિમાં હો પણ તેની પરિણતી નિરંતર રહે છે. તેમ અનુભવ પહેલાં એક અપૂર્વ પક્ષ આવે છે તે પક્ષ બાદ કોઈને ત્રણ ચાર કલાકમાં અનુભવ થાય છે. કોઈને થોડી વાર પણ લાગે છે. વાર લાગે છે ત્યારે તેને પરિણતી તો ચાલુ રહે છે. તે અતીન્દ્રિય જ્ઞાનની પરિણતી નથી. તે પરિણતી અલગ છે, વચનાતીત છે, તેમ લખ્યું છે.

પંચાધ્યાય કર્તાએ લખ્યું છે, તે પોતે જાણે પણ કહી ન શકે. વચનથી અગોચર નિર્વિકલ્પવત્, કેવળ સ્વાનુભવ ગમ્ય છે. આ જીવને અલ્પ કાળમાં સમ્યક્દર્શન થશે તેમ કેવળી ભગવાને જોઈ લીધું. 'ચિરમ્ અચિરમ્''. નહીંતર ખરેખર તો નૈગમનય આદિ જે હોય તે નય પૂર્વક હોય. પણ આ તો અપ્રતિહત ભાવે ઊપડેલો છે. તે અપૂર્વ ચીજ છે. કોઈ વાણીથી કહી શકાય તેવી ચીજ નથી.

## ૮૫૪

**જિજ્ઞાસા :** પરિણામ પરિણામીથી થાય છે એમ આપે કહેલું; હવે હું ઉદાહરણ એક રજૂ કરું છું. કે : અત્યારે હું સીમંધર ભગવાનનાં દર્શન કરવા જાઉં છું. આ પરિણામ મને થયા તે પરિણામનો કર્તા કોણ ?

**સમાધાન :** એ પરિણામનો કર્તા પરિણામ છે. તમે (આત્મા) તેના કર્તા નથી.

**જિજ્ઞાસા :** એટલે કયા પરિણામ ?

**સમાધાન :** એ તમને જે વિચાર આવ્યો ને કે હું સીમંધર ભગવાનનાં દર્શન કરવા જઈ રહ્યો છું; તે પરિણામ થયા કે નહીં ? તે પરિણામ કોણે કર્યાં ?

**જિજ્ઞાસા :** મારું જે મન છે તેણે કર્યાં !

**સમાધાન :** જો મને કર્યાં તો મનથી તમારો આત્મા ભિન્ન છે.

**જિજ્ઞાસા :** તો એનાથી કર્મ બંધ થાય છે ને ?

**સમાધાન :** હું કરું તો કર્મ બંધ થાય, અને હું જાણું તો પણ કર્મ બંધ થાય.

પણ હું પરિણામને કરતોય નથી ને પરિણામને જાણતોય નથી. જાણનારને જાણું છું તો કર્મની નિર્જરા થાય ભાઈ ! **પરિણામ કર્યા વિના થયા કરે છે**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





**અને મારો આત્મા મને જણાયા કરે છે. પરિણામ મારા કર્યાં વિના થયા કરે છે તો કર્તાબુદ્ધિ જશે, જ્ઞાતાબુદ્ધિ જશે ને સાક્ષાત અકર્તા થઈ જશે.**

**૮૫૫**

સૂર્યનું દૃષ્ટાંત રાખીને; સ્વપર પ્રકાશકમાં આવી જાય. અને સ્વપર પ્રકાશકમાં પરની પ્રસિદ્ધિ રોકી દ્યો, અને સ્વની પ્રસિદ્ધિ કરો. બસ એટલી જ વાત છે. બીજું કાંઈ નથી.

સ્વપર પ્રકાશક ક્યારે માન્યું કહેવાય? તમે સ્વપ્રકાશકમાં જાવ ત્યારે સ્વપર પ્રકાશક માન્યું કહેવાય. એકલો હું પરને જાણું છું તે મિથ્યાત્વ છે. તેને સ્વપર પ્રકાશકની ક્યાં ખબર છે! સૂર્યના પ્રકાશ વખતે મકાન દેખાતું નથી, એકલો સૂર્ય દેખાય છે. એમ જ્ઞાનમાં સ્વપર-પ્રકાશક વખતે મને દેહ જણાતો જ નથી. એકલો જાણનાર જણાય છે. ત્યારે એને અનુભવ થશે.

અનુભવ થયા પછી દેહને કેમ જાણે છે? આંખનો ઉઘાડ તેને જાણે છે હું તેને જાણતો નથી. અનુભવ દ્વારા પરને જાણવાનો નિષેધ આવ્યો તે આવ્યો જ. ખતમ થઈ ગઈ વાત. દેહ મારો છે તેમ સ્વપ્નમાં તો આવતું નથી, પણ હું દેહને જાણું છું તેમ પણ આવતું નથી. આ મંત્ર લઈને જાઓ ઇંદોરમાં અને તેની સાધના કરો.

**૮૫૬**

**જિજ્ઞાસા :** સ્વપર પ્રકાશકમાંથી સ્વપ્રકાશક કેમ કાઢવું?

**સમાધાન :** જેમ દ્રવ્ય પર્યાય સ્વરૂપ વસ્તુમાંથી પર્યાયનો નિષેધ કરી દ્રવ્યનો પક્ષ આવ્યો તેમ જ્ઞાનનાં સ્વપર પ્રકાશકમાંથી સ્વપ્રકાશક કાઢે છે. **જેમ દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુમાં વિધિ-નિષેધથી દૃષ્ટિનો વિષય આપ્યો; તેમ જ્ઞાનની પર્યાયમાં પણ સ્વપર પ્રકાશક પ્રમાણ છે. તેમાં પણ હું પરને જાણતો જ નથી, જાણનાર જ મને જણાય છે, તેમ થોડો ટાઈમ વિધિ-નિષેધનાં વિકલ્પ રહે છે. હવે વિષય ફર્યો.**

હું પરને જાણતો જ નથી. "જાણનાર મને જણાય છે." તેમ થોડીક વાર; થોડીક સેકંડ... વિધિ-નિષેધ કરતાં કરતાં નિષેધનો વિકલ્પ છૂટે છે. "મને તો જાણનાર જણાય છે" તે વિધિનો વિકલ્પ ઊઠે છે. ઉપયોગમાં આવ્યું કે "જાણનાર જણાય છે" ત્યારે થોડીક વાર ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર કામચલાઉ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





બંધ થઈ જાય છે, ક્ષય થતો નથી. અને નવાં અતીન્દ્રિય જ્ઞાનમાં આત્માનાં દર્શન થાય છે. **આમ સ્વપર પ્રકાશકમાંથી સ્વપ્રકાશકમાં આત્માનાં દર્શન થાય. સ્વપર પ્રકાશકમાં ન થાય. સ્વપ્રકાશક નિશ્ચય છે અને સ્વપર પ્રકાશક વ્યવહાર છે.**

### ૮૫૭

અનંતકાળથી પરને જાણું છું તો જ્ઞાન પણ ન થયું ને સુખ પણ ન થયું. ઇન્દ્રિયજ્ઞાનમાં જ્ઞાન પણ ન થાય ને સુખ પણ ન થાય. એવો વિચાર કરતાં ભેદજ્ઞાન કરે છે.

**જિજ્ઞાસા :** એક સમય જ મળે છે તો એક સમયમાં પાછું વળી શકાય કે નહીં ?

**સમાધાન :** હોં ! પાછું વળી શકાય સો ટકા પાછો વળે છે... અને આત્માનો અનુભવ કરી લ્યે છે. અનંતકાળથી તો સમુચ્ચપણે... પરંતુ સમયે સમયે પર સન્મુખ થાય છે. એક સમયે પરસન્મુખ... પછી બીજા સમયે પરસન્મુખ... પછી ત્રીજા સમયે પરસન્મુખ... પણ પછીના સમયે સ્વસન્મુખ થઈ શકે છે. પર સન્મુખ થયો તે તો વિભાવ છે. ટળી જવાનો ને !

પ્રશ્ન મજાનો છે. જેમ અનંતકાળ સંસારમાં કાઢ્યો તેમ અનંતકાળ હવે પાછો આત્માના દર્શનમાં કાઢવો પડશે ? કહે ! 'ના.' પંદર દિવસ કાઢવા પડશે ? કે : 'નહીં.' એક સમય. "જાણનાર જણાય છે મને પર જણાતું નથી" નિષેધ આવ્યો શું પરનો ! અને વિધિમાં આવ્યો શું ! ને ડૂબકી મારી શું !! ને અનુભવ થયો શું !! એક સમયનું જ કામ છે. મિથ્યાત્વ કેટલો સમય ? એક સમયનો છે. બીજા સમયે અનુભવ થઈ જાય છે.

### ૮૫૮

જ્ઞાતાને કર્તા માની બેઠો છો ત્યાં સુધી સંસાર છે. જે'દિ જ્ઞાતા ભાવમાં આવશે... તે'દિ સંસારનો અંત આવશે ખલાસ. તત્ક્ષણ અનુભવ થાય છે. તત્ક્ષણ અકર્તાના બળે કર્તાબુદ્ધિ છૂટી ને જ્ઞાયકમાં ઉપયોગ આવી જાય છે. "અકર્તા છું એવો હું જ્ઞાયક છું." એવો જ્ઞાયક જ જણાય છે. "જાણનાર જ જણાય છે બસ" જાણનારો તે જ હું છું. પછી સિદ્ધ ભગવાન પોતે પોતાને જાણ્યા કરે છે સાદિ અનંત કાળ. ઉપયોગ બહાર નીકળ્યો નથી. ઉપયોગ જ્ઞેયથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જ્ઞેયાન્તર થતો નથી જરાય.

## ૮૫૯

હવે સ્વપર પ્રકાશકમાં પણ કથંચિત છે. સ્વપ્રકાશક તો ઉપાદેયની મુખ્યતાથી છે. જ્ઞાનનો ધર્મ સ્વપ્રકાશક જ છે તે ઉપાદેયની મુખ્યતા છે. હવે નિર્વિકલ્પ ધ્યાનમાં જ્યારે એનો ઉપયોગ અભિમુખ થયો છે ત્યારે નિશ્ચય સ્વપર પ્રકાશક પ્રગટ થાય છે.

**જિજ્ઞાસા** : અમારું સ્વપર પ્રકાશક આવશે કે નહીં ?

**સમાધાન** : અત્યાર સુધી તેં સ્વપર પ્રકાશકની વાત સાંભળી હતી ને તે અજ્ઞાન છે. **નિશ્ચય વિના વ્યવહાર ન હોય. જ્ઞાન આનંદને જાણે છે ત્યારે આનંદની પર્યાયની સન્મુખ થયા વિના જ જ્ઞાન આનંદને જાણી લ્યે છે. તેને નિશ્ચય સ્વપર પ્રકાશક કહેવાય છે.** જ્ઞાન જ્ઞાનની અપેક્ષાએ સ્વ અને જ્ઞાનમાં શ્રદ્ધા, ચારિત્ર, આનંદ તે બધા ગુણો પણ ઝળકે છે. એટલે નિર્વિકલ્પ ધ્યાનમાં નિશ્ચયથી સ્વપર પ્રકાશક ઉદય પામે છે અને પછી બહાર આવે છે ત્યારે વ્યવહાર સ્વપર પ્રકાશક હોય છે. "જાણનારો પણ જણાય છે અને દેવ-ગુરુ પણ જણાય છે." હવે તે વ્યવહાર સ્વપર પ્રકાશક કહેવાય છે. વ્યવહારમાં પર આવે છે. નિશ્ચય સ્વપર પ્રકાશકમાં પર ન આવે.

## ૮૬૦

આ રાગ છે, આ પુસ્તક છે, આ વાણી છે, એમ એનું જોર પરમાં જાય છે. એની શ્રદ્ધામાં પોતાનાં સામર્થ્યનો વિશ્વાસ જ આવતો નથી કે મારી જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય જ એવું છે કે જ્ઞાયક જ મારા જ્ઞાનમાં જણાય છે. પેલું પુસ્તક આદિ તો જ્ઞેય છે. પેલું તો ત્રણે કાળે છે... છે... ને છે. પણ "જાણનાર જણાય છે" એવું સામર્થ્ય એની પર્યાયમાં પ્રગટ થઈ ગયેલું છે. એની શ્રદ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ જ આવતો નથી. કે : મારી શ્રદ્ધાજ્ઞાનની પર્યાયમાં જાણનારો જણાય રહ્યો છે. જ્ઞાયક જણાય છે એમ એને વિશ્વાસ જ આવતો નથી.

## ૮૬૧


દીવાના પ્રકાશમાં પ્રકાશકને પ્રસિદ્ધ કરે, કરે ને; કરે એવું સામર્થ્ય પર્યાયમાં છે. એક સમયની પ્રકાશની પર્યાયમાં બાળગોપાળ સૌને "જાણનાર જણાય છે." "જાણનાર જ જણાય છે" એવું સામર્થ્ય પર્યાયમાં પ્રગટ થઈ ગયું છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





અને એ સામર્થ્ય પ્રત્યેક જીવમાં છે. પણ એને શ્રદ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ જ નથી આવતો કે : મારું સામર્થ્ય અત્યારે પ્રગટ થઈ રહ્યું છે. મારો ભગવાન આત્મા મને જણાય રહ્યો છે. મને બીજું કાંઈ જણાતું નથી, એમ શ્રદ્ધાનમાં નથી આવતું. મને પર જણાય છે એમ શ્રદ્ધામાં આવે છે. એટલે બહિર્મુખ દૃષ્ટિ રહી ગઈ. ઉપયોગ અભિમુખ થાય જ નહીં.

૮૬૨

આ બાળગોપાળ સૌ ખરેખર જાણનારને જ જાણે છે. રાગને જાણે છે, સ્વપરને જાણે છે એમ લીધું નથી. પણ... જાણનારને જ જાણે છે. સમ્યક્ એકાંતમાં લઈ ગયા. એવું વસ્તુનું સ્વરૂપ જ છે. અનાદિ અનંત આવું જ છે. આમાં ભાગલા નથી કે : જ્ઞાનીને આત્મા જણાય અને અજ્ઞાનીને દેહ જણાય.

બાળગોપાળ સૌને શબ્દ વાપર્યો છે ને ? ખરેખર આવી સ્થિતિ ભજેલી છે તો સ્વીકાર કરી લે. **પર્યાયનું સામર્થ્ય ખ્યાલમાં નથી આવતું કે આ "જાણનારો જ જણાય છે." એવું મારી જ પર્યાયનું સામર્થ્ય છે. વ્યક્ત અવ્યક્તને પ્રસિદ્ધ કરે છે. ઉત્પાદ ધ્રુવને પ્રસિદ્ધ કરે છે. એમ એની શ્રદ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ નથી આવતો કે : "જાણનારો જણાય છે." એમ એને શ્રદ્ધામાં નથી આવતું.**

૮૬૩

અજ્ઞાનીની શ્રદ્ધામાં એમ આવે છે કે પર જણાય છે. પરને કરું છું ને પરને જાણું છું... આ વિષય કષાયની પ્રવૃત્તિ છે, અને તેમાં પ્રવર્તે છે. અત્યારે "જાણનારો જણાય છે." પણ તેને ખ્યાલમાં આવતું નથી. તારી શ્રદ્ધામાં એ જ આવતું નથી એટલે તું મિથ્યાદૃષ્ટિ રહી ગયો, એમ કહે છે. તારી શ્રદ્ધામાં જ્યારે "જાણનાર જ જણાય છે" એમ આવશે ત્યારે સમ્યક્દર્શન થઈ જશે. એટલી જ વાર છે પણ તું શ્રદ્ધતો નથી.

૮૬૪

જીવનું ચેતના લક્ષણ છે કે જેનાં દ્વારા જ અનુમાનમાં આવે છે અને એ જ લક્ષણ દ્વારા અનુભવમાં આવે છે. પહેલાં અનુમાન કરે છે અને પછી અનુભવ થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





અનુમાન નિર્ણયને સિદ્ધ કરે છે. "હું તો જ્ઞાનમય છું." અનુમાનમાં જે જાણનારો જણાયો તે જ હું છું એ જ અનુમાન. કેટલીક વાતો એવી છે કે... સમજી ગયા !! એનું નામ જ અનુમાન.

૮૬૫

સવિકલ્પ દશામાં તો ખરેખર જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે. "જાણનાર જણાય છે." આ અપૂર્વ અને ઊંચી ગાથા છે, છેલ્લી વાત છે. ચેતના લક્ષણથી જણાય છે, જણાશે એમ નથી લખ્યું, જણાય છે. એટલે લક્ષ અને લક્ષણ અભેદ છે. એટલે લક્ષણથી લક્ષ ભિન્ન નથી.

૮૬૬

જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે. એટલો વિકલ્પ ઊઠ્યો તે જૂઠો છે. એટલે તેમાં આત્માનો અનુભવ નથી. આહાહા ! જ્ઞાન રાગને કરે તે વિકલ્પ તો જૂઠો, જ્ઞાનની પર્યાય જ્ઞાનની પર્યાયને જાણે એ વિકલ્પ પણ જૂઠો, જ્ઞાનની પર્યાય જીવ વસ્તુને જાણે એ વિકલ્પ પણ જૂઠો, આહાહા ! પરાકાષ્ટા છે. આ જ લીટીમાં બાર અંગનો સાર છે. વસ્તુ સ્વરૂપ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે... કેટલો વિકલ્પ ? કે જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે. "જાણનારો જણાય છે" એ વિકલ્પ પણ જૂઠો છે. એમાં અનુભવ નથી. પણ... "જાણનારો તે જ હું છું" એમાં અનુભવ થાય એમ વિશેષતા છે.

૮૬૭

ધ્યેય વિના જ્ઞેય થઈ શકતું જ નથી. "ધ્યેય સામાન્ય આત્મા થાય પછી ધ્યેયપૂર્વક જ્ઞેય" થાય છે. પર જણાતું નથી પણ જ્ઞાયક જ જણાય છે. પરને જાણવાની રુચિ કાયમ રાખે છે તેને પ્રત્યક્ષ જ્ઞાન થાય નહીં. **"જાણનારો જણાય છે" તેનો ધસારો અંદરમાં છે, વિચારમાં ભેદ છે. પણ તે ભેદમાં અટકતો નથી, અભેદમાં ચાલ્યો જાય છે. પરિણતી તૈયાર થઈ ગઈ છે. જ્ઞાની કહે છે તે સીધું અંદરમાં ઝીલી લે તેવી સંધિ છે.**

૮૬૮


જે જ્ઞાનમાં દિવ્ય ધ્વનિ જણાય છે તે જ્ઞાનની ઉપાધિ છે. તે ઉપાધિને દૂર કર. જ્ઞેયનાં સંબંધવાળું જ્ઞાન રાખે છે. જ્ઞેયનો સંબંધ તોડી નાખ તેથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જ્ઞાન રહી જશે. જે જ્ઞાનમાં એકલું પર જ્ઞેય પ્રસિદ્ધ થાય, અને જે જ્ઞાનમાં જ્ઞાયક તિરોભૂત થાય છે તે જ્ઞાન નથી. “જાણનાર જણાય છે” તેમાં આવી જા ને !! પ્રથમ જાણનારો જણાય છે તેટલો ભેદ હોય છે પછી તે નીકળી જાય છે. અનુભવ પહેલાં ગુણગુણીનો ભેદ સંમત છે. તેનાથી દૂર જવાનું નથી તે પણ અનુભવનાં કાળે છૂટી જાય છે.

૮૬૯

પર્યાયથી રહિત છું તેવી શ્રદ્ધા થતાં; પર્યાયથી સહિત છું તેવું જ્ઞાન સાથે સાથે થાય છે, ત્યારે અનુભવ થાય છે. “હું જ્ઞાનમય છું” તે તો વિકલ્પ છે. પણ જ્ઞાનમય થઈને જ્ઞાનમય છું તે અનુભૂતિના કાળે થઈ જાય છે. તેના માટે “જાણનાર જ જણાય છે.” તે પ્રયત્ન કરવાનો છે. જે જ્ઞાન આત્માને છોડીને પરને જાણવા જાય છે તે અપરાધ છે.

૮૭૦

જ્ઞાયક પલટાતો નથી તેથી જ્ઞાન પણ પલટાતું નથી. પણ પર્યાય ઉત્પાદ-વ્યયના સ્વભાવ વાળી છે. સમયે સમયે જાણનારો વિના પુરુષાર્થે જણાય રહ્યો છે. પણ તેનો સમયે સમયે નિષેધ કરે છે. તેનો સ્વીકાર કરે તો તેમાં અનંતો પુરુષાર્થ રહેલો છે. મારા જ્ઞાનમાં ભગવાન આત્મા જણાય રહ્યો છે. તેવા પરોક્ષ અનુમાન જ્ઞાનમાં ‘હા’ તો પાડ. સર્વજ્ઞ ભગવાનની વાણી ન્યાય યુક્ત છે.

૮૭૧

જ્ઞેયાકાર અવસ્થા એટલે જ્ઞેયોને જાણવાના કાળમાં શું જણાય છે ? જ્ઞેય જણાય છે ? કે જ્ઞાયક જણાય છે ? તો કહે છે જ્ઞાયક જ જણાય છે. સવિકલ્પ દશામાં જ્ઞાયક જણાય છે તો કહે ‘હા’ જ્ઞાયક જણાય છે.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં જ્ઞાયક છે. એમાં તો કોઈ ને પ્રશ્ન છે જ નહીં. પણ... જ્ઞેયને જાણતી વખતે જ્ઞેય જણાય છે કે “જાણનાર જણાય છે” મર્મ ત્યાં છે.

૮૭૨

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો, જ્ઞેયનાં જાણનારપણે જણાયો એમ નહીં. ઉપયોગ જે બહાર છે તે આત્માનો નથી. અંત્તરનો ઉપયોગ છે તે આત્માનો છે. અને જો જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે ન જણાતો હોય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





તો એ સમયે સમ્યક્જ્ઞાન રહી શકે જ નહીં. સમ્યક્જ્ઞાનનો અભાવ થઈ જાય. પણ સવિકલ્પ દશામાં કે નિર્વિકલ્પ દશામાં ચોવીસે કલાક "જાણનાર જણાયા જ કરે છે." એમાં ઉપયોગને પરિણતી એવા ભેદનું કોઈ કામ નથી. પણ નિરંતર જણાયા જ કરે છે.

૮૭૩

કાપડની દુકાને બેઠાં બેઠાં કાપડ બતાવતા આ કાપડ જણાય છે; કે મારું જ્ઞાન જણાય છે ? કે જ્ઞાયક જણાય છે ? બસ. બસ, એટલામાં તો કાપડ કાપડમાં રહી જાય અને ત્યાં ને ત્યાં નિર્વિકલ્પ અનુભવ થઈ જાય. અને પછી બહાર નીકળીને તમે ઘેર જાઓ અને નાના ભાઈને કહો કે આજે ભવનો અંત આવી ગયો. પણ શું ? તમે સ્વાધ્યાય તો કરતા ન હતા, અને કાંઈ શાસ્ત્ર તો હાથમાં ન હતું. પણ... ઉપયોગમાં સમયસાર હતું. કાપડ જણાતું હતું ત્યાં સુધી અન્ ઉપયોગ હતો. અને જ્યાં આ કાપડ જણાતું નથી જાણનાર જણાય છે. બસ ત્યાંથી લક્ષ છૂટી જાય છે. અને કોઈને ખબર ન પડે.

૮૭૪

"જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાય છે." સવિકલ્પ દશા છે. પ્રતિમાજી બિરાજમાન છે. સામે દર્શન કરે છે. એક ઉપયોગનો છેડો અંદરમાં અને બીજો ઇન્દ્રિયજ્ઞાનનો છેડો બહારમાં છે. **એક ઉપયોગના બે છેડા છે. એ વખતે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય જણાય છે કે : "જાણનાર જણાય છે." આહા ! "જાણનાર જણાય છે." એમ ન હોય તો નિર્જરા ન હોય. નિર્જરા થાય છે. સાધકને જાણનાર જણાય છે માટે.**

૮૭૫

જ્ઞેયને જાણવાના કાળે જ્ઞેય જણાય તો જ્ઞાયક ગયો હાથમાંથી. હવે જ્ઞેયને જાણવાનો કાળ છે ત્યારે પણ "જાણનારો જણાય છે." એ કહેવા માગે છે.

૮૭૬

જ્ઞાનમાં જે પર પદાર્થ જ્ઞેયો છે એ જણાય છે છતાં તેને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. જ્ઞાન એને જાણતું નથી. જ્ઞાન તો જ્ઞાનને જ જાણે છે. કે : જે જ્ઞાનની પર્યાયમાં જાણનારો જણાય રહ્યો છે. જાણનારો જણાઈ રહ્યો છે ત્યારે તો એને જ્ઞાનની પર્યાય કહેવાય, જો જાણનાર જ એને જ્ઞાનની પર્યાયમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જણાય નહીં તો એને જ્ઞાન ન કહેવાય પણ અજ્ઞાન કહેવાય.



૮૭૭

અહીં તો પોતે પોતાને જાણ્યો છે. જાણનારે જાણનારને જાણ્યો છે. હવે જાણનારાને જાણી તો લીધો અને સવિકલ્પ દશા જણાય છે એની સાથે જ્ઞાનની પર્યાયની સ્વચ્છતા એવી છે કે પર પદાર્થનો એમાં પ્રતિભાસ થાય છે.

૮૭૮

જ્ઞાનની પર્યાયને જાણતાં જાણતાં પર જ્ઞેય જણાય એટલે મોહ ન થાય. ઓલી જ્ઞાનની પર્યાયને છોડીને પરજ્ઞેય જણાતું હતું જેથી મોહ થતો હતો ખલાસ. કારણ કે દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેય જ્ઞાનમાંથી ગયું અને એકલું પરજ્ઞેય જણાય છે તો અધ્યવસાન થઈ ગયું. ભ્રાંતિ થઈ ગઈ. ઇન્દ્રિયજ્ઞાન જીતાય તો જ મોહનો નાશ થાય; બીજો કોઈ ઉપાય નથી અને ઇન્દ્રિયજ્ઞાન ક્યારે જીતાય ? કે : "હું પરને જાણતો નથી... મને જાણનાર જણાય છે", એટલા ભેદમાં પરોક્ષ અનુભૂતિ થઈ જાય છે. પરોક્ષ અનુભૂતિ પછી પ્રત્યક્ષ અનુભૂતિ થઈ જાય છે.

૮૭૯

આ એક ખૂબી છે. રાગ જ્યારે પ્રતિભાસે છે, ત્યારે "જાણનાર જણાય છે." આ વાત અનુભવીને જ બેસે એવી છે. બિનઅનુભવીને આ ખ્યાલમાં પણ ન આવે. સવિકલ્પ દશામાં લડાઈમાં "જાણનાર જણાય છે" તલવાર જણાતી નથી ! ચક્ર જણાતું નથી ? તો કહે 'ના.' આ અનુભવી પુરુષો પોતાનો અનુભવ ઘૂંટતા ઘૂંટતા વાત કરે છે. અમે અમારા અનુભવની વાત શબ્દો દ્વારા કહીએ છીએ. જો કોઈ પકડી લ્યે તો તે જ્ઞાની થઈ જાય એવી વાત છે.

૮૮૦

જ્ઞાયકની પર્યાયપણે જણાય છે એમાં ભેદ અપેક્ષાએ જ્ઞાયકની પર્યાય કહી છે. તેમાં પણ રાગની પર્યાયપણે છું તેવું જ્ઞાન નથી જણાતું, પણ હું તો જાણનાર છું તેમ જણાય છે. "જાણનારો જણાય છે" માટે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને લાગુ પડતી નથી.



૮૮૧

(જ્ઞાયકભાવ પુસ્તક) ચોખ્ખા શબ્દ છે. પણ જાણનારની પર્યાયને તેણે જાણી છે એટલે જાણનારો એવો આત્મા આત્માની અવસ્થાને એ જાણે છે. પુદ્ગલની અવસ્થાને નથી જાણતો. એટલે રાગને જાણતો નથી. રાગ જણાય છે. (પ્રતિભાસે છે) છતાં ગૌણ છે. હર હાલતમાં દરેક વખતે "જાણનાર જણાય છે," એમ કહે છે. "જ્ઞેયાકાર અવસ્થામાં પણ "જાણનાર જણાય છે." અને સ્વરૂપને જાણવાની પ્રવૃત્તિ શરૂ થઈ અંદર નિર્વિકલ્પ ધ્યાનમાં ત્યારે "જાણનાર જણાય છે." સવિકલ્પ કે નિર્વિકલ્પમાં "જાણનારો જ જણાયા કરે છે." એટલે તો સંવર નિર્જરા ચાલુ છે. સંવર નિર્જરા એટલા માટે ચાલુ છે કે : "જાણનારો જણાય રહ્યો છે." ભેદજ્ઞાન એટલા માટે છે કે "જાણનારો જણાય રહ્યો છે."

૮૮૨

વિશેષને જાણવાનો પક્ષ છૂટ્યો; સામાન્ય તેજ હુંછું. સામાન્યનો પક્ષ એવો આવ્યો તે પણ હજૂ છે વિકલ્પમાં. હું જ્ઞાયક છું, હું શુદ્ધ છું, અભેદ છું એ સામાન્યનો પક્ષ પણ અનુભવમાં છૂટી જાય છે. વ્યવહારનો નિષેધ વીર્યવાન જ કરી શકે છે.

૮૮૩

**નિમિત્ત નથી જણાતું એમાં નૈમિત્તિક પર્યાય નથી જણાતી એ પણ એમાં આવી ગયું. "સીધું જાણનારો જણાય છે" એમ આવ્યું. નિમિત્ત નહીં નૈમિત્તિક પર્યાય જણાય છે એ વચ્ચે એક સ્ટેપ આવ્યું. તદ્દન સ્થૂળમાં પડેલાને એ સ્ટેપ આપવું પડે છે. બાકી નિમિત્ત નથી જણાતું એમ કહેતાં "જાણનાર જ જણાય છે" એમ સીધું આવી જાય છે.**

૮૮૪


જ્ઞેય જણાય છે એવો સ્વીકાર કરનાર દુર્બુદ્ધિ ! "જાણનાર જણાય છે" એમ તને કેમ ભાસતું નથી ? આંધળો છો ? દેખનારને દેખતો નથી. જ્ઞેયને જાણવું અને જ્ઞાન કે જ્ઞાનીને ન જાણવું એ એક આશ્ચર્યની વાત છે.

૮૮૫

"જાણનારો જણાય છે" એવો જે સ્વઆશ્રિત ભેદ તે છૂટી જશે. કેમકે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





એને "જાણનાર જણાય છે" એવું જોર છે ને ?! એ જોરથી ભેદ છૂટી જશે. "જ્ઞાન જ જણાય છે !" આમાં આવે તે કામ પૂરું કરીને જ જાય છે.

૮૮૬

દિગમ્બર સંતોની વાત અલૌકિક છે. "ધર્માસ્તિકાય મને જણાય છે" તે જાણનારો જણાય છે તે સ્વભાવ ચૂકી ગયો. તો કામ ક્યાંથી થાય ? કરવાનો તો સ્વભાવ જ નથી. માન્યતા ખોટી થઈ ગઈ છે. પરને તો કરી શકે નહીં પણ પોતાના પરિણામને ફેરવી શકે નહીં તેવી વાત છે. પોતાનો પક્ષ છોડી દેવો જોઈએ. જ્ઞાનીની વાણી પક્ષ છોડાવે છે.

૮૮૭

જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે તે સમયે જ્ઞાયકપણે જે જણાયો... પરજ્ઞેય જણાય છે ત્યાં અટકી જાય, અને જાણનાર ન જણાય તો એકાંત પરપ્રકાશક અજ્ઞાન થઈ જાય છે. આ જ્ઞેયોમાં જાણવાના કાળે જ્ઞાન જણાય છે ? કે જ્ઞેય જણાય છે ? "જાણનાર જ જણાય છે." ત્યારે પરજ્ઞેય તરફથી છૂટીને જાણનાર તરફ આવે છે.

'જ્ઞેયાકાર અવસ્થામાં હું તો જાણનાર જ છું.' પ્રતિમાને જાણતી વખતે જાણનાર જ જણાય છે. અને આત્માને જાણતાં "જાણનાર જ જણાય છે." ચોવીસે કલાક આત્મા જ જણાય છે. આ વાતો, વાતો કરવાની નથી; પ્રયોગની વાતો છે.

૮૮૮

સ્વરૂપને જાણવાના કાળે પણ "જાણનાર જ જણાય છે." જે જ્ઞાનમાં ભગવાન આત્મા જણાયો તે જાણનારો પોતે અને જણાયો પોતે જ માટે અભેદ કર્તાકર્મ પોતે જ બની જાય છે. શુદ્ધ પર્યાય પરિણત આત્મા સ્વજ્ઞેય બની જાય છે.

૮૮૯

પ્રતિમાજીનાં દર્શન કરવા ઊભા હો ત્યારે જ્ઞાનમાં ભગવાન જણાય છે. એટલું જ જ્ઞાનનું વેદન-સ્વાદ તે અજ્ઞાન છે. જ્ઞેય સંબંધેનું જ્ઞાન તેને જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ કહીને જ્ઞેયલુબ્ધ કહે છે. તેમાં જ્ઞેય સાથે એકાકાર થાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે. જે જ્ઞાન જ્ઞેયાકાર થયું એટલે જે જ્ઞાનના અંશમાં જ્ઞેય જણાય છે તેમાં "જાણનારો જણાતો નથી."

૮૯૦

**હું જ્ઞાતાને છ દ્રવ્ય મારું જ્ઞેય તે ભ્રમણા ભાંગવા જ્ઞાતા જ્ઞેયના વ્યવહારનો નિષેધ કરવો પડશે. વ્યવહારનો નિષેધ કરીને "જાણનાર જ જણાય છે", ત્યાં આવવું પડશે. કરવાની તો વાત જ નથી.**

૮૯૧

**જિજ્ઞાસા :** શુભરાગને જાણતાં મમતા કેમ થતી નથી ?

**સમાધાન :** કારણ કે તે વખતે જાણનારને જાણે છે. તેથી શુભરાગમાં મમતા થતી નથી. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ લાગતી નથી ? કારણ કે તે વખતે જ્ઞાયક જણાય છે. આના ઉપરથી બુદ્ધિ હઠાવી ને જ્ઞાયક ઉપર લાવે છે. "જાણનાર જણાય છે." ચોવીસે કલાક જ્ઞાયક જ જણાય છે કર્તાપણ આત્માને કર્મ પણ આત્મા છે. અભેદ કારક છે. જ્યાં સુધી જ્ઞેયમાં ભેદ જણાય ત્યાં સુધી અભેદ જણાતો નથી.

૮૯૨

જ્ઞેય જ્ઞાનમાં જણાય છે ત્યારે એમ વિચારે છે કે "જાણનાર જણાય છે." તો તેને જ્ઞેયકૃત અશુદ્ધતા લાગુ પડતી નથી. પણ તેને જ્ઞાયક ન જણાતાં પરજ્ઞેયમાં ઉપયોગ લગાવીને જાણે છે તો અશુદ્ધતા થાય છે. એક જ સમયમાં સ્વપર પ્રકાશક જ્ઞાનનો સ્વભાવ હોવાથી જ્ઞાયકનો પ્રતિભાસ તો થાય છે, અને જ્ઞેયનો પ્રતિભાસ પણ થાય છે, પરંતુ જ્ઞેયના પ્રતિભાસ વખતે ઉપયોગપૂર્વક જ્ઞેયનાં પ્રતિભાસને જાણવા રોકાય છે તેથી તેને અજ્ઞાન થાય છે.

૮૯૩


હું પ્રેક્ટિસ કરું છું કે મને "જાણનારો જ જણાય છે." તેવો પ્રયોગ કરતાં મને અવશ્ય આનંદનો અનુભવ થશે જ. પણ અત્યારે આનંદનું વેદન તો નથી છતાં જ્ઞાયક જણાય છે ? 'હા.' ભલે આનંદનું વેદન ન હોય પણ વિશેષમાં, જ્ઞાન ઉપયોગમાં સામાન્ય જ્ઞાયક જ મને જણાય છે; કારણ કે સામાન્યનું વિશેષ તેની જાતનું જ છે. અને તે સામાન્યને જાહેર કરે છે. તેથી પ્રયોગ કરીને મને મારો ભગવાન આત્મા જ્ઞાયક જ જણાય છે તેમ નક્કી કરવાનું છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૮૯૪

તાત્ત્વિક સંબંધ કોની સાથે છે ? જ્ઞાન અને આત્માની સાથે તાત્ત્વિક સંબંધ છે. તેને જુદો પાડી શકાતો નથી. આવો છતો જીવંત સંબંધ દેખાતો નથી. જો એમ વિચારમાં આવી જાય કે શાસ્ત્ર નિમિત્ત છે તે વખતે મને જ્ઞાન જ જણાય છે. તેમ વારંવાર વિચાર કરે તો જ્ઞેય જણાય છે કે જ્ઞાન જણાય છે ? તેમ જો પ્રયોગ કરે તો અનુભવ લઈને ઊઠે તેવી વાત છે. પણ આ વાત ધારણામાં રાખવાની નથી.

પ્રેક્ટિકલ કરવાનું છે કે જાણનારો જણાય છે ? કે રોટલી જણાય છે ? રોટલી કરું છું તે તો અજ્ઞાન છે. રોટલી જણાય છે તે પણ અજ્ઞાન છે. જ્ઞેય જણાય છે કે જ્ઞાન જણાય છે ? જો થોડીક વાર "જ્ઞાન જ જણાય છે." "જાણનાર જ જણાય છે." તેવો પ્રયોગ કરતો અનુભવ થઈ જાય છે.

## ૮૯૫

આત્માની રુચિપૂર્વક અભ્યાસ મનન-વાંચન કરે તો તેનું જ્ઞાન ઊઘડતું જાય છે અને ભાવભાસન થાય છે. જાણનારો જ્ઞાયક આત્માને, આત્માનું જ્ઞાન જાણે તેવા બે ભેદ નથી. સ્વ સ્વામિરૂપ અંશોનાં વ્યવહારથી શું સાધ્ય છે ? "જાણનારો જણાય છે" કાંઈ આગળ વધ્યો ? ના કાંઈ આગળ વધ્યો નથી. અરે ! તે વિકલ્પરૂપ જ છે. પણ બે ભેદ છોડીને આત્માને અભેદપણે જાણી લે.

## ૮૯૬

આત્મા આત્માને જાણે છે તેવો ભેદ છૂટી જાય છે. જ્ઞાયક જ્ઞાયક જ છે. તેમાં જ અનુભવ થાય છે; તેમાં ભેદ છૂટીને નિર્વિકલ્પ આત્માની અનુભૂતિ થાય છે. તેથી જ્ઞાતા તે તો તે જ છે. "જાણનારો તે જ્ઞાયક અને જણાયો તે પણ જ્ઞાયક જ છે." પરિણમન થઈ જાય છે. પછી જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયના ભેદ રહેતા નથી.

## ૮૯૭

જ્ઞાનીને જ્ઞેય જણાય છે ત્યારે જ્ઞાન તેમાં તન્મય થતું નથી. મારાપણે માનતું નથી. માટે જ્ઞેયકૃત અશુદ્ધતા થતી નથી. જ્ઞાનીને ઉપયોગ બહારમાં આવે છે ત્યારે પણ મને "જાણનાર જ જણાય છે." તેમ કરી ફરી નિર્વિકલ્પ થઈ જાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. જે સમ્યક્‌દર્શનની વિધિ છે તે જ ચારિત્રની વિધિ છે.

૮૯૮



જાણનારો કોણ છે ? તે તો પોતે આત્મા જ છે અને જણાયો તે પણ આત્મા છે. "પોતે જાણનારો અને પોતે જ જણાય છે" દરેકમાં પોતે જ છે. તેમાં બેપણું નથી. વસ્તુના સ્વભાવમાં બે ભેદ નથી. સ્વ સ્વામિરૂપ અંશોનાં વ્યવહારથી શું સાધ્ય છે ?

૮૯૯

આત્માનો અનુભવ થયો તેમાં "માત્ર જ્ઞાયક છું." તેવો પ્રતીતિમાં આવી ગયો. "માત્ર જ્ઞાયક છું" તેવો સ્વીકાર કરી લે !! તેમાં પરિણામનો કર્તા નથી તે આવી ગયું. કહેવાની જરૂર નથી. માત્રમાં કર્તાબુદ્ધિનો નાશ થઈ ગયો. "માત્ર જ્ઞાયકમાં" 'માત્ર' વિશેષણ લગાડયું ને ? એમ ને એમ મફતમાં નથી લગાડ્યું ? "માત્ર જ્ઞાયક છું" તેવા જ્ઞાયકનાં દર્શન અંત્તર્‌દષ્ટિથી થતાં અનુભવ થયો. બાદમાં સવિકલ્પ દશામાં આવતાં પરિણામના બે પ્રકાર થઈ ગયા.

પહેલાં મિથ્યાદર્શનમાં શુભાશુભ ભાવો જ હતા. જ્ઞાની થયો પછી આત્મઆશ્રિત નિર્વિકારી પરિણામ પ્રગટ થયાં. તો જે પરિણામ પ્રગટ થયા તેને જાણે છે પણ જાણવાના સમયે તેને પર્યાયદષ્ટિ નથી થતી કેમ ? જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી ?

પરિણામને જાણવા માત્રથી પર્યાય દષ્ટિ થતી નથી. દ્રવ્યને જાણતાં જાણતાં પરિણામને જાણે છે. અને પરિણામના જાણવા સમયે જાણનારને જાણે છે, જ્ઞાયકને જાણે છે. સવિકલ્પ દશામાં રોટલી ખાતો હોય. દુકાનમાં દાળ, ચોખાનો વેપાર ભલે કરતો હો...! પણ દાળ જ્યારે જ્ઞાનમાં જ્ઞેય થાય છે, ત્યારે જો એકલી દાળ અને ચાવલ જ્ઞાનમાં જ્ઞેય થાય છે; તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે. તો જ્ઞેયજ્ઞાયક સંકર દોષ થઈ ગયો.


પણ જ્યારે દાળ જાણવામાં આવે છે ત્યારે જાણનાર જણાય છે. જ્ઞાયક જાણવામાં આવે છે તો પર્યાય દષ્ટિ થતી નથી. કેમકે પોતાના આત્માને જાણતાં જાણતાં તે જણાય જાય છે. પરિણામને જાણવાનો પુરુષાર્થ નથી. દ્રવ્ય સ્વભાવને જાણવા માટેનો પુરુષાર્થ છે. પરિણામ તો સહજમાં - મફતમાં જણાય જાય છે. દષ્ટિમાં દ્રવ્યને લેવા માટે રુચિની કિંમત ચૂકવવી પડે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૯૦૦

પ્રકાશ અને દીપકનો ભેદ કર્યો તો વ્યવહાર ભલે થયો પણ તે પ્રકાશ ભેદરૂપ વ્યવહાર છે. તે ઘડાને પ્રસિદ્ધ કરે છે કે પ્રકાશ દીપકને પ્રસિદ્ધ કરે છે ? કેમકે ભેદ દીપકથી અભેદ છે. ઈ... તો સમજાવવા ભેદ કલ્પના કરી, ભેદ કલ્પના કરવાથી દીપકથી પ્રકાશ જુદો પડી જતો નથી. માટે એ ભેદે પરમાર્થને જ બતાવ્યો તેમ.

જ્ઞાન તે આત્મા, જાણે તે આત્મા તેમ કહ્યું ને ?! જાણનારો જણાય છે તેણે પણ જાણનારને જ પ્રસિદ્ધ કર્યો ને ?! એમાં તો વિકલ્પ ઊઠે છે ને ?! રહેવા દેજે ! ભેદ વિકલ્પ નથી પ્રસિદ્ધ કરતો ! વિકલ્પ થાય છે તો વિકલ્પ જણાતો નથી. વિકલ્પ ભલે હો ! પણ તે ભેદ રાગને પ્રસિદ્ધ નથી કરતો. કારણ કે તે રાગની સાથે તાદાત્મ્ય નથી અને ઈ... ભેદ અભેદની સાથે તાદાત્મ્ય છે. તેથી ઈ જ્ઞાન... જ્ઞેયરૂપ જ્ઞાયકને જ પ્રસિદ્ધ કરે છે. અભેદથી તો જ્ઞાયક જણાય છે. પણ ભેદમાં આવતાં પણ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જ જણાય છે. એમ કહે છે ઈ... સવિકલ્પદશામાં પણ જ્ઞાયક જણાય છે.

ઈ... જે ભેદ છે ને અભેદને પ્રસિદ્ધ કરે છે. હવે જો ઈ અભેદને પ્રસિદ્ધ ન કરે અને અભેદને પ્રસિદ્ધ કરવાનું બંધ થાય અને રાગને પ્રસિદ્ધ કરવાનું કરે તો જ્ઞાન રહેતું નથી.

## ૯૦૧

પૂ. ગુરુદેવે માર્ચ ૮૧ના આત્મધર્મમાં એક વાત કરી કે : ખરેખર આત્મા પરને જાણતો જ નથી. તો પર તરફ ઉપયોગ મૂકવાની વાત જ ક્યાં રહી. જાણનારો જ જણાય છે સમયે સમયે. અને જે પરને પ્રસિદ્ધ કરે છે ઇન્દ્રિયજ્ઞાન તે તો અમારું છે નહીં. તે તો જ્ઞેય છે. તેને અમે જ્ઞાન કહેતા નથી. જે જ્ઞાન આત્માને પ્રસિદ્ધ કરે તેને જ્ઞાન કહીએ, તેને વ્યવહાર કહેવાય. ઇન્દ્રિયજ્ઞાન તે વ્યવહાર નથી. ઇન્દ્રિયજ્ઞાન અભેદનો ભેદ નથી. ઈ તો જ્ઞેયનો ભેદ છે. તે જ્ઞાનનો ભેદ નથી. જે જ્ઞાન આત્માને પ્રસિદ્ધ કરે તે અભેદનો ભેદ છે. આવી બે ધારા છે. ઇન્દ્રિયજ્ઞાન કર્મધારામાં જાય છે.

## ૯૦૨

એક વખત અંદરથી ભાવના જાગી કે મારા જ્ઞાનનો મારે સદ્‌ઉપયોગ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





કરવો છે. માટે મારા જ્ઞાન દ્વારા મારા આત્માને જાણવો છે. તેવી જ્યારે અંતરથી ભાવના જાગે અને જો એક વખત આત્માનાં દર્શન થાય તો પછી સાદિ અનંતકાળ ઉપયોગ બદલતો નથી. ઉપયોગ આત્મા તરફ રહ્યા કરે છે. એકનું લક્ષ રહ્યા કરે છે. તેને અલ્પકાળમાં મુક્તિ થાય ને થાય.

તમારા ઉપયોગમાં આત્મા જણાય તો રહ્યો છે પણ જાણનારો જણાય છે તેવો વિશ્વાસ તેને આવતો નથી. અને જે નથી જણાતું એ જણાય છે એ ઉપયોગનો દૂર ઉપયોગ છે. પ્રત્યેક જીવને પ્રત્યેક સમયે ઉપયોગ પ્રગટ થાય છે. તે ઉપયોગમાં ભગવાન આત્મા જણાય છે, પણ એને વિશ્વાસ નથી એને ઘડિયાળમાં કેટલા વાગ્યા... એ જે ઉપયોગથી ભિન્ન છે તે જણાય છે અને જે ઉપયોગથી અભિન્ન છે તે જણાતું નથી. તેણે ઉપયોગનો દૂર ઉપયોગ કર્યો કહેવામાં આવે છે.

## ૯૦૩

ઉપયોગ લક્ષણ અલક્ષ્યને પ્રસિદ્ધ કરતું હતું. હવે તે ઉપયોગ તો આત્માનો છે. અને આત્માથી તો અનન્ય છે. ઉપયોગમાં તો આત્મા જણાતો હતો, તો આત્મા જણાય જશે અને નથી જણાતો તો કાળાંતરે પણ જણાશે નહીં. જણાય છે 'હા' પાડતો હાલત થઈ જશે. તને જણાય રહ્યો છે. એમ ! જ્ઞાનીઓ કહે છે અમારા ઉપયોગમાં તો અમારો આત્મા જણાય છે. પણ તારા ઉપયોગમાં તારો આત્મા જણાતો નથી ? તારા ઉપયોગમાં દેહ જણાતો નથી, તારા ઉપયોગમાં અમે જણાતા નથી. કારણ કે અમે અન્ય છીએ. અન્ય ન જણાય અને અનન્ય જણાયા વગર રહે નહીં. સદાકાળ બાળગોપાળ સૌને ભગવાન આત્મા અનુભવમાં આવે છે. 'હા' પાડ. 'હા' પાડ કે પર જણાતું નથી પણ "જાણનાર જણાય છે."

## ૯૦૪

તે પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિકાળથી છે. તે કેવો છે ? શુભભાવ કાંઈક મદદરૂપ તો બનેને ? ધીમે ધીમે ! કોઈ પરંપરાએ તો કારણ થાય ને ?


આમ કરી કરીને મિથ્યાત્વને પોષે છે. જે આત્મામાં નથી; આત્મા એને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





કરતો નથી; કરવું અશક્ય છે. શુભાશુભભાવને; પુણ્યને; આત્મા કરતો નથી. હાય ! હાય ! પુણ્યને કરે નહીં ? 'ના.' અરે ! પુણ્યને તો ન કરે પણ ધરમ ને પણ કરે નહીં. સાંભળ હજી ! થાય એને કરે શું ? પરિણામ થવા યોગ્ય થાય છે ને જાણનાર જણાય છે. લઈ લે ને કામ થઈ જશે. આ પરિણામને હું કરુંને, પાપનો ત્યાગ કરું ને; પુણ્યને ગ્રહણ કરું પછી પુણ્યનો ત્યાગ કરું ને; ધર્મને ગ્રહણ કરું, ગ્રહણ ત્યાગથી પરમાત્મા શૂન્ય છે. તે ગ્રહતોય નથી ને છોડતોય નથી. સમ્યક્‌દર્શનને ગ્રહતોય નથી ને મિથ્યાત્વને છોડતોય નથી એ તો જાણે છે.

## ૯૦૫

"ભિન્ન ભિન્ન જ્ઞાનોથી ઉપલબ્ધ હોવાથી", આત્મા ખરેખર સ્વસંવેદન જ્ઞાનથી જાણવામાં આવે છે. બાળ-ગોપાળ સૌને જણાય છે તે સવિકલ્પ સ્વસંવેદન છે. ઈ... ધ્યાન રાખજો.

એવું એક જ્ઞાન આત્માની સન્મુખ જ્યારે થાય ને ત્યારે સવિકલ્પ સ્વસંવેદન જ્ઞાનમાં આત્મા જણાય છે. આ અનુભવ શુદ્ધોપયોગ પહેલાંની વાત છે.

જયસેન આચાર્ય ભગવાને પ્રવચનસારની ૮૦ નંબરની ગાથામાં અનુભવ કેમ થાય છે, સમ્યક્‌દર્શન કેમ થાય તેની વિધિ બતાવતાં આ વાત કરી છે. અનુભવ પહેલાં સવિકલ્પ સ્વસંવેદન જ્ઞાનમાં અનુભવ થઈ જાય છે. પણ પરોક્ષ અનુભવ, સવિકલ્પ સ્વસંવેદન છે ને ? પ્રત્યક્ષ નહીં; પણ પરોક્ષ અનુભવ બધાને થાય છે.

એમ કહે છે એકલો પ્રતિભાસ નથી કાંઈક વિશેષતા છે અંદરમાં. એ વિશેષતા સંજ્ઞી પંચેન્દ્રિયને જ હોય. અસંજ્ઞીને હોય નહીં. એને પ્રતિભાસ માત્ર હોય. એને વિશેષતા ન હોય. વિશેષતા મનવાળા પ્રાણીને જ હોય. "મને જાણનાર જ જણાય છે." આહાહા ! બીજું કાંઈ જણાતું નથી. એમ જો ઈ પર્યાય સ્વભાવના પક્ષમાં આવે તો પર્યાય પ્રત્યક્ષ થઈ જાય છે. આ વર્તમાન વર્તતા જ્ઞાનમાં જ્ઞાન છે ને ! ઈ... રાગ નથી..., ઈ અજ્ઞાન નથી...તેમાં જાણવાની ક્રિયા થાય છે. એ જાણવાની ક્રિયાથી આત્મા કથંચિત અભિન્ન છે. કથંચિત તાદાત્મ્ય છે. ઈ... જ્ઞાનથી આત્મા અનન્ય છે. માટે તેમાં પરોક્ષ અનુભૂતિ થયા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





કરે છે. જેમ ઇન્દ્રિયજ્ઞાન સર્વથા ભિન્ન છે તેમ ઉપયોગથી આત્મા સર્વથા ભિન્ન નથી.

૯૦૬

"જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને નિરંતર જાણે છે." એમ કળશટીકાકારે આઠ નંબરના કળશમાં કહ્યું છે.

સામાન્યજ્ઞાન તો પ્રગટ થાય છે. **સામાન્યજ્ઞાન એટલે વિશેષના સંબંધ વગરનું, વિશેષના અવલંબન વગરનું ને આહાહા! જ્ઞાયકના અવલંબનવાળું પણ અભેદ થઈને નહીં. ભેદ થઈને એને જાણે છે. ભેદ રહીને પણ ભેદ અભેદને જાણે છે પણ પરને જાણતું નથી.** પરને જાણનારું ઇન્દ્રિયજ્ઞાન જુદું છે બાજી હાથમાં છે. જેણે અનુભવ કરવો હોય તેણે તો એમ લેવું જોઈએ કે : "મને તો જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી." તો શુદ્ધોપયોગ થઈ જાય. જ્ઞાન અભેદ રહે તો પણ આત્માને જાણે, પણ પરને જાણે નહીં. ભેદબુદ્ધિ કરવા છતાં; આ જ્ઞાયકને આ ઉપયોગ લક્ષણ તેવો ભેદ કરને તો પણ તે ભેદ અભેદને પ્રસિદ્ધ કરે છે.

ભેદબુદ્ધિ કરતાં પણ આહાહા! જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે. પછી અભેદ થાય તો પ્રત્યક્ષ થઈ જાય છે. પરોક્ષપણે જાણે ત્યારે પ્રત્યક્ષ થાય છે. જો પરોક્ષનો સ્વીકાર નથી થતો અને મને આ જણાય છે... આ જણાય છે... તે તો બહિર્મુખ જ્ઞાન થઈ ગયું. બહિર્મુખ જ્ઞાન વખતે પણ એક ઉપયોગ અંતર્મુખી રહેલો છે. એ અંતર્મુખ થઈને અભેદ થાય તો અનુભવ થઈ જાય. જાણે છે જ્ઞાન એટલે (સૌને) જણાય છે. સામાન્ય જ્ઞાન આત્માને જાણતું જ પ્રગટ થાય છે. ઉત્પાદ ધ્રુવને પ્રસિદ્ધ કરતું જ પ્રગટ થાય છે જ્ઞાન જ્ઞાયકને જાણે છે તેવું જ જ્ઞાન પ્રગટ થાય છે. માટે પ્રત્યક્ષ થઈ જાય છે.

૯૦૭


અમિતગતિ આચાર્ય ભગવાન યોગસારનાં બોલ ઉપરથી "શરીર ખરેખર ઇન્દ્રિયજ્ઞાનથી જણાય છે. આત્મા ખરેખર સ્વસંવેદન જ્ઞાનથી જાણવામાં આવે છે." રાગથી આત્મા ન જણાય. તેમ શાસ્ત્રજ્ઞાનથી આત્મા ન જણાય. પણ આત્મજ્ઞાનથી આત્મા જણાય તેવું આત્મજ્ઞાન પ્રગટ થાય છે. જેમ ઇન્દ્રિયજ્ઞાન અનાદિનું પ્રગટ થાય છે. તેમ આત્માને જાણનારું આત્મજ્ઞાન પણ અનાદિથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પ્રગટ થાય છે. તે સામાન્યજ્ઞાનમાં આત્મા જણાય છે. અને જ્ઞાન વિશેષમાં પર જણાય છે. જ્ઞાન સામાન્યમાં સ્વ જણાય છે. તેવા બે ભાગ અંદર અંતરંગમાં રહેલા છે.

ચૈત્ય ચેતક એક સાથે પ્રગટ થાય છે તેમ લખ્યું ! ચૈત્ય એટલે રાગ અને ચેતક એટલે આત્માને જાણનારો ઉપયોગ પણ એક સમયમાં પ્રગટ થાય છે. એક સમયમાં બે પ્રગટ થાય છે, પણ એનું લક્ષ રાગ ઉપર છે. તેથી તેને "જાણનારો જણાય છે" તે લક્ષમાં આવતું નથી, ખરેખર સ્વસંવેદન જ્ઞાનથી જાણવામાં આવે છે, પણ પરોક્ષ અને પ્રત્યક્ષ એટલો ફેર છે. તે ધ્યાન રાખવું. અજ્ઞાનીને પ્રત્યક્ષ આત્મા જણાતો નથી એટલો ફેર છે, નહીં તો આનંદ આવવો જોઈએ. સમ્યક્દર્શન થવાનું કારણ જેને હાથમાં આવે છે તેને સમ્યક્દર્શન થાય, થાય ને થાય. "જાણનાર જણાય છે, અને ખરેખર પર જણાતું નથી." નિશ્ચયનો હકાર અને વ્યવહારનો નકાર.

૯૦૮

અજ્ઞાની માનતો નથી એ તેનો દોષ છે. બાકી ગુરુદેવના અગિયાર ભાગ છે કે : "જાણનાર જણાય છે... જાણનાર જણાય છે... જાણનાર જણાય છે. જાણનાર જણાય છે." આપ કોને કહો છો ? કે : તને કહું છું. અમને તો જાણનાર જણાય છે પ્રત્યક્ષપણે. તને પણ પરોક્ષપણે "જાણનાર જણાય છે." ઈ... પરોક્ષપણે જણાય છે ઈ 'હા.' પાડીશ તો પ્રત્યક્ષ થઈ જશે. પણ મને જણાતો જ નથી, પરોક્ષમાંથી ગયો તો સમ્યક્દર્શન ક્યાંથી થાય !?

૯૦૯

દુકાન મારી તો દુકાન આત્માની થાય. પુત્ર મારો તો પુત્ર મારો થાય ! આમ મૂઢ થઈ ગયેલો છે. તેની ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ ગઈ છે, તેવા જીવને આ જાણનાર જણાય છે તેમ તેને ખ્યાલમાં આવતું નથી. આ અનુભૂતિ એટલે કે "જ્ઞાયક હું છું" તેમ ખ્યાલમાં આવતું નથી.

૯૧૦

જાણેલાનું શ્રદ્ધાન હોય, ન જાણેલાનું શ્રદ્ધાન ન હોય. પહેલાં જ્ઞાનનો વિષય બતાવ્યો. પછી કયા કાળે જણાય છે તે બતાવ્યું. અજ્ઞાનીનાં જ્ઞાનમાં આત્મા જણાય છે. સૌને જણાય છે કહ્યું. પાંચ ઇન્દ્રિયનાં ભોગમાં પડ્યો હોય; ખાવા-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પીવાના ભોગ, પહેરવા ઓઢવાના, પાંચ ઇન્દ્રિયનાં વિલાસમાં પડ્યો હોય ત્યારે "જાણનારો જણાય છે."

જાણનારો ભગવાન આત્મા તેમાં જ્ઞેયત્વ છે. પ્રમેયત્વ નામનો ત્રિકાળી ગુણ છે; એટલે જ્ઞાનનો વિષય થયા કરે છે. અને જ્ઞાનમાં જ્ઞાનત્વ છે એટલે એ જાણ્યા કરે છે. એક જણાય ને બીજું જાણે. જણાય શું ? ને જાણે કોણ ? ભગવાન આત્મામાં પ્રમેયત્વ નામનો ગુણ છે અને જ્ઞાનમાં જ્ઞાનત્વ છે માટે જ્ઞાનમાં કદી અંધારું ન થાય. ઈ જાણે છે કોને ? એ જ્ઞાનપણ જ્ઞેય, જ્ઞાયક પણ જ્ઞેય, ગુણ પણ જ્ઞેય, બધું જ્ઞેય રૂપે છે. આવું અનાદિ અનંત ચાલ્યા જ કરે છે. કોઈ સ્વીકાર કરે તો અનુભવ થઈ જાય.

## ૯૧૧

"જ્ઞાન ભિન્ન અને રાગ ભિન્ન" ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં રાગ નથી. રાગના સદ્ભાવ વખતે રાગ ઉપયોગથી ભિન્ન છે. હવે ઉપયોગથી ભિન્ન છે તો ભગવાન આત્માથી તો ભિન્ન હોય જ ને ? એમાં તને શંકા શું પડે છે ? એમ હવે જે જ્ઞાનમાં પર જણાય છે ને સ્વ જણાય છે તેમાં પરનું શું ? ને સ્વનું શું ? તેનું ભેદજ્ઞાન કરવાનું છે કે : "જાણનાર જણાય છે" જ્ઞાયક તે જ હું છું, રાગાદિ, દેહાદિ અને પર જણાય છે એ મારા ભાવો નથી. એમ ભેદજ્ઞાન કરી, પર્યાય ઉપરથી લક્ષ છૂટી અને દ્રવ્ય ઉપર લક્ષ આવે તો એને આત્માનો સાક્ષાત અનુભવ થાય. આત્માનો સાક્ષાત્કાર; જે અન્યમતિ સાક્ષાત્કાર કહે છે તે પંચમકાળમાં થાય. જેને આત્મદર્શન કહેવામાં આવે છે.


## ૯૧૨

રાગનો કરનાર બીજો એટલે દ્રવ્યકર્મ છે; રાગનો જાણનાર બીજો એટલે ઇન્દ્રિયજ્ઞાન છે. આ સૂત્રમાં બન્નેનો નિષેધ છે. કરનાર નહીં પરંતુ "જાણનાર જણાય છે પર જણાતું નથી." જાણનાર જણાય રહ્યો છે તેવા ભેદમાં પણ જાણનાર જણાશે નહીં.

ઇન્દ્રિયજ્ઞાનમાં પણ રાગ નથી જણાતો કેવળ જ્ઞાયક જ જણાય છે તે નિર્ણય છે. "જાણનાર જણાય છે આનંદ આવ્યો ?! નહીં. **પણ... તને ખબર નથી કે "જાણનાર જણાય છે" તેમાં આનંદ આવશે કેમકે નિર્ણય સાચો છે. અનુમાન તે વ્યવહાર અને અનુભવ તે નિશ્ચય છે. બન્નેનો વિષય એક છે.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



## ૯૧૩

પરોક્ષની વાત નથી, પ્રત્યક્ષ આનંદ વેદાય એને પોતે જાણે. સાકર જીભ ઉપર મૂકે તો કોઈને પૂછે કે આ ગળી છે કે ખાટી છે ! કે કડવી છે સાકર ? કોઈને પૂછે જ નહીં. એમ જેણે અંતરૂમુખ થઈને અંતરૂદૃષ્ટિ વડે ચૈતન્ય પરમાત્માને નિહાળ્યો - અવલોક્યો અને અનુભવમાં લીધો કે : "જાણનાર તે હું છું; કરનાર હું નથી." અને "જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી." એમ કર્તૃત્વ છોડી; પરનું જ્ઞેયત્વ છોડી અને આત્મા જ જ્ઞાન, આત્મા જ જ્ઞેય, આત્મા જ જ્ઞાતા એવો અભેદ અનુભવ કરે તો થાય.

## ૯૧૪

જ્ઞાનની પર્યાયમાં બાળ-ગોપાળ સૌને જ્ઞાયક જણાય છે. પણ એ એને જાણતો નથી. એ અપેક્ષાએ જ્ઞાને સામાન્યનો તિરોભાવ કર્યો. અને વિશેષજ્ઞાનનો આવિર્ભાવ કર્યો. મને આ... (પર) જણાય છે, મને આ જણાય છે, પણ મને સામાન્યમાં સામાન્ય જણાય છે. સામાન્ય જ્ઞાનમાં દ્રવ્ય સામાન્ય જણાય છે; જ્ઞાયક આહા ! દ્રવ્યાર્થિકનયની આંખ ઉઘાડીને જોઉં છું એવું એક સામાન્યજ્ઞાન પરોક્ષપણે તો આત્માની અનુભૂતિ કરે છે. હવે એનો પ્રત્યક્ષ થવાનો કાળ આવે છે ત્યારે જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી. તેવા સ્વભાવના પક્ષમાં આવે છે જીવ. એવા પક્ષમાં આવે છે તે કાં તો અંતરૂમુહૂર્તમાં અથવા વધારેમાં વધારે છ મહિનામાં આત્માનો અનુભવ થાય. છ મહિનાથી વધારે કાળ ન થાય. રુચિવંતને આ ઉઘાડની રુચિ, પુણ્યની રુચિ, પુણ્યના ફળની રુચિ છોડવી પડશે. જો તેણે સુખી થવું હોય તો.

## ૯૧૫

રાગના સદ્ભાવમાં રાગનું લક્ષ છોડીને આત્માનો અનુભવ થઈ શકે છે. રાગનો અભાવ કરવાની જરૂર નથી. રાગના રાગનો અભાવ થઈ જાય છે. જ્યાં સમ્યક્દર્શન થયું ત્યાં રાગ મારો તેવી મમતા છૂટી ગઈ, ને રાગ રહી ગયો. આનંદ દીકરો રહી ગયો અને આનંદની મમતા છૂટી ગઈ. અરે ! એકવાર તારા જ્ઞાનમાં ભગવાન આત્મા જણાય છે; "જાણનાર જણાય છે" તેવા પક્ષમાં તો આવી જા. 'ના' શું કામ પાડશ. 'ના' પાડીશ તો 'ન' આવશે 'હા' પાડીશ તો હાલત થશે. 'ના' પાડીશ તો 'ન' આવશે. તે તો બધા સમજી જાય. આપણે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ખુલ્લું કરવાની જરૂર નથી. 'ના'ના બે પ્રકાર છે. એક નરક અને એક નિગોદ.

૯૧૬

સારા મોટા ઘરનું કહેણ આવે તો વધાવી લે જે ! ના પાડીશમાં ! એમ આ પરમાત્માનું કહેણ છે કે તારો આત્મા પુણ્ય, પાપથી ભિન્ન પરમાત્મા અત્યારે પ્રગટ છે અને પ્રત્યક્ષ છે. તારી વારે વાર છે. તું 'હા' પાડ એટલી જ વાર છે. "જાણનાર જણાય છે." તારે 'હા' પાડવાનું કામ છે. બાકી બધું તો થઈ રહેશે. જેમ લગ્નનાં ચાંદલા કરવા જાય તો તમે 'હા' પાડી દ્યો, બાકી બધું અમારા ઉપર છોડી દ્યો.

૯૧૭

'આ જાણનાર તે હું' આ જણાય તે હું નહીં. એમાં સમ્યક્જ્ઞાન પ્રગટ થાય છે. એવા ઊપજેલા આત્મકર્મના વિવેકપણાથી એટલે જુદાઈથી સ્વભાવ અને વિભાવ બન્ને ભિન્ન ભિન્ન છે. હતા તો સ્વભાવથી ભિન્ન પણ વિભાવની દૃષ્ટિથી સ્વભાવ તિરોભૂત થતો હતો. એટલે એકત્વ બુદ્ધિ હતી. હવે જ્યારે વિવેક જાગ્યો ત્યારે સ્વભાવથી વિભાવ ભિન્ન છે તેવા સ્વભાવનું ભાન થયું.

આહા ! રાગથી ભિન્ન મારો આત્મા છે ઉપયોગમાં રાગ નથી, ઈ... સામાન્ય ઉપયોગમાં ઉપયોગ છે. ત્યાં તો શુદ્ધોપયોગ થઈ જાય છે. ઉપયોગમાં એટલે વર્તમાન વર્તતા જ્ઞાનમાં "જાણનાર જણાય છે." "મારા જ્ઞાનમાં જાણનાર જણાય છે" રાગ જણાતો નથી. કેમકે એમાં રાગ નથી. જ્ઞાયકમાં તો રાગ નથી પણ ઉપયોગમાં રાગ નથી. મિથ્યાત્વની ચિકાશ ઉપયોગમાં આવતી નથી. તો જ્ઞાયકમાં તો ક્યાંથી આવે ?

૯૧૮

ઉપયોગની સ્વચ્છતા છે તેમાં ક્રોધાદિ જણાય (પ્રતિભાસે) છે. ઘણી જગ્યાએ આ વાત છે. ક્રોધાદિ જણાય તેથી કાંઈ જ્ઞાનમાં આવી જાય ? દર્પણમાં કોલસો જણાય તેથી કાંઈ દર્પણ કાળો થઈ જાય ! "પોતાના પુરુષાર્થથી કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે" ! જુઓ ! ભગવાન આત્મા તિરોભૂત થઈ ગયો હતો પણ તેનો અભાવ થયો ન હતો. આત્મા હોવા છતાં દેખાતો ન હતો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





"નયનની આળસે રે મેં ન નીરખ્યા હરિને જરી." જણાય તો છે સમયે સમયે પણ આ જાણનારો જણાય છે સમયે સમયે તેમ નથી લાગતું. આ બધું જણાય છે તેમ જાણી ઇન્દ્રિયજ્ઞાન ઊભું કરી રખડી રહ્યો છે.

## ૯૧૯

એવો ઉપયોગ છે કે જેમાં રાગનો પ્રવેશ નથી. રાગ ભિન્નપણે જણાય પણ રાગ અભિન્નપણે જણાતો નથી. દુઃખ ભિન્નપણે જણાય એવું જ્ઞાન પ્રગટ થાય છે, પણ દુઃખ અભિન્નપણે જણાય તેવું જ્ઞાન પ્રગટ થતું નથી. એક એવું સામાન્ય જ્ઞાન છે ને કે "ઉપયોગમાં ઉપયોગ છે." ઉપયોગમાં ક્રોધાદિ કર્મ તો છે જ નહીં, એનું નામ હજુ સામાન્ય જ્ઞાન કહેવાય.

સામાન્યજ્ઞાનનો પક્ષ આવે; નિશ્ચય જ્ઞાનનો કે : "જાણનારો જણાય છે" તો તેને શુદ્ધ ઉપયોગ થઈ ને સાક્ષાત અનુભવ થાય. શુદ્ધનયનો ઉપદેશ પણ વિરલ છે તેને સાંભળનારા પણ વિરલ છે.

## ૯૨૦

રાત-દિવસ મજૂરી કરે તેને હજાર રૂપિયા બેંક બેલેન્સ ન થાય. એને એમ લાગે પુરુષાર્થ કરું છું; પણ પરમાં પુરુષાર્થ કોઈ દિ હોય નહીં. પુરુષાર્થ તો સ્વભાવની સન્મુખ થઈને સ્વભાવનાં દર્શન કરવાં તેનું નામ પુરુષાર્થ છે. આ રાગ કરવો, મિલ ચલાવવી, તે પુરુષાર્થ છે ? તે પુરુષાર્થ નથી અજ્ઞાન છે.

એને કર્તાબુદ્ધિનું ભૂત વળગ્યું છે. જગતનાં જડ ચેતનનાં પરિણામ સ્વયં થાય છે ને "જાણનારો જણાય છે." આ સ્થિતિ છે. પણ એને સ્વીકાર આવતો નથી. "હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, સકટનો ભાર જેમ શ્વાન તાણે. સૃષ્ટિ મંડાણ એની પ્રેરે કોઈ યોગી યોગીશ્વરા જાણે." નરસિંહ મહેતા અન્યમતી પણ આમ કહે છે.

## ૯૨૧

ગુરુદેવ કહેતા હતા કે બાજરો વાવે તો દશ-વીસ ખાંડી બાજરો તો થાય, પણ સાથે કળબ થાય. થાય કે ન થાય ? થાય. તેમ આત્મઅનુભવ થાય તેની હારે આ પુણ્યના પ્રકારો કળબ છે. ઢોર ખાય હોં ! મનુષ્ય ન ખાય. આનંદનો અનુભવ કરે ઈ... સમ્યક્દૃષ્ટિ કળબ ખાય નહીં. આ ફેક્ટ વાત છે, હકીકત. સંતો ફરમાવે છે "પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





માત્રથી"; "હું જાણનાર છું ત્યાં જાણનાર જણાય ગયો." એટલા બોધમાં કામ થઈ ગયું ? કે : 'હા', કામ થઈ ગયું. ભવનો અંત આવી ગયો.

૯૨૨

આત્મા તો કેવળ જ્ઞાતા છે, ને કર્તા નથી. આત્મા તો કેવળ જ્ઞાતા છે. એને જાણતાં જાણતાં એના સ્વકાળે પર્યાય ઉત્પાદ્ વ્યયરૂપ થયા કરે છે. સ્વાશ્રિત અને પરાશ્રિત. સદ્ભૂત અને અસદ્ભૂત બે પ્રકારનાં પરિણામ સાધકને હોય છે.

થોડા સંવર, નિર્જરા; થોડા આસ્રવ, બંધ આ ચાર ભાવો એક સાથે હોય છે. મોક્ષ ન થાય ત્યાં સુધી. અપરમ ભાવે સ્થિત છે તેને વ્યવહારનો ઉપદેશ છે. વ્યવહારનો આત્મામાં સર્વથા અભાવ કહ્યો હતો ઈ... બરાબર હતું. હવે અહીંઆ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. એટલે ઈ... પરિણામ આત્મામાં ઘૂસી ગયા છે તેમ કહેવું નથી. ઓલી આગળની વાત કાયમ રાખીને તેનાથી જુદાં પરિણામ થાય છે. દ્રવ્યને અડતા નથી. દ્રવ્ય તેનો કર્તા નથી.

જ્ઞાયકને જાણતાં જાણતાં; અભેદને જાણતાં ભેદને જાણે છે. પણ ઈ... ભેદને જાણવાની દશા થઈ એનું નામ સવિકલ્પતા છે. ઈ... **પાછો ભેદને ઓળંગી જાય છે. ભેદને જાણે છે ત્યાં સુધી સવિકલ્પ છે. પછી મને તો "જાણનાર જણાય છે"; પરિણામ પરદ્રવ્ય છે, તેથી તે મને જણાતાં જ નથી. હેં !! પરદ્રવ્ય છે ! જણાતાં નથી ત્યાં તો ફરીથી શુદ્ધોપયોગ થાય છે. આવી એક સાધકની સ્થિતિનું વર્ણન છે.** સાધક થયા હોય ઈ... સાધકની સ્થિતિ જાણે. જે સાધક નથી ઈ... કાંઈ જાણતો નથી. તે ધ્યેયને જાણતો નથી, સાધ્યને જાણતો નથી, સાધકને જાણતો નથી.

૯૨૩

"જાણનાર જણાય છે" → રાગ.

પરને નથી જાણતો → દ્વેષ.

**અસ્તિનાં જોરે વિધિ-નિષેધનો વિકલ્પ ગળે છે અને અનુભવ થાય છે.**

૯૨૪

"જાણનારો જણાય છે" આ મુક્તિની વિધિ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૯૨૫

**પર જણાતું નથી એમ જ્યાં સુધી નહીં આવે; ત્યાં સુધી "જાણનાર જણાય છે" એવો વ્યવહારે વિશ્વાસ પણ નહીં આવે.**

## ૯૨૬

"જાણનારો જણાય છે" તેથી તો "જાણનારો જણાય છે."

## ૯૨૭

જ્ઞેયથી તો જ્ઞાન થતું નથી. પરંતુ આત્માનું જ્ઞાન જગતના કોઈ પદાર્થને જ્ઞેય બનાવી શકતું નથી. કેમકે પર પદાર્થ કોઈ જ્ઞેય નથી. જ્ઞાનનું જ્ઞેયતો એકલો પોતાનો આત્મા છે. જ્યારે એકલો જ્ઞાનમાં "જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી"; ત્યાં એને આત્મદર્શન થઈ જાય છે.

## ૯૨૮

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાનની અવસ્થા થઈ તેમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે, માટે જ્ઞેયાકાર જ્ઞાન છે, તેમાં જ્ઞેયો પ્રતિભાસે છે ! કે તે જ્ઞેયોને જાણે છે ? જ્ઞેયોનો પ્રતિભાસ થાય છે; તેવા પ્રતિભાસને જાણે છે ? કે જ્ઞાનની પર્યાય થાય છે તે જણાય છે ? ત્રણેમાંથી કાંઈ જણાતું નથી. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાયો; "જાણનાર જણાયો."

## ૯૨૯

પરના પ્રતિભાસને કાળે જ્ઞાન પરને જાણે છે ? કે જેનો પ્રતિભાસ થાય છે તેને જાણે છે ? કે જેનો પ્રતિભાસ થાય છે તે જણાય છે ? પ્રતિભાસ તો સમજાય છે ને ? પિત્તળના સ્પેરપાર્ટ જ્ઞાનમાં જ્ઞેય તો થતા જ નથી. પ્રતિભાસે છે ઈ સમયે પ્રયોગ કરવો જોઈએ; સામે પદાર્થ રાખીને.

આ પદાર્થને જાણે છે તેમ ન લેવું હોં ! આવો પ્રતિભાસ જ્યારે થાય છે જ્ઞાનમાં ત્યારે જ્ઞાન એ પદાર્થને જાણે છે કે જ્ઞાન જાણનારને જાણે છે ? "પરથી ખસ ને સ્વમાં વસ," આટલું કર તો બસ.

## ૯૩૦

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો ! જ્ઞેયાકાર અવસ્થા થઈ પણ તે વખતે તેને જ્ઞેય જણાતું નથી, "જાણનારો જણાય છે." આમાં લખ્યું છે, કાલે વાંચ્યું હતું. "જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ" આ પદાર્થ સામે રાખો, અને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પદાર્થને હું જાણું છું ભૂલી જા ! તે પદાર્થનો પ્રતિભાસ થાય છે તે રાખ ! પણ પ્રતિભાસને કાળે જ્ઞાન જેનું છે તેને જાણે છે. જેનો પ્રતિભાસ થાય છે તેનું જ્ઞાન નથી. માટે જ્ઞાન તેને જાણતું નથી. આ જ્ઞેય પદાર્થને સામે રાખવું અને પછી પ્રયોગ કરવો. આને રાખવું !

એનામાં એ રહી જાય તો એ ભલે ને રહી જાય, પણ લક્ષ છૂટી જાય. લક્ષ ફેરે ફેર છે. પ્રતિભાસ બેનો અને લક્ષ એકનું; બેનાં લક્ષ ન હોય.

૯૩૧

આ ગાથાનું શું કહું ? સ. સાર ૩૭૩થી ૩૮૨ અપૂર્વ ગાથા છે. જેને આ ગાથાના ભાવનો અપૂર્વ ભાવ આવશે તેને અલ્પકાળમાં સમ્યક્દર્શન જરૂર થશે. કે : "મને જાણનારો જણાય છે ને પર જણાતું નથી." એવી આ ગાથા છે. આ કુંદકુંદઆચાર્યના શબ્દો છે.

૯૩૨

"હું જાણનાર છું ને કરનાર નથી, જાણનારો જણાય છે ને ખરેખર પર જણાતું નથી." એ સૂત્રમાં બાર અંગનો સાર છે. તેમાં અપરિણામી પરિણામી બન્ને આવ્યું છે. આ સ્ટીકરનું કોઈએ જામનગરમાં પૂછ્યું ! કે : આ કોનું છે ? આ તો અનાદિનું છે. કોઈ તીર્થંકર ભગવાનનું નથી. મહાવીર ભગવાનનું ય નથી. આ તો શાશ્વત જિનવાણી છે. નમોકાર મંત્ર જેમ શાશ્વત અનાદિનો છે તેમ નમોકાર મંત્રમાં આવી જાય, સમાઈ જાય, તેવો મંત્ર છે.

૯૩૩

"જાણનાર છે ને કરનાર નથી, જાણનારો જણાય છે ને ખરેખર પર જણાતું નથી." એ બન્નેમાં જાણનાર આવ્યો ને ? એટલે પ્રશ્ન થયો. **અપરિણામીમાં ગુણ ભેદ દેખાતો નથી, અને પરિણામીમાં પર્યાયભેદ દેખાતો નથી આજની ચર્ચા બહુ સારી છે.**

૯૩૪

સ્વપરનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે. અને ઉષ્ણતા છે તે અગ્નિની છે. રાગનો પ્રતિભાસ થાય છે તો તે જ્ઞાનની સ્વચ્છતા તો આત્માની છે. અને રાગાદિ તો દ્રવ્યકર્મનાં પરિણામ છે. દૃષ્ટાંતમાં તો 'હા' આવશે. પણ...




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિદ્ધાંતમાં; રાગ મારામાં થતો નથી... માત્ર પ્રતિભાસ થાય છે, તે વખતે "જાણનાર જણાય છે." ખલાસ બેડો પાર. એક સમયનું કામ છે.



૯૩૫

પ્રતિભાસ થાય રાગનો પણ જ્ઞાન તેને જાણતું નથી. તે તો ગુણરૂપ છે, તો તમને "જાણનારો જણાય જશે." અને રાગના પ્રતિભાસ વખતે રાગ જણાય તો તે દોષ રૂપ છે.

૯૩૬

**જિજ્ઞાસા :** "જાણનારો જણાય છે તેમ લેતાં; તેમાં ભેદ પડતાં વિકલ્પ ઉત્પન્ન થાય છે. તો વિકલ્પ કેવી રીતે છૂટે ?!

**સમાધાન :** "જાણનારો જણાય છે"; "જાણનારો જણાય છે"; તેમ લખ્યું છે. જણાશે તેમ લખ્યું છે ? કોને બધાને હોં !! પ્રત્યેક સમયે. **હવે "જાણનારો જણાય છે ત્યાં વિકલ્પ ન લેવો. ભલે વિકલ્પ હો પણ વિકલ્પને વચ્ચે ઊભો ન કરો. "જાણનારો જણાય છે" બસ એટલું લેવું. "જાણનારો જણાય છે" પછી ઈ... વિકલ્પ તૂટી જશે. "જાણનારો જણાય છે" એટલો ભેદ પડ્યો તેમ પણ ન લેવું.**

**છે તો ભેદ ! ભલે વિકલ્પ ઉત્પન્ન થાય, પણ ઈ... વિકલ્પ એને જણાતો નથી, જાણનારો જણાય છે. વિકલ્પ ઊઠે તેને જ્ઞાન જાણતું નથી. જાણનારો જણાય છે એટલું લીધું;** પછી જાણનારો પણ જણાય છે ને વિકલ્પ પણ જણાય છે ? વિકલ્પ જ્ઞાનનું જ્ઞેય નથી. **વિકલ્પ આત્માના જ્ઞાનનું જ્ઞેય નથી. પછી જણાય ક્યાંથી ?** જ્ઞેય હોય તો જણાય ને ? ૬ ઠ્ઠી ગાથા બહુ અપૂર્વ છે.

૯૩૭

**જિજ્ઞાસા :** "જાણનારો જણાય છે" તે પણ વિકલ્પ છે ને ?? તે વિકલ્પ કેવી રીતે છૂટે ?

**સમાધાન :** વિકલ્પો જણાતા જ નથી, તો પછી વિકલ્પો ઉત્પન્ન જ નહીં થાય. "જાણનારો જણાય છે" પછી વિકલ્પ ઉત્પન્ન થાય કે ન થાય તે અમે જાણતા નથી. અમને તો "જાણનારો જણાય છે." **વિકલ્પના કાળે વિકલ્પ જણાતો નથી; કેમકે વિકલ્પને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ જ નથી, તે તો ઇન્દ્રિયજ્ઞાનનો સ્વભાવ છે.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





**વિકલ્પ મનનો વિષય છે, પણ મારા જ્ઞાનનો વિષય ક્યાં રહ્યો ! હેં ! "જાણનારો જણાય છે" તેમાં વિકલ્પ ઊઠે છે ! અરે વિકલ્પ ઊઠે છે તેનું જ્ઞાન નથી તો પછી વિકલ્પની વાત ક્યાં માંડી ?**

"જાણનારો જ જણાય છે" તો તેમાં જાણનારો પણ જણાય છે ને વિકલ્પ ઊઠે છે તે પણ જણાય છે !! પણ... વિકલ્પને જાણવાનો તારો સ્વભાવ જ નથી. વિકલ્પ બુદ્ધિનો મનનો વિષય છે, તે જ્ઞાનનો વિષય જ નથી. જ્ઞાનનો સ્વભાવ વિકલ્પને જાણવાનો નથી અને ઇન્દ્રિયજ્ઞાનના વિષયોને જાણતું નથી. જ્ઞાન તો સમયે સમયે એકલા શુદ્ધાત્માને જાણે છે.

૯૩૮

**જિજ્ઞાસા :** વિકલ્પ કેવી રીતે છૂટે ? તો કૃપા કરીને સમજાવો ?

**સમાધાન :** ભલે વિકલ્પ ઉત્પન્ન થતો હો ! પણ વિકલ્પ જણાતો નથી, મને તો "જાણનારો જણાય છે." જેને જાણનારો જણાય છે તેને વિકલ્પની ઉત્પત્તિ જ ન થાય. તેને નિર્વિકલ્પ ધ્યાન આવી જાય જો જાણનારો જણાય તો !!

૯૩૯

**જિજ્ઞાસા :** કોઈ પણ ઘોલન વિકલ્પ છે ને ?

**સમાધાન :** એ વિકલ્પ જ ઉત્પન્ન થતો નથી; જાણનારો જણાય છે ને !! વિકલ્પ મારા જ્ઞાનનું જ્ઞેય પણ નથી. વિકલ્પ કર્તાનું કર્મ તો નથી, કારણ કે આત્મા અકર્તા છે. વિકલ્પને કરે નહીં પણ વિકલ્પને જાણે તેવું જ્ઞાન જ થતું નથી આત્માના ભેદને જાણનાર ઇન્દ્રિયજ્ઞાન છે; મન છે; ઈ જ્ઞાનનું જ્ઞેય જ નથી. ભેદ તો પરદ્રવ્ય છે ભાઈ ! પરદ્રવ્યને તો જ્ઞાન જાણતું નથી, અને સ્વદ્રવ્યને જાણવાનું છોડતું નથી. જાણનારો જણાય છે લે ને ! તારી સાધ્યની સિદ્ધિ એમાં થઈ જશે.

૯૪૦

**જિજ્ઞાસા :** જેને સ્વપરનાં પ્રતિભાસનો સ્વીકાર છે તે ૫૦ ટકા નિશ્ચયમાં આવી ગયો. બીજા ૫૦ ટકા કેવી રીતે આવે ?


**સમાધાન :** જે સ્વપરના પ્રતિભાસને સ્વીકારે એટલે કે પરને જાણતો નથી અર્થાત્ હું પરને જાણું છું તે શલ્ય નીકળી ગયું. હવે જે ઉપયોગ પ્રગટ થાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





તેમાં પ્રતિભાસ બેનો છે. તો તે બન્નેને જાણે કે એક ને જાણે ?

એકને જાણે બરાબર. તો જ્યાં સ્વપ્રકાશકમાં આવે ને કે "સ્વપ્રકાશક જ છું" અને "જાણનારો જ જણાય છે." તો ઈ... એવા પક્ષમાં આવી ગયો કે વિકલ્પ છૂટીને અનુભવ થઈ જશે. હવે જ્યારે અનુભવ થાય ત્યારે ૫૦% જાય. પક્ષમાં આવે પછી પક્ષમાં રોકાય નહીં.

"જાણનાર જણાય છે; જાણનાર જણાય છે; જાણનાર જણાય છે" પણ "જાણનાર જણાય છે" એમ આવે ક્યારે ? જ્યારે અભેદ થઈને અનુભવ થાય છે, આનંદ આવે છે, ત્યારે "જાણનારો જણાય છે." ત્યાં સુધી પક્ષ કહેવાય. હજુ નિશ્ચયના પક્ષમાં આવે તો પક્ષાતિક્રાંત થઈ જાય. **પરને કરું છું ને પરને જાણું છું તે વ્યવહારના પક્ષવાળાની ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ ગઈ છે.**

૯૪૧

**"જાણનારો જણાય છે" → આ સૂત્રમાં દ્રવ્યનો નિશ્ચય તેમજ પર્યાયનો નિશ્ચય બન્ને આવી ગયા.**

| | |
|---|---|
| **જાણનારો → દ્રવ્યનો નિશ્ચય**<br>**જણાય છે → પર્યાયનો નિશ્ચય.** | **આમ ધ્યેયપૂર્વક જ્ઞેય થયું.** |

૯૪૨

જણાય છે જાણનારો અને લાગે છે પર જણાય છે તે જ અધ્યવસાન, વિપરીત માન્યતા ભ્રાંતિ છે. જ્ઞાનમાં વચન નથી જણાતું વાચ્ય જણાય છે.

૯૪૩

પોતે જ અનુભવમાં આવે છે; આહા ! જ્ઞાનમાં જ્ઞાયક જ પ્રતીત થાય છે. જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જ જણાય રહ્યો છે. ઊર્ધ્વપણે આત્મા જ જણાઈ રહ્યો છે. "સમતા, રમતા, ઊર્ધ્વતા", શ્રીમદજીમાં આવે છે ને ?! ઊર્ધ્વપણે આત્મા જ જણાય રહ્યો છે. ઊર્ધ્વપણે હું જ જણાઉં છું. ઊર્ધ્વપણે જ્ઞાયક જ જણાય છે. ભગવાન આત્મા જ જણાય રહ્યો છે. જણાય જ રહ્યો છે. જણાય રહ્યો છે. તેનો માત્ર સ્વીકાર કર બસ. એટલી જ વાર છે. તારી વારે વાર છે. તારી વારે વાર છે.

ભગવાન આત્મા તો દર્શન દઈ રહ્યો છે, મોટા મનનો થઈને; સમયે સમયે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





એના જ્ઞાનની પર્યાયમાં પણ ઈ... અવળચંડાઈ કરે છે. છતાં પણ એ એવા મોટા મનનો છે કે એની જ્ઞાનની પર્યાયમાં સમયે સમયે પ્રતિભાસ થઈ રહ્યો છે. એ પ્રતિભાસને તું ઉપયોગાત્મક કરી લે! આહાહા! "જાણનાર જણાય છે."

પ્રતિમાની સામે ઊભીને વિચાર કરવો કે આ પ્રતિમા જણાય છે કે : "જાણનાર જણાય છે!" પ્રતિમા જણાય છે કે પ્રતિમા સંબંધેનું જ્ઞાન જણાય છે! કે જ્ઞાયક જણાય છે!!

બધાને એવો જ્ઞાનનો અંશ જણાય છે કે જ્ઞાયક જણાય છે. આહાહા! ખલાસ...! તો શું પ્રતિમા નથી જણાતાં? તને જાણવાના બહાના નીચે પણ વ્યવહારનો પક્ષ, પરને જાણવાનો પક્ષ છે. એ વ્યવહારનો પક્ષ છે. વ્યવહાર નથી. નિશ્ચય વિના વ્યવહાર ન હોય.

૯૪૪

કહે છે પોતે જ અનુભવમાં આવે છે. આહાહા! વર્તમાન તને તો "જાણનાર જ જણાય છે" ને? ભગવાન જણાય રહ્યો છે. પરજ્ઞેય જણાય છે એમ નહીં, રાગ જણાય છે એમ નહીં, એક સમયની પર્યાય જણાય છે એમ પણ નહીં, પણ જાણનારો જણાય રહ્યો છે. ત્રિકાળી સામાન્ય જણાય રહ્યો છે. સામાન્ય જેની સત્તામાં જણાય છે એ જણાતું નથી; આહાહા! આ તો ભાગવતી - ભગવાન થવાની કથા છે.

૯૪૫

આવો સામાન્ય આત્મા જ્યારે દૃષ્ટિમાં આવે ત્યારે તેને સમ્યક્દર્શન જ્ઞાન પ્રગટ થાય. પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં એમ જ્ઞાયક જ્ઞાયક ને જ જાણે છે, જ્ઞાયક જ જણાય રહ્યો છે. જાણનારો તે જ આત્મા જણાઈ રહ્યો છે. વર્તમાન મને જણાય રહ્યો છે.

જણાય રહ્યો છે કહેતાં ઈ શું? જણાય રહ્યો છે ભાઈ! સર્વજ્ઞ પરમાત્માએ કહેલી આ વાત છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે પ્રત્યક્ષ.

૯૪૬

પર સાથે એક હોવાનો નિશ્ચય થઈ ગયો છે; એક હોવાની ભ્રાંતિ થઈ ગઈ છે. છે બેય તત્ત્વ ભિન્ન ભિન્ન; ચૈતન્ય સ્વરૂપી, ઉપયોગ સ્વરૂપી ભગવાન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





આત્માથી એટલે અનૂઉપયોગ એવો જે રાગ એ જડ છે અને ભિન્ન છે તેને એક માની બેઠો છે. નિશ્ચયથી મૂઢ અજ્ઞાની જીવ એક માની બેઠો છે. હવે તેવા જીવને "આ અનુભૂતિ છે તે જ હું છું" એમ આગલા પારામાં શબ્દો હતા. આ અનુભૂતિ છે તે જ હું છું એવા જ્ઞાનથી પ્રાપ્ત એ જ શબ્દ અહીંઆ છે. તેને તે અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્માનો સ્વીકાર કર્યો, તેને આત્મજ્ઞાન થયું.

અને અજ્ઞાનીને "અનુભૂતિ સ્વરૂપ આત્મા છે તે હું છું" તેવું જ્ઞાન ઉદય થતું નથી. કેમકે રાગ તે હું છું. હવે રાગ તે હું છું એમ આવ્યું એટલે જ્ઞાયક તે હું છું તેમ આવ્યું નહીં. તેથી આ અનુભૂતિ છે તે જ હું છું તેવું આત્મજ્ઞાન ઉદય થતું નથી.

ત્યાં એમ કહ્યું કે એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું, ત્યાં આત્મજ્ઞાન લીધું, "જ્ઞાયક તે હું છું." અને આ (અજ્ઞાની) જ્ઞાયકને ચૂકી ગયો. દેહ મારો, પૈસા મારા, કુટુંબ મારું, આબરૂ મારી, આહાહા એમ પરમાં મારાપણાની બુદ્ધિ કરતો, પરને વશ થતો, પરની સાથે એકત્વ બુદ્ધિ કરતો, હે ! મૂઢ અજ્ઞાની ! કે : "આ જાણનારો જણાય રહ્યો છે." "જાણનારો તે હું જ છું" જાણનારો તે હું જ છું તે ચૂકી જાય છે અને જે જણાય છે તે મારું છે; જે (પર) જણાય છે તે મારું છે, સમયે સમયે નવું નવું જણાય છે, ત્યારે પ્રત્યેક જ્ઞેયમાં આત્મબુદ્ધિ કરતો ભિન્ન ભિન્ન જ્ઞેયો જણાય છે; ભિન્ન ભિન્ન સમયે ભિન્ન ભિન્ન જ્ઞેયમાં આત્મબુદ્ધિ કરતો પણ એ સળંગપણે જણાતો જ્ઞાયકભાવ તે "હું છું" એમ ચૂકી જાય છે. સળંગપણે જ્ઞેય બદલતું જ રહે છે.

૯૪૭

પહેલાં આત્માને જાણ કે આ જાણનારો અનુભવમાં આવે છે તે હું છું. આહાહા ! અને જાણનારો વર્તમાનમાં અનુભવમાં આવે છે કે જાણનારો તે હું છું. જાણનારો અનુભવમાં આવે છે. જાણનારો જણાય રહ્યો છે. જાણનારો જ્ઞાયકભાવ જણાય રહ્યો છે. આહાહા ! વગર પુરુષાર્થે જણાઈ રહ્યો છે. ગજબની વાત છે. જે જણાય રહ્યો છે એ તો એનો સ્વભાવ છે. એમાં પુરુષાર્થની જરૂર નથી. વગર પુરુષાર્થે જણાય રહ્યો છે. જાણનારો સમયે સમયે જણાય રહ્યો છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૯૪૮

ભગવાનની પ્રતિમા સામે ઊભો છે, મારી ચર્મચક્ષુ ભલે પ્રતિમાની સામે છે, પણ મને પ્રતિમા જણાતા નથી હોં !! મને તો ચૈતન્ય પ્રતિમા જણાય છે, તો ઇન્દ્રિયજ્ઞાન અટકીને આત્મામાં જાય. બીજાને એમ લાગે કે આ પ્રતિમાને જાણે છે, પણ એ અંદર ડૂબકી મારીને ચૈતન્ય પ્રતિમાને જાણી લ્યે છે, ત્યારે ઓલા નિમિત્ત કહેવાય. ઉપાદાન જાગે ત્યારે નિમિત્ત કહેવાય.

આ જાણનારો અનુભવમાં આવે છે હોં !? "જાણનારો જણાય રહ્યો છે." "જાણનારો જણાય રહ્યો છે." નકાર ન કર ! નકાર ન કર ! સ્વભાવનો નકાર ન કર. સ્વભાવનો નિષેધ ન કર.

૯૪૯

જાણનારો તને જણાય રહ્યો છે. આને... જાણું ! આ મને જણાય છે...! આ જણાય છે...! હમણાં થોડો ટાઇમ રહેવા દે ! આમ કરું... આમ કરું... આ જણાય છે, આ જણાય છે...! શું આ નથી જણાતું ? હમણાં થોડો ટાઇમ રહેવા દે !!

આહાહા ! એક બે ઘડી પ્રયત્ન તો કર : બધો કોલાહલ છોડી દે ! આમ કરું, આમ કરું; આ જણાય છે, આ જણાય છે; શું આ નથી જણાતું ? રહેવા દે ! કોલાહલ બંધ કરી દે. "જાણનારો જણાય છે તેમ લે ! જાણનારો જણાય છે" આવી જા થોડો વખત ! શું આ નથી જણાતું ? ભાઈ ! કોલાહલ રહેવા દે ! એ તો નકામો કોલાહલ છે.

આ જણાય છે તે શું ખોટું છે ? ભાઈ ! બાપુ ! કોલાહલ રહેવા દે ! "જાણનારો જણાય છે"; "જાણનારો જણાય છે"; આહાહા ! એક વાર તો અંદર જો તું ! તને શું ફાયદો થાય છે કે નથી થતો જો તો ખરો !! સમ્યક્દર્શન થાય છે કે નથી થતું !!

તને સમ્યક્દર્શન ન થાય તો મારી પાસેથી લઈ જજે ! એમ જ્ઞાનીઓ કહે છે. "જાણનારો જણાય છે" એક વાર તું અંદર આવી જા. આહાહા ! "જાણનારો જણાય છે." આ જાણનારો અનુભવમાં આવે છે. આ એની વાત ચાલે છે હોં ! હા, ચાલે છે શાસ્ત્રનાં આધારે ઘરની વાત નથી. શાસ્ત્રનો આધાર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે. છે તો આત્માના ઘરની વાત આ.

૯૫૦

જાણનારો અનુભવમાં આવે છે તે હું... છું. "આ જાણનારો જે જણાય છે", જાણનારો એટલે જ્ઞાયકભાવ જણાય રહ્યો છે તે હું છું. આહાહા ! મને જ્ઞેય જણાતું નથી. મને જાણનારો જણાય રહ્યો છે. આ જ્ઞેયો મારા એમ હું કેમ કહું ? કઈ જીભે કહું ? મને જણાતા જ નથી ને ? જણાય તો એ મારા એમ કહું ને ? આ છેલ્લી સુપ્રિમ કોર્ટની વાત છે. આ અનુભવની કળાની વાત છે. જરા લક્ષમાં લેવા જેવી છે. ઇન્દુભાઈ ! મોરબીનાં મહાભાગ્યની વાત છે. આવી વાત અહીંઆ નીકળે છે.

હવે એક વખત તું તારા ભમતા ઉપયોગને સંકેલીને ! એ ઉપયોગમાં જ્ઞાયક જણાય છે તેમાં આવી જા ! તારા ભમતા ફરતા ઉપયોગને આત્મ સન્મુખ કર. પરમાં પ્રતીતિ કરનારો જે ઉપયોગ એને બંધ કરી દે ! અને જે ઉપયોગ જેનો છે તેને તેમાં વાળીને જો તો જાણનારો જણાય છે એવાં દર્શન તને પ્રત્યક્ષ થશે. કોલકરાર; અનુભવ થઈ જાય એવી વાત છે. "આ જાણનારો અનુભવમાં આવે છે તે હું છું."

ગુરુદેવ મારા છે એમાં મારાપણું ક્યારે થાય ? એ જણાય મારા જ્ઞાનમાં તો ને ? આહાહા ! મને તો જાણનારો જણાય છે તો પર પદાર્થ મને જણાતા નથી તો એ મોહ ટળી જાય અને નિર્મોહ દશા પ્રગટ થાય.

૯૫૧

જ્ઞેયાકાર અવસ્થામાં એટલે જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે એવી જ્ઞાનની અવસ્થામાં પણ જ્ઞાયકપણે જણાયો; જાણનારપણે જણાયો; શું કહ્યું ? આ જ્ઞેયપણે જણાયો એમ નહીં, જ્ઞેયનો જાણનારપણે જણાયો એમ પણ નહીં. ઝીણી વાત છે. ભગવાનની પ્રતિમા જણાય છે જે સમયે જ્ઞાનમાં; જ્ઞેયાકાર અવસ્થામાં; જ્ઞેયોને જાણવાની અવસ્થાનો કાળ છે તે સમયે, તે જ્ઞેયને જ્ઞાન જાણે છે ? જ્ઞેય જેમાં જણાય છે તેવો આત્મા જણાય છે ? કે જાણનારપણે જણાય છે ?

જુઓ પ્રતિમાજી ઉપરથી લક્ષ છૂટે છે. પ્રતિમાને પ્રસિદ્ધ કરનારું ઇન્દ્રિયજ્ઞાન એ હવે અલોપ થાય છે. વાહ ! ઇન્દ્રિયજ્ઞાન રોકાઈ જાય છે. "મને જાણનાર જણાય છે." એમાં જ્યાં આવ્યો ! જાણનારો જણાય છે ક્યારે ? જ્યારે જ્ઞેયો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જણાય (પ્રતિભાસે) છે ત્યારે જાણનારો જણાય છે. આ (પર) જણાય છે એમ નહીં. આ જણાય છે એમ નહીં. પણ "જાણનાર જણાય છે."

જ્યારે પ્રતિમા જણાય છે ત્યારે એનામાં સ્વપ્રકાશકપણું હોવાના કારણે જાણનાર જણાય રહ્યો છે. એકલું પરપ્રકાશક નથી. તો તો પરપ્રકાશક વખતે જાણનાર પોતે જણાય જ નહીં. પણ જ્યારે પરપ્રકાશક છે ત્યારે પણ જાણનાર જણાય છે. એટલે ઓલું પરપ્રકાશક જે જ્ઞાન છે; જ્ઞેયને જાણનારું જે જ્ઞાન છે; એકલું પરજ્ઞેયને જે પ્રસિદ્ધ કરનારું જ્ઞાન છે તે અજ્ઞાન હતું. એટલે જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ થતો હતો. હવે જ્યારે જ્ઞેય જણાય છે ત્યારે જાણનાર પણ જણાય છે. એમ જાણનાર જણાય છે એ તરફ ઉપયોગ જાય છે, ત્યારે તેને વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ થઈને સામાન્યનો આવિર્ભાવ થાય છે.

## ૯૫૨

જાણનાર એમ છે ને ? અશુદ્ધતા કેમ નથી ? કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં, જ્ઞેયને જાણવાની અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો. જે જ્ઞાયકપણે જે જણાયો તે જ જ્ઞાયકપણે જ્ઞાનમાં જણાયો. જે શ્રદ્ધાનો વિષય છે તે જ્ઞાનનો વિષય થઈ ગયો. એક ગાથામાં બન્ને વાત લીધી. બહુ ગંભીર છે આ વાત, બહુ ગંભીર છે.

ભગવાન તે જ્ઞાયક આત્મા છે. તે જાણનાર છે, દેખનાર છે, જ્ઞાનથી ભરેલો આત્મા છે. જ્યારે પ્રતિમા જણાય છે ત્યારે પ્રતિમાનો જાણનાર છે કે જાણનારનો જાણનાર છે. તે જ્ઞાન પ્રતિમાનું છે કે તે જ્ઞાન આત્માનું છે. રતિભાઈ ! કહે છે કે તે જ્ઞાન આત્માનું નથી.

## ૯૫૩


આહાહા ! એક વાર ભગવાન તું પ્રતિમાને જાણનારું જ્ઞાન છે; ત્યારે તું વિચાર કર કે મને આ પ્રતિમા જણાય છે ? કે "જાણનારો જણાય છે ?" જ્ઞાયક જણાય છે. આહા ! કેમકે એ જ્ઞાન પ્રતિમાનું નથી એ જ્ઞાન આત્માનું છે. એટલે એ વખતે "જાણનાર જણાય છે", એમ નક્કી કરવા જાય તો ઉપયોગ ત્યાંથી ખસીને અંદરમાં વળી જાય છે. ઉપાડ ત્યાંથી થયો; પણ ગયો અંદરમાં. પરને જાણવા રોકાતો તો ત્યાં સુધી આત્મદર્શન નહોતા થતા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





એને હવે શ્રીગુરુ મળ્યા, કે : તને પ્રતિમા જણાય છે ત્યારે જ્ઞાન પ્રતિમાનું નથી. જ્ઞાન પ્રતિમાનું ન હોય. જ્ઞાન જ્ઞેયનું ન હોય. જ્ઞાન તો જ્ઞાયકનું છે હેં ! જો પ્રતિમાનું જ્ઞાન હોય તો પ્રતિમા જણાય. પણ જ્ઞાન તો પ્રતિમાનું નથી. ઈ... તો પ્રતિમા તો જ્ઞાનમાં નિમિત્ત માત્ર છે. જ્ઞાનમાં નિમિત્ત માત્ર છે. કહે છે કે... એ જ્ઞાન પ્રતિમાનું નથી. એ જ્ઞાન તો જ્ઞાયકનું છે. ચૈતન્ય અનુવિધાયી પરિણામ તેને ઉપયોગ કહેવામાં આવે છે. ઉપયોગ તે તો શક્તિની વ્યક્તિ છે. એ શક્તિમાંથી, પ્રવાહમાંથી જ્ઞાન બહાર આવે છે. જ્ઞેયમાંથી જ્ઞાન નથી આવતું. જ્ઞેયમાંથી જ્ઞાન આવે ? આ શાસ્ત્રમાંથી જ્ઞાન આવતું હશે ? 'ના' આવે. જ્ઞાન તો જ્ઞાનમાંથી આવી રહ્યું છે.

### ૯૫૪

જ્યારે પ્રતિમા જણાય છે ત્યારે આચાર્ય ભગવાન ફરમાવે છે; તારી અવસ્થાનો ફરવાનો જ્યારે કાળ આવે છે ત્યારે તું એમ લે કે "જાણનાર જણાય છે." એમ લઈ લે ને ! આ જણાય છે એમ શું કામ લેશ ! બાપલા હવે તો રહેવા દે ! પર જણાય ત્યારે તેને જાણનાર જણાય છે. તો પર ઉપરથી ઉપયોગ ખસીને અંદરમાં આવશે, અને અનુભવ થશે. ત્યારે "જાણનારપણે જણાયો" એમ લખે છે. આમાં બધું છે.

### ૯૫૫

જ્ઞેયાકાર અવસ્થામાં; જ્ઞેયોને જાણવાનો પર્યાયનો કાળ છે ત્યારે એ પર્યાયમાં પર્યાય જાણનારપણે જણાય છે એને આહાહા ! જ્ઞાયકપણે જણાયો ! જ્ઞાયકપણે જણાયો એમ સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ આહાહા ! જ્ઞાયક જ છે. પર જણાય ત્યારે જાણનાર જણાય. અને સ્વ જણાય ત્યારે પણ "જાણનાર જણાય છે." ચોવીસે કલાક "જાણનાર જણાય છે." આહાહા ! અદ્‌ભુતથી અદ્‌ભુત ચમત્કારિક વાત છે. આ બેડો પાર થાય તેવી વાત છે.

### ૯૫૬

આચાર્ય ભગવાન કહે છે તને જ્યારે પર જણાય છે તેવી અવસ્થા ભલે હો ! ત્યારે પણ "જાણનાર જણાય છે." તને જો આ (પર) જણાય છે અને જાણનાર જણાતો નથી તો જ્ઞેયકૃત અશુદ્ધતા અજ્ઞાન થઈ ગયું. આ જણાય છે... આ જણાય છે... આ જણાય છે ત્યારે "જાણનાર જણાય છે" એમ લે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ને ! નિર્વિકલ્પ ધ્યાનમાં તો "જાણનાર જ જણાય છે" પણ આ (નેપ્કિન) જણાય છે ત્યારે "જાણનાર જણાય છે" એમ લે ને ! હવે જો આ પરજ્ઞેય જણાય છે અને જો તે વખતે તને જાણનાર નથી જણાતો તો અજ્ઞાન થઈ ગયું.

## ૯૫૭

હવે જે અનાદિકાળનું અજ્ઞાન છે તે રાખવું છે કે અજ્ઞાનનો નાશ કરવો છે ? કે અજ્ઞાનનો નાશ કરવો છે. જો તારે અજ્ઞાનનો નાશ કરવો હોય તો અમે કહીએ એમ કર. અમે કહીએ છીએ એમ એની પાછળ પાછળ તું ચાલ્યો આવ. આહાહા ! અમારા જ્ઞાનની પાછળ પાછળ તું આવ. અમે કહીએ છીએ તે તું જરાક લક્ષમાં તો લે !

કે : જ્ઞેયાકાર અવસ્થામાં જ્યારે પ્રતિમાજી જણાય છે ભગવાનની, ગુરુદેવ જ્યારે જ્ઞાનમાં જણાય છે, ત્યારે જાણનાર જણાય છે એમ લે ને ! ગુરુદેવ જણાય છે મને અને જાણનાર જણાતો નથી એ તો અજ્ઞાન. એકાંત પર પ્રકાશક થઈ ગયું.


## ૯૫૮

જ્ઞાયકપણે જણાયો ! જાણનારપણે જણાયો !! જાણનારપણે જણાયો, કરનારપણે તો જણાતો જ નથી. હું કરનાર છું એમ તો જણાતું જ નથી. કેમકે આત્મા કરનાર નથી. આત્મા જાણનાર છે તો જાણનારપણે જણાય છે. જેવો એનો સ્વભાવ હોય એવું જ જણાય ને ?! સ્વભાવથી વિપરીત ન જણાય.

આઠ કર્મનાં બંધવાળો જણાય છે ને ? કે : 'ના.' કેમકે એ આત્મા છે નહીં. હું શું કરું ? આઠ કર્મનો સદ્‌ભાવ ન હોય તો તો એ મને જણાય. પણ આઠ કર્મનાં બંધવાળો તો આત્મા છે નહીં. કેમકે એ તો અબંધ છે. એટલે જેવું એનું સ્વરૂપ છે એવું મને જણાય છે. આહાહા ! આ રાગ-દ્વેષ, મોહવાળો જણાય છે ? કે : 'ના.' કેમકે એ જીવ વસ્તુનું સ્વરૂપ નથી. એ બીજું તત્ત્વ છે. બીજા તત્ત્વનો મારામાં અભાવ છે. આત્માને આસ્રવ બે ભિન્ન છે. અરે ! નિશ્ચયનયથી એકવાર ભેદજ્ઞાનનો વિચાર તો કર. આત્મા અને રાગ બે એક નથી. બેય ભિન્ન ભિન્ન તત્ત્વો છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



## ૯૫૯

જાણનારપણે જણાયો ! આહાહા ! જાણનારપણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની, સ્વરૂપને જાણવાની અવસ્થામાં પણ; પણ કહ્યું ! પણ... પ્રતિમા જણાય છે ત્યારે "જાણનાર જણાય છે." એમ જ્યારે ઉપયોગ નિર્વિકલ્પ ધ્યાનમાં જાય છે ત્યારે પણ જાણનાર જણાય છે. ત્યારે બીજું કાંઈ જણાતું નથી. એ તો નિર્વિકલ્પ ધ્યાનમાં જાય ત્યારે જાણનાર જણાય અને નિર્વિકલ્પ ધ્યાનમાંથી બહાર આવે ત્યારે પર જણાય ? પર જણાય છે ત્યારે જાણનાર જણાય ? કે : 'ના', એ વખતે જાણનાર ન જણાય. જાણનાર જણાતો નથી ને, અને પરની પ્રતીતિ કરે છે તો અજ્ઞાન થઈ ગયું. અહીં તો અજ્ઞાન કેમ ટળે તેની વાત ચાલે છે. અજ્ઞાન સિદ્ધ નથી કરવું જ્ઞાન સિદ્ધ કરવું છે.

## ૯૬૦

દીવો ઘટપટને પ્રસિદ્ધ કરે ત્યારે પણ દીવો છે. અને ઘટપટને પ્રસિદ્ધ ન કરે ત્યારે પણ દીવો છે. ઘટપટને પ્રસિદ્ધ કરે તો દીવો, એવી પરાધીનતા દીવાને છે નહીં. પરને જાણે છે માટે જાણનાર છે તેમ છે નહીં. જાણનાર તો પોતાથી છે. જ્ઞેયથી નિરપેક્ષ છે. જીવતત્ત્વ તે સાપેક્ષ પર્યાયથી પણ નિરપેક્ષ છે. આહાહા ! આ તો અંદર અંદરમાં "જાણનાર જણાય છે." "જાણનાર જણાય છે."

જાણનારો જાણનારપણે જણાય છે. જાણનારો શુભાશુભ ભાવનો કરનારો છે તેમ તો જણાતું જ નથી. "એ તો જાણનારપણે જણાય છે." જેમ પરજ્ઞેય જણાવ કે ન જણાવ હું તો મારાથી જ્ઞાયક છું. આહાહા ! જ્ઞેયથી નિરપેક્ષ મારું અસ્તિત્વ જ્ઞાયકપણે રહેલ છે. અનાદિ અનંત એ જાણનારપણે જણાયો. તે દીવાની માફક ઘટપટ આદિની અવસ્થાને પ્રકાશિત કરવામાં પણ દીપક જ છે. આદિ, મધ્ય, અંતમાં દીપક જ છે.

## ૯૬૧

આ માર્મિક વાત છે. ઝાઝા પદાર્થોને દીવો પ્રકાશે તો દીવાનો પ્રકાશ વધી જાય અને બધા વયા જાય ત્યારે લાઈટ ઘટી જાય એમ છે નહીં. આ માર્મિક વાત છે હોં ! અરે ! જ્ઞાન તો જ્ઞાનથી જ છે. જ્ઞાન જ્ઞેયથી નથી. જ્ઞાયક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





**જ્યારે જ્ઞાનમાં જણાય છે ત્યારે જાણનારો પોતે જણાયો તેથી પોતે કર્તા બન્યો. અને જણાયો પોતે માટે પોતે કર્મ બન્યું. પોતે જાણનારો માટે પોતે કર્તા, પોતાને જાણ્યો, પણ પ્રતિમાને જાણી નહીં, પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ. આત્મા કર્તા અને આત્માને જાણનારી જ્ઞાનની પર્યાય કર્મ તેમ નહીં. જાણનાર થયો માટે પોતે જ કર્તા.**

૯૬૨

અનાદિથી ઉપયોગ પ્રગટ થાય છે. તેમાં હું રસને જાણું છું તો અજ્ઞાન થઈ ગયું. એ ઉપયોગમાં “જાણનારો જણાય છે” અને “જાણનાર છું” તેમ અનુભવે છે તો અતીન્દ્રિય જ્ઞાન થઈ ગયું. તારા હાથમાં છે જ્ઞાન પ્રગટ કરવું કે અજ્ઞાન પ્રગટ કરવું.

૯૬૩

“જાણનારો જણાય છે ને ખરેખર પર જણાતું નથી” તેમાં સકલ દોષનો પરિહાર થઈને અનુભવ થાય છે.

૯૬૪

“જાણનારો જણાય છે પર જણાતું નથી આ જ અનુભવની કળા છે.

૯૬૫

“જાણનારો જ જણાય છે” હું જાણનાર જ છું” આ જ્ઞાયકથી તન્મય થયેલું જ્ઞાન છે. અને જાણનાર થઈને જાણનારને જાણે છે.

૯૬૬

“જાણનાર જણાય છે” એ જ વાત પહેલાં સાચી લાગતી નથી તો પછી જાણનારનું શ્રદ્ધાન ક્યાંથી થાય !?

૯૬૭

“જાણનારો જણાય છે પર જણાતું નથી”, તેમાં જ ભેદજ્ઞાન થાય છે આમાં ભેદજ્ઞાનની વિધિ છે.

૯૬૮


**હું જાણનાર છું, જાણનાર મને જણાય છે, એટલું મારું કાર્ય છે. એ... જાણનાર આત્માને જાણનારપણે જાણે એ જ મારો પુરુષાર્થ છે.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





૯૬૯

મને મારો જ્ઞેય સ્વરૂપ જાણનાર જ જણાય રહ્યો છે એવું શ્રદ્ધાન જ્ઞાન તે જ આનંદમયી મુક્તિમાર્ગ છે.

૯૭૦

**જાણનારો જણાય છે તે કર્તા, અને જાણનારો જણાય છે તે જ કર્મ છે. અને ક્રિયા પણ તે જ છે, તેમાં ભેદ નથી.**

૯૭૧

નયને જાણી તેનું કર્તૃત્વ છોડીને અને તેનું જ્ઞાન પણ છોડીને સમકિત થાય છે. ઉપાદાન પણે તો નહીં પણ નિમિત્તપણે પણ પુણ્ય ને કરતો નથી સૂક્ષ્મ વાત છે.

“થવા યોગ્ય થાય છે”, જાણનારને જાણનારપણે જાણે છે. પણ જાણનારને હવે પુણ્યના કરનારપણે હવે જાણતો નથી. જાણનારને જાણનારપણે જાણીને, જાણનારપણે પરિણમે છે. પુણ્યના જાણનારપણે પરિણમે છે, જાણનાર જાણનારને જાણતાં એમ જાણે છે કે “પુણ્ય થવા યોગ્ય થાય છે.” થવા યોગ્ય અને કરનાર એમાં માલ ભર્યો છે. પુણ્ય ન થવા યોગ્ય છે તેમ નથી, અને હું કર્તા છું તેમ પણ નથી. પુરુષાર્થ તો સમ્યક્ એકાંતનો છે. કર્તાબુદ્ધિ થાય નહીં ને જણાયા વગર રહે નહીં. જેણે જાણનારને જાણનારપણે જાણ્યો તેને પુણ્યનો હું કરનાર તેમ જાણતો નથી.

૯૭૨

“જાણનાર જણાય છે” તેમાં ‘જણાય’ છે તે અપરિણામી. અને જાણે છે તે પરિણામી આત્મા છે.

૯૭૩

જે જ્ઞાનમાં એકલું પરજ્ઞેય પ્રતીત થાય તે જ્ઞાન નથી પણ જ્ઞેય છે. “જાણનાર જણાય છે” તેમાં આવી જા ને !! જાણનારો તે પણ આત્મા, જણાયો પણ આત્મા.

૯૭૪

જાણનારો માટે પોતે જ કર્તા, જણાયો માટે પોતે જ કર્મ. જે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં જણાયો તે તો તેજ છે. જ્ઞેયાકાર અવસ્થામાં પણ જણાયા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જ કરે છે, તેથી જાણેલાનું શ્રદ્ધાન ચાલુ જ રહ્યા કરે છે. રાગ જણાતો નથી તેથી રાગ કર્મ પણ બનતો નથી. જો રાગ જણાય તો રાગ કર્મ થઈ જાય તો અજ્ઞાન થઈ જાય. તેથી સવિકલ્પ દશામાં સાધકોને સંવર નિર્જરા ચાલુ જ રહે છે.

૯૭૫

"અનુભવના કાળમાં જે જાણવામાં આવ્યો તે તો તે જ છે." તેમાં "તે" "તે" શબ્દ બે વખત ટીકામાં છે.

અનુભવના કાળમાં જે જાણનારો જણાયો તે જાણનારપણે જ જણાય છે. બીજા રૂપે, પર રૂપે જણાતો જ નથી. સવિકલ્પ દશામાં બીજું જણાય તો આત્મા ત્યારે બીજાનો જાણનાર થઈ ગયો તેમ નથી (તે તો તે જ છે.)

૯૭૬

એક વખત જાણનારો જણાય છે પછી તેની સ્વચ્છતામાં ફેર દેખાતો નથી. નિમિત્તના સંયોગથી ઉપાદાનમાં કાંઈ ફેર દેખાતો નથી. તેનો તે જ રહે છે, માટે તેનો તે જ જણાય છે.

જે જ્ઞાન જ્ઞાયકને જાણે છે તે જ્ઞાન જ્ઞાયકને જ જાણે છે. જ્ઞાન ફરતું નથી, કેમ ? કેમકે જ્ઞાયક ફરતો નથી. જ્ઞાનમાં તેનો વિષય ફરતો નથી માટે જ્ઞાન ફરતું નથી. જ્ઞેયો ફરે છે, જ્ઞેયો ભલે ફરે છતાં જ્ઞાન ફરતું નથી.

૯૭૭

બીજો જણાય છે એમ જણાય તો લક્ષ જ્ઞાયક પર ન રહ્યું પરંતુ લક્ષ પર્યાય પર જાય છે, તો જ્ઞાયક જણાતો નથી.

હવે બીજો જણાતો જ નથી. સીધી ના કહી. જાણનાર પોતે જ જણાય છે, તેમાં બીજો નથી માટે રાગ જણાતો નથી.

૯૭૮

જણાય રહ્યો છે તે જાણનાર જ છે. "જાણનારો જણાય છે." જણાય છે તેથી સહેજે જણાય છે. "જે જેનું હોય તે તે જ હોય."

૯૭૯

પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાં આવ્યું કે : "સૌને જ્ઞાન જણાય છે."

**જિજ્ઞાસા :** તમને તમારા જ્ઞાનમાં જ્ઞાન સ્વરૂપ ભગવાન જણાય છે અર્થાત્




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય જણાય છે; અને તમને પર્યાય જણાય છે ?



**સમાધાન : "હા." કેમકે; કઈ પર્યાયમાં જ્ઞાન સ્વભાવી આત્મા જણાશે ? જે પર્યાય બળવાન હોય, નિરપેક્ષ હોય તે પર્યાય એમ જાણે છે કે "જાણનાર જણાય છે." જે પરિણામ આત્માને જાણે તે પરિણામમાં કેટલી તાકાત હોય. જે નિરપેક્ષ છે, શક્તિશાળી છે, તેમાં આત્મા જણાય છે. તે પર્યાયને આત્માની અપેક્ષા લાગુ પડે છે.**

જે પર્યાયમાં આત્મા કરનાર લાગે છે, તે પર્યાયમાં આત્મ-દ્રવ્ય ક્યાંથી જણાય !? તો પર્યાયમાં કરનાર દેખાશે, જાણનાર ક્યાંથી જણાય !

૯૮૦

**"જાણનારો જણાય છે" તેની અજાણતાં પણ આરાધના કરીને તો તેનાં ફળમાં અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થવાનું.**

૯૮૧

**"જાણનાર મને જણાય છે", તેમ જ્ઞાનમાં જણાય છે; જો એમ ન જણાય તો અનુભવની સિદ્ધિ જ થતી નથી.**

૯૮૨

જ્ઞાનીનો જન્મ ભેદજ્ઞાનનો મંત્ર આપવા માટે થાય છે ભેદજ્ઞાનનો મંત્ર "જાણનારો જણાય છે."

૯૮૩

અકર્તા છે માટે તો જાણનાર જણાય છે ત્રણલોકમાં આનાથી ઉત્તમ કોઈ વાત નથી.

૯૮૪

"જાણનાર જણાય છે" એમ કરીને બેસી ગયા તો ત્રણે મુનિરાજને કેવળજ્ઞાન થઈ ગયું. અને અમો સમવશરણમાં આવ્યા તો અમને ઇન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થયું.

૯૮૫

"થવા યોગ્ય થાય છે", "હું તો જાણનાર છું તો જાણનારો જણાય ગયો."

૯૮૬

જાણનારને જાણે છે માટે એનું નામ જ્ઞાન છે. "જાણનારો જ જણાય છે"



Please inform us of any errors on rajesh@AtmaDharma.com



માટે જ્ઞાન છે. આ ફંકશન અનાદિથી બગડ્યું નથી, ચાલુ છે.

૯૮૭

"જાણનારો જણાય છે" તેમાં ઇન્દ્રિયજ્ઞાન શિથિલ થઈ જાય છે. પર જણાય છે તેમાં ઇન્દ્રિયજ્ઞાન બળવાન થઈ જાય છે.

૯૮૮

હું પરને જાણું છું તેવા અભિપ્રાયમાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર થાય છે. અને "જાણનાર જણાય છે" મને એવા શ્રદ્ધા - જ્ઞાનમાં આવતાં સમ્યક્દર્શન થાય છે.

૯૮૯

ચેતનામાં ચેતન જણાય છે, માટે તો અનુમાન જ્ઞાનમાં આવી રહ્યો છે. ખરેખર જાણનાર, જાણનાર જ છે; જાણનારને જ જાણ્યા કરે છે, અને જાણનાર જ જણાયા કરે છે.

૯૯૦

"જાણનાર જણાય છે" એમ સમજાવવા માટે કહેવું પડે છે. બાકી તો "હું જાણનાર છું."

૯૯૧

સ્વપર પ્રકાશકપણું ન હોત તો જ્ઞેયોનો પ્રતિભાસ ન થાત. અને સ્વ પ્રકાશકપણું ન હોત તો જાણનારો ન જણાત. બન્ને ધર્મો છે, તેવો એક "જાણનારો જણાય છે."

૯૯૨

હું જાણનાર છું તેમ જાણવું તે જ જ્ઞાનનો સ્વભાવ છે. પ્રયોગમાં તો "હું જાણનાર છું" તે જ પ્રયોગ છે. "જાણનારો જણાય છે" તે પ્રયોગ નથી. પોતે પોતાને જાણે છે, અને હું જાણનાર છું આમાં રહસ્ય છે.

૯૯૩

"જાણનારો જણાય છે" તે પર્યાયથી રહિત પણ છે અને "જાણનારો જણાય છે" તે પર્યાયથી સહિત પણ છે.


૯૯૪

"માત્ર જાણનારને જ જાણું છું; માત્ર જાણનાર જ જણાય છે." અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણનારને જાણતાં બીજું જણાતું પણ નથી.



૯૯૫

"હું જાણનાર જણાય" છે તેને જાણવાવાળો નથી. જાણનાર ને પણ જાણવાવાળો નથી. તો અભેદમાં બેસી જાય છે, અને સાક્ષાત અમૃતનું પાન કરે છે.

૯૯૬

**નિષેધના વિકલ્પની સાથે સાથે વિધિનો એને ખ્યાલ છે એટલે નિષેધના વિકલ્પમાં વિધિનો વિકલ્પ બળવાન થતો જાય છે. જ્યાં સુધી નિષેધનું જોર નહીં આવે ત્યાં સુધી વિધિનો વિકલ્પ બળવાન નહીં થાય. "હું અકારક અવેદક છું"; જાણનારો જણાય છે ને ખરેખર પર જણાતું નથી. પર જણાતું નથી તેમાં જાણનારો જણાય છે એ ભાવ બળવંત થાય છે. સ. સારની છઠ્ઠી ગાથામાં આચાર્ય ભગવાને નિષેધથી જ વાત કરી. "નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી." શરૂઆત 'છે'થી કરી છે કે 'નથી' થી કરી છે? 'નથી'થી કરી છે. કારણ કે જે આત્મામાં નથી તેની આત્મામાં સ્થાપ્ના કરી છે ને ??**

૯૯૭

"જાણનારો જણાય છે" તેવો સૂક્ષ્મ વિકલ્પ સ્વભાવના બળે નાશ થઈ જશે.

૯૯૮

"જાણનારો જણાય છે" એ વચન ઉપર ન જવું. નહીં તો ભેદ દેખાશે. એના વાચ્ય ઉપર જા તો અભેદ દેખાશે.

૯૯૯

**"જાણનાર જણાય છે અને ખરેખર પર જણાતું નથી" એનો અર્થ સ્વપ્રકાશક થયો. ખરેખર કેમ કહ્યું? પ્રતિભાસ તો થાય છે. આત્માનું જ્ઞાન આજ દિવસ સુધી પરને જાણવા ગયું જ નથી, અને જવાનું પણ નથી. રાહ જોઈશ નહીં. આત્માનું જ્ઞાન આત્માને જાણે છે, એનો સ્વીકાર કરે તો અનુભવ થાય. "અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા તો જણાય રહ્યો છે બધાને."**

૧૦૦૦

અમૃત બહાર આવ્યું છે. અપૂર્વ ચીજ છે. રુચિનું મોઢું ઉઘાડું રાખવાનું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે. બસ બીજું કાંઈ નહીં. એવી માછલી હોય છે, એમાં સ્વાતિ નક્ષત્રનું પાણી પડે તો પેટમાં મોતી થઈ જાય. આમાં સમ્યક્દર્શનરૂપી રતન પાકે એવું છે. "જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી."

**૧૦૦૧**

પ્રથમથી જ જાણનાર જણાય છે." પ્રથમથી જ પર જણાતું નથી. ભૂતકાળમાં પર જણાતું ન હતું તે પ્રતિક્રમણ. વર્તમાનમાં જ્ઞાન જણાય છે, જ્ઞેય જણાયું નહીં. વર્તમાનમાં "જાણનાર જ જણાય છે" જ્ઞેય જણાયું નહીં તે આલોચના અને ભવિષ્યમાં જ્ઞાન જ જણાશે જ્ઞેય જણાશે નહીં તે પ્રત્યાખ્યાન.

**૧૦૦૨**

**આદિ, મધ્ય, અંતમાં "જાણનારો જણાય છે."**

**૧૦૦૩**

ઉત્તમ ક્ષમામાં ન રહેતો ક્રોધ આવે. ક્ષમાભાવ છૂટે તો ક્રોધ આવે. શુભભાવરૂપ ક્ષમામાં રાગ નથી. ક્ષમાનાં બે પ્રકાર. શુભભાવરૂપ ક્ષમા અને વ્યવહાર ક્ષમા. ક્ષમા પ્રત્યે રાગ નથી, તેમ જ ક્રોધ પ્રત્યે દ્વેષ નથી. અટપટી વાત છે. પસીનો આવી જાય; સાધકને સમજાય અને સાધક થવાનો છે તેને પણ ખ્યાલ આવી જાય. સાધકની સન્મુખ છે તેને આવું મારું સ્વરૂપ અંદર છે તેમ બેસે 'હા' આવે. કેમકે તે જ્ઞાતાનાં પક્ષમાં આવી ગયો છે. એટલા માટે સમ્યક્ત્વની સન્મુખ થઈ ગયો. જ્ઞાતાનાં પક્ષવાળાને અને સાક્ષાત જ્ઞાતા થાય તેને સમજાય. બાકી ન સમજાય. "જાણનારો જણાય છે" પછી ક્રોધ પ્રત્યે દ્વેષ ક્યાંથી આવે ? જાણનારપણે જાણનારને જાણે છે તેને ક્રોધ ને જાણતા દ્વેષ આવે તો તેણે જાણનારને જાણ્યો નથી. સ્વપર પ્રકાશક છે. એટલે ક્રોધ પ્રત્યે દ્વેષ નથી આવતો. પર પ્રકાશમાં દ્વેષ આવી જાય છે. સાધકના સવિકલ્પ દશાના સ્વપર પ્રકાશકમાં રાગ દ્વેષ થાય છે પણ રાગ પ્રત્યે રાગ નથી ને દ્વેષ પ્રત્યે દ્વેષ નથી.

**૧૦૦૪**


સમ્યક્દર્શન થતાં ભલે વાર લાગે, પણ ઢીલોય પડતો નથી ! વિકલ્પાત્મક દશામાં પણ નિર્ણય કરતો નથી કે : "હું પરને જાણતો નથી, જાણનાર જણાય છે."



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૧૦૦૫

જ્ઞાનીઓને થોડા શબ્દોમાં; થોડી વાતમાં ઘણું કહેવાની પદ્ધતિ હોય છે. થોડી વાતમાં ઘણું કહી દે છે. "જાણનારો જણાય છે", તેમાં બધું જ કહી દીધું.

આત્મા જાણનારો છે, કરનાર નથી, અને પરનો જાણનાર નથી. કારણ કે જાણનારો જણાય છે.

## ૧૦૦૬

નિશ્ચય ક્ષમાપના. મારા જ્ઞાનમાં આત્મા જણાતો હોવા છતાં હું દર્શન કરવા આવતો નથી, અથવા દર્શન લેતો નથી તે મારો અપરાધ છે. મને "જાણનારો જ જણાય છે." તે જ મને દર્શન આપે છે અને હું તેને જ જાણું છું, આજે હું આવી પ્રતિજ્ઞા કરું છું.

## ૧૦૦૭

**"જાણનારો જણાય છે" તેમાં બધો માલ ભર્યો છે. જાણનારો જણાય ત્યારે તો અનુભવ થાય છે. જાણનારો ન જણાય તો અનુભવ ન થાય.**

## ૧૦૦૮

જ્ઞેયાકાર અવસ્થામાં "જાણનારો જણાય છે", સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ "જાણનારો જણાય છે." અરે ! નિગોદિયા જીવને પણ જાણનારો જણાય છે." બધા જીવોને આબાળ ગોપાળ સૌને અનુભૂતિ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ ભગવાન "જાણનાર જણાય છે." એક જ્ઞાતા દ્રવ્ય આત્મા છે તે બધાના જ્ઞાનમાં જણાય છે.

બધાને "જાણનારો જણાય છે." વિશેષ અપેક્ષાએ "જાણનાર જણાય છે." ન જાણે તોય "જાણનાર જણાય છે" સામાન્ય અપેક્ષાએ "જાણનાર જણાય છે." બધી અવસ્થાઓમાં "જાણનારો જણાય છે." અરે ! પ્રભુ અજ્ઞાનીને પણ "જાણનારો જણાય છે." તો પછી... જ્ઞાની થાય પછી તો બધી અવસ્થાઓમાં તો "જાણનારો જ જણાય છે" ને ?

નિર્વિકલ્પ ધ્યાનની અવસ્થામાં તો "જાણનારો જણાતો હોય અને સવિકલ્પમાં આવે તો આ બધું જણાય છે ? 'ના' તેમ નથી. નિર્વિકલ્પમાં પણ જાણનારો જણાય છે." અને સવિકલ્પમાં પણ "જાણનારો જણાય છે."



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





સમ્યક્જ્ઞાનનું જ્ઞેય કોઈ પણ અવસ્થામાં ફરતું નથી. શીલવાન સ્ત્રીનાં હૃદયમાં પતિ જ હોય છે, પતિનો જ વાસ હોય છે. પછી તે ભલે તે ગમે ત્યાં હોય. આમ તો સવિકલ્પ દશાની વાત વિચિત્ર પ્રકારની છે. તેને સમજવું ઘણું કઠિન છે.

હે ! ભવ્ય ! સાવધાન થઈને સાંભળ !! તેં અનંત-અનંતકાળથી આ વાત સમજી નથી.

## ૧૦૦૯

'જાણનાર જણાય છે' તેવું અંદરથી જોર આવવું જોઈએ. પર જણાતું નથી અને જાણનાર જણાય છે તે અંદરથી જોર આવે છે. પૂ. ગુરુદેવ ફરમાવતા કે જ્યારે સમુદ્રમાં ભરતીનો કાળ આવે છે ત્યારે ગમે તેવા તડકા પડતા હોય, ૧૨૦ ડિગ્રીનો તાપ પડતો હોય તોપણ ભરતી આવે જ છે. (સમુદ્ર) મધ્યબિંદુમાંથી ઊછળે છે ત્યારે ભરતી આવે છે. – તેમ 'જાણનાર જણાય છે' (તેવો ભાવ) મધ્યબિંદુમાંથી ઊછળે છે ત્યારે ભરતી આવે છે. તે વખતે શાસ્ત્રનું લક્ષ નથી હોતું. જાણનાર જણાય છે તેમાં અનુભવ થાય છે.

લીંબુડા ગયા'તા ત્યારે (ભક્તિમાં) બોલેલા – 'જાણનાર જણાય છે' તેમાં અનુભવ લીધો રે. (શ્રોતા)

'જાણનાર જણાય છે' તેમાં અનુભવ થાય છે તે સમષ્ટિગત વાત છે. જ્યારે 'જાણનાર જણાય છે' તેમાં અનુભવ લીધો તે વ્યક્તિગત વાત છે.

આ સર્વજ્ઞ ભગવાને કહેલી – દિવ્યધ્વનિમાં આવેલી, સંતોએ અનુભવેલી આ વાત છે.

જાણનાર જણાય છે તેમાં અનુભવ થાય છે, પર જણાય છે તેમાં અનુભવ થતો નથી. પરનો કર્તા તો છે જ નહીં, પરંતુ (વ્યવહારથી) પરનો જ્ઞાતા છે. 'જાણનાર જણાય છે પર જણાતું નથી' તેમાં ઉપયોગ અભિમુખ થાય છે. જ્ઞાયક પરને જાણતો જ નથી તે વજ્ર જેવી વાત છે. જેવી રીતે ૩૨૦ ગાથાએ કર્ત્તાબુદ્ધિના ભુક્કા ઉડાડ્યા તેવી રીતે સેટિકાની ગાથાએ પરને જાણવાના – જ્ઞાતાબુદ્ધિના ભુક્કા ઉડાડ્યા.

## ૧૦૧૦

જાણનાર છું કરનાર નથી. 'જાણનારો જ જણાય છે' (તેથી) હું પરને જાણતો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





નથી. (આ રીતે) 'જાણનારો જ જણાય છે.' તેમાં અનુભવ થાય છે. અનુભવ કરતો નથી – અનુભવ સહજ થઈ જાય છે. લાવ અનુભવ કરું તો અનુભવ થાય ? દ્રવ્ય ઉપર નજર કરતાં અનુભવ સહજ થઈ જાય છે. અનુભવ વિના ધર્મની શરૂઆત નથી.

## ૧૦૧૧

અનુભવકાળે તો પર જણાતું જ નથી પરંતુ અનુમાનમાં પણ..., અનુમાનમાં આત્માને સ્થાપી દે જ્ઞાયક જણાય છે – 'જાણનાર જણાય છે.' પછી કહે છે કે એટલો ભેદ છે. જ્ઞાનમાં આત્મા જણાય છે તેટલો વિકલ્પ પણ જૂઠો છે. તે તો શુદ્ધ વસ્તુમાત્ર છે આવો અનુભવ સમ્યક્ છે. અનુભવ પછી સમ્યક્ નામ પડ્યું. જ્યારે અનુમાન હતું ત્યારે સમ્યક્ નામ નથી પડ્યું. સમ્યક્ સન્મુખવાળાને સમ્યક્ થવાનો અવકાશ છે. હવે જેના જ્ઞાનમાં એમ આવે કે આ (પર) જણાય છે... આ (પર) જણાય છે તેને કહે છે કે : તારા પરોક્ષજ્ઞાનમાં તને આત્મા જણાતો નથી તો પ્રત્યક્ષ ક્યાંથી થાય ? અનુમાનમાં તો આત્મા લે ! અનુભવ પછી થશે જ. આ કરણલબ્ધિવાળા જીવની સંધિની નજીકની ભૂમિકા છે. જેના દ્વારા આ પદાર્થ જણાય તેના દ્વારા જ્ઞાની (આત્મા) કેમ ન જણાય ? જેના દ્વારા પ્રકાશ દેખાય છે તેના દ્વારા દીપક નથી દેખાતો ? જ્ઞાનની પર્યાય જણાય છે અને જ્ઞાયક નથી જણાતો ?

## ૧૦૧૨

જણાય છે તો જ્ઞાનમાં જ્ઞાયક અને રાગ તો અન્ય છે. હવે એ જ્ઞાનમાં એમ જણાય છે કે – રાગને હું કરું છું ! એ જ્ઞાનમાં એમ જણાય છે કે રાગને જાણું છું જ્ઞાનમાં હજુ એમ ક્યાં લાગે છે કે મને જ્ઞાયક જણાય છે – તો તો નિશ્ચયના પક્ષમાં આવી ગયો. રાગને કરતોય નથી રાગને જાણતોય નથી....'જાણનાર જણાય છે' તો તો તે (નિશ્ચયના) પક્ષમાં આવી ગયો. પક્ષમાં આવે તેને પક્ષાતિક્રાંત થવાનો અવકાશ છે.

## ૧૦૧૩

તારે આત્માને મેળવવો હોય તો આત્મા આત્માને જાણે છે એ સિદ્ધાંતમાં આવી જા ને ! લાંબીટૂંકી વાતને છોડી દે. આ વાતમાં, આ વિચારમાં, આ ભાવમાં જ સાધ્યની સિદ્ધિ છે તેવો નિર્ણય કર. અનુભવ પછી થશે. હું પરને જાણું છું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





તે વાત હવે છોડી દે. પ્રમાણના પક્ષનો વિકલ્પ પણ કોને છૂટે ? હું પરને જાણું છું (તેમાં તો પ્રમાણમાં પણ હજુ નથી આવ્યો.) તેને વિકલ્પ છૂટે ? ટૂંકમાં આત્માને જાણવો હોય તો આમાં આવી જા ને ! 'જાણનારો જણાય છે' બીજું જણાતું નથી તેમાં આવી જા ને ! આ એક વાક્ય સોનેરી છે.

સેટિકાની ગાથાનો એક જ ધ્વનિ છે જ્ઞાયક જ જણાય છે, બીજું કાંઈ જણાતું જ નથી તોપણ એકેન્દ્રિયથી માંડીને આજ સુધી તેને કદી શુદ્ધાત્મા જ્ઞેય થયો જ નથી. પોતે પોતાને જાણે છે એમાં આવી જા ને ! તેણે એમ ન કહ્યું કે તે ભેદ છે. જે પોતે પોતાને જાણે છે એમાં આવે છે એને એટલો ભેદ નીકળી જશે. મૂળ વાત છે આ વાત ઉપર ધ્યાન ખેંચાય તો કામ થાય. ૩૨૦ ગાથામાં નિર્જરાને જાણે છે તે વાત આવી – (તે વાત જ્ઞાની થયા પછીની છે.) જ્ઞાની થવું હોય તો ? પોતે પોતાને જાણે છે તેમાં આવી જા ! સમ્યક્‌દર્શન થયા પછી શું ? એ જુદી વાત છે. નિશ્ચયપૂર્વક વ્યવહાર પ્રગટે તે જુદી વાત છે.

૧૦૧૪

**જિજ્ઞાસા** – અનુભવ પહેલાં શું લેવું ?

**સમાધાન** – અનુભવ પહેલાં એમ જ ઘૂટવું કે મને જ્ઞાયક જણાય છે... હું જ્ઞાયક જ છું... કેમ કે પર્યાય દ્રવ્યનું અવલંબન લ્યે છે ત્યારે દૃષ્ટિપૂર્વક જ્ઞાન થાય જ તે પરિણામી દ્રવ્યને જાણે છે. શુદ્ધોપયોગ પહેલાં તો એમ લેવું કે – હું જ્ઞાયક જ છું.

કળશટીકા કળશ-૮માં આવે છે – જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે. મને 'જાણનાર જણાય છે'... હું તો જાણનાર જ છું. હું જ્ઞાયક છું તેમ મને જાણવામાં આવે છે. હું શુદ્ધાત્મા છું... હું અભેદ તત્ત્વ છું... હું સામાન્ય તત્ત્વ છું.. તેમ જ્ઞાનમાં લેવું. સામાન્ય પડખાંને (લક્ષમાં)લ્યે છે તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ થાય છે. હવે પ્રથમથી જ જ્ઞાનના વિષયને લ્યો તો ધ્યેય ખોટું છે. કારણ કે તે જ્ઞેયનું પડખું છે.

૧૦૧૫


હવે એમ લાગે છે કે – કાંઠે આવી ગયા છો. હું પરને જાણતો જ નથી. 'જાણનાર જણાય છે' તે વાત બેસી ગઈ તો કાંઠે જ છો. કેમ કે પરને જાણતાં અનંતકાળ ગયો... તેમાં આનંદ આવ્યો નહીં માટે પરને જાણવું (લક્ષ કરીને)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





તે ઇન્દ્રિયજ્ઞાનનો સ્વભાવ છે. નિશ્ચયનયે જ્ઞાન પર્યાયનો સ્વભાવ જ્ઞાયકને અભેદપણે જાણવું તે છે. નિશ્ચય પ્રગટ થયા પછી જ્ઞાનની પર્યાયમાં પર જણાય તે વ્યવહાર છે. નિશ્ચયથી જ્ઞાનપર્યાયનો સ્વભાવ અભેદપણે આત્માને જાણવાનો છે. કેમ કે અભેદને જાણતાં આનંદ આવે છે. હવે જો પરને જાણતાં આનંદ આવ્યો હોત તો તમે પરને જાણ્યા કરો ! પણ તેમાં આનંદ આવતો નથી... તેમાં ઉપયોગ બહાર લોટે છે. જ્ઞેયથી જ્ઞેયાન્તર જ્ઞેયથી જ્ઞેયાન્તર થયા જ કરે છે. પર્યાયને જાણતાં સુખ નહીં મળે.

તારો અભિપ્રાય છે કે – કરવું નહીં પરંતુ પરને જાણવું તે જ્ઞાનનો સ્વભાવ છે. કેવળી ભગવાન પણ લોકાલોકને જાણે છે – સ્વપર પ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે... તો પરને જાણવામાં દોષ શું છે ? હવે મારો પ્રશ્ન છે કે પરને જાણવામાં તેં અનંતકાળ કાઢ્યો... તને આનંદ અને સુખ આવ્યાં ? જો આનંદ નથી આવતો તો તે જ્ઞાનનો સ્વભાવ નથી – વિભાવ છે. એક વાર જ્ઞાન આત્માને જાણે તો આનંદ આવ્યા વિના રહે નહીં. માટે પોતાના અભેદને જાણવું તે જ્ઞાનનો સ્વભાવ છે – ભેદને જાણવું એ પણ જ્ઞાનનો સ્વભાવ નથી.

અરે ! અનુભવ પછી પણ જો ભેદને જાણશે તો શ્રેણી નહીં આવે – તે પણ વિભાવ છે. આ વાત અત્યારથી સમજી લેજો. એક વખત અનુભવ થઈ ગયો પછી બહાર નીકળે.. પછી ભેદ જણાયા કરશે તોપણ શ્રેણી નહીં આવે. અત્યારથી નક્કી કરો કે – સમ્યક્દર્શન થયા પછી પણ મારે ભેદને જાણવું નથી. એક અભેદને જાણવું છે બસ બીજું કાંઈ નહીં. અત્યારથી આ નિર્ણય કરી લેવો.

જે રીતે અભેદને જાણતાં સમ્યક્દર્શન થયું તે જ રીતે અભેદને જાણતાં ચારિત્ર થાય છે. ભેદને જાણતા કોઈ દિ' ચારિત્ર થાય ? સમ્યક્દર્શન ભલે રહે પણ ચારિત્ર ન થાય. જે સમ્યક્દર્શન પ્રગટ કરવાની રીત છે તે જ ચારિત્ર પ્રગટ કરવાની રીત છે.

## ૧૦૧૬

અનુભૂતિ કરવી નથી... અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા જણાય રહ્યો છે... 'જાણનાર જણાય રહ્યો છે' તેનો સ્વીકાર કરવાનો છે. તેમાં સહજ જ અનુભૂતિ પ્રગટ થઈ જાય છે. અનુભૂતિ કરવી છે તો કરવું તે સ્વભાવ જ નથી કેમ કે આત્મા અકર્તા છે ને ?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ૧૦૧૭



જાણનાર છું કરનાર નથી. હું કરનાર નહીં પણ હું પરને જાણું. કેવળી લોકાલોકને જાણે છે અને હું થોડા પદાર્થોને જાણું ! જાણવામાં શું દોષ છે ? જાણવું તો સ્વભાવ છે. એકેન્દ્રિયથી માંડી અને આજ સુધી તેં પરને જાણ્યું. જો પરને જાણવું તારો સ્વભાવ હોય તો આનંદ આવ્યો ? તો પછી પરને જાણવું તે સ્વભાવ ક્યાં રહ્યો ? આ ન્યાય છે.

અજ્ઞાન પરિણતી ક્ષણભર પરને જાણવાનું બંધ કરતી નથી. જો તે પરને ન જાણે તો તે જાણનારને જાણે. પરને જાણવાનું બંધ કર તો સ્વમાં આવી જઈશ. એ પરસન્મુખ (જ્ઞાન) હશે ત્યાં સુધી સ્વ જણાતો હોવા છતાં નહીં જણાય. એ હવે સ્વસન્મુખ થતાં પર જણાતું હોવા છતાં પર નહીં જણાય. આમ છે (ઉપયોગ પર તરફ છે) તેને બદલે આમ (સ્વને) જાણ ને !

(જીવોને) કરવું તો કષાય - દુઃખ લાગે છે... પરંતુ પરને જાણવું તે દુઃખ નથી લાગતું. તેમાં સુખાભાસ લાગે છે. (તેને એમ લાગે છે કે) હું તો જાણવામાં આવી ગયો. થાય છે તેને હું જાણું છું.

કોઈ વસ્તુ સ્વભાવને છોડે ? ન છોડે. તો જ્ઞાનનો પર્યાય પોતાના સ્વભાવને જાણવાનું ન છોડે તે જ જ્ઞાન સાચું છે. પોતાના સ્વભાવને જાણવાનું છોડીને... જે પોતાનું નથી તેને જાણવા જાય તેને કોણ જ્ઞાન કહે ? તે અજ્ઞાન = મિથ્યાત્વ છે.


એકેન્દ્રિયથી આજ સુધી તેણે પરને જાણ્યું. હવે જો પરને જાણવું સ્વભાવ હોય તો – અતીન્દ્રિય આનંદ આવ્યો ? આનંદ આવવો જોઈએ, આ ન્યાયની વાત છે. જો આનંદ આવ્યો નથી તો પરને જાણવું તે વિભાવ છે; સ્વભાવ નથી. જ્યાં પોતાના જ્ઞાનમાં આત્મા જણાયો ત્યાં આનંદ આવ્યો તેથી તે જાણવું સ્વભાવ છે. આ બેરોમીટર છે – આમાં ફેંસલો છે. ભલભલા આમાં ગોથું ખાય છે. અગિયાર અંગના પાઠીની આ ભૂલ છે. જો તમે પરને જાણવું તે જ્ઞાનનો સ્વભાવ માનો તો કદી પરથી વિમુખ નહીં થાવ.

## ૧૦૧૮

કાં તો પોતાની મેળે સમજે – આત્માને સેવે અને કાં તો જેણે આત્મા જાણ્યો હોય તેની પાસેથી સમજે – પામે. આમ નિસર્ગજ અને અધિગમ એવાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





બે કારણો બતાવ્યાં છે. કાં તો પોતાની મેળે ચેતી જાય કે – મને 'જાણનારો જણાય છે' તો તેને કોઈના ઉપદેશની જરૂર નથી. પૂર્વે દેશનાલબ્ધિ સાંભળી હોય તેથી (વર્તમાનમાં) વગર ગુરુએ પામે અને કાં સાક્ષાત્ ગુરુનો યોગ થાય ત્યારે પામે તેવાં બે કારણો શાસ્ત્રમાં છે.

## ૧૦૧૯

જીવ જ્ઞેયલુબ્ધ થઈ જાય છે. જ્ઞેયમાં એકાકાર થઈ જાય છે. એ પર જ્ઞેય છૂટી જવું જોઈએ. એ.. જ્ઞેય થવાનું ક્યારે છૂટે ? મને પર જણાતું જ નથી. જ્ઞેયની સન્મુખ થયેલો ઉપયોગ જ્યાં સુધી પરને પ્રસિદ્ધ કરતો હતો તે બંધ થઈ જશે. ભીંત જણાતી જ નથી ને ! 'જાણનાર જણાય છે.' સામે ગાડું છે તે જણાતું જ નથી... એવો પ્રયોગ ઊપડતાં પરિણતી અંદરમાં આવી જાય છે. કારણ કે તેણે વ્યવહારે જ્ઞેય-જ્ઞાયક સંબંધનો નિષેધ કર્યો છે. કહે – પર જણાતું જ નથી એવા વ્યવહારનો નિષેધ કરવો જ જોઈએ.

**જિજ્ઞાસા :** તેમાં ઉદાસીનતા આવે છે – ઉદાસીન રહ્યા કરે છે.

**સમાધાન :** ઉદાસીન નહીં પણ તેમાં અનુભવ થાય છે. ઉદાસીનની વાત પછી કરો, પહેલાં ઉપયોગ અંદરમાં કેમ આવે તેની વાત કરો. બે પ્રકારના વ્યવહારનો નિષેધ કરવાનું બળ આવશે તો જ અનુભવ થશે. બે પ્રકારના વ્યવહારનો નિષેધ તમારે કરવો પડશે. વ્યવહારનો નિષેધ શા માટે કરવો પડે છે ? કહે – વ્યવહારનો પક્ષ છે તેથી...(અજ્ઞાનીને) વ્યવહાર ન હોય. થતાં પરિણામનો કરનાર છું તે વ્યવહાર નથી વ્યવહારનો પક્ષ છે અનુભવ પહેલા વ્યવહાર ક્યાંથી હોય ? વ્યવહારનો પક્ષ છે તે વિપરીતતા છે. જ્યારે વ્યવહારનો પક્ષ છૂટે ત્યારે વ્યવહાર શ્રદ્ધા થાય – તે પણ નિશ્ચયપૂર્વકનો વ્યવહાર નથી. પરિણામનો કર્તા નથી તેવો અકર્તા છું. કર્તાપણાનો પક્ષ હતો તે વિપરીતતા હતી. હું કર્તા નથી... અકર્તા છું તેમાં પહેલી (કર્તાબુદ્ધિની) વિપરીતતા ગઈ. તે વ્યવહાર શ્રદ્ધામાં આવી ગયો. આ હજુ વ્યવહાર શ્રદ્ધા છે નિશ્ચય શ્રદ્ધા નથી. ત્યાર પછી...

આહા ! ત્યાર પછી એક બીજા વ્યવહારનો નિષેધ કરવો પડશે. હું પરનો જાણનાર છું જ નહીં – તેવા વ્યવહારના પક્ષનો નિષેધ કરવો પડશે. આમાં વિપરીતતા ગઈ અને વ્યવહાર શ્રદ્ધા થઈ – નિશ્ચય શ્રદ્ધા હજુ બાકી છે.

રાગનું કરવું તો નહીં પણ રાગનું જાણવુંય નહીં. રાગને જાણું છું તો તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





એને એ (અર્થાત્ કર્તા) જ રહ્યું. આ તો પાણીમાં ડાંગ મારવા જેવું થયું. પાણીમાં ડાંગ મારે તો પણ પાણી કેવી રીતે જુદું પડે ? આ વિષય આવી ગયો છે. રાગને કરવું તો મારો સ્વભાવ નથી પરંતુ રાગને જાણવું તે પણ મારો સ્વભાવ નથી. જ્ઞાનીઓ તો જાણે કે નહીં ? પહેલાં જ્ઞાની તો થા ! પછી વાત કર ને !

જ્ઞાની તો દેવ-ગુરુ-શાસ્ત્રને જાણે છે ને ? જ્ઞાની તો રાગને જાણે છે ને ? ઊભો રહે તું ! તું પહેલાં જ્ઞાની થા પછી પેલી વાત કર. પહેલાં જાણનારને તો જાણી લે ! પરને જાણવા રોકાઈશ તો મરી જઈશ. (અજ્ઞાનીએ) એણે જ્ઞાનીના ચાળા પાડ્યા – પોતે જ્ઞાની તો છે નહીં. તે કહે છે જુઓ ! જાણેલો પ્રયોજનવાન છે કે નહીં ? બાર ગાથામાં લખ્યું છે ને ! તે જ્ઞાનીના ચાળા પાડે છે. બીજાને જાણવા ગયો તો પોતાને જાણવાનું રહી ગયું. ભેદને – પરદ્રવ્યને જાણવા રોકાઈ ગયો. કરવામાંથી છૂટ્યો પણ તેને જાણવા રોકાઈ ગયો. કરવામાં તો કષાય દેખાય છે અને તેમાં દુ:ખનું વેદન પણ થાય છે. જ્યારે (પરના) જાણપણામાં તો માનસિક શાંતિ રહે છે – તેમાં સંતોષાઈ જાય છે. આ રીતે ક્યાંક ને ક્યાંક સલવાઈ જાય છે.

પ્રગટતા ઉપયોગમાં ક્ષણભર પરને જાણવાનું બંધ કરો. જેથી ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર અટકી જશે... અને નવું અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થઈ આત્માનો અનુભવ કરશે. હવે પાછા તમે સવિકલ્પમાં આવશો ત્યારે ઇન્દ્રિયજ્ઞાન ઊભું થશે... અને તેમાં પર જણાશે... પણ તે હવે મારાપણે નહીં જણાય. સ્વના જ્ઞાતાપૂર્વક પરનો જ્ઞાતા થયો તે વ્યવહાર છે. અને સ્વનો જ્ઞાતા નથી થયો અને પરનો જ્ઞાતા કહે તો તે વ્યવહાર નથી પરંતુ અજ્ઞાન—ભ્રાંતિ છે.

**૧૦૨૦**


'જાણનાર જણાય છે'... 'જાણનાર જણાય છે' તે વાત સાચી છે. જ્ઞાયક જણાય છે એ એનો જે વિચાર છે તે સાચો છે – સમ્યક્ છે. જો જાણનારો ન જણાતો હોત અને તેવું વિચારે કે – 'જાણનારો જણાય છે' તો તો તે વિચાર પણ ખોટો ઠરે. પરંતુ જાણનાર જણાય છે તે વિચાર સાચો છે. આગળ જતાં જાણનાર જણાય છે એટલો ભેદ પણ નીકળી જશે. અભેદ અનુભવ પછી સવિકલ્પ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





દશામાં પણ જાણનારો જણાય છે તે વાત પછી પણ એમ જ છે. 'જાણનારો જણાય છે' તે ચાલુ જ છે. પછી 'જાણનારો ન જણાય' એમ કોઈદિ' બને ? આબાળ-ગોપાળ સૌને જણાય રહ્યો છે પછી સાધકને સવિકલ્પમાં ન જણાય એ પ્રશ્ન જ ક્યાં રહ્યો ? નિગોદના જીવને પણ જ્ઞાયક જણાય રહ્યો છે... તો પછી સમ્યક્દૃષ્ટિ જીવની શું વાત કરવી ?

## ૧૦૨૧

કોઈ તર્ક કરે કે – વર્તમાન જ્ઞાનની પર્યાયમાં બાળ-ગોપાળ સૌને જાણનારો જણાતો જ હોય તો તો કોઈ જીવ અજ્ઞાની રહે જ નહીં. માટે જણાતો જ નથી. જો આત્મા જણાતો હોત તો કોઈ જીવ એકેન્દ્રિય બેઇન્દ્રિય ન રહેત.

એકેન્દ્રિય જીવના વર્તમાન વર્તતા પરિણામ તે ચૈતન્યઅનુવિધાયી પરિણામ છે – જે આત્માનું લક્ષણ અનાદિ – અનંત છે. તે ઉપયોગમાં જ્ઞાયક જાણનાર જણાય રહ્યો છે. હવે એમ પ્રશ્ન થાય કે – વર્તમાનપર્યાયમાં જો જ્ઞાયક જાણવામાં આવતો હોત તો તો કોઈ અજ્ઞાની ન હોત, બધા જ જ્ઞાની થઈ જાય ! આવો પ્રશ્ન થઈ શકે છે ખરો !

વર્તમાન વર્તતા જ્ઞાનમાં - ક્ષયોપશમમાં જાણવાની ક્રિયા થાય છે. તેમાં જાણવાની શક્તિ પ્રગટ છે. જ્ઞપ્તિ એટલે જાણવાની ક્રિયા. આ ક્રિયામાં જ્ઞાયક પણ પ્રતિભાસે છે અને દેહાદિ પણ તેમાં પ્રતિભાસે છે. એક સમયમાં બે પ્રતિભાસે છે – તેવી તેની સ્વચ્છતા છે. હવે પ્રતિભાસે છે તેમાં તે દેહાદિ રાગાદિના પ્રતિભાસને ઉપયોગાત્મક કરી – હું - પણાની બુદ્ધિ કરે છે અને જ્ઞાયકનો પ્રતિભાસ હોવા છતાં તેને ઉપયોગાત્મક કરતો નથી. અરે ! મને તો જાણનાર જણાય છે એમ તે માનતો નથી. માટે તેને અનુભવ થતો નથી.

હવે બીજો કોઈ આત્મા આ પ્રકારે ભેદજ્ઞાન કરે કે – હું જેનાથી તન્મય છું તે જ મને જણાય છે અને જેનાથી તન્મય નથી તે જણાતું જ નથી. આ રીતે જ્યારે ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર બંધ કરશે ત્યારે તેને જે આત્મા જણાય રહ્યો હતો તે પ્રત્યક્ષ અનુભવમાં આવશે. આ સહેલામાં સહેલો ઉપાય છે.

જ્ઞાની ભેદથી એમ કહે છે કે – તને આ (પર) જણાતું નથી પણ તને તારી જ્ઞાનની પર્યાય જણાય છે. કેમ કે ભેદથી સમજાવે છે ત્યારે તે સમજી શકે છે. આ (પર) જણાય ત્યારે આત્મા જણાય છે તેમાં સમજી શકતો નથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





તેથી ભેદથી સમજાવે છે.

૧૦૨૨

જ્ઞેયને જાણે છે માટે જ્ઞાયક આ વ્યવહાર દ્વારા પરમાર્થ પ્રતિપાદક છે. પણ તે વ્યવહાર અનુસરણ કરવા યોગ્ય નથી. નિષેધ કર કે જ્ઞેયને હું જાણતો જ નથી... આહા 'જાણનાર જ જણાય છે' તેમાં આવી જા !!

૧૦૨૩

ઉપયોગ પ્રગટ થયો અને રાગ પણ પ્રગટ થયો. હવે તે ઉપયોગમાં સ્વપરપ્રકાશક શક્તિ હોવાને કારણે તે ઉપયોગમાં જ્ઞાયક પણ પ્રતિભાસે છે અને પુદ્‌ગલના પરિણામ રાગ પણ પ્રતિભાસે છે. સ્વચ્છતા એક છે તેમાં પ્રતિભાસ બેના છે – એવી એક સ્વચ્છતા છે. સ્વચ્છતાના બે પ્રકાર નથી. સારી વાત છે તેથી ફરીથી...

દર્પણ છે તે સ્વચ્છ છે. હવે તેની સામે અગ્નિ છે. તે અગ્નિનો સ્વચ્છતામાં પ્રતિભાસ થાય છે... પણ અગ્નિ તેમાં ઘૂસતી નથી. એ સ્વચ્છતામાં તેનું દળ પણ પ્રતિભાસે છે.. કેમ કે દળ અને સ્વચ્છતા તો એક વસ્તુ છે – તેથી દળ એમાં પ્રતિભાસે.. પ્રતિભાસેને પ્રતિભાસે છે. કેમકે દર્પણની અવસ્થામાં દળ રહેલું છે. તેથી તેની અવસ્થામાં દર્પણ જણાય... જણાયને જણાય. એમ આ જ્ઞાન ઉપયોગની અવસ્થામાં જ્ઞાયકનો પ્રતિભાસ સમયે-સમયે થઈ રહ્યો છે. અજ્ઞાની એકેન્દ્રિય જીવને બાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા અનુભવમાં આવી રહ્યો છે... અને દેહાદિ અને પુદ્‌ગલ રાગાદિ તેનો પણ પ્રતિભાસ થાય છે.

(૧) જે સમયે ઉપયોગ પ્રગટ થયો....

(૨) તે સમયે રાગ પણ પ્રગટ થયો....

(૩) તે સમયે રાગનો પ્રતિભાસ થાય છે...

(૪) તે સમયે જ્ઞાયકનો પ્રતિભાસ થાય છે.. આ સમયે તે જ્ઞાન સ્વભાવને પકડતો નથી અને રાગને પકડે છે અને જ્ઞાનનું અજ્ઞાન કરી નાખે છે.


કોઈને એમ લાગે છે કે – આબાળ-ગોપાળ સૌને અનુભવમાં આવે છે તો સમ્યક્‌દર્શન તો થઈ ગયું ને ? એમ પ્રશ્ન થાય. ભાઈ ! એ (જ્ઞાયકના) પ્રતિભાસને તું ઉપયોગાત્મક ક્યાં કરે છે ? જે જ્ઞાનથી ભિન્ન જ્ઞેય છે તેને ઉપયોગાત્મક કરી રહ્યો છે – તેથી જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ થાય છે. પ્રતિભાસ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પ્લસ ઉપયોગાત્મક. કયા પ્રતિભાસને ઉપયોગાત્મક કરે છે તેના ઉપર જ્ઞાન-અજ્ઞાનનો આધાર છે.

જો એ ઉપયોગમાં એમ આવે છે કે – 'જાણનારો જણાય છે'..... જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે... તો સમ્યક્દર્શન થઈ જાય છે. અને એ જ્ઞાનમાં રાગાદિને – દેહાદિ જણાય છે માટે તે મારાં, જો એમ ઉપયોગાત્મક કરી લ્યે તો જ્ઞાનનું અજ્ઞાન કરી લ્યે છે. અજ્ઞાની નવો થાય છે. અજ્ઞાની જૂનો નથી. જૂનો તો જ્ઞાયક છે. પોતે તો જ્ઞાયકરૂપ જ છે.

## ૧૦૨૪

પરજ્ઞેયને હું જાણતો નથી... માત્ર જ્ઞાયક જ જણાય છે. આ અસાધારણ વાત છે. આ સિવાય કોઈને અનુભવ થતો નથી. પર્યાયાર્થિકચક્ષુ સર્વથા બંધ કરી દે ! એમાં જ્ઞેય ફરી જાય છે. આ વાત તે બહેનને કરી હતી. 'જાણનારો જણાય છે અને ખરેખર પર જણાતું નથી.' પરનો કર્તા નથી અને પરનો જ્ઞાતા નથી. બે વાક્ય કહ્યાં હતાં. પછી ચર્ચા બંધ કરી દીધી.

## ૧૦૨૫

પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશિત કરવામાં પણ દીપક જ છે. અન્ય કાંઈ નથી – તેમ જ્ઞાયકનું સમજવું. 'જ્ઞાયક તો જ્ઞાયક છે.' પરને જાણે ત્યારે પણ 'જાણનાર જાણવામાં' આવે છે – એટલે જ્ઞાયક છે. રાગને જાણે તોપણ એ રાગી થતો નથી... તે તો જ્ઞાયક જ છે. ખરેખર તો રાગને જાણતોય નથી જ્ઞાયકને જ જાણે છે. વ્યવહારે રાગને જાણે છે એમ કહેવામાં આવે છે. નિશ્ચય અને વ્યવહારની આ વાત છે. નિશ્ચયપૂર્વક વ્યવહાર હોય છે. નિશ્ચય શું ? પરિણામથી રહિત જાણવું તે નિશ્ચય અને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રથી સહિત જાણવું તે વ્યવહાર છે.

## ૧૦૨૬

અનુભવનો વિષય જ્ઞાનમાત્ર અને અનુભવ થયો તે પણ જ્ઞાનમાત્ર થયો. જ્ઞાનમાત્ર દૃષ્ટિનો વિષય દૃષ્ટિમાં આવતાં જે અનુભૂતિ થઈ તે પણ એમ જાણે છે કે હું જ્ઞાનમાત્ર છું. 'જાણનારો જણાય છે' તેમાં બંને આવી ગયા કે નહીં ?

આપણે 'જાણનારો જણાય છે' એ એક સૂત્ર લ્યો ને ! જાણનારો તે જ્ઞાનમાત્ર છે અને જે જણાયો તે તો તે જ છે. જ્ઞાત તે તો જ્ઞાત જ છે. જ્ઞાયક તો જ્ઞાયક



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જ છે. તેમાં ઉપરોક્ત બંને ભાવ આવી ગયા કે નહીં ?! આવી જ જાય છે. જ્ઞાનમાત્ર ભાવમાં પણ બંને ભાવ આવી જાય છે એટલે ધ્યેય પૂર્વક જે જ્ઞેય થયું તે વસ્તુનું સ્વરૂપ છે. જૈનદર્શનની અલૌકિક વાત છે.

૧૦૨૭

મોસંબીના ટોપલામાંથી એક મોસંબી લીધી તો તે અનેક મોસંબી હતી તેમાંથી એક જુદી પડી ગઈ. અસ્તિનાસ્તિના પહેલા બોલમાં પરથી જુદાઈ. બીજા બોલમાં અંદરમાં મોસંબીના છોતાની રસમાં નાસ્તિ છે. તેમ પર્યાયની દ્રવ્યમાં ભગવાન આત્મામાં નાસ્તિ છે.

હવે 'જાણનારો જ જણાય છે પર જણાતું નથી' મને છ દ્રવ્યો તો જણાતાં નથી પણ છોતાએ જણાતા નથી. રસ જણાય છે. તેમ સ્વપરપ્રકાશક છે તે પ્રમાણરૂપ છે. તેમાંથી પરને જાણતો જ નથી સ્વને જ જાણું છું ત્યારે સ્વપ્રકાશક થાય છે. સ્વપ્રકાશકપૂર્વક સ્વપરપ્રકાશક જ્ઞાન તો પાછું જ્ઞાનીને થાય છે.

તેમ અનેકાન્તનું જે સ્વરૂપ છે તે દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે. તેમાંથી સમ્યક્ એકાંત કાઢે તો અનુભવ થાય. અનુભવ થતાં દ્રવ્યપર્યાય સ્વરૂપ વસ્તુનું જ્ઞાન થઈ જાય છે. આનંદ આવ્યો તે અનેકાન્ત સમ્યક્ થયું. એકલા દ્રવ્યને જાણે છે તેમ નથી. પર્યાયના લક્ષ વિના, ઇન્દ્રિયજ્ઞાનના સહારા વિના, યુગપદ, અક્રમે, એક સાથે એક સમયમાં દ્રવ્ય પર્યાયનું જ્ઞાન થાય છે.

૧૦૨૮

આત્માએ એક સમય પણ આત્માને જાણ્યો નથી. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' ક્રિયાકાંડ ઘણા કર્યા, (તેના ફળમાં) નવમી ગ્રૈવેયક સુધી ગયો... પણ તેણે એક કેવળ આત્માને જાણ્યો નહીં.

આત્માને જાણ્યા વિના ભવનો અંત કોઈને આવ્યો નથી.. આવવાનો પણ નથી. થાકીને... હારીને પણ.. (અહીં આવવાનું છે.) આખો દિવસ રખડે બજારમાં પણ ઘરે જાય એટલે તેનો થાક ઊતરે. હાશ ! ઘરમાં આવ્યો. તેમ આત્માને અંતર્મુખ થઈ જાણે કે...'જાણનારો જણાય છે.' જે જાણે છે તેને નથી જાણતો પણ જણાય છે તેને જાણું છું. પર્યાયના ભેદને જાણતો નથી પરંતુ હું તો અભેદને જાણું છું – તે મારું સ્વજ્ઞેય છે અને હું જ્ઞાતા છું તેવો અનુભવ કરતાં ભવનો અંત આવે છે.




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૧૦૨૯



ભેદબુદ્ધિ કરતા શું જણાય છે ? રાગ-દેવ-ગુરુ-શાસ્ત્ર જણાય છે કે નહીં ? કહે – નહીં. અભેદમાં તો આત્મા અનુભવમાં આવે છે... અનુભવમાં બીજું કાંઈ જણાતું નથી. તે સવિકલ્પમાં બેઠો છે – ભેદબુદ્ધિ કરે છે મારા જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે – તેમ ભેદબુદ્ધિ કરતાં જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે. વસ્તુ વિચારતાં હવે એટલો ભેદ નીકળી જાય છે. વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે એમ !

આત્મા રાગને કરે છે એ વાત તો દૂર રહો.... પણ રાગને જાણે છે એ પૂર્વભૂમિકાનો વિકલ્પ નથી. પૂર્વભૂમિકામાં 'જાણનાર જણાય છે' એટલું જ આવે છે. મને જ્ઞાનમાં આત્મા જણાય છે એમ અનુભવમાં આવે છે તે ભેદ છે તે જૂઠો છે. શુદ્ધ વસ્તુમાત્ર છે તેવો અનુભવ સમ્યક્ત્વ છે. જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે તે છૂટી ગયું.

અનુભવ માટે પણ આ જ આવે છે અને અનુભવ પછી પણ આ જ આવે છે – વારંવાર શુદ્ધોપયોગ થાય છે ને ? તેની પહેલાં તેને આ જાતનું પડખું આવે છે. શ્રુતકેવળી ધર્માત્મા (ધર્મકીર્તિ મુનિરાજ)એ કહ્યું ને 'જાણનાર જણાય છે.' સવિકલ્પમાં એટલો ભેદ આવ્યો. પછી તો જે જાણનારો છે તે જણાય છે – તેવું બેપણું નીકળી જાય છે.... જ્ઞાયક તો જ્ઞાયક છે.

જ્ઞાનની પર્યાયનો વ્યવહાર શું ? અને જ્ઞાનની પર્યાયનો નિશ્ચય શું ? રાગને જ્ઞાન જાણે કે પરને જાણે તે જ્ઞાનની પર્યાયનો નજીકનો વ્યવહાર નથી – તે દૂરવર્તી વ્યવહાર છે. જ્ઞાનની પર્યાયનો અનુભવ પહેલાં નજીકનો વ્યવહાર – 'જાણનારો જણાય છે.' મારા જ્ઞાનમાં તો આત્મા જણાય છે તે નજીકનો વ્યવહાર આવ્યો ને ? અનુભવ કરતાં એટલો વ્યવહાર પણ જૂઠો છે.

જ્ઞાન રાગને જાણે છે તે ઉપચરિત સદભૂત વ્યવહાર લીધો. જ્ઞાન આત્માને જાણે છે તે અનુપચરિત સદ્ભુત વ્યવહાર થયો તેનો અભાવ થાય છે. આનો (ઉપચરિતનો) અભાવ થઈને (અનુભવ ન થાય.) એક દૂરવર્તી વ્યવહાર અને એક નિકટવર્તી વ્યવહાર છે. વ્યવહારના બે પ્રકાર પાડ્યા. આઠમા કળશમાં નિકટવર્તી વ્યવહારની જ વાત કરી. પછી એ વ્યવહારને ઓળંગીને અનુભવ કરે છે – સમ્યક્દર્શન થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૧૦૩૦

પ્રમાણ નય આદિ ભેદની તો વાત જ શી ? શુદ્ધાત્માનો અનુભવ થતાં દ્વૈત જ ભાસતું નથી. ભેદની વાત તો શું કરીએ ? પણ શુદ્ધ અનુભવ થતાં દ્વૈત જ ભાસતું નથી. 'જાણનારો જણાય છે' તેવું છે નહીં. 'જાણનારો જણાય છે' એ તો ભેદ થયો. અભેદ – અદ્વૈત – એકાકાર ચિન્માત્ર ભગવાન જ દેખાય છે.

## ૧૦૩૧

શું કલમ ચલાવી... પાંચ મહાવ્રત જ્યારે પ્રતિભાસે છે મારા જ્ઞાનમાં એ વખતે અમને તો જ્ઞાયક જણાય છે.

**જિજ્ઞાસા :** સાહેબ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે ને !

**સમાધાન :** હું તો મારા સ્વભાવથી વાત કરું છું. વ્યવહારનયની મને કાંઈ ખબર નથી. મારા જ્ઞાન સ્વભાવમાં તો જ્ઞાયક જણાય છે. જે જણાય છે તેની વાત કરું છું બસ.

આ સિદ્ધાંત સવિકલ્પમાં કાયમ સાથે રાખવો – પર જણાતું નથી. જો સવિકલ્પમાં પણ વ્યવહારે મને પર જણાય છે. તો લપ છે એટલે જ્ઞાન દૂર થઈ જશે. કારણ કે પેલા ઇન્દ્રિયજ્ઞાનના (અનાદિના) સંસ્કાર છે તેથી ઇન્દ્રિયજ્ઞાન બળવાન થઈ જશે.

વીરજીબાપા કહેતા હતા તે વાત યથાર્થ છે. પર જણાતું નથી તે તેની માસ્ટરી હતી. પર જણાતું જ નથી તેમાં જ જાણનાર જણાય જાય છે. પર જણાય છે તેમાં આત્મા તિરોભૂત થઈ જાય છે અને અજ્ઞાન ઉત્પન્ન થાય છે.

છદ્મસ્થનો ઉપયોગ એક સમયે એકમાં જ હોય. પર જણાય છે તો સ્વ તિરોભૂત થયું. સવિકલ્પદશામાં એક જ જ્ઞેય છે. (જ્ઞેય ફરતું નથી.)

જ્ઞાન જેનાથી તન્મય થાય તેને જાણ્યા જ કરે છે. તે જ્ઞાન જ્ઞાયકથી છૂટું પડે છે ? ન પડે. ઉપયોગમાં ઉપયોગ છે, ઉપયોગમાં કોઈ ક્રોધાદિ નથી. બે શબ્દમાં ગાથા પૂરી થઈ ગઈ – ગાથા જ એટલી છે.


ઉપયોગમાં ક્રોધાદિ છે તે ભ્રાંતિ હતી. તે કાઢવા માટે ઉપયોગમાં ક્રોધાદિ નથી તે અસ્તિ-નાસ્તિ અનેકાન્તની વાત કરી. અંદરમાં અસ્તિ નાસ્તિ છે. ઉપયોગમાં ઉપયોગ છે અને ઉપયોગમાં ક્રોધાદિ નથી. આ અસ્તિ નાસ્તિ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





અનેકાન્ત છે. આ અનેકાન્ત ભેદજ્ઞાનપરક અમૃત છે. સ્વભાવની સિદ્ધિ કરાવનાર છે.

આહા ! 'જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી.' ગુરુદેવે કહ્યું – ખરેખર તને પર જણાતું નથી તો પછી પર તરફ ઉપયોગ મૂકવાની વાત જ ક્યાં રહી ? એજન્ડા ઉપર તે વાત રહેતી જ નથી. આવું વાક્ય આત્મધર્મમાં આવ્યું.

એક પરને કરવાનો પક્ષ અને બીજો પરને જાણવાનો પક્ષ અનંતકાળથી મારી નાખે છે. એકમાં દ્રવ્યનો નિશ્ચય (હાથમાંથી) વયો જાય છે. બીજામાં પર્યાયનો નિશ્ચય વયો જાય છે અને અજ્ઞાન થઈ જાય છે. એકમાં દ્રવ્યસંબંધી અજ્ઞાન બીજામાં પર્યાયસંબંધી અજ્ઞાન. અકર્તાને કર્તા માનવો તે દ્રવ્યસ્વભાવની વિપરીતતા છે. જ્ઞાયકનો જાણનાર છે એને પરનો જાણનાર માનવો તે પર્યાયના સ્વભાવની વિપરીતતા છે.

વિષય ફરે તો જ્ઞાન પ્રગટ થાય. તેણે સ્વજ્ઞેયનો વિષય આપવાની જરૂર છે. થોડો ટાઈમ ભલે લાગે. પછી જ્ઞાન તો સ્વજ્ઞેયનું જ્ઞાયકનું છે તેમાં ટકી જશે. અસંખ્ય પ્રદેશેથી આનંદની લહેર ઊઠશે. 'આનંદ લહેગેં મગર જ્ઞાતા રહેગેં'. ભોક્તાધર્મને જાણું પણ હું (આનંદને) ભોગવું છું તેમ માનું નહીં. આનંદની પર્યાયના ભેદને જાણે તોપણ (આનંદમાં) ઓટ આવી જાય છે.

## ૧૦૩૨

કાં જ્ઞાન હોય અને કાં તો અજ્ઞાન હોય – મિશ્ર દશા ન હોય. કાં ક્રોધમાં અહંપણું આવે અને કાં જ્ઞાયકમાં અહંપણું આવે. જ્ઞાનરૂપે પરિણમે તો બંધ થતો નથી અને અજ્ઞાનરૂપે પરિણમે તો તેના નિમિત્તે નવાં કર્મનો બંધ થાય છે. જૂનાંની સાથે નિમિત્ત – નૈમિત્તિક અને નવાંની સાથે નિમિત્ત - નૈમિત્તિક સંબંધ ઊભો થાય છે એટલે અજ્ઞાન પ્રગટ થાય છે, તેમાં જૂના કર્મનો ઉદય નિમિત્ત અને આ (ભાવકર્મ) નૈમિત્તિક. હવે આ (ભાવકર્મ) નિમિત્ત અને નવો બંધ થાય તે નૈમિત્તિક. આ રીતે નિમિત્તનૈમિત્તિક સંબંધની પરંપરા તે સંસાર છે. તેને હવે ભેદજ્ઞાનથી તોડી નાખ.

આહા ! હું તો જ્ઞાનમય આત્મા છું... 'મને જાણનાર જણાય છે.' ક્રોધ મારામાં થતો નથી ને ? ક્રોધને હું જાણતોય નથી ને ! તેમ કરીને જાણનારને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જાણી લે ! તો ક્રોધ ભિન્ન ને જ્ઞાન ભિન્ન તેવું જ્ઞાન થશે. પછી અજ્ઞાન ટળી જશે.... અજ્ઞાનના નિમિત્તે થતો નવો કર્મબંધ રોકાઈ જશે... જૂનાની નિર્જરા થશે અને નવાનો સંવર થઈ જશે.

એક સમયમાં બે ભાવ થાય છે. એક પરિણામમાં બે કાર્ય થાય છે. એક અનુભૂતિ થઈ તો જૂનાની નિર્જરા અને નવાનો સંવર થઈ જાય છે– નવાં કર્મ રોકાઈ જાય છે. કર્મબંધનું નિમિત્ત કારણ ગયું તો નવાં કર્મ બંધાતાં નથી. નિમિત્ત કારણ ગયું તો આત્મા તેની સામે જોતો નથીને તે ખરી જાય છે.

## ૧૦૩૩

ખડી ભીંતને સફેદ ક્યારે કરે ? સફેદપણું ખડીમાંથી કાઢી નાખે અને ભીંતમાં લગાડે તો ? તેમ 'જ્ઞાયક નથી ત્યમ પર તણો' અંદરથી જ્ઞાન ઉખેડીને બહાર લગાડે ત્યારે પરને જાણે ને ? કોઈ આત્મા પરને જાણતો નથી. બધાને 'જાણનાર જણાય છે' બાળ-ગોપાળ સૌને 'જાણનાર જણાય છે.' 'જાણનાર જણાય છે' તેવા જાણનાર તો છો બધા. પરને જાણે તેવા કોઈ જાણનાર નથી – કોઈ આત્મા એવો નથી.

આત્મા કહેવો અને પરને જાણે તેમ કહેવું તે તો વિરુદ્ધ વાત છે. 'જ્ઞાયક નથી ત્યમ પર તણો.' જ્ઞાયક પર તણો નથી તેમાં સમજે નહીં એટલે ટીકાકારે ટીકા કરી.હું પરને જાણું છું એમ તું માનીશ તો આત્માનો નાશ થઈ જશે. આબેહૂબ ટીકા કરી.

તે એમ માને છે કે – હું પરને જાણું છું તો આત્માનો જ નાશ થશે ને ? કેમકે પરને જાણે તેવું આત્માનું સ્વરૂપ જ નથી – તેમ ટીકાકારે આ ગાથામાં કહ્યું. ટીકાકારે બહુ અદ્‌ભુતથી અદ્‌ભુત વાત કરી – જ્ઞાયક તો જ્ઞાયક છે તે નિશ્ચય છે.


આત્મા આત્માને જાણે છે તેમાં પણ સાધ્યની સિધ્ધિ નથી. જેમ આત્મામાં રાગને કરવાની શક્તિ નથી તેમ આત્મામાં પરને જાણવાની કોઈ શક્તિ નથી. શક્તિ નથી તો વ્યક્તિ ક્યાંથી થાય ? જાણનારો જણાય છે અને ખરેખર પર જણાતું નથી. પરને જાણતાં આત્માનો નાશ થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૧૦૩૪

મિથ્યાદૃષ્ટિનો આત્મા પણ જ્ઞાનરૂપે જ પરિણમે છે. તે જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે તેવું જ્ઞાન થાય છે. આ પરિણામી દ્રવ્ય લીધું છે. બાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા જણાય છે – તે પરિણામી લીધું ને !

જાણવારૂપે - જ્ઞાનરૂપે પોતે પરિણમે છે – તેમાં આત્મા જણાય રહ્યો છે. જાણનારો જણાય છે તેવો ત્રિકાળી સ્વભાવ છે જાણનાર ન જણાય તેવો એક સમય ન હોય. જો જ્ઞાન પ્રગટ થતું ન હોય અને એકલો રાગ પ્રગટ થતો હોય તો રાગમાં આત્મા ન જણાય. રાગ જડ છે તે જણાય છે જ્ઞાનમાં... તો જ્ઞાન પણ પ્રગટ થાય છે.

આહા ! એ જ્ઞાનનો પર્યાય પોતાનો સ્વભાવ છોડતું નથી. પર્યાય જાણે અને દ્રવ્ય જણાય તેવો સ્વભાવ પણ છોડતું નથી. આહા...હા ! થાય છે જ્ઞાન અને ભાસે છે રાગ જણાય છે.

## ૧૦૩૫

અજ્ઞાનીના પ્રતિભાસમાં તફાવત છે. તેને પણ થાય છે આત્માનું જ્ઞાન અને ભાસે છે રાગનું જ્ઞાન તે પહેલી ભૂલ. પરિણમું છું એટલે રાગનો કર્તા તે બીજી ભૂલ. થાય છે જ્ઞાનનું જ્ઞાન અને માને છે રાગનું જ્ઞાન તે ભૂલ છે..

તેને થાય છે આત્માનું જ્ઞાન – એટલે 'જાણનાર જણાય છે' સમયે સમયે જણાય છે જ્ઞાન અને ભાસે છે રાગ જણાય છે તે બીજી ભૂલ છે. એક દ્રવ્યની ભૂલ અને બીજી પર્યાયની ભૂલ છે.

જ્ઞાનમાં જણાય છે જ્ઞાયક અને ભાસે છે દેહ જણાય છે. પરદ્રવ્ય જણાય છે. આહા ! થોડા જીવો પામે છે તેનું કારણ આ છે. કાં કરે છે તે જ્ઞાનનું જ્ઞાનત્વ અને કાં કરે છે જ્ઞાનનું અજ્ઞાનત્વ. બાકી પ્રગટ તો સમયે - સમયે જ્ઞાન જ થાય છે. જો જ્ઞાનમાં સ્વપરનો પ્રતિભાસ ન થતો હોત તો અજ્ઞાન પણ સિદ્ધ ન થાત. દેહ જણાય તો દેહમાં મમત્વ થાય ને ? જાણ્યા વિના શ્રદ્ધાન કોનું ? જાણેલાનું શ્રદ્ધાન થાય છે.

## ૧૦૩૬

આ આખી કર્તા-અકર્તાની રમત છે. જો ઘડો ઘીમય થાય તો આત્મા રાગમય થાય. જ્ઞાયક જણાય છે જ્ઞેય જણાતું જ નથી... આમાં જ્ઞાયકનું જોર આવે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





આમાં નિષેધનું જોર નથી પણ વિધિનું જોર આવે છે. જેનો નિષેધ કરે તેની તરફ ઉપયોગ જતો જ નથી. આ અસ્તિ-નાસ્તિનું અનેકાન્ત તે મહામંત્ર છે.

આત્મા જ્ઞાયક છે પ્રમત્ત અપ્રમત્તપણે નથી... આ રીતે પરિણમનમાં દઢતા થાય ત્યારે અનુભવ થાય છે. 'જાણનાર જણાય છે અને પર જણાતું નથી' તેમ દઢતા થતાં અનુભવ થાય છે. જેનો નિષેધ કર્યો છે તેનો સવિકલ્પ દશામાં પણ આદર થતો નથી.

પરિણમીને નિષેધ કરવો તે જ યથાર્થ નિષેધ છે. શાસ્ત્રજ્ઞાનનો આત્માના જ્ઞાન વડે નિષેધ થાય છે. જ્ઞાન જેની સન્મુખ થયું છે તે જણાય છે. જેનાથી વિમુખ થયું તે ક્યાંથી જણાય ?

૧૦૩૭

જેને સ્વભાવનું જોર આવે તે જ વ્યવહારનો નિષેધ કરી શકે છે. વ્યવહારના પક્ષવાળો વ્યવહારનો નિષેધ કરી શકતો નથી. વ્યવહારનો નિષેધ સવિકલ્પ ભેદજ્ઞાનમાં કરવો જોઈએ. વ્યવહારનો નિષેધ કરતાં જ નિશ્ચયનું બળ આવે છે. નિશ્ચયનો પક્ષ આવતાં વ્યવહારનો નિષેધ થાય છે. આ બંને અવિનાભાવ છે.

હું જાણનાર છું કરનાર નથી. હું પરને ખરેખર જાણતો નથી... મને 'જાણનાર જણાય છે' આવું અંદરમાંથી બળ આવે છે. પરને જાણવાનો નિષેધ થતાં તે વ્યવહારનો જ્ઞાતા રહે છે પણ વ્યવહારનો પક્ષ આવતો નથી.

૧૦૩૮

પ્રમત્ત - અપ્રમત્તરૂપ નથી – જ્ઞાયક છું તે ધ્યેયનો નિશ્ચય છે. 'જાણનારો જણાય છે' તે જ્ઞેયનો નિશ્ચય છે. અપરિણામી ધ્યેય છે પરિણામી જ્ઞેય છે.

૧૦૩૯

જ્ઞાન પર્યાયમાં સ્વચ્છતા હોવાથી (સ્વપર) બંનેનો પ્રતિભાસ થાય છે. મલિનતાનો તથા સ્વચ્છતાનો પ્રતિભાસ થાય છે. જેનાથી (જ્ઞાન) અભેદ હોય તે જ જણાય છે. જે ભિન્ન હોય તે વ્યવહારે જણાય છે – એટલે કે પર જણાતું જ નથી.


નિશ્ચયથી અજ્ઞાનીની પર્યાય પણ સ્વપ્રકાશક છે. હવે જ્ઞાનમાં 'જાણનાર જણાય છે' તેનો નિષેધ કરે છે તે પોતે જ પોતાને અન્યાય કરી રહ્યો છે. પોતા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ઉપર હોં !? એટલે આ સંસારમાં રખડી રહ્યો છે. નાની પર્યાયમાં મોટો આત્મા જણાય રહ્યો છે.

### ૧૦૪૦

જ્ઞેય નથી જણાતું તો જ્ઞાનનો આવિર્ભાવ થાય છે. જ્ઞેય જણાય છે તો જ્ઞાનનો તિરોભાવ થાય છે. મારા જ્ઞાન-દર્શનમાં આત્મા જણાય છે... તેવું એક ક્ષણ પણ શ્રદ્ધામાં લાવતો નથી. પરોક્ષજ્ઞાન તે વ્યવહાર છે, પ્રત્યક્ષજ્ઞાન તે નિશ્ચય છે. પ્રથમ સવિકલ્પ જ્ઞાનમાં તો લે કે 'મારા જ્ઞાનમાં જાણનાર જણાય છે' પરને કરવું તે અજ્ઞાન છે... પરને જાણવું તે અજ્ઞાન છે.

### ૧૦૪૧

જે જ્ઞાન જેનું છે તેને (જાણવાનું) છોડીને પરને જાણે તે અધ્યવસાન છે – પાપ છે. પુણ્ય હોવા છતાં પાપ છે. 'જાણનાર જણાય છે' તે જ્ઞાનનો વિષય છે. હું જાણનાર છું તે શ્રદ્ધાનો વિષય છે. 'જાણનારો જણાય છે' તે વ્યવહાર શ્રદ્ધાનું સ્વરૂપ છે. આ પ્રયોગ ઉપર ચાલવું તેનું નામ વ્યવહાર છે.

### ૧૦૪૨

પરને જાણું છું તે જ્ઞાનનો તેમ જ શ્રદ્ધાનો દોષ છે. શ્રદ્ધામાંથી આ શલ્ય ન નીકળે ત્યાં સુધી એ દોષ દૂર થતો નથી. જ્ઞાન જેને (પરને) જાણે છે તેને જ્ઞેય નથી કહેતા. જે સ્વયં જ્ઞાત થવા યોગ્ય છે તેને જ્ઞેય કહે છે. તેમ અગ્નિ જેને બાળે છે તેને દાહ્ય નથી કહેતા સ્વયં જે બળે તેને દાહ્ય કહેવાય છે.

અગ્નિ ઇંધનને બાળે છે એમ જે માને છે તે સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાની બહાર છે. તેને બે દ્રવ્યની ભિન્નતા દેખાતી નથી. તેમ જે (પોતાને) પરનો જ્ઞાતા માને છે તે સર્વજ્ઞની આજ્ઞાની બહાર છે. ભગવાન ! જાણનહારને જાણવાનો આ સ્વર્ણિમ અવસર આવ્યો છે. વ્યવહારનો ઉપદેશ દેવામાં આવતો નથી કારણ કે વ્યવહાર તો સ્વયં પ્રગટ થાય છે.

અગ્નિને અગ્નિકૃત શુદ્ધતા છે તેથી અગ્નિમાં જ્ઞેયકૃત અશુદ્ધતા આવતી નથી. તેમ જ્ઞાનમાં જ્ઞાનકૃત શુદ્ધતા છે. જ્ઞાનમાં જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. એટલે પર જ્ઞેય જણાતું નથી. અમને જ્ઞાન જણાય છે.

### ૧૦૪૩

મને અત્યારે અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા સ્વયં જ જાણવામાં આવે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે – 'જાણનાર સ્વયં જણાય છે.' આ મંત્રનો જાપ વિશ્વાસપૂર્વક કરવો. પ્રયોગ કરે છે તેને ખ્યાલ આવે છે કે આ કઠણ વાત છે. મંત્રસિદ્ધ થવાનો આ અવસર આવ્યો છે. સ્વરૂપને સમજવાથી અનુભવની વિધિ હાથમાં આવે છે.

**૧૦૪૪**

'જાણનારો જણાય છે' તેમાં નિશ્ચય સ્વપ્રકાશકપૂર્વક નિશ્ચય સ્વપરપ્રકાશક આવી જાય છે. 'જાણનારો જણાય છે' આ વાત પરમ સત્ય છે. પક્ષાતિક્રાન્ત નિશ્ચય સ્વપરપ્રકાશકમાં થાય છે. આ નિશ્ચય સ્વપરપ્રકાશક અનુભવના કાળમાં થાય છે. આત્મા જણાય છે અને આત્માઆશ્રિત પરિણામ પણ જણાય છે. નિશ્ચય સ્વપરપ્રકાશકનું પરિણમન ન થાય ત્યાં સુધી અનુભવ થતો નથી. આનંદમયી આખો આત્મા જણાય છે.

**૧૦૪૫**

'જાણનારો જણાય છે' આ વાત પરમ સત્ય છે. જેને જાણનારો જણાય છે તેનું નામ જ જાણનારો છે. હું જાણનારો છું માટે મારું નામ જાણનારો છે. જેને 'જાણનારો જણાય છે' તેનું નામ જ જાણનારો છે બીજું જણાય તેવી વ્યવસ્થા જ નથી.

સ્વમાં તન્મય થતાં તો 'જાણનારો જણાય છે.'.... પરંતુ સવિકલ્પમાં – 'જાણનારો જણાય છે' – તેથી નક્કી થાય છે કે 'જાણનાર જ જણાય છે.' બીજું ઝલકે પણ જણાય નહીં. બીજું જણાય તેનું નામ જ અજ્ઞાન છે.

**૧૦૪૬**

ધારણામાં 'જાણનાર છું અને જાણનાર જણાય છે' તેમ લીધું છે. હવે ઉપયોગમાં લે ! પદે પદે યાદ કરવું કે હું જાણનાર છું. જાણનારો કોઈ નયનો વિષય નથી. જાણનારને જાણતાં જાણનારો આ વિશ્વની ઉપર તરતો હોય તેમ લાગે છે.

**૧૦૪૭**

આ ઇન્દ્રિયજ્ઞાનરૂપ અનૂઉપયોગ છે તે તેનો છે જ નહીં ને ! અને જે ઉપયોગ બહિર્મુખ થાય તે ઉપયોગ જ નથી. સાધકનો ઉપયોગ બહિર્મુખ થતો જ નથી. બહિર્મુખ થાય તે ઉપયોગ જ નથી – એ તો ઇન્દ્રિયજ્ઞાન છે. 'જાણનાર જણાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે' તે લક્ષપૂર્વક જણાય છે. લક્ષપૂર્વક જણાય છે તેથી તેનું લક્ષ રહ્યા જ કરે છે. ગમે તેવી દશા હોય... સવિકલ્પ...નિર્વિકલ્પની વાત જ નથી. જ્ઞાન સવિકલ્પ નિર્વિકલ્પ રૂપ થતું જ નથી. સામાન્ય જ્ઞાનોપયોગ તો જ્ઞાન... જ્ઞાનરૂપ જ રહે છે. આ કેવળ - જ્ઞાનની જાતવાળું જ્ઞાન છે. 'જાણનાર જણાયા જ કરે છે.' એનું લક્ષ છૂટતું જ નથી – માટે બંધ થતો નથી. બીજે લક્ષ જતું નથી માટે (મિથ્યાત્વનો) બંધ થતો જ નથી.

## ૧૦૪૮

સાધકનો પર સન્મુખ થવાવાળો ઉપયોગ અભિપ્રાય વિનાનો થઈ ગયો – એટલે અનૂઉપયોગ થઈ ગયો. અને જે સમ્યક્જ્ઞાન છે તે ક્ષાયિક જેવું જ છે. તેની જાત કેવળજ્ઞાન જેવી જ છે. જેવી રીતે કેવળી ભગવાન જાણે છે તેવી જ રીતે આ અંતર્મુખ થયેલું અતીન્દ્રિયજ્ઞાન જાણે છે. ક્ષયોપશમ અને ક્ષાયિક એટલો ફેર છે. જ્ઞાન તો એક જ પ્રકારનું હોય ને ? આ જ્ઞાન કેવળજ્ઞાનની જાતનો અંશ છે. તેથી તેની જાણવાની સ્ટાઈલ - રીત બધી કેવળજ્ઞાન જેવી જ છે.

સાધકને ઇન્દ્રિયજ્ઞાન સંયોગરૂપે ભલે હોય પરંતુ તેમાંથી પ્રાણ નીકળી ગયા. પહેલાં તેને જ્ઞાન માનતો હતો... હવે તેમાંથી પ્રાણ નીકળી ગયા એટલે તે મડદું થઈ ગયું. પહેલાં પ્રાણ નીકળે છે પછી શરીર બળી જાય છે. તેવી રીતે બારમામાંથી તેરમું ગુણસ્થાન આવતાં જ આ ઇન્દ્રિયજ્ઞાનરૂપ મડદું ખલાસ થઈ જાય છે – ભસ્મ થઈ જાય છે. ત્રણ લોકમાં ખળભળાટ થાય તો ભલે થાય પણ આ જ્ઞાનનું સ્વરૂપ છે. 'જાણનારો જણાય છે' એ એમ જ રહેવાનું છે.

## ૧૦૪૯

જેમ બળેલી સીંદરી સીંદરી જેવી તો લાગે છે... પણ તે હવે બાંધવાનું કામ ન કરી શકે. આવું ઇન્દ્રિયજ્ઞાન (સાધકને) રહી ગયું છે. સાધકનું ઇન્દ્રિયજ્ઞાન તે હવે બંધનું કારણ નથી રહ્યું. ઇન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માનવું તે બંધનું કારણ છે. જ્ઞેયથી બંધ ન થાય... અજ્ઞાનથી બંધ થાય છે. ઇન્દ્રિયજ્ઞાન જ્ઞેય હોવા છતાં તેને જ્ઞાન માનવું તે જ અજ્ઞાન છે. સાધક તો મોક્ષમાર્ગી થઈ ગયો... આત્મા થઈ ગયો.

સાધકને હવે જે રાગ... ઇન્દ્રિયજ્ઞાન આવે છે તેની કાંઈ કિંમત જ નથી. કેમકે તેના ઉપર લક્ષ નથી – લક્ષ વગર આવે છે. 'જાણનારો જણાય છે' એ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ભાવમાં અનંત સુખ જેવી સર્વોત્કૃષ્ટ વસ્તુ મળે છે. જાણનારો જણાય છે તે ભાવની વિરાધનામાં અનંત દુઃખ મળશે. હું પરને જાણું છું તેવા અભિપ્રાયમાં સિત્તેર કોડા-કોડી દર્શનમોહનો બંધ પડે છે. સર્વોત્કૃષ્ટ બળવાન જાણનાર-જ્ઞાયક છે. તેની વિરાધનાનું ફળ કોઈ અસાધારણ જ હોય.

## ૧૦૫૦

આહાહા ! લક્ષ પર ઉપર નથી તેથી બંધન નથી. જાણનાર ઉપરથી લક્ષ છૂટતું નથી તેથી બંધાતો નથી. અજ્ઞાન જ થતું નથી માટે તે બંધાતો નથી – અજ્ઞાનથી બંધ થાય છે. અજ્ઞાન શું છે ? કહે – 'જાણનાર જાણવામાં આવી રહ્યો છે.'... તોપણ તેને જાણતો નથી... અને પરની તપાસમાં પડ્યો છે. પેલાએ શું કર્યું ? આણે શું કર્યું ? આ કેવો છે ? આ કેવો નથી ? અરે ! મૂક ને માથાકૂટ. પરનું લક્ષ છોડી દે તું ! 'જાણનાર જણાય છે' તેના લક્ષમાં આવી જા તું ! તેની ભાવનામાં તો આવી જા ! અરે ! આની ગંભીરતા સમજાવી જોઈએ. તો પરને જાણવાનો પક્ષ છૂટી જાય. પરના લક્ષે અજ્ઞાન થાય છે – અજ્ઞાનથી બંધ થાય છે. જાણનાર આત્માના લક્ષે સમ્યક્‌જ્ઞાન થાય છે. જ્ઞાનથી બંધનો નિરોધ થાય છે.

## ૧૦૫૧

જ્ઞાનીને બહારની ક્રિયા...પરિણામની ક્રિયા જણાતી જ નથી. કેમકે તેના ઉપર તેનું લક્ષ નથી. તેને નિષ્ક્રિય જ્ઞાયક જણાય છે તેના ઉપર જ એનું લક્ષ છે. તેને પરમાત્માની ભાવના વર્તે છે. તે પોતે પરમાત્મા થઈ જવાનો છે. લોકોને કાંઈ ખબર નથી. બધા અંધારામાં છે. અભિમાન છોડે તો આ સમજાય બાકી તો જેમ છે તેમ જ રહેવાનું છે.


પરને જાણવામાં તે ઘણો દૂર જતો રહે છે. પરને જાણતો જ નથી તેમાં પ્રમાણમાં આવી જાય છે. 'જાણનારો જણાય છે' એ જ શુદ્ધનય છે. અને 'જાણનારો જણાય છે' તે જ પ્રમાણ છે. નિષ્ક્રિય જ્ઞાયક ઉપાદેયપણે જણાય છે તે શુધ્ધનય છે –અને આખો પરિણામી 'જાણનાર જણાય છે' તે પ્રમાણ છે. પર જણાય છે. પર્યાયનો ભેદ જણાય છે તે પ્રમાણની બહાર વયો ગયો. તેને અધ્યવસાન થઈ ગયું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





## ૧૦૫૨

શબ્દ એક છે પરંતુ વાચ્ય બે છે. 'જાણનારો જણાય છે' એ જ શુદ્ધનય છે. 'જાણનારો જણાય છે' એ જ પ્રમાણ છે. ધ્યેય જણાય છે એ જ શુદ્ધનય છે. આખું જ્ઞેય જણાય છે તે પ્રમાણ છે. વાત તો એક જ રાખવી કે – 'જાણનારો જણાય છે.' 'જાણનાર જણાય છે' તેમાં બંને આવી જાય છે. તેમાં શુદ્ધનય પણ આવી ગઈ અને પ્રમાણ પણ આવી ગયું. પર જણાય છે, એ તો પ્રમાણની બહાર છે. અને જ્યાં શુદ્ધનય હોય ત્યાં પ્રમાણ તો હોય જ અને પ્રમાણ હોય ત્યાં શુદ્ધનય હોય જ.

## ૧૦૫૩

'જાણનાર જણાય છે' એ નાનકડું સૂત્ર છે પણ તેમાં દ્વાદશાંગ ભરેલું છે. તેમાં નય પણ આવી ગઈ અને પ્રમાણ પણ આવી ગયું. શુદ્ધનય પણ આવી અને અભેદનય પણ આવી ગઈ. જે જોઈએ તે બધું આવી ગયું. પર્યાય એક જ છે પરંતુ બંનેની સંધિ છે. અવિનાભાવ છે. પર્યાય એક, સમય એક એમાં બધું જ છે.

## ૧૦૫૪

'જાણનાર જણાય છે' તે શાશ્વત મહામંત્ર છે. અનંતા તીર્થંકરોની દિવ્ય ધ્વનિમાં આવેલો આ મહામંત્ર છે. 'જાણનાર જણાય છે' તે વિદેહના સંતો – ધર્માત્માઓ ફરમાવે છે. અત્યારે સીમંધર ભગવાનની દિવ્ય ધ્વનિમાં ધોધ વહે છે... એમાં આ વાત આવે છે કે – 'જાણનારો જણાય છે.' એમાં જ શુદ્ધનય છે અને એમાં જ પ્રમાણ પણ છે. સર્વસ્વ એમાં જ છે. તે સ્વરૂપે જ્ઞાનનું પરિણમન જ્ઞાનીને છે તેથી જ્ઞાનીને શુદ્ધનય અને પ્રમાણ બધું હોય છે. તેમને અજ્ઞાન હોતું જ નથી કેમકે પર પ્રત્યે, પર્યાય ઉપર તેમનું લક્ષ હોતું જ નથી. પૂર્વે ક્યારેય સાંભળી ન હોય એવી અસાધારણ વાતો છે.

## ૧૦૫૫

બંધના છેદ માટે આ મંત્ર આવ્યો છે. દુઃખના અભાવ માટે આ માર્ગને સ્વીકાર્યો છે ને ? તો પછી પોતાની કલ્પનાથી કેમ પ્રવર્તે છે ? જ્ઞાની કહે છે એમ કેમ પ્રવર્તતો નથી ? 'જાણનાર જણાય છે' એમાં તું આવી જા ! એ શાશ્વત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





સુખી થવાનો ઉપાય છે. કેટલો ટૂંકો ઉપાય છે... વળી સચોટ અને યથાર્થ ટંકોત્કીર્ણ, શાશ્વત, પરમ સત્ય ઉપાય છે. 'જાણનારો જણાય છે.' તેના ઉપરથી તેનો ઉપયોગ છૂટતો નથી – લક્ષ છૂટતું નથી. જ્ઞાનમાં સમયે સમયે જણાય છે. જે જણાય છે તે શ્રદ્ધાય છે. 'જાણનાર જણાય છે' અને જાણેલાનું શ્રધ્ધાન થયા કરે છે.

### ૧૦૫૬

જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ સિદ્ધ થાય છે. જ્ઞાનમાત્ર આત્માને લક્ષમાં લેવો કે – 'જાણનારો જણાય છે.' પર જણાય છે તેવો (મિથ્યા) અભિપ્રાય ક્ષય થઈ ગયો છે. પર જણાય છે તેવો ભાવ બિલકુલ નીકળી ગયો. 'જાણનાર જણાય છે' એ સાદિ અનંતકાળ સુધી રહેવાનું છે માટે બંધ નહીં થાય.

### ૧૦૫૭

ચારિત્રની અસ્થિરતાથી પુણ્ય-પાપ થોડાં આવે છે પણ તે તો નિર્જરવા માટે આવે છે. તેનાથી મિથ્યાત્વનો બંધ થતો નથી – કારણ કે હવે તેનું લક્ષ પર ઉપર નથી. તેનું લક્ષ તો નિરંતર 'જાણનારો જણાય છે' તેના ઉપર રહ્યા કરે છે, પરિણામની ક્રિયા ગમે તેવી હોય તેનાથી બંધ થતો નથી. પરિણામ ઉપર લક્ષ નથી. 'જાણનાર જણાય છે.' તેના ઉપર લક્ષ છે માટે બંધ થતો નથી.

### ૧૦૫૮

જ્ઞાનીનું લક્ષ ક્રિયા ઉપર નથી... તેનું લક્ષ માત્ર નિષ્ક્રિય ઉપર છે. 'જાણનાર જ જણાય છે.' જાણનાર તો નિષ્ક્રિય જ છે ને ? અકર્તા જ છે ને ? નિષ્ક્રિય અકર્તા ઉપર જ લક્ષ છે. આવે ને જાય તેના ઉપર લક્ષ નથી. (સ્થિર) રહે તેના ઉપર લક્ષ છે. રહે છે એટલે પછી એમ જ રહેશે. તેના ઉપરથી જ્ઞાન એટલે કે લક્ષ ફરતું નથી. હવે આખું સ્વજ્ઞેય ફરતું નથી. 'જાણનારો જણાય છે' તે સ્વરૂપ છે હવે સ્વજ્ઞાન ફરતું નથી, સ્વજ્ઞાતા ફરતો નથી.


### ૧૦૫૯

સ્વરૂપ કહો, સ્વજ્ઞાન કહો, સ્વજ્ઞાતા કહો આ એક જ વાત છે – 'જાણનારો જણાય છે.' આ હવે ફરે ક્યાંથી ? ફરવાનું હતું તે ફરી ગયું. એક વાર ફરી જા પછી તારે નહીં ફરવું પડે ! પછી અનંત કાળ જ્ઞેયથી જ્ઞેયાન્તર નહીં થવું પડે ! આ કોઈ અસાધારણ વાત છે. શાસ્ત્રમાં હોય તે જ્ઞાનમાં આવી જ જાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. અને જે જ્ઞાનમાં હોય તે શાસ્ત્રમાંથી મળી જ જાય છે.



## ૧૦૬૦

પર જણાતું જ નથી આ અદ્ભુતથી અદ્ભુત વાત છે. કેમ બંધ થતો નથી ? જાણનાર ઉપરથી લક્ષ છૂટતું જ નથી... બંધનું કારણ મટી ગયું. બહારની કોઈ ક્રિયા બંધનું કારણ નથી. 'જાણનાર જણાય છે' તેના ઉપરથી લક્ષ છૂટી જવું તે જ બંધનું કારણ છે. પરંતુ જાણનાર ઉપરથી લક્ષ છૂટતું જ નથી. માટે તે બંધાતો જ નથી. આ પ્રેક્ટિકલ વાત છે. પોતાની વાત છે. હવે સાદિ અનંત કાળ માટે એક વજ્ર અભિપ્રાય બંધાઈ ગયો કે 'જાણનારો જણાય રહ્યો છે'

## ૧૦૬૧

મૂળમાં કુંદકુંદાચાર્યે તો બે જ વાત કરી છે – એક દ્રવ્યાર્થિક ચક્ષુ અને એક પર્યાયાર્થિક ચક્ષુ ... તેમણે પ્રમાણની વાત કરી નથી કે... સામાન્ય વિશેષને સાથે જોવા. અહીં ટીકામાં આચાર્ય ભગવાન (દ્રવ્ય-પર્યાય બંનેને) સાથે જોવાની વાત પણ લેશે. પ્રમાણજ્ઞાનથી બેને જોવા એમ.

અહીં (પાઠમાં) કહે છે – પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરી દઈને ... આહાહા ! અહીંથી શરૂ કર્યું. પર્યાયને જોવાનું સર્વથા બંધ કરી દે એમ આચાર્ય ભગવાન કહે છે એટલે અમને એમ ભાસે છે. ગુરુદેવ કહે છે અમને પણ એમ ભાસે છે. આ રીતે પ્રયોગ કરતાં અનુભવ થાય છે. 'તેમાં પર્યાયાર્થિક ચક્ષુને એટલે પર્યાયને જોનારા વ્યાપારને સર્વથા બંધ કરીને..' આહાહા ! લ્યો ! અહીંથી ઉપાડ્યું છે.'

હવે આમાં એક મર્મ છે, પહેલાં આમ કેમ ઉપાડ્યું ? પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કરી દે એમ નિષેધ-નાસ્તિથી વાત કેમ કરી ? વિધિથી વાત કેમ ન કરી કે પ્રથમ દ્રવ્યાર્થિક ચક્ષુને ઉઘાડીને તારા આત્માને જો એમ કેમ ન કહ્યું ? તેમાં હેતુ છે, કેમકે અનાદિ કાળથી ઇન્દ્રિયજ્ઞાન ભેદને જાણવામાં રોકાણું છે અને ભેદને આત્મા માનવાની ભૂલ થઈ છે એટલે તેનો નિષેધ કરે છે. ક્રોધ થાય તો ભલે થાય પણ તેને જોવાનું બંધ કરી દે ! પહેલાં તેનો નિષેધ કર કે - મને ક્રોધ જણાતો નથી. બહુ માથું દુઃખે છે તો દુઃખને જોવાનું બંધ કરી દે ! માથાને જોવાની તો તારી પાસે ચક્ષુ જ નથી એટલે એનો તો પ્રશ્ન જ નથી.... કેમકે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





આંખ જ બે છે એક પર્યાયને જોનારી અને એક દ્રવ્યને જોનારી. હવે જે દુઃખ થાય છે તે દુઃખને જોવાનું બંધ કરી દે. દુઃખ છે તે જીવના પરિણામ છે તે પુદ્ગલના પરિણામ નથી પણ તેને જોવાનું બંધ કરી દે. જ્ઞાનમાં કંઈ કરવાનું ને ભોગવવાનું તો છે જ નહીં, જ્ઞાનમાં માત્ર જાણવું જ છે. કાં તો પરિણામને જાણે, કાં તો દ્રવ્યને જાણે... પરંતુ પર્યાયને કરે તેમ વસ્તુના સ્વભાવમાં નથી. કરવાની વાત ૩૨૦ ગાથામાં કાઢી નાખી છે. પર્યાય થઈ રહી છે તેને કરવું શું ? હવે અહીં કહે છે જે થઈ રહી છે તેને જાણવાનું બંધ કરી દે. જો તારે આત્માનો અનુભવ કરવો હોય તો !!

નિષેધપૂર્વક વિધિમાં જવાય છે તે શૈલી એક અપૂર્વ છે. વિધિપૂર્વક નિષેધ થાય છે તે પછી વાત. પહેલું તો નિષેધથી લે કેમકે વ્યવહારનો પક્ષ છે એટલે વ્યવહારના પક્ષવાળાને પહેલો વ્યવહારનો નિષેધ કરાવે છે. વ્યવહારનો નિષેધ કરતાં નિશ્ચય પ્રગટ થાય છે. માટે અહીં પાઠમાં પણ પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કરી દે તે પહેલું લીધું તારા પરિણામને જોવાનું બંધ કરી દે.

(તર્ક કરે છે) પરિણામને જોવા તો ખરા ને ? પરિણામને જાણવાનો વિવેક તો કરવો ને ? એમ કેટલાક વાતો કરે છે. આ ભૂલ છે તેમની. ભગવાને પર્યાયને જોવાનું કહ્યું નથી... ભગવાને તો આત્માને જોવાનું કહ્યું છે. આત્માને જોયા પછી પરિણામને જોઈશ તો વ્યવહાર છે બાકી તો અજ્ઞાન છે.

આ પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરી દે. કથંચિત નહીં. ‘સર્વથા’ શબ્દ બહુ જોરદાર મૂક્યો છે. લાયક જીવને ચોટ લાગે. પરને જાણવાનું બંધ પછી થાય પરંતુ પહેલાં પરને જાણવાનો પક્ષ છૂટી જાય છે. અનાદિથી પરિણામને જાણવાનો પક્ષ છે કેમ કે પરિણામને જાણવું તે તો જ્ઞાનનો સ્વભાવ છે તો પરિણામને જાણું તો ખરો ને એવો અનાદિ કાળથી વ્યવહારનો પક્ષ છે તે અજ્ઞાન છે.

આવી ગાથા હાથમાં આવે છે ત્યારે પર્યાયને જાણવું તરત જ બંધ થતું નથી... પરંતુ પર્યાયને જાણવું તે મારો સ્વભાવ છે તેવો પક્ષ છૂટી જાય છે. પર્યાયને જાણવાનું બંધ થતાં થોડી વાર લાગે છે, તરત જ બંધ થતું નથી... પરંતુ પરને જાણવાનો જે પક્ષ છે તે છૂટી જાય છે. પરને જાણવું મારો સ્વભાવ છે તેમ માને છે તે જ પક્ષ છે – તે છૂટી જાય છે.


પરિણામને જાણતાં મને જ્ઞાન પણ થતું નથી અને સુખ પણ થતું નથી...માટે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





આચાર્ય મહારાજ કહે છે કે પરિણામને જાણવાનું બંધ કરી દે. હવે તેને પરિણામને જાણવાનું બંધ કરવું તે યથાર્થ લાગે છે. તેને અંદર ચોંટ લાગી ગઈ. પરિણામને જાણવાનો પક્ષ હતો હઠાગ્રહ હતો અસત્યનો તે છૂટ્યો. હઠાગ્રહ છૂટતાં મિથ્યાત્વની મંદતા થાય છે... પરંતુ મિથ્યાત્વનો હજુ અભાવ થતો નથી. તે મંદતામાં એક નિશ્ચયનયનો પક્ષ આવે છે કે – 'જાણનાર જણાય છે', અભેદ જણાય છે. મને ભેદ જણાતો નથી. નજર હજુ ભેદ ઉપર છે... ભેદ ઉપરથી નજર છૂટી નથી... પણ ભેદને જાણવાનો જે પક્ષ હતો તે ગયો. ભેદ ઉપર હજુ લક્ષ રહી જાય છે. તેથી મિથ્યાત્વ ટળ્યું નહીં પરંતુ મિથ્યાત્વ ગળવા માંડ્યું. મિથ્યાત્વ ટળવા પહેલાં અવશ્ય ગળે છે. પછી તે જ જીવ આ રાગ મને જણાતો જ નથી તેનો નિષેધ કરતો કરતો હવે તે ઉપયોગ લંગડો થઈ જાય છે કેમકે વ્યવહારનો પક્ષ છૂટ્યો છે ને ? આ રાગને જાણવાનો મારો સ્વભાવ નથી તેમ નિષેધ આવે છે, મને તો મારો 'આત્મા-જાણનાર જણાય છે.' ભેદ જણાતો નથી મને તો અભેદ જણાય છે. વિશેષ નથી જણાતું સામાન્ય જણાય છે. ખંડ નથી જણાતું અખંડ જણાય છે તેમ વિચારમાં ને વિચારમાં રાગ તરફનો ઉપયોગ છૂટી જાય છે. પહેલો વ્યવહારનો પક્ષ છૂટ્યો અને પછી ઉપયોગ છૂટી જાય છે. જેવો ઉપયોગ છૂટ્યો તેવો અંદરમાં આવીને અનુભવ થાય છે – આ વિધિ છે. **એકદમ યથાર્થ વિધિ છે.** બહુ સહેલી ને સુંદર વિધિ છે – આ એક અનુભવની રીત છે.

આચાર્ય મહારાજ અને ગુરુદેવ આ એક રીત બતાવે છે. પહેલાં ભલે અંદરમાં જતાં તને વાર લાગે તો તે ક્ષમ્ય છે... પરંતુ પહેલાં તો તું એમ નક્કી કર કે – પરને જાણવું તે મારો સ્વભાવ જ નથી. રાગને જાણતાં જ્ઞાન થાય જ નહીં માટે રાગને જાણવું તે મારો સ્વભાવ જ નથી. ભલે હજુ રાગને જાણવા ઉપયોગ રોકાણો છે પણ રાગને જાણતી વખતે પણ રાગને જાણવું સ્વભાવ જ નથી. જેવો નિષેધ કરે છે એટલે જ્ઞાન રાગથી-જ્ઞેયથી વ્યાવૃત થઈને જ્ઞાયકની સન્મુખ આવી જાય છે. આ અનુભવની કળા અને વિધિ છે.

**૧૦૬૨**

આ ધ્યાનની વિધિ ચાલે છે. આત્માનું ધ્યાન કેમ કરવું ? ચિંતવનમાં બેઠો છે ત્યારે ધ્યાન કેમ કરવું ? વિકલ્પ ઊઠે છે તે વિકલ્પ તો મારો નથી પણ વિકલ્પ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જ્ઞાનનું જ્ઞેય પણ નથી. વિકલ્પ-રાગ તે જ્ઞાનનું જ્ઞેય નથી... જ્ઞાનનું જ્ઞેય તો એક ચિદાનંદ આત્મા છે એમ લેતાં આખું જ્ઞેય ફરી ગયું. રાગને જાણવાનું જે લક્ષ હતું તે ફરી જાય છે અને જ્ઞેય ફરતાં જ્ઞાયકદેવ જ્ઞાનમાં જ્ઞેય થઈ જાય છે. આ અનુભવની વિધિ છે.

સમયે સમયે જે જ્ઞેયને જાણી રહ્યું છે તેને કુહાડો મારવાનો છે. તેને હવે જાણવાનું બંધ કરી દે. ભેદને જાણવું બંધ કરી દે. ભેદને જાણવું તે મારો સ્વભાવ નથી. ભેદને જાણતાં રાગી પ્રાણીને રાગ થશે....નિર્વિકલ્પ અનુભવ નહીં થાય. ભાઈ ! મિથ્યાત્વ નહીં છૂટે માટે તેને જાણવાનું સર્વથા બંધ કરી દે. છે તેને જાણવાનું સર્વથા બંધ કરી દે.

પૂ. ગુરુદેવે પણ આચાર્ય ભગવાનનો આધાર મૂક્યો. ગુરુદેવ પણ પોતાના ઘરનું કાંઈ નથી કહેતા. જોકે ઘરનું કહે તો પણ વ્યાજબી છે. પણ તેઓ તો આધાર આપે છે આચાર્ય ભગવાનનો. 'લ્યો અહીંથી ઉપાડ્યું છે.' પર્યાયને જાણવાનું બંધ કરી દે ત્યાંથી શરૂ કર્યું છે. દ્રવ્યાર્થિક ચક્ષુ ઉઘાડીને ત્યાંથી ઉપાડ્યું નથી.

કેટલાક એમ કહે તમે અસ્તિથી વાત કરો ને નાસ્તિનું શું કામ છે ? પરિણામને જાણવાનું બંધ શું કામ કરાવો છો ? જ્ઞાયકને જાણવું તેવો ઉપદેશ આપો ને ! તો કહે છે – જ્ઞાયકને જાણવું તેવો ઉપદેશ આપતાં તારું જે શલ્ય છે પરને જાણવાનું તે નહીં છૂટે અને પરને જાણવાનું શલ્ય છૂટ્યા સિવાય અંદરમાં નહીં જવાય. પહેલાં તારું શલ્ય કાઢ. જેમ પુણ્યથી ધર્મ થાય તે માન્યતા છોડી દે...પુણ્ય નહીં છૂટે, પુણ્ય છૂટતાં વાર લાગશે પણ પુણ્યથી ધર્મ થાય તે માન્યતા એક ઝાટકે છોડી દે. તેમ હું પરનો જાણનારો છું તે માન્યતા પહેલાં એક ઝાટકે છોડી દે. પરને જાણવાનું ભલે ચાલુ રહે પણ પરને જાણવાનો મારો સ્વભાવ નથી. પરને જાણતાં મને જ્ઞાનેય નથી ને સુખેય નથી. એમ પર્યાયો છે તે પર છે તેને જાણતાં જ્ઞાન અને સુખ થતું નથી. પરને જાણવા જે ઉપયોગ જાય છે તે વ્યાવૃત ક્યારે થાય કે હું પરને જાણતો જ નથી તેવી નિઃશંકતા અંદરમાંથી આવે – નિષેધ આવે શ્રદ્ધાનું બળ આવે કે હું પરને જાણતો જ નથી... હું તો જાણનાર ને જાણું છું.

હું રાગને જાણતો જ નથી. રાગ મને જણાતો જ નથી. જ્યારે રાગ જણાય છે (પ્રતિભાસે છે) ત્યારે રાગને જાણવાનો નિષેધ કરવો જોઈએ. ક્રોધ જણાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે ત્યારે હું ક્રોધને જાણતો જ નથી ત્યારે પરિણામને જાણવાનો પક્ષ છૂટે છે અને પક્ષ છૂટતાં પક્ષાતિક્રાંત થઈને અંદરમાં જાય છે.

અહીંયાં પોતે ખુલાસો કરે છે કે – **પહેલાં પર્યાયાર્થિક ચક્ષુ બંધ કરવાનું કેમ કહો છો...દ્રવ્યાર્થિક ચક્ષુ ઉઘાડીને એમ કેમ ઉપાડ્યું નહીં ?** એમ કેમ ઉપાડ ન કર્યો ? **આમ નાસ્તિથી કેમ ઊપડ્યા ? અસ્તિથી ઊપડવું હતું ને ?** આવો પ્રશ્ન થાય, અમને ઘણાં આવા પ્રશ્નો આવે છે.

કહે છે - જોવું છે દ્રવ્યને તો તેને કહે છે – દ્રવ્યને જોવા માટે પર્યાયાર્થિક આંખને સર્વથા બંધ કરી દે. આ ઉપદેશ નથી આદેશ છે – બંધ કરી દે. આવી રીતે આદેશ આપશો તો આપને કર્તાબુદ્ધિનો દોષ નહીં લાગે ? ભાઈ ! આ અમે નથી કહેતા, શબ્દ તને કહે છે. અમે ક્યાં કહીએ છીએ ? અમારી પાસે વાણી તો છે નહીં. હુંય એમ જાણું છું અને તું પણ એમ જાણ કે વચન મને કહે છે.

આહાહા ! વાણી નીકળી કે પર્યાયાર્થિક ચક્ષુ બંધ કરી દે. સામે શિષ્યનો કાળ પાક્યો છે તો વાણી એવી આવે કે અનુભવ કેમ થાય તેની વિધિ બતાવી દ્યે છે. આત્માને શબ્દ છે નહીં, શબ્દ પર્યાય આત્માની તો છે નહીં. આત્મા તો જાણનાર છે. જાણનાર છે તે વાણી કરે ! પણ જ્યારે એનો કાળ પાકે છે ત્યારે વચન એવું નીકળે છે રામબાણ જેવું વિંધી નાખે છે. મિથ્યાત્વને અને જ્ઞાન અંદરમાં જતું રહે છે. વચન વચનના કાળે છે પણ તેવો યોગ બની જાય છે. સામે એવા પાત્ર ઝીલનાર છે તો ટંકોત્કીર્ણ વાણી આવી... પરિણામને જાણવાનું બંધ કરી દે. પરને તો તું જાણતો જ નથી... એટલે બંધ કરવાનું કહેતાય નથી. તારા પરિણામમાં રાગ થાય તેને જાણી રહ્યો છો, તેને જાણવાનું બંધ કરી દે.

હવે અહીં કહે છે દ્રવ્યને - આત્માને જોવા માટે આ હેતુ છે.. પર્યાયાર્થિક આંખને સર્વથા બંધ કરી દે. ગજબ વાત છે ભાઈ ! આ અનુભવની વિધિ છે. આહાહા ! દૃષ્ટિના વિષયમાં આવી ગયો છે પરંતુ અનુભવ કેમ થાય તે જાણતો નથી. દૃષ્ટિનો વિષય પરિણામ માત્રથી ભિન્ન, પ્રમત્ત અપ્રમત્તથી ભિન્ન જ્ઞાયક તે હું,... પણ જ્ઞાયકભાવના દર્શન કેમ થતાં નથી. જ્ઞાયકભાવ તે હું તેમાં આવી ગયો પણ જ્ઞાયક કેમ જણાતો નથી ? તું પરને તો જાણતો જ નથી, પણ પરિણામને જાણતો નથી... તેવો અંદરથી જ્યારે નિષેધ આવે ત્યારે એક સમય એવો આવે છે કે પરિણામને જાણવાનું બંધ થઈ જાય છે. સહેજે બંધ થાય છે... પરંતુ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





અંદરમાંથી મૂળમાંથી નિષેધ આવે તો !

શ્રી પ્રવચનસાર ૧૧૪ ગાથામાં કહ્યું છે માટે હું પર્યાયને જાણવાનું બંધ કરું છું તેમ નહીં. એ વખતે તેને પ્રવચન સાર યાદ ન આવે યાદ આવે તો નિમિત્ત ઉપર લક્ષ વયું જાય છે. શાસ્ત્રમાં કહ્યું છે માટે આમ છે તેમ નથી. અનુભવના કાળે અંદરમાંથી સીધું આવે છે. ગુરુદેવ કહે છે માટે નહીં...મારું સ્વરૂપ જ આવું છે. અરે ! ગુરુદેવ યાદ ન આવે, પ્રવચનસાર યાદ ન આવે, અંદરમાંથી નિષેધ આવે કે પરને જાણતો જ નથી. પરમાં પર્યાય આવી ગઈ. હું પરને જાણતો જ નથી મને જાણનાર જણાય છે' એવી એક પરિણતી અંદરથી ઊપડે છે ત્યારે કાર્ય થાય છે.

## ૧૦૬૩

(તેને એવો વિચાર નથી આવતો કે) તે મને ઉપદેશ હતો અને મારે હવે અનુભવ કરવો છે તેથી પરને જાણવાનું બંધ કરવું છે એમ નહીં. 'હું પરને જાણતો જ નથી જાણનાર જણાય છે' એવી એક પરિણતી અંદરથી ઊપડે છે તો પરને જાણવાનું સહજ બંધ થઈ જાય છે અને ઉપયોગ નિર્વિકલ્પ ધ્યાનમાં ચાલ્યો જાય છે. પોતાનો ગુરુ પોતે થઈ જાય છે.... એ વખતે કોઈ યાદ આવતું નથી. આ જે ભાવ ઊઠે છે તે ધારણામાંથી નથી આવતો. પહેલાં સાંભળેલું હતું, ૧૧૪ ગાથામાં કહ્યું છે – પર્યાયાર્થિક ચક્ષુ બંધ કરીને દ્રવ્યાર્થિક ચક્ષુ ખોલો તે યાદ નથી આવતું. જો એવું યાદ આવે તો ભાવમન યાદ આવ્યું કહેવાય. ભાવમન અને ભાવમનમાં રહેલી ધારણા યાદ નથી આવતી. ધારણા તો ધારણારૂપે ડિપોઝીટ પડી છે. અંદરમાંથી એક નવી સ્ફુરણા થાય છે. અનુભવ પછી ધારણા સાથે મેળવે કે આ વાત મેં સાંભળી હતી તેવો જ મને અનુભવ થયો... એ પછી સાક્ષીરૂપ થાય પરંતુ પહેલાં નહીં. આ અનુભવની ઊંચામાં ઊંચી રીત છે.


હું તો જાણનાર છું, હું તો જ્ઞાયક છું ને ! હું તો ચિદાનંદ આત્મા છું ને તેમાં આવ્યો છતાં અનુભવ કેમ થતો નથી ? તો તેને કહે છે – પરને જાણવાનો નિષેધ જેટલી માત્રામાં આવવો જોઈએ તેટલી માત્રામાં આવતો નથી. કાંકરી ગોળ નાખે અને કહે કે કેમ ગળ્યું નથી ? જેટલી માત્રામાં ગોળ નાખો તેટલું ગળ્યું થાય. તેમ જેટલી માત્રામાં વ્યવહારનો નિષેધ આવવો જોઈએ (તેટલી માત્રામાં આવે તો કાર્ય થાય.) પરિણામને જાણવાનું બંધ કર તે જ વ્યવહારનો નિષેધ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





છે. નિષેધ કરવામાં નિર્દય થઈ જજે. પરને જાણવાનું બંધ કરીશ તો આંધળો થઈ જઈશ તો ? તો કહે – ના, તું દેખતો થઈશ. પરને જાણવાનું બંધ કરે ત્યારે જ આત્મા દેખતો થાય છે. આહાહ ! કરવતની માફક નિર્દય થઈ જા. જ્ઞાન પરને જાણે છે તે વ્યવહાર છે જ્ઞાન જ્ઞાનને જાણે છે તે નિશ્ચય છે. હું પરને જાણતો નથી તે વ્યવહારનો નિષેધ છે. હું પરને જાણું છું તેવો પક્ષ અનાદિનો છે, તેની પાસે વ્યવહાર નથી. એને જે પક્ષ છે તે છોડાવે છે. પક્ષ છૂટતાં પર્યાયને જાણવાનું બંધ થઈ જાય છે. જ્યાં સુધી પક્ષ રાખે ત્યાં સુધી પર્યાયને જાણવાનું બંધ થઈને ઉપયોગ અંદરમાં આવતો નથી. ઘણાં આમ ધ્યાનમાં બેસે છે પણ પક્ષ રાખીને. શ્રદ્ધામાં જ્ઞાનનો સ્વપરપ્રકાશકનો પક્ષ છે. જ્ઞાન તો જ્ઞાનને જાણે છે. જ્ઞાન પરને જાણે છે તેમ (શાસ્ત્રના આધારે પક્ષને દઢ કરે છે.)

આચાર્ય ભગવાનને ખબર નથી કે જ્ઞાન સ્વપ્રકાશક છે. તેમને ખબર નથી કે પરને જાણવાનું બંધ કરતાં એકલું સ્વપ્રકાશક રહેશે. લખનારને ખબર નથી કે આ એકાંત થઈ જશે તો ? તું ડહાપણ ક્યાં કરવા બેઠો. આમાં ઘણું રહસ્ય છે. અંદરના સ્વપરપ્રકાશકની પણ ના પાડે છે. પર્યાયને જાણવાનું બંધ કરી દે. આહા... હા ! ઘણું સૂક્ષ્મ છે. વ્યવહારનો નિષેધ વીર્યવાન જ કરી શકે છે. આ વીર્યવાનનું કામ છે જેમ પરને કરું છું તે મિથ્યા સંસ્કાર છે તેમ હું પરને જાણું છું તે પણ મિથ્યાત્વ છે. અધ્યવસાન છે. જ્ઞેય-જ્ઞાયકની એકતા તેને ભગવાને અધ્યવસાનનો દોષ કહ્યો.

કહે છે – દ્રવ્યને જોવા માટે પર્યાયને જોવાનું સર્વથા બંધ કરી દે. આ અનુભવીનો આદેશ છે... વાતને માથે ચડાવી લેજે ! લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા જઈશ માં ! આમાં એકાંત થઈ જશે તો તેવો વિચાર કરીશમાં... તેમાં સમ્યક્ એકાન્ત થશે. સ્વપરપ્રકાશકમાં પરને જાણવાનો નિષેધ આવશે ત્યારે એક નવું સ્વપ્રકાશક જ્ઞાન પ્રગટ થઈ જાય છે. આમાં જ્ઞાનનો નિષેધ નથી પરંતુ વ્યવહારનો નિષેધ છે. અમે તારો નિષેધ ક્યાં કરીએ છીએ. તું પરને જાણનારો ક્યાં છો. તો તને શાનું દુઃખ લાગે છે ? તું તો એવો છો નહીં. તું પરનો જાણનારો નથી એમ માનીશ તો તારું કામ થઈ જશે ભાઈ ! આહાહા ! તું મનુષ્ય છો;



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પાડો નથી એમ કહીએ છીએ તેમાં તને શાનું દુઃખ લાગે છે. તું જેવો છો તેવો અમે કહીએ છીએ.

૧૦૬૪

આ એક છેલ્લામાં છેલ્લું શલ્ય અજ્ઞાનીને રહી જાય છે. જ્ઞાન સ્વનેય જાણે અને પરને પણ જાણે... અહીંયા એ શલ્યનો નિષેધ કરે છે. આ અટકવાનું મોટું જબરજસ્ત સ્થાન છે. કર્તાબુદ્ધિ તો છૂટે કે – હું જાણનાર છું કરનાર નથી. છએ દ્રવ્યો સ્વયં પરિણમે છે – પર્યાય સ્વયં થાય છે તો હું તેનો ઉપાદાનપણે કે નિમિત્તપણે કરનાર નથી... તો અકર્તા-જાણનારમાં તો આવ્યો. પરંતુ હવે 'જાણનાર કેમ જણાય' તે વિધિ જાણતો નથી. 'જાણનાર જણાય છે તે વિધિ છે.' આ સાધારણ વાત નથી અસાધારણ વાત છે. આમાં ભવના અંતની કળા બતાવી છે. આમાં (૧૧૪ ગાથામાં) ઘણો માલ ભર્યો છે. ઓમાં ધારણામાં આવ્યો છે, પણ વસ્તુ કેમ જણાતી નથી... તેનું આ કારણ છે કે હું પરને જાણું છું તેવો પક્ષ છે... એટલે જ્ઞેયથી જ્ઞાન વ્યાવૃત નથી થતું. જ્ઞાન જ્ઞેયથી વ્યાવૃત થઈને અંદરમાં જવું જોઈએ. જ્ઞાન જ્ઞેયથી વ્યાવૃત કેવી રીતે થાય ? ન થાય, કેમકે તેને એવો પક્ષ છે કે હું જ્ઞેયને જાણું છું. હવે ઉપયોગને જે જ્ઞેય બાજુ સ્થાપશો તે જ્ઞેયને જાણવા જશે. ત્યાં (પરમાં) જ્ઞેય અને અહીંયાં (સ્વમાં) જ્ઞાન બસ થઈ રહ્યું તે ગયો દુનિયામાંથી. જ્ઞાન પણ અંદર અને જ્ઞેય પણ અંદર એમ ભાવે ત્યારે જ્ઞેયથી જ્ઞાન વ્યાવૃત થઈ – પર જ્ઞેયને જાણવાનું બંધ થઈ અનુભવ થશે. પર્યાય પરજ્ઞેય છે તેથી તેને જાણવાનું બંધ કરી દે....તો જ્ઞાયક ચિદાનંદ આત્મા તને જણાય જશે.

ગજબ વાત છે ભાઈ ! પર્યાય છે ખરી પણ તેને જોવા તરફની દૃષ્ટિ બંધ કરી દે. અમે પર્યાયનો નિષેધ નથી કરતા... અમે તો પર્યાયને જાણવાનો નિષેધ કરીએ છીએ. તું અમારી વાત ધ્યાન દઈને સાંભળ તો ખરો કે અમે શું કહીએ છીએ. પર્યાયનો અમે નિષેધ નથી કરતા...અમે તો પર્યાયને જાણવાનું બંધ કરી દે તેમ કહીએ છીએ.

૧૦૬૫


પહેલાં તો એમ કહ્યું કે વસ્તુ સામાન્ય વિશેષાત્મક છે. વિશેષ નથી એમ ક્યાં વાત છે ? અમે એમ ક્યાં કહીએ છીએ કે પર્યાય નથી. પર્યાય હોય ત્યારે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





પર્યાયને જાણવાનું બંધ કર તેમ કહેવાય. જો પર્યાય જ ન હોય તો પર્યાયને જાણવાનું બંધ કરી દે તેવો ઉપદેશ ન આવે. પર્યાય છે અને તેને તું જાણવા પણ રોકાયો છે ! એમ પણ છે.. એવું અજ્ઞાન પણ છે. હવે પર્યાયને જાણવાનું બંધ કરી દે.

**જિજ્ઞાસા :** પર્યાયને જાણવાનું બંધ કરી દ્યે તો પર્યાય રહે કે ન રહે ?

**સમાધાન :** પર્યાય તો રહે પરંતુ ઊંચી અતીન્દ્રિયજ્ઞાનની નવી પર્યાય પ્રગટ થાય. પર્યાયનો પ્રકાર ફરી જાય. કેમકે પર્યાય વિના તો દ્રવ્ય હોય જ નહીં... પણ ઇન્દ્રિયજ્ઞાનનો વ્યય થઈ અને અતીન્દ્રિયજ્ઞાનની પર્યાય પ્રગટ થાય તેને દ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે.

**જિજ્ઞાસા :** દ્રવ્યાર્થિકનયમાં કેવું દ્રવ્ય જણાય ?

**સમાધાન :** હું જ્ઞાન ને આનંદમય છું તેવું જણાય. જણાય એટલે અનુભવાય છે. અનુભવાય છે એટલે વેદાય છે. પ્રદેશ નથી જણાતા પણ જ્ઞાન ને આનંદનીમૂર્તિ છું એમ આનંદનો સ્વાદ આવે છે. એ જાણવામાં માત્ર જાણવું નથી પણ રસપસ આનંદનો અનુભવ થાય છે. એવી જાણવાની દશા પ્રગટ થાય છે કે હું તો આનંદમૂર્તિ છું. જાણવું તો લૂખું છે પણ જાણવાની સાથે આનંદ આવે છે એ સ..રસ...રસયુક્ત છે તે જાણવું છે. લાપસી પીરસે પણ જ્યાં સુધી ઘી ન નાખે ત્યાં સુધી લૂખી છે. વેવાઈ આવ્યા છે. લાપસી પીરસી પણ કાં હજુ ઘી ન આવ્યું ? ઘી આવે ત્યારે સ..ર..સ...અનુભવ થાય છે, તેનું નામ સ્વાનુભૂતિ છે.

પહેલાં એ કહ્યું કે વસ્તુ સામાન્ય વિશેષાત્મક છે. પર્યાય નથી તેમ ક્યાં વાત છે બાપુ ! અમે ક્યાં ના પાડી કે વિશેષ નથી. તું અમારી વાત સમજતો નથી. વિશેષને જોવાની આંખને બંધ કરી દે એમ અમે કહીએ છીએ....પાઠમાં છે. પાછું કથંચિત બંધ કરી દે તેમ નહીં...પરંતુ પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરી દે. સર્વથા બંધ કરશે તો એકાંત થઈ જશે તેનાં કરતાં ક્થંચિત રાખો ને ? આહા ! જોઈ લેજો વ્યવહારનો પક્ષ પાછલા બારણેથી પ્રવેશ થઈ ગયો. પહેલાં આગલા બારણેથી પ્રવેશ હતો કે – હું પરને જાણું છું. હવે કથંચિતમાં પાછલા બારણેથી વ્યવહારનો પક્ષ પ્રાપ્ત થઈ ગયો પાછો.

૧૦૬૬

પાઠમાં 'સર્વથા' કહે છે તો તેણે કથંચિતનો ઘોડો નાખ્યો આડો, તો અંદર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ક્યાંથી જાય ! આમાં (પાઠમાં) જ છે પાછું કથંચિત બંધ કરીને તેમ નહીં. કંથચિતને અત્યારે આડું – (વચ્ચે) લાવીશમા... પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરી દે.

એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે એટલે બે વડે નહીં અને એક વડે પણ નહીં. પર્યાય વડે નહીં અને પ્રમાણ વડે પણ નહીં પરંતુ એક વડે અર્થાત્ એકલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે તેને એકલાને ઉઘાડ. તારે આત્માનાં દર્શન કરવા હોય તો આ ભદ્રબાહુની ગુફામાં તને દર્શન થશે. આ એકલી માખણની - પ્રયોગની વાત છે.

એકલા ઉઘાડેલા દ્રવ્ય કહ્યું ને ! પર્યાયાર્થિક ચક્ષુનો નિષેધ કર્યો. એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે. ત્રિકાળીને જાણવો છે. કેમ જણાય ? જાણવાની રીત જ્ઞાની અજ્ઞાનીને બતાવે છે... કે: આ રીતે જણાય. કહે છે જ્ઞેયને જોવાની આંખ બંધ કરીને દ્રવ્ય જેનું પ્રયોજન છે તેવા દ્રવ્યાર્થિકનયની આંખ વડે જો. આ દ્રવ્યાર્થિકનયનો અર્થ થયો.

એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે આ મૂળ કોટેશન આપ્યું...આચાર્ય ભગવાને પોતે. ભાષા તો જુઓ ! અવસ્થાને જોનારી પર્યાયાર્થિક આંખ બંધ કરી દઈને દ્રવ્ય સામાન્યને જોનારી દ્રવ્યાર્થિક આંખ વડે જો. આદેશ આપ્યો જો તને દેખાશે. તને અવસ્થામાં સામાન્ય ભગવાન આત્મા 'જાણનાર જણાય છે તે જણાશે.' કોલ કરાર કરીને કહીએ છીએ. કથંચિત જણાશે તેમ નહીં. જણાશે જ (સમ્યક્એકાંત).

અવસ્થાને જોનારી આંખ બંધ કરી દઈને....તો પણ સામાન્યને જોનારી અવસ્થા તો રહેશે. લ્યો ! પર્યાય તો રહી ગઈ. પર્યાય ક્યાં જાય ? પર્યાયનું લક્ષ છૂટી ગયું. પર્યાય રહેશે પણ પર્યાયને જોવાનો વિષય વિશેષ નહીં પણ સામાન્ય રહેશે.

દ્રવ્યલિંગી મુનિની આ ભૂલ રહી ગઈ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં બતાવે છે કે – તે સમ્યક્જ્ઞાન અર્થે પ્રવૃત્તિ કરે છે. અગિયાર અંગનો પાઠી પાંચ મહાવ્રત ધારી ત્યાં સુધી આવ્યો છતાં પણ તે ભૂલ કે છ દ્રવ્યને જાણનારા આત્માને જાણું છું – તો કહે છે અજ્ઞાન રહી ગયું. હું જ્ઞાન સ્વરૂપ છું તેમ ન આવ્યું.

**સૌને જાણનારો જણાય છે તે જ પૂર્ણાહુતિ**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

(૧) સિદ્ધ ભગવાન **ખરેખર** પરને જાણતા નથી, પણ પોતાના જ્ઞાનની અવસ્થામાં જાણવાની પૂર્ણ શક્તિ પ્રગટી ગઈ છે તેવા પોતાના જ્ઞાન સામર્થ્યને જ જાણે છે. તેવી જ રીતે; સિદ્ધ ભગવાનની પવિત્રતાના સામર્થ્યનો જેણે ખ્યાલ કર્યો તે જીવ પણ **ખરેખર** તો સિદ્ધ ભગવાનના અનંત સામર્થ્યને નક્કી કરનાર પોતાની નિર્મળ પર્યાયના સામર્થ્યને જ જાણે છે.
(આત્મધર્મ અંક નં-૨૬ પેજ નં-૫૩)

(૨) ભગવાન તરફના લક્ષ વખતે જ્ઞાન **ખરેખર** તો ભગવાનને જાણતું નથી, પણ ભગવાનનો નિર્ણય કરનાર જે જ્ઞાન સામર્થ્ય છે તે જ્ઞાનસામર્થ્યને જ પોતે જાણે છે. જે જ્ઞાનના ખ્યાલમાં ભગવાનનું સામર્થ્ય આવ્યું તે જ્ઞાનના સામર્થ્યનું જેને મહાત્મ્ય ન આવે તે અંતર સન્મુખતા કરીને ભગવાન શી રીતે થાય ? સ્વરૂપ સન્મુખ થઈને જુએ તો દરેક વખતે પોતાના જ્ઞાનનું જ પોતે મહાત્મ્ય કરે છે; ક્યારેય પરનું મહાત્મ્ય કરતો નથી.
(આત્મધર્મ અંક નં-૨૬ પેજ નં-૫૫)

(૩) **ખરેખર** આ જગતને જાણ્યું નથી. જો જગતને ખરેખર જાણે તો જગત ને જીવ એક થઈ જાય. તારું જ્ઞાન **ખરેખર** માનસ્થંભને જાણે તો તારું જ્ઞાન તેમાં ચાલ્યું જાય. તો તું ને માનસ્થંભ એકરૂપ થઈ જાવ. **ખરેખર** પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે. માનસ્થંભ આદિ પરને **ખરેખર** જ્ઞાન જાણતું નથી.
(સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ અંક-૩૨ પેજ નં-૧૮૦)

(૪) આત્મા **ખરેખર** પરને જાણતો નથી તો પછી પરને જાણવા ઉપયોગ મૂકવો એ વાત જ ક્યાં રહી ? પોતે પોતાને જાણે છે એમકહેવું તે પણ ભેદ હોવાથી વ્યવહાર છે. **ખરેખર** જ્ઞાયક તે જ્ઞાયક જ છે તે નિશ્ચય છે. જૈનદર્શન ઝીણું બહુ.
(આત્મધર્મ માર્ચ ૧૯૮૧ માંથી)

(૫) **ખરેખર** તો વિકારને જ્ઞાન જાણતું નથી, કર્મના ઉદયને પણ જ્ઞાન જાણતું નથી; પરંતુ તે વિકાર સંબંધીનું જે જ્ઞાન પોતામાં થયું તેને જ્ઞાન જાણે છે.
(પ્રવચન રત્નાકર ભાગ-૪ પેજ નં-૨૭૩)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com